# મહિમા ૩૬૬ દિવસનો

**ભાગ ૧**

**(૧, જાન્યુઆરીથી ૩૦, એપ્રિલ)**

**વિનુભાઈ ઉ. પટેલ**


-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧



**MAHIMMA 366 Divasno**

by ***Vinubhai U. Patel***

***-: Published by :-***

***M. M. Shahitya Prkashan***



© શ્રીમતી સુમનબેન પટેલ



પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. : ૩૦૦/-

**મહિમા ૩૬૬ દિવસનો**

*વિનુભાઈ ઉ. પટેલ*

-: ટાઈપ એન્ડ ડિઝાઈન :-

**Master Graphics,Anand**

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

## અર્પણ

- આ ગ્રંથમાળામાં સમાવિષ્ટ મહાનુભાવો અને ગ્રંથમાળા તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાયેલ સંદર્ભગ્રંથોના લેખકોના ચરણ કમલોમાં સાદર......

દીલદાર મિત્રશ્રી

**યાકુબભાઈને...**



## પ્રસ્તાવના....

આપણા મૂર્ધન્ય કવિએ ગાયું છે કે -

''વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી,
હું માનવી માનવ થાઊં તો ઘણું''

કહે છે કે 'બહુરત્ના વસુંધરા' આ ધરતી માતાએ અનેક માનવરત્નો પેદા કર્યાં છે. આ માનવરત્નો વિશ્વવિભૂતિઓની કક્ષા ધારણ કરી ચૂક્યા છે. જેમની પ્રતિષ્ઠા અને કીર્તિ વિશ્વ આખામાં ફેલાયેલી છે અને સદીઓ સુધી ફેલાયેલી રહેશે એવી આ વિભૂતિઓ આખા વિશ્વનું ગૌરવ છે.

સાહિત્ય, શિક્ષણ, કલા, ધર્મ, રાજનીતિ, સંસ્કૃતિ, વિજ્ઞાન, ખેલકૂદ જેવા વિવિધ ક્ષેત્રોની જગત ખ્યાત વિભૂતિઓનાં પ્રેરણાદાયી જીવનનો સંક્ષિપ્ત છતાં માહિતી સભર પરિચય કરાવવાનો આ ગ્રંથોનો ઉપક્રમ છે. આ કાર્ય એટલું સરળ અને સહજ તો ન હતું જ છતાં આવનારી પેઢીઓ વિશ્વવિભૂતિઓનાં જીવનમાં અવગાહન કરી, તેમાંથી પ્રેરણા મેળવી પોતાનાં જીવન દેદિપ્યમાન, માનવતાસભર, સફળ અને સિદ્ધિવંત બનાવી શકે એવા ઉચ્ચ અને આદર્શપૂર્ણ હેતુથી પ્રસ્તુત ગ્રંથમાં ખ્યાતિપ્રાપ્ત વિશ્વવિભૂતિઓનાં જીવનનું મહિમાગાન કર્યું છે.

આ ગ્રંથમાળા **'મહિમા ૩૬૬ દિવસનો'** ત્રણ ભાગોમાં વિભાજિત છે. ગ્રંથમાળાની ખરી વિશેષતા એ છે કે ૧, જાન્યુઆરીથી ૩૧, ડિસેમ્બર સુધીના આખા વર્ષના ૩૬૬ દિવસનું વ્યક્તિચરિત્રોના સંદર્ભમાં મહિમાગાન કરવામાં આવ્યું છે. વર્ષના પ્રત્યેક દિવસે જન્મેલ કે નિર્વાણ પામેલ વિશ્વની મહાનવિભૂતિનું જીવન માસ અને તારીખ વાર આલેખવામાં આવ્યું છે. તેથી આ ગ્રંથમાળા શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોને પ્રાર્થના પ્રવચનની તૈયારી કરવા કે વિવિધ વિશેષ દિવસોની ઉજવણીના ભાગરૂપે વક્તવ્ય આપવા માટે હાથવગો સંદર્ભ બની રહેશે. આ ગ્રંથમાળા જાહેર કે સ્પર્ધાત્મક

પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પણ અતિ ઉપયોગી પૂરવાર થશે.


આ ગ્રંથમાળા સરળતા ખાતર ત્રણ ગ્રંથોમાં વહેંચવામાં આવી છે. ભાગ-૧માં ૧, જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ સુધીના દિવસોનો, ભાગ-૨માં ૧, મેથી ૩૧, ઓગષ્ટ સુધીના દિવસોનો અને ભાગ-૩માં ૧, સપ્ટેમ્બરથી ૩૧, ડિસેમ્બર સુધીના દિવસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોઈ એક જ દિવસે જન્મેલ કે નિર્વાણ પામેલ ઓ એક કરતાં વધારે વિભૂતિઓની જીવનગાથાઓ રજૂ કરવામાં આવી છે. એ યાદ રહે છે કે આ ગ્રંથમાળામાં વિશ્વની તમામ વિભૂતિઓને સમાવી લેવાનું કાર્ય ખૂબ કઠિન છે. છતાં મહત્વની વિભૂતિઓના જીવનચરિત્રોનો સમાવેશ થાય એવો પ્રયત્ન જરૂર કર્યો છે.

આ ગ્રંથમાળા તૈયાર કરવામાં અસંખ્ય સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવો પડ્યો છે. આ બધા ગ્રંથોના લેખકોનો ઉલ્લેખ કરી શકાય તેમ નથી. જે જે ગ્રંથનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો છે તે ગ્રંથોના લેખકોનો ઋણ સ્વીકાર કરવાનું કેમ ભૂલાય ? હું તે સર્વ લેખકોનો આભાર માનું છું. આ પ્રકારની ગ્રંથમાળા તૈયાર કરવાનું બીડું ઝડપનાર એમ.એમ. સાહિત્ય પ્રકાશન, આણંદના માલિક અને મારા મિત્ર શ્રી યાકુબભાઈ મલેકનો પણ હું આભારી છું. મને મારા આ ભાગીરથ કાર્યમાં મદદ કરનાર મારા પુત્ર ચિ. પ્રણવ, ભત્રીજા ચિ. ચિંતન, ભાઈશ્રી ધ્રુવિત તથા સર્વોદય વિદ્યાલયના સેવક ભાઈશ્રી અરવિંદભાઈ ગુરખાનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

જ્ઞાનના સાગર સમી આ ગ્રંથમાળા અનેક લોકોના જીવનને પ્રેરણાનાં પિયૂષભાઈ એમના જીવનને ઝળહળતા બનાવશે એજ અપેક્ષા.

- વિનુભાઈ ઉ. પટેલ
૧૨/બી (એ), આગમન સોસાયટી,
બોરસદ રોડ, આણંદ.
મો. : ૯૪૨૬૯ ૪૮૦૩૪





# લેખક પરિચય

| | | |
|---|---|---|
| નામ | :- | પટેલ વિનુભાઈ ઉમેદભાઈ |
| વતન | :- | લીંગડા, તા. ઉમરેઠ, જિ. આણંદ. |
| હાલ | :- | બી.૧૨ (એ), આગમન સોસાયટી, સુપર સ્ટોર પાછળ, બોરસદ રોડ, આણંદ |
| જન્મ | :- | ૧૯, એપ્રિલ, ૧૯૪૪ |
| અભ્યાસ | :- | એમ.એ.એમ.એડ્. (ગોલ્ડ મેડાલીસ્ટ) |
| પ્રકાશનો | :- | |
| નવલકથા | :- | (૧) લક્ષ્મીના લોભે (૨) મહાયોગી (૩) ભાગ્ય દીવડો (૪) તીતલી (અનુ.) |
| નવલિકા | :- | (૧) સ્ફુલ્લિંગ |
| શૈક્ષણિક | :- | (૧) માધ્યમિક શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો (૨) અર્થશાસ્ત્ર અધ્યાપન (૩) સંસ્કૃતનું અધ્યાપન (૪) વસ્તી શિક્ષણની રૂપરેખા (૫) બૌદ્ધિક અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ - આયોજન. |
| રૂપાંતર | :- | (૧) એરેબિયન નાઈટ્સ (૨) પંચતંત્રની વાર્તાઓ. |
| ઈતિહાસ | :- | યાદ કરો કુરબાની (સોળ પુસ્તકોનો સેટ) - ગુર્જર પ્રકાશન. |
| સંસ્કૃત | :- | સંસ્કૃત નાટ્યસાહિત્યનું વાર્તા રૂપાંતર (બાર પુસ્તકોનો સેટ), પ્રવીણ પ્રકાશન, રાજકોટ. |
| સંદર્ભ | :- | (૧) કાવ્યસમીક્ષા (૨) અર્થ વિસ્તાર, ગુર્જર પ્રકાશન, અમદાવાદ. |

**જીવનચરિત્ર :-** (૧) મહિમા ૩૬૬ દિવસનો (ત્રણ ભાગ), એમ.એમ. પ્રકાશન, આણંદ.

**બાળસાહિત્ય :-** (૧) વિશ્વના વૈજ્ઞાનિકો (૨) જીવજંતુઓની દુનિયા (૩) અનોખું પ્રાણીજગત (૪) સાચાં મોતીનો વારો (૫) કારકિર્દી ઘડતર (૬) ગુજરાતની સંસ્કાર યાત્રા (૭) આનંદની ઉજાણી (૮) સુંદર બનીએ (૯) રાષ્ટ્રગીતો અને તેમના કવિઓ (૧૦) દિલમાં દીવો કરો (૧૧) આનંદની ઉજાણી (૧૨) આપણા યુગ પુરુષો (૧૩) વક્તૃત્વઃ સભા સંચાલન (૧૪) અભ્યાસ અને યાદશક્તિ (૧૫) જીવન વિકાસની ચાવી (૧૬) પ્રયોગ પ્રયોગ રમીએ (૧૭) ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ (૧૮) વિશ્વરાષ્ટ્ર (૧૯) પત્ર-નિબંધ લેખન કળા (૨૦) પરીક્ષામાં સફળ થવું છે?





# ::: અનુક્રમણિકા :::

## (તારીખ અને માસવાર)

### માસ : જાન્યુઆરી


| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | જેમ્સ વોટ | ૧૫ |
| ૨ | ૧ | પ્રવીણ જોશી | ૧૮ |
| ૩ | ૨ | ડૉ. હરગોવિંદ ખુરાના | ૨૧ |
| ૪ | ૩ | ભિક્ષુ આખંડ આનંદ | ૨૩ |
| ૫ | ૪ | લૂઈ બ્રેઈલ | ૨૫ |
| ૬ | ૫ | રઈસા ગર્બાચોવ | ૨૮ |
| ૭ | ૬ | કપિલદેવ | ૩૦ |
| ૮ | ૭ | નિકોલા ટેસ્લા | ૩૪ |
| ૯ | ૮ | આશાપૂર્ણા દેવી | ૩૭ |
| ૧૦ | ૮ | એમિલી ગ્રીન બાલ્ચા | ૪૦ |
| ૧૧ | ૯ | બજરંગદાસ બાપુ | ૪૩ |
| ૧૨ | ૧૦ | વિષ્ણુ ખાંડેકર | ૪૬ |
| ૧૩ | ૧૧ | રાહુલ દ્રવિડ | ૪૯ |
| ૧૪ | ૧૨ | સ્વામી વિવેકાનંદ | ૫૧ |
| ૧૫ | ૧૩ | કવિશ્રી સુંદરમ્ | ૫૪ |
| ૧૬ | ૧૪ | જયશંકર 'પ્રસાદ' | ૫૭ |
| ૧૭ | ૧૪ | મહાશ્વેતાદેવી | ૬૦ |
| ૧૮ | ૧૫ | ગેલીલિયો ગેલિલી | ૬૩ |
| ૧૯ | ૧૬ | એડવર્ડ ગિબન | ૬૫ |
| ૨૦ | ૧૬ | શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય | ૬૭ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૨૧ | ૧૭ | એન્ટન ચેખોવ | ૭૦ |
| ૨૨ | ૧૭ | બેન્જામિન ફ્રેન્કલીન | ૭૩ |
| ૨૩ | ૧૮ | મહાદેવ ગોવિંદ રાનડે | ૭૬ |
| ૨૪ | ૧૯ | કુંદનલાલ સાયગલ | ૭૯ |
| ૨૫ | ૨૦ | રસ્કિન | ૮૨ |
| ૨૬ | ૨૧ | કવિ દલપતરામ | ૮૫ |
| ૨૭ | ૨૧ | વિઠ્ઠલ પંડ્યા | ૮૮ |
| ૨૮ | ૨૨ | અશફાક ઉલ્લાખાન | ૯૦ |
| ૨૯ | ૨૨ | આનંદશંકર ધ્રુવ | ૯૫ |
| ૩૦ | ૨૩ | સુભાષચંદ્ર બોઝ | ૯૭ |
| ૩૧ | ૨૪ | સ્વામી આનંદ | ૧૦૦ |
| ૩૨ | ૨૫ | સમરસેટ મોમ | ૧૦૪ |
| ૩૩ | ૨૫ | રમણલાલ સોની | ૧૦૮ |
| ૩૪ | ૨૬ | રોબર્ટ બોઈલ | ૧૧૧ |
| ૩૫ | ૨૬ | સુરસિંહજી ગોહેલ ‘કલાપી’ | ૧૧૩ |
| ૩૬ | ૨૭ | વોલ્ફગેગ મોઝાર્ટ | ૧૧૭ |
| ૩૭ | ૨૮ | પંડિત જશરાજ | ૧૨૦ |
| ૩૮ | ૨૮ | રાજેન્દ્ર શાહ | ૧૨૩ |
| ૩૯ | ૨૯ | રોમા રોલાં | ૧૨૭ |
| ૪૦ | ૩૦ | અમૃતા શેરગીલ | ૧૩૦ |
| ૪૧ | ૩૦ | જયશંકર ભોજક ‘સુંદરી’ | ૧૩૩ |
| ૪૨ | ૩૧ | અલ્વા મિર્ડાલ | ૧૩૫ |
| | | **માસ : ફેબ્રુઆરી** | |
| ૪૩ | ૧ | મોતીભાઈ અમીન | ૧૩૮ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૪૪ | ૨ | માસ્ટર વસંત | ૧૪૧ |
| ૪૫ | ૩ | ઉસ્તાદ અલ્લારખાં | ૧૪૫ |
| ૪૬ | ૪ | સત્યેન બોઝ | ૧૪૭ |
| ૪૭ | ૫ | જીવરામ શાસ્ત્રી | ૧૫૦ |
| ૪૮ | ૬ | કવિ પ્રદીપજી | ૧૫૩ |
| ૪૯ | ૭ | ચાર્લ્સ ડિકન્સ | ૧૫૬ |
| ૫૦ | ૮ | ડૉ. ઝાકિરહુસેન | ૧૫૯ |
| ૫૧ | ૯ | એમ. સી. ચાગલા | ૧૬૨ |
| ૫૨ | ૧૦ | ઈશ્વર પેટલીકર | ૧૬૫ |
| ૫૩ | ૧૦ | દુર્ગા ભાગવત | ૧૬૮ |
| ૫૪ | ૧૦ | બર્ટોલ્ટ બ્રેખ્ટ | ૧૭૧ |
| ૫૫ | ૧૦ | બોરીસ પાસ્તરનાક | ૧૭૪ |
| ૫૬ | ૧૧ | વિલિયમ આર્ચર | ૧૭૭ |
| ૫૭ | ૧૨ | અબ્રાહમ લિંકન | ૧૭૯ |
| ૫૮ | ૧૨ | નાના ફડનવીસ | ૧૮૨ |
| ૫૯ | ૧૩ | સરોજિની નાયડુ | ૧૮૫ |
| ૬૦ | ૧૪ | બાબર | ૧૮૭ |
| ૬૧ | ૧૫ | ડાંગરેજી મહારાજ | ૧૯૦ |
| ૬૨ | ૧૬ | દાદા સાહેબ ફાળકે | ૧૯૨ |
| ૬૩ | ૧૭ | જિદ્દુ ક્રિષ્ણમૂર્તિ | ૧૯૫ |
| ૬૪ | ૧૮ | રામકૃષ્ણ પરમહંસ | ૧૯૯ |
| ૬૫ | ૧૯ | નિકોલસ કોપરર્નિક્સ | ૨૦૨ |
| ૬૬ | ૨૦ | લુડવીગ એડ્યુઅર્ડ બોલ્ટ્ઝ્મેન | ૨૦૫ |
| ૬૭ | ૨૧ | ડબલ્યુ. એચ. ઓડન | ૨૦૮ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૬૮ | ૨૨ | ઈન્દુલાલ યાજ્ઞિક | ૨૧૧ |
| ૬૯ | ૨૩ | ભક્ત જલારામ | ૨૧૫ |
| ૭૦ | ૨૪ | જયલલિતા | ૨૧૯ |
| ૭૧ | ૨૫ | રવિશંકર મહારાજ | ૨૨૨ |
| ૭૨ | ૨૬ | વિક્ટર હ્યુગો | ૨૨૫ |
| ૭૩ | ૨૭ | લોંગફેલો | ૨૨૯ |
| ૭૪ | ૨૭ | વિષ્ણુવામન શિરવાડકર | ૨૩૧ |
| ૭૫ | ૨૮ | સાંકળચંદ પટેલ | ૨૩૪ |
| ૭૬ | ૨૯ | મોરારજીભાઈ દેસાઈ | ૨૩૮ |


**માસ : માર્ચ**


| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૭૭ | ૧ | આર્નોલ્ડ ટોયન્બી | ૨૪૧ |
| ૭૮ | ૨ | મિખાઈલ ગાર્બાચેવ | ૨૪૩ |
| ૭૯ | ૩ | નિકોલાઈ ગોંગોલ | ૨૪૫ |
| ૮૦ | ૪ | દીના પાઠક | ૨૪૭ |
| ૮૧ | ૫ | સ્તાલિન | ૨૫૦ |
| ૮૨ | ૬ | રમણભાઈ નીલકંઠ | ૨૫૨ |
| ૮૩ | ૭ | સચ્ચિદાનંદ વાત્સાયન 'અજ્ઞેય' | ૨૫૫ |
| ૮૪ | ૮ | હરિનારાયણ આપટે | ૨૫૮ |
| ૮૫ | ૯ | ઝવેરચંદ મેઘાણી | ૨૬૧ |
| ૮૬ | ૧૦ | ડૉ. હરિપ્રસાદ ભટ્ટ | ૨૬૬ |
| ૮૭ | ૧૧ | ઉછંગરાય ઢેબર | ૨૬૯ |
| ૮૮ | ૧૨ | કનુ દેસાઈ | ૨૭૨ |
| ૮૯ | ૧૨ | ગુણવંત શાહ | ૨૭૪ |
| ૯૦ | ૧૨ | શ્રી વિષ્ણુદેવ પંડિત | ૨૭૭ |






| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૯૧ | ૧૩ | જોસેફ પ્રિસ્ટલી | ૨૮૦ |
| ૯૨ | ૧૪ | આલ્બર્ટ આઈનસ્ટાઈન | ૨૮૩ |
| ૯૩ | ૧૫ | ગંગાસતી | ૨૮૬ |
| ૯૪ | ૧૫ | પ્રેમશંકર ભટ્ટ | ૨૮૯ |
| ૯૫ | ૧૬ | ન્હાનાલાલ | ૨૯૨ |
| ૯૬ | ૧૭ | કાર્લ માર્ક્સ | ૨૯૫ |
| ૯૭ | ૧૮ | સિદ્ધેશ્વરી દેવી | ૨૯૭ |
| ૯૮ | ૧૯ | આચાર્ય કૃપલાની | ૨૯૯ |
| ૯૯ | ૨૦ | હેન્રીક ઈબ્સન | ૩૦૨ |
| ૧૦૦ | ૨૧ | બિસ્મિલ્લાખાં | ૩૦૫ |
| ૧૦૧ | ૨૨ | જોહાન્ન વોલ્ફગેંગ ગ્યુઈથે | ૩૦૭ |
| ૧૦૨ | ૨૩ | રામમનોહર લોહિયા | ૩૧૦ |
| ૧૦૩ | ૨૪ | જુલે વર્ન | ૩૧૪ |
| ૧૦૪ | ૨૫ | ઉષાબેન મહેતા | ૩૧૮ |
| ૧૦૫ | ૨૬ | ચંદ્રકાંત ભોગાયતા | ૩૨૧ |
| ૧૦૬ | ૨૬ | વિજયગુપ્ત મૌર્ય | ૩૨૪ |
| ૧૦૭ | ૨૭ | રવિશંકર પંડિત | ૩૨૬ |
| ૧૦૮ | ૨૮ | મેક્સિમ ગોર્કી | ૩૨૯ |
| ૧૦૯ | ૨૯ | રોબર્ટ સ્કોટ | ૩૩૧ |
| ૧૧૦ | ૩૦ | વાન ગોઘ | ૩૩૪ |
| ૧૧૧ | ૩૦ | સ્ટીફન બનાખ | ૩૩૭ |
| ૧૧૨ | ૩૧ | ઓક્ટોવિયો પાઝ | ૩૪૦ |
| ૧૧૩ | ૩૧ | મીરાંકુમાર જગજીવનરામ | ૩૪૩ |
| ૧૧૪ | ૩૧ | રેને ડેસકાર્ટેસ | ૩૪૫ |

| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| | | માસ : એપ્રિલ | |
| ૧૧૫ | ૧ | વિલિયમ હાર્વે | ૩૪૭ |
| ૧૧૬ | ૨ | સહજાનંદ સ્વામી | ૩૪૯ |
| ૧૧૭ | ૩ | કમલાદેવી ચટ્ટોપાધ્યાય | ૩૫૨ |
| ૧૧૮ | ૪ | માખનલાલ ચતુર્વેદી | ૩૫૪ |
| ૧૧૯ | ૫ | પંડિતા રમાબાઈ | ૩૫૮ |
| ૧૨૦ | ૬ | છત્રપતિ શિવાજી | ૩૬૧ |
| ૧૨૧ | ૬ | જિગર મુરાદાબાદી | ૩૬૪ |
| ૧૨૨ | ૭ | પંડિત રવિશંકર | ૩૬૭ |
| ૧૨૩ | ૭ | વિલિયમ વર્ડ્ઝવર્થ | ૩૬૯ |
| ૧૨૪ | ૮ | યશવંત શુક્લ | ૩૭૨ |
| ૧૨૫ | ૯ | રાહુલ સાંકૃત્યાયન | ૩૭૬ |
| ૧૨૬ | ૧૦ | ધનંજય ગાડગીલ | ૩૭૯ |
| ૧૨૭ | ૧૧ | જોતિબા ફુલે | ૩૮૨ |
| ૧૨૮ | ૧૨ | ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટ | ૩૮૪ |
| ૧૨૯ | ૧૩ | ચંદુલાલ શાહ | ૩૮૭ |
| ૧૩૦ | ૧૩ | રતુભાઈ અદાણી | ૩૯૦ |
| ૧૩૧ | ૧૪ | ક્રિશ્ચિયન હ્યુજેન્સ | ૩૯૩ |
| ૧૩૨ | ૧૪ | શમશાદ બેગમ | ૩૯૫ |
| ૧૩૩ | ૧૫ | ગુરૂ નાનક | ૩૯૭ |
| ૧૩૪ | ૧૬ | ચાર્લી ચેપ્લિન | ૪૦૦ |
| ૧૩૫ | ૧૬ | ઝીણાભાઈ દેસાઈ | ૪૦૩ |
| ૧૩૬ | ૧૬ | વિલ્મર અને ઓરવિલ રાઈટ | ૪૦૬ |
| ૧૩૭ | ૧૭ | સિરિમાવો બંડારનાયક | ૪૦૮ |





| ક્રમ | તારીખ | મહિમા વિશેષ | પાન નં. |
|---|---|---|---|
| ૧૩૮ | ૧૮ | તાત્યા તોપે | ૪૧૧ |
| ૧૩૯ | ૧૯ | ચાર્લ્સ ડાર્વિન | ૪૧૪ |
| ૧૪૦ | ૨૦ | હજરત મહંમદ પયગંબર | ૪૧૬ |
| ૧૪૧ | ૨૧ | માર્ક ટ્વેઈન | ૪૨૦ |
| ૧૪૨ | ૨૨ | ગુગ્લીમો માર્કોની | ૪૨૩ |
| ૧૪૩ | ૨૨ | સ્વામી સચ્ચિદાનંદજી | ૪૨૫ |
| ૧૪૪ | ૨૩ | ઉસ્તાદ બડે ગુલામલીખાં | ૪૨૮ |
| ૧૪૫ | ૨૩ | મેક્સ પ્લાંક | ૪૩૦ |
| ૧૪૬ | ૨૩ | વિલિયમ શેક્સપિયર | ૪૩૩ |
| ૧૪૭ | ૨૪ | ચાંપશીભાઈ ઉદેશી | ૪૩૬ |
| ૧૪૮ | ૨૫ | ઓલિવર ક્રોમવેલ | ૪૩૯ |
| ૧૪૯ | ૨૬ | તાર્કેતો તાસો | ૪૪૨ |
| ૧૫૦ | ૨૭ | જીવરામ જોશી | ૪૪૫ |
| ૧૫૧ | ૨૮ | ગગન વિહારી મહેતા | ૪૪૭ |
| ૧૫૨ | ૨૯ | રાજા રવિવર્મા | ૪૪૯ |
| ૧૫૩ | ૩૦ | મા આનંદમયી | ૪૫૨ |



જાન્યુઆરી (૧)

# જેમ્સ વૉટ

## (૧, જાન્યુઆરી, ઇ.સ. ૧૭૩૬)

યંત્ર વિજ્ઞાની જેમ્સ વૉટ નાનપણથી જ બુદ્ધિશાળી હોવાની સાથે કંઇક નવું કરવાની મનોવૃત્તિ ધરાવનાર મહેનતુ માણસ હતો. તેને આજે આધુનિક વરાળયંત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે. વરાળમાં રહેલી અદ્‌ભુત તાકાતનો પરચો પામી ગયેલા આ માણસે તેનો ઉપયોગ જનસમાજના હિતાર્થે કરવામાં સફળતા મેળવી હતી. આ મહાન શોધક અને યંત્ર વૈજ્ઞાનિકનો જન્મ સ્કોટલેન્ડ દેશના ગ્રીનોક નામના ગામમાં ૧, જાન્યુઆરી, ઈ.સ.૧૭૩૬ના રોજ સુથારી કામ કરતા પરિવારમાં થયો હતો. નાનપણમાં વારંવાર આવી પડતી માંદગીને લઇને તે ખાસ ભણી શકેલો નહિ. તેમ છતાં પિતાનો વ્યવસાય એના લોહીમાં ઉતરી આવ્યો હતો. તેના પિતાના કામમાં તે મદદ કરતો તેની નિરીક્ષણ અદ્‌ભુત હતી. પિતા સુથારી કામ કરતા ત્યારે તે ઝીણવટથી કામને જોઇ રહેતો હતો.

રૂચિવાળું કામ કરવામાં માણસને આનંદ આવતો હોય છે. તે તેની યુવાવસ્થાના પ્રવેશની ઉંમરે ગણિતના વિષયમાં ઉપયોગી થાય લાકડાંના સાધનો બનાવતો. તેના નાના એવા ગામમાં એની કલા કારીગરી વિકસાવવાની કોઇ વિશેષ તક મળી નહિ. તેને તો આગળ વધવું હતું.હવે તેણે વ્યવસ્થિત તાલીમ લેવાનું નક્કી કર્યું. તાલીમ માટે વતન છોડી લંડન ચાલ્યો ગયો.લંડનમાં એક વર્ષ સુધી તેણે હંગામી ધોરણે એપ્રેન્ટિસ તરીકે કામ કામ કર્યું. પણ તેને અહીંનું વાતાવરણ માફક ના આવ્યું. તે વારંવાર માંદગીમાં સપડાતો રહ્યો. કામ ખાસ થઇ શકતું ન હોવાથી આર્થિક મુશ્કેલીઓ પણ વધવા માંડી હતી.છેવટે હારી થાકીને તે વતન



પાછો ફરેલો.

તેમ છતાં એક વર્ષના અનુભવીમાંથી ઘણું બધું શીખી ગયેલો. તેને ગ્લાસનો યુનિવર્સિટીમાં ગણિતનાં સાધનો બતાવવાનું કામ મળી ગયું. એ નિષ્ઠાપૂર્વક પૂરા ખંતથી તેની ફરજ બજાવતો રહ્યો. એવામાં એક ઘટના બની, યુનિવર્સિટીનું 'એડમોસ્ફેરિક એૅન્જિન' બગડી ગયું. એૅન્જિન ઘણું જૂનું હતું એ એૅન્જિન વરાળયંત્ર જેવાં લક્ષણો ધરાવતું હતું. આ એન્જિન ખૂબ બળતણ ખાઇ જતું હતું. છતાં ધાર્યું કામ આપતું ન હતું. યુનિવર્સિટીના સત્તાવાળાઓએ આ એૅન્જિનનું સમારકામ કરવાની જવાબદારી જેમ્સ વૉટને માથે નાખી.

જેમ્સે આવું એૅન્જિન પહેલી વખત જ જોયું હતું. તેણે એૅન્જિન ચલાવી તેની ગતિવિધિનો બારીકાઈથી અભ્યાસ કરી ખામી શોધી કાઢી, એ ખામી હતી એૅન્જિનની શકિતનો બગાડ. તેણે ખૂબ વિચાર કર્યા પછી એૅન્જિનની શકિતના બગાડને અટકાવતું એક 'કન્ડેૅન્સર' બનાવીને એૅન્જિનમાં જોડી દીધું. તેની આ શોધ વરાળયંત્રની દુનિયામાં માઇલસ્ટોન બની ગઇ. તેણે તેની એ નવી શોધ ઈ.સ.૧૭૬૯માં પેટન્ટ કરાવી લીધેલી.જેમ્સ વૉટ એક વૈજ્ઞાનિક શોધક તરીકે પ્રતિષ્ઠિત થઇ ગયેલો. તેની આ મૌલિક બુદ્ધિપ્રતિભાને લઇ નહેરો અને બંદરોની માંજણી કરવાનું કામ તેને મળેલું. વરાળયંત્રના આ મહાન શોધક જેમ્સ વૉટને તે જમાનાના ખૂબ જ વિખ્યાત ઈજનેર મેથ્યુ બૉલ્ટને તેના ધમધોકાર ચાલતા કારખાનામાં ભાગીદાર બનાવેલો. જેમ્સ વૉટે બોલ્ટન સાથે મળીને સૌ પ્રથમ વરાળથી ચાલતું એૅન્જિન બનાવેલું.

વૉટે બનાવેલું વરાળ એૅન્જિન શરૂઆતના તબક્કે હવા ભરવાના અને ભઠ્ઠીમાં પવન ફૂંકવાના મર્યાદિત કામમાં જ વપરાતું. પણ પછી તેણે બૉલ્ટનની પ્રેરણા અને હિંમતથી ચાલી શકે એવું એૅન્જિન બનાવવાના પ્રયોગો શરૂ કર્યા.આખરે ઈ.સ. ૧૭૮૧માં તેણે ગતિચાલક એૅન્જિન બનાવ્યું અને તેની પેટન્ટ પણ કરાવી લીધી. આજે વરાળયંત્રમાં લગાડવામાં આવતા સેન્ટ્રિફ્યુગલ ગવર્નર અને

જલમાપક સાધનની શોધ કરવાનું શ્રેય પણ જેમ્સ વૉટને ફાળે જાય છે. તે આખી જિંદગી ઝઝૂમતો રહેલો. કંઇક નવું કરવાની તમન્ના વૃધ્ધાવસ્થામાં પણ અકબંધ રહેલી. તેથી જ બ્યાસી વર્ષની ઉંમરે શિલ્પકૃતિઓની પ્રતિકૃતિઓ ઉતારવાના યંત્રની શોધ કરવામાં તે સફળ રહેલો. આજે પણ તેનું નામ યાદ રહે તે માટે વીજળીની શકિતના એકમને તેના નામ પરથી ‘વૉટ’ એવું નામ આપવામાં આવ્યું છે. વરાળયંત્રના પિતામહ જેમ્સ વૉટ ૧૯, ઑગષ્ટ, ઈ.સ. ૧૮૧૯ ના રોજ ત્યાસી વર્ષની જૈફ વયે ચિરનિદ્રમાં પોઢી ગયા હતા.







## (૨)
# પ્રવીણ જોશી
## (૧, જાન્યુઆરી, ઇ.સ. ૧૯૩૬)

નીવડેલા નાટ્યકાર,સફળ દિગ્દર્શક અને નખશિખ જન્મજાત કલાકાર એવા પ્રવીણ જોશીનો જન્મ હેમચંદ્રાચાર્યની ઐતિહાસિક નગરી એવા ઉત્તર ગુજરાતના પાટણમાં પિતા રામલાલના ઘરમાં ૧, જાન્યુઆરી, ૧૯૩૬ના રોજ થયો હતો. ત્રણ ભાઇઓમાં પ્રવાણભાઇ તમના પિતાના સૌથી મોટા પુત્ર હતા. તેમણે મુંબઈની મોડર્ન સ્કૂલમાં અભ્યાસ કરેલો. ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિઓમાં જેમની ગણના થાય છે એવા કવિ શ્રી પ્રહલાદ પારેખ ત્યારે આ જ સ્કૂલમાં તેમને ગુજરાતી ભણાવતા. શાળામાં હતા ત્યારથી જ નાટકોમાં અપાર રસ ધરાવતા. શાળમાં પણ પ્રવીણની રાહબરી હેઠળ જ નાટક ભજવાતું. સાચો હીરો તો છાણમાંય છૂપો રહી શકે નહીં, એ ન્યાયે શાળાભ્યાસ સમયથી નાટકના ક્ષેત્રમાં પ્રવીણભાઈએ કૌવત બતાવતા માંડેલું. તેમની કલાભિરુચિનો સ્પર્શ પામી ગયેલા પ્રહલાદ્ પારેખે એકવાર હસતાં તેમને કહેલું. ‘પ્રવીણ ! તારે તો ભણવા કરતાં નાટક જ કરવુ જોઈએ’ પ્રવીણના હદય સોંસરવા એ શબ્દો ઉતરી ગયેલા. અને બસ, પછી તો પ્રવીણભાઈને નાટકનું ઘેલું લાગી ગયું. પ્રવીણ એટલે નાટક અને નાટક એટલે પ્રવીણ. તેઓ નાટકનો પર્યાય બની ગયા.

પછી તો પ્રવીણની નાટકની સાધના અને આરાધના ધસમસતી નદીની જેમ આગળ વધતી જ રહી. હા, એ ખરું નાટકને સમર્પિત થતાં પહેલાં એમને ઓછી મુશ્કેલીઓ નથી નડી ! અનેકવાર આકરી કસોટીનો એમને સામનો કરવો પડેલો. પણ પછી તો જેનું રોમ રોમ રંગભૂમિની ખૂબીઓથી રસાયેલું હતું એવા મહાન

નાટ્યિવદ્ રસેશ જમીનદારનો સધિયારો એમને સોંપડેલો. એમના માર્ગદર્શનથી પ્રવીણમાંથી એક સાચો કલાકાર બેઠો થયો. ભણવાની તો ખાસ પડી ન હતી. પણ કલાસાધનાને મૂતિમંત કરી શકાય તે માટે અને ફક્ત આંતર કોલેજ નાટ્ય સ્પર્ધામાં ભાગ લઈ કૌવત દેખાડી શકાય તે માટે તેઓ કોલેજમાં દાખલ થયેલાં. 'આંતર કોલેજ નાટ્ય સ્પર્ધામાં' પ્રવીણ હંમેશા મેદાન મારી જતા. એક કલાકાર તરીકે પ્રવીણ જોશીએ પંચાવન નાટકોમાં અભિનયનાં અજવાળાં પાથર્યા હતાં. જ્યારે આડત્રીસ જેટલાં નાટકોના દિગ્દશનની બાગડોર સંભાળી હતી. તેઓ જન્મજાત કલાકાર હતા. કોઈપણ કલાકારની અભિનય શક્તિને તેઓ સહજ રીતે ઓળખી કાઢતા. આઈ.એન.ટી.માં સાથે જ કામ કરતાં અને ગુજરાતી ચિત્રપટના તથા ટી.વી.ના સમર્થ કલાકાર એવાં ઈન્દુ ભોંસલે એમના જીવનમાં આવ્યાં અને પ્રવીણે એમને અર્ધાંગિની બનાવી દીધેલાં. આજે એમને આપણે સરિતા જોશીના નામે ઓળખીએ છીએ. સરિતા જોશી પણ નાટકના અદ્‌ભુત કલાકાર પ્રવીણ જોશી દિગ્દર્શિત ગુજરાતના ખ્યાતિ પ્રાપ્ત નાટક 'સંતુ રંગીલી' ના ૩૫૦ થી પણ વધુ પ્રયોગો એમની સફળતાના સાક્ષી છે.

'ઈન્ડિયન નેશનલ થિયેટર' (આઈ.એન.ટી.) ના નાટ્ય મહોત્સવની ઉજવણીના ટાણે કવિવર ટાગોરની જાણીતી કૃતિ 'ચિરકુમાર સભા' નું ગુજરાતી નાટ્ય રૂપાંતર 'કૌમાર અસંભવમ્' રજૂ કરીને પ્રવીણ જોશીએ એક સફળ દિગ્દર્શક તરીકે તેમના નામને ગાજતું કર્યું હતું. તેમણે ચંદ્રવદન ભટ્ટની નાટ્યસંસ્થા 'રંગભૂમિ'માં પણ સેવાઓ આપેલી. તેમણે દિગ્દર્શન કર્યું હોય એવા નાટકો મીનપિયાસી, મોગરાના સાપ, કોઈનો લાડકવાયો, કોફીનો એક કપ, મંજુ-મંજુ, કુમારની અગાશી, સંતુ રંગીલી, સાહિબો મારો ગુલાબનો છોડ, ચોર બજાર, સપનાના વાવેતર, થેંક્યુ મિસ્ટર ગ્લાડ, મહાપાપી- મહાભીરુ, સપ્તપદી, માણસ નામે કારાગાર અને મોતી વેરાણાં ચોકમાં જેવાં પ્રાણવાન નાટકોના અગણિત પ્રયોગો થયા છે.



તેમણે કલમ પર હાથ અજમાયી પરદેશની ભાષાઓમાં રચાયેલી નાટ્યકૃતિઓને ગુજરાતીમાં ઉતારી રંગભૂમિ પર રજૂ કરવામાં સફળતા મેળવી છે. ત્રણ જેટલાં સામાયિકોમાં સંપાદન કાર્યની જવાબદારી પણ તેમણે અદા કરી હતી. જાણીતા વર્તમાનપત્રોમાં રજૂ થયેલી તેમની કટારો લોકપ્રિય બની હતી. તેઓ અભિનય કલાના એવા કસબી કલાકાર હતા કે ઈ.સ.૧૯૫૮, ઈ.સ. ૧૯૬૧ અને ઈ.સ. ૧૯૬૫ એમ ત્રણ વખત મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા આયોજિત નાટ્ય સ્પર્ધામાં તેમણે શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો. એજ રીતે રાજ્યકક્ષાની નાટ્યસ્પર્ધામાં શ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે તેમણે પાંચ વાર ઈનામ મેળવેલું.

ચલચિત્ર ક્ષેત્રે પણ તેમણે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. હિન્દી ચિત્રપટ 'અદ્રાન્ત' અને ગુજરાતી ચિત્રપટ 'કુમ કુમ પગલાં' માં મુખ્ય અભિનેતા તરીકેનો રોલ અદા કરેલો. ઈ.સ. ૧૯૭૯માં ગુજરાતી રંગભૂમિનો સવા શતાબ્દી મહોત્સવ ઊજવાઈ રહ્યો હતો તે જ ટાણે ૧૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૯ ની વહેલી સવારે આ મહાન કલાકારે વિશ્વના રંગમંચ પરથી હંમેશને માટે વિદાય લઈ લીધી હતી. તેમની સ્મૃતિને સજીવ રાખવા તેમના પત્ની સરિતા જોશીએ સ્થાપેલ 'પ્રવીણ જોશી થિયેટર' આજે પણ શ્રેષ્ઠ નાટકો રજૂ કરી સદ્‌ગત જોશીને શ્રદ્ધાંજલિ આપતું રહ્યું છે. તેમની કલાની કદર રૂપે તેમના મૃત્યુ પછી ઈ.સ. ૧૯૮૪માં ગુજરાત સરકારે મરણોત્તર ગૌરવ પુરસ્કાર આપી એમને સન્માન્યા હતા.



## (૩)

# ડૉ. હરગોવિંદ ખુરાના

## (૨, જાન્યુઆરી, ઇ.સ. ૧૯૨૨)

ઇ.સ.૧૯૬૬માં અમેરીકામાં સ્થાયી થઇ ત્યાંનું નાગરિકત્વ સ્વીકારનાર ડૉ.હરગોવિંદ ખુરાનાનો જન્મ અખંડ ભારતના પંજાબ પ્રાંતના રાજપુર નામના નાના એવા ગામડાના એકમાત્ર શિક્ષિત પરિવારમાં ૨, જાન્યુઆરી, ઇ.સ.૧૯૨૨માં થયો હતો. તેમના પિતા ગામના પટવારી હતા. બાળપણથી જ વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવનાર તેમણે ગામની શાળામાંથી પ્રથામિક શિક્ષણ લીધું હતું. મેટ્રિક સુધીનું શિક્ષણ મુલતાનની ગવર્મેન્ટ હાઇસ્કૂલમાંથી પ્રાપ્ત કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે તેઓ લાહોર કોલેજમાં દાખલ થયા હતા. આ કોલેજમાંથી તેમણે રસાયણ શાસ્ત્રના વિષય સાથે **M.Sc.** પદવી પ્રાપ્ત કરી હતી.

સ્કોલરશીપ મેળવી રસાયણશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસ માટે તેઓ ઇંગ્લેન્ડ ગયા હતા. ભારતના ભાગલા વખતે તેઓ ઇંગ્લેન્ડ હતા. ઇ.સ. ૧૯૪૮માં તેઓ સ્વિટ્ઝરલેન્ડ ગયેલા. ત્યાં તેમણે એક સ્વીસ યુવતી સાથે લગ્ન કરી લીધું હતું. લગ્ન પછી તેઓ ઇંગ્લેન્ડ પાછા આવી ગયા હતા. તેમના સસરા સ્વિટ્ઝરલેન્ડના સંસદ સભ્ય હતા.

ઇ.સ. ૧૯૫૨માં કુટુંબ સાથે તેઓ કેનેડા ગયા હતા. તેમણે કોલંબિયા યુનિવર્સિટીમાં થોડો સમય જૈવ રસાયણ વિભાગના અધ્યક્ષ તરીકે કામ કર્યું હતું. શરૂઆતમાં તેમણે વિસ્કોન્સિનની એન્જાઇમ શોધ સંસ્થામાં કામ કર્યું હતું. એ પછી ઇ.સ. ૧૯૭૦માં મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં જીવ વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.




વિસ્કોન્સિન યુનિવર્સિટીમાં એન્જાઇમ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં માર્શલ રિનરેનબર્ગની સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું. અહીં તેમણે ડી.એન.એ. તથા આર.એન.એ.ની પદ્ધત્તિઓ શોધી કાઢી હતી. આ પદ્ધત્તિઓ વડે આજે ઘણા બધા વારસાગત રોગોનો ઉપચાર શક્ય બન્યો છે. આ મહત્વપૂર્ણ શોધ બદલ તેમને ઇ.સ. ૧૯૬૮માં નોબેલ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા હતા. તેમણે કરેલી ‘જિનેટીક કીડ’ (કૃત્રિમ જીન્સ) ની શોધથી એક વૈજ્ઞાનિક તરીકે તેઓ આખા વિશ્વમાં જાણીતા થઇ ગયેલા.

કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલય, લંડનમાં ‘ઍશ્કરરશિયા કોલી’ નામના જીવાણું ઉપર ઘણું કામ થયું હતું. વૈજ્ઞાનિકો એવા નિષ્કર્ષ પર પહોંચેલા કે આ જીવાણું માણસ અને જંતુઓના આંતરડાના આધારે જીવતા રહી શકે છે. તેમણે પ્રયોગશાળામાં પોતાના સહકાર્યકર્તાઓ સાથે મળીને જીવાણુંઓના ૨૦૭ કૃત્રિમ જિન્સ તૈયાર કર્યા હતા. આ જિન્સ કુદરતી જિન્સ જેવું જ કાર્ય કરતા હતા.

તેમને તેમની આ સિદ્ધિ બદલ નોબેલ પુરસ્કાર ઉપરાંત ટુનેડાનો ‘મર્કચંદ્રક, કેનેડીયન પબ્લિક સર્વિસ’નો ‘સુવર્ણચંદ્રક’, ‘ડેની હૈતમેન પુરસ્કાર’, ‘લોશ્કર ફેડરેશન પુરસ્કાર’ તથા ‘બૂસિયા ગ્રાસ હોરૂજિટ પુરસ્કાર’ થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનાં ૩૦૦ થી વધુ શોધપત્રો પણ પ્રગટ થયેલા છે.

ઇ.સ. ૧૯૬૯ માં તેઓ જ્યારે ભારત આવ્યા ત્યારે ભારત સરકારે તેમને ‘પદ્મભૂષણ’ નો ખિતાબ આપી તેમનું બહુમાન કર્યું હતું. ચંદીગઢની પંજાબ યુનિવર્સિટીએ તેમના માનદ્ ડૉક્ટરેટની પદવી આપી તેમનું સન્માન કરેલું.



## (૪)

# ભિક્ષુ અખંડ આનંદ

## (૩, જાન્યુઆરી, ઇ.સ. ૧૮૭૪)

ભિક્ષુ અખંડઆનંદનો જન્મ આણંદ જિલ્લાના બોરસદ નગરમાં ૩, જાન્યુઆરી, ઇ.સ. ૧૮૭૪ ના રોજ લોહાણા પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ જગજીવનરામ અને માતાનું નામ હરિબા હતું. જ્ઞાતિએ તેઓ ઠક્કર હતા. ભણેલા બહુ જ ઓછું, માત્ર સાત ધોરણ સુધીનું જ શિક્ષણ લીધેલું. તેમનું મૂળ નામ હતું લલ્લુભાઇ ઠક્કર. જ્ઞાતિના રિવાજ મુજબ ખૂબ જ નાની ઉંમરે તેમનું લગ્ન થઇ ગયેલું. પિતાની નાની સરખી કરિયાણાની દુકાન હતી. માતા-પિતા ધાર્મિક સંસ્કાર પામેલા હતા. અવાર નવાર ઘરમાં કથાવાર્તા અને ભજન કીર્તન થતાં રહેતાં. ઘરના આવા ધાર્મિક વાતાવરણની લલ્લુભાઇ પર બાળપણથી જ ઘેરી અસર થયેલી.

ભણતાં ભણતાં નાની નાની કવિતાઓ કરવાનો ચસકો લાગેલો. એમને સંસાર તરફ વિરાગ અને પ્રભુભકિત પ્રત્યે અનુરાગ થયેલો. સંસારમાં એમનું મન માનતું ન હતું. ભણતર ઓછું પણ જ્ઞાનપ્રાપ્તિની તરસ અદકી. નવાં નવાં પુસ્તકો વાંચવાનું એમને બહુ ગમે. ધર્મ ગ્રંથોના વાંચન અને સાધુ સંતોના સમાગમથી પ્રભુસેવા અને સમાજસેવાને એમણે એમનાં લક્ષ્ય બનાવ્યાં. તેમણે મહાશિવરાત્રીના પાવન દિવસે શાંકર સંપ્રદાયની વિધિ મુજબ દીક્ષા લઇ લીધી અને સન્યાસ ધારણ કરી લીધો. અમદાવાદમાં સંન્યાસ ગ્રહણ કરી લીધા બાદ એમણે અખંડાનંદજી એવું નામ ધારણ કરી લીધેલું.

વાંચન પ્રત્યે પ્રીતિ ધરાવતા તેઓ એક દિવસ મુંબઇમાં પુસ્તકોની એક દુકનમાં પુસ્તક ખરીદવા ગયેલા. એમણે પસંદ કરેલા ભજનના એ પુસ્તકની કિંમત ઘણી



વધારે હતી. પુસ્તક ખરીદવાની એમની હિંમત ચાલી નહિ. તે દિવસે એમને થયું કે વાંચવાની ઇચ્છા હોવા છતાં આટલા બધા મોંઘાં પુસ્તકો ખરીદીને સામાન્ય માણસ શી રીતે વાંચન ભૂખ સંતોષે ? અને એજ ક્ષણે તેમણે લોકોને પોસાય તેવી કિંમતના પુસ્તકો તૈયાર કરવાની ગાંઠ વાળી લીધી. તેમણે ધાર્મિક પુસ્તકો સસ્તા ભાવે મળી રહે એવી પ્રકાશન સંસ્થા સ્થાપવાનું નક્કી કર્યુ. જેના ફૂલસ્વરૂપે 'સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય' સંસ્થા આકાર પામી. આ સંસ્થાએ સૌથી પહેલું પ્રકાશન ભાગવતના એકાદશ સ્કંધનું કરેલું. આ ગ્રંથની ત્યારે છ આના કિંમત હતી.

અમદાવાદમાં આ પ્રકાશન સંસ્થાની સ્થાપના કર્યા પછી અખાત્રીજના દિવસે મુંબઇમાં પણ 'સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય' સ્થાપવામાં આવેલું. ધાર્મિક પુસ્તકો જાતે જ લખતા અને જાતે જ તેમનું પ્રકાશન કરતાં. આજે આ સંસ્થા ખૂબ જ ફૂલી ફાલી છે. લોકો સુધી સાત્વિક સાહિત્ય પહોંચાડવા તેમણે 'અખંડ આનંદ' નામનું સામાયિક શરૂ કરેલું, જે આજે પણ નિયમિત રીતે પ્રકાશન થતું રહ્યું છે. અમદાવાદના એમ.જે. પુસ્તકાલયને એમણે જુદી જુદી ભાષાઓના ૧૦,૦૦૦ પુસ્તકો તથા ફર્નિચર ભેટ આપેલાં. તેમનું શારીરિક સ્વાસ્થ્ય સારું રહ્યું ત્યાં સુધી લગભગ પાંત્રીસેક વર્ષો તેમમે એકલે હાથે એ સંસ્થાને ચલાવી હતી. પણ ઉંમરે સાથ ન આપતાં તેમણે 'સસ્તા સાહિત્યવર્ધક કાર્યાલય'ની જવાબદારી મનુ સૂબેદાર અને શ્રી એચ.એમ.પટેલને સોંપેલી. સંસ્કૃત સાહિત્યના ધર્મગ્રંથો, બાળોપયોગી પુસ્તકો, નીતિ શાસ્ત્ર વિષયક ગ્રંથો ઉપરાંત સ્ત્રીઓ માટેનાં ઉપયોગી પુસ્તકો સાવ સસ્તા દરે ગુજરાતના ઘેર ઘેર પહોંચાડી તેમણે સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે બજાવેલી સાહિત્ય સેવાનો જોટો જડે તેમ નથી.

ગુજરાતની આવી વિરલ વિભૂતિએ ૪,જાન્યુઆરી,ઇ.સ.૧૯૪૨ માં નડીઆદ મુકામે આખરી શ્વાસ લઇ આ ફાની દુનિયાને રામ રામ કહી દીધા હતા.



## (૫)

# લૂઇ બ્રેઇલ

## (૪, જાન્યુઆરી, ઇ.સ.૧૮૦૯)

તમે કદી કલ્પના કરી છે કે આંખોની રોશની ગુમાવી બેઠેલા માણસની જિંદગી કેમ વીતતી હશે ? અંધ અને અજ્ઞાની બેઉ સરખા એવું કહેનારે કદી અંધત્વનો અનુભવ કર્યો હશે ? છતાં આંગળીના ટેરવાને આંખો બનાવી વિશ્વની કેટલીયે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓએ સિદ્ધિનાં ઉત્તમોત્તમ શિખરો સર કર્યાંના અનેક ઉદાહરણો છે. આવું એક ઉદાહરણ છે ચક્ષુવિહીન લોકોના તારણહાર લૂઈ બ્રેઈલ.

બાળપણથી જ આંખોનું અજવાળું ગુમાવી બેઠેલા લૂઈ બ્રેઈલનો જન્મ ફ્રાન્સના પાટનગર પેરિસથી લગભગ પચાસ કી.મી. દૂર આવેલા કૂપ્રે નામના ગામમાં ઘોડાનું પલાણ બનાવવાનો ધંધો કરતા એક ગરીબ મોચીના ઘરમાં ૪, જાન્યુઆરી, ઈ.સ.૧૮૦૯ ના રોજ થયો હતો. તેના ગરીબ પિતાનું નામ સાઈમન હતું. લૂઈ સાઈમનના પરિવારમાં સૌથી નાનો હોઈ માતા પિતાનો એ ખૂબ લાડકો હતો.

પણ કુદરતની લીલા કેવી ન્યારી હોય છે ! લૂઈ ચાર વર્ષ થયો, બળપણમાં એ જરા મસ્તી ખોર હતો. એક દિવસ એના પિતા એમના કામમાં મશગૂલ હતા ત્યારે પલાણ બનાવવા વપરાતાં સાધનોમાંથી એક લોખંડનું અણીદાર લઈ તે રમવા ગયો. પિતાનું ધ્યાન તેના તરફ ન હતું. રમતાં રમતાં અજાણતાં જ પેલા અણીદાર સાધનની તીક્ષ્ણ અણી એની આંખમાં વાગી ગઈ અને આંખનું રતન ફૂટી ગયું. લૂઈના પિતાએ ડોક્ટર પાસે એની સારવાર કરાવી. ડોકટરની કોઈ સારવાર કારગત નીવડી નહીં. આંખની પીડા દિવસે દિવસે વધુ ને વધુ વકરવા માંડી. બન્યું એવું કે તેની તે આંખનો ચેપ બીજી આંખને પણ લાગી ગયો. પરિણામ



એ આવ્યું કે બીજી આંખની રોશની પણ ચાલી ગઈ, અને લૂઈ ચાર વર્ષ ની ઉંમરે અંધ બની ગયો.

દિવસે દિવસે તે મોટો થવા લાગ્યો પણ તે કશું જ જોઈ શકતો ન હતો. તેના પિતાએ તેને લાકડીના સહારે ચાલવાની તાલીમ આપી. લૂઈ બાળપણથી જ પોતાની દયનીય સ્થિતિથી વાકેફ થઈ ગયો હતો. છતાં તે કદી હતાશ કે નિરાશ થઈ ગયો ન હતો. નાનપણથી જ તેની જિંદગીના અભિશાપને આશાર્વાદમા બદલી નાંખવાનું મનોમન એણે નક્કી કરી લીધું હતું. તેના પિતાએ તેને પેરિસની એક અંધ વિદ્યાર્થીઓ માટેની ખાસ શાળામાં દાખલ કરી દીધો. તેણે ખંત અને લગનથી અભ્યાસ કરી તેનું શિક્ષણ પૂર્ણ કરેલું. તેના ગામમાં નવી નિમણૂંક પામેલા શિક્ષક એબ પોલીને આ અંધ બાળક પ્રત્યે કરુણા ઉપજી. તેમણે દુનિયાનો પરિચય કરાવવાનું શરૂ કર્યુ. કહે છે ને કે કુદરત એક અંગની શક્તિ હણી લે તો તે બીજા અંગમાં તે શકિત ભરી દે છે. નાનપણથી જ લૂઈને નવું નવું મણવાની તીવ્ર જીજ્ઞાસા થતી રહેતી. ભણવામાં તે અસાધારણ પ્રતિભા ધરાવતો હતો. આ જ અરસામાં પેરિસમાં વોલેન્ટીન હોર્ષ નામની એક વ્યકિતએ અંધ વ્યકિતઓ માટેની એક શાળાની સ્થાપના કરેલી. ઈ.સ. ૧૮૧૯માં લૂઈને તે શાળામાં દાખલ કરવામાં આવ્યો. લૂઈ ઓગણીસમે વર્ષે આ જ શાળામાં શિક્ષક તરીકે નિમાયેલો.

પણ આટલાથી લૂઈને સંતોષ થયો નહીં. અંધ વ્યકિતઓની પીડાનો એને જાત અનુભવ હતો. આંધળાઓ માટે ઉપયોગી અને ઉપકારક થવા તેણે મનમાં ગાંઠ વાળી. આંખ વિનાના માણસો પણ ભણતરથી વંચિત ના રહી જાય તે દિશામાં તેણે પ્રયત્નો શરૂ કર્યા. અંતે ઈ.સ. ૧૮૨૯માં અંધ વ્યકિત વાંચી શકે તેવી છ ટપકાંવાળી સ્પર્શલિપિ વિકસાવવામાં સફળતા મેળવી. જો કે અંધ વ્યકિતઓ માટે એ અગાઉ શાર્બ બાર્બિયે નામના એક ફ્રેન્ચ લશ્કરી અધિકારીએ સ્પર્શલિપિની શોધ કરી હતી. પણ બાર્બીયે શોધેલી લિપિ બાર ટપકાંવાળી હોઈ શીખવા સમજવામાં ઘણી જટિલ લાગતી હતી. તેની સરખામણીમાં બ્રેઈલે

વિકસાવેલી આ નૂતન છ ટપકાંવાળી સ્પર્શલિપિ ખૂબ જ સરળ હોઇ તે જોતજોતામાં પ્રચલિત બની ગઇ. આજે પણ અંધ વ્યકિતઓને શિક્ષણ આપતી વિશ્વની શાળાઓએ બ્રેઈલ લિપિ જ અપનાવી છે. તેણે શોધેલી આ નવી લિપિ 'બ્રેઈલ લિપિ' તરીકે વિશ્વભરમાં જાણીતી બની ગઈ છે. બ્રેઈલે તેનું જીવન અંધ બાળકો માટે સમર્પિત કરી દીધું હતું. લૂઈને તેની ઉત્તરાવસ્થામાં ટી.બી.નો રોગ લાગુ પડી ગયો હતો. તે અંધ હોવા છતાં ઉચ્ચ કક્ષાનો સંગીતકાર પણ હતો. તેણે શોધેલી લિપિમાં આજે તો પુસ્તકો અને સામાયિકો પણ પ્રકાશિત થાય છે. અંધ વ્યકિતઓ માટે ઈશ્વર સમાન આ મહાન માણસ આખરે યમની બિમારીને કારણે ૨૩, ફેબ્રુઆરી, ૧૮૫૨ ના રોજ ચુમ્માલીસ વર્ષની ભરયુવાનવયે અવસાન પામ્યો હતો. છતાં તે તેણે શોધેલી બ્રેઈલ લિપિને કારણે ચિરકાળ સુધી અમર રહેશે.





## (૬)

# રઇસા ગાર્બાચેવ

## (૫, જાન્યુઆરી, ઇ.સ.૧૯૩૨)

ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને કલા પ્રત્યે અભિરુચિ ધરાવનાર અને સેવિયેત રશિયાના પ્રમુખ ગાર્બાચેવની પત્ની શ્રીમતી રઈસા ગાર્બાચેવનો જન્મ ૫, જાન્યુઆરી, ઈ.સ.૧૯૩૨ના રોજ સાઈબેરિયાના રુબંસ્ટોવસ્ક નામના ગામમાં ઈજનેર પિતા મેકિસમ તીતોરેન્કોને ત્યાં થયો હતો. નાનપણથી જ ભણવામાં તેજસ્વી તેઓ હંમેશા વર્ગમાં પ્રથમ નંબરે જ રહેતાં.

ઉચ્ચ અભ્યાસ માટે જ્યારે તેઓ મોસ્કો યુનિવર્સિટીમાં દાખલ થયાં ત્યારે શ્રી ગાર્બાચેવ પણ ત્યાં કાયદાનો અભ્યાસ કરતા હતાં. રઈસાના ગજબના વ્યકિતત્વથી આકર્ષયેલા તેઓ તેમના પ્રેમમાં પડી ગયા હતા. પરિણામે ઈ.સ. ૧૯૫૪માં બંન્નેએ પ્રેમ લગ્ન કરી લીધું હતું. રઈસા ગાર્બાચેવની ફેશન પરસ્તી અને રહેણી કરણી પાછળ અમેરીકાની અને ફ્રાન્સની યુવતીઓ પાગલ થઈ ગઈ હતી. મેડમ રઈસાને રૂઢિગત પરંપરાઓ પ્રત્યે ભારે ધૃણા હતી. સ્ત્રીની વ્યકિતગત સ્વતંત્રતા પર કોઈ તરાપ મારે તે વાત એમને સ્વીકાર્ય ન હતી. તેથી સામાજિક બંધનો સામે બંડ પોકારી તેમણે નવી દિશાનાં દ્વાર ખોલી નાખેલાં.


તેમણે લેનિનની ફિલોસોફીના વિષયમાં સ્નાતકની પદવી પ્રપ્ત કરેલી છે . તેઓ રશિયાની સહકારી ખેતી સાથે જોડાયેલા ખેડૂતોની સમસ્યાો ઉપર અનુસંધાન કરી પી.એચ.ડી. પણ થયેલાં છે.

અભ્યાસ પૂર્ણ કરીને તેઓ સ્ટવરીપોલ નામના શહેરમાં જઈ સામ્યવાદી પક્ષમાં સામેલ થઈ ગયેલાં અને તેના સકિય કાર્યકર તરીકેની જવાબદારી સંભાળેલી. શ્રીમાન ગાર્બાચેવની સફળતાની પાછળ રઈસાની પ્રેરણાનો ઘણો

મોટો ફાળો છે. રઈસાએ રશિયાની મહિલાઓને વિકાસની પગદંડી પર પગલાં માંડવા ઉત્સાહ અને પ્રેરણા પૂરાં પાડ્યાં છે. રશિયાના પ્રમુખ તરીકેની સફળતામાં શ્રીમતી રઈસાનો ઘણો મોટો ફાળો રહેલો છે. ખૂબ જ તીવ્ર બુદ્ધિ ધરાવતાં તેઓ રશિયન ભાષા ઉપરાંત અંગ્રેજી, જર્મન અને ફ્રેન્ચ ભાષાઓના પણ જાણકાર છે. બંન્ને પતિ-પત્ની મિત્રોની જેમ એક બીજાના સાથ નીભાવે છે. તેઓ ક્યારેય વિવાદનો ભોગ બન્યા નથી. તેમનું લગ્નજીવન ઈર્ષ્યા થઈ આવે એટલી હદે સુખી છે.

વિશ્વના સાંપ્રત સવાલો અંગે તેઓ સદા સજગતા દાખવે છે. વાંચનમાં તેઓ શોખીન છે. નવું જાણવાની તેમની તીવ્ર જિજ્ઞાસા વૃત્તિને કારણે તેમનું સામાન્ય જ્ઞાન અદ્ભુત છે. તેઓ ખૂબ જ સારાં અને સફળ વક્તા પણ છે. તેઓ તેમના પતિ સાથે પરદેશની યાત્રાએ જાય ત્યારે તેમની ભૂમિકા માર્ગદર્શક અને સલાહકારની હોય છે. તેઓ સાલસ સ્વભાવના અને અભિમાન રહિત મહિલા છે. તેમણે રશિયન પ્રજામાં 'ફર્સ્ટ લેડી' તરીકેની લોકપ્રિયતા હાંસલ કરેલી છે.





## (૭)

# કપિલ દેવ

## (૬, જાન્યુઆરી, ઇ.સ.૧૯૫૯)

ભારતના અને વિશ્વસ્તરના ફાસ્ટ બોલર કપિલ દેવ રામલાલ નિખંજનો જન્મ ૬, જાન્યુઆરી, ઈ.સ.૧૯૫૯માં ચંડીગઢના એક ક્ષત્રિય પરિવારમાં થયો હતો.

ઈ.સ. ૧૯૯૪ના ફેબ્રુઆરી માસની ૮મી તારીખે કપિલદેવે ૪૩૨મી ટેસ્ટ વિકેટ ખેરવીને વિશ્વક્રમ કર્યો હતો. અમદાવાદના મોઢેરા સ્ટેડિયમ ખાતે શ્રીલંકાના ડાબોડી બેટધર તિલકરત્નેની વિકેટ ઝડપીને કપિલદેવ સર રિચર્ડ હેડલીના ૪૩૧ ટેસ્ટ વિકેટના વિક્રમને પાર કરી ગયો હતો.

કપિલદેવ રામલાલ નિખંજે ઝડપી બોલર તરીકે વિશ્વક્રમ સ્થાપી ક્રિકેટ જગતમાં ભારતનું નામ રોશન કર્યું છે. તે ભારતનો એક સફળ ઓલ રાઉન્ડર છે. ગમે ત્યારે તે હારની બાજી જીતમાં પલટાવી શકે એવી ક્ષમતા ધરાવે છે. ઈ.સ.૧૯૯૨માં ઓસ્ટ્રેલિયામાં રમાયેલી ટેસ્ટ સિરીઝમાં ૨૫ વિકેટો ઝડપી તેણે સમસનાટી મચાવી હતી.

વેસ્ટ ઈન્ડિઝના લીરી કોન્સ્ટન્ટાઈન અને ભારતના સી.કે.નાયડુના પેંગડામાં પગ ઘાલી શકે એવી ઓલ રાઉન્ડ પ્રતિભા ધરાવતો 'હરિયાણાના હરિકેન' તરીકે ઓળખાતો કપિલદેવ પડછંદ શારીરિક બાંધો ધરાવે છે. તે આક્રમક બેટ્સમેન છે.

ભારતના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ભારતમાંથી માત્ર મહંમદ નિસાર, અમરસિંહ, દત્તુ ફડકર અને રમાકાંત દેસાઈ જ આંતરરાષ્ટ્રીય દરજ્જાના ફસ્ટ બોલરો તરીકે સફળતા પામ્યા હતા. હવે ભારત એક વિશ્વસ્તરના આક્રમક ઝડપી

બોલરની શોધમાં હતું.

સિત્તેરના દસકામાં મુંબઈની સી.સી.આઇ. ટીમ અનુભવી અને અશાસ્પદ નવોદિત ખેલાડીઓનો સમાવેશ કરી પૂર્વ આફ્રિકાની પ્રવાસે હતી. આ સમયે દેશપ્રેમ આઝાદના કોચિંગ અને માર્ગદર્શન હેઠળ ક્રિકેટમાં પાપા પગલી પાડી ચૂકેલો ચંડીગઢનો ૧૭ વર્ષની ઉંમર ધરાવતો કોલેજિયન રાજસિંઘ ડુંગરપુર પાસે આવીને કહેવા લાગ્યો કે પટૌડી, વિશ્વનાથ અને ગવાસ્કર જેવા ધુરંધર ખેલાડીઓ સાથે રમવાની તક પોતાને આપવામાં આવે. ત્યારે રાજસિંઘ ટીમના સંયોજક અને મેનેજર હતા. રાજસિંઘે તેનો પૂર્વ આફ્રિકા જતી ટીમમાં સમાવેશ કર્યો. ત્યારે આ નવયુવાનને કોઇ ઓળખતું પણ ન હતું. રાજસિંઘ ૧૯૭૬-૭૭ ની ટીમ સાથે તેને પૂર્વ આફ્રિકા લઇ ગયા. પૂર્વ આફ્રિકામાં આ નવોદિત ફાસ્ટ બોલરે એવી સુંદર રમત બતાવી કે સી.સી.આઇ.ટીમ સ્વદેશ પાછી ફરતાં ચંડીગઢના એ યુવાનની ક્રિકેટરોની રાષ્ટ્રીય તાલીમ શિબિરમાં પસંદગી કરવામાં આવી. આ નવયુવાન એ જ કપિલદેવ નિખંજ.

ભારતના ભાગલા પહેલાં કપિલદેવના પિતા શાહીવાલમાં વસવાટ કરતા હતા. ભાગલા પછી તેઓ ચંડીગઢમાં સ્થિર થયેલા. તેઓ લાકડાની વખાર ચલાવતા હતા. કપિલદેવના ક્રિકેટના શોખને પોષવામાં અને તેના કારકિર્દી ઘડવામાં મા લાજવંતી અને નાની બહેન પિન્કીનો બૂહુમૂલ્ય ફાળો છે.

૧૩ વર્ષની ઉંમરે કપિલદેવને સર્વપ્રથમ મેચ રમવાનો અનુભવ મળેલો. ચંડીગઢમાં રમાતી ઇન્ટર સેક્ટર મેચો દરમ્યાન આકસ્મિક એક દિવસે સેકટર૧૬ની ટીમમાં એક ખેલાડી ખૂટતો હોઇ ટીમના સંયોજકે કપિલની પસંદગી કરેલી. ૧૪ વર્ષની વયથી તે 'દયાનંદ એંગ્લોવૈદિક સ્કૂલ' અને કોલેજની ટીમ વતી રમતો થયેલો. દેશપ્રેમ આઝાદની તાલીમે કપિલની ક્રિકેટની કારકીર્દીનું ઘડતર કર્યું.

૧૭ વર્ષની ઉંમરે કપિલદેવ હરિયાણાની ટીમ તરફથી પ્રથમ રણજી ટ્રોફી



મેચ પંજાબ સામે રમેલો. એ પ્રથમ મેચમાં જ તેણે માત્ર ૩૮ રન આપી છ વિકેટ ખેરવી હતી. કપિલદેવનું ટેસ્ટ કારકિર્દીમાં પદાર્પણ પાકિસ્તાનમાં ફૈઝાલાબાદની ટેસ્ટ મેચથી થયું હતું. કપિલની પાકિસ્તાન સામેની એ શ્રેણીની સફળતા નેત્રદિપક રહી ન હતી. આખી સિરીઝમાં કપિલે માત્ર સાત જ વિકેટો મેળવી હતી. કરાંચીમાં રમાયેલી છેલ્લી ટેસ્ટમાં ૫૯ અને ૩૮ રન નોંધાવી તેણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

પાકિસ્તાન સામે અજમાવાયેલ કપિલદેવની પસંદગી, ઑલ્વિન કાલીચરણના નેતૃત્વ હેઠળ ૬ ટેસ્ટ મેચોની શ્રેણી રમવા ભારતના પ્રવાસે આવેલી વેસ્ટ ઇન્ડિઝની ટીમ સામે થઇ. ત્યારે પ્રવાસી ટીમમાં વાનબર્ન હોલ્ડર, નોબર્ટ ફિલીપ, અને સિલ્વિસ્ટર ક્લાર્ક તથા માલ્કમ માર્શલ જેવા આગ ઓગતા બોલરો હતા.

આ સિરીઝની દિલ્હીમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં કપિલે ૧૨૪ બોલમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૨૬ રન ખડકી દીધા હતા.

ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ થી વધારે રન ખડકી દેનાર કપિલદેવની અનેક ઇનિંગ્ઝોમાંથી ૧૯૮૬માં એલન બોર્ડરની ઓસ્ટ્રેલિયન ટીમ સામે મદ્રસામાં 'ટાઇ' માં પરિણમેલી ટેસ્ટ મેચની ઇનિંગ્ઝ યાદગાર હતી. એ મેચમાં કપિલદેવે ૧૧૯ રન ફટકારી ભારતને ફોલોઓન થતું બચાવ્યું હતું.

દક્ષિણ આફ્રિકાના પોર્ટ એલિઝાબેથ ખાતેની ત્રીજી ટેસ્ટ મેચમાં ૬૪ રનની ખાધ સાથે રમવા ઉતરેલી ભારતીય ટીમના બીજા દાવમાં માત્ર ૩૧ રનમાં છ વિકેટો પડી ગઇ હતી ત્યારે કપિલદેવે ૧૨૯ રન ફટકારી ભારતને હારમાંથી બચાવેલું.

આ ખમીરવંતા આક્રમક ખેલાડીએ ભારતની પ્રતિષ્ઠાને ક્રિકેટ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાવતી સિદ્ધિ તો ઇંગ્લેન્ડમાં ૧૯૮૩નો વિશ્વકપ જીતીને હાંસલ કરી હતી. આ સમયે તે ભારતની ટીમનો કપ્તાન હતો. ૮૩ ના વિશ્વકપ પહેલાં પોર્ટ ઓફ સ્પેન ખાતેની ટેસ્ટમાં ઝમકદાર સદી ફટકારી હતી. અને ગુયાનાની એક દિવસની મર્યાદિત ઓવરોની મેચમાં ક્લાઇવ લોઇડની વિશ્વ ચેમ્પિયન

ટીમને હાર આપવાની સિદ્ધિએ કપિલદેવના આત્મવિશ્વાસમાં ખૂબ જ વધારો કરી દીધો હતો.


૧૮, જૂન, ૧૯૮૩ ના શનિવારના દિવસે વિશ્વકપ ક્રિકેટના ઈતિહાસમાં અભૂતપૂર્વ ઘટના બની. આ દિવસે ઝિમ્બાબ્વે સામેની મેચમાં ૧૩ ઓવરોમાં માત્ર ૧૭ રનના સ્કારે ભારતની અડધી ટીમ પેવેલીયન ભેગી થઈ ગઈ હતી. આ મેચમાં ભારત આઠ વિકેટે ૨૨૬ રન નોંધાવી શક્યું હતું. જેમાં કપિલદેવે ૧૭૫ રન ફટકારી ભારતને વિજય અપાવી સેમી ફાઈનલ સુધી પહોંચાડ્યું હતું.

૨૫મી જૂન, ઈ.સ. ૧૯૮૩ને શનિવારનો દિવસ,

કપિલદેવ વિશ્વકપની ફાઈનલ રમવા લોર્ડઝના મેદાનમાં ઉતર્યો હતો. સામે હતી કેપ્ટન લોઈડની વેસ્ટ ઈન્ડિઝની ટીમ. કપિલે વેસ્ટ ઈન્ડિઝની ધુરંધર ખેલાડીઓથી ભરેલી ટીમને હરાવીને ૪૩ રને વિજય મેળવી ભારતને વિશ્વક્રિકેટના નકશામાં ઉચ્ચ સ્થાને સ્થાપિત કરી દીધું હતું. આ વિશ્વકપની ફાઈનલમાં ભારત માત્ર ૧૮૩ રનના નજીવા જુમલે સમેટાઈ ગયું હતું. ઈ.સ. ૧૯૮૩માં જ અમદાવાદમાં રમાયેલી ટેસ્ટ મેચમાં બીજા દાવમાં કપિલદેવે ૮૦ રનમાં જ નવ વિકેટ ખેરવી હાહાકાર મચાવી દીધો હતો. ૧૩૦ ટેસ્ટ મેચો રમેલા કપિલદેવે એક જ દાવમાં પાંચ કે પાંચથી વધુ વિકેટો ઝડપવાની સિદ્ધિ ૨૩ વાર મેળવી છે તેણે ૧૩ ટેસ્ટ મેચોમાં ૨૭,૫૯૦ બોલ નાખીને સરેરાશ ૨૯.૬૨ રન આપીને કુલ ૪૩૨ વિકેટો ઝડપી છે. એક સફળ કપ્તાન અને વિશ્વના અગ્રિમ હરોળના ઓલ રાઉન્ડર તરીકેની પ્રતિષ્ઠા અને પ્રતિભા વિશ્વમાં વિખ્યાત થઈ ચૂકી છે. ભારતીય ક્રિકેટ જગતમાં આવો પ્રતાપી, પરિશ્રમી, અને સફળ ક્રિકેટર ઝડપથી પેદા થાય એવી આપણે સૌએ ઈશ્વરને પ્રાર્થના જ કરવી રહી. ભારતનું ક્રિકેટવિશ્વ સદીઓ સુધી કપિલદેવને ભૂલી શકેશે નહિ.

●





## (૮)

# નિકોલા ટેસ્લા

## (અવસાન : ૭, જાન્યુઆરી, ઇ.સ. ૧૯૪૩)

નિકોલા ટેસ્લાનો જન્મ હાલના ક્રોઅશિઆ અને તે સમયના ઓસ્ટ્રોહંગેરીઅન સામ્રાજ્યનો એક ભાગ ગણાતા સ્મિલ્જાનમાં સર્બિઅન માતા-પિતાના ઘરે ૧૦, જુલાઈ, ઈ.સ. ૧૮૫૬ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ મિલુતીન ટેસ્લા હતું. તેઓ એક રૂઢિચુસ્ત પાદરી હતા. તેમની મા એક ઘરરખ્ખું ગૃહિણી હતી. તેમને તેમની મા પાસેથી વિજ્ઞાન અને તેના રોજબરોજના જીવનને સરળ બનાવવાના ઉપયોગના સંસ્કારો નાનપણથી જ મળ્યા હતા.તેમની મા પ્રયોગશીલ મનોવલણ ધરાવતી હતી. માતા જુડા મેંડિક ઘરના રોજબરોજના કામકાજમાં નિત નવા નવા અખતરા કર્યા કરતી.

ટેસ્લાને પોલિટેકૃનિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ગ્રાઝ અને યુનિવર્સિટી ઓફ પ્રાગમાં ગણિત અને ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કરતાં કરતાં નવા ખેડાઈ રહેલા એવા ઈલેક્ટ્રિકલ એંન્જિનિયરીંગ વિષયમાં ખૂબ જ રસ પડવા માંડેલો. આ રસને કારણે તેમણે ઈ.સ. ૧૮૮૧ માં હંગેરીના પાટનગર બુડાપેસ્ટની એક ટેલિફોન કંપનીમાં ઈજનેર તરીકેની નોકરી સ્વીકારી લીધેલી. આ અરસા દરમ્યાન તેમના મનમાં ઘૂમરાતા એક જટિલ હોયડાતું સમાધાન તેમને હાથ લાગી ગયું. આ સમાધાનનો ઉપયોગ કરીને તેમણે શરૂઆતમાં ઈંડકશન મોટર બનાવેલી. એની કાર્યપદ્ધતિ એક મિત્રને સમજાવવા નદીની રેતી ઉપર એક લાકડી વડે એણે જે સિદ્ધાંત લખેલો તે સિદ્ધાંત વડે આવતી કાલે આખું અમેરિકા અને પછી આખું જગત ઉજાગર થવાનું હતું.

ઈ.સ. ૧૮૮૨ માં ટેસ્લાએ 'કોન્ટિનેન્ટલ એડિસન કેંપની' માં એન્જિનિયર

તરીકે કામ કરવું શરૂ કરેલું. ઈ.સ. ૧૮૮૪માં નવા વિચારોની ધરતી અમેરીકામાં આવેલ 'એડિસન મશીન વર્કસ' માં કામ કરવા સ્વદેશ છોડી ન્યૂયોર્ક તરફ પ્રમાણ કરેલું. અહીં આવતા અગાઉ ટેસ્લા એ કંપનીના એક જૂના કર્મચારી ચાર્લ્સ બેચલરની ભલામણ ચિઠ્ઠી સાથે લાવેલા. જેમાં લખ્યું હતું : 'હું બે મહાન માણસોને ઓળખું છું, એક તમને અને બીજા આ ચિઠ્ઠી લઈ આવનારને'. માલિક એડિસને એ ચિઠ્ઠી વાંચીને કંપની 'એડિસન મશીન વર્કસ'માં ટેસ્લાને કામે રાખેલો. અહીં ન્યૂજર્સીમાં એડિસનની પ્રયોગશાળામાં એડિસને બનાવેલ ડી.સી. કરંટ જનરેટરને મઠારવાનું કામ ટેસ્લાએ શરૂ કરેલું. આ દરમ્યાન વિજ્ઞાનની આ બંન્ને વિભૂતિઓ વચ્ચે ડાયરેક્ટ વીજપ્રવાહ અને ઓલ્ટરનેટર વીજપ્રવાહની બાબતમાં મતભેદ ઊભા થવા લાગેલા. ઈ.સ. ૧૮૮૫ માં ટેસ્લાએ આધાર પૂરા પાડીને એડિસનના ડાયરેક્ટ વીજપ્રવાહના ઉપયોગને મોટા પાયે સરળતાથી કાર્ય કરવામાં વામણો સાબિત કરી બતાવેલો.

આ ઘટના પછી ટેસ્લાએ 'ટેસ્લા ઈલેક્ટ્રીક કંપની' ભાગીદારીમાં પોતાને નામે સ્થાપી. તેમાં એ.સી. કરંટથી તૈયાર થયેલ ચાલીસ પ્રોડેક્ટની યુ.એસ. પેટંટ મેળવેલી. તેની બધી પ્રોડક્ટ જ્યોર્જ વેસ્ટિંગ હાઉસ નામના એક ઉદ્યોગપતિએ ખરીદી લેવાની તૈયારી બતાવેલી. આથી એડિસનને તેનું સપનું ધૂળમાં રગદોળાતું જણાતાં તેણે ટેસ્લા અને વેસ્ટિંગ હાઉસ પર કાનૂની દાવો માંડેલો, તે ત્યારના વિજ્ઞાન જગતમાં સનસનીખેજ પુરવાર થયેલો. એ કાનૂની જંગમાં ટેસ્લાની જીત થયેલી. કારણ કે તેણે બનાવેલી ટેકનોલોજી સર્વોત્તમ હતી.

ટેસ્લાએ બનાવેલ 'ટેસ્લા કોઈલ' આજે પણ ટી.વી. અને મોનિટર્સમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત તેણે રેડિયો, બિનતારી સંદેશા, ક્ષ-કિરણો વગેરે અનેક ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું છે. બિનતારી સંદેશાના ક્ષેત્રમાં ટેસ્લાનું પ્રદાન એ હદ સુધી હતું કે યુ.એસ.ની સુપ્રિમ કોર્ટે ઈ.સ. ૧૯૪૩માં માર્કોનીના નામે ચઢેલી સૌથી મહત્વની પેટંટ રદ કરીને ટેસ્લાના યોગદાનને



અતિ મહત્વનું ગણાવેલું.

ટેસ્લાએ તેણે મેળવેલ સિદ્ધિ બદલ અનેક બહુમાનો પ્રાપ્ત કર્યા હતાં. ઈ.સ. ૧૯૧૭માં ઈલેક્ટ્રિકલ ક્ષેત્રમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત એવો 'એડિસન મેડલ' તેને એનાયત કરવામાં આવ્યો હતો. વિદ્યુત ચુંબકીય ક્ષેત્રમાં તેણે આપેલા અસાધારણ યોગદાન બદલ ચુંબકીય વહનની ઘનતાના આંતરરાષ્ટ્રીય એકમને 'ટેસ્લા' એવું નામ આપવામાં આવ્યું છે. નાયગ્રા ધોધ ઉપર તેમણે સ્થાપેલ વિદ્યુત જનરેટર બદલ તેના સન્માનમાં તેમના ગોટ આયલેન્ડ પર તેમનું પૂતળુ મુકવામાં આવ્યું છે. વળી યુનાઈટેડ સ્ટેટસ પોસ્ટલ સર્વિસિસે ટેસ્લાના માનમાં ઈ.સ. ૧૯૮૩માં એક ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ઈ.સ. ૧૯૭૬થી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર્સ દ્વારા 'નિકોલા ટેસ્લા એવોર્ડ' ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ ક્ષેત્રે ઉત્તમ પ્રદાન કરનારને આપવાની શરૂઆત કરી છે. સ્ટેચ્યુ ઓફ લિબર્ટી મ્યુઝિયમમાં આજે પણ ટેસ્લાના ફોટોગ્રાફ રાખવામાં આવેલ છે.

જિંદગીમાં અંતિમ ૧૦ વર્ષો ટેસ્લાએ એકલતામાં અને સાથ દારિદ્રયમાં ન્યૂયોર્કની હોટેલ 'ન્યૂ યોર્કર'ના તેત્રીસમા માળે લીધેલા રૂમ નંબર ૩૩૨૭માં ગુજાર્યા હતાં. આજ રૂમમાં તેમણે ૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૪૩ના રોજ ૮૬ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાને કારણે અંતિમ શ્વાસ લીધા હતા.





# (૯)
# આશાપૂર્ણા દેવી
## (૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૦)

સ્વાતંત્ર્યોત્તર યુગમાં સર્જાયેલા બંગાળી કથા સાહિત્યમાં જેમનું નામ મોખરાના સ્થાને રહ્યું છે તે આશાપૂર્ણ દેવીનો જન્મ કોલકાતાના રૂઢિચુસ્ત પરિવારમાં ૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૦ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ હરેન્દ્રનાથ ગુપ્તા હતું. તેઓ જાણીતા ચિત્રકાર હતા. એમનાં માતાને વાંચનનો અનહદ શોખ હતો. એમને ઘેર તે જમાનામાં દરેક પ્રતિષ્ઠિત સામયિકો નિયમિત આવતા રહેતાં. રૂઢિચુસ્ત પરિવાર સ્ત્રી શિક્ષણનો વિરોધી હોવા છતાં છોકરીઓને લખવા-વાંચવા પર કોઈ પ્રતિબંધ ન હતો. એ ક્યારેય નિશાળે ગયા ન હતાં. ત્યારે ઘરની સ્ત્રીઓને કોઈની સાથે મળવાની કે વાતચીત કરવાની છૂટ ન હતી.

તેઓ ઘરમાં જ વાંચતાં-લખતાં શીખેલાં. તેર વર્ષની ઉંમરે તેમને કંઈક લખવાની સ્ફૂરણા થઈ. તેમણે એક કવિતા લખી અને બાળકો માટેના સામયિકમાં મોકલી. સદ્‌નસીબે એ કવિતા સ્વીકારાઈ ગયેલી પછી તો તેમની કલમ ચાલતી જ રહેલી. પંદર વર્ષની ઉંમરે એક સાહિત્યિક હરિફાઈમાં એમને પુરસ્કાર પણ મળેલો.

ચૌદ વર્ષની ઉંમરે કાલિદાસ ગુપ્ત સાથે એમના લગ્ન થઈ ગયેલા. રૂઢિચુસ્ત સાસરામાં પણ તેઓ આદર્શ ગૃહિણી થઈ રહેલાં. અહીં પણ તેમણે તેમના પતિના સહકારથી લખવાનું ચાલુ રાખેલું. એમના પતિ તરફથી હંમેશા એમને પ્રોત્સાહન મળતુ રહેલું. વાંચન અને પ્રવાસ એ બે એમના મુખ્ય શોખ હતાં. એમણે જે જોયેલું, અનુભવેલું તે શબ્દોમાં ઉતારેલું. ઘરની ચાર દિવાલો વચ્ચે બંધાયેલા



હોવા છતાં તેમનું જીવન પારાવાર વિચિત્રતાઓથી ભરેલું હતું.

તેમના લેખનના વિષયો હતા, કાવ્યો અને વાર્તાઓ. એમની પ્રથમ વાર્તા ૧૯૩૭માં લખાયેલી 'પત્નીઓ પ્રેયસી' હતી, જે 'આનંદબજાર' પત્રિકામાં પ્રકાશિત થઈ હતી. ઈ.સ. ૧૯૪૦માં એમનો પ્રથમ વાર્તા સંગ્રહ 'જલ ઓ આગુન' અને પ્રથમ નવલકથા 'પ્રેમ ઓ પ્રયોજન' ઈ.સ. ૧૯૪૫માં પ્રગટ થયેલા. ઈ.સ. ૧૯૫૪માં પ્રકાશિત થયેલી તેમની નવલકથા 'કલ્યાણી'ને કલકત્તા વિશ્વ વિદ્યાલય 'લીલા પુરસ્કાર' પ્રાપ્ત થયેલો. તેમણે તેમના જીવનકાળ દરમ્યાન એક હજારથી વધુ નવલિકાઓ, એક સો એંશી નવલકશાઓ અને સોળ બાળ સાહિત્યનાં પુસ્તકોનું સર્જન કરેલું છે.

એમની પ્રથમ નવલકથા 'પ્રેમ ઓ પ્રયોજન' બીજા વિશ્વયુદ્ધના પરિણામે કલકત્તાના લોકોમાં આવેલ પરિવર્તનની પૃષ્ઠ ભૂમિ પર આધારિત છે. તે નવલકથાની નાયિકા મંદિરા નવા યુગની વિદ્રોહી સ્ત્રી છે. એમની નવલકથા 'પ્રથમ પ્રતિશ્રુતિ'ને જ્ઞાનપીઠ પુરસ્કાર તથા પશ્ચિમ બંગાળ સરકારનો 'રવીન્દ્ર પુરસ્કાર' પ્રાપ્ત થયો હતો.

ઉપરાંત તેમની નવલકથાઓ 'મિત્તિર બાડી' ઈ.સ. ૧૯૫૭માં, 'ઉન્મોચન' ઈ.સ. ૧૯૬૦માં, 'સમુદ્રનીલ આકાશનીલ' ઈ.સ. ૧૯૬૯માં, 'દુરેર જાનાલા' ઈ.સ. ૧૯૭૦માં, 'જીવનસાદ' ઈ.સ. ૧૯૮૦માં, 'ભલ ટ્રેને ઉઠા' ઈ.સ. ૧૯૮૨માં અને 'નિલય નિવાસ' ઈ.સ. ૧૯૮૭માં પ્રગટ થઈ હતી. તેમની પસંદગીની વાર્તાઓના ત્રણ સંગ્રહ સમૂહો 'સ્વનિર્વાચિત ગલ્પ' નામે પ્રગટ થયા છે. તેમણે એ સિદ્ધ કરી બતાવ્યું કે તેઓ આશિક્ષિત હોવા છતાં સાંપ્રતકાલિન લેખિકાઓ કરતાં વધારે શિક્ષિત હતાં. તેમના જીવન અને કર્તૃત્વ પરથી આપણને એ બોધ મળે છે કે માનવી પોતાના સ્વપ્રયત્નથી આત્મજ્યોતિ થઈને અનન્ય અને અકલ્પિત સિદ્ધિ હાંસલ કરી શકે છે.

તેમણે તેમના સાહિત્યસર્જન બદલ 'ભુવન મોહિની સુવર્ણ ચંદ્રક', 'સાહિત્ય

અકાદમી પુરસ્કાર’ તથા જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કર્યા હતાં. ભારત સરકારે તેમની સાહિત્ય સેવાને બિરદાવી ‘પદ્મશ્રી’નો ખિતાબ એનાયત કર્યો હતો.

બંગાળી સાહિત્ય અને ભારતની આવી મહાસમર્થ લેખિકા ઈ.સ. ૧૯૯૫માં અવસાન પામ્યા હતાં.

●





## (૧૦)
# એમિલી ગ્રીન બાલ્ચા
## (૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૭)

વિશ્વશાંતિ માટે જીવનને સમર્પિત કરી દેનાર એમિલી ગ્રીન બાલ્ચાનો જન્મ ૮, જાન્યુઆરી ઈ.સ. ૧૮૬૭ના રોજ અમેરિકામાં થયો હતો. તેમના પિતા જાણીતા ધારાશાસ્ત્રી હતા. વિશ્વશાંતિના સંસ્કાર બાળપણમાં જ તેમને પિતા તરફથી મળેલા.

ખાનગી શાળામાંથી પ્રાથમિક શિક્ષણ લીધા પછી તેઓ બ્રાઈનમાન કોલેજમાં દાખલ થયાં હતાં. આ કોલેજમાંથી તેઓ ગ્રેજ્યુએટ થયાં હતાં. અભ્યાસકાળ દરમ્યાન જ સમાજ સેવાનું તેમને ઘેલું લાગેલું. તેથી જાણીતા સમાજશાસ્ત્રી ફ્રેંકલિન એચ. ગિડિંગ્સની પાસેથી સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસ કરેલો. સમાજશાસ્ત્રના અભ્યાસમાં તેઓ ગળાડૂબ રહેતા તેથી કોલેજ તરફથી સમાજશાસ્ત્રમાં ફેલોશિપ મેળવી સંશોધન કાર્ય માટે તેઓ પેરિસ ગયાં હતાં. ત્યાં પ્રાધ્યાપક ઈ.લેવાજ પૂરતા માર્ગદર્શન નીચે અર્થશાસ્ત્ર ઉપરાંત ‘ફ્રેન્ચ પુઅર રિલીફ સિસ્ટમ’માં સંશોધન કાર્ય કરી તેના નીચોડ રૂપે ‘પબ્લિક આસિસ્ટન્સ ઓફ ધ પૂઅર ઈન ફ્રાંસ’ પુસ્તક લખ્યું જે ઈ.સ. ૧૮૯૩માં પ્રગટ થયુ હતું.

સંશોધન કાર્ય પૂર્ણ થયા પછી તેઓ બોસ્ટન પાછાં ફરેલાં અને અહીં ‘ચિલ્ડ્રન એડ સોસાયટી’ નામની સંસ્થામાં સામાજિક કાર્યકર તરીકે પ્રવૃત્ત રહેલાં. તેમણે વિડા ડી સ્કડરની સાથે રહીને ‘ડેનિયલ હાઉસ સેટલમેન્ટ’ નામની સંસ્થા સ્થાપી હતી. તેમને મજૂરી કરી જીવન જીવતા લોકોની તરફ હમદર્દી હતી. તેમની સમસ્યાઓ સમજવા એ સતત પ્રયત્નો કરતાં રહેતાં. આના ફૂલ સ્વરૂપે ‘વિમેન ટ્રેડ યુનિઅન લીગ’ની સ્થાપના થઈ હતી. અમેરિકાના કાયદામાં પ્રથમવાર

ન્યૂનતમ વેતન બોર્ડની રૂપરેખા તૈયાર કરવામાં તેમનો ફાળો નોંધવાપાત્ર હતો.

સમાજસેવાની સાથે સાથે તેઓ અધ્યાપન ક્ષેત્રે પણ રસ ધરાવતાં હતાં. તેમણે હાર્વર્ડ યુનિવર્સિટીમાં, શિકાગો યુનિવર્સિટીમાં તથા બર્લિન યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૦૩થી ૧૯૧૮ સુધી બેલેજૂલી કોલેજમાં તેમણે અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે સેવા આપી હતી.

અધ્યાપક તરીકેની નોકરી દરમ્યાન સમાજસેવાની તેમની પ્રવૃત્તિઓ નિરંતર ચાલતી રહેલી. તેમણે 'વીમેન્સ ઈન્ટરનેશનલ લીગ ફોર પીસ એન્ડ કીડ્સ' નામની સંસ્થા સ્થાપી હતી. વળી, બોસ્ટન શહેરની 'મ્યુનિસિપલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ'માં તથા બોસ્ટનના 'સિટીપ્લાનીંગ બોર્ડ'ના સભ્ય તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

જે તે સ્થળના સ્થાનિક લોકો તથા તેમની સમસ્યાઓના સંદર્ભમાં ઈ.સ. ૧૯૧૦માં 'ઓવર સ્લેવિક ફેલો સિટીઝન' નામનું તેમનું પુસ્તક પ્રગટ થયુ હતું. ઈ.સ. ૧૯૧૫ના હેગમાં ભરાયેલ 'ઈન્ટરનેશનલ કૉંગ્રેસ ઓફ વિમેન'માં તેમણે પ્રતિનિધિત્વ કર્યું હતું. એમિલી ગ્રીન બાલ્ચ્યાએ શાંતિ પ્રસ્તાવ લઈ સ્કેન્ડિનેવિયન રાષ્ટ્રો અને રશિયાનો પ્રવાસ કર્યો હતો. જેનો અહેવાલ તૈયાર કરવાનું સદ્ભાગ્ય પણ બાલ્ચ્યાને સોંપડ્યું હતું.

ન્યૂયોર્ક પરત ફર્યા બાદ સૈનિકવાદના વિરોધના કામમાં તેઓ લાગી ગયેલાં. તેમણે નિઃશસ્ત્રીકરણ અને વિશ્વશાંતિનો બૂંગિયો ફૂંક્યો હતો. આ સમય દરમ્યાન શાંતિની શરતોનું સૂક્ષ્મ વિશ્લેષણ કરતું 'એપ્રોસીઝ ટૂ ધ ગ્રેટ સેટલમેન્ટ' નામનું પુસ્તક તેમણે લખ્યુ હતું.


તેમણે સ્થાપેલી સંસ્થા 'વીમેન્સ ઈન્ટરનેશનલ લીગ ફોર પીસ એન્ડ ફ્રીડમ' લીગ ઓફ નેશન્સ સાથે સંકળાયેલી હતી. વિશ્વશાંતિ માટેના તેમના અવિરત પ્રયાસોની કદરરૂપે તેમને ઈ.સ. ૧૯૪૬માં નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું હતું.



તેમની પાછલી ઉંમરમાં તેઓ દમની વ્યાધિથી પીડાતાં રહેલાં. તેઓ હોસ્પિટલમાં પથારીવશ રહેલાં. તેમણે કહ્યું હતું ; ''જો લોકો માથા ભારે રાજ્યકર્તાઓના હાથમાંથી મુક્ત થાય અને સર્વસંપન્ન દેશો એકઠા થઈ વિશ્વશાંતિની કલ્પનાને સાકાર કરે તો માનવી ભયમુક્ત બની રહે. સામ્રાજ્યવાદ અને તાનાશાહી સંસ્કૃત સમાજ માટે અભિશાપ છે. વિશ્વશાંતિ અને નિઃશસ્ત્રી કરણ માટે ઝઝૂમતી આ સમર્થ સમાજસેવિકા આખરે ઈ.સ. ૧૯૬૧માં અવસાન પામી હતી.''

●





## (૧૧)

# બજરંગદાસ બાપુ

## (૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૭)

સૌરાષ્ટ્રમાં અને હવે તો આખા ગુજરાતમાં ગામડે ગામડે આગવું સ્થાન અને માન મેળવનાર બગદાણાની પરમ વિભૂતિ સંત શ્રી બજરંગદાસ બાપુ તા. ૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૭ના રોજ સ્વયં કાળને નિમંત્રણ આપી પ્રાતા કાળે સાડા પાંચના સુમારે સ્વયં બ્રહ્મલીન થઈ ગયેલા. એમની સ્મૂતિમાં આજે ગામે ગામ મઢૂલીઓ બનાવી તેમાં બાપાની છબીઓ પધરાવી પીપરમીન્ટની પ્રસાદીની વહેંચણી કરવામાં આવે છે. આજે ભલે તેઓ સદેહે હયાત નથી, છતાં સીતારામના નામ સાથે સૂક્ષ્મ સ્વરૂપે તેઓ કાઠિયાવાડની પાવનભૂમિ ઉપર બિરાજી રહ્યા છે.

સીતારામદાસ બાપુ પાસેથી ખાખીની દીક્ષા પામનાર બજરંગદાસ બાપનું પ્રાગટ્ય ભાવનગરથી છ કિલોમીટર દૂર અધેવાડા ગામ પાસે એક કિલોમીટર અંદર ઝાંઝરિયા હનુમાનદાદાના સન્નિધિમાં થયુ હતું. બાપાશ્રીના પિતાનું નામ હરિદાસજી અને માતાનું નામ શિવકુંવર બા હતું. તેમના પિતા વલભીપુર ખાતે લાખણકા ગામમાં વસતા હતા. બુધેર પાસેનું માલપર ગામ તેમનું મોસાળ, તેમનાં મા લાખણકાથી તેમના પિયર માલપર આવી રહેલાં. વાહનવ્યવહારની કોઈ સગવડ ન હતી. એ સમયે માલપર આવતાં રસ્તામાં અધેવાડા ગામ પાસે મસાણની એક છાપરીમાં પોરો ખાવા બેઠેલાં. તે વખતે બે-ત્રણ બહેનો એમની પાસે આવેલી. તેમણે માતાજીને ગામમાં પધારવા વિનંતી કરેલી પણ શિવકુંવરબાએ ગામમાં જવાની સ્પષ્ટ ના પાડી અને ઝાંઝરિયા હનુમાનજીના થાનકમાં આવેલી નાનીશી ઓરડીમાં વિસામો લેવા ગયેલાં. અહીંજ બાપાનું પ્રાગટ્ય થયેલું.



પેલી બહેનોએ માતાજીની સેવા કરેલી. રામાનંદી કુળતા એ બાળકનું નામ ભક્તિરામ રાખવામાં આવેલું. ભક્તિરામ માલપરથી લાખણકા બાળઅવસ્થામાં આવેલા. તેમના પિતાનું અવસાન થતાં તેમણે ગામ લાખણકા છોડી દીધું. વિચરણ કરતાં તેઓ મધ્યગુજરાત વટાવીને દક્ષિણ ગુજરાતના વલસાડ તરફ આવ્યા. વલસાડમાં ઔરંગા નદીના કિનારે એક ઝાડ નીચે પ્રભુના સ્મરણ કરવા તેઓ બેસી ગયા. થોડા દિવસો પછી અહીંથી પસાર થતી ખાખ ચોકવાળા સીતારામ બાપુની જમાતમાં ભળી ગયા. જમાત નાસિકના કુંભમેળામાં જતી હતી.


જમાત જંગલના રસ્તેથી પસાર થઈ રહી ત્યારે ભક્તિરામ એક બાવળના ઝાડ નીચે બેસી ગયા અને 'સીતારામ'નો જાપ જપવા લાગ્યા. જમાત હાથી-ઘોડા સાથે જંગલમાં આગળ વધી રહી હતી ત્યારે સામે આઠ-દસ વાઘોનું ટોળું સામે આવીને ઊભું રહી ગયું. હાથી-ઘોડા અને જમાતના સાધુઓ આગળ વધતા અટકી ગયા. આ સંકટના સમયે જમાતના મુખિયા સીતારામ બાપુને ભક્તિરામ યાદ આવ્યા અને પેલા વાઘોના ટોળા વચ્ચે જઈ ઊભા રહી ગયા. તેમણે નૃસિંહ ભગવાનને આરાધ્યા. વાઘોનું ટોળું શાંતિથી ચાલ્યુ ગયું. આ ભક્તિરામ એ જ આપણાં બજરંગદાસ બાપુ. પછી બાપાએ જમાત સાથે નાસિક જઈ કુંભમેળાનાં દર્શન કરેલાં. નાસિકથી તેઓ વેજલપુર અને ત્યાંથી સુરત પધારેલા. સુરતમાં તેઓ રોજ ગુલાબનું ફૂલ લઈ અશ્વિનીકુમાર ઘાટ પર જઈ તાપીમાં નૌકાવિહાર કરતા અને અશ્વિનીકુમારને ફૂલ અર્પણ કરતા.

સુરતથી બાપા ઢાસા આવેલા. અહીં પૂ. રામદાસ બાપુ સાથે તેમનો મેળાપ થયેલો. બાપાએ રામદાસ બાપુને કહ્યું ; ''તને વાંધો ના હોય તો હું તારા માટે એક મોટર મંગાવું છું'' રામદાસબાપુએ ચોખ્ખી ના ભણેલી. પણ બાપાએ હઠ છોડી નહીં. તેઓ 'લીલી મોટર....... લીલી મોટર......' રટતા રટતા સમાધિમાં લીન થઈ ગયા. પછી અડધા કલાકમાં જ દેવલીવાળા દરબાર લીલી મોટર લઈ ત્યાં આવી પહોંચ્યા. લોકો આ જોઈ નવાઈ પામી ગયેલા. ત્યારથી લોકો બાપાને

ભગવાનનો અવતાર માનવા લાગ્યા. બાપા પછી ત્યાંથી પાલિતાણા થઈ બગદાણા પધારેલા.

બગદાણામાં તેમણે જૂની પોલીસ લાઈન સામેના ચોરામાં એમનું આસન જમાવેલું. ત્યારે બાપા ધોયા વગરની માદરપાટની બંડી પહેરતા. તેમને દાતણ-પાણી કે ન્હાવા-ધોવાનો કોઈ નિયમ જ નહીં. બાપા એક બાંકડા પર બેસતા, જોડે પાણી ભરેલું એક માટલું રાખતા. બાજુમાં ધૂણી ધખાવતા, ગામના છોકરાને તેઓ પીપરમીન્ટ આપી રાજી કરતા. તેઓ ભાવનગર ખારગેટ પાસેના જગદીશ મંદિરે દર્શન માટે અચૂક જતા. બાપાને પાનનો જબરો શોખ, ચા પીધા પછી કાથાવાળું પાન ખાતા. રાતવાસો કરવા રૂખડે જતા, સવારે ત્યાંથી દિવાન સાહેબની વાડીએ આવતા. અહીં તેઓ સંતો સાથે સત્સંગ કરતા. તેમણે મહુવા તાલુકાના બગદાણાને નિવાસ સ્થાન બનાવી બગદેશ્વર મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા કરાવેલી. અહીં ગુરૂપુર્ણિમાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. તેઓ અહર્નિશ સીતારામનો જાપ જપતા રહેતા, આજે તો બંડીવાળા બાપુ તરીકે ગુજરાતના ગામડે ગામડે તેઓ પૂજાય છે.

●







# (૧૨)
# વિષ્ણુ ખાંડેકર
## (૧૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૯૮)

સમાજનાં સાચુકલાં માનવીઓની રંગબેરંગી સંવેદનાઓને તેમના મૂળ સ્વરૂપે અંતરની આરસીમાં ઝીલીને પછી સાહિત્યમાં ઉતારનાર એક સાચુકલા સાહિત્યકાર વિષ્ણુ ખાંડેકરનો જન્મ મહારાષ્ટ્ર રાજ્યના રત્નાગિરિ જિલ્લાના સાવંતવાડી નામના ગામમાં ૧૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૯૮ના રોજ સાંગલીના મુનસફ એવા પિતા આત્મારામ ખાંડેકરના ઘરમાં થયો હતો. તેઓ તેમના કાકા સખારામ ખાંડેકરના દત્તક પુત્ર હતા. ઈ.સ. ૧૯૧૬માં ગણેશ આત્મારામ ખાંડેકરને સખારામે દત્તક લીધા પછી તેમણે ગણેશ નામ બદલીને ‘વિષ્ણુ’ રાખેલું. ત્યારથી તેઓ વિષ્ણુ સખારામ ખાંડેકર બન્યા. મરાઠી સાહિત્યના મોરપીચ્છ સમાન પ્રતિભાવંત સાહિત્યકારને આજે તો બધા વિ.સ. ખાંડેકર તરીકે જ વધુ ઓળખે છે.

મેટ્રિકની પરીક્ષા પાસ કરીને તેમણે કોલેજમાં પ્રવેશ તો કરેલો પણ કોલેજનો અભ્યાસ તેઓ પૂરો કરી શકેલ નહીં. શિક્ષણ કરતાં સાહિત્ય અને સમાજ સેવામાં ઊંડી શ્રદ્ધા ધરાવનાર તેઓ ગોપાલ ગણેશ આગરકરનું સાહિત્ય વાંચતા રહેતા. એ સાહિત્યવાચને એમને સમાજ સુધારણાની દિશા દેખાડેલી. તેમણે ત્યારે પવિત્ર ગણાતા એવા શિક્ષકના વ્યવસાયમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. આખરે તેઓ વતનના ગામ સાવંતવાડીથી આશરે ત્રીસેક ગાઉ દૂર આવેલા શિરોડ નામના ગામમાં શિક્ષક થયેલા.

નાનપણથી તેઓ ખૂબ તોફાની અને જિદ્દી હતા. ગામમાં તેમની છાપ એક સારા છોકરા તરીકે બિલકુલ ન હતી. લોકો એમનાથી ડરતા રહેતા અને એમને

શંકાની નજરે જોતા. બીજા છોકરાઓની સાથે હળવા-મળવાનું એમને ગમતુ ન હતું. સમાજ માટે તેઓ જાણે ઉપેક્ષિત બની ગયા હતા. એમના આવા સ્વભાવથી એમના પિતાને ચિંતા થતી રહેતી, પણ લોકો જે બાળકને નફરત કરતા, ધિક્કારતા એ બાળક દિવસે દિવસે આત્મલક્ષી બનતો જતો હતો. એની ધૂન, એની મસ્તી અને એની એકલતા વિકૃતિઓ ન હતી પણ આટલી નાની ઉંમરથી એમનું હૃદય સાચા સૌંદર્ય અને સંવેદનાઓનો ઉઘાડ પામવા લાગ્યુ હતું એવી સાધારણ લોકોને ક્યાંથી ખબર પડે !

મરાઠી સાહિત્યના આ મહાન સાહિત્યકારે તેમની સર્જક તરીકેની કારકિર્દીમાં સોળ નવલકથાઓ, છ નાટકો, અઢીસો ટૂંકી વાર્તાઓ, સો નિબંધો અને બસો જેટલાં વિવેચનોનું સર્જન કર્યું હતું. પૂર્વ જીવનમાં નાટકના રશિયા ખાંડેકરે અનેક સ્ટેજ શો પણ કરેલા. 'કંચનમૃગા', 'ઉલ્કા', 'હિરવા છાયા', 'પહેલો પ્રેમ', 'ક્રૌંચવધ', 'અમૃતવેલ', 'યયાતિ', 'સુખની શોધ' જેવી ગણનાપાત્ર નવલકથાઓ તેમણે સાહિત્યને ચરણે ભેટ ધરી છે.

તેઓનું ફિલ્મક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન રહેલું છે. છાયા, જલવા, દેવતા, અમૃત, ધર્મપત્ની અને પરદેશી જેવી ફિલ્મો તેમની વાર્તાઓ ઉપરથી નિર્માણ પામી હતી. તેઓ નીવડેલા સ્ક્રીન પ્લે અને સંવાદલેખક પણ હતા.

ઈશ્વરની શક્તિમાં અખૂટ આસ્થા ધરાવતા તેઓ નિયમિત મંદિર જતા. ધાર્મિક કથા-વાર્તા ધ્યાનથી સાંભળતા, ઉપનિષદો અને પુરાણોના પરિશિલનમાં તેઓ આત્મિક શાંતિ અનુભવતા. વાંચનના તેઓ ભારે શોખીન હતા. શીલ અને સંયમ એમના જીવનનાં પ્રધાન લક્ષણો હતાં. તેઓ સતત જીવનમાંથી સૌંદર્ય શોધવા મથતા રહેતા હતા. જીવનની કરૂણતાને તેઓ સાહિત્ય સર્જનનો પાયો માનતા. આથીજ એમની નવલકથાઓ કરૂણતા અને સૌંદર્યની ઉદ્‌ગાતા બની રહી છે.


મહાત્મા ગાંધીની વિચારધારા અને પ્રવૃત્તિઓની એમના મન પર ઘેરી અસર થયેલી. એટલે જ એમનું સાહિત્ય ગાંધી વિચારોથી રંગાયેલું હશે ! તેઓ બીજાના



હૃદયમાં ઈશ્વરનાં દર્શન કરતા હતા. પૂ. ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા પામીને તેઓ માનવતાના પૂજારી બની ગયેલાં. મરાઠી સાહિત્યના તેઓ રાજાધિરાજ હતા એમ કહેવામાં જરાય ખોટું નથી. તેમની કૃતિઓ આજે પણ ઘેર ઘેર વંચાય છે. તેમની કૃતિઓનો અનેક ભાષાઓમાં અનુવાદ થયેલો છે.

ઈ.સ. ૧૯૫૯માં પ્રકાશિત તેમની નવલકથા 'યયાતિ' એટલી તો લોકપ્રિય બની હતી કે તેને 'મહારાષ્ટ્ર રાજ્ય સરકાર એવોર્ડ' પ્રાપ્ત થયો હતો. ઈ.સ. ૧૯૬૦માં 'સાહિત્ય અકાદમી એવોર્ડ' અને ઈ.સ. ૧૯૭૪માં 'જનપીઠ એવોર્ડ'થી આ નવલકથા સન્માનિત થઈ હતી. તેમની સાહિત્યક્ષેત્રની વિશિષ્ટ સેવાઓની કદરરૂપે 'શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુર' તરફથી એમને ફેલોશીપ અને ડી.લિટ.ની માનદ્ પદવીથી સન્માનવામાં આવ્યા હતા. ભારત સરકારે તેમના માનમાં ઈ.સ. ૧૯૯૮માં 'ટપાલ ટિકિટ' બહાર પાડી તેમને સન્માન્યા હતા. તદ્‌ઉપરાંત ભારત સરકારે ઈ.સ. ૧૯૬૮માં તેમને 'પદ્મભૂષણ'નો ખિતાબ અર્પણ કર્યો હતો.

ઈ.સ. ૧૯૫૮માં તેમની પત્નીનું અવસાન થયા પછી તેઓ સાવ એકાકી બની ગયેલા. જીવનની ઉત્તરાવસ્થામાં એકાકીપણું જીરવવું તેમને અસહ્ય થઈ પડેલું. સતત બિમાર અવસ્થા ભોગવતા તેઓ આખરી સમયમાં સાવ આંધળા થઈ ગયેલા, આખરે બીજી સપ્ટેમ્બર ઓગણીસો છોંત્તેરના રોજ ૭૮ વર્ષની વયે તેઓ ચિરનિદ્રામાં પોઢી ગયા હતાં.



(૧૩)

# રાહુલ દ્રવિડ

## (૧૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૩)

ક્રિકેટ જગતમાં 'ધ ગ્રેટ વૉલ ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતા થયેલા ભારતીય ક્રિકેટર રાહુલ દ્રવિડનો જન્મ ઈન્દોર ખાતે મહારાષ્ટ્રના દેશાંતા પરિવારમાં ૧૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૩ના રોજ થયો હતો. વર્ષોથી તેના પિતા બેંગ્લોરમાં સ્થાયી થયા છે. તેઓ જામ બનાવતી એક જાણીતી કંપની 'કિસાન'માં મેનેજર હતા. તેની મા અહીંની આર્કિટેક્ચર યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક હતાં. દ્રવિડના મિત્રો તેને 'જિમ્મી'ના હુલામણા નામે બોલાવતા હતા. ભણવામાંજ રસ ધરાવતાં દ્રવિડે બાર વર્ષની ઉંમરે માત્ર શોખ ખાતર ક્રિકેટના કોચિંગ કેમ્પમાં જવાનું શરૂ કરેલું. તેનો હાથ ધીમે ધીમે ક્રિકેટની રમત પર બેસવા લાગ્યો. તેની પસંદગી અંડર-૧૫, અંડર-૧૭ અને અંડર-૧૯ની ટીમમાં થયેલી. આ ટુર્નામેન્ટમાં તેનો સુંદર દેખાવ જોઈ ભૂતપુર્વ ક્રિકેટર કેંકી તારાપોર ખૂબ જ પ્રભાવિત થયેલા. સ્કૂલ, ક્રિકેટમાં તેણે વિકેટકીપર-બેટ્સમેન તરીકે રમતાં શાનદાર સદી ફટકારેલી.

ઈ.સ. ૧૯૯૧માં કર્ણાટકની રણજી ટ્રોફી માટેની પસંદગી થયેલી. બી.કોમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં રાહુલે એ પ્રથમ રણજી મેચમાં સાતમા ક્રમે ઉતરી બયાસી રન ફટકારેલા. ઈ.સ. ૧૯૯૪માં તેણે બી.કોમ.ની પદવી મેળવી. ૧૯૯૬માં શ્રીલંકા ખાતે રમાયેલી ત્રિકોણીય કક્ષાની ટીમમાં વિનોદ કામ્બીલીની જગ્યાએ તેને સમાવવામાં આવ્યો. આ શ્રેણીમાં ચાર દાવ રમીને તે માત્ર એકવીસ રન જ કરી શકેલો. આવા કંગાળ ફોર્મ છતાં ઈંગ્લેન્ડના પ્રવાસે જનારી ભારતીય ટીમમાં તેનો સમાવેશ કરવામાં આવેલો. ઈંગ્લેન્ડમાં બીજી



ટેસ્ટમાં ઘાયલ સંજય માંજરેકરની જગાએ આખરી ઈલેવનમાં તેની પસંદગી થયેલી. તેની આ પ્રથમ ટેસ્ટમાં ૯૫ રન ફટકારીને તેણે પોતાની ક્ષમતા સાબિત કરી દેખાડેલી.

તેની ધીર ગંભીર રમતને લઈ કારકિર્દીની શરૂઆતમાં તેની ગણના એક ટેસ્ટ ખેલાડી તરીકે થયેલી છતાં તેણે ૧૯૯૯ના વર્લ્ડ કપમાં શ્રીલંકા સામે ૧૨૯ બોલમાં ૧૪૫ રન ઝૂડીને સૌને ચકિત કરી દીધેલા.

ઈ.સ. ૨૦૦૨માં સૌરવ ગાંગુલીના સુકાની પદે રમીને તેણે ટીમ માટે વિકેટકીપરની ભૂમિકા પણ ભજવી હતી. ઈ.સ. ૨૦૦૪માં ટીમમાં ધોનીના આગમન સાથે તેને કીપિંગમાંથી મુક્તિ મળી હતી. તે જરૂર પડ્યે ઓપનિંગ કરવાની ક્ષમતા પણ ધરાવતો હતો. ઓક્ટોબર, ૨૦૦૫માં તેણે ભારતની ટીમનું સુકાન પણ સંભાળેલું. ઈ.સ. ૨૦૦૭ના વર્લ્ડ કપમાં ભારત પ્રથમ રાઉન્ડમાં જ બહાર ફેંકાઈ જતાં દ્રવિડના નેતૃત્વ અને વન-ડે ખેલાડી તરીકે તેની કારકિર્દીના અસ્તની શરૂઆત થઈ ગઈ હતી.

તે શાંત પ્રકૃત્તિનો ખેલાડી હતો. કદી ગુસ્સે થતો ભાગ્યે જ જોવા મળે. તેણે હવે તો ક્રિકેટની રમતમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેણે તેની કારકિર્દી દરમ્યાન તેની ઓફ સ્પિન બોલીંગ વડે ચાર વિકેટો પણ લીધી છે. તેની વન-ડે કેરિયરમાં કુલ ૪૨ સિક્સર ફટકારી છે. તેણે વિકેટકીપર તરીકે ૭૨ ઈનિંગ્સમાં ૭૨ કેચ અને ૧૪ સ્ટંપિંગ કર્યા છે. ઈ.સ. ૨૦૦૪માં ઓસ્ટ્રેલિયાના પ્રવાસ વખતે તેના પર બોલ ટેમ્પરિંગનો આક્ષેપ થયો હતો. ઉપરાંત માર્ચ, ૨૦૦૪માં પાકિસ્તાન સામેની મુલતાન ટેસ્ટમાં સુકાની તરીકે તે, સચિન બેવડી સદીથી માત્ર ૬ જ રન દૂર હતો ત્યારે ઈનિંગ્સ ડિકલેર કરીને વિવાદનું કેન્દ્ર બનેલો.

તેણે વિજેતા પેંઢારકર સાથે ૪, મે, ૨૦૦૩માં પ્રભુતામાં પગલાં પાડ્યા છે. તેની પત્ની ડૉક્ટર છે. તે અમિત અને અન્વય એમ બે પુત્રોનો પિતા છે.

●



## (૧૪)

# સ્વામી વિવેકાનંદ

## (૧૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૩)

સ્વામી વિવેકાનંદનો જન્મ કલકત્તાના સિમુલિયા કુટુંબના પિતા વિશ્વનાથને ઘેર તા. ૧૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૩ના રોજ થયો હતો. તેમની માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. તેમનું બાળપણનું નામ નરેન્દ્રનાથ હતું. તેમની માતા ભગવાન શંકરનાં અનન્ય ભક્ત હતા. તેઓ નરેન્દ્રના જન્મને તેમની ભક્તિનું ફળ માનતાં.

નાનપણથી ભારે તોફાની હોવા છતાં તેમને સાધુ સંતો પ્રત્યે ખૂબ આદરભાવ હતો. માની નજર ચૂકવીને એ ઘરમાંથી ચીજવસ્તુ સાધુઓને ભેટ ધરી દેતા. તેમના શિક્ષણની શરૂઆત પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગની જાણીતી 'મેટ્રોપોલીટીન ઈન્સ્ટિટ્યૂટ' નામની શાળાથી થઈ. ઘેર રામાયણ અને મહાભારતના પ્રસંગો સંભળાવી તેમની માતા સંસ્કારોનું સીંચન કરતી.

ઈ.સ. ૧૮૭૯માં કલકત્તાની 'જનરલ એસેમ્બલી' નામની કોલેજમાં દાખલ થયા. અભ્યાસકાળ દરમ્યાન એ બ્રહ્મચર્યનું પાલન કરતા. તેમની કોલેજના આચાર્ય વિલિયમ હેસ્ટી વિદ્વાન અને તત્વચિંતક હતા. તેમણે વર્ડ્ઝવર્થના પ્રકૃતિ કાવ્યો ભણાવતાં 'સમાધિ'નો અર્થ સમજાવ્યો અને આ સમાધિ જોવી હોય તો દક્ષિણેશ્વરના સંત રામકૃષ્ણ પરમહંસને મળવાનો ઈશારો કર્યો. વાત સાંભળ્યા પછી તેઓ દક્ષિણેશ્વર જઈ રામકૃષ્ણને મળ્યા અને તેમને ગુરૂ તરીકે સ્વીકાર્યા.

નાનપણથી જ તેમને કેટલીક સામાજિક કુપરંપરાઓ પ્રત્યે ભારે અરુચિ હતી. એમના યૌવનકાળમાં બંગાળમાં રાજા રામમોહન રાયે 'બ્રહ્મોસમાજ' નામની સામાજિક સુધારણાની સંસ્થા સ્થાપી હતી. નરેન્દ્રનાથ આ સંસ્થાની સમાજ



સુધારણાની પ્રવૃત્તિથી આકર્ષાયા. આધ્યાત્મિક જીવન ગાળવા તરફ વધતા જતાં ઝોકને પરિણામે સન્યાસી જીવન જીવવાની એમની ઈચ્છા પ્રબળ અને રૂઢ બની. તેમણે રામકૃષ્ણ પરમહંસનું શિષ્યત્વ સ્વીકાર્યું. રામકૃષ્ણે નરેન્દ્રના સંદર્ભમાં તેમના ભક્તોને એકવાર કહેલું કે, ''આ છોકરામાં હું સાક્ષાત્ નારાયણના દર્શન કરું છું''

ઈ.સ. ૧૮૮૪માં તેમણે બી.એ.ની પરીક્ષા આપી. પણ પરિણામ આવે તે પહેલાં જ પિતાજીનું અવસાન થયું. કુટુંબ પર જાણે આભ તૂટી પડ્યું. આકરી કસોટીની પળો આવી અને તેના નિવરણો પણ થયાં. ઈશ્વર ઉપરની તેમની શ્રદ્ધા વધતી ચાલી. ગુરૂજીના આશીર્વાદ ફળ્યા અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની ભલામણથી એક શાળામાં મુખ્ય શિક્ષકની નોકરી મળી.

ઈ.સ. ૧૮૮૫માં તેમના ગુરૂ રામકૃષ્ણ પરમહંસ ગંભીર માંદગીમાં સપડાયા. કેન્સરની શક્યતા ઉભી થઈ. અંત સમયે તેમને તેમના ગુરૂજીએ આંખમાં આંસુ સાથે કહેલું, ''નરેન ! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે, હવે હું સાવ ફકીર બની ગયો છું. મારી શક્તિના પ્રભાવથી તુ મહાનમાં મહાન કાર્યો કરી શકીશ'' આખરે ૧૬ ઓગષ્ટ, ૧૮૮૬ના દિવસે રામકૃષ્ણે મહાસમાધિમાં પ્રવેશ કરી ગયા.

હવે તો નરેન્દ્રનાથ 'વિવેકાનંદ સ્વામી' તરીકે ઓળખાવા લાગ્યા. તેઓના વ્યક્તિત્વથી અંજાઈ શરદબાબુ તેમના પહેલાં શિષ્ય બનેલા. તેઓએ આખા ભારતમાં ભ્રમણ કર્યું હતું. રાજસ્થાનના ખેતડીથી તેઓ અમદાવાદ આવ્યા હતા. અમદાવાદથી પોરબંદર જઈ તેમણે પતંજલિના યોગશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

અમેરિકાના શિકાગો શહેરમાં વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા તેમના પર દબાણ થયું. ખેતડીના મહારાજાએ તેમના પાસપોર્ટ તથા અન્ય સગવડો ઉભી કરી આપી. તેઓ ૩૧, મે, ૧૮૯૩ના દિવસે મુંબઈથી સ્ટીમર માર્ગે અમેરિકા જવા નીકળ્યા હતાં. અમેરિકામાં પહોંચ્યા પછી તેમને ખબર

પડી કે વિશ્વધર્મ પરિષદ મળવાની હજી બે મહિના વાર હતી. વળી ઓળખપત્રો વગર તેમને પરિષદમાં કોઈ ભાગ નહીં લેવા દે એવી પણ એમને જાણ થઈ છતાં એક ગજબનો ચમત્કાર થયો. મિસિસ જ્યોર્જ ડબલ્યુ હેઈલ નામની સ્ત્રી સ્વામીજીને એમને ઘેર લઈ ગઈ. એટલું જ નહીં શ્રીમતી હેઈલ તેમને વિશ્વધર્મ પરિષદની કચેરીમાં લઈને ગયાં. હેઈલની મદદથી સ્વામીજીને પ્રતિનિધિત્વ કરવાની મંજૂરી મળી ગઈ. ઈ.સ. ૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે શિકાગોની 'આર્ટ ઈન્સ્ટિટ્યૂટ'ના મકાનમાં ધર્મપરિષદનું ઉદ્‌ઘાટન થયું. બપોર પછીની બેઠકમાં તેમણે તેમનું પ્રવચન આપ્યું. તેમના વક્તવ્યમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો પ્રતિઘોષ પડ્યો હતો. તેમના વક્તવ્યને અંતે આખો સભાખંડ તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠ્યો હતો. આ પછી સ્વામીજીની વિશ્વમાં ખાસી મોટી પ્રતિષ્ઠા ઊભી થઈ હતી. તેઓ 'હિન્દુયોગી' તરીકે ઓળખાયા હતાં. લંડનમાં પણ તેમણે ઘણાં સ્થળે પ્રવચનો કર્યાં. તેઓના પ્રભાવથી અંજાઈ મિસ માર્ગારેટ નોબલના જીવનમાં ભારે પરિવર્તન આવ્યું હતું. તેમણે સ્વામીજી પાસેથી દીક્ષા લઈ 'ભગિની નિવેદીતા' નામ ધારણ કર્યું.

કાયમી સમાજ સેવા અને માનવોત્થાન માટે સંઘની રચના કરવી જોઈએ એવું એમને લાગ્યા પછી તેમણે ઈ.સ. ૧૮૯૭માં 'શ્રી રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. ઈ.સ. ૧૮૯૯માં તેમણે 'બેલૂરમઠ'ની સ્થાપના કરી. તેઓએ હિમાલયની ગિરીમાળાઓ વચ્ચે ૬૩૦૦ ફૂટની ઊંચાઈએ 'માયાવતી આશ્રમ' સ્થાપ્યો હતો.

ફરીવાર અમેરિકા, પેરિસ અને યુરોપમાં પ્રવાસ ખેડી ભારત પરત ફર્યા. ૨૪, જાન્યુઆરી, ૧૯૦૧માં તેઓ બેલૂર મઠમાં આવ્યા. દરમ્યાન તેમના પર દમનો હુમલો થયો. અંતે તેઓએ ૪, જુલાઈ, ૧૯૦૨ના રોજ માત્ર ૩૯ વર્ષ પાંચ માસ અને ચોવીસ દિવસનું ટૂંકુ આયુષ્ય ભોગવી મહાસમાધિ લઈ લીધી.

●





## (૧૫)
# કવિશ્રી સુંદરમ્
## (અવસાન : ૧૩, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૯૧)

ગુજરાતની પ્રજામાં માત્ર સુંદરમ્ તરીકે જાણીતા થયેલા ત્રિભુવનદાન કરસનદાસ લુહારનો જન્મ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના સરભાણની નજીક આવેલા મિયાંમાતર નામના એક નાના ગામમાં થયો હતો. તેમની માતાનું નામ ઉજમબહેન હતું. ખૂબ જ નાની ઉંમરે ઈ.સ. ૧૯૧૭માં મંગળામૌરી સાથે તેમના લગ્ન થયેલાં.

પ્રાથમિક શિક્ષણ વતનની પ્રાથમિક શાળામાં લીધા પછી તેમણે માધ્યમિક શિક્ષણ આમોદની શાળામાંથી મેળવ્યુ હતું. ૧૯૨૫માં વિનીત થઈ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાંથી પ્રકાશિત થતા 'દ્વૈમાસિક સાબરમતી'માં તેમણે લેખ લખ્યો. એ લેખ માટે તેમને 'તારાગૌરી ચંદ્રક' પ્રાપ્ત થયો હતો. ગુજરાતીમાં શ્રેષ્ઠ નિબંધ લખવા બદલ તેમને અખીલ ભારત વિદ્યાર્થી પરિષદ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

તેમને કવિતા સર્જનમાં કિશોરાવસ્થાથી જ રસ. તેમનું સૌથી પ્રથમ કાવ્ય 'એકાંશ દે' શીર્ષકથી ઈ.સ. ૧૯૨૬માં 'સાબરમતી'માં પ્રગટ થયું હતું. એ કાવ્ય તેમણે 'મરિચી' ઉપનામથી લખેલું. તેઓ ગાંધી સાહિત્ય અને વિચારધારાથી ખૂબ પ્રભાવિત થયેલા. ગાંધીજીની આત્મકથામાં 'સુંદરમ્' શબ્દ વાંચી તેમણે તેમનું ઉપનામ બદલીને 'સુંદરમ્' રાખ્યું. 'સુંદરમ્' તખલ્લુસથી 'બારડોલીને' નામનું તેમનું કાવ્ય 'સાબરમતી'માં પ્રગટ થયેલું. ત્યારે એટલે કે ઈ.સ. ૧૯૨૮માં તેઓ 'સાબરમતી' દ્વૈમાસિકના તંત્રી હતા.

ઈ.સ. ૧૯૨૯માં અંગ્રેજી અને સંસ્કૃત જેવા કઠિન ગણાતા વિષયો સાથે બીજા

વર્ગમાં તેમણે ‘ભાષા વિશારદ’ની પદવી મેળવી. હવે તેઓ સ્નાતક થયા હોઈ સોનગઢ ગુરૂકુળમાં તેમની અધ્યાપક તરીકે નિમણુંક થઈ.

આજ અરસામાં તેમના સમકાલીન કહી શકાય એવા ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી સાથે તેમની મિત્રતા બંધાઈ. ઉમાશંકર અને સુંદરમ્ જાણે અકબીજાનો પર્યાય બની ગયા હતા. બન્નેનું નામ સહજભાવે સાથે જ લેવાઈ જાય.

આ બન્ને કવિઓ ઉમાશંકરના કહેવા પ્રમાણે જોડકાભાઈ જેવા હતા. બન્નેના ઘડતરમાં ગાંધીજી અને કાવ્યગુરૂ ઠાકોરનો ફાળો અવિશેષ હતો. બંને સાથે જ સત્યાગ્રહના આંદોલનમાં જોડાયેલા. તેમના સર્જનમાં આધ્યાત્મિકતા સુપેરે ડોકાયેલી જોવા મળે છે.

‘સુંદરમ્’ની કવિતા સૃષ્ટિમાં ધ્યાન ખેંચનારું જો કોઈ તત્વ હોય તો તે ગીતોનો સહજ ઉપાડ, એવું જ બીજુ તત્વ છે સંવેદના. પૂર્ણ ભાવજગત, તેમનો બીજો ૧૯૩૩માં પ્રગટ થયેલો કાવ્ય સંગ્રહ ‘કાવ્ય મંગલા’ ઉમાશંકરના કાવ્ય સંગ્રહ ‘ગંગોત્રી’ની જેમ માઈલસ્ટોન સમો સાબિત થયેલો.

સુંદરમ્ સૉનેટો પણ લખતા. તેમના સૉનેટો મહદઅંશે શેક્સ પિયરશાઈ સૉનેટ હતાં. તેમની કવિતામાં ગાંધી વિચારસરણીની અસર ભારોભાર ઝીલાઈ છે. ગેયપણું અને અસ્ખલિત પ્રવાહે વહેતી ઉર્મિ સુંદરમ્‌ની કવિતાની વિશેષતા છે. તેમના ‘કાવ્ય મંગલા’ સંગ્રહને ઈ.સ. ૧૯૩૪માં ‘રણજીત રામ સુવર્ણ ચંદ્રક’ મળ્યો હતો. તેઓ ઈ.સ. ૧૯૪૦ અને ઈ.સ. ૧૯૪૩માં મહર્ષિ અરવિંદના દર્શને પાંડિચેરી ગયા હતા. આ પ્રવાસનું વર્ણન તેમણે તેમના પુસ્તક ‘દક્ષિણાયન’માં ફરેલું છે. મહર્ષિ અરવિંદથી તેઓ એટલા બધા પ્રભાવિત થઈ ગયેલા કે ઈ.સ. ૧૯૪૫માં પત્ની અને પુત્રી સુધા સાથે તેઓ સ્થાયી વસવાટ કરવા પાંડિચેરી આશ્રમમાં ચાલ્યા ગયા. અહીં તેમણે અરવિંદના જીવનદર્શનનું



અનુશીલન કરતું ત્રૈમાસિક ‘દક્ષિણા’ પોતાના તંત્રી પદે પ્રગટ કર્યું.

‘સુંદરમ્’ ગાંધી યુગની કવિતાની એક આંખ હતા. તેમના જેવાં અને જેટલાં ગીતો ભાગ્યે જ કોઈએ લખ્યાં હશે ! તેમણે ટૂંકી વાર્તા પર પણ હાથ અજમાવ્યો છે. હીરાકણી અને બીજીવાતો, પિયાસી, ઉન્નયન, તારિણી, પાવકના પંથે જેવા વાર્તા સંગ્રહો આપ્યા છે. તેમની નાટ્યલેખનની કલા પણ સિદ્ધ હસ્ત હતી. એમનાં સંસ્કૃત નાટકો જાણીતાં છે. ‘અર્વાચીન કવિતા’, ‘શ્રી અરવિંદ મહાયોગી’, ‘અવલોકના’ તથા ‘ચિદંબરા’ જેવા ગદ્ય અને વિવેચનના ગ્રંથો તેમણે આપ્યા છે.

ઈ.સ. ૧૯૪૬માં ‘અર્વાચીન કવિતા’ માટે ‘મહીડા પારિતોષિક’ એમને મળ્યુ હતું. ઈ.સ. ૧૯૫૫માં ‘યાત્રા’ કાવ્ય સંગ્રહ માટે ‘નર્મદ સુવર્ણ ચંદ્રક’ મેળવ્યો હતો. ઈ.સ. ૧૯૬૯માં ‘અવલોકના’ માટે ‘દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ’ પ્રાપ્ત થયો હતો. એમની સાહિત્ય સેવાઓની કદરરૂપે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરે તેમને ડી.લિટ.ની માનદ્ પદવી અર્પણ કરી હતી. ઈ.સ. ૧૯૮૫માં તે સમયના ભારતના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહના હસ્તે ‘પદ્મભૂષણ’નો ઈલકાબ આપવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૯૦માં ગુજરાત સરકારે શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રનો રૂપિયા એક લાખનો ‘શ્રી નરસિંહ મહેતા’ પુરસ્કાર અર્પણ કર્યો હતો.

ગાંધીયુગના આ મહાન કવિ અને સાહિત્યકારે ઈ.સ. ૧૩, જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ જીવનલીલા સંકેલી લીધી હતી.

●



## (૧૬)
# જયશંકર પ્રસાદ
## (૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૭)

૧૪મી જાન્યુઆરી હિન્દી સાહિત્યના સમર્થ કવિ અને નવલકથા કાર તથા નાટ્યકાર 'પ્રસાદ'ની પુણ્યતિથિ છે.

જયશંકર 'પ્રસાદ' નો જન્મ ઉત્તરપ્રદેશના કાશીનગરના એક પ્રતિષ્ઠિત વૈશ્ય ખાનદાનમાં દેવી પ્રસાદ સાહૂના ઘરમાં ૩૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૮૯માં થયો હતો. પિતાજીનો તમાકુનો વ્યવસાય હોવાથી તેમનો પરિવાર 'સૂંઘની સાહૂ'થી ઓળખાતો હતો. તેઓ શ્રીમંત અને ઉદાર કુટુંબમાં જન્મ્યા હતા. તેમના દાદા એટલા ધર્મનિષ્ઠ અને ઉદાર હતા કે રોજ ગંગા-સ્નાન કરીને પાછા વળતી વખતે ભીનાં થયેલાં વસ્ત્રો ભિખારીઓને દાનમાં દઈ દેતા હતા.

'પ્રસાદ'ની પ્રાથમિક શિક્ષણની શરૂઆત ઘરમાંથી જ થયેલી. પણ દસ વર્ષની વયે વિધિવત શિક્ષણની પ્રાપ્તિ માટે તેમને 'ક્વીંસ કોલેજ'માં દાખલ કરવામાં આવેલા. તેમની બાર વર્ષની ઉંમરે તેમના પિતાજીનું દેહાવસાન થયેલું. તેથી તેઓએ માત્ર એ સંસ્થામાં બે વર્ષ જ શિક્ષણ લીધેલું. પિતાના અવસાન બાદ તેમના જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થયેલી. એ સમસ્યાઓ એમનું ઘડતર કરવામાં આશીર્વાદ રૂપ સાબિત થયેલી.

તેમણે માત્ર આઠ ધોરણ સુધીનું જ શાલેય શિક્ષણ લીધેલું. શરૂઆતમાં મોહિનીલાલ પાસેથી શિક્ષણ મેળવેલું. મોહિનીલાલ ગુપ્તે જ તેમને વ્રજ ભાષામાં કવિતા લખવાની પ્રેરણા પૂરી પાડેલી. કોલેજનું શિક્ષણ છોડી દીધા પછી તીવ્ર જ્ઞાન પિપાસાને લીધે તેમણે ઘરમાં રહીને અધ્યયન ચાલુ રાખેલું. તેમણે ઘેર બેઠાં ઉર્દૂ, અંગ્રેજી, ફારસી, હિંદી અને સંસ્કૃત ભાષાઓનું સારું એવું જ્ઞાન પ્રાપ્ત



કરી લીધેલું. તેઓ ગંભીર, સૌમ્ય, સંકોચનશીલ સ્વભાવના હોવા છતાં કોમળ અને રસિક હૃદયના હતા.

તેઓ રોજ વહેલી સવારે ઉઠીને ચાલવા માટે કાશીના 'બેનિયા પાર્ક'માં જતા. તેમની જેમ અહીં ચાલવા આવતા પ્રેમચંદજી તથા બીજી સાહિત્યકારો સાથે એમની મુલાકાત થતી રહેતી. તેમની સાથે સાહિત્યિક ચર્ચાઓ પણ તેઓ કરતા. તેઓ નિયમિત રીતે કસરત પણ કરતા. તેઓ સ્વભાવે પરોપકારી હતા. પોતે નુકશાન વેઠીને પણ તેઓ બીજાનું તો ભલું જ કરતા. શીલ અને સદાચાર તેમના જીવનમાં વિશિષ્ટ ગુણો હતા. તેમના જીવનમાં સઘળા લક્ષણો તેમની કવિતામાં ઉતર્યાં છે. તેઓ સદા આનંદપૂર્ણ જીવન જીવવામાં માનતા.

પ્રેમ અને સૌંદર્ય તેમને વારસામાં મળેલાં. ગીત-સંગીતમાં તેમને અધિક રૂચિ હતી. ગીત-સંગીતનો આનંદ માણવા તેઓ અવાર નવાર કાશીની સુપ્રસિદ્ધ ગાયિકાઓને ઘેર પણ જતા. જીવનમાં ત્રણ-ત્રણ પત્નીઓ કરનાર 'પ્રસાદજી' કવિતા ઉપરાંત ટૂંકીવાર્તા અને નાટ્યલેખનમાં પણ પ્રવૃત્ત હતા.

'ચિત્રધાર', 'કાનન કુસુમ', 'મહારાણા કા મહત્વ', 'કરુણાલય', 'પ્રેમથિક', 'ઝરના', 'આંસુ', 'બહર', અને 'કામાયની' જેવા જાણીતા કાવ્ય સંગ્રહોનું તેમણે સર્જન કરેલું છે. ચિત્રાધાર તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ છે. સંગ્રહનાં કાવ્યો સૌ પ્રથમ વ્રજ ભાષામાં રચાયાં હતાં પણ પાછળથી તેને દેવનાગરિમાં પ્રકાશિત કરવામાં આવેલાં. 'મહારાણા કા મહત્વ' તેમનું ઐતિહાસિક કાવ્ય છે. 'પ્રસાદજી'ની અંતિમ કલાકૃતિ છે 'કામાયની'. આ કાવ્ય સંગ્રહ અર્વાચીન હિન્દી સાહિત્યનું સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય ગણાય છે. આ કાવ્યમાં આદિમાનવ મનુની કથા વર્ણવાઈ છે.

'પ્રસાદ' પ્રેમ અને સૌંદર્યના છાયાવાદી કવિ હતા. તેમની પ્રેમ કલ્પના સૂફી પ્રેમધારાને મળતી આવે છે. તેમનાં કાવ્યોમાં 'પ્રેમ' કેન્દ્ર સ્થાને રહેલો છે. તેઓ ખરા અર્થમાં જીવનવાદી, નિસર્ગવાદી અને રસવાદી સર્જક હતા. તેઓ કવિ

હોવાની સાથોસાથ સંગીતના સારા જ્ઞાતા હતાં. તેથી તેમનાં કાવ્યોમાં પ્રયોજાએલા શબ્દોમાં એક જાતની સંગીતાત્મક્તા જોવા મળે છે.

'સ્કંદગુપ્ત' (૧૯૨૮) અને 'ચંદ્રગુપ્ત' જેવાં નાટકોની રચના પણ તેમણે કરેલી છે. એ ઉપરાંત 'છોટા જાદુગર', 'મમતા', 'છાયા', 'પ્રતિધ્વનિ', અને 'આકાશદીપ' જેવા ટૂંકી વાર્તાના સંગ્રહો પણ તેમણે આપ્યા છે. આવા હિન્દી સાહિત્યના ચમકતા સિતારા ૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૭ના રોજ સાહિત્યાકાશમાંથી ખરી પડ્યા હતા.

●







## (૧૭)

# મહાશ્વેતા દેવી

## (૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૬)

સાહિત્ય અને કલાના ક્ષેત્રે ઝળહળતા પરિવારમાં મહાશ્વેતા દેવીનો જન્મ ૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૬ના રોજ ઢાકામાં થયો હતો. વિશ્વભારતી, શાંતિનિકેતનમાં શિક્ષણ લઈ ઈ.સ. ૧૯૪૬માં તેઓ બી.એ. થયેલાં. તે પછીના વર્ષે તેમણે બીજોન ભટ્ટાચાર્ય સાથે લગ્ન કરી લીધુ હતું. અંગ્રેજી શિક્ષિકા તરીકે બે વર્ષ સેવા આપી તેઓ ઈ.સ. ૧૯૫૦માં તાર-ટપાલ ખાતામાં ડેપ્યુટી એકાઉન્ટર જનરલ તરીકે નિમણૂંક મેળવી હતી. ઈ.સ. ૧૯૬૧માં તેમણે તેમના પતિથી છૂટાછેડા લઈ ફરી અભ્યાસ શરૂ કરેલો. અંગ્રેજી સાથે એમ.એ. થઈ તેઓ બીજોમગઢ જ્યોતિષ રે કોલેજમાં લેક્ચરર થયાં હતા. તેમના સંપાદન હેઠળ 'બર્તિકલા' નામનું સામયિક શરૂ થયેલું. તેમણે 'યુગાંતર'ના ખબર પત્રી તરીકે પણ સેવાઓ આપી હતી.

તેમણે સમાજસેવા માટે ઈ.સ. ૧૯૮૭માં બહારામપુર મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ઝુંકાવેલું અને વિજય મેળવેલો. તેઓ હરિજન કામદાર યુનિઅનના પ્રમુખ તરીકે પણ ચૂંટાઈ આવેલાં. તેઓ પશ્ચિમ બંગાળ ખેરિયા સબીર કલ્યાણ સમિતિના અધ્યક્ષપદને પણ શોભાવ્યુ હતુ. તેઓ ફ્રાન્સ, જર્મની અને ઈંગ્લેન્ડના પ્રવાસે પણ ગયેલાં, પિટ્સબર્ગ યુનિવર્સિટીના આમંત્રણથી તેઓ અમેરિકા પણ જઈ આવ્યાં હતા.

તેમનું મુખ્ય પ્રદાન કલા અને સાહિત્યના ક્ષેત્રમાં રહ્યું છે. 'ઝાંસીર રાની' નામનું તેમનું પ્રથમ પુસ્તક ઈ.સ. ૧૯૫૬માં પ્રકાશિત થયેલું. ઈ.સ. ૧૯૫૭માં તેમણે 'નટી' નવલકથા પ્રગટ કરેલી. ઈ.સ. ૧૯૫૮માં તેમનો પહેલો વાર્તા

સંગ્રહ 'કા બસંતે કી શરતે' પ્રસિદ્ધ થયો હતો. તેમનું સાહિત્ય સર્જન વિપુલ છે. તેમણે નવલકથા અને નવલિકાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમની નવલકથાઓમાં 'અગ્નિગર્ભ', 'અકલાન્ત કૌરવ', 'અજાના', 'અમૃત સંચય', 'આંધારમાલિક', 'અરણ્યેર અધિકાર', 'વિવેક', 'આશ્રમ', 'વિદાયપલ', 'બોઈસુચનેર સેના', 'ચોટ્ટી મુંડા એવમ તાર તીર', 'ધાનેર રોટી શિશિર', 'દુસ્તર', 'એતોતુકુ આશા', 'ઘરેફેરા', 'હજાર સુરાશીરમાં', 'હરિરામ મહતો', 'કવિ બન્દઘટી ગાંચીર જીવન ઓ મૃત્યુ', 'લાયલી આસમાનેર આયના', 'મધુરે મધુર', 'મધ્યરાતેર ગાન', 'પરમ પિપાસા', 'પ્રેમતારા', 'રૂપરેખા', 'સંધ્યાય કૌસા', 'સોનાનય રૂપાનય', 'શ્રી શ્રી ગણેશ મહિમા', 'શ્રીંખલિતા', 'સુભગ બસંત', 'સ્વાહા', 'સ્વામીર ઘર', 'તારાર અંધાર', 'ટેરોડાકિટલ પૂરણ સહાય ઓ વિરથા', 'માર્ડારેર મા', 'તિમિરબંધન', 'તીર્થ શેવેર સંધ્યા' અને 'તિતુમીર' વગેરેનો સમાવેશ થાય છે.

એમની ઘણી નવલકથાઓ એટલી ઉત્કૃષ્ટકોટિની છે કે તેમનો ઘણી ભારતીય ભાષાઓમાં અનુવાદ થયો છે. તેમની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર લખાયેલી નવલકથા 'અરણ્યેર અધિકાર' ગુજરાતીમાં અનુદિત થઈ છે. નવલિકા ક્ષેત્રે પણ તેમણે યાદગાર યોગદાન આપ્યું છે. 'અનબરતાર અવિશ્વાસ્ય', 'બેહુલા', 'દૌલતિ', 'ગ્રામ બાંગ્લા', 'ઈટેરપર ઈટ', 'મહાશ્વેતાર દેવી શ્રેષ્ઠ ગલ્પ', 'માયેર મૂરતિ', 'મૂર્તિ', 'નૈઋતો મેઘ', 'શાલગિરાર કાડ', 'સપ્તપર્ણ', 'સિન્ધુ ધનુર છાક', 'સ્તનદાયિનીઓ અન્યાન્યા ગલ્પ', 'તાલાક ઓ અન્યાન્ય ગલ્પ', અને 'રુદાણી' તેમના નવલિકા સંગ્રહો છે.


તેમની વાર્તા 'રુદાણી' પરથી ફિલ્મનું નિર્માણ પણ થયું છે. તેમની 'દ્રૌપદી' વાર્તા વિદેશની ઘણી ભાષાઓમાં ભાષાંતરિત થઈ છે. નક્સલવાદી આંદોલનની પૃષ્ઠભૂમિ ધરાવતી એ વાર્તાને શ્રી ભોળાભાઈ પટેલે ગુજરાતીમાં ઉતારી છે. મહાશ્વેતા દેવીનું સઘળું સાહિત્ય પીડિત અને શોષિત સમાજની સમસ્યાઓને



વાચા આપે છે. તેમણે નાટકો અને બાળસાહિત્યની પણ રચના કરી છે. તેઓ આજે પણ શોષિત આદિવાસીઓ માટે કામ કરી રહ્યાં છે. તેમની સાહિત્ય સેવાઓની કદર કરીને ઈ.સ. ૧૯૯૬ના વર્ષ માટેનો જ્ઞાનપીઠ એવોર્ડ તેમને એનાયત કરવામાં આવ્યો હતો. તેમનું સાહિત્ય સર્જન યથાર્થવાદને સ્પર્શે છે.

●





# (૧૮)
# ગેલીલીયો ગેલિલી
## (૧૫, જાન્યુઆરી, ઈ.સ. ૧૫૬૪)

વિલિયમ શેકસપિયરના સમવયસ્ક એવા ગેલીલીયોનો જન્મ ઈટાલીના પીસા શહેરમાં ૧૫, જાન્યુઆરી, ૧૫૬૪માં થયો હતો. ગણિતશાસ્ત્રનો આ બેતાજ બાદશાહ વિશ્વના ઈતિહાસમાં મહાન ચિંતક, ગણિતજ્ઞ, વૈજ્ઞાનિક અને જ્યોતિષશાસ્ત્રી તરીકે સદાકાળ અમર રહેશે. તેના પિતાનું નામ વસેંજિઓ ગેલિલી હતું. એરિસ્ટોટલના સમયથી ચાલતા આવેલા તથા કથિત 'સત્યો'ને તેણે અસત્યો સાબિત કરી બતાવ્યા હતાં અને ભવિષ્યના વૈજ્ઞાનિકો માટે એક નવી જ દિશાનાં દ્વાર ખોલી આપ્યાં હતા.

તેના પિતા પીસા નગરના પ્રતિષ્ઠિત ઊનના વેપારી હતા. નાનપણથી જ એની બુદ્ધિપ્રતિભા ચકાચૌંધ કરે તેવી હતી. તે સંગીત અને ચિત્રકલામાં પણ માહેર હતો. સિતાર અને તૂરી વગાડવામાં એ નિપુણ હતો. તે જમાનામાં ઈટાલીનું પીસા નગર વિદ્યા અને કલાની નગરી તરીકે ખૂબ પ્રસિદ્ધિ પામ્યું હતું. તેના પિતાની ઈચ્છા તેને ડોકટર બનાવવાની હતી તેથી તે પીસા વિશ્વવિદ્યાલયમાં ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કરવા દાખલ થઈ ગયેલો.

માત્ર ૨૦ વર્ષની ઉંમરે પીસા વિશ્વવિદ્યાલયમાં તેણે પ્રથમ શોધ કરેલી. તેની આ શોધ એટલે લોલકના નિયમો. ઈ.સ. ૧૫૮૫માં તીવ્ર નાણાંભીડને કારણે એને પીસા વિશ્વવિદ્યાલય છોડવું પડેલું. હવે તેણે સ્વતંત્ર રીતે અધ્યયન કરવા માંડ્યું. દિન-પ્રતિદિન ગણિતમાં એની રુચિ વધવા લાગી. એની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયેલા ટસ્કનીના ગ્રાન્ડ ડ્યૂકની નજર એના પર પડી. ડ્યૂકે ગેલીલીયોને પીસાની યુનિવર્સિટીમાં ગણિતના અધ્યાપક તરીકે નોકરી અપાવી. કોઈ ડિગ્રી



નહીં ધરાવતા આ માત્ર ૨૫ વર્ષના નવા સવા અધ્યાપકને યુનિવર્સિટીના જૂના અને અનુભવી અધ્યાપકોની નારાજગી વહોરવી પડેલી. તેણે પ્રયોગો દ્વારા સિદ્ધ કરેલા 'ગતિના નિયમો'ની શોધ કરી હતી.

ઈ.સ. ૧૫૯૧માં તેને વિશ્વવિદ્યાલયમાંથી હાંકી કાઢવામાં આવેલો. એનું કારણ માત્ર એજ હતું કે તેણે એરિસ્ટોટલના સિદ્ધાંતોનું ખંડન કરેલું. આ પછી સદ્નસીબે તેને પેદુઆ વિશ્વવિદ્યાલયમાં ગણિતના પ્રોફેસર તરીકે નોકરી મળી ગઈ. વિજ્ઞાનની દુનિયામાં ત્યારે 'સમીક્ષણ અને પરીક્ષણ' અંગે એની એવી તો નામના થઈ ગયેલી કે વિશ્વભરના વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવવા પેદુઆ આવવા લાગ્યા.

પેદુઆના તેના કાર્યકાળ દરમ્યાન એ જ્યોતિષશાસ્ત્ર તરફ ખેંચાયો. તેણે આકાશ દર્શન માટે એક દૂરબીન બનાવેલું. આ દૂરબીનથી એણે શોધી કાઢેલું કે 'નક્ષત્રો સ્વયં પ્રકાશિત નથી, પણ સૂર્યના પ્રકાશથી જ તે પ્રકાશે છે.' આ દૂરબીનના ઉપયોગથી તેણે ગુરુના અનેક ઉપગ્રહોમાંથી ચારને શોધી કાઢેલા.

જીવનના અંતિમ વરસોમાં તેણે "ડાયલોગ્ઝ ઓન ટૂ ન્યુ સાયન્સીઝ" લખવાનું શરૂ કર્યું હતું. આ પુસ્તકમાં ગતિ, ગતિમાં વધારો તથા ગુરૉત્વાકર્ષણ સંબંધી એની બધી શોધો સારરૂપે રજૂ કરવામાં આવી છે. તેનું બીજુ પુસ્તક "બે નૂતન વિજ્ઞાન પદ્ધતિઓ પર થોડો સંવાદ" ઈ.સ. ૧૬૩૬માં પ્રકાશિત થયુ હતું. "બ્રહ્માંડ સંબંધી બે મુખ્ય વ્યવસ્થા સૂત્ર" નામનો ગ્રંથ તેણે કોપરનિક્સના સિદ્ધાંતોનું વિસ્તૃતી કરણ કરવા લખેલો. પૃથ્વીને અને અન્ય નક્ષત્રોને એની આસપાસ પરિક્રમા કરતાં બતાવ્યાં છે.

જેના ખભા ઉપર પાછળથી ન્યૂટન જેવો મહાન વૈજ્ઞાનિક ઊભો થયો એવા દિગ્ગજ વૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી ગેલીલીયો ઈ.સ. ૧૬૪૨માં આ ધરતી ઉપરથી કાયમને માટે વિદાય થઈ ગયો હતો.



## (૧૯)

# એડવર્ડ ગિબન

## (અવસાન : ૧૬, જાન્યુઆરી, ઇ.સ. ૧૭૯૪)

આજે તો લંડન નો મહાનગર તરીકે અદ્‌ભુત વિકાસ થઈ ચૂક્યો છે.પણ આજથી બસો વર્ષ પહેલાં લંડનની નજીકમાં આવેલા અલગ ગામ તરીકે ઓળખાતા 'પટની' માં બ્રિટનના વિશ્વ પ્રસિદ્ધ ઈતિહાસકાર એડવર્ડ ગિબનનો જન્મ ઈ.સ. ૧૭૩૭ ના એપ્રિલ મહિનામાં થયો હતો. તેના જન્મ પછી તેનાં માતા પિતા અવસાન પામેલાં. તેથી અનાથ બની ગયેલા ગિબને માસીને ત્યાં આશરો લીધેલો. તેની માસીએ તેને ઉછેરીને મોટો કરવાની જવાબદારી નિભાવેલી.


જન્મથી જ તે શરીરે અશક્ત અને દુબળો હતો. તેથી તેના અભ્યાસમાં સાતત્ય જળવાયેલું ન હતું. તેના દાદા અને પિતા શિક્ષિત હતા. તેઓ વાચનના પણ ખૂબ જ શોખીન હતા. પુસ્તકો એમને ખૂબ પ્રિય હતાં. દાદાના વખતથી ઘરમાં સમૃદ્ધ પુસ્તકાલય ઊભું કરેલું હતું. ગિબનમાં દાદા અને પિતાના સંસ્કાર ઉતરેલા. શરીરે કમજોર એટલે તેનાથી બીજું કોઈ કામ તો થઈ શકે એમ ન હતું. તેથી સમય પસાર કરવા ઘરના પુસ્તકાલયમાંથી પુસ્તકો લઈ વાંચતો રહેતો. જેમ જેમ એ વાંચતો ગયો તેમ તેમ તેની વાંચન ભૂખ વધુને વધુ ઉઘડતી ગઈ. આમ નાની ઉંમરથી તેને વાંચવાની અને નવું જાણવાની લગની લાગી. વાંચવા સિવાય બીજુ કોઈ કામ કરવાનું ન હતું. શરીરને વધારાનો કોઈ ઘસારો પડતો ન હતો. તેથી જેમ જેમ સમય પસાર થવા લાગ્યો તેમ તેમ તેનું શરીર ભરાવદાર અને સશક્ત થયુ ગયું. કિશોરવયે પહોંચતા સુધી તો તે ખાસો જાડો થઈ ગયેલો. સાડા ચાર ફૂટ કરતાંય થોડી વધારે ઊંચાઈ ધરાવતા ગિબનની બુદ્ધિશક્તિ તેજ બની ગઈ



હતી. સતત વાંચન કરતો રહ્યો હોઈ તેના જ્ઞાનનો પણ સારો એવો વિકાસ થઈ ચૂક્યો હતો.

ઈતિહાસ અને સંશોધન એના મનગમતાં વિષયક્ષેત્રો હતાં. રોમન સામ્રાજ્ય પર સંશોધન કરીને 'ડીકલાઈન એન્ડ ફોલ ઓફ ધ રોમન એમ્પાયર' નામનો રોમના પતન પરનો ઐતિહાસિક ગ્રંથ લખીને તે અમર થઈ ગયો. આજે તેનુ આ પુસ્તક રોમના ઈતિહાસમાં સીમાસ્તંભ સમું બની રહ્યું છે.

પંદર વર્ષની ઉંમરે વેસ્ટમિનિસ્ટરની એક સ્કૂલમાં ગિબને પ્રવેશ મેળવેલો પણ આ સ્કૂલના શિક્ષણથી તેને સંતોષ થયેલો નહીં. પછી તે સ્વિટ્‌ઝરલેન્ડના લૉઝાં મુકામે અભ્યાસાર્થે ગયેલો. અહીં તે વ્યવસ્થિત રીતે ભણવા લાગેલો. ભણતાં ભણતાં એક ગરીબ ખ્રિસ્તી ધર્મોપ્રદેશકની પુત્રી સુઝાન તરફ તેને આકર્ષણ થયેલું. તેણે સુઝાન સાથે લગ્ન કરવાનું નક્કી કર લીધેલું. પણ એ લગ્ન માટે તેના પરિવાર તરફથી સંમતિ ના મળતા તે લગ્ન કરી શક્યો નહીં. તે લંડનમાં એક સાહિત્યિક મંડળનો સભ્ય બન્યા પછી 'રોયલ અકાદમી'માં ઈતિહાસના અધ્યાપક તરીકે નિમણૂંક પામેલો. તેની કારકિર્દી વધુને વધુ ઉજ્જવળ થતી ગઈ. લોકોમાં તે એટલો પ્રિય થઈ પડેલો કે તે પાર્લામેન્ટમાં પણ ચૂંટાઈ આવેલો. સુઝાન પ્રત્યેના પ્રેમની સ્મૃતિ એના જીવનનું સંભારણું બની ગયેલી. જેથી આજીવન તેણે લગ્ન કરેલું નહીં. તેણે તેના જીવનના મહત્વનાં વર્ષો રોમના ઈતિહાસને શબ્દદેહ આપવામાં ગાળેલાં. બાર વર્ષની મહેનત પછી જ્યારે એનો ગ્રંથ પૂરો થયો ત્યારે એની ખ્યાતિ આકાશને ચૂમવા લાગી. તેણે તેના આ વિશ્વવિખ્યાત ઐતિહાસિક ગ્રંથમાં રોમન સામ્રાજ્યની સ્થાપનાથી લઈ ઈ.સ. ૧૪૫૩માં તુર્કોએ કોન્સ્ટન્ટિનોપલ કબજે કર્યું ત્યાં સુધીનો કડીબદ્ધ ઈતિહાસ સંશોધનના પાયા ઉપર રજૂ કરેલો છે. ઈ.સ. ૧૭૯૩માં સ્વિટ્‌ઝરલેન્ડથી એ લંડન પાછો આવેલો અને ૧૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૭૯૪ના રોજ તે અવસાન પામેલો.



# (૨૦)
# શરતચંદ્ર ચટ્ટોપાધ્યાય
## (અવસાન : ૧૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૮)

બંગાળી સાહિત્યના યુગપુરુષ સાહિત્યકાર શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ બંગાળના દેવાનંદપુર ગામમાં ઈ.સ. ૧૮૭૬માં થયો હતો. શરદબાબુના હુલામણા નામે જાણીતા થયેલા તેમનો બાળપણમાં ભાગલપુરમાં ઉછેર થયો હતો. મા-બાપના આકસ્મિક મૃત્યુના પરિણામે તેમની કિશોરવસ્થાને જાણે કોઈની બૂરી નજર લાગી ગઈ હતી. તેઓ તે પછી બિહારમાં સાવ અનાથ જીવન જીવવા લાગેલા. જીવન સાથે સંઘર્ષ કરવાની પરિસ્થિતિનું નિર્માણ થતાં પેટિયુ રળવા માટે સત્તાવીસ વર્ષની ઉંમરે એક સામાન્ય કારકૂનની નોકરી કરવા તેઓ બર્મા ગયેલાં. નાની ઉંમરથી જ જીવનમાં ન થવા જોઈએ એવા અનુભવો એમને થયેલા. એ અનુભવે એમના હૃદયની ભાવનાઓ અને સંવેદનાઓને ઝંકૃત કરેલી. એમણે એમના અનુભવોને આધારે લખવાનું શરૂ કરેલું તેમણે તેમના મામાના નામે 'બડી દીદી' નામની એક ટૂંકી વાર્તા લખેલી, જેને શ્રેષ્ઠ કૃતિનું પારિતોષિક પ્રાપ્ત થયેલું. એ વાર્તા પછીથી પોતાના નામથી ઈ.સ. ૧૯૦૭માં 'ભારતી' નામના સાપ્તાહિકમાં હપ્તાવાર પ્રગટ કરાવેલી. આ લઘુનવલ પ્રગટ થતાં જ તેઓ નવલકથાકાર તરીકે જાણીતા થયેલા.

તે પછી બર્માની કારકૂનની નોકરી છોડી ભારત પાછા ફરીને તેમણે લેખનને પૂર્ણ વ્યવસાય તરીકે સ્વીકારેલું. એક નવલકથા જેટલી જ રસપ્રદ તેમની જીવનકથાને હિન્દીમાં વિષ્ણુ પ્રભાકરે 'આવાસ મસીહા' નામે લખેલી. હસમુખ દવેએ તેનું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. તેમણે તેમની કારકિર્દીમાં પચીસેક નવલકથાઓ અને સાતેક વાર્તા સંગ્રહોનું સર્જન કરેલું છે. તેમની નવકલથાઓનાં સ્ત્રીપાત્રો શક્તિવાન અને વિદ્રોહી રહ્યાં છે. 'બડી દીદી', 'પલ્લી સમાજ', 'ગૃહદાદ', 'બિરાજબહુ', 'પરિણીતા', 'વૃંદાવન' અને 'શ્રીકાંત' જેવી ખૂબ જ સફળ નવલકથાઓનું સર્જન કરીને તેમણે બંગાળી સમાજને હલબલાવી નાંખેલો. એમની નવલકથાઓમાં 'દેવદાસ' અતિ લોકપ્રિય નવલકથા છે. શરદબાબુને આ કૃતિએ કીર્તિના સર્વોચ્ચ શિખર પર બેસાડી દીધેલા. આ નવલકથા પરથી સમયાંતરે એક કરતાં વધુ ફિલ્મોનું નિર્માણ થયેલું છે.



અંગત જીવનમાં તેઓ સંસારી હોવા છતાં વિરાગી સ્વભાવના હતા. ત્રણ ત્રણવાર તેઓ સાધુ થવા ઘેરથી ભાગી છૂટેલા. એથી જ એમનું સાહિત્ય ત્યાગ અને વૈરાગ્યની વિભાવનાઓને ઘૂંટતુ રહ્યું છે. તેમણે કદી ધનનો મોહ રાખેલો નહીં. એમની નવલકથા 'શ્રીકાંત' જાણે એમના જીવનનું પ્રતિબિંબ છે. નારી હૃદયનું એમણે અપાર મમતાથી વર્ણન કર્યું છે. એમણે સમાજના વિરોધની લેશમાત્ર પરવા કરેલી નહી. તેઓ વાસ્તવવાદી સર્જક હતા. તેઓ ઊર્મિશીલતાથી સ્પંદિત થયેલા મુગ્ધજીવનના સર્જક હતા. તેમના સર્જનોમાં ભારતનો આત્મા ધબકે છે.

'ગૃહદાહ', 'રામેર સુમતિ', 'વિરાજ વહુ', 'સતી', 'વિપ્રદાસ' જેવી અનેક વાર્તાઓને અંતે હૃદયને વીંધી નાંખે એવી વેદના પછી પરમશ્રદ્ધાનો પ્રેમ ગદ્ગદ અવાજે ઊઠે છે, જે શરદબાબુનો નિજીવિશેષ છે. આવી શ્રદ્ધાઓનો રણકાર તેમની અનેક રચનાઓમાં ઝંકૃત થતો સંભળાય છે. માનવજીવનની ઉદાત્તતાની યાત્રામાં શરદબાબુનો અમૂલ્ય ફાળો છે. એમને સંસ્કૃતિના તીર્થંકર સાથે સરખાવી શકાય. નારીમુક્તિના પ્રશ્નને તેમણે અદ્ભૂત રીતે આલેખ્યો છે. તેઓ વિરલ દેશભક્ત હતા. દેશબંદુ ચિત્તરંજનદાસના કહેવાથી તેઓ કોંગ્રેસમાં જોડાયેલા. હાવરા સમિતિના તેઓ પ્રમુખ પણ થયેલા. શરદબાબુ નખશિખ કલાપુરુષ હતા. કલાને એમણે ધર્મ તરીકે સ્વીકારી હતી. તેમણે તેમના જીવનના અનુભવોને સચ્ચાઈપૂર્વક કલાકૃતિઓમાં મૂર્તિમંત બનાવેલા. એમના વિપુલ સાહિત્ય

સર્જનમાં ક્યાંક અશિષ્ટ કે અશ્લીલ તત્ત્વ શોધ્યુંય ના જડે. તેમની એકેએક કૃતિ સંઘેડાઉતાર અને સાદ્યંત સજીવ છે. ભારતીય સમાજના સાવ સામાન્ય માણસોનાં પાત્રો ઈદારા તેમણે આપણી મૂળ સંસ્કૃતિનું દર્શન કરાવ્યું છે. તેઓ અમર સાહિત્યકાર હતા. ઈ.સ. ૧૯૩૬માં ઢાકા યુનિવર્સિટીએ તેમને માનદ્ ડી.લિટ્.ની પદવી આપી તેમનું સન્માન કરેલું. આ મહામાનવનું ૧૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૮ના રોજ અવસાન થયું ત્યારે તેમને અંજલિ આપતાં ટાગોરે કહેલું કે, પ્રેમના આસન પર જેમનું અમર સ્થાન છે, મૃત્યુના શાસનમાં તેને ખોઈએ, એ ખોટું કહેવાય જ ને! દેશની માટીમાંથી જે લેવાયુ હતું, દેશના હૃદયે હવે તેનો સ્વીકાર કરી લીધો છે.

●







## (૨૧)

# એન્ટન ચેખોવ

## (૧૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૦)

માત્ર ૪૪ વર્ષના ટૂંકા આયુષ્યમાં પણ એક હજારથી વધારે વાર્તાઓનું સર્જન કરનાર પૂરેપૂરા માનવતાવાદી સર્જક એન્ટન ચેખોવનો જન્મ ૧૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૦ના રોજ રશિયાની દક્ષિણે આવેલા ઓઝોવ સાગરના કિનારાના એક નાના એવા નામ ટાગાનારોગ ગામમાં અનાજની દુકાન ચલાવતા પિતાને ઘેર થયો હતો. વાર્તા અને નાટકના ક્ષેત્રોમાં અપ્રતિમ સફળતા હાંસલ કરનાર આ મહાન સાહિત્યકારે રશિયાની ૬૮ વિવિધ ભાષાઓમાં ૧૦૧૫ પુસ્તકોની પાંચ કરોડ નકલો લોકો સુધી પહોંચાડી અનન્ય સિદ્ધિ હાંસલ કરી છે.

બાળપણથી જ જવાબદારીનો ભાર વહન કરવાની જવાબદારી નિભાવતા ચોખેવે પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં જ લીધેલું. પછી તેઓ તબીબી અભ્યાસ કરવા રશિયાના પાટનગર મોસ્કોની યુનિવર્સિટીમાં પ્રવેશેલા. અભ્યાસમાં મેધાવી, બુદ્ધિપ્રતિભા ધરાવતા તેમણે ઈ.સ. ૧૮૮૪માં ચોવીસ વર્ષની વયે ડોક્ટરની પદવી પ્રાપ્ત કરી લીધી હતી. છતાં તેમણે તેમના ક્ષેત્રની કોઈ પ્રેક્ટિસ પર હાથ અજમાવેલો નહીં.

લખવાના તેઓ ભારે રસિયા હતા. તેમણે તેમની સર્જનવૃત્તિને શરૂઆતમાં હાસ્યકથાઓ લખીને સંતોષેલી. હાસ્યકથાઓ લખવામાં એમની હથોટી બરાબર બેસી ગયેલી. એમની હાસ્યકથાઓ ઘર ઘરમાં વંચાતી, હાસ્યલેખક તરીકે તેઓ ત્યારે રશિયામાં જાણીતા થઈ ગયેલા.

પણ વિધિનું નિર્માણ કંઈક જુદુ જ હતું. કિશોરાવસ્થામાં તે સમયે રાજરોગ

તરીકે ઓળખાતા ક્ષય રોગની બિમારીથી તેઓ પીડાવા લાગેલા. એ બિમારીએ જીવનભર એમનો પીછો છોડેલો નહીં. આ રોગની સારવારના એક ભાગરૂપે હવાફેર માટે એમને દેશ-વિદેશમાં ફરતા રહેવું પડેલું. આથી એમની વિચારસૃષ્ટિ અનેક અવનવા અનુભવોથી સમૃદ્ધ બની. આ અનુભવોઓએ એમના સર્જનને વ્યાપકત્તા અને ગહનતા બક્ષ્યાં. ટોલસ્ટોએ તો એમને 'જિંદગીના કલાકાર' કહી સંબોધેલા.

તેમની વાર્તાઓ ઉર્મિશીલ મનોવૈજ્ઞાનિક તથ્યોથી સભર છે. તેમના સમગ્ર સાહિત્યમાં ઠેર-ઠેર માનવીની ઝંખનાઓ, સ્વાતંત્ર્ય અને સુખની કલામય અભિવ્યક્તિ તરવરે છે. માનવતા અને વૈશ્વિક વિચારોની પુષ્ટિ માટે એમની વાર્તાઓ અને નાટકો ઉપકારક નીવડ્યાં છે. એમની વાર્તાઓમાંથી ટીપે ટીપે લોહી ટપકતું અનુભવાય છે. વેદનાથી તરબતર એમની વાર્તાઓ હૃદય સ્પર્શી બની છે. એમની વાર્તાઓનાં એક એક પાત્ર અને એક એક પ્રસંગ આપણા જીવન સાથે જોડાઈ ગયેલાં લાગે છે. એમની વાર્તાઓમાં વાસ્તવિક્તા ઠાંસી ઠાંસીને ભરી હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. જીવનને તેઓ ઓલિવના થડની જેમ બાથ ભરીને જીવ્યા છે. લીડિયા આવીલોવા તેમની નજીકની મિત્ર, કહો કે પ્રિયતમા હતી.


ઈ.સ. ૧૮૮૯માં પછીની ચેખોવની રચનાઓએ દિશા બદલી. એ પછી લખાયેલી કૃતિઓમાં 'એક રોમાંચક કથા', 'દ્વંદ્વ' અને 'વોર્ડ નં. ૬' મુખ્ય છે. 'ઈવાનોફ' નામની એમની પ્રથમ નાટ્યરચના ઈ.સ. ૧૮૮૮માં પ્રગટ થયેલી, જેને 'પુશ્કિન પુરસ્કાર' પ્રાપ્ત થયો હતો. રશિયા ઉપર કોલેરાનો પ્રકોપ ઉતરી આવ્યો હતો ત્યારે તેઓ કલમ કોરાણે મૂકી દઈ ગરીબ દેશવાસીઓની સેવા કરવા નીકળી પડેલા. તેમણે સાઈબીરિયાની હાડ થીજાવી દેતી ઠંડીની પરવા કર્યા વગર ત્યાં મહિનાઓ સુધી રોકાઈને રોગગ્રસ્તોની સેવા કરેલી. તે પછી તેમણે કાળાપાણીની સજા પામેલા અને સાઈબીરિયાની જેલમાં સબડતા કેદીઓના




પ્રત્યક્ષ જોયેલા ચિતાર પરથી 'સાખાલીન ટાપુ' નામની નવલકથાનું સર્જન કરેલું.

પણ તેમનું જીવન અંધકારમય બની ગયું હતું. બિમારી વધુ તીવ્ર બનતી જતી હતી. બચવાની કોઈ આશા જણાતી ન હતી. તેથી તેમણે મોસ્કોથી થોડે દૂર એક ફાર્મ ખરીદી મા-બાપ સાથે ત્યાં વસવાનું નક્કી કર્યું. ઈ.સ. ૧૮૯૭ના સુધી તેઓ આ ફાર્મમાં જ રહેલા. ઈ.સ. ૧૮૯૬માં તેમણે 'સી ગલ' નાટકનું સર્જન કર્યું. તેમનો ક્ષયનો રોગ સંપૂર્ણ પણે વકરી ચૂક્યો હતો. તેથી તેમણે ફાર્મ વેચી દઈ કીમિયાના આલ્ટામાં એક મકાન બનાવ્યું. આ સમયગાળામાં તેમણે 'કાકાવાન્યા' નાટકની રચના કરેલી.

મોસ્કોના આર્ટ થીયેટરમાં 'સી ગલ' નાટકને મળેલી સફળતા પછી તેમણે બીજાં બે નાટકો લખ્યાં. 'ત્રણ બહેનો' અને 'ચેરીની વાડી'. તેમણે આજ થિયેટરની અભિનેત્રી ઓલ્ગા નિયર સાથે લગ્ન કરી લીધાં હતા. પણ વિધિની વિચિત્રતા તો જુઓ ! એમનું એ લગ્નજીવન લાંબુ ટકેલું નહીં. ક્ષયની બિમારીથી પીડાતા અને માનવીમાં ઈશ્વરના દર્શન કરતા મહાન સર્જક ૪૪ વર્ષની ભરયુવાન વયે ૨, જુલાઈ, ઈ.સ. ૧૯૦૪ના રોજ કાળના મુખમાં હોમાઈ ગયા હતા.





# (૨૨)
# બેન્જામિન ફ્રેન્કલીન
## (૧૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૭૦૬)

વિજ્ઞાન જગતના પ્રખર માનવતાવાદી અને આ વિશ્વને પોતાની અનેક શોધો દ્વારા ભૌતિક સુખોથી ભરી દેનાર વૈજ્ઞાનિક બેન્જામિન ફ્રેંકલીનનો જન્મ સાબુ અને મીણબત્તીના વેપારીને ઘેર ૧૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૭૦૬ના રોજ બોસ્ટન શહેરની મેસેસ્યુસેટ્સ કોલોનીમાં વસતા ફ્રેન્કલીન પરિવારમાં થયો હતો. બાળપણમાં બધાં તેને ‘બેન’ કહી સંબોધતાં હતાં. તે માત્ર વૈજ્ઞાનિક જ ન હતો, પણ માનવતાવાદી, રાજનીતિજ્ઞ, શિક્ષણકાર, સાહિત્યકાર અને સમાજસેવક પણ હતો.

આઠ વર્ષની ઉંમરે તે શાળામાં દાખલ થયો હતો. પિતાની આર્થિક સ્થિતિ મજબૂત નહીં હોવાથી, બે વર્ષ બાદ એણે શાળા છોડી દીધેલી. પિતાએ તેને મીણબત્તી બનાવવાના કામમાં જોતરી દીધેલો. પણ એની નજર તો હંમેશા બોસ્ટન બંદર પરજ રહ્યા કરતી. તેથી ‘દીકરો ભાગી છૂટશે’ એવા ભયથી તેના પિતાએ એક દવાખાનાં કામે લગાડી દીધેલો. વાંચવાનો એને અનહદ શોખ, વાંચનના પરિણામે એ સ્વયં ગણિત, બીજગણિત, ભૂમિતિ, વ્યાકરણ, તર્ક વગેરે શીખી ગયો.

છેવટે એ પગભર થવા ઘર છોડીને ફિલાડેલ્ફિયા ભાગી ગયો. પ્રેસ શરૂ કરવાના ઈરાદે એ અમેરિકા છોડી ઈંગ્લેન્ડ ચાલ્યો ગયેલો. અહીં એ કાળી મજૂરી કરી પૈસા એકઠા કરવા લાગેલો. એણે એની ભૂતપૂર્વ પ્રેમિકા વિધવા ડેબોરારીડ સાથે લગ્ન કરેલાં. ઈંગલેન્ડથી ફિલાડેલ્ફિયા પાછા આવી બેને ‘પેનસિલ્વેનિયા ગેઝેટ’ની સ્થાપના કરી હતી. તે તેના પ્રેસમાંથી સારું એવું ધન કમાઈ ચૂક્યો



હતો. પછી એણે જાહેર ક્ષેત્રમાં ઝંપલાવેલું. ૨૧ વર્ષની ઉંમરે તેણે સ્થાપેલી એક સંસ્થા પાછળથી ‘અમેરિકન ફિલોસોફિકલ સોસાયટી’માં પરિવર્તિત થઈ ગઈ હતી. આજ સંસ્થાએ ‘અમેરિકાની સ્વતંત્રતા’નો પાયો નાંખ્યો હતો. આ સંસ્થા આજે પણ ફિલાડેલ્ફિયામાં સક્રિય છે.

ઈ.સ. ૧૭૫૩માં તેને કોંબોનીઓના પોસ્ટ માસ્તર જનરલ તરીકે નીમવામાં આવ્યો હતો. ટપાલ સેવામાં આમૂલ સુધારા લાવવા બદલ અમેરિકામાં સૌ પ્રથમવાર ટપાલ ટિકિટનું ચલણ શરૂ થયુ ત્યારે તેના પર ફ્રેન્કલીનનું ચિત્ર અંકિત કરવામાં આવ્યુ હતું.

તેણે તેની પચીસ વર્ષની ઉંમરે અમેરિકામાં મોબાઈલ લાયબ્રેરી ઊભી કરી હતી. ફિલાડેલ્ફિયામાં તેના પ્રયત્નોથી અગ્નિશામકદળ સ્થાપના થઈ હતી. અગ્નિ પીડિતોને આર્થિક મદદ માટેની એક સંસ્થા પણ તેણે ઊભી કરી હતી. પેનસિલ્વેનિયા એકેડેમીની સ્થાપનામાં પણ તે માધ્યમ બનેલો. અમેરિકામાં સૌ પ્રથમ ‘આગ વીમા કંપની’ની સ્થાપનાનો યશ બેનને ફાળે જાય છે.

તેની ૩૮ વરસની ઉંમરથી વિજ્ઞાનક્ષેત્રમાં તેણે પ્રવેશ કર્યો હતો. વિજ્ઞાનક્ષેત્રે તેનું સૌથી મહત્વનું યોગદાન ‘ઈલેક્ટ્રોસ્ટેટિક્સ’ સ્થિતિની અવસ્થામાં વિદ્યુતની પ્રવૃત્તિના ક્ષેત્રમાં છે. વિદ્યુતથી તેણે પતંગ ઊડાડી સાબિત કરેલું કે કૃત્રિમ-વિદ્યુત અને કુદરતી વિદ્યુત બંને એક જ છે.

તેનો ‘ઈલેક્ટ્રોટિક્સ’ અંગેનો નિયમ સરળ છે. તેણે તારવ્યું હતું કે પ્રત્યેક ચીજ પ્રોટોન્સ તથા ઈલેક્ટ્રોન્સના સરખા મિશ્રણનું પરિણામ હોય છે. આવેશ શૂન્ય વસ્તુમાં આ ઈલેક્ટ્રોન અને પ્રોટોન્સ સરખી માત્રામાં હોય છે. તેની મહત્વની શોધ હતી, વીજળીને નિષ્ક્રિય કરી નાંખનાર ‘તાર’ અથવા ‘વીજળીની છડ’. તેના વીજળી સંબંધી સંશોધનો તેના અમેરિકાના ફિલાડેલ્ફિયા નગરમા વિદ્યુત પરક પ્રેક્ષણ અને પ્રયોગ નામના ગ્રંથમાં સંગ્રહયાં છે.

અમેરિકાની સ્વતંત્રતા માટે તેણે આપેલો ફાળો પ્રશંસનીય છે. અમેરિકાની

સ્વતંત્રતાનું ઘોષણાપત્ર તૈયાર કરવા રચવામાં આવેલી સમિતિમાં કોન્ટિનેન્ટલ કોંગ્રેસના ટોમ્સ જેફરસન અને જોન એડમ્સ સાથે ફ્રેન્કલીન પણ એક સભ્ય હતો. ૪, જુલાઈ, ૧૭૬૬માં પ્રસિદ્ધ થયેલ ઘોષણાપત્ર પર તેણે હસ્તાક્ષર કર્યા હતા. ઈ.સ. ૧૭૮૭ના અમેરિકાના સંવિધાનની રચનામાં પણ તેણે બહુમૂલ્ય ફાળો આપ્યો હતો. તેણે સમુદ્રમાં ઊઠતા તોફાનોને શાંત પાડવાની પદ્ધતિ પણ શોધી હતી. વળી તેણે બાઈફોક્સ નેત્ર લેન્સની પણ શોધ કરી હતી. તેણે સાબિત કરી આપેલું કે ચૂનાના ઉપયોગથી પિત્તવાળી જમીનને સુધારી શકાય છે. અમેરિકાના રાજકારણ, સમાજજીવન અને વિજ્ઞાનનો મહાન દિગ્ગજ ૧૭, એપ્રિલ, ૧૭૯૦માં ફિલાડેલ્ફિયામાં હંમેશને માટે આંખો બંધ કરી ગયો હતો.

●







## (૨૩)
# મહાદેવ ગોવિંદ રાનડે
## (૧૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૪૨)

ન્યાયમૂર્તિ રાનડે તરીકે જાણીતા થયેલા મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ ૧૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૪૨ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના પૂના શહેરમાં થયો હતો. એમના પિતાનું નામ ગોવિંદ અમૃત રાનડે હતું. ગોવિંદ અમૃત રાનડે નાસિક જિલ્લાના મામલતદારના એક કારકુનની નોકરી કરતા હતા અને તે સમયે તેમને રૂપિયા પાંત્રીસનો પગાર મળતો હતો. પણ પછી તેમનો કોલ્હાપુરમાં માસિક રૂપિયા અઢીસોના પગારની નોકરી મળી ગઈ હતી.

મહાદેવે તેમનું પ્રાથમિક શિક્ષણ પૂનામાં જ પૂરું કર્યું હતું. ભણવામાં નાનપણથી જ મહાદેવ ખૂબ જ તેજસ્વી હતા. અગિયાર વર્ષની ઉંમરે તેમણે અંગ્રેજીનો અભ્યાસ શરૂ કરી દીધા હતાં. તેમણે મેટ્રિકની પરીક્ષા ઈ.સ. ૧૮૫૯માં મુંબઈ યુનિવર્સિટીમાંથી પાસ કરી હતી. મેટ્રિક થઈ ગયા પછી કોલ્હાપુરની હાઈસ્કૂલમાં તેમણે શિક્ષક તરીકે નોકરી કરવાની શરૂઆત કરી હતી. નોકરીની સાથે સાથે તેમણે આગળ ભણવાનું ચાલુ જ રાખેલું. સારું ભણીને ખૂબ જ ઊંચા હોદ્દા પર પહોંચવાની તેમની તમન્ના હતી. મહેમત અને લગનથી અભ્યાસ કરીને બી.એ.ની પરીક્ષામાં તેમણે પ્રથમ વર્ગમાં પ્રથમ નંબર મેળવ્યો હતો. આમ થવાથી એમનો ઉત્સાહ બેવડાયો એમણે વધુ મહેનત અને ખંતથી આગળનો અભ્યાસ કરીને એમ.એ.ની પરીક્ષા પણ ઉચ્ચવર્ગમાં પાસ કરીને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. સાથે સાથે કાયદાનો અભ્યાસ કરીને તેમણે એલ.એલ.બી.ની પરીક્ષા પણ પાસ કરી લીધી હતી.

તેઓ શરીર સૌષ્ઠવ પ્રત્યે પહેલેથી જાગરૂક હતા. શારીરિક તંદુરસ્તીની પૂરેપૂરી કાળજી રાખતા હતા. તેથી તેઓ ખૂબ જ ખડતલ અને શક્તિશાળી પણ હતા. તેમની કારકિર્દીની ખરી શરૂઆત શિક્ષણખાતામાં મરાઠી અનુવાદક તરીકે થયેલી. કામ કરવાની ચીવટ, નિષ્ઠા અને પ્રામાણિક્તાને લઈ તેઓ એક પછી એક સફળતાનાં શિખરો સર કરતા ગયા. ન્યાયખાતામાં જુદા જુદા વિભાગોમાં કામ કરીને આખરે મુંબઈની હાઈકોર્ટમાં તેઓ ન્યાયમૂર્તિ તરીકે નિમાયા હતા. આઠ વર્ષ સુધી તેમણે ખૂબ જ નિષ્ઠા અને સફળતાપૂર્વક એ હોદ્દા પર રહી સેવા બજાવેલી.


તેઓને સમાજ સુધારણાની પ્રવૃત્તિઓમાં ખૂબ જ રસ હતો અને તે માટે તેઓ વિવિધ ક્ષેત્રોમાં સક્રિયા હતા. તે સમયે સમાજસુધારાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેલી બ્રહ્મોસમાજ, આર્ય સમાજ અને પ્રાર્થના સમાજ જેવી સંસ્થાઓનાં કાર્યોથી તેઓ અભિભૂત થયા હતા. સમાજસેવા અને સમાજ સુધારણા માટે તેઓએ પૂનાની ‘મહારાષ્ટ્ર સમાજ’ નામની સંસ્થાને પણ સક્રિય બનાવી હતી.


સ્વદેશપ્રેમ એમનો પહેલો પ્રેમ હતો. સ્વદેશભક્તિને જ તેઓ પ્રભુભક્તિ માનતા હતા. તેમની બધી પ્રવૃત્તિ રાષ્ટ્રહિત માટે જ થતી રહેતી. સમાજ સુધારાની બાબતમાં કોંગ્રેસને ભાગીદારી કરવી કે નહીં એ બાબતે જ્યારે મતભેદ ઊભો થયો ત્યારે એ મતભેદ રાનેડજીએ તેમની બુદ્ધિથી દૂર કરી બગડેલી બાજી સુધારી લીધેલી. શ્રી કેશવચંદ્ર સેને સ્થાપેલી ‘પ્રાર્થના સમાજ’ નામની સંસ્થા પણ પાછળથી રાનડેજીએ સંભાળી લીધી હતી. રાજનીતિ જેટલી જરૂરી છે એથી વિશેષ સમાજ સેવા જરૂરી છે, એવું માનતા રાનડેજીએ બંને ક્ષેત્રોમાં સક્રિય રહીં સેવાઓ આપી હતી. તેમણે અપનાવેલી સમાજ સુધારાની પ્રવૃત્તિને લીધે રાજનીતિમાં જાગૃતિ આવી અને એ જાગૃતિને કારણે સમાજ સુધારાને બળ મળ્યું.

સામાજિક સુધારાની સાથે સાથે સ્ત્રી જાગૃતિના પુરસ્કર્તા એવા રાનડેજીએ કન્યા કેળવણીને પ્રાધાન્ય આપ્યુ હતું. દારૂબંધી, જાતિભેદો, વિધવા વિવાહ તથા



સામાજિક કુરિવાજોને દૂર કરવા તેમણે જોરદાર પ્રયત્નો કર્યા હતા. વળી, તેમણે ઔદ્યોગિક અને આર્થિક પરિસ્થિતિને ઉન્નત બનાવવા માટે તેમણે અનેક સ્થળે વ્યાખ્યાનો આપ્યાં હતાં. દેશની તત્કાલીન દુર્દશા અંગે એક પુસ્તક લખીને તેમણે સરકારનું ધ્યાન દોર્યું હતું. અંગ્રેજો ભારતમાં વેપાર કરે એ બાબતના તેઓ પ્રખર વિરોધી હતા. આથી તેમણે દેશવાસીઓને સ્વદેશી ચીજો વાપરવાની હાકલ કરી હતી. રાજનીતિના આ પ્રકાંડ પંડિતનું ૧૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૧ના રોજ અવસાન થયુ હતું. એમના મૃત્યુ પછી ગોપાલકૃષ્ણ ગોખલેએ અંજલિ આપતા કહ્યું હતું, ‘‘આપણે સૌ જાણીએ છીએ કે રાનડે પોતાની સમક્ષ જે આદર્શ રાખતા હતા એના પ્રત્યે તેઓ કેટલા ઈમાનદાર હતા. પણ તે માટે એમને ભારે કિંમત ચૂકવવી પડી છે.’’





(૨૫)

# કુંદનલાલ સાયગલ

## (૧૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૪૬)

ઓગણીસમી જાન્યુઆરી કુંદનલાલ સાયગલની પુણ્યતિથિ છે.

દર્દીલા કંઠના ધની કુંદનલાલ સાયગલની જન્મ ભૂમિ કાશ્મીર, દુનિયાના સ્વર્ગ સમા સૌંદર્ય સમૃદ્ધિથી લચી પડેલા કાશ્મીરની ધરતીમાં કુંદનલાલ સાયગલનો જન્મ ૪, એપ્રિલ, ઈ.સ. ૧૯૦૪ના રોજ થયેલો. તેમના પિતાનું નામ અમરચંદ હતું અને તેઓ જમ્મુની કોર્ટમાં તહેસીલદાર હતા. કુંદનલાલની માનું નામ કેસરબાઈ હતું.

કેસરબાઈ ખૂબ જ ધાર્મિક પ્રવૃત્તિવાળાં હતાં. તેઓ કુંદનલાલને બાળપણથી જ સૂરીલા કંઠે ભજનો ગાઈ સંભળાવતાં. રામાયણ અને મહાભારતના પ્રસંગો અને પાત્રોમાં કુંદનલાલને અધિક રુચિ હતી. તેઓ બાળપણમાં રામાયણનાં પાત્રો એકલા એકલા ભજવતા હોય તેવો અભિનય કરતા. આમ બાળપણથી જ સ્વયં અભિનયની તાલીમ પામેલા કુંદનલાલે અનેકવાર રામલીલામાં સીતાનું પાત્ર જાહેરમાં ભજવેલું.

ભણવામાં તેમને રસ પડતો નહીં. તેમણે શાળા છોડી દઈને રેલવેમાં હાઉસકીપરની નોકરી સ્વીકારી લીધેલી. તેઓ 'રેમિંગ્ટન' ટાઈપરાઈટર કંપનીમાં સેલ્સમેન તરીકે જોડાયેલા. પરિણામે કંપનીના આખા દેશમાં ફરવાનો મોક મળ્યો. આખા દેશમાં ભરવાથી ભારતની વિવિધ સંસ્કૃતિ, ભાષા અને સાહિત્યના પરિચયમાં તેઓ આવેલા. આ અનુભવો તેમનું ભાવિજીવન ઘડવામાં આશીર્વાદરૂપ સાબિત થયેલા.



ગાવાની તાલિમ બાળપણથી જ મા પાસેથી તેમને મળી હતી. તેઓ ખૂબ જ મધુર અને દર્દ ભર્યા કંઠથી ભજનો ગાતા હતા. તેમણે સંગીતનું કોઈ શાસ્ત્રીય જ્ઞાન મેળવેલું ન હતું કે ન હોતી લીધી કોઈ પદ્ધતિસરની તાલીમ. નાના નાના મેળાવડાઓ કે સમારંભોમાં તેઓ ગાતા રહેતા. પછી તેમને ક્લાસિક ઈન્ડિયન મ્યુઝિકની તાલીમ આપવામાં આવેલી. ગઝલ, ઠુમરી અને પંજાબી લોકગીતો ગતા રહેવાથી ધીમે ધીમે તેમનો કંઠ કેળવાતો ગયેલો. તેમને ગાવાની ધૂન લાગેલી. બસ, રાત-દિવસ કશુંક ને કશુંક ગાતા રહેતા.

આ એ જમાનો હતો કે ત્યારે ચિત્રપટ ઉદ્યોગનું કેન્દ્ર કોલકાતા હતું. સલમાનખાન નામના એક સંગીતના જાણકાર પીર પાસેથી સંગીતની પ્રાથમિક તાલીમ લીધેલી. તેઓ નસીબ અજમાવવાના આશયથી ઈ.સ. ૧૯૩૦-૩૧ના અરસામાં કલકત્તા આવ્યા. અહીં તેઓએ સંગીતના કાર્યક્રમોમાં ગાવાનું શરૂ કરેલું અને એક દિવસ તેમને તેમના નસીબે મારી આપી. 'ન્યૂ થિયેટર્સ'ના માલિક બી.એન. સરકારે રૂપિયા બસોનું મહેનતાણું આપીને તેમની ફિલ્મ 'મહોબ્બત કે આંસુ'માં ગીત ગાવાની તક આપી. આમ તેમની ફિલ્મી કારકિર્દીના શ્રીગણેશ થયેલા. ફિલ્મ જગતમાં પાર્શ્વગાયનની શરૂઆતનો આ સમય હતો. પછી તો 'ચંડીદાસ', 'યહૂદી કી લડકી' અને 'રૂપલેખા' જેવી ફિલ્મોમાં ગાઈને તેમણે લોકપ્રિયતા પ્રાપ્ત કરેલી. તેઓ એક સફળ પાર્શ્વગાયક તરીકે આખા ભારતમાં જાણીતા થઈ ગયેલા.

ઈ.સ. ૧૯૩૩માં 'પુરાન ભગત' ફિલ્મમાં તેમણે ગાયેલાં ચાર ભજનોએ આખા દેશમાં ભારે ધૂમ મચાવેલી. શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'દેવદાસ' પરથી એજ નામે બનેલી ફિલ્મ તેમની સૌથી સફળ ફિલ્મ હતી. તેઓ માત્ર ગાયક જ નહીં, સફળ કલાકાર પણ હતાં. 'દેવદાસ'ની ભૂમિકા ભજવ્યા પછી તો તેઓ કલાકાર તરીકે આખા દેશમાં છવાઈ ગયેલા. 'દેવદાસ' પછી એમણે 'સુબહ કા સિતારા', 'જિંદાલાશ', 'શાહજહાં' વગેરે ફિલ્મોમાં તેમણે કલાકાર

અને ગાયક તરીકે બેવડી ભૂમિકા ભજવેલી. દર્દમાં ઘૂંટાઈ ઘૂંટાઈને તેમના ગળામાંથી બહાર આવતો અવાજ સાંભળનારનાં હૈયાં વીંધી નાંખતો. એક દર્દીલા પાર્શ્વગાયક તરીકે ભારતીય ફિલ્મ જગતમાં તેમનું નામ અમર થઈ ગયું. ફિલ્મ ‘તાનસેન’નુ ગીત ‘દિયા જલાય......’ અને ફિલ્મ ‘મેરી બહના’નુ ગીત ‘દો નૈના મતવાલે.....’ ગાઈને તેમણે ભારત વાસીઓનાં દિલ જીતી લીધેલાં. ઈ.સ. ૧૯૪૬માં રિલીઝ થયેલી ફિલ્મ ‘શાહજહાં’ સાયગલની અંતિમ ફિલ્મ હતી. એ ફિલ્મનું ગીત ‘જબ દિલ હી તૂટ ગયા.....’ આજેય એટલું જ લોકપ્રિય બની રહ્યું છે.

દર્દીલા ગીતોના આ બેતાજ બાદશાહ કુંદનલાલ સાયગલ ૧૯, એપ્રિલ, ઈ.સ. ૧૯૪૬ના રોજ આ દુનિયાને આખરી અલવિદા કરી ગયા હતા.







## (૨૫)

# રસ્કિન

## (૨૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૦)

મહાન કલાસ્વામી, પ્રખર તત્વચિંતક, લેખક, સમાજસેવક અને અર્થશાસ્ત્રી જૉન રસ્કિનનું અવસાન ૨૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૦માં થયુ હતું. ૨૦, જાન્યુઆરી રસ્કિનનો નિર્વાણ દિવસ છે.

રસ્કિનનો જન્મ ૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૧૯ના રોજ ઈંગ્લેન્ડના લંડન શહેરમાં થયો હતો. તેઓ વ્યવસાયે ચિત્રકાર હતા. ઉપરાંત તેઓ પ્રખર ચિંતક અને લેખક હતા. ઈ.સ. ૧૮૩૪-૩૫માં શિક્ષણ મેળવવા તેઓ શાળામાં દાખલ થયેલા. શાળામાં પ્રવેશ મેળવ્યા અગાઉ તેમને તેમના પિતાએ શિક્ષણ આપેલું. ઉપરાંત શિક્ષણ માટે ખાનગી શિક્ષકની પણ વ્યવસ્થા કરેલી. તેમણે લંડનની કિંગ્સ કોલેજમાં એડમિશન લઈ અંગ્રેજી સાહિત્યના વિદ્વાન પ્રાધ્યાપક થોમસ ડાલેની પાસેથી શિક્ષણ લીધેલું. તેઓ દર્શન શાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા. તેમનું ચિંતન મહન હતું. તેઓ ઉચ્ચ કક્ષાના લેખક પણ હતા. ઈ.સ. ૧૮૦૯માં તેમની કવિતાને ‘ડૅસ્ટિજિયસ ન્યૂ ડીગેટ્સ પ્રાઈઝ’ પણ મળ્યુ હતું.

‘સેવલેમ્પ ઓફ આર્કિટેક્ચર’ અને ‘મોડર્ન પેઈન્ટર’ના પાંચ વોલ્યુમ તેમની ખૂબ વખણાયેલી કૃતિઓ છે.

જોન રસ્કિનના પિતા જેમ્સ રસ્કિન દારૂ ઈમ્પોર્ટ કરવાનો વ્યવસાય કરતા હતા. તેમની માતા માર્ગારેટ ફોક્સ પણ વિદ્વાન હતાં. મહાત્મા ટોલ્સટોયે તેમને ‘વિશ્વની વિરલ વિભૂતિ’ કહીને બિરદાવ્યા હતા. ‘અન ટુ ધ લાસ્ટ’ તેમના સમાજ દર્શનનો બેનમૂન ગ્રંથ છે. જેણે રસ્કિનને સમગ્ર વિશ્વમાં જાણીતા કરી દીધેલા. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તેમનો આ ગ્રંથ વાંચીને ખૂબજ પ્રભાવિત

થયા હતા. ગાંધીજીની 'સર્વોદયવાદ'ની વિચારધારાનાં મૂળ રસ્કિનના 'અન ટુ ધ લાસ્ટ'માં પડેલાં છે. ગાંધીજીએ 'સર્વોદય' એવો શબ્દ આ પુસ્તકમાંથી જ મેળવ્યો હતો. તેઓ બહુશ્રુત વિદ્વાન હતા એમાં બે મત નથી. 'ચિત્રકારો અને ચિત્રકલાની વિવિધ શૈલીઓ' ઈ.સ. ૧૮૪૩માં પ્રસિદ્ધ થયુ હતું. આ પુસ્તકના પ્રકાશન પછી તેઓ કલામિમાંસક તરીકે ખ્યાતિ પામ્યા હતાં.


રસ્કિનની મા બાઈબલમાં અગાધ વિશ્વાસ ધરાવતી હતી. તેણે રસ્કિન માટે બાઈબલ વાંચવુ ફરજિયાત બનાવ્યુ હતું. તેથી તેમના પર બાઈબલનો વિશેષ પ્રભાવ પડેલો. ૧૩ વર્ષના હતા ત્યારે તેમના હાથમાં ચિત્રકાર ટર્નરનાં ચિત્રો આવી ગયેલાં. એ ચિત્રોએ રસ્કિનને જીવનની નવી દિશા દેખાડેલી.

ઓક્સફર્ડમાં શિક્ષણ લીધા પછી તેમણે 'મોડર્ન પેઈન્ટર્સ'ના પાંચ ખંડો પ્રકાશિત કરેલા. તેમના જીવન પર થોમસ ક્લોઈલના વિચારોની પણ ઘેરી અસર થયેલી. એમના ''સ્ટોન્સ ઓફ વેનિસ'' ગ્રંથમાં ગોંથિક સ્થાપત્ય અને કલાના સંદર્ભમાં કલાના સિદ્ધાંતો ખાસ કરીને આર્થશાસ્ત્રને અને સામાન્યપણે સામાજિક વ્યવસ્થાને લાગુ પડે છે. એમને મન યંત્રવાદ માનવ ગુલામીના પ્રતીક સમો હતા. તેઓ કલાને નીતિ સાથે સાંકળતા હતા. આનંદયાત્રાનું તેમને મન વિશેષ મહત્વ હતું. તેમણે તેના બધાં જ પુસ્તકોમાં કલા અને સામાજિક નીતિના આંતરસંબંધો પર જ ભાર મૂક્યો છે. તેઓ કહેતા કે, ''કોઈપણ કલાની સફળતા કે નિષ્ફળતા આત્માની ઉન્નતિ કે અવનતિ પર અવલંબે છે. સદાચારમાંથી પ્રગટ થતી કલા ઉન્નતિ પ્રેરક હોય છે, જ્યારે દુરાચારમાંથી પ્રગટેલી કલા હીન હોય છે.'' રસ્કિનના વિચારો આજે ભલે જૂનવાણી લાગતા હોય, છતાં એમના જમાનામાં અનીતિ અને અસંસ્કારિતામાં રાચતી પ્રજા ઉપર પ્રહાર કરવા માટે કલાનું માધ્યમ તેમને માટે હાથવગું બની ગયેલું. આ સંદર્ભમાં તેમનું 'સેવન લેમ્પ્સ ઓફ આર્કિટેક્ચર' વધારે સફળ પુસ્તક પુરવાર થયું છે.

તેઓ સૌંદર્યનીતિ અને આત્મનીતિના ઉપાસક હતા. આ બાબત તેમના 'અન



ટુ ધિસ લાસ્ટ' પુસ્તક ઉપરાંત 'મુનેશ પલ્વરીઝ', 'ધ ક્રાઉન ઓવ વાઈલ્ડ ઓલિવ' અને 'ફોર્સ ક્લેવી ગેસ' જેવાં પુસ્તકો ઉપરથી સ્પષ્ટ થાય છે. તેમની અપૂર્ણ રહેલી આત્મકથા 'પ્રેઈટેરિટા' છે. એમના ચારિત્ર્ય અને લેખનશૈલી પર બાઈબલનો પ્રભાવ પડ્યાનો તેમણે એકરાર કર્યો છે.





## (૨૬)

# કવિ દલપતરામ

## (૨૧, જાન્યુઆરી. ઈ.સ. ૧૮૨૦)

સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્કાર પામેલા, સ્વભાવથી શાંત અને સરળ એવા મજાકિયા મનોવૃત્તિ ધરાવતા, અર્વાચીન ગુજરાતી સાહિત્યના સંસ્કારદાતા દલપતરામનો જન્મ સૌરાષ્ટ્રના વઢવાણમાં કર્મકાંડી ડાહ્યાભાઈ મવાડીને ત્યાં ૨૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૨૦ના રોજ થયો હતો.

નવ વર્ષની ઉંમરે ભણતર માટે માવજી પંડ્યાની ગામઠી નિશાળમાં તેમને મૂકવામાં આવેલા. તેમના પિતાની ઈચ્છા તો તેમને વેદપાઠી બ્રાહ્મણ બનાવવાની હતી. તેઓ નાનકા દલપતરામને મૂઢ માર મારતા. સંસ્કૃત મંત્રોની ગોખણપટ્ટીમાં સ્વર દોષ થવાથી પિતાએ તેમને પૂજાનું તરભાણું છુટ્ટું મારેલું. બાપની બીકે બાળક દલપતરામ ઘેરથી ભાગી ગયેલા, છેવટે અમૃતબા તેમના સંતાનોને લઈ પિયર ચાલ્યાં ગયેલાં.

સ્વામીનારાયણ સંપ્રદાયથી આકર્ષાઈને દલપતરામે મૂળીના સમૈયામાં પંચવર્તમાનની દીક્ષા લઈ લીધેલી. આ સમાચાર જાણીને તેમના પિતાને આઘાત લાગેલો અને એમણે સંન્યાસ લઈ લીધેલો. આપ પ્રયત્ને શિક્ષણના સંસ્કાર પામેલા દલપતરામને દસ વર્ષથી જ કવિતા કરવાના ઓરતા જાગેલા. રાત્રે ફળિયાનાં છોકરાને ભેગા કરીને તેઓ ઉખાણાં કરતા, બાળક દલપતને ઉખાણાં સાંભળવામાં આનંદ આવતો હતો. પછી તો તેઓ જાતે ઉખાણાં બનાવતા અને જોડકણાં જોડવાનાં બહુ ગમતાં. વાતવાતમાં તેઓ જોડકણું જોડી કાઢતા, પછી તો આવા જોડકણાં જોડવાની એમને ટેવ પડી ગયેલી. મોં-માથા વગરના જોડકણાં ફટ દઈને જોડી



દેતા. એકવાર ચોમાસામાં વરસાદ ખૂબ વરસેલો, પાણીની રેલમછેલ થઈ ગયેલી. લોકો પાણી ડહોળી આવતા-જતા ત્યારે તેઓ ઘરમાં એક લાકડાની નાની માંચી પર બેઠેલા, પત્ની દળણું દળતી હતી, સામેના ઘરના છાપરે એક કાગડો બેઠો હતો, આ જોઈ તેમણે જોડકણું જોડી દીધેલું,

''સાગ ઉપર કાગ બેઠો, રથે બેઠાં રાણી,
બંદા બેઠા માંચીએ ને દુનિયા ડહોળે પાણી''

શામળભટ્ટની વાર્તાઓ વાંચ્યા પછી તેમણે પણ ચોપાઈ અને દોહરામાં બે પદ્યવાર્તાઓ રચી કાઢેલી. વાર્તા કહેવાના માહેર એવા દલપતરામ પાસે વાર્તા સાંભળવા લોકોનો જમેલો જામતો. ધીમે ધીમે તેઓ 'સત્સંગ'ના કવિ તરીકે જાણીતા થવા લાગેલા.

સ્વામીનારાયણ સંપ્રદાયની દીક્ષા પામ્યા બાદ તેમણે સ્વામી દયાનંદ પાસેથી છંદ, અલંકાર અને ભાષાનો સંગીન અભ્યાસ કરેલો. હવે તેમને વ્રજ ભાષામાં કવિતા કરવાના કોડ જાગ્યા. તેમણે 'જ્ઞાન ચાતુરી' અને 'વ્રજ ચાતુરી' નામના બે ગ્રંથોની વ્રજ ભાષામાં રચના કરેલી. તેઓ સંપ્રદાયના કવિ બની ગયેલા. તેઓ શીઘ્ર કવિતા રચી દેવાની શક્તિ ધરાવત હતા. આચાર્ય અયોધ્યાપ્રસાદે એમને સંસ્કૃતનો અભ્યાસ કરવા અમદાવાદ મોકલેલા. ઈ.સ. ૧૮૪૭માં સંસ્કૃત શીખી તેઓ વતન પરત ફરેલા.

અમદાવાદમાં ત્યારે આસિસ્ટંટ જજ તરીકે આવેલા એલેક ઝાન્ડર કિન્લોક ફોર્બ્સને ગુજરાતી ભાષા શીખવાનું ઘેલુ લાગેલું. તેમણે દલપતરામને અમદાવાદ તેડાવેલા ફોર્બ્સ તેમની કવિતાથી એવા તે પ્રભાવિત થઈ ગયેલા કે તેમને 'કવિશ્વર' કહી બિરદાવેલા. ફોર્બ્સની પ્રેરણાથી દલપતરામ ગુજરાતીમાં લખતા થયેલા. દલપતરામની મદદથી ફોર્બ્સે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' એટલે કે આજની 'ગુજરાત વિદ્યાસભા'ની સ્થાપના કરેલી.

આ સંસ્થા માટે દલપતરામે લખેલો 'ભૂતનિબંધ' એ એમની સૌથી પહેલી

ગદ્યરચના. દલપતરામને ગુજરાતની પ્રજાને ધર્મ, શિક્ષણ, નીતિ અને દેશભક્તિનો ઉપદેશ આપેલો. ફોર્બ્સની ભલામણથી જ તેઓ સાદરામાં મહેસૂલી ખાતામાં નોકરીએ લાગેલા. પણ પછી નોકરી છોડીને તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું મંત્રીપદ સંભાળેલું. ગુજરાતી ભાષાને વિસાવવામાં દલપતરામે ઉલ્લેખનીય ફાળો આપેલો. 'બુદ્ધિપ્રકાશ'ના માધ્યમથી તેમણે પ્રજા સેવાનું કામ આરંભેલું. કન્યા કેળવણી, શિક્ષણનો પ્રચાર પ્રસાર, વ્યસનમુક્તિ અને કુરિવાજનો ત્યાગ એમની સમાજ સુધારણાની મુખ્ય પ્રવૃત્તિઓ હતી.


તેઓ એક સાચા દેશભક્ત હતા. મહારાણી વિક્ટોરિયાએ એમનું સન્માન કરેલું અને 'કમ્પેનિયન ઓફ ઈન્ડિયન એમ્પાયર'નો ઈલકાબ આપેલો. તેઓ હાસ્યરસના બેતાજ બાદશાહ હતાં. ગુજરાતી સાહિત્યમાં એમનો સમય 'દલપતયુગ'થી ઓળખાયેલો.

એમનું ગદ્ય-પદ્ય સર્જન વિશાળ છે. એમની બધી કૃતિઓ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'એ પ્રગટ કરી હતી. 'દલપત કાવ્ય' ભાગ-૧ અને ૨, 'બાપાની પીપર', 'વેનચરિત્ર', 'વિજય વિનોદ', 'ફાર્બસવિરહ' અને 'હરિલીલા મૃત' એમની જાણીતી પદ્યરચનાઓ છે. 'દલપતગદ્ય' ભાગ-૧-૨ એમની વિવિધ રચનાઓના ગદ્ય સંગ્રહો છે. એમણે 'લક્ષ્મી' અને 'મિથ્યાભિમાન' નામનાં બે નાટકો પણ લખ્યાં છે. 'દલપતપિંગળ' નામે છંદ શાસ્ત્રનો ગ્રંથ પણ તેમણે રચેલો.

અર્વાચીન ગુજરાતી ગદ્યના સૌથી પહેલા પ્રવર્તક અને અગ્રણી સમાજ સુધારક એવા દલપતરામે ૨૫, માર્ચ, ઈ.સ. ૧૮૯૮ના રોજ આ ફાની દુનિયાનો ત્યાગ કરી પરમ પિતાના દરબાર તરફ પ્રયાણ કરેલું.

●





## (૨૭)
# વિઠ્ઠલ પંડ્યા
## (૨૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૩)

પચાસથી પણ વધુ નવલકથાઓનું સર્જન કરનાર વિઠ્ઠલ પંડ્યાનો જન્મ સાબરકાંઠા જિલ્લાના કલોદરા નામના ગામે ૨૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૩ના રોજ થયો હતો. સાહિત્યકાર ઉપરાંત તેઓ ફિલ્મ ક્ષેત્રે પણ ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. તેમણે વર્ષો સુધી ગુજરાતી અને હિન્દી ફિલ્મોમાં સહાયક દિગ્દર્શક તરીકેની જવાબદારી નિભાવી છે. આઝાદીની ચળવળના વર્ષે તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. હાલ મુંબઈમાં નિવૃત્ત જીવન ગાળતા તેમણે શરૂઆતમાં મુંબઈની બઝારગેટ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે પણ નોકરી કરી હતી. હવે તેઓ કલમની સાથે દોસ્તી કરી જીવન વ્યતીત કરી રહ્યા છે.

એવો કોઈ ગુજરાતી ભાગ્યે જ હશે કે જેણે વિઠ્ઠલ પંડ્યાની નવલકથા વાંચી નહીં હોય ! આજે તેઓ વધુ વંચાતા નવલકથાકાર તરીકે પ્રસિદ્ધ પામી ચૂક્યા છે. એમની નવકથાની અનેક આવૃત્તિઓ થઈ છે. અત્યંત સરળ અને પ્રાસાદિક શૈલીને લીધે તેમની કૃતિઓ લોકપ્રિય અને લોકભોગ્ય બની છે. તેમની અનેક વાર્તાઓ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા નીવડેલી છે. ઈ.સ. ૧૯૫૨માં 'સવિતા' માસિકે યોજેલી વાર્તાસ્પર્ધામાં જયભિખ્ખુ, પન્નાલાલ અને સારંગ બારોટ જેવા નીવડેલા વાર્તાકારોને પાછળ રાખી તેમની વાર્તા પ્રથમ નંબરે વિજેતા નીવડી હતી. તેમની ઈનામી વાર્તા હતી 'અંગારા અને રાખ'. ઈ.સ. ૧૯૫૩માં પ્રથમ વિજેતા તરીકે તેમણે સુવર્ણચંદ્રક જીતેલો.

ખાસ કરીને તેમનું લેખન નવલકથા અને ટૂંકી વાર્તાના ક્ષેત્રોમાં અગ્રેસર રહ્યું

છે. 'મોહપાશ', 'મીઠા જળનાં મીન', 'ગજગ્રાહ', 'નિષ્કલંક', 'આભવની ઓળખ', 'આખું આકાશ મારી આંખોમાં' તથા 'યાદોનાં ભીનાં રણ' એમની લોકપ્રિય નીવડેલી નવલકથાઓ છે. 'ફૂલને વાંગ્યા કાંટા', 'લીલાં સૂકાં સપનાં', 'તન મેલાં મન ઉજળાં' જેવા તેમના નવલિકા સંગ્રહોની અનેક આવૃત્તિઓ થઈ છે, જે એમની લોકપ્રિયતા સૂચવે છે. 'સપનાના સોદાગર' અને 'અસલી નકલી ચહેરા' નામના તેમના બે પુસ્તકોમાં તેમણે ચિત્રપટની દુનિયાના સંસ્મરણો શબ્દ બદ્ધ કરેલા છે.

શબ્દોના આ સોદાગરે અનેક સ્પર્ધાનો સામનો કર્યો છે. 'સાત જનમના દરવાજા' નામની તેમની લોકપ્રિય નવલકથાને ગુજરાત સરકારનું પારિતોષિક પ્રાપ્ત થયુ છે. કલમના જોરે ટકી રહેવું એ ખૂબ કઠિન કામ હોવા છતાં તેમ કરવામાં તેઓ સફળ રહ્યાં છે. એમની એક લોકપ્રિય લેખર તરીકેની છાપ એજ એમના જીવનની ખરી કમાણી છે. ગુલાબદાસ બ્રોકરે તેમની 'કુટુતાવિહિન પ્રેમલતા'ને બિરદાવી છે. બકુલ રાવલે એમને 'સાબરકાંઠાના સપૂત' તરીકે ઓળખાવ્યા છે.

વિઠ્ઠલ પંડ્યાની કૃતિઓની વસ્તુગ્રંથણી એવી તો કલાપૂર્ણ હોય છે કે વાચકની જિજ્ઞાસાવૃતિ પ્રસંગે પ્રસંગે બળવત્તર બનતી રહે છે. એકવાર પુસ્તક હાથમાં લીધા પછી તે પુરેપુરુ વંચાઈ ન જાય ત્યાં સુધી હેઠું મુકવાનું મન ન થાય એવી એમની કથાવસ્તુની માવજત હોય છે. તેમની કથાની શૈલી કલકલ વહેતા ઝરણા જેવી પરંપરાગત અને સરળ હોવાથી તે વાચકો માટે સમજવા સરળ થઈ પડે છે. આથી નિરાડંબરી શૈલી હોવા છતાં તેમની કૃતિઓમાં ક્યાંય રસક્ષતિ થતી હોય એવું જણાતુ નથી. આથી જ વિઠ્ઠલ પંડ્યા વાચકોના પ્રિય લેખક બની રહ્યાં છે.

●





## (૨૮)
# અશફાક ઉલ્લાખાન
## (૨૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૦)

"કુછ આરઝૂ નહીં હૈ, હૈ આરઝૂ તો યહ ;
રખ દે જરાસી ખાકે વતન કફન મેં"

'મારી બીજી કોઈ ઈચ્છા નથી, મારા કફનમાં વતનની જરાક ધૂળ કોઈ મૂકી દે એટલું જ હું ઈચ્છું છું.' આમ કહેનાર ક્રાંતિકારી દેશભક્ત અસફાક ઉલ્લાખાન દેશની મુક્તિ માટે મરીમિટનારામાંઓના એક હતો. તે કહેતો કે ; "કોઈ કોઈનો દુશ્મન નથી, આપણે બધાં જ મિત્રો છીએ. આપણે બધાં જ હિન્દુ..... બધાં જ મુસ્લિમ..... બધાં જ ઈસાઈ અને બધાં જ શીખ...... સૌ ધર્મ સમાન છે. બધા ધર્મોનો સાર સત્ય છે અને સત્ય એ જ પરમેશ્વર છે. આપણો ધર્મ છે, માનવ ધર્મ. આપણો દેશ છે, ભારત દેશ."

આવા ઉન્નત વિચારો ધરાવનાર અશફાક ઉલ્લાખાનનો જન્મ શાહજહાનપુરમાં ૨૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૦ના રોજ પિતા શફીક ઉલ્લાખાનને ઘેર થયો હતો. એમની માતાનું નામ બેગમ મજહુરનિશાં હતું. એમના પિતા એમને આઠ વર્ષના મૂકીને જન્નતનશીબ થઈ ગયેલા. આથી માતાએ એમને પાળી પોષી, ઉછેરી અને સંસ્કારોનું ધાવણ ધવડાવેલું. એ મુસ્લિમ પઠાણ છોકરો શાળામાં ભણતો હતો ત્યારથી જ એનામાં રાષ્ટ્રભક્તિનાં બીજ રોપાયેલાં. એકવાર શાળાના શિક્ષકે વર્ગમાં હોરેશિયસની ફનાગીરીની વાત કરેલી. દુશ્મનોના આક્રમણથી રોમ નગરને બચાવી લેવા હોરેશિયસે નદી પરનો પુલ ઉડાવી દેવા હામ ભીડેલી અને ટાઈબર નદી પરનો પુલ ઉડાવી દીધેલો. નગરને બચાવી લેનાર હોરેશિયસ ખપી ગયેલો. વતન માટે પ્રાણનું બલિદાન દેનાર હોરેશિયસની

વાત સાંભળી અશફાક સ્તબ્ધ થઈ ગયેલો અને એના મનમાં સમર્પણની ભાવનાનો એ પહેલો પાઠ દૃઢ થઈ ગયો. ત્યારથી મૃત્યુને મંગલમય બનાવવાના વિચારો એના મનમાં રમવા લાગેલા. તેથી તેણે લખેલું -

''વતન હંમેશા રહે શાદ, કામ ઔર આઝાદ,
હમારા ક્યા હૈ, અગર હમ રહે, ના રહે.''

પછી એ તરતાં શીખ્યો, તલવાર ચલાવતાં શીખ્યો, ઘોડેસવારી શીખ્યો અને રાયફલ ચલાવવાની પણ તાલીમ લીધી. અંગ્રેજ સરકારને ભારતમાંથી ખતમ કરવાની એને ધૂન લાગી ગઈ. મા મજદૂરનિશાંએ એની એ ક્રાંતિકારી ધૂનને સંકોરી. એણે એના મોટાભાઈ રિયાસત ઉલ્લાખાનને કહેલા શબ્દો તો જુઓ ! એણે કહેલું

મોટાભાઈ ! કોમવાદના ઝેરથી મને અભડાવશો નહીં. તમે જો હિન્દુઓને કાફર માનતા હો તો અને આ દેશને તમે જો તમારો દેશ માનતા ના હો તો તમે અહીં જન્મ શા માટે લીધો ? હું તુ આ ધરતીનું ધાવણ ધાવ્યો છું. આ દેશ જ મારો દેશ છે. અંગ્રેજો મારા સૌથી મોટા દુશ્મન છે. હું ઈન્સાન છું. મેં મારી ઈન્સાનિયત કોઈને વેચાતી આપી નથી. એણે ગાયુ હતું -

''મૌત ઔર જિંદગી હૈ દુનિયા કા સબ તમાશા,
ફરમાન કૃષ્ણ કા થા, અર્જુન કે બીચ રણમેં,
અફસોસ ક્યોં નહીં હૈ, વહ રુહ અબ વતન મેં,
જિસને હિલા દિયા થા, દુનિયા હો એક પલ મેં.''

એક દિવસ અશફાકને તેના શિક્ષકે એક પુસ્તક ભેટ આપેલું. એ પુસ્તકનું નામ હતું 'વિશ્વના દેશભક્તો'. એ પુસ્તકે તેને નવી પ્રેરણા આપી. ઈટાલીના દેશભક્ત ગેરીબાલ્ડીનું જીવનચરિત્ર વાંચીને તો એ ઝૂમી ઊઠેલો. એ પુસ્તક એણે વારંવાર વાંચ્યું. ગેરીબાલ્ડીની અદ્ભુત દેશદાઝે એનામાં નવો પ્રાણ પૂર્યો.

એણે ઈટાલીનું નવનિર્માણ કરનાર ગેરીબાલ્ડીના જેવી દેશદાઝ બતાવવાનું



મનોમન નક્કી કરી લીધું.

આ સમયે દેશભરમાં અસહકારની આંધી ફૂંકાઈ ચૂકી હતી. માની ના હોવા છતાં તેણે શાળા છોડી અસહકારની ચળવળમાં ઝૂકાવ્યું. એક શિક્ષક પાસેથી એણે મૈનપુરી ષડયંત્રની માહિતી મેળવી. રામપ્રસાદ બિસ્મિલની વાતોથી પ્રભાવિત થયેલો તે તેમનો મળવા તલપાપડ થઈ ગયો. આખરે તે રામપ્રસાદને મળીને જ જંપ્યો. પહેલી મુલાકાતે જ એ રામપ્રસાદની આંખમાં વસી ગયો. બંને મિત્રો બની ગયા. અશફાક આર્ય સમાજની પ્રવૃત્તિના રંગે રંગાવા લાગ્યો. રામપ્રસાદ સાથેની દોસ્તીને કટ્ટરપંથી મુસ્લિમો ધર્મદ્રોહ માનવા લાગ્યા. તેણે દેશભક્તિનાં પુસ્તકો વાંચવા માંડ્યાં. તે વેદપાઠી બની ગયો. દયાનંદ સરસ્વતીજીના ગ્રંથો એણે જીવનમાં ઉતાર્યાં. એનામાં સ્વાર્પણ અને સ્વરાજની ભાવનાનું પ્રકટીકરણ થયું. તે રામનું રટણ અને રહીમની બંદગી કરતો થયો.

ત્યારે ઉત્તરપ્રદેશમાં ક્રાન્તિનો જ્વાળામુખી આગ ઓકતો હતો. 'હિન્દુસ્તાન રિપબ્લીકન એસોસિએશન' નામની ક્રાંતિકારી સંસ્થાનો જન્મ થઈ ચૂક્યો હતો. અશફાક કોમવાદનો કટ્ટર વિરોધી બન્યો. માનવધર્મના આ ઉપાસકને કુરિવાજો પ્રત્યે સૂગ પેદા થઈ. અશફાક પેલી સંસ્થાનો સભ્ય બની ગયો. સંસ્થા દિવસે દિવસે વિકસતી ગઈ. ક્રાંતિ માટે ધન અને શસ્ત્રો એકઠાં થતા ગયાં. એક દિવસ એ સંસ્થામાં સરકારની તિજોરી લૂંટવાનો વિચાર વહેતો થયો. સૌની નજર ટ્રેન દ્વારા હેરફેર થતા ખજાના પર પડી. અશફાકનું મન ક્ષુબ્ધ બની ગયું. અશફાકને ક્રાંતિકારીઓ જેલમાં ધકેલાઈ જવાની ચિંતા હતી. રામપ્રસાદે એને સમજાવ્યો. છેવટે યોજનાને આખરી રૂપ અપાયું.

એ યોજના હતી 'કાકોરી લૂંટ'ની. છેવટે કાકોરી રેલ્વે સ્ટેશને સરકારી તિજોરી લૂંટાઈ. ગાર્ડના ડબ્બામાંથી ખેંચી કાઢેલી લોખંડની તિજોરી હથોડાના ઘા ઝીંકી તોડનાર હતો અશફાક ઉલ્લાખાન. સરકારે ક્રાંતિકારીઓને પકડવાનો દોર શરૂ કર્યો. આઝાદ અને રામપ્રસાદ પકડાયા. અશફાક નાસતો ફરતો બનારસ પહોંચી

ગયેલો. તેણે બનારસ છોડી દીધું. ઠરીઠામ થવાના ઈરાદે તેણે પલામમાં ડાલ્ટનગંજની ઓફિસમાં નોકરી મેળવેલી. એ સૌનો માનીતો બની ગયેલો. નોકરી કરતો અને બધાને શાયરી સંભળાવતો. અહીં તેણે દેશપ્રેમ અને સમર્પણથી નિતરતી શાયરીઓ લખવા માંડેલી. કાકોરી કેસની સુનાવણી લખનૌમાં ચાલતી હોવાના સમાચાર જાણી તે લખનૌ ગયેલો. લખનૌમાં ન્યાયાધીશ સૈયદ અઈનુદ્દીનની કોર્ટમાં નિર્ભયતાની મુર્તિ સમો તે રાજપૂતના સ્વાંગમાં પાટલી ઉપર બેસી કેસ સાંભળતો. એ પાછો ડાલ્ટનગંજ ગયો. ત્યાંથી દિલ્હી ચાલ્યો ગયેલો. તેના માથે વોરંટ હતું. દિલ્હીમાં તેને તેનો જૂનો દોસ્ત સૈયદ હબીબ મળી ગયેલો. હબીબ અશફાકને તેને ઘેર લઈ ગયો. તેને જમાડ્યો, પણ હલકા પાત્રમાંથી શરાબ નીકળે, અમૃત ક્યાંથી હોય? અશફાકે જેને દોસ્ત માન્યો હતો તે દુશ્મન બની બેઠો. હબીબથી છૂટા પડ્યા પછી અશફાક તેણે રાખેલી હોટલની રૂમ પર ગયો. એજ મધરાતે અંગ્રેજ પોલીસે એની ધરપકડ કરી. પૈસાની બૂરી લાલચે હબીબે પોલીસને અશફાકની બાતમી આપી દીધેલી. એને લખનૌની જેલમાં ધકેલી દેવામાં આવ્યો. એના પર કેસ ચાલ્યો. એના વકીલ હતા કુપાશંકર હજેલા. કેસની તપાસ માટે સ્પેશ્યલ સી.આઈ.ડી. હતા ખાનબહાદુર તસદુક હુસેન. તેઓ મુસ્લિમ હતા. અશફાક પણ મુસ્લિમ હતો. મુસ્લિમને ફાંસી થાય એ એમને ગમ્યું નહીં. તેથી તેમણે અશફાક ગુનાની કબૂલાત કરે અને લેખિત માફી માંગે તે માટે તેને સમજાવવાનું કામ કુપાશંકરને સોંપેલું. જો આમ થાય તો અશફાક ફાંસીની સજામાંથી બચી જાય એવો એમને વિશ્વાસ હતો.

કૃપાશંકરે અશફાકને સમજાવ્યો પણ તે અડગ રહ્યો. માફી માંગવાની અને લાચારી બતાવવાની વાત એને ગળે ઉતરી નહીં. છેવટે તસદુકહુસેને જાતે તેને સમજાવવા બીડું ઝડપેલું. તેમની સમજાવટનો સૂર હતો,

‘‘હિન્દુ સામ્રાજ્યની સ્થાપના માટે એક મુસલમાન પોતાની જિંદગી જોખમમાં મૂકે એના જેવું નાપાક કામ બીજું કયું હોઈ શકે? તુ તાજનો સાક્ષી બની જે જાણતો



હોય તે બધુ કહી દે, હું તને જરૂર ફાંસીમાંથી મુક્તિ અપાવીશ.’’

ત્યારે અશફાકે જવાબ આપેલો - ‘‘જનાબ ! કોણ હિન્દુ અને કોણ મુસલમાન ? પરદેશી પ્રજાની ગુલામી વેઠવા કરતાં હિન્દુ રાજ્ય લાખ દરજ્જે સારું હશે ! અને મારા હૈયામાં તો દેશદાઝ ભરેલી છે, દેશદ્રોહની ભાવના નહીં. જિંદગી બચાવવાની લાલચે હું મિત્રદ્રોહ કે દેશદ્રોહ કરું તો મારી માની કૂખ લજવાય.’’ અશફાક અકાર અને અડગ રહેલો. કશું ખોટું કર્યાનો એને પસ્તાવો ન હતો.

છેવટે તેને કાળાપાણી અને ફાંસની સજા સંભળાવાઈ હતી. ચુકાદો આપ્યા પછી પણ ન્યાયાધીશે અશફાકને માફી માંગવા માટે જણાવેલું. ત્યારે તેણે કહેલું -

‘‘ખુદાબંદ કરીમ સિવાય બીજા પાસે માફીની ભીખ માંગવી એ હરામી છે.’’

આખરે ફૈઝાબાદની જેલમાં ૧૯, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૨૭ના રોજ ભારત માતાનો એ મહાન સપૂત ફાંસીને માંચડે લટકી ગયેલો.





## (૨૯)

# આનંદશંકર ધ્રુવ

## (૨૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૯)

બનારસ હિન્દુ યુનિવર્સિટીના આચાર્ય અને પ્રો. વાઈસ ચાન્સેલર પદે રહી ચૂકેલા અને આજ યુનિવર્સિટીની માનદ્ ડી.લિટ્.ની પદવીથી સન્માનિત થયેલા, સાક્ષરયુગના અનુપમ ભૂષણ સમા આનંદશંકરનો જન્મ અમદાવાદમાં રાવસાહેબ બાપુભાઈ દયાશંકર ધ્રુવને ઘેર ૨૨, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૯ના રોજ થયો હતો. તેમનાં માતાનું નામ મણિબા હતું. તેઓ તેમના માતા-પિતાના એકમાત્ર પુત્ર હતા. તેઓ છ બહેનોના એકના એક ભાઈ હતા. તેમના પિતાજી વડોદરાના નાયબ દીવાન હોઈ તેમનું બાળપણ સમૃદ્ધિની છોળો વચ્ચે વડોદરામાં પસાર થયું હતું.

એમ.એ. અને એલ.એલ.બી. સુધી શિક્ષણ મેળવેલ તેઓ સંસ્કૃત ભાષા અને સાહિત્યના ચાહક હતા. ભારતીય વૈદિક ષડ્દર્શનોનો અભ્યાસ તેમણે મિથિલાના પંડિતો પાસે કરેલો. અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછીથી અમદાવાદની ગુજરાત કોલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે તેઓ નિમાયા હતા. તે પછી તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીના આચાર્ય બન્યા હતા. ઈ.સ. ૧૯૩૬માં નિવૃત્ત થયા ત્યાં સુધી તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર તરીકે કાર્યરત રહ્યા હતા.

તેમની પ્રથમ પત્નીનું અવસાન થતાં તેમણે બીજીવાર લગ્ન કર્યું હતું. સંતાનોમાં તેમને બે પુત્રો અને એક પુત્રી છે. તેઓ પૂર્ણતઃ ધાર્મિક પ્રકૃતિની વ્યકિત હતા. મણિલાલ દ્વિવેદીના સમાનધર્મા અને મિત્ર એવા તેમણે મણિલાલનું માસિક ‘સુદર્શન’ તેમના અવસાન પછી ચારેક વર્ષ ચલાવેલું. તેઓ પ્રકાંડ પંડિત હોવા



છતાં સમાજ સાથે એટલી જ પ્રીતિથી જોડાયેલા હતા. મહાત્મા ગાંધીના એ પ્રિયપાત્ર હતા. અમદાવાદના મિલમાલિકો અને કામદારો વચ્ચેના વેતનવિષયક ઝઘડામાં તેમણે લવાદની ભૂમિકા ભજવેલી. ઈ.સ. ૧૯૨૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ થયેલા. ઈ.સ. ૧૯૩૬માં સર્વધર્મ પરિષદના પ્રમુખ તરીકે તેઓ પસંદગી પામ્યા હતા. ગુજરાત વિદ્યાસભાના પણ તેઓ પ્રમુખ રહી ચૂકેલા. તેઓ સાહિત્યકાર કરતાં તો સમર્થ ચિંતક તરીકે આખા દેશમાં ખ્યાતિ પામ્યા છે. ધર્મચિંતનના ક્ષેત્રમાં તેમનું ઉત્કૃષ્ટ પ્રદાન રહ્યું છે. ‘સાહિત્યવિચાર’, ‘કાવ્યતત્વ વિચાર’, ‘દિગ્દર્શન’ અને ‘વિચારમાધુરી’ (ભાગ-૧અને૨) તેમના લેખોના મૂલ્યવાન ગ્રંથો છે. ‘નીતિશિક્ષણ’, ‘ધર્મવર્ણન’, ‘હિન્દુધર્મ’ અને ‘હિન્દુધર્મની બાળપોથી’ ભારત અને વિશ્વના ધર્મોનું નિરૂપણ કરતા ગ્રંથો છે. આપણો ધર્મ (૧૯૧૬)માં ધર્મતત્વનું ગહન વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

મણિલાલ દ્વિવેદીના ધર્મચિંતનથી અભિભૂત થયેલા તેમણે ‘પ્રિયંવદા’ અને ‘સુદર્શન’ના બધા અંકો તાબડતોબ મંગાવેલા. તેઓ સંસ્કૃતિપ્રેમી અને સ્વદેશવત્સલ ધર્મચિંતક હતા. તેમનું જ્ઞાન સમૃદ્ધ હતું. ચિંતન ગહન અને વ્યાપ્ત હતું. આનંદશંકરનું લખાણ પ્રમાણભૂતતાની કસોટીએ કસાયેલું છે. તેમની વિવેચક તરીકેની દૃષ્ટિ સમષ્ટિને સ્પર્શે છે. એક વિવેચક તરીકે ગમે તેવા કિલષ્ટ વિષયમાંથી પણ સત્ય શોધી કાઢવામાં તેઓ માહેર હતા. સાહિત્યને તેમણે માત્ર કલા રૂપે જ નહીં પણ જીવનના વિશાળ સંદર્ભમાં મૂલવ્યું છે. કવિતાની કલાને તેમણે જીવનના અનુભવને અનુસરતી દર્શાવી છે. તેઓ નારીગૌરવના પુરસ્કર્તા હતા. શિક્ષણ પ્રત્યેનો તેમનો આદર્શ બ્રાહ્મણત્વનો છે.

પંડિતયુગ અને ગાંધીયુગના સમન્વયકર્તા આ સમર્થ વિદ્યાપુરુષ ૭, એપ્રિલ, ઈ.સ. ૧૯૪૨ના રોજ બ્રહમમાં વિલીન થઈ ગયા હતાં.



# (૩૦)
# સુભાષચંદ્ર બોઝ
## (૨૩, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૯૭)

સુભાષચંદ્ર બોજનો જન્મ તા. ૨૩, જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ કટકમાં થયો હતો. તેમના પિતાનું નામ હતું જાનકીનાથ બોઝ અને માતા હતાં પ્રભાદેવી. સુભાષચંદ્ર તેમના માતા-પિતાનું નવમું સંતાન હતા. પાંચ વર્ષની ઉંમરે તેઓને બેપ્ટિસ્ટ મિશનરી સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૦૫માં અંગ્રેજ સરકારે કરેલા બંગાળાના ભાલગાને પરિણામે ઊઠેલી હિંસાની આગના ભડકા બાળપણમાં જ તેમણે જોયા હતા. પણ ક્રાંતિમાં ભાગ લેવા જેટલી તેમની ઉંમર ન હતી. ઈ.સ. ૧૯૦૯માં તેમને રેવેનશો કોલેજિયેટ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. પંદર વર્ષની કુમળી વયે સ્વામી વિવેકાનંદનાં વિચારોએ તેમના માનસ પર ઊંડી અસર કરી હતી. સ્વામી વિવેકાનંદના પુસ્તકો વાંચ્યા પછી તેમના મનમાં ભારતની આઝાદીનો વિચાર દૃઢ બન્યો.

કોલેજ કાળના અભ્યાસ દરમ્યાન તેમણે તેમના જીવનના ઉત્કર્ષ માટે કોઈક સાચા ગુરુને શોધવાની જરૂર જણાઈ. તેમણે થોડો સમય બનારસ અને હરદ્વાર જેવાં યાત્રાધામોની યાત્રા કરી. પણ ગુરુની શોધ જ્યારે સફળ થઈ નહીં. ત્યારે બુદ્ધના કથન મુજબ પોતે જ પોતાનો દીપક બનવાનું નક્કી કર્યું. છતાં લોકમાન્ય તિલકની 'ગીતા'એ તેમની 'ગુરુ' શોધવાની તરસને સંતોષી હતી.

તેમના પિતાની ઈચ્છા સુભાષચંદ્રને આઈ.સી.એસ. થવા વિલાયત મોકલવાની હતી. સુભાષચંદ્ર તેમની ઈચ્છા પૂરી કરવા ૧૫, સપ્ટેમ્બર, ૧૯૧૯ના રોજ મુંબઈથી ઈંગ્લેન્ડ જવા નીકળ્યા હતાં. તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી માર્ચ,



૧૯૨૧માં આઈ.સી.એસ.ની પરીક્ષા પસાર કરી.

સુભાષચંદ્ર બોઝે અંગ્રજો સામે યુવાનોનું સંગઠન તૈયાર કરવા વિચાર્યું. એમાં સફળતા મળ્યા પછી કામદારો સંગઠનની રચના કરવાનો પાકો મનસૂબો કરી લીધો હતો. આ બંને સંગઠનોની રચના કરવા માટે તેમણે 'ફોરવર્ડ'નો ઉપયોગ કરવો શરૂ કર્યો હતો. પછી તો તેમના માર્ગદર્શન હેઠળ બંગાળમાં ઠેક-ઠેકાણે યુવા સંગઠનો સ્થાપવા લાગ્યાં. રાજકારણના ક્ષેત્રમાં હવે પૂરી એકાગ્રતાથી તેઓએ કામ કરવાનું શરૂ કર્યું.

ઈ.સ. ૧૯૨૭માં સુભાષબાબુ ઘણી મોટી બહુમતીથી બંગાળા પ્રાંતિક કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેમણે મોસ્કોમાં રહીને રશિયાની કાર્યપદ્ધતિ અને સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. સુભાષબાબુ યુવાનોના પ્રિય નેતા થઈ ગયા હતા. તેમણે યુવક પ્રવૃત્તિને આખા ભારતમાં વિસ્તારી હતી. તેમના આ યુવક આંદોલનમાંથી એક 'જહાલપક્ષ' ઉભો થયો હતો.

'ત્રાસવાદીઓને સુભાષબાબુ મદદ કરે છે' એવા આક્ષેપસર અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી હતી. તેમને અલીપુરની જેલમાં કેદ કરવામાં આવેલા. જેલમાં તેમના પર ક્ષયનો હુમલો થતાં તેમની તબિયત લથડી હતી. માર્ચ, ૧૯૩૩માં કર્નલ બર્કલેએ તેમને વિયેના જઈ સારવાર લેવાની ભલામણ કરેલી. અહીં તેની મુલાકાત વિઠ્ઠલભાઈ પટેલ સાથે તેમની મુલાકાત થઈ હતી. સરકાર સુભાષચંદ્ર પાછા ફરે તેમ ઈચ્છતી હતી પણ તેઓ પરત ફર્યા, પણ મુંબઈ બંદરે ઉતરતાં જ તેમની ધરપકડ થઈ અને તેમને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અહીં તેમની તબિયત લથડતાં તેઓને તેમના ભાઈના ઘરમાં નજરકેદ કરવામાં આવ્યા. ફરી પાછું સ્વાસ્થ્ય સુધારવા માટે તેમને વિયેના જવું પડ્યું.


સુભાષચંદ્ર બોઝને ભારતની મુક્તિમાં જ રસ હતો. લિબિયામાંથી પકડાયેલા ૪૦ હાર સૈનિકો હિટલર પાસેથી મેળવી જર્મનીમાં તેમણે 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી હતી. તેઓ આઝાદ હિંદ ફોજના લાડીલા 'નેતાજી' બની ગયા. જાપાને

મહાયુદ્ધમાં ઝંપલાવતાં ત્યાં વસતાં હજારો હિન્દુ કુટુંબો મુશ્કેલીમાં મૂકાઈ ગયાં હતા. નેતાજી તેમની મદદ કરવા તેઓ બર્લિનથી ટોકિયોમાં પહોંચ્યા હતા.

બીજા વિશ્વયુદ્ધમાં જાપાને શરણાગતિ સ્વીકારી લીધી. પશ્ચિમ મોરચે જર્મનીની પીછે હઠ થઈ. હિટલરે આત્મહત્યા કરી. એશિયાના મુખ્ય રાષ્ટ્ર જાપાનની કરોડરજ્જુ તૂટી ગઈ. નેતાજીએ રંગૂન છોડ્યું. તેઓ બેંગકોક આવ્યા. ત્યાંથી તેઓ સાયગોન આવ્યા. તેઓ મંચુરિયા જવાના હતા. ૧૮, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૪૫ને દિવસે તેમનું વિમાન તાઈપાઈ ફોર્મોસા બળતણ લેવા ઊતર્યું હતું. તેમના વિમાનમાં જાપાનના મિલિટરી અધિકારી જનરલ સદેઈ પણ હતાં. ત્યાંથી બળતણ લઈ ઊડેલું વિમાન ઊડ્યા પછી ક્યાં ગયું ? કે તેનું શું થયું ? તે વિશે કશું જ જાણી શકાયું નથી. એમ માનવામાં આવે છે કે એ વિમાનને તોડી પાડવામાં આવ્યું હતું.

●





## (૩૧)

# સ્વામી આનંદ

## (૨૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૬)

''સ્વામી'' દાદાના હુલામણા નામે ઓળખાતા સ્વામી દાદાનું અવસાન ૨૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૭૬માં થયેલું. એટલે કે ૨૪, જાન્યુઆરી સ્વામી આનંદનો નિર્વાણદિન છે.

હિંમતલાલ રામચંદ્ર દવે એવું પુર્વાશ્રમનું નામ ધરાવતા સંસારત્યાગી સાધુ અને સાહિત્યકાર એવા સ્વામી આનંદનો જન્મ ઈ.સ. ૧૮૮૭માં કાઠિયાવાડ પંથકના ઝાલાવાડના શિયાણી નામના ગામે થયો હતો. તેમનું ફળ ઐદિસ્ય બ્રાહ્મણનું અને પિતા વ્યવસાયે શિક્ષક. તેઓ બધાં થઈને સાત ભાઈ-બહેનો હતાં. એકવાર તેમના માતા-પિતા વચ્ચે સાવ સામાન્ય બાબતે ચકમક ઝરી. તેમનાં મા આમ તો ખાસ ભણેલાં નહીં પણ સ્વમાની ઘણાં, નાની અમથી વાત એ દંપતી માટે અલગ થવાનું નિમિત્ત બની ગઈ. એમના મા સંતાનોને સાથે લઈ પિયર ચાલ્યાં ગયેલા. તેમણે ખેતી સંભાળીને બાળકોને ઉછેર્યા. સૌથી નાના પુત્ર 'બાબુ'ને તેમણે નાની બહેન કે જે મુંબઈમાં રહેતી હતી તેને ઉછેર માટે સોંપેલો. એ બાબુ એ જ આપણા સ્વામી આનંદ.

માસી મુંબઈના માધવબાગ વિસ્તારમાં રહેતા હતાં. બાબુનું બાળપણ અહીંજ વિતેલું. નિશાળે જવામાં બાબુને કંટાળો આવતો તેથી તે નજીક મુરલીધર મંદિરે જઈ બેસી જતાં. કાયમ મંદિરના ચોગાનમાં બેસી રહેતા. દસ વર્ષના બાબુને ભોળવીને એક સાધુ ચેલો બનાવવાના આશયથી નાસિક લઈ ગયેલો. ત્રણેક વર્ષ સુધી તેઓ નાસિક રહેલા. અહીં તેમને જાતજાતના અનુભવો થઈ ગયેલા પણ અહીં તેમને ગોઠેલું નહીં. તેથી તેઓ એક સાધુની સાથે ચાલી નીકળેલા.

સાધુ રામકૃષ્ણ પરમહંસના પંથના હતા. સાધુની સંગતથી તેમણે ધર્મશાસ્ત્રોનો ગહન અભ્યાસ કરેલો. તેમણે પછી તો બધાધર્મોના સાહિત્યનું વિશદ અધ્યયન કર્યું. ભગવાન બુદ્ધના પરમ શિષ્ય આનંદ પરથી તેમણે તેમનું નામ આનંદ રાખ્યું અને તેઓ સ્વામી આનંદના નામે ઓળખાવા લાગ્યા.

તેઓ સાધુ સમાજ સાથેના સત્સંગથી અનેક ભાષાઓ જાણતા થયેલા. ચૌદ વર્ષ જેટલો લાંબો સમય ઘરની બહાર વીતાવ્યા પછી એમને માની યાદ સતાવવા લાગેલી. તેમણે માની મમતાથી ખેંચાઈ ઘેર જવાનો પાકો મનસૂબો કર્યો અને તેઓ એક દિવસ ગામ તરફ ચાલી નીકળેલા. ઘેર આવી માને મળીને સ્વર્ગની પ્રાપ્તિ જેવો અનહદ આનંદ અનુભવેલો. પુત્રને મળ્યા પછી મા થોડા સમયમાં જ દેવ થયેલાં. જાણે પુત્રને મળવા જ જીવતા ના રહ્યાં હોય !

આ એ સમય હતો જ્યારે દેશમાં ગાંધીની આંધી ફરી વળેલી. સ્વામી દાદા પણ ગાંધીજીના પ્રભાવથી આકર્ષાયેલા. લોકમાન્ય તિલકનો પ્રભાવ પણ તેમના પર પડેલો. તેમણે તિલક મહારાજે લખેલા પુસ્તક ‘ગીતા રહસ્ય’નો ગુજરાતી અનુવાદ કરેલો. ગાંધીજીને પહેલી વાર મળીને આત્મસંતોષ અનુભવેલો. તેમણે પોતાનું જીવન મહાત્માજીના ચરણોમાં સમર્પિત કરી દીધેલું. ગાંધીજીના જેલવાસ દરમ્યાન તેમણે ‘નવજીવન’ માસિક તથા પ્રેસ ચલાવવાની જવાબદારી સંભાળેલી. તેમનું જીવન ગાંધી વિચાર અને સત્યાગ્રહના રંગે રંગાઈ ગયેલું.

સ્વાતંત્ર્યની ચળવળના સમયમાં અનેક દેશનેતાઓના સંપર્કમાં તેઓ આવેલા. આ સંપર્કથી તેમનું અનુભવ-પાથેય પુષ્ટ થતું રહેલું. તેમણે તેમના આ સઘળા અનુભવને શબ્દસ્થ કરેલા છે. તેમનું જીવન સાદગીપૂર્ણ હતું, છતાં વિચારો ઉન્નત હતા. ગમે તેવું કામ કરવામાં તેઓ કરી નાનમ અનુભવતા નહીં. પ્રવાસના તેઓ ભારે રસિયા હતા. તેમની અપરિગ્રહવૃત્તિ ગજબની, તેમણે લખેલું સાહિત્ય છાપવાનો અવસર ઊભો થયો ત્યારે કોઈપણ જાતનું વળતર નહીં લેવાની શરતે તેમણે તેમ કરવા મંજૂરી આપેલી. તેમણે તેમના પુસ્તકોના પ્રકાશન માટે એક ટ્રસ્ટની રચના કરેલી.



તેમનું લખાણ તેમના વ્યક્તિત્વનું દ્યોતક છે. તેમની ભાષા શિષ્ટ અને ઉચ્ચ કક્ષાની હતી. તેમનું ગદ્ય ખૂબ જ કલાપૂર્ણ રચનારીતિવાળું હતું. તેથી જ મનુભાઈ પંચોળીએ તેમના ગદ્યને ‘હિમાલયની ગિરિમાળા જેવું’ ગણાવ્યું હશે ! તેઓ કલમના કસબી હતાં. અભિવ્યક્તિ નિરાડંબરી અને નિર્દંભ. તેઓ મહાદેવભાઈ દેસાઈ પછી ગાંધીજીના બીજા નંબરના અંતેવાસી હતા. તેઓ સદા પ્રસન્નવદન અને હળવા ફૂલ જેવા દેખાતા.

ગાંધીજીની હત્યાનો કારમો આઘાત સ્વામી દાદાથી જીરવાયેલો નહીં તેથી તેઓ પરમ શાંતિની શોધમાં હિમાલયની યાત્રાએ ચાલી નીકળેલા અને કૌસાનિમાં આદિવાસીઓની વચ્ચે જઈ વર્ષો સુધી રહેલા. ત્યાં તેમણે હિમાલયની ગોદમાં એક પગે ઊભા રહી ગામત્રીમંત્રનું પુરશ્ચરણ પણ કરેલું.

જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તેઓ સાવ તૂટી ગયેલા. આખરે ૨૫, જાન્યુઆરી. ૧૯૭૬ના રોજ નેવ્યાસી વર્ષની વયે ઈશ્વરના નિરાકાર સ્વરૂપમાં ભળી ગયેલા.

સ્વામી દાદા એક સાચા સાહિત્યકાર હતા. તેમનું બહુધા સાહિત્ય ચિંતન પ્રધાન હતું. તેમની કૃતિઓ આ પ્રમાણે છે -

ઈશનું બલિદાન, ગાંધીજીના સંસ્મરણો, ભગવાન બુદ્ધ, સર્વોદય વિચારણા, માનવતાના વેરી, અનંતકળા, નવલાં દર્શન, ધરતીનું લૂણ, પ્રાર્થનાપોથી, ઈશુ ભાગવત, ધરતીની આરતી, સંતોનો ફાળો, જૂની મૂડી, ઉત્તરાપથની યાત્રા, ધર્મચિંતન અને બીજા લેખો, બચપણનાં બાર વરસ, રામાયણ-મહાભારત અને સંતકથા, સમાજ ચિંતન અને બીજા લેખો, હિમાલયનાં તીર્થ સ્થાનો અને લોકગીતા.

તેમણે કરેલા અનુવાદોનાં પુસ્તકો છે. આતમાના મૂલ, મોતને હંફાવનારા અને એશિયાના ભ્રમણ અને સંશોધન. **Path of Saint** તેમનું અંગ્રેજી પુસ્તક છે.

કૃષ્ણવીર દીક્ષિતે તેમના વિશે લખ્યું છે -

"તેમની વાણી તેમના હૃદયમાંથી આવે છે. તે પૂરી ઘડાયેલી છે. તેમાં ચળકાટ ખાતર ચળકાટ કે ઓપને સ્થાન નથી...... ધસમસતી સરિતાના જેવો વેગ દાખવતી સ્વામી આનંદની ભાષા અને શૈલીને તેનું પોતાનું વ્યક્તિત્વ છે."

●







## (૩૨)

# સમરસેટ મોમ

## (૨૫, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૭૪)

એચ. જી. વેલ્સ, ડી. એચ. લોરેન્સ, વર્જિનિઆ વુલ્ફ, જોન ગાલ્સવર્ધી અને જેમ્સ જોય્સ જેવા વિદ્વાનોના સમકાલીન ઉપન્યાસકાર સમરસેટ મોમનો જન્મ ૨૫, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૭૪ના રોજ ફ્રાન્સની રંગીન નગરી પેરિસમાં થયો હતો. એમના પિતા બ્રિટિશ એલચી કચેરીમાં સોલિસિટર તરીકે કામ કરતા હતા.

મોમની ઉંમર દસ વર્ષની થતાં સુધીમાં તેમનાં માતા-પિતાનું અવસાન થઈ ગયું હોઈ કાકા-કાકીને હાથે તેમનો ઉછેર થયો હતો. ઉચ્ચ અભ્યાસ કરી તેઓ ડૉક્ટર બનેલા. તેમ છતાં સમય વીતતાં તેમનામાં પડેલું સર્જકબીજ મહોરી ઊઠેલું અને સ્ટેથેસ્કોપ હાથમાં પકડવાને બદલે તેમણે કલમ પકડી લીધી. પરિણામે વિશ્વ સાહિત્યને એક સમર્થ સર્જક પ્રાપ્ત થયો.

પરાધીનતામાં બાળપણ વીતાવી ચૂકેલા મોમે નાની ઉંમરમાં જ ત્યારના મધ્યમવર્ગીય સમાજની વિપત્તિઓનો પ્રત્યક્ષ અનુભવ કરેલો. એ અનુભવોએ એમના આત્માને ઢંઢોળ્યો અને પ્રેરણાને સંકોરી, એમની કલમમાંથી પછી તો એક પછી એક કૃતિઓનો આવિષ્કાર થતો રહ્યો.

તેમણે લખ્યું છે કે, "હું તો વાર્તા કહેનારો છું. જ્યારે મને કોઈ નવી જ વાર્તા વાંચવાનું મન થાય ત્યારે હું એક નવી નવલકથા લખી કાઢું છું." તેમણે નવલકથાસર્જક તરીકે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. નવલકથા ઉપરાંત સફળ નાટ્યકાર, ચિંતનશીલ નિબંધકાર અને વિશ્વપ્રવાસી તરીકે પણ તેમની નામના ઓછી ન હતી.

તેમણે તેમના પાદરી કાકાને ત્યાં બાળપણ વીતાવેલું. અહીં ઈંગ્લેન્ડમાં રહી અજાણ્યા વાતાવરણ અને વિપરીત સંજોગો વચ્ચે ફ્રેન્ચ, જર્મન અને ઈટાલીયન ભાષાઓ તેમણે શીખી લીધેલી. કોલેજકાળમાં જ તેમનો સર્જક જીવ સળવળી ઉઠેલો. ગરીબ અને કંગાળ લોકો પ્રત્યે સહાનુભૂતિએ તેમને લખતા કર્યાં. તેત્રીસ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૯૭માં તેમણે તેમની પહેલી નવલકથા 'લીઝા ઓફ લેમ્બેથે'નું સર્જન કર્યું. આ પ્રથમ નવલકથાએ જ એમને જાણીતા નવલકથાકારોની હરોળમાં બેસાડી દીધા. ફ્રેન્ચ સાહિત્યકાર ગાયદ મોપાસાએ એમની નવલકથાની ભરપેટ પ્રશંસા કરી હતી. આવી અસાધારણ સફળતાથી પુલકિત થયેલા મોમે તબીબી વ્યવસાયને સંકેલી લઈને કલમને જીવન સમર્પિત કરી દીધેલું. પણ પછી તેમને ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ ફરી શરૂ કરવા સમજાવેલા. પણ સંઘર્ષમય જિંદગી જીવવા છતાં એ તો એમના નિર્ણયમાં અકર જ રહેલા.

વીસમી સદીના પ્રથમ દસકામાં તેમણે ગ્રીસ, ઈટાલી અને ઈજિપ્તનો પ્રવાસ ખેડેલો. એ પછી તેઓ થોડો સમય ઈંગ્લેન્ડમાં પણ રહેલા. પછી ફ્રાન્સ પરત આવીને સાહિત્ય સાધના આરંભી. એમની કલમમાંથી કંઈ કેટલાંયે વાર્તાઓ, નાટકો અને નિબંધો અવતર્યાં. ત્યારે તેઓ એક સફળ નાટ્ય લેખક તરીકે પણ છવાઈ ગયેલા. લંડનના થિયેટરોમાં એમના નાટકો ધૂમ મચાવતા હતાં. તેમણે તેમની સર્જનયાત્રા દ્વારા ૩૧ નવલકથાઓ, ત્રણ વાર્તા સંગ્રહો, પ્રવાસવર્ણનો, નિબંધો અને વિવેચન સંગ્રહો જગત સાહિત્યને ભેટ ધર્યાં છે. 'ધ રેઝર્સ એઈજ', 'ધ મૂન એન્ડ સિક્સ પેન્સ', 'કેક્સ એન્ડ એઈલ' તથા 'ઓફ હ્યુમન બોન્ડેઝ' એમની વિશ્વમાં ખ્યાતિ પામેલી નવલકથાઓ છે. એમની આ કૃતિઓ શાશ્વત અને ચિરંજીવ બનેલી છે. એમની આ કૃતિઓની સંખ્યાબંધ આવૃત્તિઓ થઈ છે અને કરોડો નલકો વેચાઈ છે. વળી, વિશ્વની અનેક ભાષાઓમાં તેમનું ભાષાંતર થયું છે.

'ધ રેઝર્સ એઈજ' મોમની ત્રણ પાત્રો વચ્ચે ગૂંથાયેલી કથા છે. જેમાનું એક



પાત્ર લેરી દારેલ તો ભારતમાં એક આશ્રમમાં ગુરુની પાસે રહી આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત કરતું દર્શાવાયું છે. નવલકથાના પહેલા પાના પર કઠોપનિષદનું એક અવતરણ ટાંકવામાં આવ્યું છે. **'The Sharp edge of a razor is difficult to Pass over, thus the wise say the patho Salvation is hard.'** (મોક્ષનો માર્ગ એ તલવારની ધાર પર ચાલવા જેટલો કઠિન છે.)

પરંપરાગત અર્થમાં આત્મકથા ન હોવા છતાં પણ કેટલાંક વિવેચનકારોએ જેને આત્મકથાનું લેબલ લગાડ્યું છે એવી મોમની એક વિલક્ષણ કૃતિ 'ધ સમિંગ અપ'માં મોમનું ચિંતન અને જીવનદર્શન રજૂ થયેલ છે. આ પુસ્તકની શરૂઆતમાં જ તેઓ જણાવે છે કે, 'આ આત્મકથા નથી કે નથી વીતેલી ક્ષણોનો સમૂહ. હું મારી જાતને જાહેર કરવા માંગતો નથી, કોઈપણ વ્યક્તિ સમગ્ર સત્યને કહી શકે નહીં અને હું તેવી ચેષ્ટા કરતો નથી.'

મોમની 'ઓફ હ્યુમન બોન્ડેજ' નવલકથા સમાજની કુરૂઢિઓ સામે બંડ પોકારની નવલકથા છે. 'ધ મૂન એન્ડ સિક્સ પેન્સ' નવલકથામાં કલાકાર પોલ ગોંગીના મુખ્ય પ્રસંગોના તાણાવાણા ગૂંથાયા છે. ઘણાં બધાં વિવેચકો મોમની ઈ.સ. ૧૯૩૦માં પ્રકાશિત થયેલી નવલકથા 'કેઈક્સ એન્ડ એઈલ'ને તેમની ઉત્તમ નવલકથા માને છે.

મોમે તેમના વિશ્વપ્રવાસના ભાગ રૂપે ભારત આવી બે મહિના જેટલું રોકાણ કર્યું હતું. તેઓએ રમણ મહર્ષિની મુલાકાત લીધી હતી. તેમના પર આ મહામાનવની ભારોભાર અસર થયેલી. મોમે તેમના પુસ્તક 'પોઈન્ટસ ઓફ વ્યૂ'માં રમણ મહર્ષિ વિશે એક આખું પ્રકરણ લખ્યું છે. ભારતના પ્રખર દાર્શનિક ડૉ. રાધાકૃષ્ણનૂના સાહિત્યથી પણ તેઓ પ્રભાવિત થયા હતાં. ઈ.સ. ૧૯૪૮માં તેમણે તેમની અંતિમ નવલકથા 'કેંટેલિના'નું સર્જન કર્યું હતું.


જીવન અને સર્જનને બારીકાઈથી નિરખનાર વ્યક્તિ તેઓ હતા. તેમણે તેમના

જીવનને અતિ સૂક્ષ્મ સ્વરૂપે નિહાળેલું. તેમણે લખ્યું છે કે, ‘સર્જકો સફળ થતા નથી તેનું કારણ એ છે કે તેઓ લખતા પહેલાં વિચારતા નથી. પરંતુ તેઓ લખતા જાય છે અને વિચારતા જાય છે. વિચાર જાણે કલમની શાહીમાંથી ના ટપકતો હોય અને આ જ નિષ્ફળતાની સચોટ ‘રેસિપિ’ છે.’

વિશ્વસાહિત્યના આ મહાન સર્જકનું ૧૬, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૬૫ના રોજ ૯૧ વર્ષના દીર્ઘજીવન બાદ ફ્રાન્સમાં અવસાન થયુ હતું.

●





## (૩૩)

# રમણલાલ સોની

## (૨૫, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૮)

ઈ.સ. ૧૯૯૧ના રવીન્દ્રનાથ ટાગોરની પ્રસિદ્ધ કૃતિ ‘કાબુલીવાલા’ના ગુજરાતી અનુવાદ માટે રાષ્ટ્રીય પારિતોષિક પ્રાપ્ત કરનાર તથા શરતચંદ્ર ચટ્ટોપાધ્યાયની જન્મ શતાબ્દી ટાણે ‘અખિલ હિંદ બંગ સાહિત્ય પરિષદ’ તરફથી પ્રતીકચિહ્ન અને સન્માનપત્ર પ્રાપ્ત કરનાર ગુજરાતીના જાણીતા બાલ સાહિત્યકાર રમણલાલ સોનીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના વણિયાદ-કોકાપુર તરીકે ઓળખાતા કોકાપુર નામના નાના એવા ગામમાં ૨૫, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૮ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ પીતાંબરદાસ અને માતાનું નામ જેઠીબહેન હતું.

વિદ્યાર્થી કાળથી જ સાહિત્યમાં અભિરૂચિ ધરાવતા તેમને સાહિત્યના સંસ્કાર ગુરુ નર્મદાશંકર પંડ્યા પાસેથી પ્રાપ્ત થયેલા. મા અને ફોઈએ બાળપણમાં સંભળાવેલી વાર્તાઓએ તેમાનામાં સાહિત્ય સર્જનનું બીજ વાવેલું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે મોડાસાની સ્કૂલોમાંથી લીધેલું. પછી જાહેરજીવનમાં ઝંપલાવેલું. સત્યાગ્રહની લડતમાં સક્રિય રીતે ભાગ લઈ તેઓ બે વાર તો જેલમાં પણ જઈ આવેલા. ઈ.સ. ૧૯૨૪માં તેમણે મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરેલી. ઈ.સ. ૧૯૪૦માં આગ્રા વિશ્વ વિદ્યાલયમાંથી તેમણે બી.એ.ની પરીક્ષા પાસ કરી. ઈ.સ. ૧૯૪૨માં મુંબઈ યુનિવર્સિટીમાંથી આજની બી.એડ. સમકક્ષ ત્યારની બી.ટી.ની તાલીમી પદવી મેળવેલી. તે પછી તેઓ મોડાસાની એક સ્કૂલમાં શિક્ષક અને પછી આચાર્ય બનેલા. સંચાલકો સાથે મતભેદ થવાથી તેમણે નોકરી છોડેલી અને ફરી નોકરી નહીં કરવાનો ટેક લીધેલો. ઈ.સ. ૧૯૪૩માં તેઓ

મુંબઈના મગનલાલ ઝવેરીની દીકરી રસિકબાળા સાથે લગ્નગ્રંથિથી જોડાયેલા.

તેમણે બાલસાહિત્યના સર્જન અને અનુવાદમાં સિંહફાળો આપેલો છે. બાલસાહિત્યના સર્જનમાં ગિજુભાઈ બદેકા પછી તેમને અનન્ય ફાળો રહ્યો છે. સત્વશીલ, સંસ્કારી અને પોષક બાલ સાહિત્યનું સર્જન કરવા બદલ ઈ.સ. ૧૯૮૬નો 'ગિજુભાઈ બદેકા સુવર્ણચંદ્રક' સૌ પ્રથમ તેમને એનાયત થયેલો. ઈ.સ. ૧૯૯૬માં તેમની બાલસાહિત્યની સેવાઓને બિરદાવવા 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પણ કરવામાં આવ્યો હતો.

તેમણે બાળકોના માનસને પારખીને બાલભોગ્ય શૈલીમાં અસંખ્ય કથાઓ, કાવ્યો, નાટકો, ચરિત્રો અને અનુવાદોનું સર્જન કર્યું છે. તેમની 'શિશુ સંસ્કાર માળા' અને 'શિશુ કથાવલી' શ્રેણીઓ બાળકોમાં ખૂબ પ્રિય થઈ છે. ઈ.સ. ૧૯૬૨માં પ્રસિદ્ધ થયેલ 'રામ રાજ્યનાં મોતી' ઈ.સ. ૧૯૬૪માં ગુજરાત સરકારનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. 'ખવડાવીને ખાવું ને જિવાડીને જીવવું' કથાને દિલ્હીનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. એન.સી.ઈ.આર.ટી. દ્વારા ઈ.સ. ૧૯૮૨માં 'રંગ રંગ વાદળિયા' પુરસ્કાર માટે પસંદગી પામી હતી. તેમની 'મધુર બાલ વાર્તાવલિ', 'બોધોદય વાર્તાવલિ' તથા 'ચિત્તરંજન બાલ વાર્તાવલિ' જેવી શ્રેણીઓ પણ ખૂબ પ્રશંસા પામી છે.

તેમણે ધર્મ, ઈતિહાસ, પુરાણ, પંચતંત્ર, હિતોપદેશ, કથા સરિત્સાગર, એરેબિયન નાઈટ્સ, જેવા વિષયો ઉપરથી મલબખ વાર્તાઓનો ફાલ ઉતાર્યો છે. 'સ્વામી નારાયણ કથામાળા' અને 'ભારતીય કથામંગલ' જેવી તેમની શ્રેણીઓની વાર્તાઓ પણ ખૂબ જ જાણીતી બનેલી છે. તેમણે 'પગલાં', 'મંગોડીનો પિપૂડીવાળો' તથા 'કાશીનો પંડિત' જેવા કાવ્ય સંગ્રહો પણ આપેલા છે. 'ગાંધીજીના ઉખાણાં' અને 'પશુનો કકો'ને દિલ્હી તરફથી પુરસ્કૃત કરવામાં આવેલ છે. તેમનાં ગીતો અભિનેય હોઈ બાળકો હોંશે હોંશે અભિનય કરતાં કરતાં તે ગાય છે. 'એક ઈડરનો વાણિયો' તેમનું ખૂબ જાણીતુ કાવ્ય છે.



'કનુ ફાંકડો', 'બેચરકાકા', 'રૂપાની ગાય', 'છબીલો લાલ', અને 'બાલ મંદિરના નાટકો' જેવા બાળ નાટકો 'રમણલાલ સોની'ના બાળનાટકો નામના સંગ્રહમાં સંપાદિત થયેલાં છે. 'વંદે માતરમ્' નાટક ઈ.સ. ૧૯૬૨ના ઉત્તમ નાટક તરીકે ગુજરાત રાજ્યના ઈનામપાત્ર ઠરેલું. તેમની ચરિત્રકૃતિ 'હ્યુએન સંગ'ને મુંબઈ રાજ્યનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયુ હતું. 'ટાગોરની દ્રષ્ટાંત કથાઓ', 'કુમાર કથાઓ', 'નરાસુર' અને 'કિશોર રહસ્યમાળા' બાલ સાહિત્ય ક્ષેત્રે રમણલાલ સોનીનું ઉલ્લેખનીય પ્રદાન છે.

ટાગોર અને શરદબાબુના બાલસાહિત્ય સહિતના સમગ્ર કથા સાહિત્યને તેમણે ગુજરાતીમાં ઉતાર્યું છે. એકસો પાંચ સંતોના ચરિત્રોનું આલેખન કરતી 'સંતસાગર', 'માતા મહાતીર્થ', 'ગુલાબી દ્રષ્ટાંત કથાઓ' અને 'પ્રેમ એજ પરમેશ્વર' જેવી કૃતિઓ ઉત્તમ સંસ્કારવારસો આપતી રચનાઓ કરી છે. ૮૯ વર્ષની ઉંમરે તેમણે ઈ.સ. ૧૯૯૫માં 'ખદુક ઘોડા ખદુક'નુ પ્રકાશન કર્યું હતું.



# (૩૪)
# રોબર્ટ બોઈલ
## (૨૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૬૨૭)

રોબર્ટ બોઈલનો જન્મ આયર્લેન્ડના મુન્સ્ટર નગના ખૂબ જ સમૃદ્ધ અને વૈભવી એવા કોર્ક પરિવારના અર્લને ત્યાં છેલ્લા ચૌદમાં સંતાન તરીકે તા. ૨૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૬૨૭ના રોજ થયો હતો. તેના પિતા ખૂબ જ સંપત્તિવાન હોવાથી તેને કોઈ વસ્તુની ખોટ ન હતી. તે નાનપણથી જ અદ્ભુત પ્રતિભા ધરાવતો હતો. તેણે અંગ્રેજી ભાષાની સાથે સાથે લેટિન, ફ્રેન્ચ, ગ્રીક, હિબ્રૂ અને સીરિયેક ભાષાઓનું જ્ઞાન મેળવ્યું હતું. એણે બાઈબલનું ઊંડુ અધ્યયન પણ કરેલું.

ઈંગ્લેન્ડની એ જમાનાની અતિ પ્રસિદ્ધ એવી ઈટન પ્રાથમિક શાળામાં બોઈલ આઠ વર્ષની ઉંમરે દાખલ થયેલો. ત્રણ વર્ષના અભ્યાસ પછી તેને તેના પિતાએ યુરોપની યાત્રા હેતુથી શાળામાંથી ઉઠાડી લીધેલો. ઈ.સ. ૧૬૪૧માં તે ઈટાલી ગયેલો. ઈટાલીમાં તે વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ગેલી લિયોના પરિચયમાં આવ્યો. ગેલી લિયોના સંપર્કમાં આવ્યા પછી તેણે તેનું જીવન વિજ્ઞાનને સમર્પિત કરવા દૃઢ નિશ્ચય કર્યો.

ઈંગ્લેન્ડ પાછો આવી તે વિદ્યાધામ ઓક્સફર્ડમાં દાખલ થયેલો. અહીં એ કોઈપણ જાતના શરમ કે સંકોચ અનુભવ્યા સિવાય દરેક વિષય ઉપર ચર્ચા કરતો રહેતો. તે 'રોયલ સોસાયટી'નો સભ્ય બની ગયો. તે સમયે ઈ.સ. ૧૬૬૦માં અહીંના સમ્રાટે જાહેર કરેલ ઘોષણાપત્ર અનુસાર એમની 'ઈન્વિજિબલ સોસાયટી' હવે 'રોયલ સોસાયટી' બની ગઈ હતી. વિજ્ઞાનનું પરિણામલક્ષી અધ્યયન આ સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ હતો.



જોતજોતામાં બોઈલ પરીક્ષણ પ્રિય વૈજ્ઞાનિક તરીકે જાણીતો થયો. તેનો 'બોઈલનો નિયમ' વિશ્વવિખ્યાત બની ગયો. બોઈલનો ગણિતનો એ નિયમ બતાવે છે કે ; ''દબાણના વધવા કે ઘટવાથી હવાની સ્થિતિમાં શો ફરક પડે છે.'' અનેક પરીક્ષણો પછી આ નિયમ ગણિતના એક સુત્ર રૂપે મળેલો.

બોઈલે તેનો પ્રયોગ આઠ ફૂટ ઊંચા પારાનો સ્તૂપ બનાવીને કરેલો. તેણે સાબિત કર્યું કે ગેસનું પરિણામ, દબાણની અનુસાર, વિપરીત અનુપાતમાં બદલવાનું રહે છે. બોઈલના નિયમની આ સુત્રાત્મક પરિભાષા છે.

બોઈલના અનેક સંશોધનો અને પરીક્ષણોનું વર્ણન આપણને તેના ભત્રીજાને ઉદ્દેશીને લખાયેલ અનેક પત્રોમાંથી મળે છે. એના કેટલાક પત્રો તો સો કરતાં વધારે પાનના હતા. તે એક ખ્યાતિ પ્રાપ્ત મહાન વૈજ્ઞાનિક હતો. શબ્દની ગતિ, વર્ણભંગિમાના તથા વર્ણોનાં મૂળ કારણ તથા સ્ફટિકોની રચના વિષે એણે સંશોધનો કરીને સાબિત કર્યું કે, હવા વિનાની કોઈ જગામાં કોઈ પ્રાણી જીવતુ રહી શક્તુ નથી. વળી એણે એ પણ સાબિત કર્યું કે હવા વગરની જગામાં ગંધક સળગતો નથી.

તે ઉદાર વ્યક્તિત્વનો માણસ હતો. તેણે 'બોઈલના નિયમ'ની શોધ કરી ના હોત તો પણ વિશ્વના અગ્રીમ હરોળના વૈજ્ઞાનિકોમાં તેનું નામ અમર થઈ ગયું હોત. સર આઈઝેક ન્યૂટનના 'પ્રિન્સીપિયા'ની પ્રકશન વ્યવથા કરનાર પણ બોઈલ જ હતો.

૬૪ વર્ષની પાકટ વયે ૩૦, ડિસેમ્બર, ઈ.સ. ૧૬૯૧માં વયુની વર્તણૂંકના સિદ્ધાંતો આપનાર આ મહાન વૈજ્ઞાનિકનું લંડનમાં અવસાન થયું હતું. અંધવિશ્વાસ અને કુરૂઢિઓના સમયમાં પણ બોઈલ વિજ્ઞાનમાં મહત્વપૂર્ણ દિશાઓ અને પ્રણાલીઓ બતાવી ગયો અને પોતાના સમકાલીન અનેક વૈજ્ઞાનિકો માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યો હતો. ત્યારે લોકો કહેતા હતા કે, 'રોબર્ટ બોઈલ તો જાણે સત્યને શ્વાસમાં ભરી લે છે.'



## (૩૫)
# સુરસિંહજી ગોહેલ
# 'કલાપી'
## (૨૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૭૪)

'પેદા થયો છું ઢૂંઢવા તુને, સનમ, !
ગાલે ચૂમું કે પ્હાની એ તું ને ? સનમ !'

'મને વ્હાલી લાગી, પ્રથમ મળતાં હું તુજ થયો,
હસ્યું તારું મોં ને, તુજ સ્મિત મહીં હું ભળી ગયો,
તને ભેટું એવી મમ હૃદય ઈચ્છા કરી રહ્યું,
વળી તારાં નેત્રો અનુકુલ દીઠાં ને ચળી ગયું !'

'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીં એ આંખથી, યાદી ઝરે છે આપની.'

પ્રેમા વસ્થાથી શરૂ કરી તુરીય અવસ્થાનું ગાન ગાનાર કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલનો જન્મ સૌરાષ્ટ્રના લાઠીમાં ચોથા વર્ગના રાજઘરાનામાં ૨૬, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૭૪ના રોજ થયો હતો. ચૌદ વર્ષની ઉંમર થતામાં તો તેમને માથેથી માતા-પિતાના સુખનુ છત્ર ઊઠી ગયેલું. માતાના મૃત્યુનો આઘાત કલાપીને એવો તો વસમો લાગેલો કે જીવનભર તેઓ તેમાંથી બહાર નીકળી શકેલા નહીં.



પંદર વર્ષની કાચી ઉંમરે કલાપીના લગ્ન કચ્છના રોહાના રાજકુંવરી રાજબા (કે જેને કલાપીએ 'રમા' નામ આપેલું) સાથે થયા હતાં. તેમની બીજી પત્ની હતાં કોટડા સાંગાણીના રાજકુંવરી આનંદીબા. બંને સાથે એકજ દિવસ લગ્ન કરેલાં. બંને પત્નીઓ કલાપી કરતાં ઉંમરમાં પણ મોટી હતી.

સુરસિંહજી રાજકોટની રાજકુમાર કોલેજમાં ઈ.સ. ૧૮૮૨થી ૧૮૯૦ એમ આઠ વર્ષ સુધી ભણેલા, પણ ત્યારે એ અભ્યાસનું ધોરણ અંગ્રેજી પાંચમા ધોરણથી વિશેષ ન હતું. રાજ ફરજંદ હીઈ રાજની ખટપટો, મનમોજી સ્વભાવ અને આંખોની તરલીફને કારણે તેઓ વધુ અભ્યાસ કરી શક્યા ન હતા. તેમ છતાં ખાનગી શિક્ષક રાખી તેમણે સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવી લીધેલું. તેમણે અંગ્રેજી સાહિત્યની ઉત્તમ કૃતિઓ અને તત્વચિંતનનો ગહન અભ્યાસ કરેલો. કલાપી સારા પાઠક અને સત્વશીલ અભ્યાસી હતા. ગુજરાતી સાહિત્યના તેમના સમય સુધી પ્રગટ થયેલાં તમામ ઉત્તમ પુસ્તકોનો એમણે અભ્યાસ કરી નાંખેલો. પ્રેમ અને તત્વજ્ઞાન એમના પ્રિય વિષયો હતા. તેઓ સંગીતના સારા જાણકાર પણ હતા.

સત્તર વર્ષની વયે કલાપીએ ભારત અને કાશ્મીરનો પ્રવાસ કરી સંસ્કૃતિ અને સૌંદર્યનાં દર્શન કરેલાં અને ત્યારથી જ તેમણે સાહિત્ય સર્જનનું મંગલાચરણ કરેલું.

રાજા થવાની લેશ માત્ર ઈચ્છા ન હોવા છતાં મોટાભાઈનું અવસાન થતા તેઓને રાજગાદી સંભાળવી પડેલી. 'રાગ ને ત્યાગની વચ્ચે હૈયું આ ઝુલતુ હતું' એવું ગાનાર કવિને ક્યારેક સંસારનો ત્યાગ કરવાની પણ ઈચ્છા થઈ આવતી. રમા સાથે દાસી તરીકે આવેલી મોંઘી (શોભના)ના પ્રેમમાં તેઓ ગળાડૂબ ડૂબેલા. તેમની ગેરહાજરીમાં રમાએ મોંઘીને એક ખવાસ સાથે પરણાવી દેતાં તેમના પ્રેમમાં ભારે આવેશ આવેલો. શોભનાને ખવાશના ઘેરથી પાછી લાવી તેમણે તેની સાથે સહજીવન શરૂ કરેલું. કલાપી તેમના મિત્ર 'કાન્ત'ની જેમ ઉર્મિકવિ

છે. તેમના કાવ્યોમાં તેમનું અંગત જીવન ચિંતનાત્મક સ્પર્શ પામીને ઝીલાયું હોય એવું લાગ્યા વગર રહેતુ નથી. કલાપીની કવિતાનું સર્જન માત્ર તેમની છવ્વીસ વર્ષની ટૂંકી જિંદગી દરમ્યાન થયું છે. કલાપીનાં સઘળાં કાવ્યો ઊર્મિની ઉત્કટતાથી સર્જાયેલાં છે. પ્રણય અને કવન કલાપીની આંતર સંવેદનામાં એકરસ થઈ ગયેલા છે. 'હૃદય ત્રિપુટી', 'બિલ્વમંગલ', 'સારસી', 'ગ્રામ્યમાતા', જેવા ખંડકાવ્યો અને 'મસ્ત ઈશ્ક', 'વિસ્મરણ', 'નદીને સિંધુનું આમંત્રણ', 'એક ઘા', 'ત્યાગ' અને 'ચુંબન વિપ્લવ' જેવાં કાવ્યો જાણે પ્રેમ કથામાંથી અવતરેલા હોય એવું લાગે છે. કલાપી છેલ્લે છેલ્લે અંતર્મુખી થઈ વૈરાગ્ય તરફ ઢળેલા, તેથી જ તેમણે ગાયું હશે કે,

'છે ઈશ્ક જોયો ખૂબ તો જોવું હવે જે ના દીઠું,
કિસ્મત બતાવે ખેલ તે આનંદથી જોવા સહી !'
'આ ચશ્મ બુરજે છે ચઢ્યું આલમ બધી નિહાળવા,
તે ચશ્મ પર પાટો તમે વીંટી હવે શકશો નહીં.'

ઉર્મિથી રસાયેલું ચિંતન તેમની કવિતાનું મહત્વનું લક્ષણ છે. તેમની કવિતામાં ઠેર-ઠેર ઉત્તમ પંક્તિઓ મોતીની જેમ વેરાયેલી પડેલી છે. જેમકે,

'દર્દીના દર્દની પીડા વિધિનેય દીસે ખરી,
અરે ! તો દર્દ કાં દે છે, ને દે ઔષધ કાં પછી ?'

'સૌંદર્યો વેડફી દેતાં ના, ના, સુંદરતા મળે
સૌંદર્યો પામતાં પ્હેલાં સૌંદર્ય બનવું પડે.'

'જે પોષનું તે મારતુ એવો દીસે ક્રમ કુદરતી !'

'જન્મને જીવના કૃત્યો છે આકસ્મિક સૌ અરે !



પાસા ફેંકે જનો સર્વે દા દેવો હરિહાથ છે.'

કવિતા ઉપરાંત બીજા સાહિત્ય પ્રકારો પર પણ તેમણે કલમ ચલાવી છે. '૧૪૪ પત્રો' અને 'પત્રધારા' તેમના પત્ર સાહિત્યનાં પુસ્તકો છે. 'કાશ્મીરનો પ્રવાસ' (૧૯૧૨) તેમનું પ્રવાસ વર્ણનને લગતું પુસ્તક છે. 'રોમન સ્વરાજ' અને 'ગુરુ ગોવિંદસિંહ' નામના બે નાટકો ઉલ્લેખનીય છે. ડાહ્યાલાલ શિવરામ નાયક સાથે મળીને ઈ.સ. ૧૯૧૪માં લખેલું નાટક 'દુઃખી સંસાર' રંગમંચ પર રજૂ થયુ હતું. 'માલા અને મુદ્રિકા' (૧૯૧૨) અને 'નારી હૃદય' (૧૯૩૩) તેમના ભાષાંતરના ગ્રંથો છે.

ગુજરાતી સાહિત્યના આ મોરલાનો ટહુંકો કાયમ માટે ઈ.સ. ૧૯૦૦માં આકાશમાં ઓગળી ગયો હતો.



## (૩૬)

# વોલ્ફગેંગ મોઝાર્ટ

## (૨૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૭૫૬)

વિશ્વના મહાન સંગીતકારોમાં જેની ગણના થાય છે એવા સંગીત સમ્રાટ મોઝાર્ટનો જન્મ, આર્કબિશપના વાયોલિન વાદક લિઓપોલ્ડના ઘરમાં, ઓસ્ટ્રિયાના આલ્ઝબર્ગ પ્રાંતમાં ૨૭, જાન્યુઆરી, ઈ.સ. ૧૭૫૬ના રોજ થયો હતો. પિતા તરફથી જાણે સંગીત વારસામાં મળ્યું હોય તેમ માત્ર ત્રણ વર્ષની સાવ નાની ઉંમરમાં જ તેણે સ્વતંત્ર પિયાનો વગાડવાની કલા હસ્તગત કરી લીધી હતી. તેના પિતાની નજરે આ એક અકલ્પ્ય ચમત્કાર હતો.

રાત-દિવસ સંગીતમાં રચ્યા પચ્યા રહેતા મોઝાર્ટની ઈચ્છા સંગીતના ક્ષેત્રમાં સર્વોચ્ચ શિખરે પહોંચવાની હતી. સંગીત એને માટે સાધના બની ગયુ હતું. સંગીત એનો પ્રાણ હતો. બાળકો સાથે ખેલવા કૂદવાની ઉંમરે એણે પિયાનો સાથે ખેલવાનું શરૂ કરી દીધું હતું. તેના પિતા જ્યાં પણ સંગીતના કાર્યક્રમો કરવા જતા ત્યાં બાળક મોઝાર્ટને સાથે લઈ જતા. તેના પિતા સંગીતના કાર્યક્રમો કરવા યુરોપના પ્રવાસે ગયા હતા ત્યારે તે પુત્ર મોઝાર્ટને સાથે લઈ ગયેલા. મોઝાર્ટ માટે તેના પિતા તેના ગુરુ અને આદર્શ હતા. આમ સંગીતની આબોહવામાં જ એક સંગીતકાર તરીકે એવું ઘડતર થયેલું. પિતાને એનામાં વિશેષ પ્રતિભાના દર્શન થઈ ગયેલાં. તેથી તેઓ તેને વિશિષ્ટ માર્ગદર્શન આપતા રહેતા. આમ મોઝાર્ટનો કસબ કેળવાતો ગયો.

મોઝાર્ટએ હવે સંગીતના ક્ષેત્રમાં પોતાનું મૌલિક સર્જન કરવાનું નક્કી કરી લીધું હતું. તેણે તેની શરૂઆતની સંગીત રચનાઓ લંડનમાં લખેલી. તેર વર્ષની ઉંમરે તે ઈટાલિયન ઓપેરા અંગે જ્ઞાન અને અનુભવ મેળવવા માટે ઈટાલી



ગયેલો. અહીં તેણે તેની સ્વતંત્ર સંગીતિકાઓની રચના કરી હતી. તેની આ રચનાઓએ તેને સંગીતની દુનિયામાં એક અદના સંગીતકાર તરીકે સ્થાપી દીધેલો.

ઈ.સ. ૧૭૭૭માં એકવીસ વર્ષની ઉંમરે મોઝાર્ટએ ફ્રાન્સનો સંગીત પ્રવાસ ખેડેલો. અહીં પણ તેણે મૌલિક 'પેરિસ સીમ્ફની'ની સંગીત રચના કરીને વિશ્વના સંગીત સમ્રાટોનું ધ્યાન ખેંચ્યું હતું. આ સમય દરમ્યાન તેમની માતાનું અવસાન થતાં ફ્રિડોલીન વેબરની સંગીતની ચાહક એવી દિકરી કોન્સ્ટેન સાથે તેણે લગ્ન કરી લીધું હતું.

રાત-દિવસ સંગીતની નવી નવી મૌલિક રચનાઓ કરવાની તેને માથે ધૂન સવાર થઈ ગયેલી. કશુંક નવુ સર્જન કરવા તે હંમેશા મથતો રહેતો હતો. તે વિયેનામાં જ મોટાભાગનો સમય ગાળતો અને નવી નવી રચનાઓનું સર્જન કરતો. સંગીતની દુનિયામાં હવે તેનું નામ ગાજતું થઈ ગયેલું. તેની વિલક્ષણ પ્રતિભાથી પ્રભાવિત થઈને ઈટાલીના બેલોગ્ના શહેરની મશહૂર 'ફિલહાર્મોનિક અકાદમી'એ તેને પોતાનો સભ્ય બનાવી દીધો હતો. ઈટાલીના પાટનગર રોમના પોપ કલમંટે તેને 'ઓર્ડર ઓફ ગોલ્ડન સ્પર'થી સન્માનિત કર્યો હતો. એકલા મિલાન નગરમાં જ તેણે રચેલ 'મિથિડેટ્સ' ઓપેરાના સળંગ વીસ પ્રયોગો થયેલા.

ઈ.સ. ૧૮૭૧માં પ્રસિદ્ધ સંગીતકાર હાઈડનના સંપર્કમાં તે આવેલો. હાઈડને તેની પ્રતિભા પારખીને ગૂઢ સિમ્ફનીઓ તથા ક્વોર્ટટોની રચના કરવાની પ્રેરણા આપેલી. આ પછી તેણે તેની સૌથી શ્રેષ્ઠ એવી છ સિમ્ફનીઓની રચના કરી હતી. આવું જ ઉત્તમ સર્જન તેનું છેલ્લું સ્ટ્રિંગ ક્વોર્ટટો છે. તે તેના સ્વરોના સંમાર્જનને લઈ સૌથી વધુ ઉત્તમ અને સફળ બન્યું છે.

એ જમાનામાં ઓપેરા એટલે માત્ર ઈટાલીનું જ એવું મનાવા લાગેલું. મોઝાર્ટે એ ભ્રમ ભાગવા જર્મન ભાષા અને જર્મન વલણની સાંગીતિક અભિવ્યક્તિ દ્વારા ઓપેરા સર્જવાની કોશિશ કરી હતી. તેણે જર્મન ભાષા અને જર્મન સંગીતનો સમન્વય સાધીને 'ધ મેજિક ફલ્યૂટ' ઓપેરાની રચના કરી હતી. તેના બે સર્જનો

'ડોન ગિયોવાની' અને 'કુર્આ ફેન ટટ' જેવાં ઓપેરાએ ખૂબ કીર્તિ પ્રાપ્ત કરી હતી. આ બે સર્જનોએ મોઝાર્ટનું નામ સંગીતના ઈતિહાસનાં પાનાં પર સુવર્ણાક્ષરે અંકિત થઈ ગયેલું. આજે પણ વિશ્વના અનેક દેશોમાં તેની આ બે રચનાઓ ગાવા-વગાડવામાં આવે છે.

તેણે રચેલી સાંગિતીક રચનાઓ લગભગ ૬૨૪ જેટલી છે. છે ને કમાલ ? સંગીતની દુનિયામાં મોઝાર્ટ મરીને પણ અમર થઈ ગયો છે.

●





## (૩૭)

# પંડિત જશરાજ

## (૨૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૦)

સંગીત એ ભારતનો પરંપરાગત વારસો છે. પેઢી દર પેઢી ભારતીય સંગીતમાં અવનવા પ્રયોગો થતા આવ્યા છે. આપણા સંગીતકારોએ એમના સંગીત વડે વિશ્વને ઘેલું કર્યું છે. આવા સંગીતકારોમાં લોકપ્રિયતાની ટોચ ઉપર બિરાજેલા સંગીતકાર પંડિત જશરાજનો જન્મ હરિયાણા રાજ્યના હિસાર મુકામે મેવાતી ઘરાનાના સુખ્યાત સંગીતકાર અને ગાયક મોતીરામને ઘેર ૨૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૦ના રોજ થયો હતો. સારા-માઠા અનુભવો અને સંઘર્ષથી જ માનવીનું ઘડતર થાય છે એવું સ્પષ્ટપણે માનનારા તેઓ વતન છોડીને હૈદરાબાદ જઈ વસેલા.

તેમની ત્રણ વર્ષની ઉંમરે તેમના પિતાનું અવસાન થયેલું. તેથી જશરાજને ભણાવવાની જવાબદારી મોટાભાઈ મણિરામને ઉપાડવી પડેલી. પણ યુવાન અને તરવરિયા જશરાજને શાળાના બંધિયાર વાતાવરણ કરતાં બહારના ખુલ્લા વાતાવરણમાં વધારે આનંદ આવતો. તેથી તેઓ તેમના ઘરની પાસે એક ચા-નાસ્તાના નાનાશા સ્ટોર પર બેસી રહી ગ્રામોફોન પર વાગતી તે સમયની જાણીતી ગાયિકા બેગમ અખ્તરની ગ્રામોફોન પર વાગતી રેકર્ડ્સ સાંભળ્યા કરતાં. 'દિવાના બનાના હૈ તો દિવાના બના દે' એ ગીત ઉપર તો એ ઝૂમી ઊઠતા.

તેમના ભાઈ પ્રતાપ નારાયણને તેમની સંગીત પ્રત્યેની દીવાનગી સમજાઈ ગઈ હતી. તેથી તેમણે જશરાજજીને તબલાં વગાડવાની તાલીમ આપવાનું શરૂ કર્યું. તેમણે તબલાંવાદનમાં એવું પ્રભુત્વ મેળવી લીધું કે તેઓ તેમના ભાઈઓના સંગીતના કાર્યક્રમોમાં તબલાંની સંગત કરવા લાગી ગયેલા. પછી તો

તબલાંવાદનની તે કળા તેમણે એવી તો હસ્તગત કરી લીધેલી કે તેમને તબલાંવાદન માટે આમંત્રણો મળવા લાગ્યાં. એકવાર એક ગાયકે તેમનું અપમાન કરેલું. તેમને કાળજે કારમો ઘા થયેલો. અને તેમની દિશા બદલાઈ ગઈ. આ દરમ્યાન કોમી તોફાનો ફાટી નીકળતાં હૈદરાબાદ છોડી તેઓ અમદાવાદ આવેલા. ત્યારે જશરાજજીની ઉંમર ચૌદેક વર્ષની હતી. જશરાજ અને તેમના પરિવારને સાણંદના ઠાકોરે આશ્રય આપેલો અને રાજ્યના સંગીતકાર તરીકે નીમેલા. અહીં તેઓ ભાઈ મણિરામજી જ્યારે માતાજીનાં ભજનો ગાતા ત્યારે તબલાં પર સંગત આપતા. ત્યારે જશરાજજીને માતાની શક્તિનો અદ્‌ભુત પરચો મળેલો. પછી દેશ આઝાદ થતાં સાણંદની ઠકરાતનું વિલિનીકરણ થઈ ગયું. રાજ્યાશ્રય બંધ થતાં તેમનો પરિવાર કલકત્તા ચાલ્યો ગયેલો. અહીં આવ્યા પછી તેઓ સતત રિયાઝ કરવા લાગ્યા. ક્યારેય દિવસોના ઉપવાસ થતા, એકવાર જશરાજજીનો ઓલ ઈન્ડિયા રેડિયો ઉપરથી કાર્યક્રમ પ્રસારિત થવાનો હતો ત્યારે જ માતાનો સ્વર્ગવાસ થયેલો. બસ, પછી તો કીર્તિ એમનાં ચરણ ચૂમવા લાગી, કાર્યક્રમો દરમ્યાન તેઓ જાણીતા ફિલ્મ નિર્માતા 'વ્હી' શાંતારામની પુત્રી મધુરાના પરિચયમાં આવ્યા. પરિચય પ્રેમમાં પરવર્તિત થઈ ગયો. છેવટે બંને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં.

તેમની પત્ની તરફથી તેમને સતત પ્રોત્સાહન મળતુ રહેલું. ઈ.સ. ૧૯૫૨માં નેપાળના પાટનગર કાઠમંડુમાં નેપાળ નરેશ મહારાજા ત્રિભુવન વિક્રમની સામે તેમણે સૌ પ્રથમ જાહેર કાર્યક્રમ આપેલો. ઈ.સ. ૧૯૫૪માં તેમણે આવો જ જાહેર કાર્યક્રમ મુંબઈમાં યોજેલો. રિયાઝ કરવાની સાથે સંગીતમાં નવી શોધખોળ કરવાનું ચાલુ રાખેલું. એક કાર્યક્રમમાં તેઓ રાગ 'ધૂલિયા મલ્હાર' ગાતા હતા ત્યારે આચાનક વરસાદ વરસેલો. એજ રીતે બનારસમાં તેઓ 'રાગિણી તોડી' ગાઈ રહ્યા હતા ત્યારે સભાગૃહમાં એક હરણ પ્રવેશી ગયેલું. તેમણે પૂજાના એક જાહેર કાર્યક્રમમાં 'જશરંગી' નામ આપીને શ્રોતાઓને પાગલ કરી દીધેલા.



તેઓ કાર્યક્રમોમાં ગમે તેવા વ્યસ્ત હોય છતાં પણ હૈદરાબાદને ભૂલતા નહીં, તેમને હૈદરાબાદની પ્રજાએ 'સંગીત માર્તંડ'નું બિરુદ આપેલું. તેમના કાર્યક્રમો ભારતના સીમાડા વટાવી વિશ્વના અનેક દેશોમાં યોજાતા. છેલ્લે, તેમણે વસવાટ માટે મુંબઈને પસંદ કરેલું. તેમણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયનાં પદો વડે સંગીતને એક નવી તરાહ આપેલી સંસ્કૃત ભાષાની રચનાઓનો ગાયનમાં સમાવંશ કરીને તેમને શ્રેષ્ઠતા બક્ષી છે. એક પાકિસ્તાની મુસ્લિમે તો એમના વિશે કહેલું કે, 'પંડિતજી ! તમે તો માત્ર ભજનો ગાઓ છો, પણ અમને તો તેમાં અલ્લાહનાં દર્શન થતાં હોય છે.'

તેમણે પોતાને સાણંદના ઠાકોર સાહેબના 'માનસપુત્ર' તરીકે ઓળખાવ્યા છે. તેમણે સર્જેલી મુખ્ય રચનાઓમાં 'ગીત ગોવિંદન', 'સૂર લય છંદ', 'સૂરપદાવલિ', તથા 'સંગીત સૌરભ'નો સમાવેશ થાય છે. તેમણે તેમના પિતાની સ્મૃતિમાં 'પંડિત મોતીરામજી સંગીત અકાદમી'ની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૭૫ અને ઈ.સ. ૧૯૯૦માં ભારત સરકાને તેમને અનુક્રમે 'પદ્મભૂષણ' અને 'પદ્મવિભૂષણ' જેવા ખિતાબોથી નવાજ્યા હતા. વૃંદાવન તરફથી 'સ્વામી હરિદાસ સંગીતરત્ન' અને ભોપાલ તરફથી 'કલારત્ન' જેવા ખિતાબો તેમને પ્રદાન કરવામાં આવ્યા છે. સંગીતના આ ભીષ્મપિતામહનું તાજેતરમાં જ અવસાન થયું છે.



## (૩૮)

# રાજેન્દ્ર શાહ

## (૨૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૩)

સ્વાતંત્ર્ય યુગના પ્રમુખ કવિ રાજેન્દ્ર શાહનો જન્મ ૨૮, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૩ના દિવસે કપડવણજ ખાતે તેમના મોસાળમાં થયો હતો. તેમના પિતાનું નામ કેશવલાલ અને માતાનું નામ લલિતા હતું. તેમની ઉંમર બે વર્ષની થઈ ત્યાં પિતાનું અવસાન થયેલું. તેથી તેમના ઉછેરની જવાબદારી વિધવા માને શિરે આવી પડેલી. કપડવણજની પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી તેઓ મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં જોડાયા હતા.

તેઓ મેટ્રિકમાં હતા ત્યારે દેશમાં અસહકારનું આંદોલન જોરશોરથી ચાલતુ હતું. તેઓ પણ આ આંદોલનમાં જોડાયા. તેથી તેઓ મેટ્રિકની પરીક્ષા આપી શકેલા નહીં. આ લડતમાં ભાગ લેવા બદલ અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી ત્રણ મહિનાની કઠોર સજા કરી યરવડા જેલમાં મોકલી આપેલા. યુવાન રાજેન્દ્રના જીવનની એક ઘટના નોંધવા જેવી છે. તે સમયે કપડવણજના ટાવર પર અંગ્રેજ સરકારનો ધ્વજ ફરકતો રહેતો. રાજેન્દ્રથી એ જોયું ના ગયું. તેઓ ટાવર પર ચઢી ગયા અને ધ્વજ હાથમાં લઈ નીચે કૂદી પડ્યાં. બદ્‌નસીબે તેઓ બચી તો ગયા પણ પછીથી લાંબી માંદગી ભોગવવી પડેલી.

માતાની ઈચ્છાને માન આપીને તેમણે ઈ.સ. ૧૯૩૨માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી. તે પહેલાં ઈ.સ. ૧૯૩૧માં મંજુલાબેન સાથે તેમનું લગ્ન થઈ ગયેલું. એ પછી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈની વિલ્સન કોલેજમાં દાખલ થયા હતાં. ભણતરના ખર્ચને પહોંચી વળવા જોગેશ્વરીમાં રહીને તેમણે 'સી. પારેખ એન્ડ કંપની'માં નોકરી કરવા માંડી, મેલેરિયાના રોગમાં સપડાયેલા તેમણે એક



વર્ષ પછી મુંબઈ છોડ્યું અને 'બરોડા કોલેજ'માં પ્રવેશ મેળવ્યો. બી.એ. થયા ત્યાં સુધી તેમણે ખાનગી ટ્યૂશનો મેળવી નિર્વાહ ચલાવેલો.

અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે તેઓ અમદાવાદ આવીને 'ગુજરાત કોલેજ'માં જોડાયા. પણ આર્થિક ઉપાર્જન માટે અભ્યાસ અધૂરો મૂકી ઢાલગરવાડમાં ચાલતી એક શાળામાં શિક્ષક તરીકે જોડાયા.

એમનાં માતા કાવ્યરસિક સન્નારી હતાં. તેઓ કવિતાઓ કરતાં. આ સંસ્કારો કિશોરાવસ્થામાં જ રાજેન્દ્રને પ્રાપ્ત થયેલા. અહીં અમદાવાદ તેમનો પરિચય મૂર્ધન્ય ઋષિ કવિ સુંદરમ્ સાથે થયો. સુંદરમ્‌ની ભલામણથી તેજ અરસામાં શરૂ થયેલી સંસ્થા 'જ્યોતિસંઘ'માં એમને નોકરી મળી ગઈ. ફાજલ સમયમાં તેઓ ટ્યૂશનો પણ કરી લેતા. પણ નોકરીમાં એમનું મન પરોવાનું ન હતું. આથી નોકરી છોડી તેમણે એલિસબ્રિજ વિસ્તારમાં વી.એસ, હૉસ્પિટલ પાસે 'ગૃહસાધન' નામે દુકાન શરૂ કરી. તેમણે 'ઈંધન' નામનો એક કોલસાનો સ્ટોર પણ શરૂ કરેલો. એક મિત્રની ભાગીદારીમાં રેટિંયાવાડીમાં બોબિન બનાવવાનું કારખાનું પણ શરૂ કરેલું. બે વર્ષ પછી તેમને આ બધા ધંધા સંકેલી લેવા પડેલા.

ઈ.સ. ૧૯૪૫માં મુંબઈ જઈ એક કંપનીમાં ત્રણ-ચાર માસ સેક્રેટરીની નોકરી કર્યા બાદ લાકડાં કાપવાનો કોન્ટ્રાક્ટ રાખતી એક કંપનીમાં નોકરીએ જોડાયા. જંગલની રઝળપાટે તેમની સૌંદર્ય દૃષ્ટિને સંકોરી. તેમણે ૧૯૫૧માં કાગળનો વેપાર શરૂ કરેલો. સુખ-દુઃખના પડછાયામાં પણ તેમણે જીવન જીવી જાણ્યું હતું.

એકવાર એમણે એમના ગુરુ ઉપેન્દ્રાચાર્યનું ગીત 'પથ્થર પર પાણીનો ધોધ' સાંભળ્યું અને તેમના કવિ સંસ્કારો જાગૃત થઈ ઉઠ્યા. તેઓ અત્યારના જાણીતા 'કુમાર' સામયિકમાં પ્રગટ થતાં લબ્ધપ્રતિષ્ઠિત કાવ્યો વાંચતા. અમદાવાદની બુધસભાના આંટાફેરાએ એમનો પરિચય 'કુમાર'ના તંત્રી બચુભાઈ સાથે કરાવ્યો. પછી તો તેમણે ઉપરા ઉપરી કવિતાઓ 'કુમાર'માં લખવા માંડી અને તેઓ કવિ

તરીકે જાણીતા થઈ ગયા. તેમના પ્રથમ કાવ્યસંગ્રહ ‘ધ્વનિ’ને મુંબઈ સરકાર તરફથી સાહિત્ય માટેનું પારિતોષિક મળેલું. ઈ.સ. ૧૯૫૧માં તેમનો ગીત સંગ્રહ ‘આંદોલન’ બહાર પડ્યો. તેમની સત્વશીલ કવિતાઓને ‘કુમાર સુવર્ણચંદ્રક’થી સત્કારવામાં આવેલી. તેમના કવિતા ક્ષેત્રના ઉન્નત પ્રદાન બદલ ઈ.સ. ૧૯૫૬માં પ્રસિદ્ધ થયેલ તેમના કાવ્યસંગ્રહ ‘ક્ષણ જે ચિરંતન’ને તે વર્ષનું ન્હાનાલાલ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. કવિની સાહિત્ય સાધનાને બિરદાવતો ‘ભક્તકવિ નરસિંહ મહેતા એવોર્ડ’ પણ એમને મળ્યો હતો. ઈ.સ. ૧૯૬૮માં તેમના ‘નીલાંજના’ કાવ્યસંગ્રહને ‘ધનજીકાનજી સુવર્ણચંદ્રક’ પ્રાપ્ત થયો હતો. તો વળી તેમના ‘ઈક્ષણા’ કાવ્યસંગ્રહને ધ્યાનમાં રાખીને તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનો ‘અરવિંદ સુવર્ણચંદ્રક’ એનાયત કરવામાં આવેલો. ઈ.સ. ૨૦૦૨માં શ્રેષ્ઠ ગણાતો ‘જ્ઞાનપીઠ એવોર્ડ’ મેળવવા તેઓ ભાગ્યશાળી થયેલા.

તેઓ સારા અનુવાદક પણ હતા. તેમણે અનેક અંગ્રેજી, બંગાળી અને સંસ્કૃત પુસ્તકોના અનુવાદો આપ્યા છે. ઈ.સ. ૧૯૫૭માં નવા કવિઓને પ્રોત્સાહિત કરવા પોતાના ખર્ચે ‘કવિલોક’ દ્વિમાસિક કર્યું હતું. આજે પણ આ સામયિક નિયમિતરૂપે પ્રગટ થતુ રહ્યું છે.

રાજેન્દ્ર શાહની કાવ્યશૈલી અદ્‌ભુત છે. તેમની સુત્રાત્મક કથનશૈલી ઓછા શબ્દોમાં ઘણું બધું કહી જાય છે. તેમના કાવ્યોમાં તેમની તાત્વિક દૃષ્ટિ ડોકાયા વગર રહેતી નથી. ‘શ્રાવણી મધ્યાહ્‌ને’ કાવ્ય એમની યશોકલગીસમું ઉત્તમ કાવ્ય છે. તેમના કાવ્યોમાં ઊંડું ચિંતન કલાત્મક રીતે રજૂ થાય છે.

કવિનાં કેટલાંક કાવ્યોમાં ગ્રામચેતનાનો ધબકાર સંભળાય છે. તેઓ પ્રકૃતિને મન ભરીને પીતા હતા. ‘ફાગણનું ફૂલ’ કાવ્યમાં તેઓ લખે છે -

“પેલા ફાગણના ફૂલનો ભરોસો ન કીજિયે,
એનું ભૂલમાંયે નામ નહીં લીજિયે.”

ઉમાશંકર જોશીએ જેમને ‘કવિવર’ કહીને સંબોધ્યા છે. એવા આ ખમીરવંતા



કવિ ૯૭ વર્ષનું લાંબુ જીવન જીવી ઈ.સ. ૨૦૧૦માં ખોળિયું બદલવા ચાલ્યા ગયા હતા. તેમની જ કાવ્ય પંક્તિથી આપણે એમને અંજલિ આપીએ -

“ખોળિયું બદલવાના અવસરને આવકારિયે,
ઉજવીએ ઉત્સવ સ્મૃતિ પ્રેમથી સંભારિયે.”

●



## (૩૯)

# રોમાં રોલાં

## (૨૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૬)

૨૦મી સદીના સમર્થ નવલકથાકારોમાં જેની ગણના અચૂક કરવી જ પડે એવા મહાન ફ્રેન્ચ નવલકથાકાર, સ્વતંત્રતા-સમાનતા અને વિશ્વબંધુત્વના પુરસ્કર્તા એવા રોમાં રોલાંનો જન્મ ફ્રાન્સના કલેમ્સી નામના નગરમાં ૨૯, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૬૬ના રોજ થયો હતો. તેમના પિતા જાણીતા વકીલ હતા અને માતા હતાં એક રાજ્યના અધિકારીની પુત્રી. તેમની મા સંગીતની સારી જાણકાર હતી અને ધાર્મિક સ્વભાવની પણ. આથી રોમાં રોલાં પણ નાનપણથી સંગીતમાં રસ લેતા થયેલા.

ઉચ્ચ શિક્ષણ તેમણે પેરિસમાંથી પ્રાપ્ત કર્યું હતું. અભ્યાસ દરમ્યાન તેઓ વિલિયમ શેક્સપિયરનાં નાટકો અને લીયો ટોલ્સ્ટોયની વાર્તાઓ રસપૂર્વક વાંચતા હતા. તેઓ એ બંનેના પરમ ચાહક હતા. ધીમે ધીમે તેમનામાં રહેલો સર્જક સળવળી ઊઠ્યો.

ઈ.સ. ૧૮૮૯થી બે વર્ષ સુધી પુરાતત્વ અને ઈતિહાસની સ્કોલરશીપ મેળવી રોમમાં અભ્યાસ કર્યો હતો. અહીં તેઓ રાજનીતિ, કલા અને લેખનનાં વિશેષજ્ઞ એવાં ફ્રોલિન માલવિદાવાન મેસેનબર્ગ નામનાં પ્રતિભાવંત મહિલાના પરિચયમાં આવ્યા. તેમની પાસેથી રોમાં રોલાં સંગીત પણ શીખેલા.

રોમથી પાછા આવી તેઓ પાટનગર પેરિસની નોર્મલ સ્કૂલમાં અધ્યાપક તરીકે જોડાયા. અધ્યાપન કાર્ય કરતાં કરતાં તેમણે કલમ ચલાવી અને ઘણા બધા વિવેચનાત્મક અને ઐતિહાસિક ગ્રંથોની રચના કરી પણ વિશ્વમાં એક પ્રતિભાવંત સર્જક તરીકે તેઓ ખ્યાતિ પામ્યા તેમની મહાનવલ 'ઝાં-ક્રિસ્તોફ'થી.



સમાજના દર્પણ તરીકે સ્વીકારાયેલી તેમની આ મહાનવલ ૧૦ ભાગમાં ઈ.સ. ૧૯૦૪થી ઈ.સ. ૧૯૧૩ સુધી ક્રમિક પ્રગટ થઈ હતી. રોમાં રોલાંએ આ કૃતિમાં યુરોપના સમગ્ર યુગનું ચિત્ર શબ્દસ્થ કર્યું છે. તેમાં જીવનની અનેક ધારાઓનું વાસ્તવિક આલેખન થયેલું જોવા મળે છે. સર્જકે એક સમગ્ર યુગની આકૃતિ અને તેની વેદના અને સાધનાને અનુપમ રીતે પ્રગટ કર્યા છે. આ નવલકથામાં નિર્જીવ પ્રણાલિકાઓ અને સર્જનાત્મકતાનો સંઘર્ષ છે. રોલાંની આ નવલનો ઉદ્દેશ ફ્રાન્સ, જર્મની અને ઈટાલીના સંકુચિત વાડાઓ તોડીને 'યુરોપની એક્તા' સર્જવાનો હતો. એ વેદના પર ચાદર પાથરીને એમના યુગનું સમગ્રતામાં નિર્માણ કરનાર સર્જક હતા. ઝંઝાવતના કાળમીંઢ ખડકોની વચ્ચે ઊભા રહીને તેમણે વિશ્વને સમસ્ત માનવતાનું દર્શન કરાવ્યું છે.

આ નવલકથા વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદિત થઈ છે. 'ઝાં ક્રિસ્તોફ' નવલકથાએ તેમને વિશ્વના ઉત્તમોત્તમ નવલકથાકારોની પંગતમાં આસાનીથી બેસાડી દીધા. તેમની આ નવલનો પ્રથમ ભાગ પેરિસના 'માઉન્ટયાને' નામના બિલ્ડીંગના પાંચમાં માળે આવેલા એક ફ્લેટમાં બેસી લખ્યો હતો અને 'કેહિયર્સ-દી-લાક્વિનઝેન' સામયિકમાં પ્રગટ થયો હતો.

એક પછી એક તેના ભાગો જેમ જેમ પ્રકાશિત થતા ગયા તેમ તેમ તેમને ભારે લોકચાહના મળવા લાગી. રોમાં રોલાં આખા યુરોપ ખંડમાં એક સાહિત્યકાર તરીકે પ્રસ્થાપિત થઈ ગયા. ઈ.સ. ૧૯૧૫માં ફ્રેન્ચ અકાદમીએ રોમાં રોલાંને સર્વોચ્ચ પુરસ્કાર આપી તેની સાહિત્ય સાધનાને બિરદાવી હતી. ગિલ્બર્ટ કેતન નામના એક લેખકે તેની મહાનવલકથાનો અંગ્રેજીમાં અનુવાદક કર્યા પછી તે વિશ્વભરમાં ખ્યાતિ પામી હતી.

રોમાંએ વિદ્યાર્થી અવસ્થામાં લખેલાં નાટકોમાંથી 'લે ટ્રેજડીઝ-ડી-લા ફાય' ખૂબ જ જાણીતું બન્યું હતું. તેમણે કેટલાંક જીવનચરિત્રો પણ લખ્યાં હતાં. રવીન્દ્રનાથ ટાગોરની મુલાકાત પછી તેઓ ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ તરફ

ખેંચાયા હતાં. જેના પરિણામરૂપે રામકૃષ્ણ પરમહંસ વિશે પણ તેમણે એક પુસ્તકની રચના કરી હતી.

વિશ્વશાંતિના પરમ આરાધક રોમાં રોલાં યુદ્ધના પ્રખર વિરોધી હતા. તેથી તેમને દેશ નિકાલની સજા ભોગવવી પડેલી. ૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૪૪ના રોજ ૭૮ વર્ષની ઉંમરે તેઓનું મૃત્યુ થયેલું.

●





## (૪૦)
# અમૃતા શેરગીલ
## (૩૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૩)

માત્ર ઓગણત્રીસ વરસનું ટૂંકું આયુષ્ય ભોગવીને મૃત્યુની ગોદમાં સમાઈ જનાર અમૃતાનો જન્મ પંજાબના મજીઠિયાના જમીનદાર ઉમરાવસિંગ શેરગીલને ઘેર તા. ૩૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૧૩માં થયો હતો. ઉમરાસિંગે હંગેરીયન યુવતી અંત્વાનિએત સાથે લગ્ન કર્યાં હતાં. અમૃતાનો જન્મ હંગેરીના પાટનગર બુડાપેસ્ટમાં થયો હતો. ઈ.સ. ૧૯૨૧માં અમૃતાના પિતાએ હંગેરી છોડી ભારતના સિમલામાં સ્થિર થવાનું નક્કી કર્યું હતું.

કહે છે કે રંગ, રેખા અને સૌંદર્ય પ્રત્યેની સંવેદના સાથે લઈને જ અમૃતા આ ધરતી પર અવતરી હતી. તેથીજ ખૂબ નાની ઉંમરમાં ચિત્ર કલાક્ષેત્રમાં તે આખા વિશ્વમાં છવાઈ ગઈ હતી. એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે અમૃતા માત્ર કલાસાધના માટે જ જન્મી અને જીવી હતી. માતા-પિતા તરફથી વારસામાં મળેલા કલાના સંસ્કારો તેણે રંગ અને રેખા વડે ઉજાગર કર્યાં હતા.

ત્રણ વર્ષની કુમળી વયે ડાન્યુબ નદીના કિનારે તેણે નિસર્ગને મન ભરીને માણ્યું હતું. આટલી નાની ઉંમરે એ રાતદિવસ જે કાગળ હાથમાં આવે તે કાગળ પર ચિત્રો દોર્યાં કરતી, ઘરની ભીંતો તો અજબગજબના ચિતરામણથી ઢંકાઈ ગયેલી જાણે ! એ જે જોતી તે કાગળ ઉપર ઉતારતી, ધીમે ધીમે એ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપતી થઈ. મા પાસેથી હંગેરીયન લોકગીતો સાંભળતી અને પછી એ લોકગીતના વાતાવરણને આકારબદ્ધ કરતી.

બુડાપેસ્ટમાં આઠ વર્ષ ગાળ્યા પછી આતંકવાદ અને હાડમારી વધતાં શેરગીલ પરિવાર ભારત આવ્યો. સિમલામાં તે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાલ લેતી. તેણે

સિમલાના ગેઈટી થિયેટરમાં હંગેરીયન નૃત્ય કર્યું હતું. તેણે એક ઉમદા કલાકાર થવાનું સ્વપ્નું જોયું હતું. આધુનિક પેઈન્ટિંગ્સમાં એને વિકૃતિ દેખાતી. અમૃતાને માતા તરફથી સંગીત વારસામાં મળ્યું હતું. તે સારી પિયાનોવાદક પણ હતી.

અમૃતાને ચિત્રકલા કુદરત તરફથી મળેલી અનુપમ ભેટ હતી. તેની કલાસાધનાને ઉત્તેજન મળે તે હેતુથી તેવા પિતા ઈ.સ. ૧૯૨૯માં પેરિસ આવ્યા. ઈ.સ. ૧૯૨૮માં અમૃતા અને તેની બહેન ઈન્દિરા મા સાથે ઈટાલીમાં રહ્યાં હતાં. અહીં ફ્લોરેન્સની એક આર્ટ્સ સ્કૂલમાં અમૃતા દાખલ થઈ હતી. અહીં તેનાં નગ્ન ચિત્રો સામે ભારે વિરોધ થયો. તેની કલાસાધનાને કોઈ હાનિ ના પહોંચે તે પહેલાં તે ભારત પરત આવી ગઈ.

છવ્વીસ વર્ષની ઉંમરે અમૃતાએ તેના ચિત્રોનું પ્રદર્શન યોજ્યું હતું. તેનાં ચિત્રોમાં આધુનિક્તા અને મૌલિક્તા તરવરતા હતાં. ભારતમાં એ સાડી પહેરવા લાગી. એનું સૌંદર્ય જોનારને આંજી નાંખતું. દિલ્હીમાં યોજાયેલી એક હરાજીમાં એક કરોડથી વધારે રકમની બોલી બોલાઈ હતી. તેનું એક ચિત્ર તો એક કરોડ સાડત્રીસ લાખ રૂપિયામાં વેચાયું હતું.

અમૃતા સ્પષ્ટવક્તા હતી. 'ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ ક્રાફ્ટ એસોશિએશન ફોર વ્યુ ફ્રોમ સ્ટુડિયો'એ સ્ત્રી ચિત્રકાર તરીકે એવોર્ડ આપી નવાજી હતી. અમૃતા ઈલોરા-અજંતાની ચિત્રકલાથી અભિભૂત થઈ હતી. તેમાં ચિત્રોમાં પૂર્વ અને પશ્ચિમની પરંપરાનો સમન્વય થયેલો જોવા મળે છે. એજ રીતે તે ભારતીય સંસ્કારો અને યુરોપીય સંસ્કારોનો સમન્વય હતી. 'જીવન' એનાં ચિત્રોની આધારશિલા હતી. તેનાં ચિત્રોમાં 'હિલમેન', 'હિલવીમેન', 'નવવધૂનું સ્નાનગૃહ', 'બ્રહ્મચારીઓ' અને 'બજાર જતા દક્ષિણ ભારતીય ગ્રામજનો' ઉલ્લેખનીય છે.

'ત્રણ યુવતીઓ' નામના તેના ચિત્રને 'બોમ્બે આર્ટ સોસાયટી' તરફથી સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો. એ પ્રથમ હરોળની ચિત્રકાર તરીકે સ્થાન પામી ચૂકી હતી. તેની ચિત્રકલાના કેન્દ્રમાં 'સ્ત્રી' હતી. આત્માના અવાજને ઓળખીને ચિત્રો



દોરતી, ઈ.સ. ૧૯૩૭માં લોકોને ગમે તેવાં પોર્ટ્રેટ ચીતરવાનું શરૂ કર્યું. તેણે તેના ઘરની પાછળના ભાગનું એક ચિત્ર દોરેલું. એમાં માટીનાં ઝૂંપડાં અને ભેંસ દોરેલાં છે. અમૃતાનું એ છેલ્લું ચિત્ર હતું.


અમૃતાએ તેના પ્રશંસક પ્રેમચંદ નામના યુવાનનું 'શ્વેતવસ્ત્રોમાં માણસ' નામનું ચિત્ર ચીતર્યું હતું. આ ચિત્રને 'ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટ્સ સોસાયટી'નું ઈનામ મળેલું. તેના 'ત્રણ યુવતીઓ' ચિત્રને પણ 'ધ બોમ્બે આર્ટ સોસાયટી' તરફથી સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

અમૃતાએ વિક્ટર નામના યુવાન સાથે લગ્ન કર્યાં હતાં. અમૃતા એટલી તો સૌંદર્યવાન અને આકર્ષક હતી કે જવાહરલાલ નહેરુ, મુલ્કરાજ ઈનંદ અને ખુશવંતસિંઘ જેવા મહાનુભાવો તેના પ્રત્યે આકર્ષાયા હતા.

ઈ.સ. ૧૯૪૧માં લાહોરમાં ભાડાના ઘરમાં વસવાટ શરૂ કર્યો અને વિક્ટર સાથે જીવન વીતાવવાની શરૂઆત કરી. પણ કુદરતને કદાચ એનું આ સુખ મંજૂર ન હતું. તે અચાનક માંદી પડી, તેને ખૂબ ઝાડા થઈ ગયા હતા. ડોક્ટરોની સારવાર પણ અમૃતાને બચાવી શકી નહીં. ૬ઠ્ઠી, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૪૧ની વહેલી સવારે માત્ર ઓગણત્રીસ વરસનું અલ્પ આયુષ્ય ભોગવી તેણે જિંદગીના છેલ્લા શ્વાસ લીધા. રાવી નદીના કિનારે તેના પાર્થિવદેહના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.

તેને તેના મૃત્યુનો અણસાર આવી ગયો હોય એમ પતિ વિક્ટરને એ કહેતી - ''મારે સખત પરિશ્રમ કરવાની જરૂર છે, કારણ કે મારી પાસે બહુ ઓછો સમય છે.''

●



(૪૧)

# જયશંકર ભોજક 'સુંદરી'

**(૩૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૮૯)**

પોતાના ભાવવાહી જીવંન અને સ્વાભાવિક અભિનયથી લોકોના વાહ વાહ મેળવનાર નાટ્યકલાના પરમ સાધક એવા જયશંકર ભોજકનો જન્મ ઈ.સ. ૧૮૮૯માં વિસનગરમાં થયો હતો. તેઓ તેમના પિતા ભૂધરદાસ ભોજકના બીજા નંબરના પુત્ર હતા. બાળપણથી જ નાટકો પ્રત્યે આકર્ષાયેલ જયશંકરને ભણવામાં જીવ ચોંટ્યો નહીં. તેમણે માત્ર નવ વર્ષની કાચી ઉંમરે નાટકની દુનિયામાં પગ મૂક્યો.

એ જમાનામાં મુંબઈમાં ઉર્દૂ નાટકોની બોલબાલા હતી. ત્યારે ઈ.સ. ૧૮૫૩ની શરૂઆતમાં વિષ્ણુદાસ અમૃતભાવે સાંગલીકર નાટકમંડળી લઈ મુંબઈ આવ્યા અને એમણે દેશી ભાષામાં નાટકો ભજવવાની શરૂઆત કરેલી. માત્ર નવ વર્ષની ઉંમરે પારસી નટ અને દિગ્દર્શક દાદાભાઈ રતનજી થૂથીની 'પારસી ઉર્દૂ નાટક મંડળી'માં સૌ પ્રથમવાર કલકત્તામાં જોડાયા. એ પછી ત્રણ વર્ષે 'મુંબઈ નાટક મંડળી'માં જોડાઈને 'સૌભાગ્ય સુંદરી' નાટકમાં 'સુંદરી'નુ પાત્ર એવું તો ભજવ્યું કે તેઓ 'સુંદરી'ના નામે ઓળખાવા લાગ્યા. તેમના સૂરીલા કંઠે તેઓ નાટકમાં ગીતો ગાતા ત્યારે પ્રેક્ષકો તેમના આફરીન થઈ જતા. એ નાટકના ત્યારે ૧૯૦થી વધારે પ્રયોગો થયેલા. કહેવાય છે કે સ્ત્રીઓ સાડી પહેરવાની અને ચાલવાની કળા એમની પાસેથી શીખેલી.

તેમનું ચારિત્ર્ય અતિ નિર્મળ હતું. માતૃભૂમિ પ્રત્યેનું ગજબનું આકર્ષણ, જૈન ધર્મમાં અપાર આસ્થા, નાટકને તેઓ તનમનથી વરેલા હતા. એમના માનમાં ગુજરાત સરકારે ઈ.સ. ૧૯૭૬માં રાયખડ વિસ્તારમાં એમના નામનું થિયેટર



બાંધ્યું. આ થિયેટર એમની હયાતીના હસ્તાક્ષર બની રહ્યું. ચં.ચી. મહેતાએ ત્યારે લખ્યું હતું, ''જયશંકરમાં નટ અને કલાકાર તરીકેની અપ્રતિમ શક્તિ હતી. આ માણસે, નાટકમાંથી એક પાઈ પણ નહીં લઉં એ પ્રતિજ્ઞા ગુજરાત વિદ્યાસભા સંચાલિત નટમંડળના નિયામક તરીકે છેક સુધી પાળી બતાવી અને નાટક પ્રત્યેનું ઋણ ચૂકવ્યું.''

રંગભૂમિની લગભગ પાંત્રીસ વર્ષ સેવા કરનાર તેમણે ૮૦૦૦ વાર અભિનયનાં અજવાળાં પાથર્યાં છે. 'મેના ગુર્જરી'ને બાદ કરતાં બધાં જ નાટકોમાં તેમણે નાયિકાનાં જ પાત્રો ભજવ્યા હતાં. ઈ.સ. ૧૯૩૨માં નિવૃત્ત થયા બાદ તેમણે તેમની આત્મકથા 'થોડાં આંસુ, થોડાં ફૂલ' લખી હતી. ઈ.સ. ૧૯૪૮માં તેમણે અમદાવાદમાં 'નાટ્ય વિદ્યામંદિર'ની સ્થાપના કરી અને તેઓ તેના આચાર્ય બન્યા. ગુજરાતી રંગભૂમિમાં તેમના પ્રદાનની કદર કરીને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો. તેમણે 'પદ્મવિભૂષણ' ખિતાબ પણ પ્રાપ્ત કર્યો હતો.

ગૌર તેજસ્વી ચહેરો, મોટી સફેદ મૂછો, સંસ્કારી અને કોમળ ભાષા, અવાજમાં વિશિષ્ટ લહેંકો તથા ચહેરા પર સતત વિલસતું સ્મિત એમના વ્યક્તિત્વની વિલક્ષણતાઓ હતી.

ગુજરાતના આવા પનોતા પુત્ર અને નટસમ્રાટ તા. ૨૨-૦૧-૧૯૭૫ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે કલાજગતને અલવિદા કરી ગયા.



## (૪૨)

# અલ્વા મિર્ડૉલ

## (૩૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૨)

૧૩મી ઓક્ટોબર, ઈ.સ. ૧૯૮૨ના દિવસે મેક્સિકોના ભૂતપૂર્વ વિદેશપ્રધાન અલ્ફાંઝો ગાર્શિયા રોબલ્સની સાથે સંયુક્ત રીતે નોબેલ પારિતોષિક મેળવનાર અલ્વા મિર્ડૉલનો જન્મ ૩૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૦૨ના રોજ સ્વીડનમાં થયો હતો. તેમના પતિનું નામ ગુનાર મિર્ડૉલ હતું. અર્થશાસ્ત્રના વિષયમાં વિશિષ્ટ પ્રદાન બદલ તેમને પણ સંયુક્ત રૂપે ઈ.સ. ૧૯૭૪માં નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. અલ્વા મિર્ડૉલને પરમાણુ નિઃશસ્ત્રીકરણના ક્ષેત્રમાં અપ્રતિમ કામ કરવા બદલ વિશ્વનું એ સર્વોચ્ચ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. નોબેલ પારિતોષિક માટે તેમના નામની જાહેરાત થતાં જ શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પ્રતિભાવ આપતા કહેલું કે -

‘‘આ નોબેલ પુરસ્કાર શાંતિ માટેની તેમની નિષ્ઠા, સમર્પણની ભાવના અને અણુશસ્ત્રોના વિરોધમાં તેમણે બજાવેલ કાર્યોની કદર છે.’’

અલ્વા મિર્ડૉલને આંતરરાષ્ટ્રીય ફલક પર સદ્‌ભાવના પેદા કરવાના હેતુસર ‘પંડિત જવાહરલાલ નહેરુ’ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું. જીનિવામાં યુ.એન.ના વડપણ હેઠળ નિઃશસ્ત્રીકરણ સંબંધી મંત્રણામાં ઈ.સ. ૧૯૬૨થી ૧૯૭૨ સુધીના દસ વર્ષ મહત્વની ભૂમિકા ભજવનાર અલ્વા મિર્ડૉલને તેમના દેશે યુ.એન.ની ‘શાંતિ કોંગ્રેસ’ના પ્રતિનિધિમંડળના અધ્યક્ષા તરીકે નિયુક્ત કર્યાં હતાં. સ્વીડન તરફથી તેમણે એ સંબંધે મહત્વની અને ઉપયોગી ભૂમિકા ભજવી હતી.

અલ્વાનું વ્યક્તિત્વ અનુપમ, આકર્ષક અને લાવણ્યમય હતું. ઈ.સ. ૧૯૨૪માં



તે ગ્રેજ્યુએટ થયેલાં. તેજ વર્ષે તેમનું લગ્ન પણ થઈ ગયેલું. તેમના પતિ જાણીતા અર્થશાસ્ત્રી હતા. તેમણે પણ ‘નોબેલ પારિતોષક’ મેળવી બહુમાન પ્રાપ્ત કર્યું હતું. પતિ-પત્નીનાં ક્ષેત્રો ભિન્ન હોવાને પરિણામે દિવસો સુધી પોતપોતાની પ્રવૃત્તિઓની વ્યસ્તતાને લઈ બંનેને એકબીજાથી અલગ રહેવું પડતું. તેમના દામ્પત્ય જીવનમાં ક્યારેય કડવાશ આવી ન હતી. પતિ-પત્ની પરસ્પર સહકાર અને સમજૂતીથી એકબીજાને અનુકુળ થઈ રહેતાં હતાં. બંને એકબીજાનો આદર કરી પારસ્પરિક સન્માન સાચવતા હતાં. આજ કારણે તેમનું દામ્પત્ય જીવન લાંબા સમય સુધી અતૂટ અને અખંડ રહ્યું હતું. તેમને ત્રણ સંતાનો પણ હતાં.

અલ્વા મિર્ડૉલ મોટા ગજાનાં સમાજ સેવિકા હતાં. વસ્તી વૃદ્ધિની સમસ્યા ઉપરાંત સામાજિક, આર્થિક અને કૌટુમ્બિક સ્થિતિના અભ્યાસમાં મિર્ડૉલને ખૂબ રુચિ હતી. આજ ક્ષેત્રોના સંદર્ભમાં લખાયેલાં તેમના બે પુસ્તકો ‘વિમેન્સ ટુ રોલ્સ’ તથા ‘નેશન એન્ડ ફેમિલી’ તે વખતે ખૂબ ખૂબ ચર્ચામાં રહેલાં. ‘ક્રાઈસિસ ઓફ પોપ્યુલેશન’ નામના મિર્ડૉલના પુસ્તકે તો રીતસરની આંધી જગાડી દીધી હતી. આ પુસ્તકની સફળતાએ જ તેમને ‘રોયલ પોપ્યુલેશન કમિશન’ના સલાહકાર બનાવી દીધેલાં.

તેઓ ઈ.સ. ૧૯૫૫માં સ્વીડનના મહિલા રાજદૂત તરીકે ભારત આવ્યા હતાં. તેમના ભારતના છ વર્ષના રોકાણ બાદ તેઓ ભારતીય સંસ્કૃતિનાં ચાહક બની ગયા હતાં. ભારત પ્રત્યે તેમને વિશિષ્ટ પ્રકારનું આકર્ષણ હતું. ભારતમાં તેમના અનેક પ્રશંસકો અને ચાહકો હતા. ખુદ પંડિત જવાહરલાલ નહેરુ પણ તેમના પ્રશંસક રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિના ઘનિષ્ઠ પરિચયથી તેમની વિચારધારામાં આમૂલ પરિવર્તન આવ્યું હતું.


તેમનું જીવન સતત પ્રવૃત્તિશીલ અને જવાબદારીપૂર્ણ હોવા છતાં એક પત્ની અને એક મા તરીકે તેઓ જરાય ઉણાં ઉતર્યાં ન હતાં. પૂરી નિષ્ઠા અને જવાબદારીથી તેમણે આદર્શ ગૃહિણી તરીકે કૌટુમ્બિક ભૂમિકા નિભાવી હતી.

ભારતીય સ્ત્રીઓ વિશે તેમણે લખ્યું હતું કે, ''ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પુરુષો સાથે ખભેખભા મિલાવી ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો અને આજે તેઓ જે શિખર પર પહોંચી ગઈ છે, ત્યાં સુધી પહોંચવામાં સ્વીડનની કહેવાતી મહિલાઓને હજુ વર્ષો લાગશે.''

આવાં ભારતનાં પરમ પ્રશંસક શ્રીમતી અલ્વા મિડોલ ઈ.સ. ૧૯૮૬માં દુનિયાને આખરી સલામ કરી અનંતની કેડીએ ડગ માંડી ગયા હતાં.

●





ફેબ્રુઆરી (૪૩)

# મોતીભાઈ અમીન

## (અવસાન : ૧, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૩૯)

સન્નિષ્ઠ કર્મયોગી અને ગુજરાત રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રચાર-પ્રસારથી જ્ઞાનયજ્ઞ આરંભનાર મોતીભાઈ અમીનનો જન્મ ૨૯, નવેમ્બર, ઈ.સ. ૧૮૭૩ના રોજ તેમના મોસાળ અલીન્દ્રા (વસો) નામના ગામે થયો હતો. તેમની નવ વર્ષની ઉંમરે પિતાનું સુખ ગુમાવી દેનારા તેમનો ઉછેર કાકાને ત્યાં થયેલો. ભણવામાં તેજસ્વી એવા તેમણે નિરાધારતા અનુભવ્યા સિવાય હિંમત અને આત્મબળથી કામ લઈ અભ્યાસમાં મન પરોવેલું. 'કામ એજ જીવન' એવા મંત્રને વરેલા તેઓએ સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. તેમણે 'વિદ્યાર્થી સમાજ'ની સ્થાપના કરેલી. આ સંસ્થાના નેજા હેઠળ જ્ઞાન પિપાસુ વિદ્યાર્થીઓ એકઠા મળીને ચિંતન, મનન અને ચર્ચા દ્વારા જ્ઞાનનો વિકાસ સાધતા.

વતનના ગામ વસોમાં શિક્ષણ મેળવી ઉચ્ચ અભ્યાસ માટે તેઓ વડોદરા ગયેલા. ત્યાં તેમણે 'વિદ્યાર્થી સમાજ પુસ્તકાલય' નામની સંસ્થાની શરૂઆત કરેલી. વડોદરાની કોલેજમાં અભ્યાસ દરમ્યાન 'ધ થર્ય ફાઈવ' નામે ૩૫ વિદ્યાર્થીઓના એક સંઘની રચના કરેલી. ઈ.સ. ૧૯૦૦માં તેઓ બી.એ. થયેલા. કંઈક નવું કરવાની ખેવનાવાળા તેમણે પુસ્તકાલય પ્રવૃત્તિમાં ઝંપલાવ્યું. તેઓ શિક્ષકની નોકરી કરતાં ગુજરાતી પ્રજાની વાચનભૂખ વધારવા અને એ ભૂખને સંતોષવા પ્રયત્નશીલ બન્યા. તેઓ માનતા કે શિષ્ટ પુસ્તકોના વાચનથી જ માણસનો 'માણસ' તરીકે વિકાસ થઈ શકે. પુસ્તકાલયને તેઓ જ્ઞાનની પરબ માનતા. વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવામાં પુસ્તકોનું ઊંચુ મૂલ્ય આંકનાર તેમણે ગામડાંમાં પુસ્તકાલયો સ્થાપવાની પ્રવૃત્તિ આરંભી. એકલા

વડોદરા જિલ્લામાં જ તેમણે ૪૦૦ પુસ્તકાલયોની સ્થાપના કરેલી. સાવ નાના અને છેવાડાના ગામડાંમાં જ્યાં પુસ્તકાલયો ઉભા કરી શકાય તેમ ન હતું ત્યાં દૂરના પુસ્તકાલય વડે તેમણે જ્ઞાનની સુવાસ ફેલાવેલી.

શિક્ષણ દ્વારા જ સમાજની સાચી સેવા થઈ શકે એવું દઢપર્ણ માનનારા તેમણે સારા પગારની નોકરી હોવા છતાં તેનો અસ્વીકાર કરીને શિક્ષકની નોકરી ચાલુ રાખેલી. સંસ્કાર અને ચારિત્ર્યને તેઓ જીવનની કિંમતી મૂડી સમજતા. પુસ્તકાલય ઉપરાંત તેઓ દુષ્કાળ કે રેલસંકટ જેવી આફતોમાં લોકોની વચ્ચે દોડી જતા અને પીડિત લોકોની સેવા કરતા. માનવસેવા તેમને મન સર્વોત્તમ ધર્મ હતો. વિદ્યાર્થીઓને મદદરૂપ થવાની ભાવનાથી તેમણે 'બોર્ડિંગ હાઉસ' ઉભું કરી પેટલાદની આસપાસના લોકોની ઉત્તમ સેવા કરેલી.

પુસ્તકાલ પ્રવૃત્તિ વિકસાવવામાં વડોદરાના શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડનો પૂરોપૂરો સહકાર મળેલો. ગુજરાત આજે તેમને 'પુસ્તકાલય પ્રવૃત્તિના પિતા' તરીકે યાદ કરે છે. તેમની પુસ્તકાલય પ્રવૃત્તિથી અભિભૂત થઈને અખિલ હિન્દુ પુસ્તકાલય પરિષદે તેમને 'ગ્રન્થપાલ ઉદ્યમ પિતામહ'ના ખિતાબથી નવાજ્યા હતા. તેમણે સમાજની સેવાના બદલામાં ક્યારેય માન-સન્માનની ખેવના રાખી ન હતી. અભિમાનથી દૂર રહી તેઓ એક અદના માનવી જેવું સાદગીપૂર્ણ જીવન જીવવાનું પસંદ કરતા હતા. સ્ત્રીને પુરુષ સમોવડી બનાવવા તેઓ જીવનભર ઝઝૂમેલા. આ એ સમય હતો કે સ્ત્રીઓ પગમાં પગરખાં પહેરીને જાહેરમાં બહાર નીકળી શક્તી ન હતી. આ સંજોગોમાં તેમણે 'પગરખાંની પરબ' શરૂ કરીને ઉત્તમ દાખલો બેસાડેલો.


કૂમળા બાળકોની એમને ખૂબ ચિંતા સતાવતી. બાળકોમાં સંસ્કારોનું સિંચન બાલ્યકાળથી જ થવું જોઈએ એવું માનનારા તેમણે બાળકોના વિકાસ માટે ગુજરાતનું સૌથી પ્રથમ બાલમંદિર વસોમાં શરૂ કરેલું. એ અર્થમાં તેમને ગુજરાતની બાલમંદિર પ્રવૃત્તિના પ્રણેતા પણ કહી શકાય. ગુજરાતની પ્રજાને શિષ્ટ વાચન સરળતાથી સુલભ થઈ શકે તે માટે તેમણે 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ' જેવી સહકારી સંસ્થાની શરૂઆત કરેલી. પુસ્તકો અને પુસ્તકાલયોની માહિતી પૂરી પાડતું 'પુસ્તકાલય' માસિક શરૂ કરવાનું શ્રેય અને એમને ફાળે જાય છે. આ માસિક આજે પણ ચાલતું રહ્યું છે.



તેઓ બાલશિક્ષણના ઋષિ તરીકે જાણીતા એવા ગિજુભાઈ પ્રેરણામૂર્તિ હતા. મોતીભાઈ અમીને જ ગુજરાતમાં સૌથી પહેલી મોન્ટેસોરી શાળાની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૧૬માં તેમણે 'ચરોતર એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના કરેલી. તેઓ તેજસ્વી છતાં આર્થિક દૃષ્ટિએ પછાત વિદ્યાર્થીઓને મદદરૂપ થવા હંમેશા પ્રયત્નશીલ રહેતા. આર્થિક પછાત વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવામાં હાલાકી ભોગવવી ના પડે તેવા ઉમદા હેતુથી તેમણે 'ચરોતર વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી' ઉભી કરી હતી.

તેઓ ગાંધી વિચારસરણથી અભિભૂત થયેલા હતા. ગાંધી પ્રવૃત્તિઓમાં તેઓ ઊંડો રસ દાખવતા. સર્વોદયની ભાવના એમણે આત્મસાત કરેલી. તેઓ એક સાચા સ્વદેશ ભક્ત હતા. તેથી 'સ્વદેશી'ની તેમણે પ્રબળ હિમાયત કરેલી. તેઓ હંમેશા ખાદીના વસ્ત્રો પહેરતા. ખોરાક પણ સાદો જ ખાતા. તેઓ સંયમી અને સદાચારી જીવન જીવેલા. નિવૃત્તિ પછી પણ તેમણે તેમની સેવા પ્રવૃત્તિ સક્રિયપણે ચાલુ રાખેલી. તેઓ સમાજ સુધારક હતાં. સમાજમાં વ્યાપી ગયેલી કુરૂઢિઓ અને કુરિવાજોને ડામવા એમણે પુરજોશમાં પ્રયત્નો આદરેલા.

આવા પ્રખર શિક્ષણહિતચિંતક, સેવામૂર્તિ, સમાજસુધારક અને સંતત્વને ધારણ કરનાર યોગી પુરુષનું જીવન કેન્સરની બિમારીને કારણે અમદાવાદમાં ૧, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૩૯ના રોઝ આથમી ગયેલું.



## (૪૪)

# માસ્ટર વસંત

## (૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૨)

"મેરી જાં ન રહે, મેરા સર ન રહે,
સામાં ન રહે, ન યે સાજ રહે,
બસ હિંદ મેરા આઝાદ રહે,
મેરી માતા કે સર પેતાજ રહે."

ભારતની આઝાદીના શ્રી ગણેશ થઈ ગયેલાં. ત્યારે ખભે ખાંપણ નાંખીને આઝાદીનો જંગ જીતવા નીકળી પડેલા લાખો જુવાનીયાઓના હૈયામાં જોમ પ્રકટાવવા માધવજી શુકલએ લખેલા રાષ્ટ્રભક્તિ ગીતની રેકર્ડ બજારમાં મૂકી હતી. આ ગીતને કંઠ આપ્યો હતો માસ્ટર વસંતે. આ ગીતની આગળી પંક્તિ હતી -

"ન યે દાગ બદનમેં સફેદ રહે,
ન તો કોઢ રહે, ન યે દાગ રહે."

આ પંક્તિમાં કવિએ ભારત માતાના શરીર પર ગોરી પ્રજાના શાસનરૂપી કોઢનો દાગ ન રહે એવી કલ્પના કરી હતી. આ એક જ પંક્તિથી અંગ્રેજ સરકાર એવી તો હરકતમાં આવી ગયેલી કે તેણે બજારમાંથી વીણી વીણીને બધી રેકર્ડ્સ કબજે કરી લીધી હતી. આ ગીતને બુલંદીથી ગાનાર માસ્ટર વસંતની ધરપકડ કરવાના પ્રયત્નો પણ સરકારે શરૂ કરી દીધા હતા. બુલંદ અવાજે જનતાનાં હૃદયોમાં રાષ્ટ્રભક્તિ અને શૌર્યરસને ઠોંસી ઠોંસીને ભરી દેનાર માસ્ટર વસંતનું નામ ભારતની આઝાદીના ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે અંકિત થયેલું છે.

જામનગરના રાજગાયક રહી ચૂકેલા માસ્ટર વસંતનો જન્મ તા. ૨, ફેબ્રુઆરી,



ઈ.સ. ૧૯૦૨ના રોજ જામનગર જિલ્લાના ગામ જામ ખંભાળિયાના ગરીબ બ્રાહ્મણ અમૃતલાલ મદનજીને ઘેર થયો હતો. એમના પિતા કથાકાર હતા. તેઓ દરરોજ હોર્મોનિયમ વગાડતા, સંગીત જ્ઞાન અને સંસ્કારો આ શૈશવકાળથી જ પિતા પાસેથી વારસામાં એમને મળ્યા હતા. પિતાજી સાથે હરિકથામાં હોર્મોનિયમથી સંગત કરવા માસ્ટર વસંત બેસતા. ત્યારે તેમની ઉંમર પાંચ વર્ષની હતી. એ જમાનામાં પણ પગપેટીનું જ ચલણ. માસ્ટર વસંતના પગ પગપેટીની ધમણ સુધી ક્યાંથી પહોંચે ? ધમણ ચલાવવા અલગ માણસની વ્યવસ્થા કરવી પડતી.

વસંતને પણ બાળપણથી જ સંગીત અને ગાયનવિદ્યામાં ભારે રસ હતો. તેમના પિતાએ તેમનાં રસક્ષેત્રો પારખી સંગીતની વૈજ્ઞાનિકે ઢબે તાલીમ આપવાની ગોઠવણ કરી હતી. તેમના પિતાએ એ જમાનામાં સંસ્કાર નગરી વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભરતી કરી દીધા. અહીં તેમણે સંગીતના પ્રાધ્યાપક મૌલાબક્ષ પાસેથી સંગીતનું જ્ઞાન મેળવ્યું. જોતજોતામાં તેમણે સંગીતની છ-છ પરીક્ષાઓ પાસ કરી દીધી.

માસ્ટર વસંતના પિતાને હરિકથામાં જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ આપતાં આપતાં ખરેખરો વૈરાગ્ય થયો. મા. વસંતની ઉંમર ત્યારે હશે સત્તરેક વર્ષની. અમૃતલાલ સંન્યાસ લઈ 'સ્વામી જયભગવાન' બન્યા. કુટુંબને સઘળો ભાર વસંતને માથે આવી પડ્યો. વસંતને સંગીતનું ઘેલું લાગી જવાનો ભય કુટુંબને સતાવતો હતો. તેથી તેને કુટુંબીઓએ મુંબઈની મૂળજી જેઠા કાપડ માર્કેટમાં આવેલી મામાની કાપડની દુકાને બેસાડી દીધો પણ તેમનો જીવ દુકાનમાં ના ચોંટ્યો.

તેમણે મુંબઈ છોડ્યું, પાછા વતનમાં આવ્યા. સંગીતની સાધના આરંભી, તેમનો પરિચય સંગીત સમ્રાટ ઓમકારનાથ ઠાકુર સાથે થયો. સદ્નસીબે તેઓને સંગીતક્ષેત્રના મહારથીઓ ફૈયાઝખાં, ખાં અબ્દુલ, બડે ગુલામલીખાં, કે.સી. ડે,

પંકજ મલિક અને સાયગલ જેવાઓનો સંપર્ક સોંપડ્યો. એમની સાથે અંગત સંબંધ બંધાયો.

આઝાદીની ચળવળ જોર પકડતી જતી હતી. દેશભક્તિનાં ગીતોથી ગામડાંની ગલીઓ ગુંજી ઉઠવા લાગી. પ્રભાત ફેરીઓ અને પ્રાર્થનાસભાઓમાં મા. વસંતના કંઠનાં કામણ વેરવા લાગ્યા. ઘર ઘરમાં એમની રેકર્ડસ વાગવા લાગી. મા. વસંતની પાછળ લોકો પાગલ થવા લાગ્યા. અંગ્રેજ સરકારે મા. વસંતનાં ગાયેલાં ગીતો પર પ્રતિબંધ મૂકી દીધો. આ પ્રતિબંધે તેમને ઘરઘરમાં જાણીતા કરી દીધાં.


મા. વસંત મોટા ગજાના ગાયક તો હતા જ, પણ તેઓ એટલા ઉત્તમ કવિ પણ હતા. તેઓ સ્વરચિત ગીત, ગઝલ કે ભજન ગાતા ત્યારે શ્રોતાઓ ઝૂમી ઊઠતા. તેમનો તમામ રાગ-રાગણીઓ ઉપર એક સરખો કાબૂ હતો. એમના પ્રિય રાગ તો હતા માલકૌશ, કુર્મા, જયજયવંતી, વસંત અને દરબારી કાનડા. ભારતમાં તો ઠીક એમણે એમના કંઠ અને સંગીતથી ગુજરાતને પરદેશોમાં પણ પ્રતિષ્ઠા અપાવી હતી. જામ સાહેબે તેમને 'સંગીતરત્ન'નો ઈલકાબ આપ્યો હતો. ભાવનગરના રાજા ભાવસિંહજી મહારાજે તેમને 'બાલગાધર્વ' અને 'સંગીત ભાસ્કર' જેવાં બિરૂદોથી નવાજ્યા હતા. એમના કામણગારા કંઠથી પ્રભાવિત થયેલા દ્વારકા પીઠના આદ્ય શંકરાચાર્ય અભિનવ સચ્ચિદાનંદજીએ 'સંગીતકલા કમલિની'ની પદવી અર્પણ કરી હતી.


જીવનભર તેઓ ઝિંદાદિલીથી જીવ્યા છે. સ્વમાનને તેઓ અણમોલ માનતા, કલાકારની તેમને મન ઘણી ઊંચી કિંમત હતી. કદી કોઈ રાજવીની સામે એમણે માથું ખંજવાળ્યું ન હતું. અનેક રાજવીઓ તરફથી એમણે અનેક ઈનામો-અકરામો મેળવ્યા હતાં. પોતાની કલાની કદર રૂપે તેમણે ૧૨૫ જેટલા સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા.

જીવનની ઢળતી સંધ્યાએ તેમણે સુરતમાં વસવાટ કર્યો હતો. ૪૨ની ચળવળ સમયે તેઓ બંને પગે સાવ અપંગ બની ગયેલા. આથી પથારીમાંથી ન ઊઠી



શકાય તેવી અવસ્થામાં 'ગુજરાત રાજ્ય સંગીત અકાદમી'એ તેમને ગૌરવ પુરસ્કારથી સન્માન્યા હતા. જીવનમાં અંત ભાગે આર્થિક અને શારીરિક વિટંબણાઓ ભોગવી છેવટે તે સંગીતના સઘળા આલાપો સંકેલી લઈ સદાને માટે ધરતીના ખોળે પોઢી ગયા.





## (૪૫)

# ઉસ્તાદ અલ્લારખાં

## (અવસાન : ૩, ફેબ્રુઆરી, ઈ.સ. ૨૦૦૦)

ભારતમાં તબલાવાદના વિશ્વ વિખ્યાત કલાકાર તરીકે મશહૂર થયેલા તબલાવાદક ઉસ્તાદ અલ્લારખાંનો જન્મ ૨૯, એપ્રિલ, ઈ.સ. ૧૯૨૯ના રોજ જમ્મુના ફાગવાલ નામના ગામમાં થયો હતો. નાનપણથી જ તબલાવાદના પ્રત્યે આકર્ષાયેલા તેઓ ઉત્તમ સાધનાથી જ તબલાવાદનની કલાનાં સર્વોચ્ચ શિખરો સર કરી ચૂક્યા હતા. તેઓ બાળપણમાં ગુરદાસપુર તેમના મોસાળમાં અભ્યાસ માટે ગયા હતા. પણ ભણવામાં તેમનું મન ચોંટતુ ન હતું. બાળવયથી જ એમની આંગળીઓ તેમની સામે જે વસ્તુ પડેલી દેખાય તેના પર થરકવા લાગતી. માત્ર ૧૨ વર્ષની ઉંમરે તેમણે મોસાળ અને અભ્યાસ બેઉ છોડી દીધેલાં. એમનું મન તો સંગીત તરફ ખેંચાઈ ગયું હતું. સંગીતની તાલીમ મેળવવા તેઓ કોઈ સાચા ગુરુની શોધમાં હતા.

તેઓ ગુરુની શોધ કરતાં કરતાં લાહોર પહોંચી ગયા. અહીં તેમનો ભેટો એક સંગીતના આરાધ્યદેવ સમા ગુરુની સાથે થઈ ગયો. એ ગુરુનું નામ હતું મિયાં કાદર બઈસ. તેમણે તેમની પાસેથી સંગીતની પદ્ધતિસરનું તાલીમ લેવાનું શરૂ કર્યું. તે પછી પતિયાલા ઘરાનાના ઉસ્તાદ આશિકઅલી ખાન પાસેથી તેમણે સંગીતને જાણ્યું અને આત્મસાત્ કર્યું.

તેમણે તેમની કારકિર્દીની શરૂઆત ઓલ ઈન્ડિયા રેડિયોથી શરૂ કરેલી. આકાશવાણી ઉપરથી રજૂ થયેલો તબલાવાદનનો કાર્યક્રમ પંચોલી સ્ટુડિયોના માલિક દલસુખભાઈ પંચોલીએ સાંભળ્યો. તેઓ અલ્લારખાંની તબલાવાદન કલાથી એવા તો પ્રભાવિત થઈ ગયેલા કે તેઓ તેમને ચલચિત્રોની દુનિયામાં



લઈ આવ્યા અને આમ ચલચિત્રોની દુનિયાના સંગીતક્ષેત્રમાં એમણે પગ પેસારો કર્યો. સ્વ. દલસુખભાઈ પંચોલીની ફિલ્મ 'ખાનદાન'માં અલ્લારખાએ સંગીત નિર્દેશક ગુલામહૈદરના સહાયક તરીકે તબલાવાદન કરી ખ્યાતિ મેળવેલી.

આમ સંગીતની દુનિયામાં પદાર્પણ કર્યા પછી તેમણે મુંબઈમાં વસવાનું શરૂ કરેલું. ઈ.સ. ૧૯૪૩થી ઈ.સ. ૧૯૪૮ના પાંચ વર્ષના સમયગાળામાં લગભગ ત્રીસ જેટલી ફિલ્મોમાં સંગીતની સંગત કરેલી. આ ચિત્રોમાં 'મા-બાપ', 'સબક' અને 'બેવફા' ખૂબ સફળ રહેલાં. તેઓ પોતે કુરેશી હોવાથી એ.આર. કુરેશીની સંગીત નિર્દેશન ટીમ સાથે જોડાયા હતા.

પણ તબલાને જીવન સમર્પી બેઠેલા આ કલાકારને ચિત્રજગતમાં ગૂંગળામણ થવા લાગેલી. આખરે ફિલ્મની દુનિયાને તિલાંજલિ આપી દીધી અને તબલાવાદનને ઉપાસના તરીકે સ્વીકારી તેઓ તેના પરમ ઉપાસક બની ગયા. આ સમયે તબલાવાદક તરીકે તેમની ખ્યાતિ દેશ-વિદેશમાં પણ ફેલાઈ ગયેલી. વિદેશમાં તેમણે તેમનો સૌથી પહેલો તબલાવાદનનો કાર્યક્રમ જાપાનમાં રજૂ કરેલો. તે પછી તેમની ખ્યાતિ એવી તો પ્રસરેલી કે વિશ્વના અનેક દેશોમાંથી કાર્યક્રમો કરવા તેમને આમંત્રણો મળવા લાગ્યાં.

તેઓને ઉર્દૂ ગઝલો પણ ખૂબ ગમતી હતી. ગાલિબ, મોમીન, મીર એમના માનીતા ઉર્દૂ શાયરો હતા. તેમના મોટા દીકરા ઝાકિરહુસેન પણ તબલાવાદનના ખૂબ ખ્યાતિ પામી ચૂક્યા છે. તેમના બીજા બે પુત્રો પણ તબલાવાદનની કળામાં માહેર છે. ભારત સરકારે તેમની કલાની કદર કરીને તેમને ઈ.સ. ૧૯૭૦માં 'પદ્મશ્રી'નો ખિતાબ એનાયત કર્યો હતો. આ મહાન તબલાવાદક મુંબઈમાં તેમના નિવાસસ્થાન 'સિમલા હાઉસ'માં ૩, ફેબ્રુઆરી, ઈ.સ. ૨૦૦૦ના રોજ જન્નતનસીન થઈ ગયા હતા.

●



## (૪૬)
# સત્યેન બોઝ
## (અવસાન : ૪, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૭૪)

ભૌતિક વિજ્ઞાનમાં પરમાણુ રચનામાં ‘બોઝોન’ નામના કણોનું નામ જેમના નામ પરથી પડ્યું છે. તેવા વૈજ્ઞાનિક પ્રા. સત્યેન બોઝનો જન્મ કોલકાતામાં ૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૯૪ના રોજ થયો હતો. તેઓ ભણતા હતા ત્યારથી જ ભૌતિક વિજ્ઞાનમાં એમને ઘણો રસ પડતો. ભણવામાં તેજસ્વી બુદ્ધિ પ્રતિભા ધરાવતા તેમણે કલકત્તા વિશ્વ વિદ્યાલયમાંથી એમ.એસસી.ની પદવી ઉચ્ચ ગુણવત્તા સાથે પ્રાપ્ત કરી હતી. તેમની તેજસ્વી કારકિર્દીને લઈ ઈ.સ. ૧૯૧૭માં કલકત્તા યુનિવર્સિટીએ ભૌતિક વિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂંક કરેલી. તેમને પુસ્તકિયાજ્ઞાન કરતાં સ્વપ્રયત્ને કરેલા સંશોધનમાં અધિક રસ પડતો. આમ તો તેઓ ભણતા હતા ત્યારથી જ ભૌતિક વિજ્ઞાનમાં નાના મોટા સંશોધનો કરતા રહેતા હતા. એમની આ સંશોધનવૃત્તિ દિનપ્રતિદિન વિકસતી ગઈ. તેઓ ભૌતિક વિજ્ઞાનનો ગણિત સાથે સમન્વય સાધી સંશોધનો હાથ ધરતા હતા. તેઓ પછીથી યુનિવર્સિટીમાં ભૌતિક શાસ્ત્ર વિભાગના અધ્યક્ષ બનેલા. ભૌતિક વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ, સંશોધનવૃત્તિ અને ફરજ પ્રત્યેની પ્રતિબદ્ધતાથી પ્રેરાઈને તેમને ‘વિશ્વભારતી’ યુનિવર્સિટીએ કુલપતિના ઊંચા હોદ્દા પર બેસાડેલા.

તેમણે આલ્બર્ટ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદ ઉપરના પુસ્તકનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરેલું. એ સમયે મેઘનાદ સહાના સહયોગમાં પ્રકાશિત કરેલું એ પુસ્તક માઈલસ્ટોન સમું પૂરવાર થયેલું. ઈ.સ. ૧૯૨૧માં માત્ર સત્તાવીસ વર્ષની ઉંમરે તેઓ ઢાકા યુનિવર્સિટીમાં ‘રીડર’ બનેલા. તેમણે અહીંથી મેક્સ પ્લાન્કના જાણીતા



‘પ્લાન્ક નિયમ’ની સાબિતિ આપતો નિબંધ તૈયાર કરીને આઈન્સ્ટાઈના માર્ગદર્શન અને મદદથી ફિઝિક્સ વિષયના પ્રતિષ્ઠિત સામયિકમાં પ્રસિદ્ધ કરાવેલો. આ નિબંધ પ્રકાશિત થવાથી આખા વિશ્વમાં એક વૈજ્ઞાનિક તરીકે ડૉ. બોઝનું નામ ગુંજતું થઈ ગયેલું. અભ્યાસ અને સંશોધન માટે તેઓ વિદેશોમાં પણ ગયેલા. રેડિયમની શોધક માદામ કયૂરીની પ્રયોગશાળામાં તેમની સાથે કામ કરવાનો મોકો પણ તેમને મળ્યો હતો. જર્મનીના પાટનગર બર્લિનમાં જઈ તેઓ આઈન્સ્ટાઈનની ઈન્સ્ટિટ્યૂટમાં જોડાયા હતા. તેમણે આઈન્સ્ટાઈન સાથે મળીને ‘બોઝ-આઈન્સ્ટાઈન’ નામનો પ્રાથમિક કણોના કેટલાંક ગુણધર્મો બતાવતો નવો સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો હતો. આ નવા શોધેલા સિદ્ધાંતથી તેમનું નામ આઈન્સ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિક સાથે જોડાઈ ગયું અને વિશ્વભરમાં અમર થઈ ગયું. આ નવા નિયમની શોધને કારણે તેઓ તે સમયના અનેક જાણીતા વૈજ્ઞાનિકોના પરિચયમાં આવેલા. ઈ.સ. ૧૯૨૫માં ઢાકા યુનિવર્સિટી સાથે જોડાઈને ઈ.સ. ૧૯૪૫ સુધી કામ કરેલું. તે પછી તેઓ પાછા કલકત્તા યુનિવર્સિટી સાથે જોડાઈ ગયેલા. તે પછી લંડનની વિશ્વ પ્રસિદ્ધ રોયલ સોસાયટીના સભ્યપદે ચૂંટાઈને તેમણે એમ.આર.એસ.નું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. આ પદ મેળવનારા ગણ્યાગાંઠ્યા વૈજ્ઞાનિકોમાં પ્રા. સત્યેન બોઝ પણ એક હતા.


પ્રા. સત્યેન બોઝ કલકત્તા વિશ્વ વિદ્યાલયમાં કાર્યરત હતા ત્યારે ભારત સરકારે તેમના કાર્યની કદર કરીને તેમને ‘રાષ્ટ્રીય અધ્યાપક’ તરીકે નિમણૂંક આપીને તેમની વિજ્ઞાનક્ષેત્રની સેવાઓને બિરદાવી હતી. ભારત સરકારે તેમને વિજ્ઞાનક્ષેત્રના નિષ્ણાંત તરીકે રાજ્યસભાના સભ્યપદ માટે પસંદ કર્યાં હતા. તેઓ ‘ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ’ના બે વખત પ્રમુખ પણ રહી ચૂક્યા હતા. ભારતની અનેક યુનિવર્સિટીઓએ તેમને માનદ્ ડી.લીટ.ની પદથી આપી યોગ્ય રીતે સન્માન્યા હતા. તેઓ માતૃભાષા દ્વારા શિક્ષણના પ્રખર હિમાયતી હતા. આથી માતૃભાષા દ્વારા વિજ્ઞાનના શિક્ષણ માટે તેમણે ‘બંગીય વિજ્ઞાન પરિષદ’

નામની માતૃભાષામાં વિજ્ઞાન શિક્ષણ આપતી એક સંસ્થાની સ્થાપના કરી હતી. તેઓ માત્ર વિજ્ઞાનના જ જ્ઞાતા ન હતા, પણ એક બહુશ્રુત વિદ્વાન હતા. આવા ભૌતિક વિજ્ઞાનના વિશ્વ વિખ્યાત અને સમર્થ વૈજ્ઞાનિક ૪, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૭૪ના રોજ આ ધરતી પરથી વિદાય થઈ ગયા હતા.

●







## (૪૭)

# જીવરામ શાસ્ત્રી

## (૫, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૬૬)

જ્ઞાનના મહાસાગર સમા 'ભગવદ્ ગોમંડલના'રચયિતા મહારાજા ભગવત્સિંહજીની સાક્ષરનગરી ગોંડલ શહેર તો જાણીતું છે. પણ તે સિવાય ગોંડલ શહેર તો જાણીતું છે તેમાં બિરાજમાન હાજરાહજૂર મા ભુવનેશ્વરીની શક્તિપીઠ તરીકે. આ ભુવનેશ્વરી શક્તિપીઠની સ્થાપના આચાર્ય ચરણતીર્થ મહારાજે કરી હતી. ચરણતીર્થ મહારાજનું સાંસારિક નામ હતુ જીવરામ કાલિદાસ શાસ્ત્રી. તેમનો જન્મ જામગર જિલ્લાના મેવાસા નામના ગામમાં પિતા કાલિદાસને ત્યાં ૫, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૬૬ના રોજ થયો હતો. તેમણે સાંસારિક જીવનનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કરેલો. ગંગાના નીર જેવું પવિત્ર જીવન જીવનાર આ પરમ સંત તે પછીથી ભુવનેશ્વરી શક્તિપીઠના જગદ્ગુરુ આચાર્ય શ્રી ચરણતીર્થજી મહારાજ તરીકે ઓળખાવા લાગેલા.

ગુલાબ તો કાંટાઓની વચ્ચે જ ખીલે છે, છતાં ગુલાબની નરમ પાંખડીઓને કાંટાનો સ્પર્શ થતો નથી. એ વિપત્તિઓની વચ્ચે જીવીને જ મહાનતાને પામી શકાય છે. વિશ્વની અનેક વિભૂતિઓના જીવનમાં આમ જ બનેલું છે. જીવરામની ઉંમરે આશરે આઠેકની થઈ હશે ત્યાં એમના મા-બાપ પાછાં ફરી ગયેલાં. નાનપણમાં જ સાવ અનાથ બની ગયેલા જીવરામે દુઃખના વાદળોને માથે ઝળુંબેલાં જોવા છતાંય, ધીરજ અને આત્મવિશ્વાસથી એ કપરા કાળનો હિંમતપૂર્વક સામનો કરી સોળ વર્ષની નાની ઉંમરે સંસ્કૃતમાં 'શાસ્ત્રી'ની પદવી પ્રાપ્ત કરેલી. જિજ્ઞાસ માનવીને મહાન બનાવે છે, જેનું મન અડગ છે, અટલ છે, સ્થિર છે તેવા માણસને

કામયાબીની મંજિલ ચૂમતાં કોઈ રોકી શક્તું નથી. જીવરામ બાળપણથી જ આવા અડગ મનોબળવાળા સ્થિતપ્રજ્ઞ પુરુષ હતા. જીવનમાં પરમાનંદ પામવાની અદમ્ય ઈચ્છાથી તેઓ નાનપણમાં જ ગિરનારની ગોદમાં ચાલ્યા ગયેલા. જેને કંઈક પામવું છે તેને સઘળું મળે છે, એ ન્યાયે ગિરનારમાં તેમનો મેળાપ યોગપ્રસિદ્ધ મહાત્માજી અચ્યુત સ્વામી સાથે થયેલો. આ અચ્યુત સ્વામી માઈભક્ત હતા. મા ભગવતીનો એમણે સાક્ષાતકાર કરેલો. તેમણે જીવરામને સંસ્કૃત શાસ્ત્રોનું દિવ્ય જ્ઞાન આપ્યું, સાથે સાથે મા ભુવનેશ્વરીની દીક્ષા પણ આપી. તેમને દેવી ભાગવતનું અદ્‌ભુત જ્ઞાન આપી તેનો મહિમા સમજાવ્યો.

'સેવાને જ પરમ ધર્મ' તરીકે સ્વીકારનાર આ સંત પુરુષે તેમના પૂર્વાશ્રમના કપરા જીવનના અનુભવોને વાગોળી સમાજસેવા કરવાનું નક્કી કર્યું. તેઓ પછી મુંબઈ ગયેલા, મુંબઈમાં તેઓ કેટલાંક જાણીતા વૈદ્યોના સંપર્કમાં આવ્યા. તેમની પાસેથી પ્રેરણા લઈ તેમણે લોકોને રોગ મુક્ત કરવાનું બીડું ઝડપ્યું. મુંબઈમાં પ્રેસમાં કામ કરતાં કરતાં તેમણે દેશી દવાઓનો અભ્યાસ શરૂ કરેલું. એમને પૈસાની ચિંતા ખૂબ પજવતી હતી. કોઈ ઉપાય હાથ ન લાગતા એમણે એમના વતનનું ઘર ગીરવે મૂકી દીધું. એમાંથી જે કંઈ નાણાં મળ્યાં એ નાણાં વડે એમણે મુંબઈમાં ઈ.સ. ૧૯૦૮માં 'રસશાળા ઔષધાશ્રમ'ની સ્થાપના કરી. તે પછી બે વર્ષે તેઓ પોતાની કર્મભૂમિ ગોંડલમાં પાછા આવી ગયા અને મહારાજા ભગવતસિંહજીની મદદથી અહીં પણ મુંબઈના જેવો જ 'રસશાળા ઔષધાશ્રમ' ઊભો કરી રોગીઓની સેવા કરવાના યજ્ઞનો આરંભ કર્યો.

તેમની દેખરેખ નીચે દેશી વનસ્પતિમાંથી દવાઓ તૈયાર કરવામાં આવતી. જોતજોતામાં તેમની ખ્યાતિ ચોમેર પ્રસરતી ગઈ. તેઓ સંસ્કૃતના પ્રખર જ્ઞાતા હતા. તેથી સંસ્કૃતના અણમોલ રત્ન સમા આયુર્વેદના ગ્રંથો 'ચરક' અને 'સુશ્રુત'નું તેમણે ઊંડું અધ્યપન કર્યું. તેમણે આયુર્વેદનું અદ્‌ભુત જ્ઞાન પ્રાપ્ત કરેલું. તેમની આયુર્વેદિક સારવાર પદ્ધતિથી અભિભૂત થઈ મહારાજા ભગવતસિંહજીએ એમને




પોતાના રાજ્યના 'રાજવૈદ્ય' બનાવેલા. પૂ. મહાત્મા ગાંધીએ પણ જીવરામભાઈના આ ઔષધાશ્રમની મુલાકાત લીધેલીં. પછી તો કસ્તુરીની સુવાસની જેમ આખા ભારતમાં રાજવૈદ્ય તરીકેની તેમની ખ્યાતિ પ્રસરેલી. દેશના અનેક આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિના જ્ઞાતાઓ ગોંડલ આવતા અને જીવરામ શાસ્ત્રી પાસેથી જ્ઞાન મેળવતા.

'બહુજન સુખાય, બહુજન હિતાય' તેમણે તેમનું જ્ઞાન જનસામાન્ય સુધી પહોંચતું કરવા અનેક રોગો અને તેમને મટાડવાના આયુર્વેદિક ઉપચારોનું વર્ણન કરતા ઘણા ગ્રંથોની રચના કરી હતી. વળી તેમણે એક માસિકનું પ્રકાશન પણ કરેલું. તેઓ ગરીબ પરિવારના દર્દીઓ પાસેથી એક પણ પાઈ, પૈસો લીધા વગર વિના મૂલ્યે દવાઓ આપતા. અકિંચનવૃત્તિ અને ત્યાગ એમના જીવનના વિશિષ્ટ લક્ષણો હતાં. તેઓ સંસ્કૃત ભાષા અને સાહિત્ય ઉપરાંત વ્યાકરણ, કર્મકાંડ, તત્વજ્ઞાન, જ્યોતિષવિદ્યા, પુરાણો, ઉપનિષદ્ છે. વેદાંત વગેરેમાં પારંગત હતા. તેમણે આયુર્વેદ અને હિન્દુ ધર્મ શાસ્ત્રો તથા સંસ્કૃત ભાષા-સાહિત્યને લગતા ૨૦૦થી પણ વધુ ગ્રંથોની રચના કરી છે. તેમના સંગ્રહાલયમાં છ હજાર જેટલી પ્રાચીન હસ્તપ્રતો સંગ્રહાયેલી છે.

તેમની આ અદ્‌ભુત સિદ્ધિઓની સુવાસ વિદેશોમાં પણ પ્રસરી હતી. તેમનાં જ્ઞાન અને સેવાઓની કદર કરીને અનેક સંસ્થાઓએ તેમને માનાર્હ પદવીઓ આપી તેમનું સન્માન કર્યું હતું. આજે ગોંડલમાં જે મા ભુવનેશ્વરીની શક્તિપીઠ છે તે મંદિરની સ્થાપના પણ ચરણતીર્થ મહરાજે કરી હતી. આજે પણ આ શક્તિપીઠ અનેક લોકોની આસ્થાનું કેન્દ્ર બની રહી છે. આ મંદિર દ્વારા આજે પણ આયુર્વેદિક દવાખાનું ચલાવવામાં આવે છે.

આવા આધ્યાત્મિક પુરુષ, માનવસેવાના ભેખધારી અને સંસ્કૃતના પ્રખર પંડિત ચરણતીર્થ મહારાજનો આત્મા ૨, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૭૮ના રોજ પરમાત્મામાં લીન થઈ ગયો હતો.



## (૪૮)

# કવિ પ્રદીપજી

## (૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૫)

બાળપણમાં રામચંદ્ર દ્વિવેદી નામ ધરાવતા કવિ પ્રદીપજીનો જન્મ ૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૫ના રોજ મધ્યપ્રદેશના ઉજ્જેન જિલ્લાના બડનગર નામના શહેરમાં થયો હતો. તેમના પૂર્વજો મૂળ ઉત્તર ગુજરાતના ઔદિચ્ય કુળના બ્રાહ્મણો હતા. પણ કોઈ પરિસ્થિતિને વશ થઈ તેઓ ઉત્તર ગુજરાત ત્યજીને ત્યાં જઈ સ્થિર થયેલા. અલ્હાબાદમાંથી ઈન્ટર સુધીનું શિક્ષણ મેળવ્યા પછી તેઓએ બી.એ.ની પદવી લખનૌ વિશ્વ વિદ્યાલયમાંથી મેળવેલી. તે પછી તેમણે તેમની જિંદગીની શરૂઆત એક શિક્ષક તરીકે કરેલી. આ વ્યવસાયે તેમને કવિતા તરફ ખેંચેલા.

તેઓ શરીરે જ્યોતીન્દ્ર દવે જેવા દાતણ જેવા દેહધારી, સ્વભાવે શાંત અને સૌજન્યશીલ. કવિતા કે ગીતને રજૂ કરવાનું તેઓ અદ્‌ભુત કૌશલ્ય ધરાવતા. ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર રવિશંકર પ્રદીપજીને તેમની સાથે મુંબઈ લઈ ગયેલા. મુંબઈનો વિલેપારલે વિસ્તાર ત્યારે સાહિત્યના કાશી તરીકે ખૂબ જાણીતો હતો. રવિશંકર રાવળે ત્યાંથી એક હાઈસ્કૂલમાં પ્રદીપજીના ગીતોનો કાર્યક્રમ યોજેલો. તેમણે લખેલાં કાવ્યો અને ગીતો તેમના મધુર કંઠે સાંભળીને શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયેલા. આ કાર્યક્રમમાં ત્યારે બોમ્બે ટોકિઝના જાણીતા દિગ્દર્શક હિમાંશુ રોયના વિશ્વાસુ સાથીદાર નૃસિંહપ્રસાદ આચાર્ય પણ હાજર હતા. તેઓ કાર્યક્રમ પૂરો થયા પછી પ્રદીપજીને બોમ્બે ટોકિઝના સ્ટુડિયો પર લઈ ગયેલા અને હિમાંશુ રોય સાથે પરિચય કરાવેલો. હિમાંશુ રોયે તેમને 'કંગન' ફિલ્મ માટે ગીતો લખી આપવાનું કામ સોંપ્યું. નસીબે તેમને સાથ આપ્યો, ત્યારે ફિલ્મનાં



ગીતો ખૂબ લોકપ્રિય થયેલાં.

પછી તેમણે અલ્હાબાદની માસિક રૂપિયા સાઈઠની નોકરી છોડી દઈ બોમ્બે ટોકિઝમાં માસિક રૂપિયા બસોના પગારે નોકરી સ્વીકારી લીધેલી. આ રીતે ફિલ્મ જગતમાં પ્રવેશીને તેઓ વિલેપારલેમાં સ્થાયી થયેલા. પછી તો તેમને ઉપરાઉપરી ફિલ્મો મળવા લાગેલી. ઈ.સ. ૧૯૪૦માં 'બંધન' ફિલ્મના 'ચલ ચલ રે નૌજવાન, કહના મેરા માન' અને 'ચના જોર ગરમ, બાબુ મૈં લાયા મજેદાર' ગીતોએ યુવાનોને ઘેલા કરી દીધેલા.

પ્રદીપજીનો રવિશંકર રાવળ સાથે નિકટતાનો સંબંધ બંધાઈ ગયેલો. અવારનવાર તેઓ અમદાવાદ આવતા રહેતા. જ્યારે તેઓ અમદાવાદ આવ્યા ત્યારે 'કુમાર કાર્યાલય'ની મુલાકાત જરૂર લેતા. આ સમયગાળામાં પ્રદીપજી રાજકોટના પ્રતિષ્ઠિત કુટુંબના ભદ્રાબેનના ગાઢ પરિચયમાં આવેલા અને તેમની સાથે લગ્ન કરી લીધેલાં.

ભારતમાં જ્યારે ૪૨ની ચળવળે જોર પકડેલું ત્યારે ઈ.સ. ૧૯૪૩માં 'કિસ્મત' ફિલ્મ રજૂ થયેલી. આ ફિલ્મે એકજ થિયેટરમાં સતત ૪૨ મહિના સુધી રજૂઆતનો રેકર્ડ કરેલો. એ ફિલ્મનું પ્રદીપજી લિખિત ગીત 'દૂર હટો અય દુનિયાવાલો, હિન્દુસ્તાન હમારા હૈ' ભારતભરના યુવાનોની જીભે રમતું થઈ ગયેલું. આ રીતે આઝાદીની લડતમાં ગજબનો પ્રાણ ફૂંકેલો. પ્રદીપજી દેશભક્તિના ગીતો માટે જાણીતા બની ગયેલા.

ઈ.સ. ૧૯૬૨ ચીને ભારતના સીમાડાઓ સળગાવ્યા, અનેક નવયુવાનો એ લડાઈમાં શહીદ થયેલા. શહીદોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમમાં પ્રદીપજી એ લખેલું 'અય મેરે વતન કે લોગો....' ગીત સ્વર સામ્રાજ્ઞી લતામંગેશકરના મધુર કંઠે ગવાયેલું. એ ગીત સાંભળીને ભારતના તે વખતના વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુની આંખો પણ આંસુથી ઉભરાઈ ગયેલી. તેમનું એ ગીત અમર બની ગયું છે.

તે પછી તેઓ રાષ્ટ્રીય કવિ તરીકે ખ્યાતિ પામેલા. તેમણે સંખ્યાબંધ ગીતોની રચના કરી છે. આપણા દેશની આઝાદીની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી વખતે ભારત સરકારે તેમને 'દાદાસાહેબ ફાળકે' એવોર્ડ અનાયત કરી તેમનું યોગ્ય સન્માન કરેલું. તેમણે લગભગ ૮૩ જેટલી ફિલ્મોમાં ૧૫૦૦થી વધુ ગીતો લખ્યાં છે. આવા મૂર્ધન્ય ગીતકાર પ્રદીપજીને ૧૯૬૧માં 'સંગીત નાટક અકાદમી એવોર્ડ'થી નવાજવામાં આવેલા. ઈ.સ. ૧૯૯૫માં તેમણે 'રાજીવગાંધી એવોર્ડ'ની સાથે 'રાષ્ટ્રીય કવિ'નું બિરૂદ મેળવેલું. ઈ.સ. ૧૯૯૬માં તેઓ 'સૂર સાગર એવોર્ડ' અને 'રાષ્ટ્રીય એક્તા એવોર્ડ' મેળવવા ભાગ્યશાળી બનેલા.

●





# (૪૯)
# ચાર્લ્સ ડિકન્સ
## (૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૧૨)

વિલિયમ શેક્યપિયર પછી જેની ગણના ઈંગ્લેન્ડના વિખ્યાત અને પ્રતિષ્ઠિત સાહિત્યકાર તરીકે થયેલી છે, તે ચાર્લ્સ ડિકન્સનો જન્મ ૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૧૨માં એક કંગાળ અને ગરીબ પરિવારમાં થયો હતો. આથી ભણવાની ઉંમરે ડિકન્સને બાળમજૂરી કરવી પડેલી. તેમ છતાં જેનો પિંડ જુદી જ માટીથી બંધાયો હતો તેવો એ નાનકડો છોકરો કલ્પનાની પાંખે સવાર થઈ સ્વૈરવિહાર કરતો હતો. પિતા કરજ માથે કરી માંડમાંડ પરિવારનું ભરણપોષણ કરતા હતા. લેણદારોનું દેવુ ભરપાઈ કરી ન શકાતાં તેમના પિતાને જેલમાં જવું પડ્યું હતું. ત્યારે ઈંગલેન્ડમાં પરિવાર સાથે જેલમાં રહેવાની વ્યવસ્થા હતી. તેથી ડિકન્સનું બાળપણ જેલમાં જ પસાર થયેલું. પણ કહો કે, આ જેલવાસે ડિકન્સનું માનસિક ઘડતર કરેલું, જેલના અનુભવોએ એનામાં સુષુપ્તાવસ્થામાં પડેલા સાહિત્યકારને જગાડ્યો. પરિણામે જગતને મળ્યો એક ઉત્તમ સાહિત્ય સર્જક.

શાળાનું પગથિયું નહીં ચઢેલા તેઓએ ઘરમાંથી અક્ષરજ્ઞાન મેળવ્યું હોઈ લખતાં વાંચતાં તેમને આવડતું. મજૂરી કરી ઘેર આવ્યા પછી થાક ઉતારવા પુસ્તકો વાંચવાની એમને ટેવ પડેલી. સતત વાંચતા રહેતા હોવાથી તેમની કલ્પનાશક્તિ અને સર્જનશક્તિ વિકસવા માંડેલી. એ જે કંઈ જોતા એને પોતાની દૃષ્ટિથી મૂલવતા.

આર્થિક બેહાલીએ એમનો પીછો છોડેલો નહીં. તેથી ગમે તેમ કરી આર્થિક ઉપાર્જન કરવા તેઓ આમતેમ ફાંફાં મારતા. એવામાં એમના ભાગ્ય આગળથી પાંદડું ખસી ગયું. તેઓ શોર્ટહેન્ડ શીખેલા હોઈ એક વર્તમાનપત્રની કચેરીમાં

તેમને નોકરી મળી ગઈ. એ વખતે એમની ઉંમર માંડ વીસેક વર્ષની હશે ! પછી તો સમાચારો એકઠા કરવા તેમને ઠેકઠેકાણે આવવા-જવાનું થતું. આખું લંડન શહેર તેઓ ખૂંદી વળતા, સંસદમાં પણ જતા, તેમને નવી ઓળખાણો થઈ, પરિચયો વધ્યા.

એવામાં એક ચિત્રકારે દોરેલાં ચિત્રોની વાર્તાઓ તૈયાર કરવાનું કામ એક અખબારના તંત્રીએ ડિકન્સને સોંપ્યું. ડિકન્સને માટે ભાવતુ હતું તે વૈદ્યે કહ્યું જેવો ઘાટ થયો. ડિકન્સે સામે ચાલીને આવેલી તક ઝડપી લીધી. ડિકન્સ એકે એક ચિત્રોને બારીકાઈથી જોતા ગયા. વિચારતા ગયા અને નવા નવા અર્થો શોધતા ગયા. પછી તો એક એક ચિત્ર ઉપરથી વાર્તા સર્જાવા લાગી અને એ વાર્તા સચિત્ર અખબારમાં પ્રગટ થવા લાગી. ડિકન્સની કલ્પનાશક્તિમાંથી અવતરેલી તાજગીપૂર્ણ વાર્તાઓ વાંચકોએ આવકારી. ડિકન્સનું નામ વાર્તાક્ષેત્રમાં લોકજીભે ચઢી ગયું. પછી તો એવું થયું કે ડિકન્સ પહેલાં વાર્તા લખતા અને તેના પરથી ચિત્રકારો ચિત્રો તૈયાર કરતા. આવી એક પ્રખ્યાત થયેલી તેમની વાર્તા એટલે 'પિકવિક પેપર્સ.' ઈંગલેન્ડના સાહિત્ય વિવેચકોએ કબૂલેલું કે 'પિકવિક પેપર્સ' જેવી નવલકથા અંગ્રેજી ભાષામાં બીજી કોઈ લખાઈ નથી. આજે પણ આ નવલકથાની ખ્યાતિ એટલી જ અકબંધ છે.

એમની એ નવલકથાએ અમેરિકન પ્રજાને પણ ઘેલું લગાડેલું. તેથી ડિકન્સ જ્યારે અમેરિકા ગયેલા ત્યારે તેમને જોવા ભારે જનમેદની ઉમટી પડેલી. તેમની એ નવલકથા રમૂજપ્રધાન હોવા છતાં ઘણું ઊંચું સામાજિક મૂલ્ય ધરાવતી હતી. એમને પત્ની પ્રત્યે નફરત અને અણગમો હતાં. કારણ માત્ર એટલું જ એમનામાં અને એમની પત્નીમાં વૈચારિક મતભેદો હતાં. તેમની પત્ની તેમને સમજવામાં નિષ્ફળ રહેલી. છતાં તેઓ વેદનાના ઘૂંટડા ગળી જઈ બીજાઓને હસાવતા રહેલા. કદાચ એથી તેમણે સ્ત્રીઓની અવગણના કરી હશે ! એમની હાસ્યપ્રધાન નવલકથાઓ લોકમાનસનું ઘડતર કરવામાં ઘણી મોટી અને મહત્વની




ભૂમિકા ભજવી છે.

પત્ની કેથેરાઈન તરફથી લાગણી અને ઉષ્મા નહીં પામેલા ડિકન્સ પ્રેમ માટે તરસતા રહેલા. તેથી અનાયાસ તેમનું હૈયુ તેમની સાળી મેરી તરફ ઢળેલું. આ મેરીના અકાળ અવસાન પછી ઘેરો વિષાદ ડિકન્સને ઘેરી વળેલો. તેમણે તેમાની સાળી મેકીને અંજલિ આપવા અને તેમનામાં સંઘરાયેલી વેદનાને વાચા આપવા 'લિટલ નેલ'ના પાત્રનું સર્જન કર્યું હતું એમ માનવામાં આવે છે. આજે પણ નેલનાં વર્ણનો વાંચનાર વાચકની આંખો આંસુથી ભીંજાયા વગર રહી શક્તી નથી.

'ઓલ્ડ ક્યૂરિઓસિટી શોપ', 'હાર્ડ ટાઈમ્સ', 'અવર મ્યુચ્યુઅલ ફ્રેન્ડ', 'અન કમર્શિયલ ટ્રાવેલર્સ', 'ગ્રેઈટ એકપેક્ટેશન', 'માસ્ટર હંમ્ફ્રીઝ ક્લોક' જેવી નવલકથાઓનું સર્જન તેમણે કરેલું છે. તેમની આ નવલકથાઓ એ અસાધારણ સફળતા મેળવવાની છે.

ડિકન્સની બધી નવલકથાઓમાં 'ડેવિડ કોપરફિલ્ડ' સૌથી વધારે લોકપ્રિય નીવડી છે. તેની આ નવલકથા અનેક દેશોની ભાષાઓમાં ભાષાંતર થયેલું છે. જીવનની પૂર્વાવસ્થાએ કામના ઢસરડા અને કાળી મજૂરી કરવાને લીધે તેમનું શરીર ઘસાઈ ગયેલું. પરિણામે અહાવન વર્ષની ઉંમરે ૯, જૂન, ઈ.સ. ૧૮૭૦ના રોજ તેમનું અવસાન થયેલું.

●



## (૫૦)

# ડૉ. ઝાકિરહુસેન

## (૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૭)

ભારતના રાષ્ટ્રપતિ પદેથી ડૉ. રાધાકૃષ્ણન નિવૃત્ત થતાં રાષ્ટ્રપતિ પદે ચૂંટાયેલા લઘુમતિ મુસ્લિમ કોમના ડૉ. ઝાકિરહુસેનનો જન્મ મૂળ ઉત્તર પ્રદેશના. પણ અભ્યાસ માટે હૈદરાબાદમાં વસેલા ફિદાહુસેન નામના એક અફઘાનને ત્યાં ૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૭માં થયો હતો. પિતા ફિદાહુસેન જાણીતા ધારાશાસ્ત્રી હતા. વળી તેઓ 'આઈને ડેકકન' નામના કાયદાને લગતા એક સામયિકનું તંત્રીપદ પણ સંભાળતા હતા. તેઓ માત્ર દેશના રાષ્ટ્રપતિ જ ન હતા, પણ અગ્રણ્ય કેળવણીકાર અને અનોખા દેશભક્ત હતા.

ઈટાવા તથા અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી તેમણે શિક્ષણ મેળવ્યું હતું. તે પછી ડોક્ટરની ઉચ્ચ પદવી મેળવવા તેઓ જર્મનીના પાટનગર બર્લિન ગયા હતા.

અર્થશાસ્ત્રના વિષયમાં પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરીને તેઓ ભારત આવી માત્ર ત્રીસ વર્ષની કિશોર વસ્થાએ દિલ્હી નજીક ઓખલાની 'જામિયા મિલિયા ઈસ્લામિયા' યુનિવર્સિટીમાં નામ પૂરતા પગારથી ઉપ-કુલપતિ થયા હતા. આ સંસ્થાના તેઓ પ્રેરણાસ્ત્રોત હતા. અહીં તેઓ પ્રયોગશીલ દૃષ્ટિવાળા વહીવટદાર તરીકે સફળ થયા હતા અને ખૂબ ખ્યાતિ કમાયા હતા. તેમના પ્રયત્નોથી આ સંસ્થા કોમવાદના ઝેરથી મુક્ત રહી હતી.

મહાત્મા ગાંધીજીએ પ્રયોજેલા 'બુનિયાદી શિક્ષણ'ના વિચારને મૂર્તિમંત કરવાની સંપૂર્ણ જવાબદારી ઝાકીરહુસેનને સોંપવામાં આવી હતી. જે તેમણે નિષ્ઠાપૂર્વક અદા કરી હતી. ઈ.સ. ૧૯૫૨માં તેઓ રાજ્યસભામાં નિયુક્ત થયા



હતા. ઝાકિરહુસેનને તૈયાર કરેલી 'વર્ધાયોજના' દેશના શૈક્ષણિક ઈતિહાસનું સીમા ચિહ્ન બની હતી. આ યોજનાએ ઝાકિરહુસેનને એક ઉત્તમ અને દૃષ્ટિવંત શિક્ષણકાર તરીકે પ્રસ્થાપિત કર્યા હતા.

ઈ.સ. ૧૯૫૭થી ૬૨ સુધી બિહારના રાજ્યપાલ તરીકે રહ્યા હતા. ઈ.સ. ૧૯૬૨થી ૬૭ તેમણે દેશનું ઉપરાષ્ટ્રપતિ પદ શોભાવ્યું હતું. અનેક શૈક્ષણિક સમિતિઓ અને સંસ્થાઓનું અધ્યક્ષપદ સંભાળી ચૂકેલા તેઓ ભારતીય પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે 'યુનેસ્કો' સાથે વર્ષો સુધી જોડાયેલા રહ્યા હતા. વળી, તેઓ યુનેસ્કોની કારોબારીમાં પણ ચૂંટાયા હતા.

તેમને બાળકો અતિશય પ્રિય હતાં. બાળકોને આનંદ મળે તેવી અનેક બાળવાર્તાઓ તેમણે લખેલી છે. તેઓ 'ચિલ્ડ્રન્સ બુક ટ્રસ્ટ'ના પ્રમુખ પદે પણ રહ્યા હતા. શિક્ષણક્ષેત્રે તેમણે આપેલી સેવાઓને બિરદાવવા ભારત સરકારે ઈ.સ. ૧૯૫૪માં તેમને 'પદ્મવિભૂષણ'નો ખિતાબ આપેલો. ઈ.સ. ૧૯૬૭માં તેઓ ભારતના સર્વોચ્ચ સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૬૭માં તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા.

તેઓ ચુસ્ત અને પાક મુસલમાન હોવા છતાં ગાય પ્રત્યે તેમને અપાર સ્નેહ અને આદર હતાં. તેમણે તેમના ઘેર ગાયો પાળી હતી. તેઓ કદી ગાયનું માંસ ખાતા ન હતા. તે વખતે તેઓ 'ગૌહત્યાના વિરોધી' રાષ્ટ્રપતિ તરીકે પંકાયેલા. તેમણે રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા પછી જગદ્‌ગુરુ શંકરાચાર્યજી અને જૈન મુનિશ્રી સુશીલકુમારજીના આશીર્વાદ લીધા હતા. તેઓ એક મુસ્લિમ હોવા છતાં બધા ધર્મોને સમદૃષ્ટિ અને સમભાવથી જોતા હતા. તેઓ એક સાચા હિન્દુની જેમ સત્યનારાયણની કથા પણ સાંભળતા હતા.

તેમને ગુલાબનાં ફૂલો અતિપ્રિય હતાં. તેઓ તેમના બગીચામાં જાતે જ ગુલાબ ઊછેરતા. વાંચનનો તેમને અનહદ શોખ હતો. 'જીવનનું મૂલ્ય નફાતોટામાં અંકાતુ નથી, પણ આત્માની ખોજ, સેવા ત્યાગમાં સમાયેલું છે'એ એમનો જીવનમંત્ર


હતો.

તેમણે 'કેપિટાલિઝમઃ એન એસે ઈન અંડરસ્ટેન્ડિંગ' અને 'શિક્ષા' નામનાં મૌલિક પુસ્તકોનું સર્જન કરેલું છે. ઉપરાંત પ્લેટોના 'રિપબ્લિક' લિસ્ટના 'નેશનલ સિસ્ટમ ઓફ ઈકોનોમિક્સ' અને કેનનના 'એલમેન્ટ્સ ઓફ ઈકોનોમિક્સ' પુસ્તકોનું ઉર્દૂ ભાષામાં ભાષાંતર કરેલું છે.

ગાંધીવાદી, બિનસાંપ્રદાયિક્તાના મસીહા, દેશભક્ત, કેળવણીકાર, ગૌરક્ષક એવા ડૉ. ઝાકિરહુસેન રાષ્ટ્રપતિ પદે હતા ત્યારે જ ૩, મે, ૧૯૬૯ના રોજ ૭૨ વર્ષની ઉંમરે તેઓ જન્નતનસીન થયા હતા. તેમની અંતિમ ઈચ્છાનુસાર એમના અંતિમસંસ્કાર તેમની પ્રિય સંસ્થા 'જામિયા મિલિયા'માં કરવામાં આવ્યા હતા.

●





## (૫૧)

# એમ.સી. ચાગલા

## (અવસાન : ૯, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૧)

બહુમુખી પ્રતિભાના સ્વામી અને વ્યકિસ્વાતંત્ર્યમાં અખૂટ શ્રદ્ધા ધરાવનાર બંધારણના પ્રખર અભ્યાસુ તથા જાણીતા ધારાશાસ્ત્રી મહંમદ કરીમ ચાગલાનો જન્મ ૧૧, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૦ના રોજ એક મધ્યમ વર્ગીય પરિવારમાં થયો હતો. બાળપણમાં તેમની માતાનું વાત્સલ્ય તેમણે ગુમાવી દીધેલું. ભણવામાં પહેલેથી જ અતિશય તેજસ્વી એવા તેઓ મેટ્રિક થઈ ઉચ્ચ અભ્યાસ માટે કોલેજમાં જોડાયેલા. દેશમાં બે વર્ષનું શિક્ષણ મેળવી કાયદાનો અભ્યાસ કરવા માટે તેઓ ઈંગ્લેન્ડ ગયેલા. રાજકારણનો છંદ વિદ્યાર્થી અવસ્થાથી ચઢેલો. કોલેજમાં પણ તેઓ નેતૃત્વ લેતા હતા. રાષ્ટ્રીય ચળવળને લગતી પ્રવૃત્તિઓમાં પણ ખૂબ જ રસ ધરાવતા. તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા ત્યારે પણ 'ઓક્સફર્ડ યુનિઅન મજલિસ'ના અધ્યક્ષ તરીકે પસંદગી પામેલા. ઈ.સ. ૧૯૨૨માં બેરીસ્ટરી પૂર્ણ કરીને તેઓ ભારત આવેલા અને વકીલાતનો વ્યવસાય શરૂ કરેલો. તેમની પ્રેક્ટિસ ધમધોકાર ચાલતી. ટૂંકા સમયમાં જ તેમણે બાહોશ અને સફળ બેરિસ્ટર તરીકે નામના મેળવી હતી.

તેઓ મહંમદ અલજિન્નાની સાથે વકીલાત કરતા હતા. જિન્નાના સંપર્કમાં આવતાં તેઓ રાજકારણમાં રસ લેતા થયા. ઝીણાની 'મુસ્લિમલીગ'માં તેઓ જોડાઈને મંત્રી પણ બનેલા. ઈ.સ. ૧૯૨૭માં 'સાયમન કમિશન' જ્યારે ભારત આવેલું ત્યારે તેમણે તેનો વિરોધ કરવામાં અગ્રભૂમિકા ભજવી હતી. ચાગલાનું પોતાનું ચિંતન હતું, પોતાની વિચારસરણી હતી. તેઓ સ્વમાની હતા, કોઈની પ્રતિભાથી તેઓ અંજાતા નહીં કે કોઈની શેહશરમમાં તણાતા નહીં. કોઈપણ

વ્યક્તિ તેના અંગત વિચારો તેમની ઉપર લાદી શક્તી નહીં. આજ કારણસર તેમને પછીથી જિન્ના સાથે વૈચારિક મતભેદ થયેલો અને પરિણામે તેમમે જિન્ના સાથેના તમામ સંબંધો કાપી નાંખેલા. એટલું જ નહીં, તેમણે મુસ્લિમ લીગ સાથે પણ છેડો ફાડી નાંખેલો. તેઓ મુસ્લિમ હોવા છતાં ભારતના ભાગલાના છેક સુધી વિરોધી રહેલા. મુસ્લિમો જિન્નાને વધુ પડતુ મહત્વ આપતા હતા. તે ચાગલાને બિલકુલ પસંદ ન હતું. દેશના વિભાજનથી તેમને ખૂબ ઠેસ પહોંચેલી.

ભારતીય રાજકારણમાં તેમણે સક્રિયપદે ઝંપલાવેલું. તેઓ માનવતાવાદી અભિગમ ધરાવતા વિચક્ષણ રાજપુરુષ હતા. વ્યક્તિ સ્વાતંત્ર્યના પ્રખર હિમાયતી એવા તેમને પંડિત જવાહરલાલ નહેરુ સાથે મળીને ‘નાગરિક સ્વાતંત્ર્ય સંઘ’ની સ્થાપના કરેલી. તેઓ ધર્મ પરિવર્તનના વિરોધી હતા. એક વકીલ તરીકે તેમણે એવી તો પ્રતિષ્ઠા મેળવી હતી કે ઈ.સ. ૧૯૪૧માં તેઓની નિમણૂંક મુંબઈની હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે થયેલી. તેઓ દીર્ઘદૃષ્ટિ ધરાવતા રાજપુરુષ હતા. સંવિધાનને તેમણે બરાબર પચાવ્યું હતું. તેમણે લીધેલા નિર્ણયો એટલા તો વિશ્વસનીય અને પ્રમાણભૂત ગણાતા કે તેને કોઈ પડકારી શક્તું ન હતું. તેમણે મુંબઈ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પણ કાર્યભાર સંભાળેલો. તેઓ એશિયાટીક સોસાયટીના પ્રમુખ તરીકે પણ વરાયેલા.

તેમની પ્રતિભાની કદરૂપે તેઓ બિનકોંગ્રેસી હોવા છતાં પણ ઈ.સ. ૧૯૬૩માં કેન્દ્રીય પ્રધાન મંડળમાં તેમણે શિક્ષણપ્રધાનનું પદ પ્રાપ્ત કર્યું હતું. તેમણે આંતરરાષ્ટ્રીય સદભાવ માટે ‘નહેરુ એવોર્ડ’ની શરૂઆત કરેલી. ઈ.સ. ૧૯૪૬માં સંયુક્ત રાષ્ટ્રોની મહાસભામાં અને ઈ.સ. ૧૯૬૫માં યુનેસ્કોમાં ભારતનું પ્રતિનિધિત્વ એમણે કર્યું હતું. ઈ.સ. ૧૯૬૬માં સ્વ. શ્રીમતી ઈન્દિરાગાંધી ભારતના વડાપ્રધાન હતાં ત્યારે તેમણે તેમને વિદેશપ્રધાન બનાવ્યા હતા. ઈ.સ. ૧૯૬૨માં તેઓ બ્રિટનમાં ઉચ્ચાયુક્ત પદે નિમાયા હતા.

તેઓ પ્રખર કેળવણીકાર પણ હતા. ગુજરાતીમાં જેનું ‘પાનખરમાં ગુલાબ’



નામે ભાષાંતર થયું છે. મૂળ પુસ્તક ‘રોઝીઝ ઈન ડિસેમ્બર’ તથા ‘લો, લિબર્ટી’ અને ‘લાઈફ’ જેવા તેમણે લખેલાં પુસ્તકો જાણીતાં છે.

૯, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૧ના દિવસે આ મહાન પ્રતિભાનું અવસાન થયું હતું.



## (૫૨)

# ઈશ્વર પેટલીકર

## (૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૬)

ધરતીના ખેડૂત, લોકજીવનમાંથી પ્રેરણાનું અમૃત પીનારા સફળ સર્જક, કટારલેખક, વિચારક અને સમાજચિંતક એવા ઈશ્વર પેટલીકરનો જન્મ પેટલાદ તાલુકાના ગામ પેટલીમાં ૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૬ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ મોતીભાઈ અને માતાનું નામ જીવીબા હતું. તેઓ બંને અભણ હતાં.

ગ્રામ્ય ધરતીના પુત્ર ઈશ્વરભાઈને ગ્રામજીવન અને ખેડૂત જીવનનો બહોળો અનુભવ હતો. ચાર ધોરણ સુધી તેમણે તેમના વતનમાં અભ્યાસ કરેલો. મેટ્રિક સુધીના શિક્ષણ માટે તેઓ તેમના વતનથી આઠ માઈલના અંતરે આવેલા સોજિત્રા ગામની શાળામાં દાખલ થયેલા.

અભ્યાસકાળ દરમ્યાન કાશીબહેન સાથે તેમનું લગ્ન થયેલું. વડોદરાની પુરુષ અધ્યાપન તાલીમી સંસ્થામાં તેમણે શિક્ષકની તાલીમ લઈ પાદરા તાલુકાના નેદરા તથા કરજણ તાલુકાના સણિયાદ ગામોમાં ૧૯૩૮થી ૪૪ એમ છ વર્ષ શિક્ષકની નોકરી કરી હતી.

લખવાનો નાનપણથી જ શોખ. તાલીમ દરમ્યાન તેમની વાર્તાઓ 'પાટીદાર' અને 'પ્રજાબંધુ'માં પ્રગટ થવા લાગેલી. તેમણે શિક્ષકની નોકરી છોડી આજીવન લેખનનો ભેખ લીધેલો. તેમના વ્યક્તિત્વનો પરિચય આપતાં વિનોદ ભટ્ટે લખ્યું છે કે, ''બેઠી દંડીનું શરીર, કાળી ઘેરી ભ્રમર, એવી જ કાળી ફ્રેઈમનાં ચશ્માં, ચાસ પાડેલા ખેતર જેવું રેખાઓવાળું મોટું કપાળ, મોટાભાગે ખુલ્લુ રહેતુ મોં, બાળક જેવા અવાજવાળું દંતપંક્તિ દર્શાવતું નિર્દોષ હાસ્ય એટલે પેટલીકર.''



સ્વભાવે તેઓ શાંત, નિખાલસ, સહનશીલ અને આખાબોલા હતા. વિનોદવૃત્તિ પણ ખરી, તેઓ સારા વક્તા પણ હતા. ભણેલા ઓછું, પણ અનુભવ વધારે તેઓની વાર્તાઓ અને લેખો 'ગુજરાત સમાચાર', 'સ્ત્રી', 'નિરિક્ષક', 'સંદેશ'અને 'રેખા' જેવાં વર્તમાનપત્રો તથા સામયિકોમાં પ્રગટ થતાં.

તેઓ ગુજરાતી સાહિત્યમાં નવલકથાકાર, નવલિકાકાર, નિબંધકાર અને રેખાચિત્રકાર તરીકે જાણીતા હતા. ઈ.સ. ૧૯૬૦થી તેઓ અમદાવાદમાં રહેવા લાગ્યા. પત્રકારત્વના ક્ષેત્રે તેઓ સવિશેષ રસ લેતા હતા. તેમણે પાટીદાર સમાજની અનેક કુરૂઢિઓ સામે આકરા લેખો લખેલા. સમાજ સુધારાને તેમણે એક નવી દિશા દેખાડેલી. મુખ્યત્વે તેઓ સમાજસુધારક હતા. તેઓ ગજબની કોઠાસૂઝ ધરાવતા હતા. ખરા અર્થમાં તેઓ ગુજરાતના સમાજ જીવનના સંસ્કારદાતા હતા.

આણંદમાંથી પ્રકાશિત થતા 'આર્યપ્રકાશન'ના તંત્રીપદે તેઓ રહી ચૂકેલા. 'મહાગુજરાતનાં નીરક્ષીર' અને 'લોકસાગરને તીરે' તેમની જાણીતી કોલમો હતી.

૪૦ વર્ષ સુધી તેમની લેખન પ્રવૃત્તિ ચાલેલી. આ દરમ્યાન તેમણે ૨૬ નવલકથાઓ, ૧૧ વાર્તાસંગ્રહો, ૪ રેખાચિત્ર સંગ્રહો. ૧૨ લેખસંગ્રહો અને ૧૮ પુસ્તિકાઓનું સર્જન કર્યું હતું.

પેટલીકરે લખેલી નવલકથાઓમાં 'જનમટીપ', 'લખ્યાલેખ', 'ધરતીનો અવતાર', 'કંકુને કન્યા', 'પંખીનો મેળો', 'કળિયુગ', 'મારી હૈયાસગડી', 'મધલાળ', 'ભવસાગર', 'આશાપંખી', 'તરણા સાથે ડુંગર', 'કલ્પવૃક્ષ', 'શકુંતલા', 'પ્રેમપંથ', 'યુગનાં એંધાણ', 'ઋણાનુ બંધ', 'જય-પરાજય', 'લાક્ષાગૃહ', 'જૂજવાં રૂપ', 'સેતુબંધ', 'અભિજાત', 'પરોઢનું અંધારું', 'વાસંતી સ્વપ્નાં' અને 'નવો નાતો'નો સમાવેશ થાય છે.

જેને ઝવેરચંદ મેઘાણીએ આવકારી હતી તેવી 'જનમટીપ' તેમની કીર્તિદા નવલકથા છે. આ નવલકથાનું સર્જન પેટલીકરે સત્યઘટના પરથી કરેલું છે. 'ભવસાગર' પણ તેમની યશસ્વી નવલ છે.

તેમની બધી નવલકથાઓમાં તેઓ સમાજસુધારક તરીકે વ્યક્ત થયા છે. મોટાભાગની તેમની નવલકથાઓ ગ્રામ્યજીવન અને ગ્રામ્યજીવનના પ્રશ્નોને ઉજાગર કરે છે. તેમની નવલકથાઓ હેતુલક્ષી અને સમાજસુધારણાના રંગે રંગાયેલી છે. ભ્રષ્ટાચાર, કોમી રમખાણો, રાજકીય આંદોલનો, ચારિત્ર્યહીનતા, મૂલ્યહ્રાસ, લગ્ન અને કુટુંબજીવનની સમસ્યાઓ, અસ્પૃશ્યતા, સ્ત્રી કેળવણી વગેરે જેવી બાબતોને પેટલીકરે તેમની નવલકથાઓમાં પ્રતિબિંબિત કરી છે.

'તાણાવાણા', 'પટલાઈના પેચ', 'માનતા', 'પારસમણિ', 'કાશીનું કરવત', 'ચિનગારી', 'લોહીની સગાઈ', 'આકાશગંગા', 'અભિસારિકા', 'મિનપિયાસી' અને 'કઠપૂતળી' તેમના વાર્તા સંગ્રહો છે. તેમની નવલિકાઓની સંખ્યા ૧૫૦ જેટલી થવા જાય છે. તેમની નવલિકાઓ મહદ્ અંશે ખેડા જિલ્લા અને ચરોતરના વાતાવરણ અને સમસ્યાઓને સ્પર્શે છે. તેઓ વાસ્તવવાદી સાહિત્યકાર હોવાથી તેમની વાર્તાઓમાં સચ્ચાઈનો રણકો સંભળાય છે. તેમની સર્વોત્તમ નવલિકા તરીકે 'લોહીની સગાઈ' વિશેષ ખ્યાતિ પામી છે. આ વાર્તાના તાણાવાણા પણ સત્ય ઘટનાની આસપાસ ગૂંથાયા છે. તેમણે લખેલા લેખો અને નિબંધો પણ અઢળક છે. તેમાં પેટલીકર એક ચિંતક તરીકે વધુ ખીલ્યા છે. તેમનો 'ગ્રામચિત્રો' જેવો રેખાચિત્ર સંગ્રહ નોંધપાત્ર કૃતિ ગણી શકાય.

તેમનાં રેખાચિત્રો અને મુલાકાત ચિત્રો પણ અદ્ભુત છે. જીવનના ઉત્તરાર્ધમાં ધર્મ તરફઉ વળેલા પેટલીકરે 'મહાભારત દર્શન', 'રામાયણ દર્શન' અને 'ગીતા દર્શન' જેવાં પુસ્તકોનું સર્જન કર્યું હતું.આટલા વિપુલ સાહિત્યનું સર્જન કરનાર પેટલીકર યશવંત શુકલ સાથે બોરસદની હોસ્પિટલમાં દાખલ થયેલા. રવિશંકર મહારાજની ખબર કાઢવા બોરસદ જતા હતા. ત્યારે જ રસ્તામાં તેમને હૃદયરોગનો હુમલો થયો. તેઓ ૨૨, નવેમ્બર, ઈ.સ. ૧૯૮૩ના રોજ ૬૮ વર્ષની ઉંમરે જીવનલીલા સંકેલી લઈને પંચતત્વોમાં ભળી ગયા હતા.

●





## (૫૩)

# દુર્ગા ભાગવત

## (૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૦)

બાળપણથી સરકસમાં કામ કરવાની અદમ્ય ઈચ્છા ધરાવનાર, પણ કિશોરી અવસ્થાએ સર્જક અને સંશોધક થવાના સ્વપ્નો સેવનાર દુર્ગા ભાગવતનો જન્મ મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં ૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૦ના રોજ થયો હતો. એ જ્યારે નવ વર્ષના હતાં ત્યારે એમની માતા લક્ષ્મીનું અવસાન થયુ હતું. તેથી દુર્ગા તથા તેમનાં બે બહેનો અને એક ભાઈનો ઉછેર તેમના દાદા બાળાજી આબાજી ભાગવતે કરેલો. દાદા તેમના જમાનાના સમાજ સુધારક અને શિક્ષણના પુરા હિમાયતી હતા. એટલા જૂના સમયમાં પણ દાદી મથુરાબાઈ 'પ્રિ-મેટ્રિક' સુધી ભણેલાં હતાં.

દુર્ગાના પિતાનું નામ નારાયણ ભાગવત હતું. તેઓ દુર્ગાના મિત્ર, માર્ગદર્શક અને પ્રોત્સાહક બની રહેલા. આ સંસ્કારને જાળવીને દુર્ગા એમ.એ. સુધી ભણ્યાં હતાં. એમ.એ. થયા પછી વર્તમાનપત્રોમાં કટાર લેખન માટે તેમને આમંત્રવામાં આવ્યાં ત્યારે તેમના પિતાએ એવી શીખ આપેલી કે "કોઈનું ઉછીનું તું ક્યારે લઈશ નહીં, તને જ્યાં સુધી મૌલિક લખતાં ન આવડે ત્યાં સુધી તુ પ્રસિદ્ધિની પાછળ દોડીશ નહીં."

દુર્ગાનાં ફોઈ સીતા ઉચ્ચ શિક્ષણ પામેલ શિક્ષિકા હતાં. તેથી માના અવસાન પછી તેમને સીતા ફોઈ સાથે રહેવું પડેલું. કડક સ્વભાવનાં અને શિસ્તનાં આગ્રહી ફોઈએ તેમને તમામ પ્રકારનાં કામો શીખવેલા. તેમની વક્તૃત્વ શક્તિ ખીલવવામાં પણ સીતાફોઈનો ફાળો મહત્વનો રહેલો.

ઈ.સ. ૧૯૨૭માં તેમણે મેટ્રિકની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પસાર કરેલી.

પછી તેઓ કલાશાખામાં પ્રવેશેલાં. ક્રાંતિકારી જતીન્દ્રનાથના તે સમયે થયેલા અવસાનથી પ્રેરાઈને તેમણે કોલેજ છોડેલી અને રાષ્ટ્ર સેવામાં જોડાઈ ગયેલાં. પણ એક વર્ષ બાદ ફરી કોલેજમાં દાખલ થયાં. હવે તેમણે અભ્યાસ અને લેખનમાં મન પરોવ્યું. એ અરસામાં સીતાફોઈનું અવસાન થયેલું. દુર્ગાએ પછી મુંબઈ યુનિવર્સિટીની શિષ્યવૃત્તિની મદદથી ભણવાનું ચાલુ રાખેલું.

લખવાની તીવ્ર લાલસાને તેઓથી રોકી ના શકાતાં તેમણે કવિતા લખવાનું શરૂ કર્યું. તેમણે ટાગોરની 'ગીતાંજલિ'નો સંસ્કૃતમાં અનુપાઠ કર્યો. થોડી વાર્તાઓ પણ લખી. પણ તેથી સંતોષ નહીં પામેલાં તેમણે લેખન બંધ કરીને વિવિધ વિષયોના ઊંડા અભ્યાસમાં મન પરોવ્યું. તેમણે સંસ્કૃત સાથે એમ.એ. કર્યું. પી.એચ.ડી. માટે તેમણે આદિવાસીઓની સમસ્યાઓને લગતો સાવ નવો જ વિષય પસંદ કરેલો.

આદિવાસી વિસ્તારમાં એકવાર ઝેરી સુરણ સમારતાં તેઓ ગંભીર માંદગીમાં સપડાઈ પાંચ-છ વર્ષ પથારીવશ રહેલાં. પી.એચ.ડી.નું કામ અધવચ લટકતું રહી ગયેલું. દર્દ કાયમનું ઘર કરી જતાં જીવનનું ચિત્ર ધૂંધળું બની ગયું. લગ્ન કરવાનો વિચાર માંડી વાળવો પડેલો. ત્યારે તેમની ઉંમર છવ્વીસ વર્ષની હતી. પછી એમની લેખનશક્તિ જાગૃત થઈ ગયેલી.

ઈ.સ. ૧૯૪૭માં 'ધનુર્ધારી' સામયિક માટે પહેલીવાર તેમણે મરાઠીમાં લેખ લખેલો. ઈ.સ. ૧૯૫૦માં સાને ગુરુજીના આગ્રહને વશ થઈ. 'સાધના' માટે તેમણે એક લેખમાળા લખવાનું શરૂ કરેલું. આ લેખમાળા 'ઋતુચક્ર' નામે ગ્રંથસ્થ થઈ હતી. ઈ.સ. ૧૯૫૭માં દુર્ગા 'સાહિત્ય સહકાર' સામયિકના સંપાદક થયાં હતાં.

તેઓ સ્વતંત્રતાની કિંમત સમજતાં હતાં. ઈ.સ. ૧૯૭૫માં જ્યારે તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાગાંધીએ દેશમાં કટોકટી જાહેર કરેલી ત્યારે તેને સમર્થન આપનાર યશવંતરાવ ચૌહાણની હાજરીમાં મરાઠી સાહિત્ય સંમેલનની વ્યાસપીઠ પરથી લેખન સ્વાતંત્ર્યની જાહેરાત કરી હતી. તેમણે પાંચ માસ જેલવાસ પણ ભોગવેલો. તેમણે કોઈપણ પારિતોષિક સ્વીકારવાનો ધરાર ઈન્કાર કરેલો. તેમણે ઈ.સ. ૧૯૯૦માં 'દિલ્હી સાહિત્ય અકાદમી પારિતોષિક' રૂપે મળનારી રૂપિયા એક લાખની રકમને પણ ઠુકરાવેલી.



'ઋતુચક્ર'થી સાહિત્ય જગતમાં તેઓ છવાઈ ગયેલાં, તે પછી તેમનાં લગભગ ત્રીસેક પુસ્તકો પ્રગટ થયેલાં. તેમણે બાળ સાહિત્યનાં છ પુસ્તકો અને ૩૫૦થી વધુ લેખો લખેલાં છે.

'ઋતુચક્ર', 'ભાવમુદ્રા', 'વ્યાસપર્વ', 'રૂપરંગ', 'પૈસ', 'પ્રાસંગિકા', 'દૂબ', 'લહાની', 'આઠવણે તસે', 'દુયાની', 'ગોધડી', 'ખમંગ' અને 'નિસર્ગોત્સવ' એમના લલિત નિબંધ સંગ્રહો છે.

આ બહુશ્રુત વિદુખીનું વિષયજગત વૈવિધ્યપૂર્ણ છે. 'બહાની'માં તેમણે બાળપણનાં સંસ્મરણો જીવંત કર્યાં છે. 'પ્રાસંગિકા'માં શાળા જીવનનાં સંસ્મરણો આલેખાયાં છે. તો 'આઠવલે તસે'માં વર્ણાવાયું છે કોલેજ જીવન. એમના સંવેદનશીલ સ્વભાવને લઈ એમને વિષયો શોધવા પડ્યા નથી. તેઓ સામાન્ય વિષય પર પણ ગંભીરતાથી લખી શક્તાં. પ્રકૃતિ એમને ખૂબ પ્રિય હતી એથી એમનાં પ્રકૃતિવર્ણનો આહ્‌લાદક બની રહ્યાં છે. વ્યક્તિચિત્રો લખવામાં તેઓ પાવરધાં હતાં. એમના શબ્દ ચિત્રો ચિંતન વિચાર સાથે કાવ્યાત્મક કલ્પનાના રંગે રંગાયેલાં છે. તેમના લલિત નિબંધો સૌંદર્યનિષ્ઠ, આત્મનિષ્ઠ અને સંવેદનાત્મક છે. એમણે બધું લેખન નિજાનંદ માટે કર્યું હોય એવું પ્રતીત થયા વિના રહેતું નથી.

આવાં સંનિષ્ઠ લેખિકા, કોમળ હૃદયના સંન્નારી, લોકજીવનનાં મરમી અને વિદ્યાવ્યાસંગી ૭, મે. ઈ.સ. ૨૦૦૨ના રોજ ૯૨ વર્ષની જૈફ ઉંમરે મુંબઈમાં સમયની સરિતામાં સદાને માટે વહી ગયાં હતાં.



## (૫૪)

# બર્ટોલ્ટ બ્રેખ્ટ

## (૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૮)

જર્મન નાટ્યકાર બર્ટોલ્ટ બ્રેખ્ટનો જન્મ ૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૮માં થયો હતો. વિશ્વના સમર્થ નાટ્યકારમાં તેની ગણના થતી હતી. નાટ્ય લેખક હોવા છતાં એનું કામ એટલું વ્યાપક હતું કે નાટ્યલેખન, અભિનય, દિગ્દર્શન, કલાકાર અને પ્રેક્ષક વચ્ચેનો સંબંધ એમ કોઈપણ બાબતમાં વિશ્વભરના રંગમંચ ઉપર તેની ભારે અસર થયેલી દેખાય છે.

માત્ર ૨૦ વર્ષની કિશોર વયે તેણે ૨૨ દશ્યોવાળા તેના પ્રથમ નાટક 'બાલ'ની ઈ.સ. ૧૯૧૮માં રચના કરી હતી. આ નાટક જ્યારે થિયેટરમાં રજૂ થયુ ત્યારે જોનારાં સૌ મોંઢામાં આંગળાં નાંખી ગયા હતાં. તેની નાટ્ય પ્રતિભાથી અંજાઈને ઈ.સ. ૧૯૨૦માં 'મ્યૂનિક થિયેટર'માં તેને નાટ્યલેખક તરીકે નિમણૂંક આપવામાં આવી હતી.

તે વખતે બ્રેખ્ટની છાપ એક બંડખોર નાટ્યલેખક તરીકેની હતી. તે સ્વભાવે ઊંછાંછળો અને મસ્તીખોર હતો. એ દાયકામાં એણે લખેલાં નાટકોએ એને જગવિખ્યાત નાટ્યકાર તરીકે સ્થાન અપાવ્યું હતું. 'થ્રી પેની ઓપેરા' અને 'મેન ઈઝ મેન' ખૂબ જાણીતાં થઈ ગયા હતાં.

બ્રેખ્ટે વિખ્યાત અભિનેત્રી હેલન વાઈગલ સાથે ઈ.સ. ૧૯૨૮માં લગ્ન કર્યું હતું. તે નવા વિચારો વાળી તેની માર્ગદર્શક પત્ની બની રહી હતી.

તેના 'બાલ' નાટકમાં માનવસહજ વૃત્તિઓની આંગળી ઝાલી જીવન જીવતા એક યુવાનની કથા છે. 'મેરેજ' (લગ્ન) નાટકમાં સમાજમાં પ્રવર્તી ગયેલા દંભને ઊઘાડો પાડવામાં આવ્યો છે. 'થ્રી પેની ઓપેરા' નાટક ગીતો, મેલોડ્રામા અને



લાગણીશીલ દશ્યોથી સભર ખૂબ વખણાયેલું નાટક છે.

ઈ.સ. ૧૯૨૮-૨૯માં લખાયેલું તેનું 'મહાગોની શહેરનાં ઉદય અને અસ્ત' નાટક જેલમાંથી ભાગી છૂટેલા ચાર બદમાશોની આસપાસ ગૂંથાયું છે. તેમાં યુરોપીય સમાજના ચાર્વાક અનુયાયીઓ અને આર્થિક કટોકટીનું આબેહૂબ વાસ્તવલક્ષી આલેખન કર્યું છે.

ઈ.સ. ૧૯૩૦માં તેણે લખેલું 'ધ મેઝર' તેનું સૌથી સબળ અને સફળ નાટક પૂરવાર થયું છે. વિશ્વના મહાન નાટકોમાં તેની ગણના થઈ છે. મેક્સિમ ગોર્કીની નવલકથાના એક પાત્ર ઉપરથી લખેલું તેનું નાટક 'ધ મધર' અભણ મા અને તેના ક્રાંતિકારી દીકરાની લાગણીઓના તાણાવાણા લઈ ગૂંથાયું છે. તેનું આ નાટક પોલીસની પજવણી છતાં ૧૫,૦૦૦ સ્ત્રી મજૂરોએ નિહાળ્યું હતું. ઈ.સ. ૧૯૩૩માં જર્મન ફાસીવાદે સત્તા કબ્જે કરતાં લેખકો અને કલાકારો માટે કાળા દિવસો શરૂ થયા હતા. નાટ્યકાર બ્રેખ્ટનાં પુસ્તકો જર્મનીમાં બાળી નાંખવામાં આવ્યાં હતાં. એનું નાગરિકત્વ પણ છીનવી લેવામાં આવ્યું હતું. તેના પર માર્ક્સવાદી પ્રવૃત્તિઓના આક્ષેપો થતાં તેને પત્ની અને પુત્ર સાથે અમેરિકા ભાગી જવું પડેલું.

'ત્રીજા રેઈખ શાસનમાં ભય અને વ્યથા' નાટક યહૂદી વિરોધી ફાસીવાદની સામાન્ય માનવી પરની ભીંસ દર્શાવતું નાટક છે.

આ સિવાય બ્રેસ્ટે લખેલાં નાટકોની યાદી લાંબી થવા જાય છે. જેમાં ''ગેલિલિયો અને ગેલિલી'' (૧૯૩૮), 'સેઝુ આનની સન્નારી' (૧૯૪૦), 'આર્તુરો ઉઈનો ઉદય' (૧૯૪૧), 'રાઉન્ડ હેડ્ઝ એન્ડ પેકહેડ્ઝ' (૧૯૩૪), 'સાત કારમા પાપ' (૧૯૩૩), 'ધ ટ્રાયલ ઓફ લિકુબસ' (૧૯૩૯), 'મિ. યુન્ટીલા એન્ડ મેટ્રી (૧૯૪૦)', 'સિમોન મેકાર્ડના દિવા સ્વપ્નો (૧૯૪૧)', 'સોફોક્લીસનો એન્ટિગોન (૧૯૪૮)' જેવાં નાટકોનો સમાવેશ થાય છે.

'થ્રી પેની ઓપેરા', 'જ્યુલિયસ સીઝરના ગોરખધંધા' જેવી નવલકથાઓ પણ તેણે લખી છે. તેણે ફિલ્મની પટકથા લેખન પર પણ હાથ અજમાવ્યો હતો.

તે બે મૂંગી ફિલ્મો અને પાંચ બોલતી ફિલ્મોના નિર્માણ સાથે સંકળાયેલો હતો. પણ તેનું આ પ્રદાન નોંધપાત્ર નથી.

નાટ્યલેખક અને નાટ્યવિદ્ તરીકે માત્ર જર્મનીના જ નહીં પણ જગતભરના રંગમંચને જે દિશા ચીંધી. તે પરથી તેને પ્રભાવક દિગ્દર્શક ગણી શકાય. અનેક અવરોધો વચ્ચે એણે નાટક અને નાટ્યકલા વિકસાવ્યાં હતાં. તેની ઈચ્છા એવી હતી કે તેની બધી રચનાઓ માનવીની સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિના સાચા પરિવર્તનમાં કામ લાગે.

નાટ્યલેખનને એ સમાધિ અને યોગ માનતો. જે લખે તે બધું પૂર્ણ પૂર્વ તૈયારી સાથે જ લખે. લખાણમાં કોઈ જાતની ખામી રહેવા ના દો. એકવાર એને શિકાગો ઘઉં બજાર વિશે નાટક લખવાનું હતું. તે માટે તેણે અનેક વહેપારીઓ પાસેથી માહિતી મેળવી પણ તેને તેથી સંતોષ થયો નહીં. છેવટે તેણે 'કાર્લ માર્ક્સ'નું પુસ્તક 'દાસ કેપિટલ' વાંચ્યું અને નાટક લખ્યું.

વિદેશમાં તેણે કરેલા નિવાસ દરમ્યાન ન ભજવી શકાયેલાં ફાસીવાદી નાટકો લખ્યાં હતાં. વિશ્વના આવા મહાન નાટ્યકાર અઠ્ઠાવન વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૫૬માં અવસાન પામ્યા હતા.

●





## (૫૫)

# બોરીસ પાસ્તરનાક

## (૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૦)

'મેં તો મારા દેશના સૌંદર્યની વાત કરીને વિશ્વને રડાવ્યું છે' એમ એકરાર કરનાર 'ડૉ. ઝિવાગો' જેવી વિસમી સદીની શ્રેષ્ઠ નવલકથા વિશ્વ સાહિત્યને અર્પણ કરી જનાર રશિયન નવલકથાકાર બોરિસ પાસ્તરનાકનો જન્મ ૧૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૦ના રોજ રશિયાના પાટનગર મોસ્કોમાં થયો હતો. તેમના પિતાનું નામ લિયોનીક પાસ્તરનાક હતું. તેઓ ટોલસ્ટોયના મિત્ર હતા. માતા રોઝા જાણીતાં સંગીતકાર હતાં.

તેમણે શિક્ષણની શરૂઆત મોસ્કોમાંથી કરેલી. તત્વજ્ઞાનનો અભ્યાસ મોસ્કો અને જર્મનીની મારબર્ગ યુનિવર્સિટીમાં કરેલો. માતા પાસેથી મળેલા સંગીતના વારસાને તેમણે સંસ્કારીને સંવાર્યો હતો. શિક્ષણની સાથોસાથ સંગીત કલાનો પણ તેમણે ગહન અભ્યાસ કરેલો.

તેમણે તેમના સૌ પ્રથમ કાવ્ય સર્જન સમો કાવ્ય સંગ્રહ 'એટવીન ઈન ક્લાઉડ' સત્તાવીસ વર્ષની ઉંમરે પ્રકાશિત કરાવેલો. 'ઓવર ધ બેરિઅર્સ' તેમનો બીજો કાવ્ય સંગ્રહ છે. ઈ.સ. ૧૯૧૭માં તેમણે એક ધાર્મિક કાવ્ય 'માય સિસ્ટર લાઈફ' રચ્યું હતું. આટલા સર્જન પછી તેઓ કવિ તરીકે પંકાઈ ગયા હતા. તેમની સર્જનયાત્રા આટલેથી અટકી ન હતી. એતો નદીના અસ્ખલિત વહેતા પ્રવાહની જેમ સતત વિકાસ પામતી રહેલી.

એક બળવાખોર સર્જક પાસ્તરનાકે નવલકથા, કાવ્યો, નવલિકાઓ અને આત્મકથા જેવા પ્રકારોનું માતબર સર્જન કર્યું છે. **'Safe Conduct'** શીર્ષક હેઠળ તેમણે તેમની આત્મકથા લખી છે. જેમાં સંસ્કૃતિ, સંગીત, સ્વતંત્રતા

અને કલાપ્રેમ જેવા વિષયો ગૂંથી લેવામાં આવ્યા છે. તેમાં પાસ્તરનાકની આંતર સૂઝ ઠોકાઈ છે. ટોલ્સ્ટોય અને રિલ્કે સાથેનો પરિચય તેમના જીવનમાં મહત્વનો બની રહ્યો હતો.

ઈ.સ. ૧૯૨૩માં તેમનો કાવ્ય સંગ્રહ 'થિમ્સ એન્ડ વેરિએશન્સ' પ્રગટ થયેલો. વાર્તા લેખન ક્ષેત્રે પણ તેમણે ગણના પાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. તેમની ચાર વાર્તાઓનો એક સંગ્રહ 'લુવર્સનું બાળપણ' પ્રગટ થયો હતો. ઈ.સ. ૧૯૨૬માં તેમનું આત્મકથાલક્ષી મહાકાવ્ય 'સ્પેક્ટોર્સ્કી' પ્રગટ થયેલું. ઈ.સ. ૧૯૨૭માં ક્રાંતિ વિશેનું મહાકાવ્ય '૧૯૦૫નું વર્ષ' પ્રગટ થયું હતું. ઈ.સ. ૧૯૩૧માં 'ધ સેલ્ફ કોન્ડર્ક' અને ઈ.સ. ૧૯૩૨માં ઉર્મિગીત સંગ્રહ 'બીજો જન્મ' પ્રકાશિત થયાં હતાં.

પાસ્તરનાકની આત્મકથા ટૂંકી હોવા છતાં એક ઉત્તમ કલાકૃતિ બની છે. તેમાં લેખકનું સહૃદયી વ્યક્તિત્વ નિખાર પામ્યું છે. તેમનો અભિગમ સાવ સાદો છતાં નિખાલસ છે. જીવનમાં વેઠેલી પારાવાર યાતનાઓએ એમને સંવેદનશીલ બનાવ્યા છે.

તેઓ એક સારા ભાષાંતરકાર પણ હતા. તેમણે અંગ્રેજ નાટ્યકાર વિલિયમ શેક્સપિયરના સોનેટો ઉપરાંત તેના નાટકો રશિયન ભાષામાં અવતાર્યાં છે. તે સિવાય અંગ્રેજી સાહિત્યના શ્રેષ્ઠ કવિઓનાં કાવ્યોનું પણ રશિયન ભાષામાં રૂપાંતર કરેલું છે. ઈ.સ. ૧૯૪૩માં અને ઈ.સ. ૧૯૪૫માં અનુક્રમે તેના કાવ્યસંગ્રહો 'ઓન અર્લી ટ્રેઈન્સ' અને 'સ્પેસીઅસ અર્થ' પ્રગટ થયાં હતાં.

પીડા અને અન્યાયોમાંથી તેમણે વિશ્વત્તમ કૃતિઓમાં જેની ગણના થઈ છે તે નવલકથા 'ડૉ. ઝિવાગો'નું સર્જન કર્યું હતું. રશિયન ભાષાના શબ્દ 'ઝિવાગો'નો અર્થ થાય છે 'જિંદગી', હકીકતમાં રશિયામાં પ્રકાશિત નહીં થયેલી નવલકથા 'ડૉ. ઝિવાગો' રશિયન ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં આકાર લેતી પ્રેમ કથા છે. તેમાં થયેલાં હિંસાનાં વર્ણનો ભલભલાના હૈયા હચમચાવી મૂકે તેવાં છે. આ નવલકથા




રશિયાની સરકાર, પ્રજા અને સાહિત્યકારોમાં પ્રિય ગણાતી ન હતી. તેથી તેનું પ્રકાશન રશિયા સિવાયના દેશોમાં થયેલું. આ નવલકથામાં જીવંત કેફ છે. એનો એક એક શબ્દ જીવંત છે. ડૉ. ઝીવાગો યુદ્ધ અને પ્રેમ વચ્ચે ઝઝૂમતાં અસ્તિત્વની કથા છે.

રશિયામાં આ નવલકથા પાસ્તરનાકના અવસાન પછી ૨૮ વર્ષે પ્રસિદ્ધ થઈ હતી. સાચા અર્થમાં 'જિંદગી' જીવી જનાર તેમની જિંદગીનો અંત ઈ.સ. ૧૯૬૦માં ફેફસાંના કેન્સરને લઈ આવેલો.

ઈ.સ. ૧૯૫૮માં આ ક્રાંતિકારી સાહિત્યકાર નોબેલ પારિતોષિક માટે પસંદગી પામ્યા હતા. પણ તેમણે આ પારિતોષિક સ્વીકારવાનો ધરા-ઈન્કાર કરી દીધેલો.

●



## (૫૬)

# વિલિયમ આર્ચર

## (૧૧, ફેબ્રુઆરી, ઇ.સ. ૧૯૦૭)

એક પરદેશી હોવા છતાં ભારતીય ચિત્રશૈલી વિશે વ્યાપક સમજ વિકસાવનાર વિલિયમ જ્યોર્જ આર્ચરનો જન્મ ૧૧, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૭ ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. તેઓ લંડનના 'વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ' ના ભારતીય ચિત્રકલા વિભાગના નિયામક પદે કામ કરતા હતા.

તેઓ ચિત્રકલાના વિવેચક તરીકે પ્રસિદ્ધ હતા. કેમ્બ્રિજની ઈમેન્યુઅલ કોલેજમાંથી શિક્ષણ લઈ એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી હતી. તે જમાનામાં પ્રતિષ્ઠિત ગણાતી એવી આઈ.સી.એસ. ની પરીક્ષા ઈ.સ. ૧૯૩૦ માં તેમણે પાસ કરેલી. અને બ્રિટિશ શાસન વખતે તેમની નિમણૂંક બિહારમાં થયેલી. સત્તર વર્ષ તેમણે બિહારમાં ઉચ્ચ અધિકારી તરીકે ફરજ બજાવેલી. ઈ.સ. ૧૯૪૮ માં તેઓ તેમની ફરજમાંથી નિવૃત્ત થયા ત્યાં સુધી એવી કર્તવ્યનિષ્ઠાથી એમણે ફરજ બજાવેલી તે તેમને 'ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર' નું સન્માન આપવામાં આવેલું.

તેઓ લોકકલા અને લોકજીવનના ચાહક હતા. બિહારમાં વસવાટ કરતી સંથાલ જાતિના લોકોના લોકજીવન અને લોકકલામાં રૂચિ ઉત્પન્ન થવાથી તે દિશામાં એમણે સંશોધન કરેલું. વિલિયમ આર્ચર મૂળ તો કવિહૃદયના માણસ હતા. તેમણે ભારતીય કવિતા સમૃદ્ધિ અને લોકકલાને પોતાના સંશોધનના વિષયો બનાવેલા. ભારતીય લોકકલા, શિલ્પકલા અને ચિત્રકલા અનેક નમૂનાઓનો સંગ્રહ એમણે કરેલો. એમનાં પત્ની મિલ્ડ્રેડ પણ સાહિત્યરસિક અને કલારસિક હતાં. તેથી પત્નીનો પૂરેપૂરો સહકાર એમને સાંપડ્યો હતો. તેમની પત્ની માત્ર



કલારસિક જ ન હતી, પણ બ્રિટિશ કલાની ઉત્તમ વિદ્વાન હતી.

ડૉ. આર્ચરને 'પહાડી ચિત્રકલા' વિશે વિશેષ લગાવ હતો. તેથી તેમણે એ ક્ષેત્રમાં અભ્યાસ અને સંશોધન કાર્યમાં રસ લેવા માંડેલો. આર્ચર સ્વભાવે નિર્દંભ અને નિરાભિમાની વ્યક્તિત્વ ધરાવતા હતા. તેથી કશો પણ છોછ રાખ્યા વગર બનારસના ઉત્તમ કલાવિવેચક એવા રામકૃષ્ણદાસનું માગદર્શન તેઓ મેળવતા રહેલા. ભારતીય સંસ્કૃતિની એવી તો પ્રબળ અસર આ માણસ પર થયેલી કે તેમણે પશ્ચિમી પોશાકનો ત્યાગ કરી ભારતીય પહેરવેશ અપનાવેલો.

તેઓ સહૃદયી કવિ હતા. તેમનો લોકકાવ્યોનો એક સંગ્રહ ઈ.સ. ૧૯૪૦ માં પ્રગટ થયેલો. તેમણે સંપાદન ક્ષેત્રે પણ ફરજ બજાવેલી. નિવૃત્ત થઈ ગયા પછી તેઓ પોતાના દેશ ઈંગ્લેન્ડમાં પાછા ફરેલા. ત્યાં જઈ તેમણે 'વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ' માં ભારતીય વિભાગના નિયામક તરીકે કાર્યભાર સંભાળેલો. તેમણે ઈંગ્લેન્ડમાં ભારતીય કલાનો પ્રચાર કરવામાં મહત્વનું યોગદાન આપેલું. ભારતીય કલા વિષયક તેમણે સંખ્યાબંધ પુસ્તકોનું સર્જન કર્યું છે. ભારતીય કલાના મિમાંસક એવા વિલિયમ આર્ચરની કલાસેવાને પંજાબ યુનિવર્સિટીએ અને અમૃતસરની ગુરુ નાનકદેવ યુનિવર્સિટીએ ડિ.લિટ્. ની માનદ પદવીઓ આપીને બિરદાવી હતી. ઈ.સ. ૧૯૭૮ માં 'રૉયલ એસિયાટિક સોસાયટી' એ તેમને 'બર્ટન મેમોરિયલ મૅડલ' પ્રદાન કરી સન્માન્યા હતા.

ભારતીય કલાના ગહન અભ્યાસી, સંશોધક અને વિદ્વાન એવા એમના જ્ઞાનનો લાભ લેવા ઈ.સ. ૧૯૫૯ માં બ્રિટિશ કાઉન્સિલ અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય ચિત્રકલા' વિષય ઉપર વ્યાખ્યાનો આપવા મુલાકાતી વ્યાખ્યાતા તરીકે એમને ભારત આમંત્રવામાં આવ્યા હતા. તેઓ ભારતના લોકો, ભારતના સાહિત્ય, ભારતની કલા અને ભારતની સંસ્કૃતિના પરમ ચાહક હતા. ભારત પ્રત્યે અપાર પ્રેમ અને સહાનુભૂતિ ધરાવનાર આ અંગ્રેજ કવિ અને કલાવિવેચક ૬, માર્ચ, ઈ.સ. ૧૯૭૯ ના રોજ લંડનની ધરતી પર અવસાન પામ્યા હતા.



## (૫૭)

# અબ્રાહમ લિંકન

## (૧૨, ફેબ્રુઆરી, ઇ.સ. ૧૮૦૯)

ઇ.સ. ૧૮૬૦ માં અમેરીકાના પહેલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા અબ્રાહમ લિંકનનો જન્મ ૧૨, ફેબ્રુઆરી, ઇ.સ. ૧૮૦૯ ના રોજ કેન્ટુકી રાજ્યના લિંકિંગ સ્પ્રિંગ ફાર્મ હાર્ડિન કન્ટ્રી મુકામે એક લાકડાની કોટડીમાં થયો હતો. તેમનું કુટુંબ અતિશય દરિદ્ર હતું. તેથી તેઓ શાળામાં અભ્યાસ માટે દાખલ થઇ શકેલા નહીં. તેમણે ઘેર બેઠાં પોતાની જાતે શિક્ષણ મેળવેલું. તેમની સ્મરણ શક્તિ અદ્‌ભુત હતી. નાનપણમાં આખે આખું બાઇબલ એમને કંઠસ્થ થઇ ગયેલું. બાઇબલ એમનો માનીતો ગ્રંથ હતો. અમેરીકાના રાષ્ટ્રપતિ બન્યા પછી પણ બાઇબલ તેઓ તેમના ટેબલ ઉપર હંમેશા રાખતા.

નાનપણથી જ તેમનો બાંધો પાતળો અને ઊંચો હતો. ઓગણીસ વર્ષની ઉંમરે તેઓ છ ફૂટ ચાર ઇંચની ઉંચાઇ ધરાવતા હતા. તેઓ એટલા તો લાંબા હતા કે તેમનું શરીર જોઇ તેમની ઉંમરનો તાગ મેળવવો શક્ય ન હતું. પાતળો દેહ હોવા છતાં તેઓ ખૂબ જ તાકાત ધરાવતા હતા. એમની વાક્‌પટુતા આંખોને આંજી નાંખે એવી અદ્‌ભુત હતી. તેઓ પ્રામાણિકતાની જીવતી જાગતી મૂર્તિ હતા. નાનપણથી જ તેઓ પરોપકારી વૃત્તિ ધરાવતા હતા.

બાલ્યવસ્થામાં પિતાને લાકડાંનાં ઘરો તૈયાર કરવામાં તેઓ મદદ કરતા હતા. તેમણે રોટલો રળવા અનેક જગાએ નાની-મોટી મજૂરી કરેલી. પણ અડગ મનોબળના આ માણસમાં કંઇક કરી છૂટવાનો અદ્મ્ય ઉત્સાહ હતો. તેમણે જીવનની ભાવિ દિશા મનોમન નક્કી કરી લીધી હતી. દરિદ્રતાનો ભોગ બની શાળાનો વ્યવસ્થિત અભ્યાસ પૂરો ન કરનારા તેમણે પાછળથી વકીલાતનો



અભ્યાસ શરૂ કરેલો. લાકડાં સળગાવી તેના અજવાળે તેઓ વાંચતા. કાયદાનો અભ્યાસ પૂરો કરી તેમણે ઘોડા ઉપર સવાર થઇ ગામેગામ ફરીને વકીલાતનો ધંધો ઇ.સ. ૧૮૩૪ માં શરૂ કરેલો. કહે છે ને કે, 'મન હોય તો માળવે જવાય'.

વકીલ તરીકે કારકિર્દી શરૂ કરતા અગાઉ તેઓ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઇ આવેલા. તેમણે પોતાની જાતને ઘડવા માટે વાચનને એક સાથીદાર તરીકે અપનાવેલું. ગરીબીમાં ઉછરેલ આ માણસના હૈયામાં ગરીબો માટે પારાવાર સહાનુભૂતિ અને દયા હતાં. તેઓ પ્રાણીઓ ઉપર પણ એટલો જ પ્રેમ અને અનુકંપા રાખતા હતા.


એકવાર કોર્ટમાં કામકાજ માટે જતા તેમણે એક ભુંડના બચ્ચાને કાદવથી ભરેલા એક ખાડામાં ફસેયાલું જોયું. ભુંડનું બચ્ચું બહાર નીકળવા ઘણી કોશિશ કરતું હતું છતાં તેનાથી બહાર નીકળાતું ન હતું. તેમણે આ દૃશ્ય જોયું તેમણે ગાડીમાંથી નીચે ઉતરી પેલા ભુંડના બચ્ચાને ખાડામાંથી બહાર કાઢ્યું. કાદવથી તેમનાં કપડાં ખરડાઇ ગયેલાં છતાં તેની પરવા કર્યા વગર તેઓ કોર્ટમાં ગયેલા.

વિશ્વને લોકશાહીની આદર્શ વ્યાખ્યા આપી જનાર અબ્રાહમ લિંકન જ્યારે અમેરીકાના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે પણ તેઓ તેમના મિત્રોને ભૂલેલા નહીં. અભિમાનનો તો એમનામાં છાંટોય ના મળે. સાવ સાદું અને નિરાળું એમનું વ્યક્તિત્વ. એમની જન્મદાત્રી માનું તો તેઓ નાના હતા ત્યારે જ અવસાન થયેલું. રાષ્ટ્રપતિ બન્યા પછી તેઓ તેમની અપરમાના આશીર્વાદ લેવા ગયેલા. અપરમા પર તેમને અદ્‌ભુત પ્રેમ હતો.

ગુલામીની પ્રથા એમને ખટકતી હતી. અમેરીકાના દક્ષિણના રાજ્યોમાંથી ગુલામીના રાક્ષસને ખદેડવા તેમણે ભારે સંઘર્ષ વેઠ્યો હતો. તેમણે ગુલામીની પ્રથાને ગેરકાયદેસર ઠરાવતો કાયદો પસાર કરાવી બંધારણમાં સુધારો કરાવેલો. ગુલામીની પ્રથાના પ્રખર વિરોધી અને માનવતાના આ મહાન પૂજારીનું આજ કારણે અકાળે અવસાન થયેલું. આંતર વિગ્રહની સમાપ્તિ પછી પત્ની સાથે

નાટ્યગૃહમાં નાટક જોઈ રહેલા આ માનવતાના ફરિશ્તા પર નાટકનું જ એક પાત્ર ભજવી રહેલાં જોન વિલ્કીઝ બુથ નામની વ્યક્તિએ તેમના પર ગોળીઓ વરસાવેલી. પરિણામે બીજે જ દિવસે ૧૫, એપ્રિલ, ઈ.સ. ૧૮૬૫ના રોજ આ મહા માનવનું પ્રાણપંખેરું ઉડી ગયુ હતું.

●







## (૫૮)

# નાના ફડનવીસ

## (૧૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૭૪૨)

પેશ્વા રાજ્યના રાજ્ય સંરક્ષક નાના ફડનવીસનો જન્મ પિતા જનાર્દન પંત અને માતા રૂકમણીબાઈને ઘેર ૧૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૭૪૨ના રોજ થયો હતો. તેમનું બાળપણનું મૂળ નામ બાલાજી જનાર્દન ભાનુ હતું. ચાર વર્ષની નાની ઉંમરે તેમને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા. બાળપણથી સંસ્કારી એવા જનાર્દન ભાનુ મંદિરે દર્શન કરવા જતા. જે મંદિરે તેઓ દર્શન માટે જાય એ મંદિરની મૂર્તિનું ધ્યાનથી નિરીક્ષણ કરતા અને પછી ઘેર આવીને માટીની એવી જ મૂર્તિ બનાવતા. મૂર્તિઓ બનાવવાની કલામાં તે પાવરધાં થઈ ગયેલા. રાત-દિવસ જુદા જુદા ભગવાનની મૂર્તિઓ બનાવવામાં જ તેઓ વ્યસ્ત રહેતા. તેઓ પોતે બનાવેલી મૂર્તિનું પુષ્પ અર્પણ કરતા. નૈવેધ્ય ધરાવતાં અને આરતી પણ કરતા.

દસ વર્ષની તેમની ઉંમર થતાં યશોદા નામની કન્યા સાથે તેમના લગ્ન થયેલાં. ૧૪ વર્ષની ઉંમરે ઘોડા ઉપરથી પડેલાં અને મરતાં મરતાં બચી ગયેલા. શરીરનું કાઠું સુકલકડી. શરીરમાં ખાસ તાકાત પણ નહીં છતાં બુદ્ધિમાં તેજસ્વી હતા.

ઈ.સ. ૧૭૫૬માં તેમના પિતાનું અવસાન થયેલું. તેમના પિતા હોટલ ચલાવતા હતા. પિતાના અવસાન પછી તેમણે હોટલની જવાબદારી સંભાળી લીધેલી અને 'ફડનવીસ'નો પોશાક ધારણ કરી લીધેલો. ત્યારથી તેઓ ફડનવીસ તરીકે ઓળખાવા લાગેલા. તે પછી બાલાજી બાજીરાવ પેશવા તેમને તેમની સાથે શ્રીરંગપટ્ટમ લઈ ગયેલા. એક વર્ષ રોકાઈને તેઓ પરત આવેલા. આ દરમ્યાન એમને ત્યાં એક પુત્ર અવતરેલો. જે થોડાં માસ જીવીને મૃત્યુ પામેલો.

એ પછી તેઓ મા અને પત્ની સાથે ગોદાવરી કિનારાના તીર્થ ધામોની યાત્રાએ ગયેલા. એમને ગંગાજી જવું હતું પણ ઓચિંતા તેમને તેમના પિતરાઈ ભાઈ સદાશીવરાવ ભાઉની સાથે પાણીપતના મેદાનમાં ઉતરવાની નોબત આવી ઉભી. તેઓ યાત્રાએથી પાછા ફરી મા અને પત્ની સાથે જ સીધા યુદ્ધ ભૂમિમાં પહોંચી ગયેલા. બનેલુ એવું કે યુદ્ધ પૂરું થયે ફડનવીસ રણભૂમિમાંથી બહાર આવ્યા ત્યારે મા અને પત્ની ગૂમ થઈ ગયેલાં. ઘણી શોધ કરવા છતાંય તેમનો કોઈ પત્તો લાગેલો નહીં.

ધર્મો ઉપર અતિશય આસ્થા રાખનારા નાના ફડનવીસની ફરજ પ્રત્યે પણ અપાર શ્રદ્ધા હતી. તે નિરાશ થઈ ઘર તરફ પાછા ફરી રહ્યા હતા ત્યારે તેમને સમાચાર મળેલા કે તેમની પત્ની વૈરોજીરાવ બરૂનકરની સહાયથી જીંજી પહોંચી ગઈ હતી અને માને અબ્દાવલીની છાવણીમાં કેદ કરવામાં આવી હતી. આ છાવણીમાં જ એમની માનું મૃત્યુ થયેલું.


પૂના ઉપર સત્તા સ્થાપવા ઈચ્છતા માધવરાવના કાકા રઘુનાથરાવે નાનાને મહત્વની કામગીરી સોંપેલી. આ કામગીરી એવી હતી કે તેથી નાના ફડનવીસને એમની યોગ્યતા સાબિત કરવાની તક સોંપડેલી. એમણે આ કામગીરી એવી હિંમત અને કાબેલિયતથી બજાવેલી કે દસ વર્ષમાં જ રઘુનાથરાવે એમને મુખ્યમંત્રીના પદ પર બેસાડી દીધેલાં. ઈ.સ. ૧૭૭૨માં માધવરાવ પેશ્વાનું મૃત્યુ થતાં તેમને નાનો ભાઈ નારાયણરાવ ગાદીએ આવ્યો. તેની ઉંમર નાની હોવાથી રાજ્ય વહીવટ સંભાળવાની જવાબદારી નાના ફડનવીસને માથે આવી પડેલી.

રાજ્ય વ્યવસ્થા સારી રીતે ચાલતી હોવા છતાં પેશ્વાના રાજ્યમાં ઈર્ષા અને સત્તાની લાલચને લઈ અંધાધૂધી ફેલાઈ. જેનો ગેરલાભ અંગ્રેજો ઊઠાવવા લાગેલા. પરિણામે નાના ફડનવીસને અંગ્રેજો સાતે પુરંદર ખાતે સમાધાન કરવું પડેલું. સમાધાન થયા છતાં માથું ઉંચકી બેઠેલા અંગ્રેજોને નાના ફડનવીસને દબાવી દીધેલા. નાના ફડનવીસને મરાઠાઓને એક કરી શક્તિશાળી બનાવેલા. નાના



ફડનવીસે પરશુરામ ભાઉ પટવર્ધનને ટીપુ સુલતાન પર આક્રમણ કરવા મોકલેલો. તેમણે ટીપુને હરાવેલો. તેણે ખરડા મુકાને નિઝામને પણ હરાવેલો. નિઝામે નાના ફડનવીસને રૂપિયા ત્રણ કરોડ ચૂકવીને સંધિ કરેલી. ઈ.સ. ૧૭૮૫માં સવાઈ માધવરાવે મહેલ ઉપરથી છલાંગ લગાવી આપઘાત કર્યા પછી નાના ફડનવીસ હતાશ થઈ ગયેલા. છેવટે મરાઠી સત્તાના આ પરમ રખેવાળ અઠ્ઠાવન વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૦૦માં મૃત્યુ પામેલા.

●





## (૫૯)

# સરોજિની નાયડુ

## (૧૩, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૭૯)

કાવ્યમય વાક્ધારાથી શ્રોતાઓનાં મનને મોહિત કરી દેનાર તથા 'હિંદના બુલબુલ' તરીકે વિશ્વવિખ્યાત થયેલાં સરોજિની નાયડુનો જન્મ સુસંસ્કૃત બંગાળી બ્રાહ્મણ પરિવારમાં વૈજ્ઞાનિક અને કેળવણીકાર પિતા અઘીરનાથ ચટ્ટોપાધ્યાય અને ગીત કવિ માતા વરદસુંદરીને ઘેર હૈદરાબાદમાં ૧૩, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૭૯ના રોજ થયો હતો. તેમના પિતાજી ખૂબ સારા વિદ્વાન અને પંડિત હતા.

સરોજિનીએ બાર વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. નાનપણથી કવિતા કરવાની સર્જનશક્તિ ધરાવતાં તેઓ ભણવામાં ખૂબજ તેજસ્વી હતાં. સારા નંબરે મેટ્રિકની પરીક્ષા પાસ કરવાને લીધે તેમણે હૈદરાબાદ રાજ્યની શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરી હતી. તેઓ વધુ અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ ગયેલાં. આ દરમ્યાન માતાના સાહિત્ય સંસ્કાર પચાવેલાં. કાવ્ય સર્જનમાં ઠીકઠીક કાઠું કાઢી દીધેલું. તેઓએ અંગ્રેજી શિક્ષણ લીધું હોવા છતાં તેમણે ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિને આત્મસાત્ કર્યાં હોઈ તેમણે કાવ્યો અંગ્રેજી ભાષામાં લખેલા હોવા છતાં તેમાં ભારતીય અસ્મિતા છલોછલ ભરેલી હતી.

ભારતની ભાતીગળ સંસ્કૃતિ અને ભારતના વૈવિધ્યસભર સમાજ જીવનથી છલકાતી કવિતાનું સન્માન કરીને લંડનની 'રોયલ સોસાયટી ઓફ લિટરેચર' તેમને સભ્યપદ એનાયત કર્યું હતું. તેઓ આઝાદીની લડતના રંગે રંગાયા હતાં. દેશ માટે મરી ફિટવાની ઉન્નત ધરાવતાં તેઓ સામાન્ય જનતાનાં હમદર્દ રહેલાં. તેઓ ઉદાર અને ઋજુ સ્વભાવનાં હતાં. તેમનું હૈયું વાત્સલ્યભાવથી હર્યુંભર્યું



હતું. 'આનંદ' અને 'વિનોદ' એમના જીવનનાં બે વિશિષ્ટ લક્ષણો હતાં.

ગાંધીજીના આદર્શો તેમણે જીવનમાં ઉતારેલાં. તેઓ અહિંસાને વરેલાં હતાં. દેશની જનતાને જાગૃત કરવા તેમણે ઠેકઠેકાણે ફરીને પ્રભાવશાળી પ્રવચનોથી સભાઓ ગજવી હતી. ભારતની પ્રજાએ તેમને 'ભારત કોકિલા' અને 'કૈઝરે હિંદ' જેવા બિરૂદોથી વધાવ્યાં હતાં. તેમણે અનેકવાર જેલવાસ પણ ભોગવેલો.

ઈંગ્લેન્ડથી ભારતમાં પાછા ફર્યાં બાદ તેમણે હૈદરાબાદના વતની ડૉ. ગોવિંદ રાજુલુ નાયડુ સાથે લગ્ન કર્યાં હતાં. ભારતમાં ખૂબજ પ્રસિદ્ધ પામી ચૂકેલાં સરોજિની ગોપાલકૃષ્ણ ગોખલેજીની પ્રેરણા અને આશીર્વાદથી રાજકારણમાં પ્રવેશ્યાં હતાં. રાજકારણમાં પ્રવેશ કર્યાં બાદ તેમણે ક્યારેય પારોઠનાં પગલાં ભર્યાં ન હતાં. તેઓ સદાય મહાત્મા ગાંધીના અદના સૈનિક તરીકે કટોકટી વખતમાં મોખરે રહેલાં. દેશ સેવા માટે તેમણે તેમનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું. દેશની મહિલાઓની સુરક્ષા અને અધિકારો માટે એ જીવનભર ઝઝૂમતાં રહેલાં. સ્ત્રીઓના ગૌરવ અને સન્માનને પુનઃસ્થાપિત કરવામાં તેમનો ફાળો નાનો સૂનો નથી. ઈ.સ. ૧૯૩૦માં મહાત્મા ગાંધીએ દાંડકૂચ કરેલી ત્યારે ગાંધીજીની ધરપકડ થતાં સત્યાગ્રહનું સંચાલન કરવાની જવાબદારી તેમણે ઉપાડી લીધી હતી. પરિણામે અંગ્રેજ સરકારે તેમને પણ કેદ પકડીને જેલમાં ધકેલી દીધાં હતાં. ગાંધીજીના વિશ્વાસુ અને નિકટતાના સાથી સરોજિની નાયડુ જીવનભર સત્ય, અહિંસા, હિંદુ-મુસ્લિમ ઐક્ય, અસ્પૃશ્યતા તથા જ્ઞાતિભેદ જેવાં સામિજક દૂષણો સામે લડનારાં સંનિષ્ઠ રાષ્ટ્ર ભક્ત હતાં. તેમનું વ્યક્તિત્વ બહુમુખી હતું. તેઓ ઉત્તમ વક્તા હતાં. તેઓ એક પ્રતિભાશાળી કવયિત્રી હતાં. 'ગોલ્ડન પ્રેશોલ્ડ', 'પોએમ્સ ઓફ લાઈફ એન્ડ ડેથ', 'બર્ડ ઓફ ટાઈમ' અને 'બ્રોકન વિંગ' જેવા તેમના કાવ્યસંગ્રહોમાં તેમની કવિ તરીકેની ઉન્નત પ્રતિભાનાં દર્શન થયા વિના રહેતાં નથી. હસી-મજાક એમને ખૂબ પ્રિય હતાં. ગાંધીજીને જવાહરલાલજીની પણ ક્યારેક તેઓ મજાક કરી લેતાં. લંડનની ગોળમેજી પરિષદમાં તેમણે ગાંધીજી સાથે હાજરી આપી હતી.



## (૬૦)

# બાબર

## (૧૪, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૪૮૩)

તૈમુરલંગ અને ચંગીઝખાનના વારસદાર જહીરુદ્દીન મુહમ્મદનો જન્મ ૧૪, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૪૮૩ના રોજ થયો હતો. ભારતમાં મોગલ સામ્રાજ્યની સ્થાપના કરનાર આ મહાન બાદશાહ ભારતમાં 'બાબર'ના નામથી જાણીતો છે. શૂરવીરતા અને શક્તિમાં તે સિંહ જેવો હતો. તેનામાં લશ્કરના સેનાપતિના તમામ ગુણો હતા. તેનો જન્મ ફરઘાનાના બાદશાહ ઉમર શેખને ત્યાં થયો હતો.

માત્ર અગિયાર વર્ષની સાવ કાચી ઉંમરે તે સમરકંદની ગાદી પર આરૂઢ થયેલો. સંપત્તિ અને સત્તાના લાલચુ તેના રાજ્યના અમીરો અને સરદારોએ તેને બાળક સમજી રાજગાદી પરથી ઉઠાડી મૂકેલો. રાજનીતિના આટાપાટા ખેલવાની માહેર એવી એની દાદીમાની મદદથી તે ફરી ગાદીએ બેઠેલો અને કાબુલ પર સત્તા જમાવેલી.

મૂળ તો એ મધ્ય એશિયામાંથી ઈરાનમાં આવેલી પશુપાલકોની ટોળીનો એક સરદાર હતો. ઈરાનની સંસ્કૃતિનું રક્ષણ કરવામાં અને તેનો વિકાસ કરવામાં બાબરનો બહુ મોટો ફાળો હતો. એ જમાનામાં પણ બાબર સુધારાવાદી માનસ ધરાવતો હતો. નાતજાતના ભેદભાવમાં એ જરા પણ માનતો ન હતો. મુસ્લિમ હોવા છતાં પણ તેનામાં મિથ્યા ધર્મઝનૂન કે દ્વેષવૃત્તિ ન હતાં. યુદ્ધ કે વિનાશમાં એને જરા જેટલોય રસ ન હતો. તે શાંતપ્રિય સ્વભાવનો પાક મુસલમાન હતો. રોજ પાંચ વખત નિયમિત રીતે નમાજ પઢતો અને ખુદાની બંદગી કરતો.

તે કલા અને સાહિત્યનો પૂજારી હતો. સંગીત તેને અતિશયપ્રિય હતું. તે પોતે



પણ ઈરાની ભાષાનો સિદ્ધ હસ્ત કવિ હતો. તેની માતૃભાષા તુર્કી હતી. તુર્કી ભાષાનો એ જાણીતો ગદ્યલેખક પણ હતો. તુર્કી ભાષામાં તેણે લખેલી 'બાબરનામા' નામની તેની આત્મકથા ગણનાપાત્ર કૃતિ ગણાય છે. ફૂલો અને બાગ-બગીચાઓનો શોખીન બાબર નાની ઉંમરથી મહત્વાકાંક્ષી હતો તેથી તેની પ્રગતિને કોઈ રોકી શક્યું ન હતું.

તે વખતે ભારતમાં દિલ્હીની ગાદી ઉપર લોદી વંશના ઈબ્રાહીમ લોદીનો સૂરજ મધ્યાહને તપતો હતો. રાજ્યસત્તાના નશાથી તે છાકટો બની ગયેલો. ઈબ્રાહીમ લોદી અફઘાન ઉમરાવોની આંખમાં કણાની જેમ ખૂંચતો હતો. તેનો સત્તાનો મદ ઉતારવા ઉમરાવોએ સહાય કરવાની ખાતરી સાથે બાબરને દિલ્હી પર આક્રમણ કરવા કહેણ મોકલેલું. બાબરે ઈ.સ. ૧૫૨૬માં આક્રમણ કરી પાણીપતના મેદાનમાં ઈબ્રાહીમ લોદીની સેનાને હરાવી દિલ્હી કબજે કરેલું. ઈબ્રાહીમ લોદીના એક લાખ સૈનિકો સામે બાબરના માત્ર બાર હજાર યોદ્ધાઓએ ભારે શૂરવીરતા દેખાડેલી. આ યુદ્ધમાં બાબરે પહેલીવાર તોપોનો ઉપયોગ કરેલો.

એ શરાબનો ખૂબ શોખીન હતો. એને એની જિંદગીમાં અનેક સંઘર્ષો અને સંકટોનો સામનો કરવો પડેલો. એણે ભારતમાં ચાર વર્ષ ગાળ્યાં હતાં. ચારેય વર્ષ એણે લડાઈઓ લડવામાં જ ગાળેલાં. એણે એના રાજ્યની રાજધાની તરીકે આગ્રાને પસંદ કર્યું હતું. આગ્રાને રાજધાની બનાવી ત્યારે તેનો પાયો નાંખવા તેણે કોન્સ્ટેન્ટિનોપલ (ઈસ્તંબૂલ)થી રાજ મિસ્ત્રીને બોલાવ્યો હતો. તે બુદ્ધિશાળી હોવાની સાથે સાથે એક કુશળ નિરીક્ષક હતો.

ખુદામાં એ અવિચળ વિશ્વાસ ધરાવતો હતો. એની ૪૯ વર્ષની ઉંમરે એનો પુત્ર હુમાયુ બિમાર પડેલા. રાજના હકીમોએ પણ હાથ ધોઈ નાંખેલા. પુત્રના બચવાની કોઈ આશા જણાતી ન હતી. ત્યારે બિમારુ હુમાયુની પથારી પાસે બેસી બાબરે સાચી ભાવનાથી ખુદાને આજીજી કરતાં કહેલું; ''હે પરવરદિગાર! મારા પુત્રને સાજો કરી દે અને એની બિમારી મને આપી દે.'' અને તે દિવસથી

ચમત્કાર થયેલો. હુમાયુ સાજો થવા લાગેલો અને બાબર માંદો પડવા લાગેલો. આખરે ૨૬, ડિસેમ્બર, ઈ.સ. ૧૫૩૦ના રોજ આગ્રા મુકામે તેનું મૃત્યુ થયું હતું. તેના મૃતદેહને કાબુલ લઈ જઈ તેના માનીતા બાગમાં દફનાવવામાં આવેલો.

●





## (૬૧)

# ડાંગરેજી મહારાજ

## (૧૫, ફેબ્રુઆરી, ૧૯૨૬)

પ્રખર વક્તા અને ભાગવત કથાકાર, શુકદેવજીના અવતાર સમા પૂ. ડાંગરેજીનો જન્મ ૧૫, ફેબ્રુઆરી, ૧૯૨૬ના રોજ ઈન્દોરમાં થયો હતો. તેમની માતાનું નામ કમલાબાઈ હતું. કેશવભાઈ ડાંગરે તેમના પિતા હતા. તેમનું બાળપણ વડોદરામાં વીત્યું હતું. તેમણે કાશીમાં રહી વેદો અને ઉપનિષદોનો ગહન અભ્યાસ કર્યો હતો.

વડોદરાના નરસિંહ શાસ્ત્રીના સંપર્કમાં રહી તેમણે ભાગવત કથાનું રસપાન કર્યું અને તેમનામાં ભાગવત કથા કરવાની સ્વયંસ્ફૂરણા થઈ. ઈ.સ. ૧૯૪૯માં તેમણે પહેલી કથા મરાઠી ભાષામાં વડોદરામાં કરી. તેમણે ગુજરાતીમાં સૌ પ્રથમ કથા માલસર ગામે કરેલી.

માધવદાસ મહારાજને તેમણે ગુરૂ તરીકે સ્વીકાર્યા હતા. તેમણે માલસરમાં ૩૩ કથાઓ કરીને વિક્રમ સર્જ્યો હતો. યોગાનુયોગ તેમની છેલ્લી ભાગવતકથા પણ ઈ.સ. ૧૯૯૦માં માલસરમાં જ યોજાઈ હતી.


તેમનું જીવન અને કથન સાત્વિક હતું. કથા કરવાની કોઈ રકમ તેઓ નક્કી કરતા નહીં કે સ્વીરકારતા નહીં. હંમેશા સિલાઈ કર્યા વિના જ સફેદ વસ્ત્રો પહેરતા. ના તો કોઈની પાસેથી દક્ષિણા સ્વીકારતા કે ના તો કોઈ શ્રીમંતની ભાટાઈ કરતા. તેમણે કોઈને શિષ્ય બનાવ્યા ન હતા. કથામાં તેમણે કદી સંગીતનો સહારો લીધો ન હતો. તેઓ સાત્વિક વાતાવરણમાં કથાનું રસપાન કરાવતા. તેઓ ઋષિજીવન જીવતા હતા. શ્રીમદ ભાગવતમાં કરેલા શુકદેવજીના જીવનના વર્ણન પ્રમાણે જ તેમણે તેમનું જીવન વીતાવ્યું હતું.

કથા ન હોય તેવા સમયે તેઓ તેમણે માનેલી ગુરૂગાદી સંતરામ મંદિર, નડિયાદમાં કે માલસરમાં સમય વ્યતીત કરતા હતા. કહેવાય છે કે નિર્વાણ પહેલાં પૂ. ડાંગરેજી મહારાજને પૂ. નારણદાસ મહારાજે સંન્યાસ દીક્ષા પણ આપી હતી. તા. ૯-૧૧-૧૯૯૧માં તેઓ બ્રહ્મલીન થયા. તેમની ઈચ્છાનુસાર તેમના નશ્વરદેહને માલસર ખાતે નર્મદાના પવિત્ર નીરમાં જળસમાધિ આપવામાં આવી હતી.

ડાંગરેજી મહારાજ આત્મારામ હતા. તેમનું મન હંમેશા શ્રીકૃષ્ણમાં જ રમણ કરતું હતું. તેઓ સીવેલાં વસ્ત્રો ક્યારેય ધારણ કરતા ન હતા. તેઓ સફેદ રંગની ધોતી કે ખેસ ધારણ કરતા, હાથ કે ગળામાં માળા વિના બીજું કંઈ પણ ધારણ કરતા નહીં. તેઓ પગમાં ચંપલ કે ચાખડી પણ ધારણ કરતા ન હતા. તેઓ પૈસાને હાથનો મેલ સમજતા. મૃત્યુ પર્યંત તેમણે કોઈ બેન્કમાં ખાતુ ખોલાવ્યું ન હતું. દરેક સ્ત્રીમાં તેઓ માતાનાં દર્શન કરતા. તેમનો ખોરાક સંપૂર્ણ સાદો અને સાત્વિક હતો. તેઓ તેમના હાથે જ બનાવેલું જમતા.







## (૬૨)

# દાદાસાહેબ ફાળકે

## (અવસાન : ૧૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૪૪)

ભારતીય ફિલ્મ જગતમાં જેમની સ્મૃતિમાં વિશિષ્ટ પ્રદાન કરનાર નિર્માતા, નિર્દેશક, ગીતકાર, સંગીતકાર કે કલાકારને પ્રતિવર્ષ ‘દાદાસાહેબ ફાળકે’ એવોર્ડ જેમના નામ પરથી આપવામાં આવે છે તે ભારતીય ચલચિત્ર ઉદ્યોગના પિતા ધુન્ડીરાજ ગોવિંદ ફાળકેનો જન્મ ૩૦, એપ્રિલ, ઈ.સ. ૧૮૭૦ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ત્ર્યંબકેશ્વર ગામે થયો હતો. ભારતીય ચલચિત્ર જગતમાં તેઓ ‘દાદાસાહેબ’ના નામે જાણીતા હતા. ભારતી ચલચિત્ર ઉદ્યોગના પાયાની તેઓ પ્રથમ ઈંટ સમાન હતા.

તેમને ચિત્રકલામાં રસ હોવાથી તેમણે મુંબઈની જાણીતી ‘જે.જે. સ્કૂલ ઓફ આર્ટ’માંથી કલાનું શિક્ષણ મેળવેલું. તે પછી ઈ.સ. ૧૮૯૦માં ગુજરાત આવી તેઓ વડોદરાના કલાભવનમાં જોડાયેલા. આજ વર્ષે તેમણે કેમેરો ખરીદી ફોટોગ્રાફીનો વ્યવસાય કરવા ગોધરામાં ફોટો સ્ટુડિયો શરૂ કરેલો. પણ ધંધામાં કંઈ બરકત ન દેખાતાં જર્મન જાદુગર પ્રો. કેલીસ પાસેથી જાદુના પ્રયોગો શીખી જાદુગર તરીકે નામના રળવાનો પ્રયત્ન કરેલો. તેમાં પણ સફળતા નહીં મળતા આખરે હારી-થાકીને વડોદરા પરત ફરીને આર્કિઓલોજી વિભાગમાં ફોટોગ્રાફર અને ડ્રાફટમેનની નોકરી સ્વીકારી લીધેલી. ત્રણ વર્ષ બાદ આ નોકરી પૂરી થતાં તેમની સામે રોટલાનો સવાલ ઉભો થયેલો. તે પછી તેમણે પેઈન્ટીંગ માટેની એકેડેમી ઉભી કરેલી. એ માટે તેમણે સ્થળ તરીકે લોનાવાલા પર પસંદગી ઉતારેલી. આ અરસામાં સિનેમાસ્કોપ વિશે માહિતી મળવાથી મિત્રો પાસેથી ઉધાર લઈ તેઓ ઈંગ્લેન્ડ ગયેલા. ત્યાં તેઓને ચલચિત્ર નિર્માતા સેસિલ હેવર્થનો

સંપર્ક થયો. તેમની પાસેથી ચલચિત્ર નિર્માણની કળાના મહત્વનાં પાસાંનો તેમણે અભ્યાસ કરી અનુભવ મેળવ્યો. પછી તેમણે 'વિલિયમસન' નામનો મુવી કેમેરા ખરીદી લીધો અને પછી તેઓ ભારત પાછા આવ્યા.

એ કેમેરા વડે તેમણે દેશનું સૌથી પહેલું ચલચિત્ર 'રાજા હરિશચંદ્ર' બનાવ્યું. જેમાં સ્ત્રી પાત્ર ભજવવા કોઈ તૈયાર ન થતાં એક સામાન્ય હોટલવાળા સાલુંકે નામના જુવાનને એ પાત્ર માટે તેમણે તૈયાર કરેલો. એ જમાનામાં દેશની સર્વપ્રથમ ફિચર ફિલ્મ ત્રેવીસ દિવસ સુધી ચાલેલી. એ પછી તો તેમણે અનેક મૂંગી ફિલ્મો બનાવેલી. ભારતની પ્રથમ સ્ત્રી અભિનેત્રી કમલાબાઈ ગોખલેને તેઓએ તેમની ફિલ્મ 'મોહિની ભસ્માસૂર'માં રજૂ કરેલી.


તેમણે તે પછી 'હિન્દુસ્તાન ફિલ્મ કંપની'ના નેજા હેઠળ તેત્રીસ ચિત્રો બનાવેલાં. એ બધાં જ પૌરાણિક કથાવસ્તુ પર આધારિત હતાં. તેમણે તેમની છેલ્લી મૂંગી ફિલ્મ 'સેતુબંધ'ને ઈ.સ. ૧૯૩૪માં બોલતી ફિલ્મ બનાવેલી. મૂક ફિલ્મો બનાવવામાં પારંગત દાદા સાહેબ પછી તો 'ન્યૂ થિયેટર્સ' કે 'પ્રભાત' જેવી નવી ઉભી થયેલી ફિલ્મ નિર્માણ સંસ્થાઓ સામે બાથ ભરી શકેલા નહીં. ઉંમર થવાથી તબિયત પણ બગડેલી. આર્થિક રીતે તેઓ તૂટી ગયેલા. ત્રણ વર્ષ બેકાર બેસી રહ્યાં બાદ જંગી રકમ સાથે એક ફિલ્મનું નિર્માણ કરવાનું કામ કોલ્હાપુરના મહારાજાએ તેમને સોંપેલું. એમણે એ ફિલ્મ 'ગંગાવતરણ' હિન્દી અને મરાઠીમાં બનાવેલી. પણ દાદાસાહેબનું નસીબ બે ડગલાં પાછળ હોવાથી એ ફિલ્મ સાવ નિષ્ફળ નીવડેલી અને દાદાસાહેબની કારકિર્દીનો અંત આવી ગયેલો.

તે પછી હતાશ અને વ્યથિત થઈ ગયેલા દાદાસાહેબ સાત વર્ષ જીવીને ૧૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૪૪ના રોજ આર્થિક રીતે કંગાલ થઈ કાયમ માટે આંખ મીંચી ગયેલા. તેમની સ્મૃતિમાં ભારત સરકારે ઈ.સ. ૧૯૭૦થી ''દાદાસાહેબ ફાળકે'' એવોર્ડની શરૂઆત કરી છે. જે ફિલ્મ જગતમાં સર્વોચ્ચ સન્માન ગણાય છે. ઉપરાંત એમના માનમાં ભારત સરકારના ટપાલ ખાતાએ ઈ.સ. ૧૯૭૧ના



એપ્રિલની ૩૦મી તારીખે ખાસ ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી. નાસિકની મહાનગરપાલિકાએ તેમની યાદ કાયમ રાખવા ''દાદાસાહેબ ફાળકે સ્મારક ટ્રસ્ટ'' બનાવીને દાદાસાહેબના સ્મારકનું નિર્માણ કર્યું છે. જાજરમાન અભિનેત્રી લીલા મિશ્રા દાદાસાહેબની શોધ હતી.





## (૯૩)

# જિદ્દુ કૃષ્ણમૂર્તિ

**(અવસાન : ૧૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૬)**

જેમની કોઈ રાષ્ટ્રીયતા ન હતી કે ન હતી કોઈ સંસ્કૃતિ. એવા જગત આખાના અધ્યાત્મ ગુરુ જિદ્દુકૃષ્ણમૂર્તિનો જન્મ દક્ષિણ ભારતના મદનવલ્લે નામના નાના ગામડામાં બ્રાહ્મણ પરિવારમાં તેલુગુ ભાષી એવા નારાયણૈયાને ઘેર ૧૧, મે, ઈ.સ. ૧૮૯૫ના રોજ થયો હતો. માતાની ઈચ્છાનુસાર પૂજાના ઓરડામાં તેઓ પરિવારના આઠમાં સંતાન તરીકે મધરાતે જન્મ્યા હોઈ, ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરી તેમનું નામ પણ કૃષ્ણમૂર્તિ પાડવામાં આવ્યું હતું.

મેડમ બ્લેવેટસ્કીના સાથીદાર ચાર્લ્સ લિડરબિટર ઈ.સ. ૧૮૮૪માં ભારત આવેલા. તેમણે કૃષ્ણમૂર્તિને જોઈ ભવિષ્ણવાણી ઉચ્ચારેલી કે 'આ બાળક ભવિષ્યમાં વિશ્વગુરુ થશે.' એની બિસન્ટે શિક્ષણ માટે તેમને ઈંગ્લેન્ડમાં વ્યવસ્થા કરી આપી હતી. તેઓ યુનિવર્સિટીમાં ભણ્યા તો ખરા પણ કોઈ ડિગ્રી મેળવી શક્યા નહીં.

તેમની ઉંમર ૧૪ વર્ષની થઈ ત્યારે તેમના પિતાની પરવાનગીથી એની બિસન્ટ તેમને અને તેમના ભાઈ નિત્યાનંદને તેમની સાથે ઈંગ્લેન્ડ લઈ ગયા હતા. બંને ભાઈઓની દેખરેખ રાખવાનું કામ એની બિસન્ટે લિડરબિટરને સોંપેલું. થિયોસોફીકલ સોસાયટીના સભ્ય એવા નારાયણૈયા ડિસ્ટ્રિક કોર્ટમાં મેજિસ્ટ્રેટ હતા. તેમણે એની બિસન્ટ પાસેથી પુત્રને પાછો મેળવવા અદાલતોન આશરો લીધેલો. પણ કૃષ્ણમૂર્તિએ એની બિસન્ટ સાથે જ રહેવાનું નક્કી કરી દીધેલું.

ઈ.સ. ૧૯૨૫માં ભાઈ નિત્યાનંદનું અવસાન થયું. આ આઘાતનજક ઘટનાએ કૃષ્ણમૂર્તિના જીવન અને ચિંતન ઉપર ભારે અસર કરી. કૃષ્ણમૂર્તિની આખી દિશા બદલાઈ ગઈ. કૃષ્ણમૂર્તિ માટે શ્રીમતી એની બિસન્ટે ''ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર ઓફ ધ ઈસ્ટ'' નામની એક સંસ્થાની સ્થાપના કૃષ્ણામૂર્તિ માટે જ કરી હતી. પાછળથી કૃષ્ણમૂર્તિએ એ સંસ્થા વિખેરી નાંખેલી. માનવજીવન માટે તેમણે રજૂ કરેલાં વિચારો વાગોળવા જેવા છે. તેમણે લખ્યું છે કે -

''માણસને મુક્ત રહેવા દો, હું માણસને બધાં જ બંધનોમાંથી મુક્ત કરવા ઈચ્છું છું, બધાં ભયથી મુક્ત કરવા ઈચ્છું છું, મારે કોઈ ધર્મ કે સંપ્રદાય સ્થાપવો નથી, મારું તો એક જ ધ્યેય છે અને તે માણસને કોઈપણ શરત વગર સંપૂર્ણપણે મુક્ત કરવો.''

તેથી જ તેમણે 'સ્ટાર ઓફ ધ ઈસ્ટ' બિરુદ ઠુકરાવી દીધું હતું. વરસો સુધી જેની સાથે સંકળાયેલા રહ્યા હતા તે 'થિયોસોફિકલ સોસાયટી' પછીતી તેમણે છોડી દીધી હતી. વિશ્વગુરુ કે વ્યવસાયી થવાના એમને કોડ ન હતા. તેઓ ખરેખર પંથ વિનાના પયગંબર હતા.

જે કૃષ્ણમૂર્તિ બંધનોથી પર હતા તેમણે કહ્યું છે કે, ''કોઈ ધર્મ જ્યારે સંસ્થાનું સ્વરૂપ લે છે ત્યારે એ બંધિયાર થયા વિના રહેતો નથી, તેથી પોતાનો ધર્મ પોતાની રીતે શોધવો જોઈએ, પોતાનું સત્ય સ્વયં શોધવું જોઈએ.'' એમની સત્ય વિશેની વ્યાખ્યા પણ મમળાવવા જેવી છે. તેઓ કહે છે -

''અહંકાર શૂન્ય મન, વાણી અને વર્તનની સંવાદિતા, એક પ્રકારનું લાવણ્ય કે લાલિત્ય, સાવ સહજ ખાનદાની એ બધાંમાંથી પ્રગટ થતું સૌંદર્ય એ જ સત્ય, આટલી બધી કદરૂપી દુનિયા વચ્ચે જો તમે તમારી જિંદગીનું સૌંદર્ય પામી શકો તો એ જ તમારું સત્ય છે, એજ તમારો ઈશ્વર છે.''

સંવેદનશીલ હૈયું ધરાવતા કૃષ્ણમૂર્તિ ખરા અર્થમાં એક સંત જેવા હતા. તેઓ પોતે પણ ખૂબ આકર્ષક અને સૌંદર્યવાન હતા. તેમનું સૌંદર્ય દંભ વગરનું સહજ હતું. તેઓ સ્પષ્ટ વિચારતા અને સ્પષ્ટ બોલતા. તેઓ કડકડાટ અંગ્રેજી બોલતા,

તેમની વાણીમાં માધુર્ય છલકાતું હતું. જ્ઞાનનું પ્રદર્શન કરવો એ એમને મન અધર્મ હતો.

આપણા યુગના શ્રેષ્ઠ નવલકથા લેખક હેન્રી મિલરે કહ્યું છે કે. ''મને સૌથી વધુ મળવાનું મન થાય એવી કોઈ વિભૂતિ હોય તે છે જે કૃષ્ણમૂર્તિ.'' એમનાં પ્રવચનોમાં ગજબનો જાદુ હતો, આકર્ષણ હતું. તેથી જ સ્વિટ્ઝરલેન્ડમાં આલ્ડસ હક્સલીએ કૃષ્ણમૂર્તિને સાંભળ્યા પછી કહ્યું હતું; 'મેં આજે સાક્ષાત્ બુદ્ધને સાંભળ્યા.'

''ઈશ્વર પીને હું મસ્ત થઈ ગયો'', એવું કહેનારા કૃષ્ણમૂર્તિને બુદ્ધ અને મૈત્રેયી જેવી દૈવી વિભૂતિઓનો સાક્ષાત્કાર થયેલો એવું માનવામાં આવે છે. તેમણે દૈવીશક્તિના પ્રભાવથી વિમલા ઠકારની બહેરાશ સદાને માટે દૂર કરી હતી.

જે. કૃષ્ણમૂર્તિનું જીવન સાહિત્ય અને સૌંદર્યથી સભર હતું. તેમનાં કાવ્યો અને ચિંતનાત્મક ગદ્યનો, 'પોએમ્સ એન્ડ પેરેબલ્સ' નામનો સંગ્રહ ઈ.સ. ૧૯૮૦માં પ્રગટ થયેલો. તેમની કવિતામાંથી તત્વજ્ઞાન મળે છે અને તત્વજ્ઞાનમાંથી કવિતા મળે છે. તેઓ માનવ માત્રને 'જીવનને પૂર્ણ પણે પ્રેમ કરવાનો' સંદેશ આપે છે. પ્રેમને તેઓ સત્યની સુગંધ માનતા હતા.


કૃષ્ણમૂર્તિએ ઝાઝાં પુસ્તકો વાંચેલાં નહીં, કેમકે તેઓ માનતા કે, ''વાંચવા જેવો જો કોઈ ગ્રંથ હોય તો તે જીવનગ્રંથ છે.'' તેમણે વિશ્વભરમાં આપેલા અસંખ્ય પ્રવચનોની નોંધો ઉપરથી પાછળથી જે પુસ્તકો પ્રગટ થયાં તેમાં 'એજ્યુકેશન એન્ડ સિગ્નિફિકન્સ', 'ધ ફર્સ્ટ એન્ડ લાસ્ટ ફ્રીડમ', 'કોમેન્ટરીઝ એન્ડ લિવિંગ' તથા 'પોએમ્સ એન્ડ પેરેબલ્સ'નો સમાવેશ થાય છે.

કૃષ્ણમૂર્તિએ કોઈને ગુરુને બનાવ્યા ન હતા, કે નહોતી બાંધી કોઈની કંઠી. કોઈ સંપ્રદાયના તેઓ આશ્રિત ન હતા. તેમણે કોઈ તત્વજ્ઞાનનાં પુસ્તકો અભ્યાસ પણ નહતો કર્યો. છતાં તેઓ વિશ્વ વિખ્યાત તત્વચિંતક હતા. તેમનું તત્વજ્ઞાન સ્વયંભૂ રીતે તેમના ચિંતનમાંથી જન્મતું. યુવાઓની આંતરશક્તિઓ વિકસાવવા



તેમણે દેશ-પરદેશમાં શાળાઓની સ્થાપના કરી હતી.

તેમનું એક એક વાક્ય, એક એક સોનામહોર જેવું સાબિત થતું. આવી વિશ્વની પરમોચ્ચ વિભૂતિ ૧૭મી ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૮૬ના રોજ હંમેશને માટે 'સત્ય'માં સમાઈ ગઈ.





# (૬૪)
# રામકૃષ્ણ પરમહંસ
## (૧૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૩૬)

સ્વામી વિવેકાનંદજીના ગુરુ પરમ જ્ઞાની રામકૃષ્ણ પરમહંસનો જન્મ બંગાળ પ્રાંતના કામારપુકુર નામના એક ગામડામાં ધર્મનિષ્ઠ અને ઈશ્વરભક્ત પિતા ખુદીરામ ચટ્ટોપાધ્યાયને ઘેર ૧૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૩૬ના રોજ થયો હતો. તેમનાં માતાનું નામ ચંદ્રમણિદેવી હતું. તેઓ ધાર્મિક પ્રકૃતિનાં પતિપરાયણ સ્ત્રી હતાં. રામકૃષ્ણનું જન્મનું નામ ગદાધર હતું. તેમના માતા-પિતા ખૂબજ આસ્તિક હતા. ઈશ્વરભક્તિ તેમની મુખ્ય પ્રવૃત્તિ હતી. સદાચારી અને ધર્મનિષ્ઠ જીવન જીવતાં માતા-પિતાના સદ્‌ગુણી સંસ્કાર પુત્રમાં પુરેપુરા ઉતર્યા હતા. રોજ તેમના ઘરનું આંગણું સંતો-સાધુઓના આગમનતી ઉભરાતું રહેતું. ગદાધરનાં માતા-પિતા ભગવદ્‌ભક્તિમાં સહર્નિશલીન રહેતાં હતાં. ગદાધરમાં ભક્તિ અને સેવાના સંસ્કાર સુપેરે ઝીલાયા હતા. ગદાધરને જાણે ઈશ્વરનો સાક્ષાત્કાર થતો હોય તેમ ભગવત સ્મરણ કરતાં કરતાં સમાધિ અવસ્થાને પામી જતા હતા.

વિશ્વમાં જેટલા પણ મહામાનવો થયા છે તેમાંના કેટલાક જ અપવાદો બાદ કરતાં બાકીના બધા જ જીવનમાં સંઘર્ષોનો સામનો કરીને જ મહાનતાને પામ્યા છે. ગદાધારની બાબતમાં પણ આવું જ કંઈક બનેલું. તેઓના બાળપણ દરમ્યાન જ તેમના પિતાનું અવસાન થયેલું. તેમની કિશોરાવસ્થાએ તેમના મોટાભાઈ મરણશરણ થયેલા. પિતા અને ભાઈની ઓથ ગૂમાવી ચૂકેલા તેઓ જીવન નિર્વાહ માટે ભટકવા લાગેલાં. ફરતાં ફરતાં તેઓ કલકત્તા આવ્યા અને દક્ષિણેશ્વર મંદિરમાં પૂજારી તરીકે રહ્યા. અહીં તેમના બાલ્યાવસ્થાના



સંસ્કાર ફળ્યા. કાલિકા માતાજીની પૂજા અને દર્શન કરીને તેઓ ગદ્‌ગદ થઈ જતા. તેમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગતી. તેઓ કલાકો સુધી સમાધિ અવસ્થામાં બેસી રહેતા. તેમણે મા કાલિકાનો પ્રત્યક્ષ સાક્ષાતકાર કરેલો. ખાતાં-પીતાં પણ ભાન ગુમાવી બેસતા હોવાથી દિનપ્રતિદિન તેમનું શરીર કૃશ થવા લાગ્યું. માએ તેના દીકરામાં સન્યાસ્તનાં લક્ષણોનું પ્રકટીકરણ થતાં અનુભવ્યું. તેમને ચિંતા ઘેરી વળી, તેથી તેઓ ૨૩ વર્ષના થયા ત્યારે તેમણે ગદાધરનું લગ્ન જયરામવટી ગામના રામચંદ્ર મુખોપાધ્યાયની દીકરી શારદામણિ સાથે કરાવી દીધું. સાંસારિક રીતે લગ્ન કર્યું હોવા છતાં તેઓ વિરક્ત સાચા સંતની જેમ જલકમલવત્ રહેવા લાગ્યા.

તેમણે પત્નીને પણ તેમના મનની વાત જણાવી દીધેલી. પત્ની શારદામણિએ એક આર્ય સન્નારીને છાજે એ રીતે, મનમાં લેશ માત્ર ઓછું આવવા દીધા વગર પતિના અધ્યાત્મ માર્ગમાં અવરોધરૂપ નહીં બનવાનો દૃઢ સંકલ્પ કરી પત્ની ધર્મ બજાવેલો. હવે તેઓ ઈશ્વરાભુખ બનાવે એવા પરમજ્ઞાની ગુરૂની શોધમાં નીકળી પડ્યા. તેમને આવા ગુરુ મળી ગયા. તેમનું નામ હતું તોતાપુરી. આ ગુરુ પાસેથી તેમણે વેદાંતનું પરમોચ્ચ જ્ઞાન મેળવ્યું. સાથે સાથે ઈન્દ્રિયનિગ્રહ માટે યોગનો અભ્યાસ કર્યો. તોતાપુરીને તેમના આ શિષ્યમાં ઈશ્વરના અંશના દર્શન થયેલાં. તેથી તેમણે આ શિષ્યનું નામ પાડ્યું રામકૃષ્ણ. રામકૃષ્ણ એ એમનાં ગુરુનું પાડેલું નામ. જે સાધના કરી સિદ્ધિ મેળવતા ગુરુને ચાલીસ વર્ષનો સમય લાગેલો તે સાધના રામકૃષ્ણએ માત્ર ત્રણ દિવસમાં કરી સિદ્ધિ પ્રાપ્ત કરેલી. તેમને લાધેલાં દિવ્ય અને ઈશ્વરી જ્ઞાનને લઈ તેઓ પરમહંસ તરીકે ઓળખાવા લાગેલા. આમ તેઓ ગદાધરમાંથી રામકૃષ્ણ પરમહંસ બનેલા.


તેઓ બધાં ધર્મોને સમાન દૃષ્ટિ અને સમાનભાવથી જોતા હતા. તેઓ કહેતા કે ઈશ્વરની અનુભૂતિ કે પ્રાપ્તિ માટે સંસાર ત્યજવાની કોઈ જરૂર નથી.

સંસારમાં રહેવા છતાં જે ઈશ્વરની નજીક જઈ શકે તે જ ખરો ભક્ત. તેઓ જ્ઞાતિ કે વર્ણના ભેદભાવમાં માનતા ન હતા. તેમણે કોઈ નવો ધર્મ કે સંપ્રદાય ઊભો કર્યો નથી.

તેઓ ભારતીય સમાજના જ્યોતિર્ધર હતા.

●





## (૬૫)

# નિકોલસ કોપર્નિક્સ

## (૧૯, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૪૭૩)

નિકોલસ કોપરનિક્સનો જન્મ ૧૯, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૪૭૩ના રોજ પોલેન્ડના તોરુન નામના નગરમાં થયો હતો. તેના પિતાનું નામ કૌપરનિડસ અને માતાનું નામ વાક્જેન રોદ હતું. તેનો પરિવાર નગરનો એક પ્રતિષ્ઠિત પરિવાર હતો. તેના પિતા નગરની એક શ્રીમંત વ્યક્તિ તો હતા જ, પણ સાથે સાથે તે એક ન્યાયાધીશ અને સામાજિક કાર્યકર પણ હતા. નિકોલસની ઉંમર ૧૦ વર્ષની થઈ ત્યાં એના પિતાનો સ્વર્ગવાસ થઈ ગયો. પિતાના અવસાન પછી તેમનું તથા ભાઈભાંડુઓનું પોષણ અને ઉછેર તેના મામા પાદરી લ્યૂક્સ વાક્જેનને રોદને ત્યાં થયેલાં.

નિકોલસના મામા પાદરી હોઈ એક સારા ચિંતક હતા. તેમનું વ્યક્તિત્વ સ્વાધ્યાયલક્ષી હતું. એમની ધર્મપરાયણતાની અસર બાળક નિકોલસ પર પડેલી. ૧૮ વર્ષની ઉંમરે નિકોલસે પોલેન્ડની રાજધાની ક્રેકોની ક્રેદો યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલો. તે જમાનામાં આ યુનિવર્સિટીનું ગજબનું આકર્ષણ હતું. તેથી દેશદેશના વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે અહીં ખેંચાઈ આવતા. આ યુનિવર્સિટીમાં લેટિન ભાષામાં શિક્ષણ આપવામાં આવતુ હતું. નિકોલસે લેટિન ભાષા શીખી લઈ ભૂમિતિ, ભૂગોળ, ખગોળ અને દર્શન શાસ્ત્રનું અધ્યયન શરૂ કરેલું.

ક્રેકો વિશ્વ વિદ્યાલય છોડ્યા પછી નિકોલસ ઈટાલી જઈ ત્યાંની 'બોલોના સ્કૂલ ઓફ લૉ'માં દાખલ થયેલો. વળી પાછી બોલોના છોડી એ 'પેદુઆ' વિશ્વવિદ્યાલયમાં દાખલ થઈ ગયેલો. અહીં એની શિક્ષણયાત્રા સારી ચાલતી રહેલી. આખરે એણે 'ફેરારા' યુનિવર્સિટીમાંથી 'ડોક્ટર ઓફ લૉ'ની પદવી

હાંસલ કરી હતી.

અભ્યાસ પૂર્ણ કરીને તે પોતાના દેશ પોલેન્ડ પાછો ફરેલો પણ એ ઘેર ઝાઝુ ટકેલો નહીં. તેને લાગ્યું કે ધર્મસેવા કરવા તબીબી શિક્ષણ મેળવવું જરૂરી છે, તેથી મામાની અનુમતિ મેળવી તે ત્રીસ વર્ષની વયે પેદુઆની મેડિકલ સ્કૂલમાં દાખલ થઈ ગયેલો. વિદ્યાભ્યાસની સાથે સાથે અહીં તેણે ફ્રીએન બર્ગના ચર્ચમાં નાના પાદરી તરીકે નોકરી કરવાનું પણ શરૂ કરેલું. તેનામાં પાદરી થવાની સંપૂર્ણ યોગ્યતા હતી. તે અનેક યાત્રાઓ કરી ચૂક્યો હતો તથા ઈટાલીના ચર્ચના કાયદાઓના ક્ષેત્રમાં તેણે ડૉક્ટરેટની પદવી પણ મેળવી હતી. તે ગ્રીક અને રોમન દર્શનશાસ્ત્રોમાં પારંગત હતો.

૩૩ વર્ષની ઉંમરે મામાની સેવા કરવા એ તેના દેશમાં પાછો ફર્યો. આ સમયમાં મામાને ઘેર રહી સ્વતંત્ર અધ્યયન કરવું શરૂ કર્યું હતું. જેની ફૂલશ્રુતિ રૂપે એ જગતને બ્રહ્માંડ વ્યવસ્થા વિશે નવી દૃષ્ટિ આપી ગયો. મામાના અવસાન બાદ ફરી એ પાદરીની નોકરી પર પાછે ફરેલો.

બ્રહ્માંડની એક નૂતન વ્યવસ્થા પરિકલ્પિત કરવાના કારણે આજે વિશ્વમાં એક મહાન વૈજ્ઞાનિક રૂપે તે ખ્યાતિ પામી ચૂક્યો છે. માત્ર ૨૫ વર્ષની વયના વિત્તેનબર્ગ વિશ્વવિદ્યાલયમાં પ્રોફેસરની નોકરી કરતાં જર્મન યુવક જ્યોર્જ યોએખિમ રેટિકએ કોપરનિક્સના સિદ્ધાંતોની હસ્તપ્રતો જર્મનીથી પ્રકાશિત કરાવી હતી. જે આજે 'રેવોલ્યુશેન્સ'ના નામે જાણીતી છે.

એનો આ ગ્રંથ પ્રકાશિત થયો ત્યારે કમભાગ્યે નિકોલસ રક્તયાત્રાના દર્દથી પીડાતો હતો. એ પોતે ગ્રંથ વિશે કશો પ્રતિભાવ આપવા અસમર્થ હતો. એનો એ ગ્રંથ ન્યૂટનના 'પ્રિન્સિપિઆ' જેટલો જાણીતો થયો. જેની ગણના એક ખગોળ વિજ્ઞાનના સૂર્ય તરીકે થતી. તેણે પૃથ્વી ગોળ છે એવું સૌ પ્રથમ પ્રતિપાદિત કર્યું હતું કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. એવું સાબિત કરનાર એ પ્રથમ વૈજ્ઞાનિક હતો. તેણે તેના ગ્રંથમાં પૃથ્વી, ચંદ્ર અને બીજા નક્ષત્રોની ગતિવિધિઓનું અત્યંત સૂક્ષ્મ અવલોકન વર્ણવ્યું છે. કોપર્નિક્સની ગણતરીઓના આધારે જ 'ગ્રેગોરિયન કેલેન્ડર'ની રચના થઈ હતી. તેણે અર્થશાસ્ત્રમાં 'ગ્રેશમનો નિયમ' પણ આપ્યો હતો.



આવો વિશ્વનો એક મહાન વૈજ્ઞાનિક ૧૫, મે, ઈ.સ. ૧૫૪૩ના રોજ કુદરતના ખોળે સદાને માટે પોઢી ગયેલો.

●





## (૬૬)

# લુડવીગ એડ્યુઅર્ડ બોલ્ટ્ઝ્મેન

## (૨૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૪૪)

જગતના શ્રેષ્ઠ ભૌતિકશાસ્ત્રીઓમાં જેની ગણના થાય છે અને લુડવિગ એડ્યુવર્ડ બોલ્ટ્ઝ્મેનનો જન્મ તત્કાલીન ઓસ્ટ્રીયન સામ્રાજ્યની રાજધાની વિયેનામાં એક રેવન્યુ અધિકારી પિતાને ઘેર ૨૦, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૪૪ના રોજ થયો હતો. પિતાની સારી સરકારી નોકરી હોઈ તેમનો પરિવાર આર્થિક રીતે ખૂબજ સદ્ધર હતો. તેથી તેમનું બાળપણ ખૂબજ સુખ-વૈભવમાં વીત્યું હતું.

તેમના પિતાએ શિક્ષકો રાખી ઘરમાં જ પ્રાથમિક શિક્ષણની સુવિધા કરી આપેલી. તેથી શાળાએ જવા જેટલી ઉંમરે પણ તેઓ શાળામાં ગયેલા નહીં. ભણવામાં અતિશય તેજસ્વી એવા એમને નાનપણથી જ વિજ્ઞાનના વિષયમાં ભારે રસ-રુચિ હતાં. વિજ્ઞાન એમનો અતિપ્રિય વિષય હતો. તેમણે ઈ.સ. ૧૮૬૩માં 'યુનિવર્સિટી ઓફ વિયેના'માં ભૌતિકશાસ્ત્રના વિષય સાથે અભ્યાસ શરૂ કરેલો. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની પદવીઓ મેળવ્યા પછી ઈ.સ. ૧૮૬૬માં તેમણે 'વાયુઓની ગતિના સિદ્ધાંતો' વિષય પર મહાનિબંધ લખી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલી.

તેમણે કારકિર્દી અતિશય ઉજ્જવળ હતી. તેઓ યુનિવર્સિટી ઓફ વિયેનામાં ઈ.સ. ૧૮૬૬માં અધ્યાપક તરીકે જોડાયા હતા. ઈ.સ. ૧૯૬૮-૬૯માં તેઓએ 'યુનિવર્સિટી ઓફ ગ્રાઝ'માં ગણિતશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામગીરી બજાવી હતી. ઈ.સ. ૧૮૬૯થી ૭૧ દરમ્યાન તેઓ 'યુનિવર્સિટી ઓફ હિડેલબર્ગ'માં



સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક પદ પર રહેલા. તે પછી તેમણે યુનિવર્સિટી ઓફ બર્લિનમાં ઈ.સ. ૧૮૭૧થી ૭૩ સુધી ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે, ઈ.સ. ૧૮૭૩થી ૭૬ દરમ્યાન યુનિવર્સિટી ઓફ વિયેનામાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે, ઈ.સ. ૧૮૭૬થી ૯૦ દરમ્યાન યુનિવર્સિટી ઓફ ગ્રાઝમાં પ્રાયોગિક ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે, ઈ.સ. ૧૮૮૭થી ૯૦ દરમ્યાન યુનિવર્સિટી ઓફ ગ્રાઝના પ્રમુખ તરીકે, ઈ.સ. ૧૮૯૦થી ૯૪ દરમ્યાન યુનિવર્સિટી ઓફ મ્યૂનિચમાં સૈદ્ધાંતિ ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે, ઈ.સ. ૧૮૯૪થી ૧૯૦૦ દરમ્યાન પુનઃ યુનિવર્સિટી ઓફ વિયેનામાં સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રોના પ્રાધ્યાપક તરીકે, ઈ.સ. ૧૯૦૦થી ૦૨ દરમ્યાન યુનિવર્સિટી ઓફ લિપઝિંગમાં ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે, ઈ.સ. ૧૯૦૨થી ૦૬ દરમ્યાન ફરી પાછા યુનિવર્સિટી ઓફ વિયેનામાં સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે એમ વિવિધ જગાઓ ઉપર ભૌતિક વિજ્ઞાનના શિક્ષણમાં તેઓ વ્યસ્ત હતા. તેઓ ઈ.સ. ૧૮૮૫માં ઈમ્પિરિઅલ ઓસ્ટ્રિયન એકેડેમી ઓફ સાયંસીઝના તેઓ સભ્ય હતા. ઈ.સ. ૧૮૮૮માં તેઓ 'ધ રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયંસીઝ'ના ચૂંટાયેલા સભ્ય હતા.

માત્ર ભૌતિકશાસ્ત્રના વિષયમાં જ તેઓ પ્રાવીણ્ય ધરાવતા હતા એવું ન હતું. દર્શનશાસ્ત્રના વિષય ઉપર પણ તેમની જબરજસ્ત પકડ હતી. તેમણે ભૌતિકશાસ્ત્રની સાથે સાથે દર્શનશાસ્ત્ર ઉપર પણ વ્યાખ્યાન આપવાના શરૂ કરેલાં. તેમના વ્યાખ્યાનો તે સમયે ખૂબજ પ્રસિદ્ધ પામેલાં. દર્શનશાસ્ત્ર પરનાં તેમના વક્તવ્યો સાંભળવા લોકોનો ભારે ઘસારો રહેતો. વિયેનામાં તેમનું સૌથી પહેલું જાહેર પ્રવચન ગોઠવાયેલું ત્યારે વિયેનાનો સૌથી મોટો સભાખંડ હકડેઠઠ ભરાઈ ગયેલો. લોકોએ દાદર પર ઉભા રહી તેમનું પ્રવચન સાંભળેલું.

લુડવીગ એડ્યુઅર્ડ બોલ્ટ્ઝ્મેન ભૌતિશાસ્ત્રની એક ખૂબજ મહત્વની શાખા આંકડાકીય ગણિતશાસ્ત્રના પિતામહ ગણાય છે. આ શાખામાં સંભાવનાના

સિદ્ધાંતો જેવી ગાણિતિક પદ્ધતિઓના બહોળા ઉપયોગ વડે ઉષ્માગતિશાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવે છે. બોલ્ટ્ઝ્મેન અને તેમના જેવા જ બીજા મેધાવી વિજ્ઞાની જેમ્સ ક્લર્ક મેક્ષવેલે સાથે મળીને પ્રતિપાદિત કરેલ 'બોલ્ટ્ઝ્મેન મેક્ષવેલ ડિસ્ટ્રીબ્યુઅશન' સિદ્ધાંત આજે પણ ઉષ્માગતિશાસ્ત્ર ભૌતિકીમાં સિમાચિહ્ન રૂપ ગણાય છે.

બોલ્ટ્ઝ્મેન આપેલું એક ખૂબજ મહત્વનું સૂત્ર જે વિશ્વમાં કે કોઈ સિસ્ટમમાં અણુઓની અવનતિ કે અવ્યવસ્થાના માપ (એટ્રોપી) અને વાયુઓના અણુઓની એક ખાસ પ્રકારની સ્થિતિમાં આવવાની સંભાવના વચ્ચેના લોગેરધમિક સંબંધને પ્રસ્થાપિત કરે છે. ભૌતિકશાસ્ત્રનાં ખૂબજ પ્રતિષ્ઠિત એવાં સુત્રોમાંનુ એક સૂત્ર છે. **S=klog.w.** આ સૂત્રમાં, **S =** એટ્રોપી, **W =** અણુઓની એક ખાસ પ્રકારની સ્થિતિમાં આવવાની સંભાવના અને **K =** બોલ્ટ્ઝ્મેનનો અચળાંક **(k=1.380-6488(13)x$10^{-23}$)** છે. એમના સમગ્ર જીવન દરમ્યાન જેનું કદીય નિદાન થઈ શકેલું નહીં એવી 'બાઈપોલર ડિસોર્ડર' નામની માનસિક બિમારીથી પીડાતા આ મહાન વૈજ્ઞાનિક અને વિચારક સતત બદલાતા રહેતા મનોભાવોથી ગ્રસ્ત રહેતા હતા. ઉત્તરોત્તર આ બિમારી વધતી ચાલેલી. આ બિમારીને લીધે તેઓ સદા ઉદાસીન રહેવા લાગેલા. તેમની એ બિમારી એટલી હદે વકરેલી કે ઈ.સ. ૧૯૦૪માં તેમણે આત્મહત્યા કરવાનો પ્રયત્ન કરેલો. પણ તેમનો એ પ્રયત્ન નિષ્ફળ નીવડેલો. ૫, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૬ના રોજ ઈટાલીમાં દુઈઓની ખાડી નજીક તેઓ ઉનાળુ વેકેશન ગાળવા ગયેલા. તે દરમ્યાન હતાશાનો એવો તીવ્ર હુમલો આવેલો કે તેઓ પંખા સાથે લટકીને આત્મહત્યા કરી મૃત્યુ પામેલા. તેમના મૃતદેહને વિયેનાના સૌથી મોટા કબ્રસ્તાન ઝેનટ્રાલ્ફિડહોક (સેન્ટ્રલ સિમેટ્રી)માં દફનાવવામાં આવેલો. તેમની કબર ઉપર તેમનું પૂતળું મૂકવામાં આવ્યું અને તેમના વૈજ્ઞાનિક પ્રદાનની સ્મૃતિ રૂપે તેમનું સૂત્ર **S=klog.w.** કંડારવામાં આવ્યું, જે આજે પણ મોજૂદ છે.





**(૬૭)**

# ડબલ્યુ. એચ. ઓડન

## (૨૧, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૭)

ફિઝિશિયન પિતા જ્યોર્જ ઓગષ્ટસ અને નર્સ માતા કોન્સ્ટન્સ રોઝાલીને ત્યાં પ્રસિદ્ધ અમેરિકન કવિ વાયસ્ટેન હયુ ઓડેનનો જન્મ ૨૧, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૭ના રોજ થયો હતો. યોર્કશાયરમાં આવેલું યોર્ક તેમનું વતન.

ધર્મમાં પારાવાર આસ્થા ધરાવતા ઓડેને બર્મિંગ હામની શાળામાં શિક્ષણ લીધું હતું. કવિતા વાંચવાનો અનહદ શોખ ધરાવતા તેમણે માત્ર સોળ વર્ષની કુમળી વયે કવિતા સર્જન પર હાથ અજમાવવાનું શરૂ કર્યું હતું. બર્મિંગહામનો અભ્યાસ પૂરો કર્યા પછી તેઓ નોફોર્કની શિક્ષણ સંસ્થામાં દાખલ થયા હતા. માત્ર ૧૭ વર્ષની ઉંમરે તેમનું સૌ પ્રથમ કાવ્ય પ્રકાશિત થયું હતું.

ઉચ્ચ અભ્યાસ કરવા માટે તેઓ ઈ.સ. ૧૯૨૫માં ઓક્સફર્ડની ક્રાઈસ્ટચર્ચ કોલેજમાં દાખલ થયા હતા. તેઓએ તે સમયે તેમના જમાનાના જાણીતા કવિઓના કાવ્યોનું બારીકાઈથી અધ્યયન કરી લીધું હતું. ટી.એસ. એલિયેટનાં કાવ્યોની તેમના મન ઉપર પ્રભાવક અસર પડી હતી. ઈ.સ. ૧૯૨૮માં એમની ઉંમર ૨૧ વર્ષની હતી ત્યારે તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'પોએમ્સ' પ્રગટ થયો હતો. જર્મન ભાષા અને જર્મન સાહિત્ય તેમને અતિપ્રિય હતાં. તેથી તેમણે જર્મનીનો પ્રવાસ પણ ખેડ્યો હતો.

તે સમયના ઉત્કૃષ્ટ સાહિત્યકાર ઈશરવૂડ ઓડેનના ગાઢ મિત્ર હતા. ઓડેન સાથે તે પણ જર્મની ગયેલા. જર્મનીથી બંનેએ સંયુક્ત પ્રયાસ રૂપે 'ધ એનિમિઝ ઓફ એ બિશપ' નામના પદ્યનાટકની રચના કરી હતી.

ઈ.સ. ૧૯૩૦થી ૩૫ સુધી ઓડેને સ્કોટલેન્ડની એક સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરી હતી. સાહિત્યની સાથે તેમને સંગીત અને નાટક પ્રત્યે અતિશય લગાવ હતો. તેથી મિત્રો સાથે મળીને તેમણે લંડનમાં એક ગૃપ થિયેટર ઉભું કર્યું હતું. દસ્તાવેજી ફિલ્મો તથા સંગીતના જાહેર કાર્યક્રમો માટે પણ તેઓ કાવ્યો લખતા હતા.

ઓડનની કવિતામાં પુરાકથા અને ઈરોઝની વિભાવના ઐતિહાસિક પરિબળોના સંદર્ભમાં અને માનવીના સમાજગત અસ્તિત્વ સંબંધે આવે છે. તેથી જ ઓડનના કાવ્યોમાં યુગચેતનાનું અનુસંધાન જોવા મળે છે. તેમની ત્રીશીની પુરાકથાના સંદર્ભવાળી રચનાઓમાં અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તત્વજ્ઞાન વગેરે લગતી વિભાવનાઓ જોવા મળે છે. આ વાતની પ્રતીતિ આપણને તેમની રચના 'ઓન ધીસ આઈલેન્ડ'માં થાય છે. 'ઈન મેમરી ઓફ ડબલ્યુ. બી. યીટ્સ' ઓડનનું સર્વશ્રેષ્ઠ કાવ્ય ગણાય છે.

તેઓ હિટલર અને સ્તાલિનનાં કાર્યોથી ઘાતા પામેલા. તેઓ ફાસીવાદના કટ્ટર વિરોધી હતા. તેમણે ટોમસ માનની પુત્રી એરિકા માન સાથે માત્ર તેમને સ્વદેશ ત્યાગવામાં મદદ કરવાના હેતુથી લગ્ન કર્યું હતું. ઈ.સ. ૧૯૩૬માં તેમનો કાવ્યસંગ્રહ 'બુક સ્ટ્રેઈન્જર' પ્રગટ થયો હતો.

કિર્કેગાર્દની કૃતિઓ તેઓ વારંવાર વાંચતા. તે પછી તેઓ ખરા અર્થમાં ખ્રિસ્તી થયેલા. ઈ.સ. ૧૯૩૯માં તેઓએ ઈંગ્લેન્ડ છોડીને અમેરિકામાં વસવાટ કર્યો હતો. ઈ.સ. ૧૯૪૬માં તેમણે અમેરિકાનું નાગરિકત્વ સ્વીકારી લીધું હતું. તે પછી ત્યાંની અનેક યુનિવર્સિટીઓમાં તેઓ અધ્યાપક તરીકે પસંદ થયા હતા. ઈ.સ. ૧૯૪૦માં તેમનો કાવ્ય સંગ્રહ 'અનધર ટાઈમ્સ' પ્રગટ થયો હતો. તેમને તેમની સાહિત્ય સેવાઓ બદલ નીચે જેવાં સન્માનોથી સન્માનવામાં આવ્યા હતા.

- કિંગ્સ ગોલ્ડ મેડલ : ૧૯૩૭
- ક્રાઈસ્ટચર્ચ કોલેજની ફેલોશીપ : ૧૯૬૨



- ઓસ્ટ્રિયન સ્ટેટ પ્રાઈઝ ફોર યુરોપિયન લિટરેચર : ૧૯૬૬
- નેશનલ મેડલ ફોર લિટરેચર : ૧૯૬૭
- ઓક્સફર્ડ યુનિ.ની ડી.બિટ્.ની માનદ્ ડિગ્રી : ૧૯૭૧
- લંડન યુનિ.ની ડી.બિટ્.ની માનદ્ ડિગ્રી : ૧૯૭૨
- પુલિત્ઝર પ્રાઈઝ
- બોલિંગન પ્રાઈઝ

જીવનની સંધ્યાએ માતા અને પત્નીનું અવસાન થવાથી એકલાયું જીવન જીવવું તેમને માટે કઠિન થઈ ગયેલું. તેથી તેઓ કાયમ માટે ન્યૂયોર્કનો ત્યાગ કરીને ક્રાઈસ્ટ ચર્ચ રહેવા ચાલ્યા ગયેલા. ઈ.સ. ૧૯૭૩માં તેઓ 'ઓસ્ટ્રિયન સોસાયટી ફોર લિટ રેચર'ના આમંત્રણને લઈ વિયેના કાવ્યવાચન કરવા ગયેલા. ત્યારે કાવ્યવાચન પછી ટૂંકુ પ્રવચન આપતાં તેમના પર હૃદયરોગનો હુમલો થયો હતો અને તે જ રાત્રે ઊંઘમાં જ ૬૬ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયુ હતું. એ દિવસ હતો ૨૯, સપ્ટેમ્બર, ૧૯૭૩. મૃત્યુ પછી ક્રાઈસ્ટચર્ચના તેમના સુંદર 'સમરહોમ'માં અત્યંત સાદગીથી તેમને દફનાવાયા હતા.

આ સહૃદયી મહામાનવે 'થેન્ક યૂ, ફોગ' કાવ્યમાં તેના યુરોગામી અને સમકાલિન સર્જકોનો આભાર માન્યો હતો. તેણે તેના તે કાવ્યની અંતિમ પંક્તિમાં એકરાર કરતાં લખ્યું છે -

''હું નબળામાં નબળી પંક્તિઓય
ના લખી શક્યો હોત તમારા વગર''

●



## (૬૮)

# ઈન્દુલાલ યાજ્ઞિક

## (૨૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૨)

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર પટેલ પછી સૌથી વધુ લોકચાહના મેળવનાર, આજીવન વિપ્લવી, મહાગુજરાત માટે ભગીરથ સંઘર્ષ કરનાર, લોક નિષ્ઠાના પ્રખર આસ્તિક એવા ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ ૨૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૨માં સાક્ષર નગરી નડિયાદમાં થયો હતો. એમની માતાનું નામ મણિગૌરી હતું.

વીર નર્મનો જુસ્સો અને સુભાષબાબુ જેવી દેશદાઝ ધરાવતા ઈન્દુલાલનું જીવન એક ફકીર જેવુ હતું. તેમનો સ્વભાવ પરગજુ ગરીબો પ્રત્યે આદર, હમદર્દી અને સહાનુભૂતિ. અન્યાય સામે ઝઝૂમવાની અવિરત કટિબદ્ધતા.

તેમણે મહાગુજરાતની લડતનું શાંતિપૂર્ણ અને અહિંસક રીતે સફળ સંચાલન કરેલું. ઈન્દુલાલ એટલે ગુજરાતની વિરાટ વિરાસત. ગુજરાત વિદ્યાપીઠ, ભીલ સેવામંડળ અને લાભશંકર ઉમિયાશંકર પાઠશાળા જેવી માતબર સંસ્થાઓના સ્થાપક.

ઈન્દુલાલના પિતા કનૈયાલાલ તેમને અગિયાર વરસની ઉંમરના મૂકી દેવલોક પામેલા. પિતાની છત્રછાયા ગૂમાવી ચૂકેલા ઈન્દુલાલનો ઉછેર એમની મા મણિગૌરી અને કાકા સાકરલાલ યાજ્ઞિકે કરેલો. ભણવામાં વિચક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવનાર તેમણે ભણતરનો તમામ ખર્ચ શિષ્યવૃત્તિઓમાંથી જ પૂરો કરેલો.

બાર વર્ષની અપરિપક્વ ઉંમરે તેમની સગાઈ થઈ ગઈ હતી. ઈ.સ. ૧૯૦૪માં ચૌદ વરસની ઉંમરે તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ઉચ્ચાભ્યાસ માટે મુંબઈ ગયા. ત્યાંની સેંટ ઝેવ્યર્સ કોલેજમાં પ્રવેશ મેળવીને



તેમણે પદાર્થ વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના વિષયો સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી. ઈ.સ. ૧૯૧૨માં તેઓ એલ.એલ.બી. થયા અને મુંબઈમાં વકીલાત શરૂ કરી. નાનપણથી જ એમને લોકસેવા કરવાની લગની લાગેલી. તેમને વાંચવાનો ભારે શોખ. મેઝીની અને ઘેરી બાલ્ડીનાં પુસ્તકોએ એમના જીવન પર ભારે અસર કરેલી.

ગાંધીજીના સ્વદેશાગમન પછી ઈન્દુલાલના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું. ઈન્દુલાલને ગાંધીજીની વિચારધારા અને કાર્યશૈલીમાં અપ્રતિમ શ્રદ્ધા. તેઓ ગાંધીજીના વ્યક્તિત્વથી પૂરેપૂરા અંજાયા અને આકર્ષાયા.

ભારત સેવક સમાજમાં જોડાયા ત્યાં સુધી ઈન્દુલાલના વિચારો ઉદ્દામ રહ્યા હતા. પણ પછી ભારત સેવક સમાજ છોડી ગાંધીજીની સાથે જોડાઈ ગયા. તેઓ ખરા અર્થમાં સત્યાગ્રહી બની ગયા. ખેડાની લડતનું મુખ્ય કેન્દ્ર હતું નડિયાદ. આ નડિયાદ ઈન્દુલાલની જન્મભૂમિ. ઈન્દુલાલ આ લડતમાં વિશેષ રસ લેવા લાગ્યા. લડત દરમ્યાન ગુજરાતનાં ગામડાં સાથે એમનો ઘરોબો બંધાયો. બગલ થેલામાં મગફળી, ચણા અને ગોળ ભરીને તેઓ ગુજરાતના ગામડાં ખૂંદતા.

લીલાવતી કનૈયાલાલ મુનશીએ આલેખેલા ઈન્દુલાલના જીવન ચરિત્રને લેખિકાના શબ્દોમાં જોઈએ તો, ‘‘ઈન્દુલાલ એટલે ટ્રેઈનની ઝડપ, લશ્કરના સિપાઈ અને બાળકોનું તોફાન. તેમનામાં ઋષિનો સંયમ નહીં પણ યોદ્ધાનો સંયમ છે. એમના બળવાન દેહમાં બાળકોનો આત્મા વસે છે. દેશ સેવાનું અસિધારાવ્રત તેમણે લીધું છે..... વર્તનમાં એમની કર્કશતા ઘણાંને સાલતી હશે........ સ્વજનોનાં બંધન એમણે ક્યારનાંય તોડ્યાં છે.’’

હવે ઈન્દુલાલ ગુજરાતના જાહેર જીવનમાં પ્રવેશવાની ભાવનાથી અમદાવાદ આવ્યા અને ગાંધીજી સાથે સ્થિર થયા. બહિષ્કારના આંદોલન સમયે ગાંધીજીની સાથે ચર્ચાઓના પરિણામરૂપે રાષ્ટ્રીય શાળાઓની સ્થાપનાનો વિચાર વિકસ્યો. ઈન્દુલાલ અસહકારના આંદોલનના સૌ પ્રથમ હિમાયતી હતા. અસહકારની

ચળવળ વિશે ચર્ચા કરવા ગુજરાત રાજકીય પરિષદની કારોબારી સમિતિના ખાસ અધિવેશનની આગેવાની ઈન્દુલાલે લીધી હતી. આ સમિતિની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે ૧૮, ઓક્ટોબર, ૧૯૨૦ના રોજ 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના થઈ હતી.

રાષ્ટ્રીય લડત લડવાના ભાગરૂપે ગાંધીજીએ દેશ સમક્ષ એક કરોડ રૂપિયા, એક કરોડ રેંટિયા અને એક કરોડ કોંગ્રેસના સભ્યોની માંગણીનો પ્રસ્તાવ મૂક્યો હતો. ત્યારે ગુજરાતમાંથી આ ફાળો એકઠો કરવાની જવાબદારી ઈન્દુલાલ યાજ્ઞિકે માથે લીધી હતી.

ઈ.સ. ૧૯૨૧માં ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિનું બંધારણ ઘડવામાં તેમણે મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ સમિતિના તેઓ મંત્રી પણ બન્યા હતા.

આ અરસામાં ગુજરાતમાં પડેલા દુકાળના સમયમાં તેઓ રાહત કામગીરીનું નિરીક્ષણ કરવા પંચમહાલમાં ગયેલા. ત્યાં તેમણે જે જોયું તેનાથી તેમનું હૈયુ હચમચી ગયું. તેમણે ભીલોની વિષમ અને વિપરીત પરિસ્થિતિનો આંખ્યે દેખ્યો અહેવાલ ઠક્કરબાપા સમક્ષ રજૂ કર્યો. એમની આદિવાસીઓ પ્રત્યેની સહાનુભૂતિમાંથી 'ભીલ સેવામંડળ'ની સ્થાપના ઠક્કરબાપાએ કરી હતી.

છતાં કેટલાંક કોંગ્રેસી કાર્યકરો દ્વારા તેમની આ પ્રવૃત્તિનો વિરોધ થતાં તેમણે ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી પદેથી રાજીનામું ધરી દીધું હતું. એ રાજીનામાનો સ્વીકાર કરતાં ગાંધીજીએ કહેલું - ''ભાઈ ઈન્દુલાલ જેવો ઉદ્યમી માણસ ગુજરાતમાં બીજો એકપણ નથી. તેમના જેવો પ્રામાણિક માણસ પણ બીજો ન મળી શકે. તેમને ગુમાવવા ગુજરાતને પાલવે તેમ નથી. પણ તેમના અને વલ્લભભાઈ વચ્ચેના સ્વભાવફેરને પરિણામે, તે બંને સાથે કામ કરી શકે તેમ નથી. એટલે ઘણા દુઃખ સાથે ભાઈ ઈન્દુલાલનું રાજીનામું સ્વીકારવું એવી મારી સલાહ છે.'' (વલ્લભભાઈ ત્યારે ગુજરાત પ્રાંતિક સમિતિના અધ્યક્ષ હતા)

ઈન્દુલાલે 'હિન્દુસ્તાન' ગુજરાતી દૈનિકનું તંત્રીપદ પણ સંભાળ્યું હતું.



'નવજીવન' અને 'ધર્મયુગ'નો પણ તેમને અનુભવ હતો. તેમણે 'કિસાન બુલેટિન', 'નૂતન ગુજરાત દૈનિક' અને 'ગ્રામસ્વરાજ' અઠવાડિકનું સંપાદન કર્યું હતું. તેમને સાહિત્યમાં પણ પારાવાર રસ અને રુચિ હતાં. તેઓ કલમના કસબી હતા. 'કુમારનાં સ્ત્રીરત્નો' નામનો તેમનો વાર્તાસંગ્રહ ખૂબ આદર પામ્યો હતો.

કોંગ્રેસથી અલગ થયા પછી ઈ.સ. ૧૯૩૦માં તેઓ યુરોપના પ્રવાસે ગયા. લંડનમાં તેઓ હિન્દની આઝાદીની લડતનો પ્રચાર કરતા. ઈ.સ. ૧૯૩૫માં ભારત પાછા ફરેલા ઈન્દુલાલે કિસાનપ્રવૃત્તિમાં રસ લેવા માંડ્યો. તેઓ 'અખિલ હિંદ કિસાન સભા'ના પ્રમુખ પદે પણ ચૂંટાયા હતા.

યરવડાની જેલમાં તેઓ ગાંધીજી અને ટિળક સાથે જ રહેલા. અહીં ગાંધીજી સાથે અનેક વિષયોની તેમણે ચર્ચા કરી હતી. તેમણે ગાંધીજીને રાજકીય પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સાથ આપ્યો હતો. ગાંધીજીનો જમણો હાથ હોવા છતાં તેમણે તેમનું વ્યક્તિત્વ દાબી દીધું ન હતું. એ ખરેખર સાચા અર્થમાં નરકેસરી હતા. ગુજરાતથી જીરવાયા નહીં. એક દાયકા સુધી તેઓ ગુજરાતની અમૂલ્ય સેવાઓ કર્યા પછી ધૂમકેતુની જેમ અદશ્ય થઈ ગયા.

મહાગુજરાત આંદોલનના શિરોમણી ઈન્દુલાલ ચાર-ચાર વખત લોકસભાના સભ્ય રહી ચૂક્યા હતા. એમની આગેવાનીમાં ગુજરાતની જનતાના પ્રચંડ લોકઆંદોલનને પરિણામે ૧લી, મે, ૧૯૬૦ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યોની રચના થઈ હતી. આ પછી 'મહાગુજરાત જનતા પરિષદ'નો જન્મ થયો હતો અને ઈન્દુલાલ તેના પ્રથમ પ્રમુખ બન્યા હતા. આવા પ્રથમ પંક્તિના લોકનાયક અને સમાજસેવક ઈન્દુલાલ યાજ્ઞિક તા. ૧૭, જુલાઈ, ઈ.સ. ૧૯૭૨ના દિવસે મૃત્યુ પામ્યા હતા. ગુજરાતના નભોમંડળનો એક તેજસ્વી તારલો ખરી પડ્યો.

●



(૬૯)

# ભક્ત જલારામ

## (૨૩, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૮૧)

જેમની નામના દેશવિદેશમાં ફેલાઈ છે તેવા ભૂખ્યાના ભગવાન તરીકે જાણીતા થયેલા સંત જલારામનો વૈકુંઠવાસ ૨૩, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૮૧માં થયો હતો. ૨૩, ફેબ્રુઆરી જલારામ બાપાનો નિર્વાણ દિન છે.

તેમનો જન્મ રાજકોટ જિલ્લાના વિરપુર ગામે લોહાણા પરિવારમાં સંવત ૧૮૫૬ના કારતક સુદ સાતમના દિવસે થયેલો. તેમના પિતાનું નામ પ્રધાન ઠક્કર અને માતાનું નામ રાજબાઈ હતું. વાલજીભાઈ ઠક્કર તેમના કાકા હતા. બાળપણથી જ સાધુ-સંતોની સેવામાં લાગેલા જલારામનું ચિત્ત ભણવામાં ચોંટતુ ન હતું. તેથી તેમના પિતાએ તેમને શાળાએથી ઊઠાડી લઈને નાની સરખી દુકાન પર બેસાડી દીધા. સાધુ-સંતને જોઈ જલારામનું હૈયુ હરખના હિલોળા લેવા લાગી જતું. તેઓ તેમનો હાથ પકડી ઘેર જમવા માટે લઈ આવતા. સદા સાધુના સંગમાં રહેતા જલારામને જોઈ તેમના પિતાના હૈયામાં સંતાપ થતો કે શું તેમનો દીકરો સાધુ તો નહીં થઈ જાય ને! આ ચિંતામાંથી મુક્ત થવા તેમણે દીકરાનું લગ્ન આટકોટના ઠક્કર પ્રાગજીભાઈ સોમૈયાની દીકરી વીરબાઈ સાથે કરાવી દીધું.

લગ્ન પછી તેમને તેમના પિતાએ જુદા રહેવા મોકલી દીધા. તેથી તેમણે તેમના કાકા વાલજીની દુકાને બેસવાનું શરૂ કર્યું. પણ જેના મનમાં સાધુ-સંતોની સેવા કરવાના અભરખા જાગ્યા હોય તેમને દુકાને શી રીતે ગોઠે ? માત્ર ૧૭ વર્ષની ઉંમરે તેઓ જાત્રાએ જવા નીકળી પડ્યા. લગભગ બેએક વર્ષ પછી જ્યારે તેઓ



વિરપુર પાછા ફર્યા ત્યારે આખા ગામે તેમનું ભવ્ય સામૈયુ કરેલું. જાત્રાએથી આવીને તેઓ ભોજા ભગતનાં દર્શને ઉપડી ગયા. તેઓ ભોજા ભગતના પગમાં આળોટી પડ્યા. જાણે જુગજુગની ઓળખાણ તાજી ના થઈ હોય ! તેમણે ભોજા ભગત પાસે કંઠી બંધાવી અને ગુરુ તરીકે સ્થાપી દીધા. ભોજા ભગતે તેમને 'રામ' મંત્રની દીક્ષા આપી. જીવનપર્યંત તેમણે રામનામના મંત્રના જાપ જપેલા. તેમને પત્ની પણ એવી જ સેવાભાવી મળેલી. જલારામના બધાં જ કાર્યોમાં તેમણે સાચા અર્થમાં સહધર્મ ચારીણિ થઈને સાથ નિભાવેલો.

વિરપુર ગામમાં હરજી નામનો એક દરજી જલારામ પાસે આવેલો. તે પેટની પીડાથી સતત પીડાતો રહેતો હતો. જલારામ પાસે આવીને તેણે કહ્યું ; ''હે જલા ભગત! હું મારા પેટની પીડાથી ત્રાસી ગયો છું. જો તમે મારું દરદ મટાડશો તો હું સદાવ્રતમાં પાંચ માપ દાણા આલીશ.'' જલા ભગતે તેને કહેલું ; ''ભાઈ ! ઠાકોરજી પર શ્રદ્ધા રાખો. તમારી પીડા જરૂરથી ટળી જશે.'' અને તે દિવસથી એની તમામ પીડા ટળી ગઈ. એ એના સંકલ્પ પ્રમાણે પાંચ મણ દાણા લઈ જવા ભગત પાસે ગયો. દાણા ભગતના ચરણોમાં મૂકી તે બોલેલો ; ''બાપા! તમે મારી પીડા મટાડી'' બસ, તે દિવસથી જલાભગત 'બાપા' તરીકે જાણીતા થયા.

એક દિવસની બપોરે એક વૃદ્ધ સાધુ નારાયણનું નામ જપતા જપતા જલાબાપા પાસે આવીને કહેવા લાગ્યા ; ''જલાભગત! હવે મારો દેહ જીર્ણ થઈ ગયો છે. મારી સેવાચાકરી કરનાર કોઈ જ નથી. જો તમે મારી સેવા કરવા તમારી પત્નીને મારી સાથે મોકલો તો મારા જીવનને શાતા વળે.'' અને હસતા ચહેરે અને પવિત્ર હૈયે જલાબાપાએ પત્ની વીરબાઈને એક સાધુને દાનમાં આપી દીધી. ગામ આખામાં વાત ફેલાઈ ગઈ. ગામ લોકોએ જલાભગતને ઘણુંય સમજાવ્યા પણ ભગતે કોઈની વાત ગણકારી નહીં. પત્નીને દાનમાં દઈ દીધા પછી તેઓ મંદિરમાં જઈને ઠાકોરજીને પગે લાગ્યા. પછી મંદિરને ઓટલે બેસી માળા ફેરવવા લાગ્યા. સાધુ વીરબાઈને લઈ ચાલી નીકળ્યા. થોડે દૂર ગયા પછી એક નદી આવી.

સાધુએ તેમની પાસેના ધોકો અને ઝોળી વીરબાઈને સાચવવા આપી, ઝાડે ફરવાના બહાને દૂર ચાલ્યા ગયા. બસ, એ ગયા તો ગયા જ ફરી પાછા આવ્યા નહીં. આ ચમત્કારની વાત વાયરાની જેમ ગામમાં ફેલાઈ ગઈ. સૌને થયું, એ સાધુ નહીં, પણ સાધુના વેશમાં આવેલા ખુદ ઠાકોરજી જ હતાં. ભગવાને હાથોહાથ આપેલા ધોકો અને ઝોળી આજે પણ જલારામના મંદિરમાં હયાત છે.

સાધુ-સંતોની પરોણાગત માટે વીરબાઈએ તેમના પિયરમાંથી કરાવેલી સોનાની સાંકળી જલારામને ઉતારી આપેલી. ધન્ય છે ભારતની આર્ય સન્નારીને જેણે પતિના સત્યકાર્યમાં તન, મન, ધનથી સેવા આપેલી.

કોઈને ભારરૂપ નહીં થવાનો અને મહેનતનો રોટલો ખાવા-ખવડાવવાનો તેમણે સંકલ્પ કરેલો. તેઓ પત્ની સાથે ખેતરમાં કાળી મજૂરી કરીને દાણા એકઠા કરતા. એ દાણામાંથી તેઓ ભૂખ્યાને ભોજન કરાવતા, 'જે દે ટુકડો, એને ભગવાન ઢૂંકડો' એ આ ભગત દંપતીનો જીવનમંત્ર હતો.

આવા સમર્થ સંતે સદ્‌ગુરુના આશીર્વાદથી મહાસુદ બીજ, સંવત ૧૮૭૬ના દિવસે સદાવ્રતની શરૂઆત કરી ત્યારે તેમની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. આ જલારામ બાપાની પાછળ હરિરામજીએ એક મોટો મેળો કરેલો. મેળામાં એક અજાણ્યા સાધુ આવી ચઢ્યા અને સૌને નમસ્કાર કરતાં કરતાં ભંડાર ઘરમાં ગયા. ત્યાંથી એક લાડુ લઈને તેનો ભૂકો કરી ચારે દિશામાં વેરતા વેરતા 'અખૂટ, અખૂટ ભંડાર' બોલતા એ અદશ્ય થઈ ગયા. આજે પણ મંદિરમાં કોઈની પાસેથી એક પાઈ પણ ભેટરૂપે સ્વીકારાતી ના હોવા છતાં વિરપુરનો ભંડાર કદીયે ખૂટતો નથી.

વીરબાઈમા સંવત ૧૯૩૫ના કારતક વદને નોમને સોમવારના દિવસે વૈકુંઠવાસી થયેલાં. બાપાને સંતાનમાં જમનાબાઈ નામની એક દીકરી જ હતી. જમનાબાઈના પૌત્ર હરિરામજીને બાપાએ પોતાના વારસ તરીકે નીમેલા. આજે દેશમાં અને વિદેશોમાં જલાબાપાની જન્મજયંતિ ધામધૂમથી ઉજવાય છે.



દુનિયામાં લાખો લોકો જલાબાપાના ભક્તો છે. ગુજરાતમાં ભાગ્યે જ કોઈ એવું ગામ કે શહેર હશે જ્યાં જલાબાપનું મંદિર ના હોય કે સદાવ્રત ચાલતુ ના હોય!

●





## (૭૦)
# જયલલિતા
## (૨૪, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૪૮)

આજીવન કુંવારાં રહેલાં, વાંચનના શોખીન, બુદ્ધિ અને સૌંદર્યના સુભગ સમન્વય સમાં અને ફિલ્મી અભિનેત્રીમાંથી પીઢ રાજકારણી બનેલાં કુમારી જયલલિતાનો જન્મ કર્ણાટક રાજ્યના માંડયા નામના ગામમાં કન્નડભાષી આયંગર બ્રાહ્મણ પરિવારના વેધ જયરામને ઘેર ૨૪, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૪૮ના રોજ થયો હતો.

બેંગલોર અને મદ્રાસની શાળાઓમાંથી શિક્ષણ લઈ ઈ.સ. ૧૯૬૪માં તેઓએ મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ભણવામાં તેઓ એટલાં તો તેજસ્વી હતાં કે ઉચ્ચ શિક્ષણ માટે ભારત સરકારની સ્કોલરશીપ મેળવવા માટે તેઓ પસંદગી પામ્યાં હતાં. વિશાળ પરિવાર ધરાવતાં જયલલિતાની મા તમિલ અને તેલુગુભાષાની ફિલ્મ અભિનેત્રી હતી. તેથી જયલલિતા આર્થિક કમાણી થઈ શકે તે હેતુથી જયલલિતાને ફિલ્મ અભિનેત્રી બનાવવા ઈચ્છતાં હતાં. જયલલિતા માતાની ઈચ્છા સાથે સહેજ પણ સંમત ન હતાં. મેટ્રિકની પરીક્ષામાં ગણિતના વિષયમાં સો માંથી સો ગુણ મેળવનાર જયલલિતાને આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હતી.

છતાં જયલલિતાના ભાગ્યમાં ફિલ્મ અભિનેત્રી બનવાનું લખાયું હશે તે અભિનેતા એમ.જી. રામચંદ્રને તેમને તેમની એક ફિલ્મ માટે ઓફર કરી અને આમ બી.આર. પાંટુલાની કન્નડ ફિલ્મથી તેમનો ફિલ્મી જગતમાં પ્રવેશ થઈ ગયો. તેમની પ્રથમ ફિલ્મ હતી 'બેનિરાડાઈ'. પછી તો ઉપરાઉપરી તેઓને ફિલ્મો મળવા લાગેલી. તેમણે અંગ્રેજી, હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ



ભાષાની એકસો પચ્ચીસથી પણ વધારે ફિલ્મોમાં અભિનય આપેલો છે.

અંગ્રેજી, હિન્દી, તામિલ, તેલુગુ અને કન્નડ જેવી વિવિધ ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવતાં જયલલિતાએ બાળપણથી જ સંગીત અને શાસ્ત્રીય નૃત્યની તાલીમ લીધી હતી. ભરતનાટ્યમમાં તો તેઓ આજે પણ અનુપમ નૃત્યાંગના છે. તેઓની સર્જનશક્તિ પણ અદ્ભુત છે. અંગ્રેજી અને તમિલ સામયિકોમાં તેમના ઘણા લેખો પ્રસિદ્ધ થયેલા છે. તમિલ સાહિત્યમાં ઘણી બધી નવલિકાઓનું સર્જન કરનાર તેમણે ચાર જેટલી નવલકથાઓ પણ લખી છે.

એક ફિલ્મ અભિનેત્રી અને સાહિત્યસર્જક તરીકે સફળતા પામ્ય પછી તેઓ રાજકારણ તરફ આકર્ષાયાં. ઈ.સ. ૧૯૮૨ના વર્ષમાં તેમણે એમ.જી. રામચંદ્રના નેજા હેઠળની એ.આઈ.એ.ડી.એમ.કે. - ઓલ ઈન્ડિયા અન્ના દ્રાવિડ મુનેત્ર કઝગમનાં સભ્ય બનીને રાજનીતિમાં પ્રવેશ કરેલો. આ જ પક્ષના તેઓ પ્રચારમંત્રી પણ બનેલા. ઈ.સ. ૧૯૮૩માં તિરૂચેન્દુર મતવિસ્તારની વિધાનસભા બેઠક ઉપરથી ચૂંટણી લડીને તેમણે ઝળહળતી જીત હાંસલ કરેલી.

આ વિજય પછી ઈ.સ. ૧૯૮૪માં તેઓ રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયેલાં. બિમાર પડેલા રામચંદ્રન જ્યારે સારવાર માટે અમેરિકા ગયેલા ત્યારે તેમની ગેરહાજરીમાં લોકસભા અને ધારાસભાની ચૂંટણીઓની જવાબદારીનો ભાર એમને માથે આવી પડેલો. તેમણે તેમની રાજકીય કુનેહ અને વિચક્ષણ બુદ્ધિ પ્રતિભાવથી એ બંને ચૂંટણીઓમાં પક્ષને ભારે બહુમતીથી વિજય અપાવેલો. ત્યારથી તેઓ અગ્રગણ્ય રાજકારણી બની ગયેલાં.

ઈ.સ. ૧૯૮૭માં એમ.જી.આર.નું મૃત્યુ થયું. પક્ષમાં તિરાડ પડી. તેમણે એ.આઈ.એ.ડી.એમ.કે. (જયલિલાત જૂથ)ના મહાસચિવ તરીકે તામિલનાડુ વિધાનસભાની ઈ.સ. ૧૯૮૯માં થયેલી ચૂંટણીમાં પક્ષના નવા ચિહ્ન પર બોડીના યાકાન્તુરની બેઠક પરથી ભવ્ય વિજય મેળવેલો. ઈ.સ. ૧૯૮૯માં ફરી બંને જૂથો એક થઈ જતાં પક્ષના મહાસચિવ તરીકે તેમની વરણી થયેલી. તેમના નેતૃત્વ

હેઠળથી કોંગ્રેસ આઈ. સાથે સુમેળ સધાતાં સંગઠનને સારી સફળતા મળેલી. જોકે આ સમય દરમ્યાન જયલલિતા સામે ભ્રષ્ટાચારના આક્ષેપ થયેલા.


સફળતાનાં એક પછી એક શિખરો સર કરતાં જયલલિતાએ એમ.જી. રામચંદ્રનને તેમના રાજકીય ગુરુ તરીકે સ્વીકાર્યાં હતાં. તેમના એમ.જી. રામચંદ્રન સાથેના સંબંધો અંગે ઘણી ચિત્રવિચિત્ર અટકળો થતી રહેલી. રાજકારણમાં આવ્યા પછી તેમણે ફિલ્મ જગતને શ્રદ્ધાંજલિ આપી દીધેલી. આજે પણ તેઓ તામિલનાડુમાં એટલાં જ લોકપ્રિય નેતા બની રહેલ છે. તેઓ એમ.જી. રામચંદ્રનનાં રાજકીય વારસાદર તરીકે પોતાને ગણાવતાં હતાં. એવું પણ કહેવામાં આવે છે કે એમ.જી. રામચંદ્રના મૃત્યુ બાદ તેમને રામચંદ્રનના મૃતદેહના દર્શનાર્થે જતાં અટકાવવામાં આવેલાં ત્યારે તેમણે સતી થવાનો નિર્ણય કર્યો હતો.

તામિલનાડુના મુખ્યમંત્રી પદે બિરાજી ચૂકેલ જયલલિતા આજીવન કુંવારાં છે. વસ્ત્રો અને પગરખાંના તેઓ ખૂબજ શોખીન છે. આજે તેઓ 'વડાનિલયમ્' નામના વિશાળ બંગલામાં વસવાટ કરે છે. પુસ્તકો એમના મિત્રો છે. તામિલનાડુની પ્રજા તેમને ગરીબોના બેલી તરીકે પૂજે છે.

●







## (૭૧)

# રવિશંકર મહારાજ

## (૨૫, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૮૪)

પ્રખર ગાંધીવાદી અને મૂક લોકસેવક એવા રવિશંકર મહારાજનો જન્મ માતર તાલુકાના રઢુ નામના ગામે ૨૫, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૮૪ના રોજ થયેલો. મહાશિવરાત્રિના પવિત્ર દિવસે જન્મ ધારણ કરનારા આ લોકસેવકનું વતન તો મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ. એમના પિતાનું નામ શિવરામ વ્યાસ હતું. નાનપણથી જ સેવાના ભેખધારી રવિશંકર ફક્ત ગુજરાતી છ ચોપડી જ ભણેલા. એટલું જ એમનું શિક્ષણ.

રવિશંકર મહારાજ ગુજરાતનું ગૌરવ હતા. ગુજરાતની ગુનેગાર પ્રજાની વચ્ચે રહીને તેમણે તેને સુધારવાનું કામ કરેલું. 'ઘસાઈને ઉજળા થઈએ' એવો જીવનમંત્ર અપનાવનારા ચૌદ-પંદર વર્ષની કાચી વયે પ્લેગના ભયંકર રોગચાળા વખતે મૃત્યુ પામેલાઓના અગ્નિસંસ્કાર કરવાની કામગીરી સંભાળેલી. સેવાના સંસ્કાર માતા-પિતા પાસેથી તેમને વારસામાં મળેલાં. રામાયણ, મહાભારત અને ભાગવતની કથાઓએ એમનું જીવન ઘડતર કરેલું. નિર્ભયતા એમના જીવનનો પ્રમુખ ગુણ. એ કોઈથી ડરતા નહીં. કોમી રમખાણોમાંય એ નિર્ભયતાથી મુસ્લિમ વસ્તીમાં ઘૂમતા રહેતા.

આઝાદી માટે બહારવટે ચઢેલા ગાંધીની ટોળીના એ સ્વદેશભક્ત બહાવટિયાના જીવનનો એક પ્રસંગ યાદ કર્યા વગર ચાલે તેમ નથી. એકવાર લોકસેવા અને લોક સુધારણા માટે નીકળેલા, તેમને કોઈકે પડકારેલા -

'ખબરદાર ! ત્યાં જ ર'જે, નીકર ઠાર થઈ જઈશ.'

તેઓ ઉભા રહી ગયેલા.

પેલા પડકારનારે ફરી સવાલ કર્યો ;'કુણ સે લ્યા?'

તેમણે ઉત્તર વાળ્યો; 'બહારવટિયો છું.'

'કોની ટોળીનો?'

'મહાત્મા ગાંધીની ટોળીનો.'

'તે અહીં શું કામ આવ્યો છે?'

'તને બહારવટુ શીખવવા.'

બોરસદ તાલુકાના બહારવટિયાઓને સમજાવી, સુધારી આઝાદીની લડતમાં જોતરવા નીકળેલો ગાંધીની ટોળીનો બહારવટિયો એજ રવિશંકર મહારાજ. નાનપણથી જ સ્વભાવે નીડર, સાહસિક, પરાક્રમી અને ખંતીલા.

પચીસ વર્ષની ઉંમરે તેમણે પિતા શિવલાલ અને માતા નાથીબા ગુમાવી દીધેલાં. ઈ.સ. ૧૯૧૧માં મોહનલાલ પંડ્યાના પરિચયમાં આવતાં તેમનામાં દેશભાવનાના સંસ્કાર દૃઢ થયેલા. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સ્થાપેલ આર્ય સમાજના સિદ્ધાંતો અપનાવીને તેના અનન્ય પ્રચારક બનેલા.

ઈ.સ. ૧૯૧૯માં કાળા કાયદાનો વિરોધ કરવા જ્યારે દેશ વ્યાપી હડતાલ ચાલતી હતી ત્યારે 'હિંદ સ્વરાજ' નામની પુસ્તિકા ગામેગામ પહોંચાડવાની કામગીરી તેમણે કરેલી. ત્યારથી તેઓ 'સ્વરાજવાળા' તરીકે ઓળખાવા લાગેલા.

સાદો પોશાક પહેરતા અને સાદો છતાં સાત્વિક ખોરાક ખાતા. તેઓ માથે ગાંધી ટોપી પહેરી ગુજરાતના ખૂણે ખૂણે ઘૂમતા રહેતા હતા. પગમાં કદીયે પગરખાં નહીં પહેરવાની એમની ટેક. દેશના માટે લોકસેવાનો ભેખ લઈ ગામડે ગામડે ફરતા તેમણે માતા-પિતા, પત્ની અને ઘરબાર શુદ્ધા છોડી દીધેલાં. આથી જ સરદાર પટેલે તેમને ઋષિની ઉપમા આપી બિરદાવેલા. સ્વામી આનંદે એમને 'મૂઠી ઊંચેરા માનવી' કહી એમની સેવાભાવનાની કદર કરેલી. વિનોબાજીએ તો એમને તુકારામના જેવી ઉચ્ચ કોટિના સંત માનેલા. સેવા અને પ્રેમથી એ અદના લોકસેવકે માણસાઈના દીવા પ્રગટાવેલા. સેવાની સાથે સાથે એમણે



લોકશિક્ષણની જ્યોતને પણ જલતી રાખેલી.

તેમની રાજકીય પ્રવૃત્તિઓ પણ ઊડીને આંખે વળગે તેવી હતી. ઈ.સ. ૧૯૨૩માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં પણ સત્યાગ્રહી તરીકે તેમણે ભાગ લીધો હતો. આ સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમણે સાત મહિનાની જેલની સજા પણ ભોગવી હતી. ઈ.સ. ૧૯૩૦માં મહાત્મા ગાંધીની દાંડીકૂચ વખતે તેઓ અરૂણ ટુકડી સાથે નિયત સ્થળે પહોંચી જઈને પૂર્વ વ્યવસ્થાનું આયોજન સંભાળતા હતા.

માનવધર્મને સર્વોપરિ ધર્મ માનતા તેઓ પરિશ્રમનો ખૂબ જ મહિમા ગાતા હતા. પરિશ્રમ વિનાના જીવનને તેઓ હિંસા સાથે સરખાવતા. વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિમાં તેમને ખૂબ આસ્થા હતી. તેથી તેઓ પણ ભૂદાન યજ્ઞના સેવા કાર્યમાં જોડાયેલા. ભૂદાન પ્રવૃત્તિની શરૂઆત તેમણે પોતાના ઘેરથી કરતાં પોતાની બધી જ જમીન ભૂદાન યજ્ઞમાં ભેટ ધરી દીધી હતી. વિનોબાજીએ ભૂદાનનો સંદેશો ગુજરાતને ઘેર ઘેર પહોંચાડવા ભગીરથ પુરુષાર્થે કર્યો હતો.

તેમનું જીવન કર્મવાદીનું નહીં પણ સાચા કર્મયોગીનું હતું. તેમણે જીવનભર નર્યા પુણ્યની ખેતી કરી હતી. તેમનું કાર્ય એક સંતના કાર્યથી જરાય ઉતરતુ ન હતું. ગુજરાતના આવા પરમ સંત રવિશંકર મહારાજ પુરુ સો વર્ષ લાંબુ આયુષ્ય ભોગવી તા. ૧, જુલાઈ, ઈ.સ. ૧૯૮૪ના રોજ પંચમહાભૂતોમાં ભળી ગયા હતા.



## (૭૨)

# વિક્ટર હ્યુગો

## (૨૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૦૨)

વિશ્વવિખ્યાત નવલકથા 'લા મિઝેરાબલ'ના અમરસર્જક વિક્ટર હ્યુગોનો જન્મ ફ્રાન્સના બેસાંશો નામના ગામમાં ૨૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૦૨ના રોજ થયો હતો. તેમણે કવિતા, નવલકથા, નાટક, પત્રો, પ્રવાસવર્ણન વગેરે વિવિધ સાહિત્યપ્રકાશોમાં ખેડાણ કર્યું હતું. સર્વતોમુખી સાહિત્ય પ્રતિભા ધરાવતા હ્યુગોની કાવ્યસર્જનની પ્રક્રિયા એક મોટી સિદ્ધિ ગણાય છે.

તેમના પિતા નેપોલિયન બોનાપાર્ટના લશ્કરમાં જનરલ હતા. તેથી તેમને માતા-પિતા સાથે અનેક દેશોમાં ફરવું પડ્યું હતું. આથી જ કદાચ એમના સર્જનમાં ઈટાલીનો પ્રભાવ વધારે જોવા મળે છે. આ રઝળપાટને લીધે તેમને પરિસની શાળામાં માત્ર ત્રણ વર્ષ જ શિક્ષણ મેળવવાની તક પ્રાપ્ત થઈ હતી. તેમને નાનપણથી જ લખવા-વાંચવાનો ઘણો શોખ હતો. તેમણે ૬૦ વખત વિદેશ પ્રવાસ ખેડ્યો હતો. તેમની સ્પેન યાત્રાને પરિણામે તેમના સર્જનોમાં સ્વાતંત્ર્યપ્રિય પ્રજાની પ્રકૃતિનો પ્રભાવ પડેલો દેખાય છે.

સ્વપ્રયત્નથી પિંગળ શાસ્ત્રનો અભ્યાસ કરનાર આ કવિએ ૫૦૦ પંક્તિનું સૌ પ્રથમ કાવ્ય **'Le Deluge'** (દ દેલ્યુજ-ઝંઝા) લખેલું.

વીસ વરસની ભરયુવાન વયે તેમણે તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'ઓડ્ઝ એન્ડ બેલેડ્ઝ'નુ પ્રકાશન કરાવ્યુ હતું. તેમના કાવ્યસંગ્રહ 'ઓદ એ પોએસી દિવેર્સ'ના પ્રકાશન પછી હ્યુગો ફ્રાન્સના એક મોખરાના કવિ તરીકે સ્થાન પામી ચૂક્યા. આ કાવ્યસંગ્રહના પ્રકાશનથી ખુશ થઈને રાજા લુઈ ૧૮ માએ ૮૦૦ ફ્રાન્કનો પુરસ્કાર



આપેલો તથા ૧૨૦૦ ફ્રાન્કનું વર્ષાસન પણ બાંધી આપેલું. તેમના પિતા તેઓ વકીલ કે ઈજનેર થાય એવું ઈચ્છતા હતા, જ્યારે માતા વિક્ટરને કવિ બનાવવા ઈચ્છતી હતી.

તેમના કાવ્યસંગ્રહો એક પછી એક પ્રગટ થતા રહ્યા. જેમાં 'ઓદ એ બેલેડ્ઝ' સ્તોત્રો અને કથાકાવ્યો (૧૮૨૬), 'ઓદ એ પોએસી દિવેર્સ' સ્તોત્રો અને પ્રક્ષણ (૧૮૨૪), 'લે શાં દયુ ક્રેમ્પુસ્કૂલ' - સંધ્યા કાવ્યો, 'લે વ્યા ઍનેરિઅર'- આંતરધ્વનિ, 'ત્રિસ્તેસ દોલીમ્પીઓ' - ઓલીમ્પીઓની ઉદાસી, 'લે શાતિમા' - શિક્ષાઓ, 'લે ક્રાંતાંપ્લાસિઓ' - ચિંતનો, 'લા લેઝાંદ દે સિએક્લ' - યુગપુરાણ, 'લાર્ત દેત્ર ગ્રાં-પેર' - દાદાજી થવાની કળા, 'લા ફેં દ આતા' - રોતાનનો અંત, 'લેઝાને કુનેસ્ત' - સંકટના વર્ષો વગેરે મુખ્ય છે.

એમનાં કાવ્યોના વિષયો છે પ્રેમ, પ્રકૃતિ, સ્વાતંત્ર્ય, મૈત્રી અને વાત્સલ્ય. 'લે ક્રાંતાંપ્લાસિઓ' - ચિંતનો એ હ્યુગોનો સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહ છે. ૧૮૪૩માં તેમની પુત્રી લેઓપોલ્દિન તથા તેના પતિ શાર્લ વાકરીનું લ હાર્વની નજીક સેન નદીમાં ડૂબી જવાથી અવસાન થયું હતું. હ્યુગોના જીવનમાં આ અસહ્ય એવો કારમો આઘાત લાગ્યો હતો. આ પ્રસંગે પછી હ્યુગો અર્ધપાગલ જેવા થઈ ગયેલા. તેમણે આત્મહત્યા કરવાનો પણ પ્રયત્નવ કરેલો. દીકરી અને જમાઈનાં મોત આ કાવ્યસંગ્રહનો મુખ્ય વિષય છે.

નવલકથા લેખનમાં પણ તેમણે ગજબનું કાઠું કાઢ્યું હતું. 'હાં દિસ લાંદ' તેમની પ્રથમ નવલકથા. આ કૃતિને રાજ્યે ૨૦૦૦ ફ્રાંકનું વર્ષાસન અર્પણ કર્યું હતું. 'બુગ જારગાલ' તેમની લઘુનવલ છે. જેની રચનામાત્ર ૨૧ દિવસમાં જ હ્યુગોએ કરેલી. 'લ દર્તિએ ઝુરદં કોંદાને' - અપરાધીનો અંતિમ દિવસ પ્રથમ સામાજિક નવલકથા છે. એમની સીમાસ્તંભ રૂપ નવલકથા તો છે. 'લે મિઝરાબેલ' આ નવલકથાએ હ્યુગોને આંતરાષ્ટ્રીય ફલક પર ખ્યાતિ અપાવી છે. વિશ્વની લગભગ બધી જ ભાષાઓમાં તેનો અનુવાદ થયેલો છે. તેના સર્જનમાં

૧૨૫ વર્ષો પછી પણ તે આજે વંચાતી રહી છે.

'નોત્ર દામ દ પારિ' (પેરિસનું નેત્રદામ)એ હ્યુગોની ઐતિહાસિક નવલકથા છે. ક્રાંતિરૂપ આ નવલકથા 'મધ્યયુગનું મહાકાવ્ય' તરીકે ખૂબ પ્રસિદ્ધિ પામી છે. 'ક્લોદ ગુ' ફાંસીની સજાનો વિરોધ કરતી નવલકથા છે. હ્યુગોની સર્વશ્રેષ્ઠ અને વિશ્વવિખ્યાત નવલકથા છે. 'લા મિઝરાબલ' (પીડિતો). હ્યુગોએ આ નવલનું સર્જન કરવા ત્રીસ વર્ષ સુધી ચિંતન અને લેખન કર્યું હતું. સમુદ્રના અંગત અનુભવોને આધારે લખેલી 'લે ત્રાવાઈએર દ લા' (સાગર ખેડૂઓ) સાગરખેડૂઓની નવલ છે. 'લોમ કી રિ' (માનવી જે હસી રહ્યો) એ તેમની બીજી ઐતિહાસિક નવલકથા છે. 'કાત્રવેં સેઝ' (છન્નુ) એમની અંતિમ નવલકથા છે.

રંગમંચ પર ભજવી શકાય એવાં નાટકોનું સર્જન કરવામાં પણ હ્યુગો માહેર હતા. મુખ્યત્વે તેમણે પદ્યનાટકોની રચના કરી છે. નાટ્યસર્જન ક્ષેત્રે પણ તેઓ પ્રતિભાવંત સર્જક નીવડ્યા છે. 'ક્રોમવેલ' એ તેમનું સૌ પ્રથમ નાટક છે. પણ તેની લંબાઈને કારણે કદી ભજવી શકાયુ ન હતું. 'મારીઓ દ લોર્મ' નાટકના તાણાવાણા, વિદ્રોહી, આત્મઘાતી યુવાનની આસપાસ ગૂંથાયા છે. તેમનું રંગભૂમિ ઉપર સફળ નીવડેલું સૌ પ્રથમ નાટક તો છે 'હેર્નાની'. જે હ્યુગોએ માત્ર ૨૮ દિવસમાં જ લખ્યું હતું.

વિક્ટક હ્યુગોના ગદ્ય નાટકોમાં 'લુક્રેસ બોર્ઝિઆ', 'મારીતુદોર', 'આંઝેલો' અને 'રુઈબ્લા' નાટકો ગણી શકાય. આ બધામાં 'રુઈબ્લા' તેમનું સર્વશ્રેષ્ઠ નાટક છે.

અન્યાય અને અમાનુખી અત્યાચારના પ્રખર વિરોધી અને મુક્તિના પ્રબળ પુરસ્કર્તા એવા હ્યુગોનું રહસ્ય જ ક્રાંતિ અને સ્વતંત્રતા હતું. કલ્પના તેમની કવિતાનું કેન્દ્ર રહ્યું છે. તેઓ અદ્‌ભુત નિરીક્ષણ શક્તિ અને સ્મરણશક્તિ ધરાવતા હતા. અંગ્રેજીમાં સાહિત્યમાં જે સ્થાન શેક્સપિયરનું છે તે સ્થાન ફ્રેન્ચ સાહિત્યમાં હ્યુગોનું




છે. વિશ્વસાહિત્યના સર્વશ્રેષ્ઠ સાહિત્યકારોમાં તેઓ સ્થાન ધરાવે છે. તેમના રાજ્યવિરોધી ક્રાંતિકારી વિચારોને લઈ ૧૮ વર્ષ સુધી દેશનિકાલ કરાયા હતા.

તેમણે તેમની મિત્ર અને પ્રિયતમા અદિલે ફાઉચર સાથે લગ્ન કર્યાં હતાં. જીવનના અંતિમ વર્ષોમાં તેમની પુત્રીના એક અંગ્રેજ સાથે ભાગી જવાને કારણે તે સાવ તૂટી ગયા હતા. અંતે ૨૨, મે, ૧૮૮૫ના રોજ વિશ્વના મહાન સર્જકોમાંના એક તેમનું અવસાન થયું હતું.

●





## (૭૩)

# લોંગફેલો

## (૨૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૦૭)

“મહાન વ્યક્તિઓનાં જીવન આપણને યાદ અપાવી જાય છે કે આપણે આપણા પોતાના જીવનને ઉદાત્ત બનાવી અંત સમયે કાળ રૂપી રેતી ઉપર આપણાં પાદચિહ્નો મૂકી જઈ શકીએ.” આ શબ્દ છે જાણીતા આંગ્લ કવિ લોંગફેલોના. માત્ર અમેરિકામાં જ નહીં, પણ વિશ્વ આખામાં પ્રતિભાશાળી અને સત્વશીલ કવિ તરીકે પ્રતિષ્ઠા મેળવનાર લોંગફેલોનો જન્મ માઈન કસ્બાના પોર્ટલેન્ડ ખાતે ૨૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૦૭ના રોજ થયો હતો. તેમનું પૂરુ નામ હેન્રી વર્ડ્ઝ લોંગફેલો હતું. તેના પૂર્વજો પ્યોરિટન કુટુંબના હતા, જેઓ રાજાઓના અત્યાચારોથી ત્રાસીને સ્વામાન બચાવવા દેશ છોડી અમેરિકા સ્થળાંતર કરી ગયેલા યાત્રાળુ વડિલોમાંના હતા. જન્મથી જ સુશીલ, સંસ્કારી અને વિનયશીલ એવા તેમણે સોળ વર્ષની ઉંમરે માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરી કોલેજ જીવનની શરૂઆત કરી હતી. તેઓ સદાચારી હોઈ શુદ્ધ અને પવિત્ર ચારિત્ર્યની ધરાવતા હતા. સુંદર સ્ત્રીઓને જોયા પછી તેમના મનમાં વિકૃત ભાવ કદી જાગતો ન હતો. તેઓ સૌંદર્યને સાત્વિક દ્દષ્ટિથી જ નીરખતા હતા.

તેમના કુટુંબનું સાહિત્ય અને સંગીતથી રસાયેલું વાતાવરણ તેમને કવિતા તરફની અભિરુચિ અને સંવેદનાઓ જગાડવા કારણભૂત હતું. કિશોરાવસ્થાથી જ કવિતા તરફ તેઓ આકર્ષાયા હતા. ૧૩ વર્ષની વિદ્યાર્થી અવસ્થાએ તેમણે પ્રથમ કવિતાનું સર્જન કરેલું. એમની એ કવિતા ‘ગેઝેટ ઓફ માઈન’ સામયિકમાં પ્રસિદ્ધ થઈ હતી. તેઓ ઉચ્ચકક્ષાની બુદ્ધિમતા ધરાવતા હોઈ ગ્રેજ્યુએટ થયા પછી તેમને તેમની જ કોલેજમાં ભાષા શિક્ષણના અધ્યાપક તરીકે નીમવામાં



આવેલા. તે પછી યુરોપના પ્રવાસે જઈ ત્રણ વર્ષની અવધિમાં તેઓ યુરોપીય ભાષાઓનો વિશદ અભ્યાસ કરી પાછા આવેલા.

ઈ.સ. ૧૮૩૧માં તેમણે તેની સાથે અભ્યાસ કરતી મેરી પોટર નામની વિદ્યાર્થીની સાથે લગ્ન કરેલાં. તે પછી તે હાર્વર્ડ વિશ્વ વિદ્યાલયમાં યુરોપીય ભાષાઓના અધ્યાપક તરીકે જોડાયેલા. દરમ્યાન તેની પત્નીનું અવસાન થયેલું. તેનો દેખાવ અને વ્યક્તિત્વ આકર્ષક હતાં. તેનો ચહેરો મોહક અને સૌંદર્યવાન હતો. ઘણી બધી સ્ત્રીઓ તેની પાછળ પાગલ થઈ ગયેલી હતી. તેના રૂપથી ઘેલી થયેલી ફ્રાન્સિસ એલિઝાબેથ એલેપ્ટન તેના પ્રેમમાં પડેલી. તેણે તેની સાથે લગ્ન કરેલું. પણ વિધાતાને જાણે લોંગફેલોના સુખની ઈર્ષ્યા આવતી હોય તેમ એલિઝાબેથ મીણબત્તી પર લોખંડના સળિયાને ગરમ કરી બાળકના વાળને વાંકડિયા બનાવતી ત્યારે અકસ્માતે તેના કપડાં સળગી ઊઠવાથી તે મૃત્યુ પામી હતી. લોંગફેલો સંવેદનાને ઉજાગર કરનારો કવિ હતો. તેની કવિતામાં લોકજીવન ધબકતું હતું. તેની કવિતા લોકગીતોની નજીક ઊભી રહે તેવી હતી. લોકોના જીવનના સુખ-દુઃખ અને વ્યવહારોને એણે બારીકાઈથી જોયાં અને અનુભવ્યા હતાં. તેણે તે સમયના લોકગીતોને આત્મસાત કર્યા હતાં. તેમ છતાં તેમીન કવિતા મૌલિક્તાનો સ્પર્શ પામેલી છે. તેણે તેની કવિતામાં હૃદયના શુદ્ધ ભાવોનો જ શબ્દબદ્ધ કર્યાં છે. તે પૂરેપૂરો લોકોનો કવિ હતો, લોકપ્રિય કવિ હતો. તેથી જ લોકોએ તેને ‘લોકનાયક’ના સર્વોચ્ચ પદે સ્થાપિત કર્યો હતો. તેણે લખેલા કાવ્યસંગ્રહોમાં ‘લોઈસીઝ ઓફ ધ નાઈટ’, ‘ધ ગોલ્ડન લેજંડ’, ‘ધ ન્યૂ ઈંગ્લેન્ડ ટ્રેજેડિઝ’ અને ‘ડિવાઈન ટ્રેજેડી’ મુખ્ય છે. પેટની બિમારીને કારણે ૨૪, માર્ચ, ઈ.સ. ૧૮૮૨ના રોજ આ દિગ્ગજ કવિનું અવસાન થયેલું. લંડનના વેસ્ટ મિનિસ્ટર એલી ખાતે ‘પોએટ્સ કોર્નર’માં તેનું બાવલું મૂકીને તેનું સન્માન વધારવામાં આવ્યું છે. ઈંગ્લેન્ડમાં આવું બહુમાન મેળવનારો એ પ્રથમ અમેરિકન કવિ હતો.



## (૭૪)

# વિષ્ણુવામન શિરવાડકર

## (૨૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૨)

તાત્યા સાહેબના વહાલસોયા નામે ઓળખાતા મરાઠી કવિ અને નાટ્યસર્જક વિષ્ણુવામન શિરવાડકર ‘કુસુમાગ્રજ’નો જન્મ મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં ૨૭, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૧૨ના રોજ થયો હતો. ત્રીસના દસકમાં કવિતા અને નાટ્યલેખનના ક્ષેત્રે તેમણે કલમ ચલાવવાની શરૂઆત કરી હતી. બીજા વિશ્વ યુદ્ધ પછી મરવા પડેલી મરાઠી રંગભૂમિને ફરીથી જીવંત બનાવવામાં કુસુમાગ્રજનો ફાળો ઉલ્લેખનીય રહ્યો હતો. તેઓ રંગભૂમિના એક અચ્છા કલાકાર હતા. એક ફિલ્મમાં તો તેમણે લક્ષ્મણની ભૂમિકા પણ ભજવેલી.

તેમણે ઓસ્કાર વાઈલ્ડ અને અંગ્રેજ નાટ્યકાર વિલિયમ શેક્સપિયર જેવાની નાટ્યરચનાઓને મરાઠી નાટ્ય રૂપાંતર સાથે ઉતારી હતી. ‘નટસમ્રાટ’ નામની નાટ્યકૃતિઓ તેમને નાટ્યકાર તરીકેની ખ્યાતિ અપાવી હતી. તદુપરાંત ‘સાહિત્ય અકાદમી’ના એવોર્ડ માટે તેમને પાત્ર ઠેરવ્યા હતાં. ‘વૈજયંતિ’, ‘હરાયેદીવે’, ‘રાજમુધુટ’, ‘વીજમ્હાલી ધારાતીલા’ અને ‘વિદૂષક’ જેવી નાટ્યકૃતિઓ તેમણે આપી હતી. ‘સ્વાગત’ અને ‘મધુઘટ’ જેવા કાવ્યસંગ્રહો આજે પણ મરાઠી કાવ્યજગતમાં વિશેષ સ્થાન ધરાવે છે.

તેમણે ઈ.સ. ૧૯૭૬થી ૮૬ સુધીનાં છ વર્ષના સમયગાળા દરમ્યાન સર્જેલા ઉત્તમ સાહિત્યને ધ્યાનમાં રાખી તેમને ઈ.સ. ૧૯૮૭નો પ્રતિષ્ઠિત ‘જ્ઞાનપીઠ એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો હતો. એ સમય ગાળામાં તેમણે પણ કાવ્યસંગ્રહો અને ‘યયાતિઆણિદેવ્યાની’ સહિતના ચાર નાટકો મરાઠી સાહિત્યને ભેટ ધરેલાં. ઈ.સ. ૧૯૪૨માં પ્રગટ થયેલા તેમના ‘વિશાખા’ કાવ્યસંગ્રહે ધ્યાન



ખેંચ્યા બાદ તેઓ ઉત્તરોત્તર સિદ્ધિના સોપાનો સર કરતા ગયેલા. જોકે તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘જીવનલહરી’ ઈ.સ. ૧૯૩૦માં પ્રકાશિત થયેલો.

તેમણે પ્રાથમિક શિક્ષણ નાસિક જિલ્લાના પિમ્પલગાંવ બસવંતમાંથી મેળવેલું. તે પછી આગળના અભ્યાસાર્થે તેઓ નાસિકની એચ.પી.ટી.કોલેજમાં પ્રવેશેલા. તેઓએ પત્રકારત્વના ક્ષેત્રે પણ ઝંપલાવેલું. લોખંડી મનોબળ ધરાવતા તેમણ ક્રોધ ઉપર વિજય મેળવેલો. સાવ સાલસ અને વિનમ્ર સ્વભાવથી તેઓ લોકચાહના પામેલા. ઈન્દિરા ગાંધીએ દેશમાં જ્યારે કટોકટી જાહેર કરેલી ત્યારે તેમણે જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવેલા, જરૂરિયાતવાળા લોકોને આર્થિક મદદ કરેલી. પૂર્ણતઃ તેઓ એક કવિ અને નાટ્યકાર હોવા છતાં તેમણે રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રોમાં પણ મહત્વની ભૂમિકા ભજવેલી. મહારાષ્ટ્રના આ શ્રેષ્ઠ કવિના નામથી ‘કુસુમાગ્રજ’ સ્ટાર સ્વિટ્ઝરલેન્ડની ઈન્ટરનેશનલ સ્ટાર રજિસ્ટ્રી નામની આંતરાષ્ટ્રીય સંસ્થાએ બહાલ કરેલો.


નાસિકના પાદરેથી વહેતી ગોદાવરી નદીના કિનારે શાંત વાતાવરણમાં નાના એવા મકાનમાં વસવાટ કરતાં આ કવિ ઋષિ કક્ષાના સર્જક હતા. મરાઠી સાહિત્યના જાણીતા સાહિત્યકાર પુ.લ. દેશપાંડેએ તેમને ‘સંસ્કૃતિના કુળદેવતા’ કહી બિરદાવ્યા હતા. તેમની કવિતા યુગચેતનાની ઉદ્‌ઘોષક બની રહી હતી. તેમની કલમે અન્યાય અને સામાજિક અસમાનતા પર વજ્રઘાત કરેલો.

તેઓએ ઈ.સ. ૧૯૬૪માં ગોવાના માર્માગોવામાં આયોજિત મરાઠી સાહિત્યના અધિવેશનમાં પ્રમુખ પદે પણ બિરાજેલા. તેમની સાહિત્યિક સેવાઓને બિરદાવી ભારત સરકારે તેમને ‘પદ્મવિભૂષણ’ ખિતાબથી સન્માન્યા હતા. તેમણે સ્થાપેલી ‘કુસુમાગ્રજ’ સંસ્થા આજે પણ સાહિત્ય અને સામાજિક ક્ષેત્રોમાં વિશિષ્ટ પ્રદાન કરનારને એવોર્ડ આપતી રહી છે. તેમને અખિલ ભારતીય નાટ્યપરિષદના ‘રામગણેશ ગડકરી પુરસ્કાર’થી નવાજવામાં આવેલા. પૂણે યુનિવર્સિટીએ તેમને ડિ.લિટ્.ની માનદ પદવીથી સન્માન્યા હતા. તેમણે સંગીત નાટ્ય અકદામી

પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત તેમણે પંડિત મહાદેવ શાસ્ત્રી,

મરાઠી સાહિત્ય જગતમાં અને મરાઠી પ્રજાના હૈયામાં ચિરંજીવ સ્થાન જમાવનાર આ મૂર્ધન્ય સાહિત્યકારે ૮૮ વર્ષની વયે ઈ.સ. ૧૯૯૯માં ચિરવિદાય લઈ લીધેલી. બાબા આમ્ટેએ તેમને શ્રદ્ધાંજલિ આપતાં મરાઠી સાહિત્યના શેક્સપિયર સાથે સરખાવેલા.

●







## (૭૫)
# સાંકળચંદ પટેલ
## (૨૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૯)

સમાજસેવાના ક્ષેત્રમાં જેમનું સ્થાન ઊંચા શિખર પર બિરાજમાન છે એવા અદના સમાજસેવક અને સ્વાતંત્ર્ય સેનાની સાંકળચંદ કાળિદાસભાઈ પટેલનો જન્મ ઉત્તર ગુજરાતના વિસનગર શહેરના એક કૃષક પરિવારમાં ૨૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૦૯ના રોજ થયો હતો. વિસનગરની જી.ડી. હાઈસ્કૂલમાં ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ કર્યા પછી તેમણે બાપીકો લાટી અને કાપડનો ધંધો સંભાળી લીધેલો. તે સમયની સામાજિક પરંપરા મુજબ ચૌદ વર્ષની કાચી ઉંમરે તેમના લગ્ન થઈ ગયેલાં. આ તે સમય હતો કે જ્યારે ગાંધીબાપુના સ્વદેશી અને વિદેશી બહિષ્કારના આંદોલને ગુજરાતમાં જોર પકડ્યું હતું. તેમના પિતાના વ્યવસાયી ભાગીદાર માધવલાલ પટેલ આ ચળવળમાં જોડાયેલા હતા. તેમની દોરવણીથી સાંકળચંદભાઈએ જાહેર પ્રવૃત્તિઓમાં ઝંપલાવેલું.

તેઓ રોજ નગરની પ્રભાત ફેરીમાં ભાગ લેતા થયા. જેથી આઝાદીની પ્રવૃત્તિઓ સાથે ઓતપ્રોત થઈ ગયેલા ચીમનલાલ કંસારા અને નાનુભાઈ જોષી જેવાઓના પરિચયમાં તેઓ આવ્યા. સાંકળચંદભાઈએ પોતાની દુકાનમાંના વિદેશી કાપડને નહીં વેચવાની પ્રતિજ્ઞા કરી સ્વાતંત્ર સંગ્રામની પ્રવૃત્તિનું મંગલાચરણ કરેલું. પછી સામાજિક મૂલ્યોના રખેવાળ એવા તેમને સામાજિક પ્રવૃત્તિઓનું મૂલ્ય સમજાયું અને ધંધામાંથી મુક્ત થઈને તેમણે તેમનું જીવન સમાજ સેવાને અર્પણ કરી દીધું. ધંધાની જવાબદારી તેમના ભાઈઓ અને પત્ની ઉર્મિલાબહેને ઉપાડી લીધી. સરકારે સવિનય કાનૂન ભંગળની ચળવળને નિષ્ફળ

બનાવવા કોંગ્રેસને ગેરકાયદેસર સંસ્થા જાહેર કરેલી. સભા, સરઘસ પર પ્રતિબંધ મૂકી દીધેલો. આગેવાનોની ધરપકડો કરવા માંડેલી. ત્યારે મહેસાણા જિલ્લામાંથી જે ચાર આગેવાન નેતાઓની ધરપકડ થયેલી તેમાં એક સાંકળચંદભાઈ પણ હતા. સાંકળચંદભાઈની દિકરી શાંતાબેને પણ દેશભક્તિના પિતાના સંસ્કારો ઝીલેલા. વિસનગરના બજારમાં પારેખ પોળના નાકે શાંતાબહેન અને રમાબેન ઝા નામની બે બાળાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો ત્યારે ત્યાંના ફોજદારે તેમની લાઠી ચાર્જ કરેલો. એ વખતે સાંકળચંદભાઈ ઝભ્ભાનાં બટન ખોલીને ધસી ગયેલા અને બંદૂક તાકીને ઊભા રહેલા પોલીસને જણાવેલું 'લે છોડ ગોળી, તારામાં તાકાત હોય તો!' એજ વખતે બાજુની દુકાન પર બેઠેલા ગોવિંદરાવ ઉત્રાણકરની નજર પેલા પોલીસ પર પડેલી. એ પોલીસ પર કૂદી પડ્યો, ઝપાઝપીમાં ગોળી છૂટી અને ઉત્રાણકરની સાથળમાં વાગી. વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરેલા, ઉત્રાણકરની સારવાર સાંકળચંદભાઈએ કરેલી. પણ ઉત્રાણકર આખરે શહીદ થઈ ગયેલા.

સાંકળચંદ આવા નીડર, સાહસિક અને માનવતાનાં મૂલ્યોના જતન કરનારા હતા. તેમણે સમાજ સુધારક તરીકે 'પ્રજામંડળ' સંસ્થાની સ્થાપના કરેલી. આ મંડળ દ્વારા તેઓ અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતા. સામાજિક ખોટા રીતરિવાજો, અંધશ્રદ્ધા અને વહેમો પ્રત્યે તેમને ભારે નફરત હતી. બિનજરૂરી ખર્ચાઓ પણ તેમને ગમતા નહીં. સામાજિક દૂષણો દૂર કરવા તેમણે ભગીરથ પ્રયત્નો કરેલા. ઊંઝામાં કન્યાશાળાનું ખાતમુહૂર્ત તેમણે લોકોના વિરોધ વચ્ચે કાળી ચૌદશના દિવસે કરાવેલું.

કલેક્ટરના હુકમથી હરિજનોના મંદિર પ્રવેશનું અને જાહેર કૂવા પરથી પાણી ભરવાનું એલાન થતાં તેમની રાહબરી હેઠળ વિના વિક્ષેપે એ કાર્યક્રમ પાર પાડવામાં સાંકળચંદભાઈએ સફળતા મેળવેલી. અછૂતોના મંદિર પ્રવેશ કાર્યક્રમ વખતે મંદિરના દરવાજા બહાર સવર્ણોની સ્ત્રીઓ વિરોધ દર્શાવવા છાજિયાં લેતી



હતી ત્યારે ખોલાવડાવેલા. તેઓએ કાર્લમાર્ક્સ અને લેનિન તથા ગાંધીજીની સમાજવાદી વિચારધારા સમજવા શિક્ષિત મિત્રો પાસે તેમનાં પુસ્તકો વંચાવી જ્ઞાન મેળવેલું. તેઓ ભણેલા ઓછું પણ ગણેલા બહું. તેમની અદ્ભુત ગ્રહણ શક્તિને લઈ એમનામાં ચર્ચા કરવાની અસાધારણ શક્તિ કેળવાયેલી. સ્વભાવે તેઓ પરગજુ અને પરોપકારી હતા. જરૂરિયાતમંદોને મદદ કરવા સદાય તત્પર રહેતા.

રંગમંચના પ્રસિદ્ધ કલાકાર જયશંકર સુંદરીને નિવૃત્તિ પછી વિસનગરમાં 'સાહિત્યકલા મંડળ' સ્થાપવાની ઈચ્છા થયેલી. પણ તે માટે મકાન અને આર્થિક મદદ મેળવવી તેમને માટે કઠિન હતું. જયશંકરભાઈની એ મૂંઝવણ દૂર કરવા સાંકળચંદભાઈએ બહુ મોટો ભાગ ભજવેલો. આ બાબત તેમના કલાપ્રેમની સૂચક છે. ઈ.સ. ૧૯૪૨માં વડોદરાના ધારાસભ્ય તરીકે ચૂંટાઈને તેમણે રાજકારણના રંગમંચ પર પ્રવેશ કરેલો. તેમની વિચક્ષણ બુદ્ધિના પ્રતાપે વડોદરા રાજ્યની ધારાસભામાં, અન્ય સભ્યોના સખત વિરોધ વચ્ચે તેમણે અસ્પૃશ્યતા નિવારણ અંગેનું વિધેયક પસાર કરાવેલું. આમ તેઓ હરિજનોને તેમનો સામાજિક હક અપાવવામાં સફળ થયેલા. તેઓ કદી કોઈની ખુસામત કરતા નહીં. ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તેમણે ભારે જહેમત ઊઠાવેલી. ઈ.સ. ૧૯૫૩ સુધી કોંગ્રેસમાં રહ્યા પછી સૈદ્ધાંતિક મતભેદને કારણે તેમણે કોંગ્રેસ છોડેલી. ઈ.સ. ૧૯૫૬માં તેઓ 'મહાગુજરાત જનતા પરિષદ'માં જોડાયેલા. ઈ.સ. ૧૯૬૮માં તેઓ પુનઃ કોંગ્રેસમાં જોડાઈને મહાસમિતિના સભ્ય થયેલા. ૧૯૭૫માં વિસનગરની બેઠક પરથી તેમણે વિધાનસભામાં પ્રવેશ કરેલો.

મજૂરોના હક્કો અને હિતોના રક્ષણ માટે તેમણે 'મજૂર સહકારી મંડળી' સ્થાપેલી. આજે પણ આ મંડળી સરકારી મદદ વિના કાર્યરત છે. વિસનગર નગરપાલિકાના પ્રમુખ તરીકે દસ વર્ષ સેવાઓ આપી તેમણે વિસનગરને આધુનિક શહેર બનાવ્યું છે. ઈ.સ. ૧૯૫૭માં એમણે 'ધ વિસનગર નાગરિક સહકારી

બેન્ક'ની સ્થાપના કરેલી. સ્પિનીંગ મીલ સહકારી ક્ષેત્રે સમગ્ર ઉત્તરભારતમાં પ્રથમ ગણાતી 'વિસનગર કોઓપરેટિવ સ્પિનીંગ મિલ'ના સ્થાપક પણ સાંકળચંદભાઈ જ હતા. ઈ.સ. ૧૯૬૪માં 'ધ વિસનગર તાલુકા ઔદ્યોગિક સહકારી મંડળી' અને ઈ.સ. ૧૯૭૭માં 'ધ સર્વોદય નાગરિક સહકારી બેન્ક' જેવી સંસ્થાઓ પણ એમણે જ સ્થાપેલી. તેઓ આ બધી સંસ્થાઓથી હંમેશા દૂર રહેલા. આ બાબત એમનું નિરાભિમાનીપણું સૂચવી જાય છે. તેઓ સ્થિતપ્રજ્ઞ અને અપરિગ્રહી સમાજ સેવક હતા. સૂરજબારી પૂલ, કડાણા પ્રોજેક્ટ, દમણગંગા પ્રોજેક્ટ, સુખી ડેમ અને ભંગી તથા મારવાડી કોલોની એમની કાર્યદક્ષતાના જીવતા જાગતા પુરાવા છે.

આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવા તેમણે વિસનગરમાં સરદાર હોસ્પિટલ ઉભી કરી છે. શિક્ષણક્ષેત્રે સ્થપાયેલી 'નૂતન હાઈસ્કૂલ' ઉભી કરવામાં તેમનો બહુમૂલ્ય ફાળો રહેલો છે. શિક્ષણના પ્રખર પુરસ્કર્તા હોવાને નાતે તેમણે 'ડી.ડી. કન્યાવિદ્યાલય' અને 'કન્યા છાત્રાલય' જેવી સંસ્થાઓની પણ સ્થાપના કરાવેલી. ઉત્તર ગુજરાતના સમાજે ઈ.સ. ૧૯૬૯-૭૦માં તેમની ષષ્ઠીપૂર્તિ ઉજવી તેમને 'વિસનગરના વિશ્વકર્મા'ના બિરૂદથી બિરદાવેલા.

'ગુજરાતી વિશ્વકોશ'ની રચના કરવા ડૉ. ધીરૂભાઈ ઠાકરને તેમણે માતબર રકમ એકઠી કરી આપેલી. તેમના પ્રયત્નોથી જ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' ઉભુ થઈ શક્યું. આવો હતો માતૃભાષા પ્રત્યેનો એમનો પ્રેમ. જયશંકર સુંદરીની સ્મૃતિમાં વિસનગરમાં નાટ્યગ્રહ ઉભુ કરવા તેમણે ઉલ્લેખનીય ફાળો આપેલો. તેમના પ્રયત્નોથી જ શહેરમાં 'ગીત-સંગીત વિદ્યાલય' અને 'નૃત્ય સંસ્થા' ઊભાં થયેલાની. આવા બહુમુખી વ્યક્તિત્વના સ્વામી અને કર્મનિષ્ઠ સમાજ સેવક ૨૮, નવેમ્બર, ઈ.સ. ૧૯૮૬ના રોજ, જેમ પુષ્પમાંથી સુવાસ ઊડી જાય તેમ વિસનગર અને ઉત્તર ગુજરાતમાં સેવાની સુવાસ પ્રસરાવી હમેશને માટે ચિરનિદ્રામાં પોઢી ગયેલા. છતાં આજે પણ વિસનગર વાસીઓમાં તેઓ સ્મૃતિરૂપે સચવાયેલા છે.





## (૭૯)

# મોરારજી દેસાઈ

## (૨૯, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૬)

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઈનો જન્મ ૨૯, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૯૬માં તેમના મોસાળ ભદેલી ગામે થયો હતો. આમ તો એમનું વતન વલસાડ. એમના પિતા રણછોડજી દેસાઈ આજીવન શિક્ષક હતા. તેમની માતાનું નામ વિજયાબહેન (મણિબેન) હતું.

મોરારજીભાઈના પિતા વ્યવસાયે શિક્ષક હોવાથી વારંવાર તેમની બદલી થતી રહેતી. આથી મોરારજીભાઈને પ્રાથમિક શિક્ષણ ભાવનગર, કુંડલા અને મહુવામાં એમ અનેક સ્થળેથી લેવું પડેલું. નાનપણમાં તેઓ ડરપોક ને પોચા સ્વભાવના હતા. તેમ છતાં ભણવામાં ખૂબ તેજસ્વી હતા.

૧૫ વર્ષની ઉંમરે તેમના વિવાહ જોગીભાઈ દેસાઈની દીકરી ગજરાબેન સાથે કરી નાંખેલા. તેમના પિતાની આત્મહત્યાના કારણે પછીથી તેમનું લગ્ન સાદાઈથી જ પતાવી દેવામાં આવેલું.

મેટ્રિકની પરીક્ષામાં તેઓ ૪૫માં નંબરે પાસ થયેલા. પિતાજીના મૃત્યુ બાદ તેમનાથી નાના ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો તેમજ દાદીમા, મા અને પત્નીનું ભરણપોષણ કરવાની જવાબદારી તેમને માથે આવી હતી.

આર્થિક પરિસ્થિતિ સારી નહીં તેથી ભાવનગર મહારાજાની માસિક દસ રૂપિયાની છાત્રવૃત્તિ મેળવી કોલેજના અભ્યાસ માટે મુંબઈની કોલેજમાં દાખલ થયા. મુંબઈની ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગમાં તેમને વિના મૂલ્યે રહેવાની જગ્યા મળી ગઈ હતી. દર મહિને મળતી રૂપિયા દસની છાત્રવૃત્તિ તેઓ માને મોકલી આપતા. તેઓ તદન સાદગીવાળું જીવન જીવતા. એ એમના ગન્તવ્ય સ્થાને પણ

ચાલીને જ જતાં.

ભૌતિક શાસ્ત્ર અને રાસાયણ શાસ્ત્રના વિષયો સાથે તેઓ પ્રથમ વર્ગમાં બી.એ. થયેલાં. ૨૨ વર્ષની યુવાન વયે પ્રોવિન્સિયલ સિવિલ સર્વિસમાં એમને નોકરી મળી ગઈ હતી. ઈ.સ. ૧૯૧૮ના મે મહિનામાં અમદાવાદમાં પ્રોબેશનરી ડેપ્યૂટી કલેક્ટર તરીકે તેમણે નોકરીના શ્રી ગણેશ કરેલા. એમાંથી બઢતી પામતાં તેઓ પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ પણ થયેલા.

ગોધરાની નોકરી દરમ્યાન જ તેમણે ખાદી અપનાવી લીધેલી. ઈ.સ. ૧૯૨૮માં બ્રહ્મચર્યનું વ્રત પણ અપનાવી લીધેલું. તેઓ ખાટલામાં માત્ર શેતરંજી પાથરીને સૂઈ જતા. કુદરતી ઉપચારોમાં આમને અખૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હોઈ તેઓ વિલાયતી દવાઓ લેતા ન હતા.

ગોધરાથી તેમની બદલી અમદાવાદમાં કલેક્ટરના પર્સનલ આસિસ્ટન્ટ તરીકે થયેલી. અહીં હિન્દુવાદી વલણ ધરાવવાના આરોપસર તેમની સામે તપાસ થયેલી, તપાસને અંતે મોરારજીભાઈને અન્યાયી રીતે દોષિત ઠેરવતાં ૧૯, મેના રોજ તેમણે રાજીનામું ધરી દીધું હતું. આ દરમ્યાન તેઓ ગાંધીજીના રંગે રંગાઈ ચૂક્યા હતા. તેમની આશ્રમમાં વસવાટ કરવાની પ્રબળ ઈચ્છા હતી.

તેઓ કોંગ્રેસના સભ્ય થઈ ગયા હતા. ઓક્ટોબર, ૧૯૩૦માં અંગ્રેજ સરકારે કોંગ્રેસને ગેરકાયદે સંસ્થા જાહેર કરતાં મોરારજીભાઈની ધરપકડ થઈ હતી અને ચાર માસની સખત જેલ ભોગવવી પડેલી. ઈ.સ. ૧૯૩૧માં, જેના પ્રમુખ સરદાર વલ્લભભાઈ પટેલ હતા તે 'ગુજરાત પ્રાંતિક કોગ્રેસ સમિતિ'ની ચૂંટણીમાં તેઓ મંત્રી તરીકે ચૂંટાયા હતા.

તેઓને અશ્પૃશ્યતા તરફ ભારે સૂગ હતી. વડી ધારાસભાના ચૂંટણી પ્રચાર માટે તેઓ ડાકોર આવેલા. પણ ત્યારે મંદિરમાં હરિજનો પર પ્રવેશ પ્રતિબંધ હોઈ તેઓ પણ મંદિરમાં દર્શનાર્થે ગયેલા નહીં. ઈ.સ. ૧૯૩૭માં પ્રાંતિક ધારાસભાની ચૂંટણીમાં સુરત મતવિભાગમાંથી મુંબઈ ઈલાકાની ધારાસભામાં




ચૂંટાયા હતા. ત્યારે તેમને મહેસૂલ ખાતાનો હવાલો સોંપવામાં આવેલો.

તેમણે નાકરની લડત, વ્યક્તિગત સત્યાગ્રહ અને હિન્દ છોડો આંદોલનમાં સક્રિય ભાગ ભજવેલો. અનેકવાર જેલમાં પણ જઈ આવેલા. ઈ.સ. ૧૯૫૨માં સંસદની વલસાડ બેઠક પર તેઓ સમાજવાદી પક્ષના ડૉ. અમૂલ દેસાઈ સામે ૨૧૯ મતે હારી ગયા પછી પેટાચૂંટણીમાં જીત મેળવી તેઓ મુંબઈના મુખ્યપ્રધાન થયા હતા. તેમણે ભાષાના ધોરણે રાજ્યોની પુનર્રચના માટે નીમેલા 'રાજ્યપુનર્રચના પંચ'નો સખત વિરોધ કરેલો. દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના પણ તેમના શાસન નીચે થયેલી. ગુજરાતમાં એમની સામે ઉગ્ર વિરોધ પણ થયેલો.

ઈ.સ. ૧૯૫૭ની ચૂંટણી પછી તેઓ કેન્દ્રના નાણામંત્રી બન્યા હતા. અનેક વખત તેઓ વિદેશ પ્રવાસે પણ જઈ આવેલા.

જયપ્રકાશ નારાયણ અને આચાર્ય કૃપલાનીના સૂચન પ્રમાણે તેઓ ભારતના વડાપ્રધાન પદે ૨૪, માર્ચ, ૧૯૭૭ના રોજ આરૂઢ થયા હતા. છતાં તેઓ માત્ર ૨૮ માસ જ એ હોદ્દા પર ટકી શકેલા. કટોકટી વખતે તેઓએ ૧૯ મહિનાનો જેલવાસ પણ ભોગવેલો.

સરળ જીવનના સંત સમા તેમણે ગાંધીજીના ૧૧ વ્રતોને દૃઢ રીતે અપનાવ્યાં હતાં. રાજકારણની સાથે સાથે અધ્યાત્મિક વિચારોને તેમણે જીવનમાં મહત્વનું સ્થાન આપ્યું હતું. સત્યપાલનના તેઓ ચુસ્ત આગ્રહી હતા. તેઓ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદે રહી ચૂક્યા હતા. સારા સામાન્ય કુટુંબમાં જન્મ થયો હોવા છતાં સાદગી, નેકી, નિષ્ઠા, સત્ય અને સખત પરિશ્રમથી તેઓ ભારતના વડાપ્રધાન બન્યા હતાં. કુશળ વહિવટકર્તા તરીકે ભારતના લોકો તેમને કાયમ યાદ કરતા રહેશે. તેમને તેમના જીવનમાં આખરી વર્ષોમાં 'ભારત રત્ન'ના ઈલકાબથી વિભૂષિત કર્યાં હતાં. પાકિસ્તાને પણ તેમને સર્વોચ્ચ ખિતાબ 'નિશાત-એ-પાકિસ્તાન' અર્પણ કર્યો હતો. આવા મહાન રાજપુરુષ ૧૦, એપ્રિલ, ઈ.સ. ૧૯૯૫ના રોજ અવસાન પામ્યા હતા. ●



માર્ચ (૭૭)

# આર્નોલ્ડ ટોયન્બી

## (૧, માર્ચ, ઈ.સ. ૧૮૮૯)

હિન્દુ ધર્મ અને ઋષિ સંસ્કૃતિના પુરસ્કર્તા માનવતાવાદી મહાન ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીનો જન્મ ૧, માર્ચ, ઈ.સ. ૧૮૮૯ના રોજ એક મધ્યમ વર્ગીય પરિવારમાં થયો હતો. બાળપણથી જ તેઓ ભણવામાં ખૂબ તેજસ્વી હતા. તેથી આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં કોલેજની ફીમાં રાહત મેળવી તેમણે અભ્યાસ પૂરો કર્યો હતો. પ્રાથમિક શિક્ષણ પૂરુ કર્યા પછી તેઓ વિન્ચેસ્ટરની શાળામાં દાખલ થયા હતા. તેમણે અભ્યાસ માટે ધર્મ અને ઈતિહાસના વિષયોની પસંદગી કરેલી. તેમની જ્ઞાનપિપાસા અતિ તીવ્ર હતી. તેથી તેઓ સદાય વાંચતા રહેતા. તે સમયના ગ્રીક અને રોમન ભાષામાં લખાયેલા બધા જ ગ્રંથોનો તેમણે વિશદ અભ્યાસ કરી લીધો હતો. અભ્યાસ પૂરો કરીને તેઓ ઓક્સફર્ડમાં શિક્ષક થયેલા અને આજીવન ત્યાંની એક કોલેજમાં ફેલો રહેલા.

વિશ્વના વિવિધ દેશોની સંસ્કૃતિનો અભ્યાસ કરવામાં એમને ખૂબ રસ પડતો હતો. તેથી પ્રાચીન ગ્રીક સંસ્કૃતિનો જાત અભ્યાસ કરવા તેમણે પ્રવાસ ખેડ્યો હતો. તેમણે વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓના ઉદ્ભવ, વિકાસ અને વિનાશને લગતાં અનેક સંશોધનો કરીને 'અ સ્ટડી ઓફ હિસ્ટ્રી' નામની સંશોધનાત્મક ગ્રંથમાળા એમણે બાર ભાગમાં તૈયાર કરી છે. તેમના ગ્રંથો વિશ્વની સંસ્કૃતિના અભ્યાસ માટે આધાર ભૂત ગણાય છે. ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવા તેઓ ભારત પણ આવ્યા હતા. ભારતીય પ્રજાની સહનશીલતા, ઉદારતા અને માનવતાને તેમણે ખૂબ જ વખાણી છે. ત્રીસ વર્ષના સંશોધન અને લેખનના ભગીરથ પુરુષાર્થ દ્વારા



વિશ્વની લગભગ છવ્વીસ જેટલી સંસ્કૃતિઓનું તલસ્પર્શી આલેખન તેમણે તેમના ગ્રંથો દ્વારા કર્યું છે. સંસ્કૃતિના નિર્માણ અને વિકાસમાં તેમણે આધ્યાત્મિક વિચારધારાનું બહુ મોટું મૂલ્ય આંકતા હતા. જાપાનના તત્વચિંતક દાસયકુ ઈકેડા સાથે થયેલા વાર્તાલાપ આધારિત તેમણે રચેલું એક પુસ્તક પણ ઉલ્લેખનીય ગણાય છે. 'સિવિલાઈઝેશન ઓન ટ્રાયલ', 'સરવાઈવિંગ ધ ફ્યુચર' અને 'હિસ્ટોરિયન એપ્રોચ ટુ રિલીજિયન' તેમનાં ગણનાપાત્ર પુસ્તકો છે. ઈતિહાસના શિક્ષણમાં સંસ્કૃતિના શિક્ષણનું તેમને મન વિશેષ મહત્વ હતું. ઈ.સ. ૧૯૧૪માં થયેલ પ્રથમ વિશ્વયુદ્ધે વેરેલા વિનાશનો એમને અનુભવ થયેલો. આ વિશ્વ વિગ્રહ પૂરો થયે તેમને 'રોયલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ટરનેશનલ એફેર્સ'માં કામ કરવાની તક મળતાં તેમણે ઈતિહાસના વિષયની માહિતી એકઠી કરવા માંડેલી. નવ વર્ષ સુધી એકઠી કરેલી સામગ્રીના આધારે તેમણે ઈતિહાસ વિષયક સંશોધનાત્મક ગ્રંથોની રચના કરેલી. તેઓ માનતા કે સંસ્કૃતિનું મૂલ્યાંકન ભૌતિક વિકાસને આધારે થઈ શકે નહીં. સંસ્કૃતિનું ખરું મૂલ્યાંકન તો અભૌતિક સંઘર્ષોના સામનાને આધારે કહી શકાય. યંત્રવાદ અને ભૌતિકવાદનો તેઓ વિરોધ કરતા હતા. યુદ્ધને તેઓ સંસ્કૃતિના વિકાસનું અવરોધક પરિબળ માનતા હતા. માણસ સામા માણસના ચૈતન્યનો પાર પામી શકે તો જ માણસ શાંતિના માર્ગે વળી શકે. તેઓ ભારતની પ્રાચીન ઋષિ સંસ્કૃતિમાં અપાર આસ્થા ધરાવતા હતા. 'ભારતીય સંસ્કૃતિ જ માનવીને સત્યના દર્શન કરાવી શકવા સમર્થ છે અને એ સત્ય એટલે જ પરમેશ્વર' એવું ટોયન્બીનું માનવું હતું. ભારતીય સંસ્કૃતિ ધર્મના પાયા પર ટકેલી હોવા છતાં એ ધર્મના આડંબરને પોષતી નથી એવો એમનો મત હતો. ભારતીય સંસ્કૃતિને તેઓ જગતની સર્વશ્રેષ્ઠ સંસ્કૃતિ માનતા હતા. મૃત્યુને મંગલમય પ્રસંગ ગણી આવકારવાની ભારતીય સંસ્કૃતિની પ્રણાલિકાને એ વખાણતા હતા. વિશ્વના આ મહાન ચિંતક અને ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બી ૨૨, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૭૫ના રોજ અવસાન પામ્યા હતા.



## (૭૮)

# મિખાઇલ ગાર્બાચેવ

## (૨, માર્ચ, ઇ.સ. ૧૯૩૧)

લેનિનનું તોતડાપણું, સ્ટાલીનની મૂછ, બ્રેઝનેવની આંખ ઉપરની ભ્રમરો તેમજ ખ્રુશ્મોવની નાની ઉંમરની ટાલ તેમના જમાનામાં લોકોનું ધ્યાન ખેંચતા હતાં. એ જ રીતે ગાર્બાચેવના કપાળ પરનું લાખાનું નિશાન ધ્યાનાકર્ષક બન્યું હતું. મિખાઈલ ગાર્બાચેવનો જન્મ ઉત્તર રશિયાના પ્રિવોલનોઇ ગામના એક ખેડૂત કુટુંબમાં થયો હતો. તેમણે મોસ્કોની સ્ટેટ યુનિવર્સિટી તથા સ્તાબ્રોપોલ એગ્રીકલ્ચઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરેલો હતો. તેઓ ટ્રેક્ટર ચાલક તરીકે કામ કરતા હતા.

ખેતીની સાથે રાજકારણમાં રસ ધરાવતા તેઓ ઈ.સ. ૧૯૫૫ પછી કોમ્સોમોલ-સામ્યવાદી પક્ષના યુવક મંડળમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓ એ જ પક્ષની સ્તાવ્રોપોલ શહેર સમિતિના પ્રથમ સેક્રેટરી બન્યા હતા. ઈ.સ. ૧૯૭૧ માં સોવિયેત યુનિઅનના મધ્યસ્થ સમિતિના સેક્રેટરી તરીકે તેઓ નિમાયેલા. તેમની આ પદ પર નિમણૂંક થતાં જ રશિયા અને વિશ્વના ઈતિહાસમાં એક નવા પ્રકરણની શરૂઆત થઈ. તેઓ છ વર્ષ સુધી સત્તા પર રહેલા.


તેમણે જોયું કે સોવિયેત યુનિઅન એક જમાનામાં સુપર પાવરની રેસમાં હતું. તે નવા જમાના સાથે તાલ મેલાવી શકે તેમ નથી. તે જ રીતે 'શીત યુદ્ધ' નો પણ તેમને કોઈ રીતે અંત જણાતો ન હતો. તેમણે સત્તા સંભાળી ત્યારે રશિયા કટોકટીના પગથિયે પગ દઈ ચૂક્યું હતું. તેમને નવી વ્યવસ્થા ઊભી કરવાનો વિચાર આવ્યો. તેમણે તેમના વિચારો મુજબ ઈ.સ. ૧૯૮૬ માં 'પેરેસ્ટ્રોઈકા' (અર્થવ્યવસ્થામાં પરિવર્તન) અને 'ગ્લાસનોસ્ત' (ઉદારીકરણ) ના બે સિદ્ધાંતો અમલમાં મૂક્યા.



આ સિદ્ધાંતોના આધારે મુક્ત સમાજ રચનાની ઝુંબેશ તેમણે ચલાવી. તેમણે આ રીતે રશિયાની પ્રજાને શાંતિમય પરિવર્તન માટે તૈયાર કરી.

તેમણે તત્કાલીન યુ.એસ. પ્રમુખ રેગન સાથે શાંતિમય સમાધાન માટેની પહેલ કરી મુલાકાત માંગી. પણ રેગને હકારાત્મક અભિગમ દાખવ્યો નહીં. ત્યારે ગાર્બાચેવે સ્વેચ્છાએ સ્વપક્ષે અણુ અખતરા બંધ કરવાની નીતિ અપનાવેલી. વળી તેમણે લશ્કર અને લશ્કરી સરંજામના ઉત્પાદનમાં પણ ભારે કાપ મૂકેલો. છતાં આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની આ નીતિની સબળ અસર થઈ નહીં. દેશમાં ભાવવધારો નિરંકુશ બની ગયો. ચીજ-વસ્તુઓની અછત ઊભી થઈ રહી. સામ્યવાદી પક્ષે નકારાત્મક ભૂમિકા ભજવી. આથી તેમને ઘર આંગણે ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડેલો. છતાં તેમની આ નૂતન વૈચારિક ક્રાંતિની વિશ્વમાં ઘણી દૂરગામી અસરો જોવા મળી. ઈ.સ. ૧૯૯૦ માં તેમને તેમની નૂતન વિચારસરણીના સંદર્ભમાં શાંતિ માટેનું નોબેલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું.

તેમની આ વૈચારિક અને આર્થિક ક્રાંતિ સર્વમાન્ય ન બનતાં તેમની સામે સમસ્યાઓનો વંટોળ ઊભો થયો. છેવટે તેમને સત્તા છોડવાનો વારો આવેલો. રાજકારણીઓનું માનવું છે કે તેમની નબળી નીતિને કારણે જ સોવિયેત સંઘ પંદર રાષ્ટ્રોમાં વિઘટિત થઈ ગયો. અમેરીકા જેટલી જ તાકાત ધરાવતી મહાસત્તાની પડતીના મૂળમાં ગાર્બાચેવ હતા એવું માનવામાં આવે છે.



## (૭૯)

# નિકોલાઇ ગૉગૉલ

## (અવસાન : ૩, માર્ચ, ઇ.સ. ૧૮૫૨)

રશિયન સાહિત્ય ક્ષેત્રે મનોવૈજ્ઞાનિક પૃથક્કરણનો પ્રયોગ કરનાર અને 'ધ ઓવરકોટ' નું સર્જન કરી ક્રાંતિ લાવનાર કલ્પનારંગી સર્જક નિકોલાઈ વાસ્તલિયે વિચ ગૉગૉલનો જન્મ પોલ્ટાલા પ્રાંતના સૉરોચિંન્સી નામના ગામે ૩૧, માર્ચ, ઈ.સ. ૧૮૦૯ ના રોજ એક ઉમરાવ પરિવારમાં થયો હતો. રંગભૂમિના શોખીન ગૉગૉલ રશિયાના તત્કાલિન પાટનગર સેન્ટપિટસબર્ગ જઈ રંગભૂમિ સાથે જોડાયેલા. પણ અહીં તેને સફળતા મળી ન હતી. તેણે સરકારી નોકરી સ્વીકારેલી પણ તેની ઉપેક્ષા થતી હોય તેણે તે નોકરી પણ ત્યજી દીધેલી. શાળામાં અભ્યાસ કરતો ત્યારથી જ 'સ્ટાર' હસ્તલિખિત મૅગેઝીન ચલાવતો. થોડો સમય તે ઈતિહાસનો વ્યાખ્યાતા પણ રહેલો.

નાની વયે પિતા મૃત્યુ પામેલા. પરિવારમાં મા સિવાય બીજું કોઈ જ હતું નહીં. પૈસાની ખૂબ જ તંગી હતી. જિંદગી જીવવા ખૂબ ઝઝૂમેલો પણ બધેથી નિષ્ફળતા જ મળેલી. છેવટે તેણે કલમનો આશરો લીધેલો. તેણે પહેલી વેધકવાર્તા 'ધ ઓવરકોટ' લખી. તેણે ટૂંકી વાર્તામાં નવા પ્રયોગની અજમાયેશ કરેલી. વિશ્વની ટૂંકી વાર્તાનો જન્મ ગૉગૉલની આ 'ઓવરકોટ' વાર્તામાંથી થયો છે. તે પછી તેણે તત્કાલિન સમાજની વિટંબણાઓને વાચા આપતું અને અધિકારી વર્ગને સ્પર્શતું નાટક 'ધ ઈન્સ્પેક્ટર જનરલ' લખ્યું. આ નાટક લોકપ્રિય થયેલું. પણ સરકારી અધિકારીઓની કનડગત પણ તેને વેઠવી પડેલી. તે કંટાળીને રશિયા છોડી ઈટાલીના રોમમાં ચાલ્યો ગયેલો.

તેનો 'ડિકાન્કા નજીકના એક ખેતરની સાંજ' નામનો વાર્તાસંગ્રહ તેની એકવીસ



વર્ષની ઉંમરે પ્રગટ થયેલો. એના આ વાર્તા સંગ્રહમાંની બધી વાર્તાઓ પ્રયોગશીલ હતી. જેમ આપણા વાર્તાકાર ધૂમકેતુની વાર્તા 'પોસ્ટ ઑફિસ' જગતની બધી મુખ્ય ભાષાઓમાં અનુવાદિત થઈ છે તેમ ગૉગૉલની 'ધ ઓવરકોટ' વાર્તા યુરોપની બધી ભાષાઓમાં અનુવાદિત થઈ છે. આ વાર્તા એટલી તો લોકપ્રિય નીવડેલી કે વિશ્વના લગભગ દરેક દેશમાં એના પરથી ફિલ્મનું નિર્માણ પણ થયું છે. આ વાર્તાએ આધુનિક રશિયન સાહિત્યનો પાયો નાંખ્યો હતો. તેણે લખેલી 'મૃતાત્માઓ' નામની નવલકથા વિશ્વની ઉત્તમ નવલકથાઓમાંની એક ગણાય છે.

ઈ.સ. ૧૮૪૬માં તે રોમથી પોતાને દેશ પાછો ફરેલો. ૩ માર્ચ, ૧૮૫૨ ના રોજ ફક્ત તેંતાલીસ વર્ષની ટૂંકી જિંદગી જીવી મોસ્કોમાં તે અવસાન પામેલો. અવસાન સમયે બેભાન અવસ્થામાં 'મને સીડી આપો, મને સીડી આપો' એમ બોલતો રહેલો. એના એ અંતિમ શબ્દો આજે પણ વણઉકલ્યો કોયડો બની રહ્યા છે. એનું સમગ્ર જીવન અંધકારમાં વીત્યું હતું.

ગૉગૉલે રશિયાના શ્રમજીવીઓ પ્રત્યે અપાર અનુકંપા દર્શાવેલી. અમલદારશાહીની અમાનુષીતાને એણે એના સાહિત્ય દ્વારા ઊઘાડી પાડેલી. ભ્રષ્ટાચાર અને સરકારની નિષ્ફળતાઓને એણે જાહેર કરી ક્રાંતિ સર્જેલી તેનું સાહિત્ય વાસ્તવગામી હોવાથી ચિરંજીવી બન્યું છે.

●



## (૮૦)

# દીના પાઠક

## (૪, માર્ચ, ઇ.સ. ૧૯૨૩)

ગુજરાતના નાટ્યક્ષેત્રે અને પછી ગુજરાતી ફિલ્મ જગતમાં પોતાના જીવંત અભિનયથી છવાઈ જનાર દીનાબહેનનો જન્મ અમરેલીના કપોળ જ્ઞાતિના પિતા કાલિદાસભાઈ ગાંધીને ત્યાં ૪, માર્ચ, ઈ.સ. ૧૯૨૩ ના રોજ થયો હતો. તેમણે તેમના અભિનયથી હિન્દી ફિલ્મોમાં પણ સારી એવી નામના મેળવી હતી. કિશારવસ્થાથી સ્વભાવે બળવાખોર, તોફાની પણ એટલાં જ. ઘરના સુખી હતાં. તેમના પિતાજી સારા આર્કિટેક હતા. પ્રાથમિક શિક્ષણ એમણે વતનમાં જ મેળવેલું. પછી વધુ અભ્યાસ કરવા તેઓ મુંબઈ જઈ એલ્ફિસ્ટન્ટ કોલેજમાં દાખલ થયેલાં.

ભણવા કરતાં નાટકોમાં એમને વધુ રસ હતો. એમાં વળી અહીં મુંબઈમાં ચં.ચી. મહેતા જેવા નાટ્યવિદોનું માર્ગદર્શન મળ્યું. 'આગગાડી' નાટકથી તેમણે ગુજરાતી રંગમંચ પર પગલાં પાડ્યાં. એ અગાઉ ઈ.સ. ૧૯૪૧ માં સરદાર જાફરીના હિન્દી નાટક 'યે કિસ કા ખૂન હૈ' માં અભિનય આપેલો. મુંબઈમાં એ અરસામાં 'ઈન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિયેશન-ઈપ્ટ' ની શરૂઆત થઈ ચૂકેલી. આ સંસ્થાના સ્થાપક સભ્યોમાં એક દીનાબહેન પણ ખરાં. ઈપ્ટ સાથે જોડાવાથી ઘણાં નામી કલાકારો સાથે ઓમનો પરિચય બંધાયો.

સામ્યવાદી વિચારના રંગે રંગાઈ ગયેલાં તેમણે સમાન વિચારધારા ધરાવતા રમેશ સંઘવી સાથે લગ્ન કરી લીધેલાં. પણ તેમનું આ લગ્ન સફળ થયું ન હતું. તેમનાથી છૂટાં થઈ ગયેલાં દીનાબહેને લગભગ પંદર વર્ષ બાદ એક બલવંત પાઠક નામના પંજાબી પુરૂષ સાથે પુનઃલગ્ન કરી લીધેલાં. સામ્યવાદ તરફ ઝૂકેલાં



તેમનામાં દેશપ્રેમ ભરપૂર ભર્યો પડ્યો હતો. વતન માટે ગમે તે કરી છૂટવાની એમની તૈયારી હતી. ડર તો એમની નજીક ફરકે પણ નહીં. તેઓને પહેલેથી જ મુંબઈના મજૂરોની દયનીય હાલત ઉપર કરુણા ઉપજેલી. તેથી મજૂર પ્રવૃત્તિમાં રસપૂર્વક એ ભાગ લેતાં.

મજૂર પ્રવૃત્તિના ધ્વજને ફરકાવવા જતાં તત્કાલીન મહારાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રી મોરારજીભાઈ દેસાઈએ એમને જેલ પણ દેખાડેલી. તેઓ ભણેલાં હોઈ મ્યુનિસિપલ સ્કૂલોના નિરિક્ષક તરીકેની નોકરી પણ કરેલી. તેમણે 'સોવિયેત દેશ' ના પબ્લિક રિલેશન ઓફિસર તરીકે નોકરી કરવા ઉપરાંત 'જય ગુજરાત' પત્રના પત્રકાર તરીકે પણ સેવા આપેલી.

ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે તેમનું અદ્ભુત પ્રદાન રહેલું છે. ઈ.સ. ૧૯૪૮ માં રજૂ થયેલી તેમની પ્રથમ ફિલ્મ હતી 'કરિયાવર' તેજ રીતે તેમણે હિન્દી ફિલ્મ 'ઉસકી કહાની'થી હિન્દી ફિલ્મ જગતમાં પ્રવેશ કરેલો. દિનાબહેનનું બીજું નામ જ અભિનયબહેન જાણે !અભિનય એમના લોહીમાં જાણે વણાઈ ગયેલો. જીવનના અંત સુધી એ અભિનય કરતાં રહેલાં. 'કરિયાવર', 'શેણી વિજાણંદ', 'ઘેર ઘેર માટીના ચૂલા' જેવી તેમની યાદગાર ગુજરાતી ફિલ્મો છે. એ જ રીતે તમણે અભિનય આપ્યો હોય તેવી હિન્દી ફિલ્મો હતી 'મૌસમ', 'મીરાં', 'ઉસકી રોટી', 'ચિતચૌર', 'ભવની ભવાઈ', 'મિર્ચમસાલા', 'ઉમરાવજાન', 'એક પલ', 'મોહન જોશી હાજિર હો' વગેરે યાદગાર બનેલી.

એમણે અભિનય કર્યો હોય એવી યાદગાર ફિલ્મોમાં 'કોશિશ', 'ઘરોંદા' વગેરે ખૂબ વખણાયેલી. જાજરમાન વ્યક્તિત્વ ધરાવતાં દીના પાઠકના અભિનયમાં તાજગી અને સ્વભાવિક્તા નોખાં જણાઈ આવતા હતાં. રસિકલાલ ભોજક અને જયશંકર સુંદરી જેવા કસબી કલાકારોના સહકારથી એમની અભિનય કલા નિખાર પામી હતી. તેમણે ટી.વી. સિરિયલોમાં પણ ભાવવાહી અભિનયનો પરચો આપ્યો છે. 'માલગુડી ડેઝ' અને 'તમસ' માં કરેલું કામ ખૂબ

પ્રશંસા પામ્યું હતું. પ્રેમાભાઈ હોલમાં રજૂ થતાં નાટકોથી એમની અભિનય કલામાં નવો પ્રાણ પૂરાયેલો. આમ તો એ રંગભૂમિનો જ જીવ હતાં.

એમની પુત્રીઓ સુપ્રિયા પાઠક અને રત્ના પાઠકે માતા તરફથી મળેલો અભિનયનો વારસો જાળવી રાખ્યો છે, બલ્કે વિકસાવ્યો છે. ભલે તેમણે હિન્દી ફિલ્મોમાં ભૂમિકાઓ કરી હોય છતાં એમની ઓળખ તો રંગભૂમિના અદના કલાકાર તરીકે જ રહી છે અને રહેવાની છે.

ગુજરાતની રંગભૂમિના પ્રાણ સમા દીના પાઠક ૧૧, ઓક્ટોબર, ૨૦૦૨ ના રોજ હંમેશા માટે રંગભૂમિ પરથી નેપથ્યમાં ચાલ્યાં ગયાં હતાં. તેમ છતાં ગુજરાતની રંગભૂમિના કલાકાર તરીકે તેઓ સૌના હૈયામાં સચવાઈ ગયાં છે.







## (૮૧)

# સ્ટાલિન

## (૫, માર્ચ, ઇ.સ. ૧૯૫૩)

વિશ્વમાં સૌથી નિર્દયી તાનાશાહોની હરોળમાં મોખરાનું સ્થાન પામનાર અને વીસ વર્ષ સુધી સોવિયેત સંઘ પર એકહથ્થુ સત્તા જમાવનાર મેન ઓફ સ્ટીલ એવા સ્ટાલિનનો જન્મ કોકેસસના પર્વતીય પ્રદેશના એક ગામડામાં થયો હતો અને તેમનું મૃત્યુ ૫, માર્ચ, ઇ.સ. ૧૯૫૩ ના રોજ થયું હતું. તેમનું જન્મનું નામ જોસેફ વિસારિયોનોવિચ હતું. તે મોચીનો દીકરો હતો. તેથી તેનો પિતા તેને મોચી બનાવવા ઈચ્છતો હતો જ્યારે એની મા ની ઈચ્છા એને પાદરી બનાવવાની હતી. નાનપણમાં અનેક દૂષણોના નિવાસ સ્થાન સમી ટિફલિસની પાદરીશાળામાં અભ્યાસ માટે તેને દાખલ કરવામાં આવેલો. સ્વભાવે એ પહેલેથી જ જિદ્દી અને ક્રાંતિકારી.

માત્ર પંદર વર્ષની નાની ઉંમરમાં જ કાર્લ માકર્સના વિચારોની પ્રબળ અસર એના પર થઈ હતી. તેણે તેની વિચારસરણીનો વિશ્વમાં ફેલાવો કરવા ક્રૂર અને ઘાતકી રીત રસમો અપનાવીને હજારો લોકોની હત્યા કરાવી હતી.તેણે રશિયાને આધુનિકતા બક્ષી હતી. લાકડાના હળથી ખેતી કરનારા રાષ્ટ્રને પરમાણું રિએક્ટર બનાવવા સુધીની ક્ષમતા હાંસલ કરાવી મહાસત્તા તરીકે પ્રસ્થાપિત કર્યું હતું. તેણે તેની રાજકીય પ્રવૃત્તિઓ ઝાર વિરોધી પ્રવૃત્તિઓથી શરૂ કરી હતી.

સામ્યવાદીઓના મુખપત્ર 'પ્રવદા' ના સાંપાદક બન્યા બાદ લેનિનના નેતૃત્વમાં થયેલી 'ઓક્ટોબર ક્રાંતિ' બાદ સ્ટાલિનનો સિતારો બુલંદ બન્યો હતો. ઈ.સ. ૧૯૨૨ માં લેનિનના અવસાન બાદ પોલિટ બ્યૂરોના પ્રમુખ અને કમ્યુનિસ્ટ પાર્ટીના ચેરમેન બનીને સ્ટાલીન રશિયાનો સર્વસત્તાધિશ બલકે સરમુખત્યાર

બની ગયો હતો. હિટલરે તેની સાથે યુદ્ધસંધિનો ભંગ કરી રશિયા પર આક્રમણ કર્યું ત્યારે સસ્ટાલિનની આધુનિક હથિયારોથી સજ્જ સેનાએ હજારો સૈનિકોનો ખુરદો બોલાવી દીધો હતો. તે પછી તેણે આસપાસના પ્રદેશોમાંથી સામ્યવાદના વિરોધીઓને શોધીને તેમને હત્યા કરવાના આદેશો આપ્યા હતા.


યહૂદીઓ અને બુદ્ધિજીવીઓને યાતના શિબિરોમાં મોકલી મારી નાખવાનો ઉપક્રમ ઈ.સ. ૧૯૪૬ માં ચરમસીમાએ પહોંચ્યો હતો. આ ઘટનાક્રમથી તે પોતે જ શંકાશીલ બની ગયેલો. રસોઈયા અને અંગત તબીબોને પણ તે શંકાની નજરથી જોતો હતો. છેવટે એની હત્યા એના ગુપ્તચર પોલીસો દ્વારા જ થઈ હતી.

સ્ટાલિન ક્રાંતિનો તીખો તણખો હતો. ઝારશાહી સામે તેણે નાનપણથી જ એક ક્રાંતિકારી સંગઠન ઊભું કરેલું. વિરોધીઓ સાથે દુશ્મનાવટ એના લોહીનો ગુણ હતો. એ પોતાને પોલાદી માણસ માનતો હતો.

એની ક્રાંતિકારી પ્રવૃત્તિઓને લઈ ઝાર સાશને એને પકડીને સાઈબિરિયામાં તડીપાર કરેલો. પણ ત્યાંથી ભાગી છૂટી પાછો આવી તે લેનિનના બોલ્શેવિક પક્ષમાં સામેલ થઈ ગયેલો. રશિયામાં ઝાર સામે ઈ.સ. ૧૯૦૫ માં થયેલા બળવામાં એ જોડાયેલો. અલબત્ત એ બળવો નિષ્ફળ ગયેલો. પણ સ્ટાલિનને એમાંથી ઘણું શીખવા મળેલું. ઈ.સ. ૧૯૧૭ માં ફરી થયેલો બળવો પણ અસફળ નીવડતાં બોલ્શેવિક ક્રાંતિકાર લેનિનને ફિનલેન્ડ ભાગી જવું પડેલું. આમ લેનિનની ગેરહાજરીમાં સ્ટાલિન બોલ્શેવિક પક્ષનો નેતા બની બેઠો. તે લેનિનનો અનુગામી બનતાં જ રશિયામાં ઝાર શાહીનો મૃત્યુ ઘંટ વાગી ગયો. ઈ.સ. ૧૯૩૯ માં શરૂ થયેલા બીજા વિશ્વયુદ્ધમાં તેણે જર્મનીને પછડાટ આપી જગત આખાને ચોંકાવી દીધેલું. તેમ છતાં સમય જતાં બળવાન રશિયા પણ છિન્નભિન્ન થઈ ગયેલું.

જર્મનોએ રશિયામાં હાહાકાર મચાવી દીધેલો. ૭૦,૦૦૦ ગામો આખાંને આખાં બાળી મૂકેલાં. રશિયા ધ્વસ્ત થઈ ગયું હોવા છતાં તેને પુનઃ બેઠું કરવામાં સ્ટાલિનનો મહત્વનો ફાળો રહ્યો છે. ●





## (૮૨)

# રમણભાઇ નીલકંઠ

## (અવસાન : ૬, માર્ચ, ઇ.સ. ૧૯૨૮)

સમાજસુધારક, કવિ, નવલકથાકાર અને વિવેચક એવા રમણભાઈ મહાપતરામ નીલકંઠનો જન્મ અમદાવાદમાં ૧૩, માર્ચ, ઈ.સ. ૧૮૬૮ ના રોજ થયો હતો. તેમનું શિક્ષણ અને ઉછેર પણ અમદાવદામાં જ થયેલાં. ચાર વર્ષની ઉંમરે તેમને શાળામાં દાખલ કરવામાં આવેલાં. આઠ વર્ષની ઉંમરે અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થયેલા. ભણવામાં અતિ તેજસ્વી એવા તેમણે મેટ્રિક થયા બાદ ઉચ્ચ અભ્યાસ માટે તેઓ ગુજરતા કોલેજમાં દાખલ થયેલા. તેઓ કોલેજના પ્રથમ વર્ષની પરીક્ષામાં યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે ઉત્તિર્ણ થયેલા.

ત્યારે વર્ડ્ઝવર્થ અને ભંડારકર જેવા મુંબઈની એલ્ફિસ્ટન્ટ કોલેજના અધ્યાપકોની બોલબાલા હતી. તેથી તેઓ મુંબઇ જઇ એલ્ફિસ્ટન્ટ કોલેજમાં દાખલ થયેલા. કોલેજમાં કવિ કાન્ત અને કવિ બ.ક. ઠાકોરની સાથે તેમની દોસ્તી થયેલી. અહીં તેમની સાહિત્ય સર્જનની વૃત્તિ સોળે કળાએ ખીલી ઊઠેલી. બધા સાહિત્યિક મિત્રો વચ્ચે સાહિત્યનું આદાનપ્રદાન થતું રહેતું હોઇ તેમના સાહિત્ય સંસ્કારો સારી રીતે પોષાયેલા.

જો કે આંખની તકલીફને લઈ બી.એ. ની પરીક્ષામાં તેઓ બીજા વર્ગ સાથે પાસ થયેલા. તેમણે અમદાવાદ આવી સિવિલ કોર્ટમાં વકીલાત કરેલી. આ વ્યવસાયને કારણે તેઓ અમદાવાદમાં ખૂબ જાણીતા બનેલા. તેમની સામાજિક પ્રતિષ્ઠા એટલી ઊંચી હતી કે અમદાવાદ સુધરાઈના પ્રમુખ તરીકે પણ તેઓ ચૂંટાઇ આવેલા. એક સમાજ સુધારક તરીકે તેઓએ પ્રાર્થના સમાજનું અધ્યક્ષપદ

પણ શોભાવેલું. તેઓ અનેક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. કદાચ આથી જ આનંદશંકર ધ્રુવે તેમને ગુજરાતી સમાજજીવનના 'સકલ પુરૂષ' તરીકે ઓળખાવ્યા હતા.

તેમની પ્રથમ પત્ની હસવદનનું અવસાન થતાં તેમણે બીજીવારનું લગ્ન ઇ.સ. ૧૮૮૯માં નરસિંહરાવ દિવેટિયાની ભાણી વિદ્યાબહેન સાથે કરેલું. લગ્ન પછી તેમણે તેમના પત્નીને ગ્રેજ્યુએટ થવા પ્રેરણા આપેલી. પરિણામે સ્નાતક થયેલાં તેમનાં પત્ની ખરા અર્થમાં તેમના અર્ધાંગિની બની રહેલાં.

તેમની સેવાઓની કદર કરીને તેમને અંગ્રેજ સરકારે 'સર' નો ખિતાબ આપેલો. ઇ.સ. ૧૯૨૬ માં તેઓ 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ના પ્રમુખ બન્યા હતા. એઓ 'ભદ્રંભદ્ર' નામની હાસ્યપ્રધાન નવલકથા તથા વિવેચનોને કારણે વધુ જાણીતા થયેલા. એમનાં લખાણો પર અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના તેમના વિશદ અભ્યાસની છાયા પડેલી સ્પષ્ટ જણાઇ આવે છે. તેઓ ખરા અર્થમાં સુધારાવાદી હતા. સમાજસુધારણા માટેના તેમના ક્રાંતિકારી વિચારો તેમનાં લખાણોમાં ઠેર ઠેર સુપેરે અભિવ્યક્ત થયા છે.

તેમણે પ્રાર્થન સમાજના મુખપત્ર 'જ્ઞાનસુધા' ના સંચાલનની જવાબદારી સારી રીતે અદી કરેલી. તેમના નાટક 'રાઇનો પર્વત' સિવાયના તમામ લખાણો 'જ્ઞાનસુધા' માં પ્રગટ થયેલાં. તેઓ સમાજમાં વ્યાપ્ત કુરિવાજો, કુરૂઢિઓ, વહેમો અને અંધશ્રદ્ધાઓના પ્રખર વિરોધી હતા. નરસિંહરાવ, નાનાલાલ, મણિલાલ ત્રિવેદી વગેરેની સાહિત્ય સાધનાને મૂર્ત સ્વરૂપ આપવામાં 'જ્ઞાનસુધા' ના માધ્યમથી રમણભાઇએ નોંધપાત્ર ફાળો આપ્યો હતો.


રમણભાઇ નીલકંઠના સાહિત્ય સર્જનમાં નવલકથા 'ભદ્રંભદ્ર' (૧૯૦૦), નાટક 'રાઇનો પર્વત (૧૯૧૪)', કવિતા અને સાહિત્ય ભાગ ૧ થી ૪ તથા 'ધર્મ અને સમાજ'- ભાગ-૧-૨ નો સમાવેશ થાય છે. તેમણે 'મકરંદ' ઉપનામથી કેટલાંક કાવ્યો અને વિવેચન લેખો લખેલાં છે. 'ભદ્રંભદ્ર' નવલકથા ગો.મા.



ત્રિપાઠીની નવલ 'સરસ્વતીચંદ્ર' પછી ગુજરાતી ભાષાની સળંગ સુરસિક નવલકથા છે. વળી, તે ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ હાસ્યનવલ પણ છે.

રમણભાઇએ એક વિવેચક તરીકે સારું કાઠું કાઢેલું છે. સરળતા, વિશદતા, નિખાલસતા અને રસાત્મકતા એમના વિવેચનનાં ખાસ લક્ષણો છે. કર્મવાદ અને પુનર્જન્મમાં શ્રદ્ધા નહીં રાખનારા તેઓ સમાજ સુધારણાના પ્રખર હિમાયતી હતા. આવા બહુશ્રુત વિદ્વાન ૬, માર્ચ, ઇ.સ. ૧૯૨૮ ના રોજ અવસાન પામ્યા હતા.





# (૮૩)
# સચ્ચિદાનંદ વાત્સ્યાયન 'અજ્ઞેય'
## (૭, માર્ચ, ઇ.સ. ૧૯૧૧)

હિન્દી સાહિત્ય જગતના વિવેચકોએ જેમના સાહિત્યને પશ્ચિમી સાહિત્યની નકલ ગણાવી ભારે વિવાદ જગાવેલો એ કવિ સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાયનનો જન્મ ૭, માર્ચ, ઈ.સ. ૧૯૧૧ ના રોજ દેવરિયા જિલ્લાના કસિયા નામના ગામની પુરાવત્વીય સ્થળોનું ખોદકામ કરવામાં પ્રવૃત્ત એક છાવણીમાં થયો હતો. અજ્ઞેયજીના પિતા હીરાચંદ વાત્સ્યાયન ભારતના પુરાતત્વ ખાતામાં ઊંચા હોદ્દા પર હતા. તે સંસ્કૃતના ખૂબ સારા વિદ્વાન હતા. તેમની નોકરીનાં સ્થળ વારંવાર બદલાતાં રહેતાં હોવાથી અજ્ઞેયજીએ લખનૌ, શ્રીનગરથી મદ્રાસ અને લહોરમાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. તેમણે લાહોરમાંથી બી.એસ.સી. ની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરી હતી. અંગ્રેજી સાહિત્યનો વિશદ અભ્યાસ કરવા એમ.એ.ના અભ્યાસક્રમમાં તેમણે પ્રવેશ મેળવેલો. પણ ત્યારે દેશમાં ચાલતી સ્વતંત્રતાની ચળવળ દરમ્યાન ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાથી બે વાર જેલમાં જવું પડેલું. જેથી એમ.એ. પૂરું થઈ શકેલું નહીં. ઈ.સ. ૧૯૪૦ માં તેમણે કરેલ લગ્ન ઝાઝું ટકી શકેલું નહીં. તે પછી ઈ.સ. ૧૯૫૬ માં તેમણે કપિલા મલિક સાથે પુનઃલગ્ન કરેલું.

ઈ.સ. ૧૯૩૯ માં શરૂ થઈ ગયેલા બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તેઓ સેનામાં ભરતી થઈ કોહિમા બોર્ડર ઉપર લડવા ગયેલા. ત્રણ વર્ષ પછી ઈ.સ. ૧૯૪૬ માં તેમને સેનામાંથી મુક્તિ મળી હતી. ઈ.સ. ૧૯૫૦ થી ૫૫ સુધી 'આકાશવાણી'



ના સમાચાર વિભાગમાં તેઓ કામ કરતા હતા. ઈ.સ. ૧૯૬૯ માં તેઓ અમેરીકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં 'ભારતીય સંસ્કૃતિ' વિષયના પ્રાધ્યાપક તરીકે નિમાયા હતા.

ભારત અને પરદેશોમાં પણ જાણીતા બનેલા આ સાહિત્યકારે એમની મહત્વની કૃતિઓનું સર્જન જેલવાસ દરમ્યાન કર્યુ હતું. અને એમાંથી જ એમણે એમનું તખલ્લુસ 'અજ્ઞેય' પસંદ કરેલું. તેમણે સૈનિક, આરતી, વિશાળ ભારત, પ્રતીક, દિનમાન, નયા પ્રતિક, નવભારત ટાઈમ્સ જેવાં સામાયિકો-પત્રોના સંપાદન કાર્યમાં પણ અગ્રભૂમિકા ભજવી હતી.

અલગારી સ્વભાવના અજ્ઞેયજીને પ્રવાસનો ખૂબ શોખ હતો. કુદરતના સૌંદર્યને માણતાં એમને ધરવ થતો ન હતો. તેથી જ કદાચ એમના ગદ્યમાં પણ કવિતાની શૈલીનાં લક્ષણો દેખાઈ આવે છે. તેઓ ભારતીય પરંપરાના જ્યોતિર્ધર હતા. છાયાવાદનું શરણ સ્વીકારીને પ્રકટેલી એમની કવિતા પ્રયોગવાદનાં શિખરો સર કરી ચૂકી છે. દેશ પરદેશમાં ભારતીય પરંપરા અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરનાર એ અગ્રદૂત મનીષિ અને સમૃદ્ધ સાહિત્યકાર અજ્ઞેયજી હૃદયરોગના હુમલાને કારણે ઈ.સ. ૧૯૮૦ માં અવસાન પામ્યા હતા.

'ઈત્યલમ્', 'ચિંતા', 'હરીઘાસ પર ક્ષણ ભર', 'બાવરા અહેરી', 'ઈન્દ્રધનુ રૌંદે હુએ યે', 'અરી ઓ કરુણા પ્રભામય', 'આંગન કે પાસ દ્વાર', 'કિતની નાવોં મેં કિતની બાર' અને 'ક્યોં કિ મેં ઈસે જાનતા હૂં' એમના કાવ્યસંગ્રહો છે. ભારતના મોટા ગજાના આ કવિએ 'શેખર એક જીવની', 'નદી કે દ્વીપ' અને 'અપને અપને અજનબી' જેવી નવલકથાઓનું પણ સર્જન કર્યુ છે. 'વિપથગા', 'પરંપરા', 'કોઠરી કી બાત', 'શરણાર્થી', 'જયદોલ' વગેરે તેમના વાર્તાસંગ્રહો છે. તેમણે પ્રવાસવૃત્તાંતને લગતાં પુસ્તકો પણ લખ્યાં છે.

ઈ.સ. ૧૯૩૮ માં યુગોસ્લાવિયામાં કાવ્યપઠનના એક કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ત્રણસો જેટલા કવિઓએ કાવ્યપઠન કરેલું. જેમાં ઉત્તમ

કવિ તરીકે અજ્ઞેયજીએ 'ગોલ્ડન રેથ' નામનું પ્રતિષ્ઠાવાન પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું.

આ બહુશ્રુત સાહિત્યકાર ઈ.સ. ૧૯૯૦ માં અવસાન પામ્યા હતા.

●





(૮૪)

# હરિનારાયણ આપટે

## (૮, માર્ચ, ઇ.સ. ૧૮૬૪)

મરાઠી સાહિત્યના સાચા લોકશિક્ષણકાર અને મહારાષ્ટ્રની પ્રજાના હૃદયપારખુ નવલકથાકાર હરિનારાયણ આપટેનો જન્મ ૮, માર્ચ, ઈ.સ. ૧૮૬૪ ના રોજ સાધારણ પરિવારના સરકારી નોકર એવા પિતાના ઘરમાં થયો હતો. પરિવાર મોટો હોવાથી આર્થિક તંગીમાં જીવન નિર્વાહ ચલાવવો પડતો હતો. તેમની ઉમર માંડ ચાર વર્ષની થઈ હશે ત્યારે તેમના માથેથી માની મમતાની શીળી છાંયડી ઊઠી ગયેલી. તેમણે ભણતરની શરૂઆત 'ન્યૂ ઈંગ્લીશ સ્કૂલ' માંથી કરેલી. આ સંસ્થાના સ્થાપકો બાલગંગાધર ટિળક અને વિષ્ણુશાસ્ત્રી ચિપલૂણકર જેવા દેશભક્ત યુવાનોએ કરેલી. તેથી બાલ્યકાળથી જ તેમનું ચારિત્ર્ય ઘડતર થયેલું. શીલ અને સંસ્કાર એમને વિદ્યાર્થી અવસ્થામાંથી જ પ્રાપ્ત થયેલાં. દેશભક્તિ અને સ્વદેશ પ્રેમના ઉચ્ચ આદર્શોથી તેમનું જીવન રસાયેલું.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનો એ સમય હતો. ત્યારે મરાઠીમાં મૌલિક સાહિત્ય સર્જન થતું નહીં. કેટલાંક લેખકો માત્ર અંગ્રેજી કૃતિઓના મરાઠી અનુવાદો કરાવી પોતાને નામે ચઢાવી દેતા હતા. તો ક્યારેક તુચ્છ અને હલકી પ્રણયકથાઓ લખાતી. મરાઠી સાહિત્યમાં જ્યારે શિષ્ટ અને મૌલિક કૃતિઓના સર્જનનો દુષ્કાળ વર્તાતો હતો ત્યારે હરિનારાયણે લેખક તરીકે પોતાના નામનો ઉલ્લેખ કર્યા વગર ઈ.સ. ૧૮૮૫ માં 'પૂણે-વૈભવ' નામના મરાઠી સાપ્તાહિકમાં 'મધલી સ્થિતિ' નામની નવલકથાનાં બે પ્રકરણો પ્રગટ કરેલાં. આ નવલકથાની શરૂઆત થતાં મરાઠી સાહિત્યમાં નૂતનયુગનાં મંડાણ થયેલાં. લોકોને એ બે

પ્રકરણોમાં એવો રસ પડેલો કે લોકો લેખકનું નામ જાણવા અધીરા બની ગયેલા. લોકોએ લેખક તરીકે તેમને ખોળી કાઢેલા. ત્યારથી મરાઠી સાહિત્યને એક નવી દીશા મળી અને 'હરિભાઉ યુગ' ની શરૂઆત થઈ. તેમણે તેમની આ લોકપ્રિય નવલકથા 'મધલી સ્થિતિ' ૨૧ વર્ષની વિદ્યાર્થી ઉંમરે લખેલી.

તે પછી પાંચ વર્ષે તેમની ૨૬ વર્ષની ઉંમરે તેમણે તેમનું 'કરમણૂક' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. શિષ્ટ અને સમાજલક્ષી આ સાપ્તાહિકની શરૂઆત થતાં આધુનિક મરાઠી સાહિત્ય સર્જન માટેના દરવાજા ખુલી ગયા હતા. તેમના સાપ્તાહિકમાં નૂતનદૃષ્ટિવાળા અને માનવજીવન માટે પ્રેરણારૂપ નિબંધો, વાર્તાઓ, કાવ્યો, ચરિત્રો, નાટકો, નિબંધો વગેરે પ્રગટ થવા લાગ્યાં. મરાઠી સાહિત્યનું ઘડતર કરવામાં તેમના એ સાપ્તાહિકે મહત્વની ભૂમિકા ભજવેલી. તેમનું એ સાપ્તાહિક સતત અઠ્ઠાવીસ વર્ષ સુધી અવિરત ચાલતું રહેલું. મરાઠી ભાષા અને સાહિત્યને આધુનિક બનાવવામાં આપટેના એ સાપ્તાહિકનો અનન્ય ફાળો રહેલો છે. તેમણે 'જ્ઞાનપ્રકાશ' નામના દૈનિકનું સંપાદન કાર્ય પણ સંભાળેલું. તેમણે આગરકરના 'સુધારક' સાપ્તાહિકને નવજીવન બક્ષીને એમાં અનેક ચિંતનાત્મક નિબંધો લખેલા.

તમને જાણીને નવાઈ લાગશે કે તે જમાનામાં માત્ર મેટ્રિક સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરેલા આ ચિંતકે તેમની અમાપ વિદ્વતાને લીધે મુંબઈ વિશ્વવિદ્યાલયના એમ.એ. ના વર્ગોમાં દસ વર્ષ સુધી પરીક્ષક તરીકે સેવાઓ આપેલી. તેમની લેખન શૈલી અદ્ભુત હતી. તેઓ એક જ બેઠકે, સુધારાવધારા કર્યા સિવાય તેમના વિચારો સળંગસૂત્રરૂપે તેમની કૃતિમાં ઉતારતા હતા. સર્જનના માધ્યમથી માનપાન કે પૈસા મેળવવાની વૃત્તિ તેમણે ક્યારેય રાખેલી નહીં. તેઓએ સમગ્ર સર્જનનો એક જ હેતુ રાખેલો અને તે લોકશિક્ષણ. તેઓ મરાઠી સાહિત્યના શ્રેષ્ઠ નવલકથાકાર તરીકે પંકાયેલા. તેમણે જીવનમાં સદા સંઘર્ષોનો સામનો કરેલો હોઈ તેમનું સર્જન સંવેદનાસભર બનેલું.



મરાઠી સાહિત્યના આ મૂર્ધન્ય સાહિત્યકાર અને દેશભક્ત ગોપાલકૃષ્ણ ગોખલેના મિત્ર ૩ માર્ચ, ઈ.સ. ૧૯૧૮ ના રોજ પૂનામાં તેમના ઘરની બહાર અવસાન પામ્યા હતા.

●



# (૮૫)
# ઝવેરચંદ મેઘાણી
## (અવસાન : ૯, માર્ચ, ઇ.સ. ૧૯૪૭)

'આભમાં ઊગેલ ચાંદલો, ને જીજીબાઈને આવ્યાં બાળ...
બાલુડાને માત હિંચોળે,
ઘણણણ ડુંગરા બોલે !
શિવાજીને નીંદરું ના'વે
માતા જીજીબાઈ ઝુલાવે.'

ગુજરાતી સાહિત્યનું આ શિરમોર હાલરડું આપનાર ઝવેરચંદ કાળિદાસ મેઘાણીનો જન્મ ૧૭, ઓગષ્ટ, ઈ.સ. ૧૮૯૭ ના રોજ સૌરાષ્ટ્રના જાણીતા તીર્થધામ ચોટીલામાં થયો હતો. તેમનું મૂળ વતન તો છે બગસરા. પિતા કાઠિયાવાડ એજન્સીની પોલીસમાં નોકરી કરતા હોવાથી મેઘાણીનો જન્મ પિતાની નોકરીના સ્થળે થયેલો. પિતાની નોકરી બદલાતી હોઈ મેઘાણીએ ગામગામનાં પાણી પીધેલાં. તેમના પ્રાથમિક શિક્ષણનાં ગામો બદલાતાં રહેલાં. માધ્યમિક શિક્ષણ તેમણે બગસરા, વઢવાણ કેમ્પ અને અમરેલીમાંથી લીધેલું. ઈ.સ. ૧૯૧૨ માં તેઓ મેટ્રિક થયેલા. ભાવનગરથી શામળદાસ કોલેજમાંથી ઈ.સ. ૧૯૧૭ માં અંગ્રેજી અને સંસ્કૃત સાથે તેમણે બી.એ. કરેલું.

ભાવનગરમાં રહી એમ.એ. નો અભ્યાસ શરૂ કરવા છતાં સ્વદેશી ચળવળ અંતર્ગત સ્વદેશી વસ્તુના પ્રચારમાં સ્વયંસેવક તરીકે સક્રિય થવાથી તેઓ અભ્યાસ કરી શકેલા નહીં. ઈ.સ. ૧૯૧૮ માં તેઓ કલકત્તાની 'જીવણલાલ એન્ડ કંપની' માં જોડાઈને કંપનીના માલિક સાથે ચાર મહિના ઈંગ્લેન્ડ પણ જઈ આવેલા.



શાળા અને કોલેજ કાળ દરમ્યાન ઝવેરચંદ ગીતો ગાતા અને નાટકોમાં ભાગ લેતા. સોરઠની ધરતી એમને સાદ પાડતી હતી જાણે ! તેઓ કલકત્તા છોડી પાછા કાઠિયાવાડ આવ્યા. આકસ્મિક રીતે જ 'ચોરાનો પોકાર' લેખ તેમનાથી લખાઈ ગયો. એ લેખ તેમણે 'સૌરાષ્ટ્ર' ના તંત્રી અમૃતલાલ શેઠને મોકલી આપ્યો. અમૃતલાલ એ લેખથી ખૂબ જ પ્રભાવિત થયેલા.

હડાળાના દરબારશ્રી વાજસૂરવાળા પાસેથી લોકજીવનમાં બની ગયેલી વાતો સાંભળ્યા પછી એ વાતોને એમણે અક્ષરદેહ આપવાની શરૂઆત કરી. આમ એમની કલમમાંથી લોકસાહિત્યનો પ્રસવ થયો.

મેઘાણી ધરતીનું ધાવણ ધાવીને ઉછરેલો જીવ. એમણે ચારણોના નેસડા, પાદરમાં પૂજાતા પાળિયા અને કાઠી ગ્રામ્યજીવનની નરી વાસ્તવિક્તાને કાગળ ઉપર કંડારવા માંડી. અને ગુજરાતને મળી ગયું આકંઠ ધરવ આપતું લોકભોગ્ય લોકસાહિત્ય. 'ડોશીમાની વાતો' મેઘાણીનું લોકસાહિત્યનું પ્રથમ પુસ્તક.

પછી તો, ઉપરા ઉપરી એમનાં લોકસાહિત્યનાં સંપાદનો અને પુસ્તકોનો મબલખ ફાલ ઉતરવા માંડ્યો. ',સૌરાષ્ટ્રની રસધાર-ભાગ-૧ થી ૫', 'સોરઠી બહારવટિયાં, ભાગ-૧ થી ૩ (૧૯૨૭-૨૯)', 'કંકાવટી (૧૯૨૭-૨૮)', 'બાળભોગ્ય વાર્તાસંગ્રહ' 'રંગ છે બારોટ (૧૯૪૫)', 'સોરઠી સંતો (૧૯૨૮)' તથા 'પુરાતન જ્યોત(૧૯૩૮)' જેવાં પુસ્તકો ગુજરાતી સાહિત્યને મળ્યાં.

મેઘાણી જેમ લોકકથાકાર હતા તેનાથી વિશેષ લોકગીતકાર હતા. એમના લખ્યા મુજબ એમને લોકગીતોની લગની પોરબંદરના બરડા મહાલના બગવદર ગામની મેરાણી બહેન ઢેલીએ લગાડેલી. અને પરિણામે 'રઢિયાળી રાત' ભાગ :૧ થી ૪ (૧૯૨૫-૪૨), 'ચુંદડી' ભાગ :૧-૨ (૧૯૨૮-૨૯), 'હાલરડાં'(૧૯૨૮), 'ઋતુગીતો' (૧૯૨૯), 'સોરઠી સંતાવાણી'(૧૯૪૭) અને 'સોરઠિયા દુહા'(૧૯૪૭) જેવાં માતબર લોકગીતોનાં સંપાદનો આપણને પ્રાપ્ત થયાં. આ ગીતોને ખોળવા મેઘાણીએ કાઠિયાવાડનાં કંઈક ગામડાં ખૂંદી

નાંખ્યા હતાં.

સોરઠી લોકસાહિત્યના વિવેચક તરીકે પણ મેઘાણીએ આગવી ભાત પાડી છે. 'લોકસાહિત્યનું સમાલોચન' જેવાં પુસ્તકો તેના પુરાવા છે.

લોકસાહિત્યકાર તરીકે તેઓ તેમની કવિતામાં ખૂબ ખીલ્યા છે. 'વેણીનાં ફૂલ' એ એમનો પ્રથમ ગીતસંગ્રહ. 'કિલ્લોલ'(૧૯૩૦)માં રચાયેલો તેમનો બીજો ગીત સંગ્રહ છે. આ ગીતોમાંથી કેટલાંક તો એવો પ્રચલિત થયેલાં કે જાણે લોકગીતો જ લાગે ! ઉદા.-

મારે ઘેર આવજે બેની !
નાની તારી ગૂંથવા વેણી.
ભેટે ઝૂલે છે તલવાર :
વીરાજી કેરી ભેટે છૂલે રે,
ભીંતે ઝૂલે છે તલવાર
બાપુજી કેરી ભીંતે ઝૂલે રે.

કોણે નીંદરડી ચોરી,
હો બેની ! તારી કોણે નીંદરડી ચોરી ?
થાક્યાં તાણીને તારી દોરી,
હો બેની ! તારી કોણે નીંદરડી ચોરી ?

ઈ.સ. ૧૯૩૫ માં તેમનો 'યુગવંદના' કાવ્યસંગ્રહ પ્રગટ થયેલો. તેઓની કલમમાંથી કસાયેલું, રસાયેલું લોકસાહિત્ય પાંગર્યું છે. અને એટલે જ એમનાં કાવ્યો લોકહૃદયો સુધી પહોંચી શક્યાં છે. ગાંધીજીએ તેમને રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાવ્યા છે. ગાંધીયુગની વિદાય પછી પણ તેઓ આ પ્રકારનાં બળુકાં કાવ્યો આપવામાં સફળ રહેલા. ઉદા.-



ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણદીઠેલી ભોમ પર, યૌવન માંડે આંખ.

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ
કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ,
મરેલાંના રૂધિરને જીવતાંના આંસુડાઓ
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુ ઓ !

છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ,
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો બાપુ.

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાગણથી આવે,
ઘાયલ મરતાં મરતાં રે માતની આઝાદી ગાવે.

ઘણ રે બોલને એરણ સાંભળે હો... જી :
બંધુડો બોલેને બેનડ સાંભળે હો... જી.

વાર્તાકાર તરીકે પણ મેઘાણી ઉણા ઉતર્યા નથી. ઈ.સ. ૧૯૨૨ માં 'કુરબાની કથાઓ' નામનો તેમનો પ્રથમ વાર્તા સંગ્રહ પ્રગટ થયો હતો. 'મેઘાણીની નવલિકાઓ' ભાગ-૧-૨ ક્રમશઃ ઈ.સ. ૧૯૩૧ અને ૧૯૩૫ માં પ્રગટ થયેલા. એ પછી 'વિલોપન'(૧૯૪૬), 'જેલ ઓફિસની બારી'(૧૯૩૪), 'પ્રતિમાઓ'(૧૯૩૪), 'પલકારા'(૧૯૩૫) અને 'દરિયા પારના બહારવટિયા'(૧૯૩૨) જેવા વાર્તાસંગ્રહો પ્રગટ થયા. વાર્તાકાર તરીકે તેઓ ધૂમકેતુને અનુસરતા જણાય છે. તેમની વાર્તાઓમાં સામાજિક કુરિવાજો અને

કુરૂઢિઓનું ચિત્રણ થયેલું જોવા મળે છે.

મેઘાણીની પ્રથમ નવલકથા 'સત્યની શોધમાં'(૧૯૩૨) પ્રગટમાં થયેલી. મેઘાણીની આ રચના મૌલિક નથી. મેઘાણીની પ્રથમ મૌલિક નવલકથા તો ઈ.સ. ૧૯૩૬ માં પ્રગટ થયેલી 'નિરંજન' ગણાય છે. 'સોરઠ તારાં વહેતાં પાણી' મેઘાણીની પહેલી જાનપદી નવલકથા ઈ.સ. ૧૯૮૩૭ માં પ્રગટ થયેલી. ૧૯૩૮માં લોકપ્રિય નીવડેલી નવલકથા 'વેવિશાળ' પ્રગટ થયેલી. 'તુલસી ક્યારો' નામે નવલકથાએ મેઘાણીને ખૂબ લોકપ્રિયતા આપાવેલી. 'પ્રભુ પધાર્યા'(૧૯૪૩ અને 'કાળચક્ર'(૧૯૪૭) તેમની અન્ય નવલકથાઓ છે.

'સમરાંગણ'(૧૯૩૮), 'રા ગંગાજળિયો' અને 'ગુજરાતનો જય' ભાગ-૧ અને ૨ મેઘાણીની ઐતિહાસિક નવલકથાઓ છે. નહીં નવલિકા કે નહીં નવલકથા એવી 'માણસાઈના દીવા' રવિશંકર મહારાજના જીવનાનુભવોને ચિત્રસ્થ કરતી કૃતિઓ છે, જે ગુજરાતી સાહિત્યમાં ખૂબ આદર પામી છે.

આવા સમર્થ લોકસાહિત્યકાર મેઘાણી ૯, માર્ચ, ૧૯૪૭ ના રોજ અવસાન પામ્યા હતા. આજે મેઘાણી આપણી વચ્ચે નથી. તેમના અષાઢી મોરલાનો કંઠ આથમી ગયો છે. છતાં એમની કલમ અને કિતાબોનો કસુબલ રંગ હજી એવો ને એવો તરોતાજા છે.





## (૮૯)

# ડૉ.હરિપ્રસાદ ભટ્ટ

## (૧૦, માર્ચ, ઇ.સ.૧૯૦૩)

વ્યવસાયે ડોક્ટર હોવા છતાં આખી જિંદગી ભાડાના ઘરમાં જ વીતાવનાર પરગજુ અને સેવાભાવી ડૉ. હરિપ્રસાદનો જન્મ મોટા બિલિયા નામના ગામમાં ૧૦, માર્ચ, ઈ.સ. ૧૯૦૩ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથ માધવજી હતું. તેઓ સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. જ્ઞાતિએ પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ. તેમનાં માતા જૂની ગુજરાતી રંગભૂમિના નાટ્યકાર મૂળશંકર મુલાણીના પુત્રી ધીરજબેન. તેમના ચાર સંતાનોમાં હરિપ્રસાદભાઇ સૌથી મોટા. હરિપ્રસાદભાઈનાં ધર્મ પત્ની હતાં સુમિત્રાબહેન.

હરિપ્રસાદભાઈએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અમરેલીમાં લીધેલું. ઉચ્ચ શિક્ષણ મેળવવા તેઓ વડોદરા ગયેલા. કાકાને ત્યાં રહીને તેઓ વડોદરામાં ભણેલા. વડોદરાથી મુંબઇ જઇ તેઓ 'નેશનલ મેડિકલ કોલેજ' માં દાખલ થયેલા. ઘણી બધી અર્થિક મુશ્કેલીઓ વેઠીને તેમણે મુંબઈમાં અભ્યાસ કરેલા. તે જમાનામાં એમ.બી.બી.એસ. થતા પહેલાં આઇ.સી.પી.એસ. ની ડિગ્રી લઈ તબીબ તરીકે પ્રેક્ટિસ થઇ શકતી હતી. હરિપ્રસાદભાઇએ એલ.સી.પી.એસ.ની ડિગ્રી મેળવી લીધેલી.

તેઓ પ્રેક્ટિસ શરૂ કરે તે પહેલાં જ દેશમાં ગાંધીજીએ આઝાદીની લડતમાં મંડાણ માંડી દીધેલાં. જોશીલાં યુવક-યુવતીઓ એ લડતમાં કૂદી પડેલાં. હરિપ્રસાદભાઈ એ રંગે રંગાયા અને ભણવાનું પડતું મૂકીને વતનમાં જઇ એમણે પ્રેક્ટિસ શરૂ કરેલી. તે દરમ્યાન બચુભાઇ રૂધનાથજીની સૌથી નાની દીકરી સુમિત્રા સાથે તેમનાં લગ્ન થઇ ગયાં. તેમના પત્ની સુમિત્રાબેન સૌદર્યવાન હતાં.

પાકાં રમતવીર પણ ખરાં. સંગીતનાં પણ ભારે રસિયાં. હાર્મોનિયમ સરસ રીતે વગાડી જાણતાં.

અમરેલીમાં હરિપ્રસાદભાઈનું દવાખાનું ધમધોકાર ચાલે. ગરીબો પ્રત્યેની સંવેદનશીલતાને લઈ ખૂબ ઓછી રકમ લઈ તેઓ દવા કરતા. બધાં એમને ‘મોટાભાઈ’ કહી બોલાવે. આમ, તેઓ આખા અમરેલીમાં ‘મોટાભાઈ’ તરીકે જાણીતા થયેલા. દરમ્યાનમાં બરવાળા અને ધોલેરામાં અસહકારના આંદોલને જોર પકડેલું. ધીકતી પ્રેક્ટિસ છોડીને હરિપ્રસાદભાઈ એ આંદોલનમાં કૂદી પડયા. સસરા વિશ્વનાથની પરવાનગી મેળવી તેમના પત્ની સુમિત્રાએ પણ આંદોલનમાં ઝંપલાવી પતિવ્રતા પત્નીનો દાખલો બેસાડેલો. તેમની સાથે તેમના દવાખનામાં કમ્પાઉન્ડરનું કામ કરતો રાજુલાનો કનુ પણ સુમિત્રા બહેનનો ભાઈ બની આંદોલનમા કૂદી પડેલો. આ કનુ તે પ્રમાણિક અને વિચક્ષણ રાજકારણી કનુભાઈ લહેરી. જેમણે સુમિત્રાબહેન સાથે જીવનભર સગી બહેન જેવો વહેવાર કરેલો.

આ બંન્ને પતિ-પત્નીની ધરપકડ થયેલી અને છ મહિનાની કાચી જેલની સજા પણ થયેલી. જેલમાં તેમણે પારાવાર મુશ્કેલીઓ વેઠેલી. જેલમાંથી છૂટી સુમિત્રાબેન સાસુ-સસરાની સેવા કરવામાં અને ગૃહસ્થ ધર્મ નિભાવવામાં પરોવાઈ ગયેલાં. હરિપ્રસાદભાઈએ પણ છૂટીને દવાખાનું સંભાળી લીધેલું. તેમને ઘેર રોજ એટલા માણસો આવતા-જતા કે ઘર જાણે ધર્મશાળા બની ગયેલું.

ઈ.સ. ૧૯૪૦ ના ગાળામાં અમરેલીમાં કૉલેરાની મહામારી ફાટી નીકળેલી. લોકો ટપોટપ મરતા હતા. ત્યારે તેમણે પોતાનાં બાળકોને ભાવનગર મોકલી દઈ, પોતે અમરેલીમાં જ રોકાઈ દર્દીઓની મફત દવા કરેલી. ઈ.સ. ૧૯૪૨ની ચળવળમાં એમણે ફરી જેલવાસ ભોગવેલો. તેઓ અદ્‌ભુત વક્તા હતા. તેમની દેશભક્તિ પણ ગજબની. તેમનું ભાષણ સાંભળવા લોકો પડાપડી કરતા. તે સમયે આખા કાઠિયાવાડમાં તેઓ ‘શબ્દોના જાદુગર’ તરીકે પંકાઈ ગયેલા. સાંજ પડ્યે તેમનું ઘર જીવરાજ મહેતા, રતુભાઈ અદાણી, મનુભાઈ પંચોલી.



બબલભાઈ મહેતા અને બીજા અનેક મોટા માણસોથી ઉભરાઈ જતું. સરકારી કર્મચારીઓ પણ એમને ત્યાં જ પડાવ નાખતા. અનેક લોકોને એમની પર અપાર શ્રદ્ધા અને વિશ્વાસ હતાં.

તેઓ કલાના શાખીન હતા. પોતે કલાકાર પણ ખરા. એકવાર એમણે નાટકમાં સ્ત્રીપાત્ર ભજવેલું અને ફોટો પણ પડાવેલો. દેશની આઝાદી પછી વડોદરા રાજ્યમાં પ્રજાસત્તાકમંડળ સ્થાપતાં તેઓ સાંસદીય બાબતોના મંત્રી બનેલા. ઈ.સ. ૧૯૫૬ માં તેઓ લાઠી-લિલિયાની બેઠક પરથી આખા સૌરાષ્ટ્રમાં સૌથી વધુ મતો મેળવીને ચૂંટણી જીતેલા. આવી હતી એમની લોકપ્રિયતા. પણ વિધિની વક્રતા તો જુઓ ! બૃહદ્ મુંબઈ રાજ્યની ધારાસભામાં પહેલે દિવસે જ તેઓ હાજરી આપવા ગયા ને ધારાસભા ગૃહમાં જ તેમને હૃદયરોગનો જોરદાર હુમલો આવ્યો. અને તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું.

તેઓ દરિયાવ દિલના એક ફકીર હતા. પોતાના તબીબ તરીકેના વ્યવસાયને છોડીને તેમણે સમાજસેવામાં આખું આયખું તાવી દીધેલું. તેમનું જીવન સત્ય, પ્રામાણિકતા, ચારિત્ર્ય, સહનશીલતા અને સાદગીનો ભંડાર હતું. ગુજરાતના એ સપૂતને આપણાં લાખા લાખ વંદન.



## (૮૭)

# ઉછંગરાય ઢેબર

## (અવસાનઃ ૧૧, માર્ચ, ઇ.સ. ૧૯૭૭)

આધુનિક સૌરાષ્ટ્રના નવનિર્માતા અને અદના લોકસેવક ઉછંગરાય ઢેબરનો જન્મ એક સામાન્ય નાગર જ્ઞાતિના કુટુંબમાં, જામનગરની પાસે આવેલા ગંગાજળા નામના ગામમાં ૨૭, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૫ ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ નવલશંકર હતું. પરિવારની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય. નવલશંકર આઠ બાળકોનું ભરણપોષણ પરાણે પરાણે કરતા. દુઃખના આકરા તડકા માથે વેઠીને ઉછરી રહેલા ઉછંગરાયે બાલ્યકાળથી વાસ્તવિક્તાને નજીકથી જોઈ હતી. આખી જિંદગી શું ઢસડાજ કર્યા કરવાના ? શું દુઃખના દાવાનળમાં હંમેશા શેકાતા જ રહેવાનું ? કે પછી જિંદગી જીવવા જેવી બનાવવી ? આવી સમજણ કેળવી ચૂકેલા તેમણે પ્રારબ્ધને બદલે પરિશ્રમનો હાથ ઝાલવાનું નક્કી કરી લીધું. એમનામાં આત્મબળનો સંચાર થયો. એમણે વર્તમાન પરિસ્થિતિથી જરા પણ હતાશ થયા વગર ભણવામાં ચિત્ત પરોવ્યું. રાજકોટમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરીને ઉચ્ચ અભ્યાસ માટે તેઓ મુંબઈ ગયા અને ત્યાંની જાણીતી સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થઈ ગયા. પણ ભાગ્યએ તેમને સાથ આપ્યો નહીં. પહેલા વર્ષની પરીક્ષામાં તેઓ નાપાસ થયા. નાપાસ થવાનું આર્થિક દૃષ્ટિએ પરવડે તેમ ન હતું. પૈસા લાવવા ક્યાંથી ? છેવટે તેમણે કૉલેજ છોડી દીધી અને એક સોલિસિટરને ત્યાં કારકુનની નોકરીમાં લાગી ગયા. પણ તેઓ હિંમત હારેલા નહીં. પ્રામાણિકતા અને નિષ્ઠાથી તેઓ નોકરી કરતા રહ્યા. તેમનું કામ વખણાયું. કામની કદર રૂપે તેમને બઢતી આપી પેઢીના મંત્રીના અંગત મેનેજર બનાવવામાં આવ્યા. અનુભવ થતો ગયો. તેઓ ઘડાતા ગયા. નવું



નવું શીખતા ગયા. છેવટે ૨૬ બોમ્બે હાઈકોર્ટના પ્લીડરની પરીક્ષામાં તેઓ બેઠા અને પાસ થયા. ચોવીસ વર્ષની ઉંમરે તેમણે સ્વતંત્ર વકીલાત શરૂ કરી. તેઓએ વકીલાતના કાળા વ્યવસાયમાં પણ નીતિમત્તા અને સદાચાર જાળવી રાખેલાં. મોટા ભાગના કેસો કોર્ટમાં લઈ જવાને બદલે તેઓ સમાધાનથી જ પતાવી દેતા. પરિણામે એમને આર્થિક તંગીનો સતત સામનો કરવો પડેલો.

તેમને મન પૈસા કરતાં માનવતા વધુ મહત્વની હતી. ગરીબીનો એમને જાત અનુભવ હતો. ગરીબ અને કંગાળ લોકોને જોઈ એમનું દિલ દ્રવી જતું. તેથી તેઓ લાચાર અને બેબસ લોકોનાં દુઃખમાં ભાગીદાર થવાનું મન બનાવી બેઠેલા. ગરીબ લોકોને મદદ કરવા તેઓ સદા ઉત્સુક રહેતા હતા. એમની આ પરોપકારી વૃત્તિથી તેઓ લોકોમાં જાણીતા બનેલા. તેમને હૈયે સદાય લોકહિત વસેલું રહેતું હતું. મોરારજીભાઈ દેસાઈ જેવા તે સમયના પ્રતિષ્ઠિત નેતાનો તેમને પરિચય થયો. ગાંધીજીના આદર્શોને જીવનમાં પચાવી બેઠેલા એ લોકનેતાએ તેમને દેશસેવા અને જનસેવાનો રાહ ચીંધ્યો.

તે પછી રાજકોટમાં તેમનો મેળાપ મહાત્મા ગાંધી સાથે થયો. તેઓ ગાંધીવિચારો અને ગાંધીજીની સમાજના ઉત્થાન માટેની પ્રવૃત્તિઓમાં રસ લેવા લાગ્યા. તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું. હૃદયસ્થ થયેલું લોકસેવાનું બીજ ફૂલ્યું ફાલ્યું. તેમના જીવનને એક સાચી અને નવી દિશા મળી ગઈ. તેમણે વકીલાતના વ્યવસાયને સદાને માટે તિલાંજલિ આપી દીધી અને ગ્રમોદ્ધારના સેવાકાર્યમાં તનમનથી જોડાઈ ગયા અને તેમાં ઓતપ્રોત થઈ ગયા.


ગાંધીજીએ આ હીરાનું હીર પારખ્યું. તેમણે તેમને સત્યાગ્રહની બાગડોર સોંપી. તેઓ સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી પદે આરૂઢ થયા. તે પછી આઠ વર્ષ કોંગ્રેસના સક્રિય કાર્યકરની કામગીરી નીભાવી તેઓ કોંગ્રેસના પ્રમુખ થયેલા. તેમણે લગભગ વીસ વર્ષના લાંબા સમયગાળા સુધી નિષ્ઠાપૂર્વક એ જવાબદારી વહન કરેલી. સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી પદનો સમયગાળો એમની કારકીર્દીનો સુવર્ણકાળ હતો.

ઈ.સ. ૧૯૬૩ માં તેઓ ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ બન્યા. તેઓ સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી હતા ત્યારે કસોટીના કપરા કાળમાં એમણે કુનેહપૂર્વક ચાણક્યબુદ્ધિથી બસો રજવાડાંના બનેલા એ પ્રદેશને સફળતાપૂર્વક લોકસમાજમાં ફેરવી દીધેલાં.


જૂનાગઢના પાકિસ્તાન સાથે જોડાણ કરવાના નિર્ણય વખતે રનુભાઈ અદાણી જેવાની રાહબરી હેઠળ સ્થપાયેલી 'આરઝી હકૂમત'માં તેમણે તેમનું મહત્વનું યોગદાન આપેલું. દેશની સ્વતંત્રતા માટેની ચળવળમાં પણ તેઓએ આગળ પડતો ભાગ ભજવેલો. સૌરાષ્ટ્રની પ્રજા પેઢીઓ સુધી યાદ કર્યા કરશે.

તેમણે આજીવન ખાદી અપનાવેલી અને ગાંધીજીના આદર્શોને જીવનમાં ઉતારેલા. સાદા વ્યક્તિત્વમાં શોભતા એ માસનું આત્મબળ ગજબનું હતું. તેમણે દેશસેવાને જીવનનું ધ્યેય બનાવેલું. સેવાના એ ભેખધારીએ પોતાની જાતની કે પરિવારની લેશમાત્ર ચિંતા કરેલી નહીં, પોતાનું ધાર્યું કરવા ટેવાયેલા ઢેબરભાઈને ઘણું બધું સહન કરવું પડેલું. તેઓ સ્વભાવે વિનમ્ર હતા. હા, સત્યના આગ્રહી ખરા.

પ્રજાનો આવો અદનો સેવક અને આઝાદીનો લડવૈયો ૧૧, માર્ચ, ૧૯૭૭ ના રોજ રાજકોટની ધરતી પર આ નશ્વર દેહ છોડી અનંતની યાત્રાએ ચાલ્યો ગયેલો.







## (૮૮)
# કનુ દેસાઇ
## (૧૨, માર્ચ, ઇ.સ. ૧૯૦૭)

ગુજરાતના જાણીતા ચિત્રકાર કનુ દેસાઇનો જન્મ ૧૨, માર્ચ, ઇ.સ. ૧૯૦૭ ના રોજ મોસાળ અમદાવાદમાં થયેલો. તેમનું વતન તો ભરૂચ. તેમના પિતાનું નામ હકુમતરાય અને માતાનું નામ હીરાબહેન હતું. તેમના પિતાજી સરકારી કોર્ટમાં હેડક્લાર્ક હતા. તેમની માતાનું અવસાન થતાં નાની વયના તેમનો ઉછેર મામાને ત્યાં અમદાવાદમાં થયેલો. નાનપણથી કનુભાઇને ચિતરામણ કરવાની ધૂન લાગેલી. તેમણે અમદાવાદની પ્રોપ્રાયટરી હાઇસ્કૂલમાં અભ્યાસ કરેલો. આ અરસામાં અસહકારની ચળવળ શરૂ થતાં અંગ્રેજી શાળા છોડી તેઓ વિદ્યાપીઠમાં દાખલ થયેલા. અહીં રવિશંકર રાવળ પાસેથી તેમને ચિત્રકલા શીખવાનો મોકો મળેલો. બસ, પછી તો એમની કલાશક્તિ પૂરજોશમાં વિકસવા લાગી. એમની કલાશક્તિ પારખીને આચાર્ય કૃપલાણી'' જીએ ગુજરાત વિદ્યાપીઠ તરફથી શિષ્યવૃત્તિ અપાવી શાંતિનિકેતન મોકલવાની વ્યવસ્થા કરી આપેલી. ત્યાં તેઓ બધાંના લાડકા બની ગયેલા.


આ એ સમય હતો જ્યારે બંગાળી સાહિત્યનું ગુજરાતમાં પ્રકાશન થવાની શરૂઆત થયેલી. તેનાં ટાઇટલ ચિત્રો બનાવવા માટેની જરૂરિયાત ઊભી થયેલી. વળી, ગુજરાતી સાહિત્યમાં પણ ર.વ. દેસાઇ, મેઘાણી, ક.મા. મુનશી અને અન્ય સાહિત્યકારોની કૃતિઓ પ્રગટ થવા લાગેલી. તે વખતે કનુ દેસાઇએ સારાં ગ્રંથ ટાઇટલ ચિત્રો પૂરાં પાડેલાં. ગુજરાતના ઘરેઘરમાં તેમનું નામ જાણીતું થયું. અઢી વર્ષના શાંતિનિકેતનના કુલાભ્યાસ દરમ્યાન જાણીતા ચિત્રકાર નંદલાલ બોઝ પાસેથી તેઓ ઘણું બધું શીખેલા. ટાગોર સાથે પણ તેમનો પરિચય થયેલો. હરિપુરા

કોંગ્રેસના અધિવેશનમાં સુશોભન કરવાની કામગીરી તેમણે સંભાળેલી. અહીંથી તેમણે કલાના નિર્દેશનની શરૂઆત કરેલી. તેમની ચિત્રકલામાં જાણીતા ચિત્રકાર અબ્દુલ રહેમાન સુઘતાઈ અને ગગનેન્દ્રનાથ ટાગોરની ભારોભાર અસર જોવા મળે છે. દિવાળી કાર્ડ, કેલેન્ડર, ટાઈટલ ચિત્રો, પ્રસંગચિત્રો તથા ચિત્રસંપુટોના સુશોભનોથી તેઓ આખા ગુજરાતમાં છવાઈ ગયેલા. તેમને ઈ.સ. ૧૯૩૪માં રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો.

તેમણે વિજય ભટ્ટનાં 'રામરાજ્ય' અને 'ભરતમિલાપ' ચલચિત્રોનું કલાનિર્દેશન કરેલું. તે પછી મુંબઈની ઘણી ફિલ્મોમાં તેમને કલાનિર્દેશનનું કામ મળેલું. વ્હી. શાંતારામની 'ઝનક ઝનક પાયલ બાજે' અને 'નવરંગ' જેવી બેનમૂન ફિલ્મોનું કલાનિર્દેશન પણ કનુભાઈએ જ કરેલું. આ ફિલ્મો તેમની કલાના ઉત્કૃષ્ટ નમૂના બનેલી. 'બૈજુબાવરા'નો સેટ્સ પણ તેમણે તૈયાર કરી ભારે લોકચાહના મેળવેલી.

ગુજરાત રાજ્યની સ્થાપના થતાં પ્રદર્શનો, મંડપો, મ્યુરલો અને પ્રચારચિત્રો તૈયાર કરવાનું કામ એમને મળેલું. તેમની કલા છેક દિલ્હી સુધી પ્રસિદ્ધિ પામેલી. વાંસ, ઘાસ. પ્લાસ્ટર ઓફ પેરીસ, કંતાન, છાણ વગેરેમાંથી બનાવેલા કલાના નમૂના લોકહૈયાંને સ્પર્શી જવા લાગેલા. ગાંધીજીની જન્મશતાબ્દીની ઉજવણી વેળાએ પણ તેમણે જ કલાવિભાગનું કામ સંભાળેલું. તેમનો ચિત્રફલક અતિશય વ્યાપ્ત છે. તેમણે પચાસ જેટલી ફિલ્મોમાં કલા નિર્દેશન કરેલું. લગભગ ૫૦૦૦ જેટલાં કથાચિત્રો બનાવેલાં. તેમના ત્રીસ જેટલાં ચિત્રસંપુટો આજે પણ એવા જ લોકપ્રિય છે. એક વ્યાવસાયિક ચિત્રકાર તરીકે વધુ સમય એમણે મુંબઈમાં ગાળેલો. તેમણે કલાને ગુજરાત બહાર પ્રચલિત કરેલી. આ મહાન કલાકાર ૭૯ વર્ષની ઉંમરે ૯, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૮૦ ના રોજ મુંબઈમાં અવસાન પામેલા. તેમનાં પત્ની ભદ્રાબેન પણ સારાં ચિત્રકાર હતાં. ગુજરાત અને ભારતના કલાજગતમાં તેઓ અમરત્વ પામી ચૂક્યા છે.





## (૮૯)
# ગુણવંત શાહ
## (૧૨, માર્ચ, ઇ.સ. ૧૯૩૭)

ગુજરાતના જાણીતા ચિંતક અને લલિત નિબંધકાર ગુણવંત શાહનો જન્મ ૧૨, માર્ચ, ઈ.સ. ૧૯૩૭ માં સુરત શહેરમાં થયો હતો. તેઓ તત્વચિંતક, ઉત્તમ સાહિત્યકાર અને પ્રખર વક્તા તરીકે જાણીતા છે.

તેઓ વિજ્ઞાનના સ્નાતક હોવા છતાં ગુજરાતી ભાષા પર અનેરું પ્રભુત્વ ધરાવે છે. તેમણે પી.એચ.ડી. સુધી શિક્ષણ મેળવેલું છ. તેમણે વડોદરામાં શિક્ષણના અધ્યાપન કાર્યથી કારકિર્દીની શરૂઆત કરેલી. સુરતની દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ વિભાગમાં સેવાઓ આપ્યા બાદ ઈ.સ. ૧૯૮૭ માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. હાલ તેઓ વડોદરામાં સ્થિર થઈ લેખન અને વ્યાખ્યાન પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

જેમનું લેખન ગુજરાતના વાચકવર્ગોને આકર્ષી શક્યું છે તેવા આ શ્રેષ્ઠ નિબંધકાર અને પ્રખર વક્તા ગુણવંત શાહના અત્યાર સુધીમાં ૧૪ નિબંધ સંગ્રહો પ્રકાશિત થઈ ચૂક્યા છે. ઈ.સ. ૧૯૪૭ થી 'ગુજરાત મિત્ર' માં તેમણે 'કાર્ડિયોગ્રામ' અને 'રણ તો લીલાં છમ' કોલમો લખવાની શરૂઆત કરેલી. ૨૦૦૬ માં પ્રસિદ્ધ થયેલો 'કોકરવરણો તડકો' નામનો નિબંધસંગ્રહ તેમનાં ચિંતન અને વિદ્વતાની ચરમ સીમા છે. તેમનાં પ્રકાશનોની અડસઠ આવૃત્તિઓ અને ૯૪,૦૦૦ નકલો એમની લોકપ્રિયતાને ઉજાગર કરે છે.

તેમનાં લખાણોમાં ગદ્યનું સૌદર્ય, વિચાર અને વિષય વૈવિધ્ય, કાવ્યાત્મક શૈલી અને ઊર્મિથી છલકાતી રત્નકણિકાઓ ઊડીને આંખે વળગે તેવાં છે. તેમની ભાષા જાજરમાન છે, કમનીય છે, મોહક છે. તેમણે સાહિત્ય દ્વારા જીવનના

સૌંદર્યને ઉપસાવ્યું છે. તેઓ કહે છે : 'સાહિત્ય તો જીવનકેન્દ્રી-સામજકેન્દ્રી હોવું જોઇએ. હું સાહિત્યકાર નથી, જીવનકાર છું.' યશવંત શુકલે તેમના એક પુસ્તકની પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'ગદ્ય પાસે એમણે વ્યાવહારિક અને કાવ્ય પૂરતું પારમાર્થિક કામ લીધું છે. એમનો કવિજીવ નિરૂપણની કાવ્યમયતા-ચિત્રાત્મકતા દ્વારા સર્જે છે. એક આશાસ્પદ ગદ્યકવિની કૃતિઓને આસ્વાદતાં મને થયેલો આનંદ ફરીવાર વ્યક્ત કરું છું.' રામાયણના જગતપ્રખ્યાત કથાકાર મોરારીબાપુએ ગુણવંતભાઇ વિશે કહ્યું હતું કે, 'હું લોકશિક્ષક છું, અને ગુણવંતભાઇ શ્લોકશિક્ષક છે. તેઓ વિચારયજ્ઞના આચાર્ય છે.' તેમની ચેતનામાં ચોમાસાનાં અમી છાંટણાંનુ સ્વાગત છે. તો એકવીસમી સદીના આગમનની વૈજ્ઞાનિક ચિંતન સાથેની આગાહી છે. એમના વિચારોનો વૈભવ અસ્પૃશ્યતાથી પર છે. તેમના વિચારોમાંથી નિત નવીન સૌંદર્ય ટપકતું રહે છે. તેમાંથી મુક્તજીવનનો પમરાટ અનુભવાય છે.

તેમનો પ્રથમ નિબંધસંગ્રહ 'કાર્ડિયોગ્રામ' પ્રસિદ્ધ થયો ત્યારે શ્રી કિશનસિંહ ચાવડાએ તેમને પત્ર લખી બિરદાવેલા. તેમણે લખ્યું હતું : 'તમારું શીલ શોધકનું છે, એટલે શૈલી સ્વાભાવિક રીતે જ નમ્રતાથી રસાયેલી છે. નમ્રતા સમર્પણમાંથી જન્મે છે. જગતને સુધારવાનો કે સમજાવવાનો ક્યાંય ઉમંગ કે આવેશ નથી. અહિંસાનો આધાર હોવાથી સંકેતનું કૌશલ વરતાયા કરે છે. જીવન પરિમલની પાછળ શબ્દો ચાલ્યા આવે છે. કહેવાનું કહેવાઇ જાય છે તેની ખબર પણ પડતી નથી. વાણીને મૌનનું રસાયણ સોંપડ્યું છે.'

તેમના લેખનની વિશેષતા છે વક્રોક્તિ. 'ઢાઇ અક્ષર પ્રેમકા' ની પ્રસ્તાવનામાં સુરેશ જોશીએ લખ્યું છે : 'ગુણવંત શાહને શબ્દ મ્હોંવગો અને કલમ વગો છે. વિચારના વળને કારણે એ વિદ્વાનપ્રિય પણ છે. આમ એમની કલમ સામાન્યને સંતોષ આપે અને વિદ્વાનને પરિતોષ આપે એવી છે. એમના નિબંધો અનાયાસ અને આયાસના, ઊર્મિ અને બુદ્ધિના સમન્વય જેવા છે.'



એમના નિબંધ સંગ્રહોમાં વિષય વૈવિધ્ય છે, વિચાર વૈવિધ્ય છે. ભારતીય અને વિશ્વસાહિત્યનાં અનેક ગ્રંથરત્નો અને સારસ્વતોના સંદર્ભો થકી સર્જનવૈભવ સર્જકના પ્રામાણિક વિદ્યાતપની પ્રતીતિ કરાવે છે. રસિકતા, સંક્ષિપ્તતા, સચોટતા અને વિદ્વતાની વક્રોક્તિપૂર્ણ અભિવ્યકિત તેમને અન્યોથી નોખા તારવે છે. મનુભાઇ પંચોળી 'દર્શક' તેમના વિશે લખે છે કે, 'શ્રી ગુણવંતભાઇ ગુજરાતના શિક્ષણ અને ચિંતનજગતના એક ઝળહળતા સિતારા છે. તેમની શૈલી આગવી છે. નાની નાની નિબંધિકાઓમાં તેઓ ઘણા રસો પૂરી શકે છે. નર્મ મર્મ હળવો વિનોદ, કટાક્ષ અને ભારે ચિંતન એમાં સુપેરે ગોઠવાતું જાય છે. અદ્યતન જ્ઞાન-વિજ્ઞાનના તેઓ ચાહક છે. હરેક જીવતા શિક્ષકમાં તે હોવું જોઇએ.'

તેઓ અનેકાન્ત દર્શનના દ્દષ્ટા છે. તેમના સમગ્ર દર્શનમાં અખિલાઇ છે. તેઓ સતત માંગલ્યને શોધતા રહ્યા છે. તેમણે તેમના નિબંધો દ્વારા વૈશ્વિક સમસ્યાઓનુ સમાધાન શોધવાની મથામણ કરી છે. રઘુવીર ચૌધરીએ તો ત્યાં સુધી લખી નાંખ્યું છે કે, 'શ્રી મોરારીબાપુ પછીના ક્રમે ગુજરાતના લોકો ગુણવંત શાહને સૌથી વધારે પ્રેમથી સાંભળે છે.'

તેમનાં આજ સુધી ૪૦ થી વધુ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. વળી તેમણે દેશમાં અને વિદેશોમાં અનેક ઠેકાણે વ્યાખ્યાનો આપ્યાં છે, અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. 'કાર્ડિયોગ્રામ', 'રણ તો લીલાં છમ', 'બત્રીસ કોઠે દીવા', 'વાચારોના વૃંદાવનમાં' 'ઝાકળ ભીનાં પારિજાત', 'ગાધી-નવી પેઢીની નજરે' તેમના જાણીતા સંગ્રહો છે. તેમને તેમના સાહિત્ય સર્જન બદલ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અને 'નર્મદ ચંદ્રક' જેવા અનેક પુરસ્કારોથી સન્માનવામાં આવ્યા છે.



(૯૦)

# શ્રી વિષ્ણુદેવ પંડિત

## (૧૨, માર્ચ, ઇ.સ. ૧૯૧૫)

મહેમદાવાદ તાલુકાના એક નાનાશા ગામે બે માનવરત્નો ભેટ આપ્યાં છે, એક કવિ મણિકાંત અને બીજા વેદપંડિત વિષ્ણુદેવ. ગુજરાતના ગૌરવસમા વેદપંડિત વિષ્ણુદેવનો જન્મ ૧૨, માર્ચ, ઈ.સ. ૧૯૧૫ ના રોજ હલધરવાસમાં પિતા સાંકળેશ્વર દાજીરામ શર્મા અને માતા ઈચ્છાલક્ષ્મીને ઘેર થયો હતો. જ્ઞાન, શ્રદ્ધા અને પુરૂષાર્થના પ્રતીક એવા વિષ્ણુદેલ જ્ઞાતિએ બામરોલીઆ ટોળકિયા બ્રાહ્મણ હતા. મા ભગવતીના ચુસ્ત ઉપાસક અને દરબારોના ગુરુ એવા પંડિત વિષ્ણુદેવને દ્વારિકાના શંકારચાર્યજીએ જ્યોતિષ માટે પદવી આપેલી. તેઓ શીઘ્ર વક્તા પણ હતા.

પંડિત વિષ્ણુરામનું પ્રાથમિક શિક્ષણ હલધરવાસની ધૂળિયા નિશાળમાં જ થયેલું. અંગ્રેજી બે ચોપડી સુધીનું ભણતર પણ વતમાં જ થયેલું. તેઓ સંસ્કૃતમાં વિશેષ રસરુચિ ધરાવતા, તેથી પરંપરાગત સંસ્કૃતના અભ્યાસ માટે તેઓ પેટલાદની પાઠશાળામાં દાખલ થયેલા. ત્યાંથી તેઓ કાશી ગયા અને ઈ.સ. ૧૯૩૦ થી ઈ.સ. ૧૯૩૬ દરમ્યાન ગવર્મેન્ટ ક્વીન્સ કોલેજમાં વ્યાકરણ અને વેદાન્તનો અભ્યાસ કર્યો. આ જ સમયગાળામાં તેમને 'બેંગાલ સંસ્કૃત એસોસિયેશને' 'વ્યાકરણતીર્થ'ની ઉપાધિ પ્રદાન કરેલી. આ ઉપાધિ પછી તેઓ 'શાસ્ત્રી' કહેવાયા.

પારંપરિક સંસ્કૃતના અભ્યાસી એવા એમને આધુનિક શિક્ષણનું મહત્વ સમજાઈ ગયું હોઈ અમદાવાદની ટ્યુટોરિઅલ હાઈસ્કૂલમાં તેમણે અભ્યાસ શરૂ કરેલો. ઈ.સ. ૧૯૩૮માં ત્રેવીસ વર્ષની ઉંમરે તેઓએ પરીક્ષા પાસ કરેલી.



પછી 'ગુજરાત કોલેજ' માં દાખલ થઈ સંસ્કૃત વિષય સાથે તેમણે એમ.એ.ની ડિગ્રી મેળવેલી. ઈ.સ. ૧૯૪૫માં પી.એચ.ડી. માટે પણ તેમણે કામ શરૂ કરેલું. તેમના ગાઈડ સાથે મનભેદ ઊભો થતાં તેમણે તે કામ છોડી દીધું.

જાતે બ્રાહ્મણ અને વળી 'શાસ્ત્રી' થયેલા. તેથી તેમણે પ્રવચનો, પારયણો અને ભાગવત કથા કરવાની પ્રવૃત્તિઓ આરંભી. કથાકાર તરીકે તેમણે આખા ગુજરાતમાં ખ્યાતિ મેળવેલી. તેઓએ 'શ્રેયસ મોન્ટેસરી ટ્રેઈનિંગ સ્કૂલ' માં ગૃહપતિ અને આચાર્ય તરીકેની કામગીરી બજાવેલી. તેઓ 'નારાયણ સંસ્કૃત વિદ્યાલય, પેટલાદ' માં આચાર્ય હતા ત્યારે તેમણે 'ગાયત્રી' અંગેના ગ્રંથો પ્રગટ કરેલા. તેઓ કુશળ સંપાદક હતા. ઈ.સ. ૧૯૪૧ માં તેમણે 'યમરાજનો અતિથિ' નામનું પુસ્તક પ્રગટ કરેલું. ઈ.સ. ૧૯૫૨ માં તેઓ વર્તમાનપત્ર 'સંદેશ' સાથે જોડાયેલા. અહીં તેમણે 'સત્ સંદેશ' ના સંપાદનની કામગીરી સંભાળેલી. તેમની 'સબકો સંમતિ દે ભગવાન' નામની કોલમ 'સંદેશ' માં વર્ષો સુધી ચાલેલી. ઈ.સ. ૧૯૫૯ થી ૬૧ દરમ્યાન હિન્દીભાષી 'સાધુ સંદેશ' ના સંપાદનની જવાબદારી તેમણે વહન કરેલી. 'ગીતાધર્મ' માસિકના સંપાદન કાર્ય સાથે પણ તેઓ સંકળાયેલા હતા. આ દરમ્યાન તેમણે 'શ્રીમદ્ ભાગવત કથા'૧-૫, બ્રહ્મસૂત્ર, વેદાન્ત, રામાયણ, મહાભારત, દેવી ભાગવત અને નીતિશાસ્ત્રના ગ્રંથો વિશેષાંકો રૂપે પ્રગટ કરેલા.


ઈ.સ. ૧૯૫૯ માં સ્વામી ગંગેશ્વરાનંદજીના 'ગરુ ગંગેશ્વર ચતુર્વેદ સંસ્થાન' સાથે જોડાઈને તેમણે વેદોના સ્વાધ્યાય સંશોધનની કામગીરી હાથ ધરેલી. તેમની આ પ્રવૃત્તિની સુવાસ ચોમેર ફેલાયેલી. તેમની વિદ્વતાથી આકર્ષિત થયેલા મહર્ષિ મહેશ યોગજીએ સ્વીટ્ઝરલેન્ડની સીલીસબર્ગ ખાતે આવેલી 'મેરૂ વિદ્યાપીઠ' માં વેદ સંસ્કૃતિના પ્રચાર માટે ઈ.સ. ૧૯૭૧ માં નિમંત્રેલા. ઈ.સ. ૧૯૭૧ માં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ પંડિતજી પાસે વેદ અંગે ચોવીસ જેટલી પરિચય પુસ્તિકાઓ તૈયાર કરાવેલી. તેઓએ ઈ.સ. ૧૯૭૬ માં 'મધુર જ્યોત ટ્રસ્ટ'

અને 'વેદ પ્રકાશન' સમિતિની રચના કરી હતી.

આજ સુધી તેમનાં ૧૫૦ થી વધુ પુસ્તકો પ્રકાશન પામ્યાં છે. ગુજરાત સરકારે તેમને ઈ.સ. ૧૯૭૬-૭૭ દરમ્યાન 'વેદશાસ્ત્ર પારંગત પંડિત' તરીકે તેમનું બહુમાન કરેલું. પંડિત વિષ્ણુદેવજીની સફળતામાં એમના પત્ની રમાબહેનનો મહત્વનો ફાળો રહેલો છે. કે.કા. શાસ્ત્રીજીએ પણ એમની વેદપારંગતતાને વખાણેલી. ડૉ. હસુ યાજ્ઞિકે એમને 'વેદવાણીના ભગીરથ' તરીકે ઓળખાવ્યા છે. તેમના ગ્રંથોમાં તીર્થ, ધર્મ, સંસ્કૃતિ, સંત, અવતાર, ઉપનિષદ, તત્વજ્ઞાન અને વેદ એમ વિવિધ વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

તેમની જાણીતી કૃતિઓમાં 'યમરાજનો અતિથિ-૧૯૪૦', 'શ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યજી-૧૯૪૧', 'સતી વિદુલા-૧૯૪૨', 'ચુડાલા શિખીધ્વજ-૧૯૪૨', 'ભગવાન વિષ્ણુ-૧૯૪૩', 'ભક્ત પ્રહલાદ-૧૯૪૩', 'ચરકમાં નિસર્ગોપ્ચાર-૧૯૪૪', 'સત્યનારાયણની કથા-૧૯૪૫', 'નારદના ભક્તિસૂત્રો-૧૯૪૬', 'સુભાષિત રત્નભાંડાગાર-૧૯૪૭', 'સુભાષિત નીતિમંજરી-૧૯૪૭', 'સતી મદાલસા-૧૯૪૭', 'સતી દ્રોપદી-૧૯૪૭', 'મૃત્યુ પછી આત્માનું શું થાય છે-૧૯૪૮', 'કર્મનું રહસ્ય-૧૯૪૯', 'અવતાર કથા-૧૯૫૦', 'સત સંદેશ-૧૯૫૧', 'ભારતી કથા-૧૯૫૧', 'ભાગવત કથા-૧૯૫૨', 'શિવ કથા-૧૯૫૨', 'કૃષ્ણ કથા-૧૯૫૪', 'બ્રહ્મસૂત્ર-૧૯૫૫', 'શ્રી શંકરાચાર્ય-૧૯૫૬', 'ગીતાધર્મ-૧૯૫૮', 'રામ ચરિત માનસ-૧૯૫૯', 'સમાજની નીતિકથાઓ-૧૯૬૦', 'ભારતનાસંતો-૧૯૬૧', 'ગુજરાતના સંતો-૧૯૬૨', 'વેદ સુધા-૧૯૫૭', 'ઉપનિષદ સુધા-૧૯૫૮', 'ગાયત્રી વિજ્ઞાન-૧૯૬૨', 'કર્મમિ માસા-૧૯૬૩', '૨૪ અવતારો-૧૯૬૬', 'દેવી ભાગવત-૧૯૭૧', 'ઉપનિષદ કથાઓ-૧૯૭૨', 'ભારત તીર્થ દર્શન-૧૯૭૯', વગેરેનો સમાવેશ થાય છે.





## (૯૧)
# જૉસેફ પ્રિસ્ટલી
## (૧૩, માર્ચ, ઇ.સ. ૧૭૩૩)

'ગેસ ઓફ લાઈફ' એટલે કે પ્રાણવાયુ અને 'સોડા વૉટર' ના શોધક જૉસેફ પ્રિસ્ટલીનો જન્મ ઇંગ્લેન્ડના લીડ્સ શહેરની પાસે આવેલા એક નાના એવા કસબામાં ગરીબ અને કંગાલ એવા વણકર કુટુંબમાં થયો હતો. સાત વરસની ઉંમરના જૉસેફને નિરાધાર મૂકી તેનો પિતા તો પ્રભુને પ્યારો થઇ ગયેલો. તેથી જૉસેફનો ઉછેર તેની કાકીના હાથે થયેલો. તેની કાકીએ તેને ઈસાઇયતમાં દીક્ષિત કરવા એક એવી સંસ્થામાં મોકલી આપેલો જ્યાં તેણે ફ્રેન્ચ, ઈટાલીયન, જર્મન, અરબી અને એરામાઈક જેવી અનેક ભાષાઓમાં પ્રભુત્વ પ્રાપ્ત કર્યુ હતું. સ્નાતક થયા પછી તેને એક નાના એવા ચર્ચમાં નોકરી મળી હતી. ઝાઝો પગાર નહીં, આર્થિક રીતે પહોંચી વળવા તે ગામની શાળામાં બાળકોને ભણાવતો અને ખાનગી ટ્યૂશન પણ કરી લેતો હતો. આ કામમાંથી સમય ફાળવીને તેણે અંગ્રેજી વ્યાકરણ લખ્યું હતું. તેથી ડિસેન્ટર્ઝની એકેડેમીમાં તેને ભાષાના અધ્યાપકની નોકરી મળી ગઇ હતી. અહીં તે પોતે પણ રસાયણશાસ્ત્રનું શિક્ષણ મેળવવા લાગ્યો.

એ સમયે અમેરીકાની સ્વતંત્રતા માટે સમર્થન મેળવવા બેન્જામિન ફ્રેન્કલિન ઇંગ્લેન્ડ આવેલો. પ્રિસ્ટલી તરત જ વિશ્વના એ મહાન વૈજ્ઞાનિકને મળવા પહોંચી ગયો. ફ્રેન્કલિનના પ્રભાવથી અભિભૂત થઇ તેણે 'વિદ્યુતની વર્તમાન સ્થિતિનો ઈતિહાસ' નામનું પુસ્તક લખી નાખ્યું. જેની સફળતાએ તેને ઇ.સ. ૧૭૬૬ માં રોયલ સોસાયટીનું સભ્યપદ અપાવ્યું. પ્રિસ્ટલી અને ફ્રેન્કલીન પછી તો આજીવન મિત્રો બની રહ્યા હતા.

લીડ્સ ચર્ચમાં હવે તે મુખ્ય પાદરી બની ગયો હતો. છતાં પગાર ખાસ વધેલો નહીં. તેણે શરાબખાનાની બાજુમાં એક નાનું ઘર ભાડે લઇ લીધેલું. શરાબની વાસ એને રાસાયણિક પરિક્ષણો તરફ ખેંચી ગઇ. શરાબખાનાના માલિકની પરવાનગીથી એણે શરાબના ખાલી ડ્રમ્સ ઉપર પ્રયોગો કરવા શરૂ કર્યા. ખાલી ડ્રમમાંથી નીકળતા ગૅસનું તેણે અધ્યયન શરૂ કર્યું. તેણે જોયું કે સળગતી દિવાસળી ડ્રમના તળિયે જઇ ઓલવાઇ જતી હતી. પ્રિસ્ટલીએ અગાઉ થઇ ગયેલ વૈજ્ઞાનિકોના ગ્રંથોનો અભ્યાસ કરી 'સ્થિર ગૅસ' બનાવવાની નવી રીતો શોધી કાઢી. આમ તેણે 'કાર્બન ડાયોક્સાઇડ'- અંગારવાયુની શોધ કરી હતી. અંગારવાયુને સફળતાપૂર્વક પાણીમાં મેળવી 'સોડા વૉટર' ની શોધ કરી તેણે સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.

તેની આ શોધને વધાવીને ફ્રાન્સે તેને 'ફ્રેન્ચ એકેડેમી'નો માનદ્ સભ્ય બનાવી દીધો હતો. એ પછી તેને રાજનિતિજ્ઞ શેલ બર્ને પોતાના ગ્રંથાલયનો ગ્રંથપાલ બનાવ્યો. શેલબર્નની પોતાની એક પ્રયોગશાળા પણ હતી. અહીં તે પ્રયોગો કરવા લાગ્યો. ઇ.સ. ૧૭૮૦માં એ વખતના જાણીતા વૈજ્ઞાનિકો અને ગર્ભશ્રીમંતો જેના સભ્યો હતા તેવી 'લ્યૂનર સોસાયટી'નો તે માનદ્ સભ્ય બન્યો હતો. એણે એની તમામ શોધો સાર્વજનિક જાહેર કરી પ્રજાના ચરણોમાં ધરી દીધી હતી.

છતાં પાદરીપણાથી મુક્ત થયો ન હતો. એ પ્રખર આદર્શવાદી અને માનવતાવાદી હતો. ફ્રાન્સની ક્રાંન્તિની જ્વાળામાં એ લપેટાઇ ગયો. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો પ્રચાર એણે જાહેરમાં કરવા માંડેલો. ફ્રાન્સની ક્રાંન્તિના વિરોધી એડમન્ડ બૅંક પ્રિસ્ટલીનાં વકતવ્યનો પૂરજોશમાં વિરોધ કરેલો. જેના પરિણામે લોકોએ પ્રિસ્ટલીના ઘરને ઘેરો ઘાલી દીધેલો. એના ગ્રંથો ફાડી નાખેલા,પ્રયોગશાળા તોડીફોડીને વેરવિખેર કરી નાંખેલી. છેવટે એના ઘરને આગ લગાડી દીધેલી.

પ્રિસ્ટલી તેના પરિવાર સાથે ત્યાંથી નાસી છૂટી લંડનમાં ચાલ્યો ગયો. ત્યાંથી



એક જહાજ મારફતે અમેરીકા ભાગી ગયો. અમેરીકાએ તેનું ભવ્ય સ્વાગત કર્યુ. એને અનેક ચંદ્રકો અર્પણ કરવામાં આવ્યા. તેને પન્સિલ્વેનિયા યુનિવર્સિટીમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર તરીકે નીમવામાં આવ્યો. ટોમસ જેફરસન અને જ્યોર્જ વૉશિંગ્ટને પણ તેનું સન્માન કર્યુ હતું. આજે તેનું ઘર એક રાષ્ટ્રીય સંગ્રહાલય બની ગયું છે. વિશ્વના અનેક વિજ્ઞાનપ્રિય લોકો એની મુલાકાત લઇ ધન્યતા અનુભવે છે.

તેણે 'લાફિંગ ગૅસ' અથવા 'નાઇટ્સ ઑક્સાઇડ' ની પણ શોધ કરી હતી. ઇ.સ. ૧૮૦૪માં ૭૦ વરસનું આયુષ્ય ભોગવી પ્રિસ્ટલી પરલોક સિધાવી ગયો હતો.



## (૯૨)

# આલ્બર્ટ આઇન્સ્ટાઇન

## (૧૪, માર્ચ, ઇ.સ. ૧૮૭૯)

ઋષિ, ચિંતક અને પ્રખર માનવતાવાદી જેવું વ્યકિતત્વ ધરાવનાર આલ્બર્ટ આઇન્સટાઇનનો જન્મ જર્મનીના ઉલ્કા શહેરમાં ૧૪, માર્ચ, ૧૮૭૯ ના રોજ થયો હતો. તેના પિતા વીજળીના ઉપકરણો બનાવતી એક નાની ફેક્ટરી ચલાવતા હતા. મા સારી સંગીતકાર હતી, અને તે અંધ સંગીત સમ્રાટ બીથોવતની ભરપૂર ચાહક હતી. માતા પાસેથી આઇન્સ્ટાઇને પિયાનો વગાડવાની કલા હસ્તગત કરી લીધી હતી.

તેનો પરિવાર યહૂદી ધર્મ પાળતો હતો. પરિવારના સભ્યો ચુસ્ત ધર્માંધ હતા. આઇન્સ્ટાઇનને ધર્મમાં ખાસ આસ્થા ન હતી. તેણે સ્નાતક થયા પછી યહૂદી ધર્મ ત્યજી દીધો હતો.

નાઝીવાદી હિટલરે જ્યારે યહૂદીઓની નિર્દય હત્યા કરી ત્યારે એ નાઝીઓના પ્રકોપથી બચવા નાસી છૂટેલો. જર્મનીમાં નાઝીવાદે જોર પકડ્યું ત્યારે તેનો બાપ પરિસ્થિતિ પામી જઇ ધંધો સંકેલી લઇ જર્મની છોડી દઇ પરિવાર સાથે ઇટાલીના મિલાન શહેરમાં જઇ વસ્યો હતો.

નાનપણથી જ આઇન્સ્ટાઇન ગણિત અને ભૂમિતિ પ્રત્યે રસ ધરાવતો હતો. દેખવામાં કદરૂપો એવો એ છોકરો યૂકલિક પ્રત્યે ભારે આદર ધરાવતો. મિલાન આવ્યા પછી તેણે ગણિત અને ભૂમિતિને જીવનનાં લક્ષ્ય બનાવેલાં. પછી તે સ્વિટ્ઝરલેન્ડના જ્યુરિસ નગરની સ્વિસ ફેડરલ પોલિટેક્નિક શાળામાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરવા લાગ્યો પણ પ્રવેશ પરીક્ષામાં નાપાસ થવાથી તેને તે સ્કૂલમાં પ્રવેશ મળેલો નહીં. તેની ઇચ્છા સ્વિટ્ઝરલેન્ડના નાગરિક બનવાની હતી, પણ



તેની તે ઇચ્છા પૂરી થઇ શકેલી નહીં.

તે સમયે તેનો પિતા આર્થિક ગૂંગળામણ અનુભવતો હતો. તેથી તે પુત્રનું આર્થિક ભારણ ઊઠાવી શકે તેમ ન હતો.છતાં અકે શ્રીમંત યહૂદીની ભલામણ અને સ્કોલરશીપની મદદથી તેને માટે કૉલેજના દરવાજા ખુલી ગયા. તેમ છતાં ડિગ્રી મેળવ્યા પછી નોકરી મેળવવામાં તેને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. છેવટે ભાગ્યવશાત્ બર્નની સ્વીસ પેમેન્ટ ઑફિસમાં તેને કારકૂનની નોકરી મળી ગયેલી.

આ ઑફિસમાં કામ કરતાં ઇ.સ. ૧૯૦૫માં માત્ર છવ્વીસ વર્ષ ની ઉંમરે તેણે એવું સંશોધન કર્યુ કે તે વિશ્વભરમાં જાણીતો થઇ ગયો. તેનું આ સંશોધન એટલે તેણે આપેલો 'સાપેક્ષાવાદ'નો સિદ્ધાંત. જ્યુરિચના એના અભ્યાસકાળમાં આઇન્સ્ટાઇન મિલેવા મીરેકના સંપર્કમાં આવ્યો હતો. પાછળથી તેણે મિલેવા સાથે લગ્ન કરી લીધાં હતાં.

ઇ.સ.૧૯૦૫માં તેના ત્રણ સંશોધનપત્રો પ્રગટ થયેલાં. તેમાં એક સંશોધનપત્રનો વિષય હતો 'વિશિષ્ટ સાપેક્ષાવાદ'. તે પછી શાળાના અભ્યાસકાળ દરમ્યાન ગણિતમાં નબળા અને બસની મુસાફરી કરતી વખતે પરચુરણ ગણવામાં પણ મુશ્કેલી અનુભવતા આઇન્સ્ટાઇને અત્યંત જટિલ ગણિતનો ઉપયોગ કરીને ઇ.સ.૧૯૧૬માં 'વ્યાપક સાપેક્ષાવાદ' નો સિદ્ધાંત શોધ્યો હતો. આ સંશોધન દ્વારા તેણે ન્યૂટનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનો છેદ ઊડાડી દીધો હતો.તેણે જર્મનીના માર્કસ પ્લાંકે શોધેલ 'ક્વોન્ટમ થિયરી'ની મદદથી ફોટોઇલેક્ટ્રિક ઘટનાની સમજૂતી દ્વારા સાપેક્ષાવાદને પુષ્ટિ આપી અને મેક સવેલના વીજચુંબકીયવાદને ફટકો માર્યો.

અમેરીકાએ જાપાનમાં હિરોશિમાં અને નાગાસાકી ઉપર અણુબોમ્બ ઝીંકીને તેમને સંપૂર્ણ ધ્વસ્ત કરી નાખેલાં એ અણુબોમ્બની રચના ઇ.સ. ૧૯૦૫માં આઇન્સટાઇનનાં શરૂઆતના આધારે થઇ હતી. આ તારણો એવાં હતાં કે, દ્રવ્યને

ઊર્જામાં અને ઊર્જાને દ્રવ્યમાં રૂપાંતરિત કરી શકાય છે. પ્રકાશની ગતિની અપરિવર્તનીયતાના સિદ્ધાંતને આધારે જ તેણે તેની દ્રવ્ય શકિતની પરસ્પર રૂપાંતરના સંબંધી પ્રસિદ્ધ કરેલ સૂત્રોનો આધાર અણુબોમ્બની રચનાનો આધાર બની રહ્યો છે. ઈ.સ.૧૯૦૯ માં તે પ્રાગના જર્મન વિશ્વવિદ્યાલયમાં પ્રધ્યાપક તરીકે થોડો સમય રહ્યા બાદ તે પાછો જ્યુરિસ આવી ગયેલો. આ જ સમયગાળામાં જર્મનીમાં નાઝી કટ્ટરપંથીઓએ યહૂદીઓ પર અત્યાચાર ગુજારવાનું શરૂ કર્યુ હતું. આઈન્સ્ટાઈન નાઝીઓની આંખમાં કણાની જેમ ખૂંચતો હતો. તેના વિરોધમાં 'એન્ટી આઈન્સ્ટાઈન' નામની એક સંસ્થા પણ સ્થપાઈ ચૂકી હતી. આઈન્સ્ટાઈનની હત્યા માટેના પ્રયત્નો પણ શરૂ થઈ ચૂક્યા હતા. આ સમયે તે અમેરીકામાં હતો. તેણે જર્મની નહીં જવાની પ્રતિજ્ઞા લીધી. હિટલરના નાઝી સૈનિકોએ જર્મનીના તેના ઘર પર હુમલો કરી તેને ખેદાન મેદાન કરી નાંખ્યું હતું. તેનો બેન્ક એકાઉન્ટ પણ સ્થગિત કરી દીધો હતો. અમેરીકામાં તે વ્યાખ્યાનો આપવા ગયેલો અને નાઝીવાદીઓથી બચવા તે અહીં જ ન્યૂજર્સીની 'ઇન્સ્ટિટ્યૂટ ફોર એડવાન્સ સ્ટડિઝ' માં ગણિતશાસ્ત્રના અધ્યપક તરીકે જોડાઈ ગયો હતો.

ઈ.સ.૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળેલું ત્યારે માનવતાવાદી આઈન્સ્ટાઈનને ડર લાગ્યો કે જો હિટલર અણુબોમ્બ બનાવવામાં સફળ થશે તો આખુ વિશ્વ વિનાશના મુખમાં ધબેકાઈ જશે. તેથી તેણે તે વખતના અમેરીકાના પ્રમુખ ફ્રેંકલીન ડી.રૂઝવેલ્ટને અમેરીકામાં અણુબોમ્બ બનાવવા ખાનગી પત્ર લખેલો. હિરોશીમાં અને નાગાસાકી ની હોનારત જોયા પછી વિશ્વશાંતિના પ્રયત્નોમાં આઈન્સ્ટાઈને મહત્વની ભૂમિકા ભજવી હતી.

બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વના દેશોના મહાન રાજકારણીઓએ આઈન્સ્ટાઈનના કહેવાથી જ યહૂદીઓને પેલેસ્ટાઈનમાં વસાવ્યા હતા.

ઈ.સ.૧૯૨૨ માં નોબેલ પરિતોષિક પ્રાપ્ત કરનાર આ મહાન વૈજ્ઞાનિક ૧૮, એપ્રિલ, ૧૯૫૫ ના રોજ અવસાન પામ્યો હતો.

●





## (૯૩)

# ગંગાસતી

## (અવસાન : ૧૫, માર્ચ, ઇ.સ. ૧૮૯૪)

મીરાંબાઇ જેટલું જ એક ભક્ત સન્નારી તરીકે જેનું નામ જાણીતું છે એવાં ગંગાસતીનો જન્મ ઈ.સ. ૧૮૪૬ માં ભવનગર જિલ્લાના રાજપરામાં થયેલો એમના વતનનું ગામ સમઢિયાળા. પિતાનું નામ હતું ભાઈજી અને માતાનું નામ હતું રૂપાળીબા.

તેમના વિશે પ્રાપ્ત માહિતી મુજબ ગોહિલ વંશના સેજકજીના ત્રણ પુત્રો પૈકી મોટા હમીરજીએ ગામ અભાડિયામાં વસવાટ કરેલો. નાનાજી અને મોડજી નામના નાના બે દીકરાઓએ સમઢિયાળા ગામ વસાવેલું. કબાજી મેરાજી મોડજી ગોહિલના પૌત્ર થાય. આ કલાજી વખતુબા નામની સ્ત્રીને પરણેલા. કલાજી અને વખતુબાને ઘેર બે દીકરા અવતરેલા. મોટા દીકરાનું નામ કળસંગ હતું અને નાના દીકરાનું નામ હતું જીભાઈ. કળસંગની એકવીસ વર્ષની ઉમર થઈ ત્યારે તેનું લગ્ન રાજપરા ગામના ભઈજીભા સરવૈયાની પુત્રી ગંગાબા સાથે થયેલું. રાજપરા ગામમાં એ જમાનામાં ખવાસ જાતિનાં ઘર પણ ખરાં. દીકરીને સાસરે વળાવતાં તેની સાથે ત્યારે વડારણ તરાકે પાનબાઈ નામની એક બાઈ પણ આવેલી. ગંગા સતીના ભજનોમાં પાનબાઈના નામનું જે સંબોધન આવે છે તે જ આ વડારણ તરીકે આવેલી બાઈ પાનબાઈ. ગંગાબાનું લગ્ન વિક્રમ સંવત ૧૯૨૦ માં કળસંગ સાથે થયેલું.

ગંગાબાના પતિ કળસંગ પણ ભકિતવાન જીવડો હતો. તેણે પત્ની ગંગાબા સાથે ગિરનારની યાત્રા કરેલી. ગિરનારની યાત્રા દરમ્યાન ઈશ્વરના એ આરાધકને કોઈ જોગીડાનો ભેટો થઈ ગયેલો. કળસંગે તે યોગીપુરૂષ સમક્ષ સંન્યાસ લેવાનો

મનસૂબો વ્યક્ત કરેલો પણ સંસાર માંડી ચૂકેલા કળસંગને સંસારમાં રહીને જ પ્રભુ સારી રીતે ભજી શકાય છે, એમ સમજાવી સંન્યાસ લેતાં વારેલો યોગીનું કહ્યું માની કળસંગ ઘેર પાછો ફરેલો. આ અધ્યાત્મ આત્મા યોગ અને પ્રભુ ભકિતમાં લીન થઈ ગયેલો.સંસારમાં રહીને પણ પ્રભુ ભકિત થઈ શકે એવો ઉપદેશ આપનારા એ ગિરનારી અવધૂત યોગી, જેમને ગંગાસતીએ પણ ગિરુપદે સ્થાપ્યા હતા તે જ રામ તે વન સંશોધકોના મત મુજબ યોગીરામ તે વનનો આશ્રમ ગિરનારના શેષાવનમાં હતો. ગંગાસતી પણ એ આશ્રમમાં અવાર નવાર ગુરુદર્શને જતી-આવતી.

ગંગાસતીને એક દીકરો પણ હતો. તેનું નામ અજોભા હતું. કળસંગ પોતે પણ એક પરમોચ્ચ કોટિના પરપુરૂષ હતા. ઈશ્વરની ભકિતમાં સદા લીન રહેતો તેમને કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી.તેમને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ તેમની પ્રભુ ભકિતમાં અવરોધરૂપ નીવડશે એવું સમજાઈ જતાં સ્વેચ્છાએ એમણે દેહત્યાગ કરેલો. ૨૧, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૯૪ના રોજ તેમના દેહને સમાધિ દેવાઈ હતી.

ગંગાસતીની ભકિતથી પ્રેરાઈને વડારણ પાનબાઈ તેમનાં શિષ્ય બની ગયા હતાં. પાનબાઈએ પણ તન,મન,ધન ઈશ્વરના ચરણોમાં સમર્પિત કરી દીધું હતું. પાનબાઈને ઈશ્વર અને ભકિતનો મહિમા સમજાવવા જે ગીતો દ્વારા શિક્ષણ આપેલું તે ગંગાસતીનાં ભજનો. લોકસાહિત્યકારો એમ કહે છે કે બાવન દિવસ સુધી લાગલગાટ રોજ એક એક ભજનની રચના કરીને તે ભજન ગંગાસતીએ પાનબાઈને સંભળાવેલાં અને સમજાવેલાં. પાનબાઈએ રચેલા આવાં બાવન ભજનો મળી આવ્યા છે. 'મેરુ રે ડગે ને જેનાં મન ના ડગે...', 'શીલવંત સાધુને વારે વારે નમીએ રે...','વીજળી ને ચમકારે મોતી પરોવવું પાનબાઈ...','ભકિત કરવી તેને રાંક થઈને રહેવું...' તથા 'પીવો હોય તો રસ પી લેજો પાનબાઈ...' જેવાં ભજનો ગંગાસતીનાં જાણીતાં ભજનો છે. ગુજરાતમાં આજ સુધી એવો કોઈ ડાયરો કે ભજનનો કોઈ કાર્યક્રમ નહીં હોય કે આમાનું એકાદ ભજન ના



ગવાયું હોય. ગંગાસતીના ભજનો લોકજીભે રમતાં મોતી બની ગયાં છે.

પ્રભુની આ પરમ ભક્ત ગંગાસતીએ સંવત ૧૯૫૦ ની ફાગણ સુદ આઠમને ગુરૂવારના રોજ દેહત્યાગ કરેલો. એમને અગ્નિદાહ આપવામાં આવેલો ત્યાં સમાધિ બનાવવામાં આવી છે. આ સમાધિને ફૂલસમાધિ કહે છે. ગંગાસતીની સમાધિ પાસે જ તેમની શિષ્યા પાનબાઈની સમાધિ આવેલી છે. આ ત્રણેય સમાધિઓ આજે પણ સમઢિયાળામાં ભક્તિનો મહિમા સમજાવતી ઊભી છે. ૧૫, માર્ચ, ઈ.સ. ૧૮૯૪ ગંગાસતીનો સમાધિ દિવસ છે.



## (૯૪)

# પ્રેમશંકર ભટ્ટ

## (૧૫, માર્ચ, ઇ.સ.૧૯૧૦)

આજે ૧૦૩ વર્ષ ની વય વટાવી ચૂકેલા ભાવનગરના મહાલક્ષ્મીનગરમાં વૉકરના ટેકે ચાલતાં, સદા હોઠ ઉપર સ્મિત ફરકાવતાં કવિ પ્રેમશંકર ભટ્ટને જોવા એ પણ એક લ્હાવો છે. શિક્ષણ અને સંસ્કારની ટોચની સંસ્થાઓ ઘરવાળા, શિશુવિહાર, દક્ષિણામૂર્તિ, ગુજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં જીવન પસાર કરનાર આ કવિનો જન્મ ૧૫, માર્ચ, ૧૯૧૦માં ભાવનગરમાં થયો હતો.

તેમના દાદા, કાકા અને પિતા ત્રણેય ભાવનગરના પોલીસખાતામાં ફોજદાર હતા. સાહિત્યના સંસ્કાર એમને દાદા પાસેથી મળેલા. દાદા પોલીસખાતામાં હોવા છતાં કવિતા કરવાનું ઘેલું લાગેલું. એ જમાનામાં એમણે ‘મૂર્ખના ચોવીસા’ અને ‘સારા માણસની બોંતેરી’ લખેલાં. પ્રેમશકંરની ઉંમર માત્ર ૩૦ મહિનાની હતી ત્યાં જ એમની માતાનું અવસાન થયેલું. સાત વરસની તેમની બહેન, પાંચ વરસના ભાઇ અને અઢી વરસના તેમનો ઉછેર દાદાજીએ પૂરા વાત્સલ્યથી માનું હેત વરસાવી કરેલો. દાદાએ મા વગરના બાળકોનું ઘડતર કરવામાં કશી મણા રાખી હતી. તેમના પિતાએ બાળકોના ભાવિને નજરમાં રાખીને, યુવાન હોવા છતાં બીજું લગ્ન કર્યુ નહીં.

તેમના દાદા આર્ય સમાજને વરેલા. ઘરમાં બધું કામ જાતે જ કરતા. પ્રેમશંકર માટે ઘર શાળા બની ગઇ. ઘરમાંથી તેઓ ઘણું બધું શીખ્યા. એમના દાદાએ એમને એક મંત્ર આપેલો કે, ‘જે માણસ નાનામાં નાનું કામ ઉત્તમ રીતે કરી શકે તે જ મોટા કામો ઉત્તમ રીતે કરી શકે છે.’



ચાર ધોરણ સુધી પ્રેમશંકરે પિરછલ્લાની શાળામાં અભ્યાસ કરેલો. ગરાસિયાઓના છોકરાનો માર ખાવાનો લ્હાવોય મળેલો એમને. તેઓ ગુજરાતના લેકસેવક અને ‘શિશુવિહાર’ ના સ્થાપક માનભાઇ ભટ્ટના નાના ભાઇ હતા. પ્રેમશંકરના જીવન પર મોટાભાઇના વ્યક્તિત્વની ખાસી એવી અસર પડેલી. બંન્ને ભાઇઓ સનાતન હાઇસ્કૂલમાં સાથે ભણતા. મોટાભાઇ માનભાઇને ભણવામાં ઝાઝાં રસ-રુચિ નહીં. એમને તો રખડવામાં જ મજા આવતી. માનભાઇની સાથે સાથે પ્રેમશંકર પણ રખડતાં થઇ ગયેલા. પ્રેમશંકરને પિતાએ સનાતન હાઇસ્કૂલમાંથી ઊઠાડી લઇ ‘દક્ષિણામૂર્તિ’ માં દાખલ કર્યા. અહીં એમના જીવનની દિશા બદલાઇ. યોગાનુયોગ પણ કેવો ? જે દિવસે તેઓ ‘દક્ષિણામૂર્તિ’ માં દાખલ થયા તે જ દિવસે ગુજરાતના બે ઊંચા દરજજાના સાહિત્યકારો પ્રહ્લાદ પારેખ અને કૃષ્ણલાલ શ્રીધરાણી પણ દાખલ થયા અને પછી તો આ ત્રણેય પાકા મિત્રો બની ગયા.

ત્રણેય જણાએ માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું. ઉચ્ચ શિક્ષણ માટે પણ ત્રણેય સાથે જ ‘ગુજરાત વિદ્યાપીઠ’ માં દાખલ થયા. અહીંથી સ્નાતક થયા પછી પણ આગળના અભ્યાસ માટે ત્રણેય મિત્રો ‘શાંતિનિકેતન’ પણ સાથે જ ગયેલા. અહીંથી ત્રણેય મિત્રોના રસ્તાઓએ દિશા બદલી. છૂટા પડવા છતાં તેમની દોસ્તીમાં કદી ઓટ આવી ન હતી. આમ તો ત્રણેય મિત્રો સમદુઃખિયા હતા. પ્રેમશંકરને મા ન હોતી, પ્રહલાદને પિતા ન હતા, તો કૃષ્ણલાલે માં અને બાપ બંન્ને ગુમાવેલા. દક્ષિણામૂર્તિમાં ત્રણેય જણ નાના ભાઇના પ્રેમ અને લાગણીથી મોટા થયેલા.

ઈ.સ. ૧૯૨૮ માં ‘બારડોલી સત્યાગ્રહ’ વખતે સંસ્થાના શિક્ષક ગોપાલદાસ કુલકર્ણી સાથે ત્રણેય મિત્રો પણ બારડોલી ગયેલા. પણ પછી નાના ભાઇ ભટ્ટની તાકિદ થતાં તેમને પાછા ફરવું પડેલું. વિદ્યાપીઠની પાછળના ભાગે ગાડીના પાટા પર બેસી ભાવનગર જતી ટ્રેનને એ તાકીને જોયા કરતા હતા. ભાવનગર જતી ગાડીને ઉદ્દેશી કહેલી કવિતા ‘પીપ પીપ ગાડી’ ખૂબ લોકપ્રિય બની ગઇ.


વિદ્યાપીઠમાંથી નીકળી તેઓ ધરાસણાના મીઠાના સત્યાગ્રહમાં જોડાયા. રામપુરા છાવણીના તેઓ સુકાની થયેલા. પછી તો તેમને સાબરમતી અને પરવડાની જેલના પણ ઘણાં અનુભવો થયા.

ઈ.સ. ૧૯૩૩માં પંડિત નહેરુ અને કમલા નહેરુ ઈન્દિરાજીને 'શાંતિનિકેતન' માં મૂકવા આવેલાં ત્યારે પ્રેમશંકરહે નેહરુની ગાંધી ટોપી જોઈ કહેલું : 'નેહરુજી આપની ટોપી ઊંધી છે.' નેહરુજીએ હળવાશમાં જવાબ આપતા તેમને કહેલું : 'દોસ્ત! માત્ર ટોપી જ ઊંધી છે, મારું માથું ઊંધું નથી હોં !'

ભવનગરના મહારાજની છાત્રવૃત્તિની મદદથી પ્રેમશંકરભાઈ જર્મની પણ ગયેલા. જર્મની અને સ્વીટ્ઝરલેન્ડની સીમા પર બ્લેક ફોરેસ્ટમાં આવેલી ફ્રાઈબુર્ગ યુનિવર્સિટીમાં બાળક કેળવણીનાં શિક્ષણ અને તાલીમ લઈ આવ્યા બાદ ૧૫ વર્ષ 'ઘરશાળા' માં વીતાવ્યાં. તેઓએ ત્યાં આચાર્યનું પદ સભાળ્યું હતું. તેમણે મહાલક્ષ્મી મીલના કામદારોની મજૂર કલ્યાણ પ્રવૃત્તિઓમાંય રસ લીધો હતો. મજૂર વર્ગના તેઓ ખૂબ જ માનીતા રહ્યા. પછી મોટાભાઈ માનભાઈની સંસ્થા 'શિશુવિહાર'ની પ્રવૃત્તિઓ તેઓ સેવાભાવે કરતા રહ્યા છે. તેમની સેવાભાવનાને તેમની જ જાણીતી કવિતા, જે આપણાં પાઠ્યપુસ્તકોમાં સળંગ ૫૦ વરસો સુધી રહી છે, તેનો ઉલ્લેખ કરીને આપણે ઋણ સ્વીકાર કરીશું.-

" તું નાનો હું મોટો, એવો ખ્યાલ જગતનો ખોટો;"
આ નાનો, આ મોટો, એવો મૂરખ કરતા ગોટો.
નાના છોડે મહેંકી ઊઠે, જેવો ગુલાબ ગોટો;
ઊંચા ઊંચા તાડે તમને જડશે એનો જોટો ?
ખારાં જળનો દરિયો ભરિયો, મીઠાં જળનો લોટો;
તરસ્યાને તો દરિયાથીયે, લોટો લાગે મોટો.
મન નાનું તે નાનો, જેનું મન મોટું તે મોટો;
તું નાનો, હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો.





## (૯૫)

# ન્હાનાલાલ

## (૧૬, માર્ચ, ઇ.સ.૧૮૭૭)

'પ્રભુએ બાંધી પાળ રસસાગરની પુણ્યથી' એ જેમની કવિતાનો આદર્શ હતો તેવા અને કાવ્યો દ્વારા ઘેરો પ્રભાવ ઊપજાવનાર કવિ ન્હાનાલાલનો જન્મ અમદાવાદમાં ૧૬, માર્ચ, ૧૮૭૭ ના રોજ થયેલો. તેઓ કવિશ્રી દલપતરામના પુત્ર હતા. દલપતરામના ત્રીજાં પત્ની રેવાબાનું ચોથું સંતાન. રાજકોટ પાસેના લોધિકા ગામની ગામઠી શાળામાં કક્કાનો 'ક' પાડેલો. પછી તેમણે અમદાવાદમાંથી શિક્ષણ લીધેલું. બાળપણમાં ભારે મસ્તીખોર અને સ્વચ્છંદી એવા ન્હાનાલાલ ઘેરથી ત્રણેક વાર નાસી ચૂકેલા. ગઈ સદીના ગુજરાતી સાહિત્યના અગ્રણીય કવિ એવા દલપતરામને પુત્રના ભવિષ્યની ચિંતા હેરાન કરી મૂકતી હતી. આથી તેમણે તેમને પોતાના મિત્ર અને મોરબીની હાઈસ્કૂલના આચાર્ય કાશીરામ દવે પાસે ભણવા બેસાડ્યા.ઈ.સ. ૧૮૯૩માં તેમણે અહીંથી મેટ્રિક પાસ કરેલી. ત્યાર બાદ મુંબઈ, પૂના અને અમદાવાદની કોલેજોમાં શિક્ષણ લઈને ઈ.સ. ૧૮૯૯માં બી.એ. અને એમ.એ. થયેલા.

અનુસ્નાતક પદવી પ્રાપ્ત કર્યા પછી સાદરાની સ્ટેટ કોલેજમાં તથા રાજકોટની રાજકુમાર કોલેજમાં તેમણે ઈ.સ.૧૯૦૨થી ઈ.સ.૧૯૧૭ સુધી એમ પંદર વર્ષ અધ્યાપક તરીકે નોકરી કરી હતી. ત્રણેક વર્ષ તેમણે દીવાનગીરી પણ કરેલી. ઈ.સ. ૧૯૧૮માં સૌરાષ્ટ્ર એજન્સીના શિક્ષણાધિકારી તરીકે તેઓ પસંદ થયા હતા. બે એક વર્ષ આ સ્થાન પર રહ્યા પછી અસહકારની ચળવળ શરૂ થતાં તેમણે નોકરીમાંથી રાજીનામું આપી દીધેલું. તે પછી તેમણે કોઈ નોકરી સ્વીકારી ન હતી અને જીવન સરસ્વતીના ચરણોમાં ભેટ કરી દીધું હતું.

બાળપણથી જ સ્વામીનારાયણ સંસ્કારને વરેલા ન્હાનાલાલને સંપ્રદાયનાં પદો અને ભજનોએ સંવેદનશીલ બનાવેલા. સાહિત્યના સંસ્કાર તો કવિ પિતા તરફથી લોહીમાં જ પ્રાપ્ત થયેલા. વળી તેમના ઘડતરમાં કશીરામ દવેનો બહુમૂલ્ય ફાળો રહેલો. તેમનાં ધર્મપત્ની માણેકબાનાં પ્રેમ અને હૂંફ એમને માટે પ્રેરણા સ્રોત બની રહેલાં. ફારસી અને ઈતિહાસના અભ્યાસુ ન્હાનાલાલને 'શાહનશાહ અકબરશાહ' અને 'જહાંગીર-નૂરજહાં' જેવાં નાટકો લખવાની પ્રેરણા તેમના ઈતિહાસ પ્રેમમાંથી જ મળેલી.

પશ્ચિમી સાહિત્યના ગહન પરિશીલનની છાપ તેમના સાહિત્ય પર પણ પડેલી. પ્રેમ અને ભક્તિ તેમના જીવનના મુખ્ય રંગો હતા તેથી જ કદાચ તેમણે તેમનું તખલ્લુસ 'પ્રેમભક્તિ' રાખ્યું હશે. તેમનું સાહિત્ય સર્જન વિપુલ છે.તેમણે કવિતાના તમામ પ્રકારો પર કલમ ચલાવી છે. તેમણે આપેલાં રાસગીતોથી ગુજરાતની પ્રજા માલામાલ થઈ ગઈ છે. નરસિંહ, મીરાં અને દયારામ પછી જો કોઈ કિવએ ગુજરાતીઓને અનંદસાગરમાં હિલોળા લેવડાવ્યા હોય તો તે છે એક માત્ર ન્હાનાલાલ. તેમણે ગુજરાતી કવિતામાં 'ડૌલનશૈલી'નો નૂતન પ્રયોગ કર્યો છે. તેમના કેટલાંય ગીતો પહેલ પાડેલા હીરા જેવાં અતિ કીંમતી પૂરવાર થયાં છે.

'ઝીણા ઝીણા મેહ' કાવ્યને કેટલાંક વિવેચકોએ 'ગુર્જરીની ચૂનીનું મોતી' કહી બિરદાવ્યું છે. ન્હાનાલાલ વસંતના કવિ છે. એમના જેવાં વસંતગીતો આજ સુધી ગુજરાતીમાં લખનાર બીજો કોઈ કવિ પેદા થયો નથી. 'ફૂલડાં કટોરી', 'શતદલ પદ્મ', 'શરદ પૂનમ', 'લગ્નતિથિ', 'મારે જાવું પેલે પાર', 'પાર્થને કહો ચઢાવે બાણ' જેવી અનેક સંઘેડા ઉતાર રચનાઓ આપવામાં તેઓ સફળ રહ્યા છે.

'કેટલાંક કાવ્યો-ભાગઃ૧ થી ૩', 'રાજસૂત્રોની કાવ્યત્રિપુટી'(૧૯૦૩), 'નાના નાના રાસ-ભાગઃ૧ થી ૩', 'ચિત્રદર્શનો (૧૯૨૧)', 'પ્રેમભક્તિ ભજમાળા (૧૯૨૪)', 'ગીતમંજરી - ભાગઃ૧ અને ૨', 'દામ્પત્યસ્રોત્રો'(૧૯૩૧), 'બાળકાવ્યા'(૧૯૩૧), 'ગુરુદક્ષિણા'(૧૯૩૫), 'લોલિંગરાજ'(૧૯૩૯),



'મહેરામણનાં મોતી'(૧૯૩૯), 'કર્ણાવતી'(૧૯૪૦), 'સોહાગણ'(૧૯૪૦), 'પાનેતર'(૧૯૪૧), 'પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિંદુ'(૧૯૪૧), 'વસંતોત્સવ', 'ઓજ અને અગર', 'કુરુક્ષેત્ર', 'હરિ દર્શન'(૧૯૩૨), 'વેણુવિહાર'(૧૯૪૨) અને 'હરિસંહિતા'(૧૯૪૪) એમના કાવ્યસંગ્રહો છે.


'ઈન્દુકુમાર'. 'પ્રેમકુંજ'(૧૯૨૨), 'ગોપિકા'(૧૯૩૫), 'પુણ્યકથા' (૧૯૩૭), 'જગતપ્રેરણા'(૧૯૪૩), 'અજિત અને અજિતા'(૧૯૫૨), 'અમરવેલ'(૧૯૫૪), 'જયા-જયંત'(૧૯૧૪) અને 'વિશ્વગીતા'(૧૯૨૭) તેમની નાટ્યકૃતિઓ છે. તેમણે 'ઉષા' અને 'સારથિ' નામની બે નવલકથાઓ તથા 'પાંખડિયો' નામનો એક વાર્તાસંગ્રહ પણ આપ્યાં છે. સાહિત્ય સર્જક હોવાની સાથે તેઓ સારા અનુવાદક અને તટસ્થ વિવેચક પણ હતા.

અર્વાચીન સમયમાં પ્રભુભક્તિનાં કાવ્યોની રચનમાં ન્હાનાલાલનો ફાળો સર્વોત્તમ રહેલો છે. 'પ્રેમભક્તિ ભજનમાળા' માં તેમનાં ભજનો સંગ્રહાયાં છે. તેમનાં કેટલાંક ભજનો તો ગુજરાતી ભક્તિ સાહિત્યનાં આભૂષણો બની રહ્યાં છે. જેમ કે,

'પેલાં દિવ્ય લોચનિયા રે પ્રભુ કયારે ઉઘડશે ?', 'મારાં નાયણાંની આળસ રે, ન નિરખ્યા હરિ ને જરી...'

ગુજરાતી સાહિત્યના હૃદય સમા આ મહાકવિ ૯, જાન્યુઆરી, ઈ.સ.૧૯૪૬ ના દિવસે ચન્દ્રીએ મોકલેલા અમૃતમાં ઓગળી ગયા હતા.

●



## (૯૬)

# કાર્લ માર્ક્સ

## (અવસાન : ૧૭, માર્ચ, ઇ.સ. ૧૮૮૩)

''દુનિયા મજૂરો એક થાઓ, તમારે તમારી જંજીરો સિવાય કશું જ ગુમાવવાનું નથી'' એવી હાકલ કરનાર રાજનીતિજ્ઞ, ચિંતક, સફળ વક્તા અને લેખક એવા કાર્લ માર્ક્સનો જન્મ ૫,મે, ઇ.સ.૧૮૧૯ માં જર્મનીના એક યહૂદી પરિવારમાં થયો હતો. તે 'સામ્યવાદ' નો મૂળ સ્થપાક હતો. ઈતિહાસ, આર્થિક અને ભૌતિક જરૂરિયાતો મુજબ બદલાય છે અને સર્જાય છે એવી એની માન્યતા હતી.

વિદ્યાર્થી અવસ્થામાં જ તેણે ધનની ઠેકડી ઉડાડી માતા-પિતાની ઊજળી આશાઓ ઉપર પાણી ફેરવી દીધું હતું. સમાજવાદી વિચારધારાના પ્રવર્તક કાર્લ માર્ક્સ જીના યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. ની પદવી મેળવી ચૂક્યો હોવા છતાં તેના બંડખોર અને ક્રાંતિકારી વિચારોને લીધે નોકરી મેળવવાનાં એને ફાંફાં પડી ગયેલાં. પરિણામે ના છૂટકે તેને પત્રકારત્વના વ્યવસાયમાં ઝંપલાવવું પડેલું. થોડાક જ વખતમાં તેણે ક્રાંતિકારીઓની આગેવાની લઈ લીધેલી.

એને જર્મનીથી ભાગીને ફ્રાન્સના પેરિસમાં ચાલ્યા જવું પડેલું. પેરિસમાં તેના જેવા જ વિચારો ધરાવતો ફ્રેડરિક એન્જલ્સ તેનો મિત્ર બની ગયો. પણ તેનું નસીબ બે ડગલાં પાછળ હતું. તે પેરિસમાં પણ ઝાઝો વખત રહી શક્યો ન હતો. તે બ્રસેલ્સ ગયો અને તેના મિત્ર સાથે મળીને તેણે 'સામ્યવાદી જાહેરનામા' ની ઘોષણા કરી. આ જાહેરનામાની ઘોષણા થયા પછી બેલ્જિયમ સરકારે તેને દેશમાંથી હદપાર કરેલો તેથી તે પેરિસ થઈ પાછો સ્વદેશ ગયો હતો. ઇ.સ.૧૮૪૮નો બળવો અસફળ થયા પછી ૩૨ વર્ષની ઉંમરે થાકેલો તે ઇંગ્લેન્ડ રહેવા ચાલ્યો



ગયેલો. એણે આજીવન ત્યાં જ વસવાટ કરવાનું પસંદ કરેલું. અહીં તેણે ખાણમજૂરોની સ્થિતિ નજીકથી જોઈ. તેણે તેના સમાજવાદી વિચારોને આધારે તેણે કહેલું કે ઇંગ્લેન્ડ અને જર્મની જેવા દેશો વિશ્વમાં સૌથી પહેલાં સામ્યવાદી બનશે પણ સર્વપ્રથમ સામ્યવાદ તો રશિયાએ અપનાવ્યો હતો.

તેના જીવનના મહાન અને અંતિમ કાર્યસમો જગપ્રસિદ્ધ ગ્રંથ 'દાસ કેપિટલ' તેણે અહીં ઇંગ્લેન્ડમાં લખ્યો હતો. સામ્યવાદીઓનું બાઈબલ ગણાતા 'દાસ કેપિટલ'ની રચના કર્યા પછી તેણે આ ગ્રંથનો બીજો ભાગ તૈયાર કરી પત્નીને અર્પણ કરવા વિચારેલું પણ પત્નીનું અવસાન થતાં એ તૂટી ગયો અને અંતે ૧૪, માર્ચ, ૧૮૩૩ ના રોજ એ કારમી ગરીબી અને અસહ્ય દુઃખદ જિંદગી ગુજારી અવસાન પામ્યો.

તેણે તેના ગ્રંથમાં મજૂરોના બળવાની ભયાનક આગાહી કરી છે. એણે એમ પણ લખ્યું છે કે વહેલો મોડો મૂડીવાદ એની મેળે જ ખતમ થઈ જશે અને તે તેના અનુગામીને જન્મ આપશે. તેના મત પ્રમાણે તે નવી વ્યવસ્થા સમાજવાદી હશે. જેમાં સંપત્તિની માલિકી આખા સમાજની હશે. તેણે પોતાના પુસ્તક 'દાસ કેપિટલ'માં મૂડીવાદી વ્યવસ્થા કેવી રીતે પોતાના જ વિનાશ તરફ આગળ વધી રહી છે તેનું ઝીણવટભર્યુ વિશ્લેષણ કરેલું છે. ૨૫૦૦ પાનના આ દમદાર મહાગ્રંથમાં માર્ક્સે સૌથી પહેલાં આદર્શ મૂડીવાદી વ્યવસ્થાનું નિરૂપણ કર્યુ છે. મૂડીવાદી વ્યવસ્થાનો અનુગામી કેવો હશે તેના વિશે માર્ક્સે મૌન સેવ્યું છે. પણ તેણે એટલું જરૂર કહ્યું છે કે નવી વ્યવસ્થા વર્ગવિહીન સમાજ રચનાની હશે. તેણે લખ્યું છે કે, સમાજવાદના સંક્રાંન્તિકાળમાં કામદારોની સરમુખત્યારશાહી રહેશે અને શુદ્ધ સામ્યવાદનું અવતરણ થશે.

'દાસ કેપિટલ' માર્ક્સનો મૂડીવાદના વિનાશનું આલેખન કરતો ગ્રંથ છે છતાં એ 'કયામતના દિવસ પછીનું વિશ્વ કેવું હશે' તે વિશે તેણે એક હરફ પણ ઉચ્ચાર્યો નથી. ૧૭, માર્ચ, ઇ.સ.૧૮૮૩ ના રોજ કાર્લ માર્ક્સ અવસાન પામેલા.



## (૯૭)

# સિદ્ધેશ્વરીદેવી

## (૧૮, માર્ચ, ઇ.સ.૧૯૭૭)

બનારસના એક સંગીતના વ્યવસાયી પરિવારમાં સિદ્ધેશ્વરીદેવીનો જન્મ ઇ.સ.૧૯૦૮માં થયો હતો. તેમના બાળપણમાં જ મા અવસાન પામ્યાં હોઇ તેમને બનારસના વિખ્યાત ગાયિકા તેમનાં માંસી રાજેશ્વરીદેવએ ઉછેરીને મોટા કર્યાં હતાં. આમ સંગીતનો વારસો અને તાલીમ બાળપણથી જ એમને મળેલાં, ત્યાર પછી તેમને તેમના ગુરુ સિયાજી મહારાજ, દેવાસના ઉસ્તાદ રજબ અલીખાં તથા લાહોરના ગુરુ ઇનાયતખાં પાસેથી સંગીતની શિક્ષા અને દીક્ષા પ્રાપ્ત કર્યાં હતાં. પણ તેમને સંગીતની ખરી તાલીમ તો બનારસના મહાન સંગીતકાર બડે રામદાસજી પાસેથી પ્રાપ્ત થઇ હતી. તેથી છેવટે તેમને જ સિદ્ધેશ્વરદેવીએ પોતાના ખરા ગુરુ માનેલા.

તેમણે અથાક સાધના અને પરિશ્રમ કરીને આલાપ, મુરકી, કણ, મીંડ, પુકાર, બોલ-બનાવ વેગેરની સહાયતાથી સંગીતની સુંદર ઈમારત ઊભી કરી હતી. તેમણે સંગીતની તેમની આરાધનાને કીર્તિકળશ સુધી પહોંચડવામાં અદ્‌ભૂત સફળતા હાંસલ કરી હતી. સાગરમાં ભરતી આવતાં ઊછળતી લહેરોની જેમ ચડતા સ્વરો ઉપર મુકામ કરતાં કરતાં તાર-સપ્તકના ષડજ થોડીવાર જંપી જઇને પછી વિવિધ સ્વરોને રમાડતાં રમાડતાં બુલંદ છતાં સૂરીલા અવાજે સ્વરચિત સંગીત આસવના ગોપુરમ્ તથા કળશ પર પહોંચી જતાં એમનો અવાજ સાંભળી ભાવકોનાં દિલ ડોલી ઊઠતાં હતાં. તેઓ જ્યારે તેમની ગાયકી રજૂ કરતાં ત્યારે સમાધિસ્થ થઇ જતાં. એમના અંતરના તાર જાણે ઈશ્વર સાથે જોડાઇ જતા અને વાતાવરણમાં અધ્યાત્મિક અનુભૂતિના તરંગો ઊઠી જતા. એ ગાતાં ત્યારે એમનો




સૂર નાભિમાંથી છલકતો હતો અને શ્રોતાઓને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવતો હતો જાણે ! એમની ઠુમરી, કજરી અને હોરીની ગાયકી શ્રોતાઓને ભાવવિભોર કરી મૂકતી.

તેઓ સંગીતને સાધના અને આરાધના સમજતાં હતાં. તેમને મન સંગીતનું, તપશ્ચર્યાથી જરાય ઓછું મૂલ્ય ન હતું. એ જ્યારે એમના સંગીતમાં લીન થઇ જતાં ત્યારે જાણે ઈશ્વરની સાવ સમીપ પહોંચી જતાં. એ એવાં તો ભાવવશ થઇ જતાં કે એમનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગતી.

સિદ્ધેશ્વરીદેવીએ અનેક શિષ્યાઓને તૈયાર કરી હતી. આ બધામાં તેમની દીકરીઓ શાંતાદેવી તથા સવિતાદેવી, રીટા ગાંગુલી અને કૌમુદી મુનશી મુખ્ય છે. વિશ્વવિખ્યાત ગાયિકાઓ કેસરબાઇ અને સુબાલક્ષ્મીએ પણ તેમની પાસેથી ભજનો ગાવાની તાલીમ લીધી હતી. એમની દરેક શિષ્યા એમને 'માં' કહીને સંબોધતી હતી.

ભારત અને વિશ્વની આ મહાનતમા સૂરસામ્રાજ્ઞી સિદ્ધેશ્વરીદેવીને ભારત સરકારે 'પક્ષશ્રી'નો ખિતાબ આપી તેમનું સન્માન કર્યું હતું. રવીન્દ્ર ભારતી વિશ્વવિદ્યાલયે તેમને માનદ્ ડૉક્ટરેટની પદવી અર્પણ કરી હતી. હળવા શાસ્ત્રીય સંગીતની શૈલીનાં તેઓ સર્વશ્રેષ્ઠ કલાકાર હતાં. તેમણે ઇંગ્લેન્ડના એડિનબર્ગ ફેસ્ટિવલમાં પણ તેમનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ સમર્થ સૂરસામાજ્ઞીનો સંગીતદીપક ૧૮, માર્ચ, ૧૯૭૭માં બુઝાઇ ગયો હતો.



## (૯૮)
# આચાર્ય કૃપલાની
## (અવસાન : ૧૯, માર્ચ, ઇ.સ. ૧૯૮૨)

મહાત્મા ગાંધીએ અમદાવદામાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને તેના સૌથી પ્રથમ આચાર્ય કૃપાલાનીજીને બનાવેલા. ત્યારથી તેઓ 'આચાર્ય' તરીકે જ ઓળખાયેલા. કૃપાલાની તો તેમની પારિવારિક અટક હતી. તેમનું નામ તો હતું જીવતરામ ભગવાનદાસ કૃપાલાની. તેમનો જન્મ સિંઘ પ્રાંતના હૈદરાબાદમાં ઇ.સ.૧૮૮૮માં ખાનદાન આમિલ કુટુંબના નિવૃત્ત તહેસીબદાર પિતાને ત્યાં થયો હતો. પિતાના આઠ સંતાનોમાં તેઓ છઠ્ઠું સંતાન હતાં. મેટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરીને તેઓ વધુ અભ્યાસ માટે મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા હતા. આમ તો પુસ્તકો વાંચવા તરફ એમને ભારે ચીડ હતી. અતિ સંવેદનશીલ હૃદય ધરાવતા તેમને કવિતા પ્રત્યે અપાર રુચિ હતી.

ભારતમાં અંગ્રેજોની હકૂમત તેમનાથી સહન થતી ન હતી. તેમના હૃદયમાં છલોછલ દેશપ્રેમ ભરેલો હતો. અંગ્રેજી સાહિત્ય અને સાહિત્યકારો પ્રત્યે પણ એમની નફરત એવી જ હતી. એઓ કૉલેજમાં ભણતા હતા એ સમયે ઇ.સ.૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડી હિન્દુ-મુસ્લિમ એકતા પર ઘા કરેલો. રાષ્ટ્રીય રંગે રંગાયેલા કૃપાલાનીજીએ બંગભંગ વિરોધી ચળવળમાં આગળ પડતો ભાગ ભજવેલો. એમને અંગ્રેજોનો વિરોધ કરવાને લઈ વારંવાર કોલેજો પણ બદલવી પડેલી. ચોવીસ વર્ષની ઉંમરે ઇ.સ.૧૯૧૨માં તેમણે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરેલી.

એમની વાણી રમૂજ ભરેલી અને વ્યંગાત્મક હતી. બુદ્ધિની તેજસ્વીતાથી શ્રોતાઓને તેઓ મંત્રમુગ્ધ કરી દેતા. તેમની કોઠાસૂઝની તો વાત ના પૂછો! સ્વભાવે



તેઓ નીડર હતા. બાર વર્ષ સુધી તેઓ કોંગ્રેસ કારોબારીના સભ્ય પદે રહેલા. બિહારમાં તેઓ નોકરી કરતા હતા ત્યારે ત્રાસવાદીઓના સંપર્કમાં આવેલા. ઉદ્દામવાદી વિચારસરણીને લઇ તેમને કોલેજ છોડવાનો વારો આવેલો. તે પછી મદન મોહન માલવિયાજીની બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં અને કાશી વિદ્યાપીઠમાં જોડાયેલા. અંતે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઈ સ્થિર થયેલા.

ભારતીય સંસ્કૃતિના પરમ ઉપાસક એવા કૃપાલાનીજી ઈતિહાસનું વિશદ જ્ઞાન ધરાવતા હતા. તેમનાં વ્યાખ્યાનો તર્કશુદ્ધ હતાં. તેઓ ગુજરાત વિદ્યાપીઠમાંથી છૂટા થઈ ઉત્તર પ્રદેશની ખાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા. આ સમયે બનારસ હિન્દુ યુનિવર્સિટીનાં રાજકારણનાં પ્રાધ્યાપિકા સુચેતા મઝુમદારનો તેમને પરિચય થયેલો. આ પરિચય પરિણયમાં પરિણમેલો. અંતે તેમણે ઇ.સ.૧૯૩૬માં સુચેતા સાથે લગ્ન કરી લીધેલાં. રાજકીય વિચારસરણીમાં પતિ-પત્ની ભિન્નતાવાળાં હોવ છતાં તેમનો સંસાર સુખરૂપ ચાલેલો.


તેઓનો સ્વદેશપ્રેમ અદ્‌ભુત હતો. સ્વતંત્રતાની લડતમાં પણ તેમણે અગ્ર ભાગ ભજવેલો. દેશ આઝાદ થઈ ગયા પછી તેમણે કોંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું ધરી દીધેલું. કોંગ્રસમાંથી છૂટા પડ્યા પછી તેમણે 'કૃષિ મજદૂર પ્રજા પાર્ટી' સ્થાપના કરેલી અને 'વિજિલ' નામનું એક સાપ્તાહિક પણ ચાલું કરેલું. તેમણે સ્થાપેલી 'કૃષિ મજદૂર પાર્ટી' આખરે 'પ્રજા સોશ્યાલિસ્ટ પાર્ટી' માં ભળી જવાથી તેમણે તે પાર્ટી સાથે પણ છેડો ફાડી દીધેલો.

મહાત્મા ગાંધીના વિચારો અને આદર્શોને તેઓ ચુસ્ત રીતે વરેલા હતા તેમ છતાં ગાંધીવાદના એકે એક સિદ્ધાંતને કસોટીની એરણ પર ચઢાવી ચકાસ્યા પછી જ તેનો સ્વીકાર કરતા. હા, તેઓ ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા. ગાંધીમૂલ્યોને તેઓ તેમની મૌલિક દ્રષ્ટિથી મૂલવતા હતા. આંધળું અનુકરણ કરવાનું એમના સ્વભાવમાં ન હતું. ગાંધી તત્વજ્ઞાન અને ગાંધીવિચારધારાના સંદર્ભમાં એમણે ઘણું લખ્યું છે. તેમણે લખેલાં પુસ્તકોમાં 'ધ ગાંધીયન વે' ,

'નોન વાયોલન્ટ રૅવોલ્યુશન', 'ધ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ', અને 'ધ ગાંધીયન ક્રિટીક' ઘણાં લોકપ્રિય થયેલાં છે.

ગાંધીયુગના આ મહાન વિચારકની જિંદગીનો અંત ૧૯, માર્ચ, ઈ.સ.૧૯૮૨ ના રોજ અમદાવાદ ખાતે આવેલો.

●







(૯૯)

# હેન્રીક ઇબ્સન

## (૨૦, માર્ચ, ૧૮૨૦)

બાળપણથી દોમ દોમ સાહાબીમાં ઉછરેલા યુરોપીયન રંગભૂમિના યશસ્વી નાટ્યસર્જક હેન્રીક ઈબ્સનનો જન્મ વેપારી પિતા કનુડ ઈબ્સનના ઘરમાં, નોર્વેના દક્ષિણના દરિયાકિનારે વસેલા સ્કીએન નામના એક ગામડાંમાં ૨૦, માર્ચ, ૧૮૨૦ના રોજ થયો હતો. જન્મથી જેના પર દુ:ખનો પડછાયો શુદ્ધાં નહોતો પડ્યો એવા ઈબ્સનની આઠ વર્ષની ઉંમર પછી કઠોર સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો. તેમના પિતાને વેપારમાં એવી ભારે ખોટ ગયેલી કે પછી ક્યારેય સરભર થઈ શકેલી નહીં. પરિણામે આખો પરિવાર ગરીબીની ચક્કીમાં પીસાવા લાગ્યો.

બાળપણથી ઈબ્સન ચિત્રો દોરવામાં પાવરધા હતા. રંગ અને રેખાની સૂક્ષ્મ સૂઝ હતી. એમને એ કલામાં પારંગતતા પ્રાપ્ત કરવી હતી. પણ નસીબે યારી આપી નહીં, કલાનું શિક્ષણ આપતી સંસ્થામાં ભણવા જેટલાં પૈસા ન હતા એમના પિતા પાસે. આર્થિક સ્થિતિ એવી તો ખરાબ કે એમને કોમળ વયે કમાણી માટે કામ કરવાની ફરજ પડેલી.

ફ્રાન્સની રાજ્યક્રાંતિની ચિત્ર વિચિત્ર ઘટનાઓએ એમના હૈયાની લાગણીઓને છંછેડી. તે લાગણીઓને શબ્દદેહ આપવાનું તેમને મન થયું. તેઓ સાહિત્યમાં રસ લેતા થયા. તેમણે તેમની લાગણીઓને કાગળ ઉપર વહેતી મૂકી. એમાંથી સર્જાયા કેલાંક કાવ્યો. પણ એમની રુચિ તો રંગભૂમિ પર ભજવાતાં નાટકો તરફ વિશેષ હતી. તેમણે નાટક લખવા વિચાર્યુ. ઈ.સ.૧૮૫૦ માં તેમણે લખેલું સૌપ્રથમ નાટક ત્રણ વાર થિયેટરમાં ભજવાયેલું ત્યારે ઈબ્સન માત્ર ૨૨ વર્ષની

ઉંમરના હતા.

નાટકને સમર્પિત થઈ ગયેલા ઈબ્સન ઈ.સ.૧૮૫૧માં ભરયુવાન વયે, નોર્વેની રાજધાની બર્જેનમાં સ્થપાયેલી 'નોર્વેજિયન રંગભૂમિ' સાથે જોડાયા. તેમને શરૂઆતમાં મુખ્ય નાટક લખનાર લેખકના સહાયકની ભૂમિકા નીભાવવી પડેલી પછી રંગમંચની ખૂબીઓના વિશદ અધ્યયન માટે તેઓ જર્મની અને ડેનમાર્ક પણ ગયેલા. એમનો એ માટેનો તમામ ખર્ચ 'નોર્વેજિયન રંગભૂમિ' એ ઊઠાવ્યો હતો.

એના બદલામાં સંસ્થાએ તાલીમ પૂર્ણ થયા પછી સ્ટેજ મેનેજર તથા દિગ્દર્શનની જવાબદારી અદા કરવાની શરત મૂકી હતી. વળી દર વર્ષે એક નવું નાટક લખી આપવાનું પણ તેમને કહેવામાં આવ્યું હતું. આ શરત મુજબ તેમણે 'સેન્ટ જોન્સ નાઈટ', 'ધ વોરિયર્સ બેરો' અને 'લેડી ઈન્ગેર ઈન્ગેર ઓફ ઓસ્ટ્રાટ' જેવાં ત્રણ નાટકોનું સર્જન કરીને તેમને રંગમંચ ઉપર રજૂ કર્યા હતા.


તેર વર્ષ સુધી રંગભૂમિ સાથે જોડાયેલા રહેલા ઈબ્સને 'ધ ફીસ્ટ ઓફ સોલહોગ', 'લવ્ઝ કૉમેડી', 'ધ વાઈકિંગ્સ એટ હેલ્જીબેન્ડ' અને 'કિંગ મેક્સ' જેવાં નાટકોનું તેમણે સર્જન કર્યુ હતું.

પણ પછી ૩૬ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૮૬૪માં તેઓ ઈટાલી ચાલ્યા ગયેલા. અહીં તેમણે 'બ્રેન્ડ' અને 'પિયરજિન્ટ' નામનાં બે કાવ્ય નાટકોની રચના કરી હતી. પછી તેઓ જર્મની ગયેલા. એ પછીના વર્ષોમાં તેમણે માત્ર ત્રણ નાટકો 'એમ્પરર એન્ડ ગેલેલિયન', 'ધ બીગ ઓફ યુથ' અને 'ધ પિલર્સ ઓફ સોસાયટી' લખેલાં. તેમનાં બધાં નાટકોમાં 'એમ્પરર એન્ડ ગેલેલિયન' તેમની સર્વશ્રેષ્ઠ નાટક રચના રહી છે. એ પછી એમણે 'એ ડોલ્સ હાઉસ' નામના સૌથી લોકપ્રિય નાટકની રચના કરી હતી. એ નાટકને કલાવિવેચકોએ ઈબ્સનના સર્વશ્રેષ્ઠ નાટક તરીકે નવાજ્યું હતું. એ નાટકની સફળતા પછી એમણે ઈ.સ. ૧૮૮૧ અને ઈ.સ. ૧૮૮૪ માં અનુક્રમે 'ધોસ્ટ્સ' અને 'ધ વાઈલ્ડ ડક' નામનાં બે નાટકો લખ્યાં



હતાં. તે પછી તેમણે 'રોસ્મરસોમ', 'લેડી ફ્રોમ ધ સી' અને 'હેડાગ્લેબર' નાટકોની રચના કરી હતી. ઈ.સ. ૧૮૯૧ માં તેઓ વતન નોર્વેમાં પછા ફરેલા ત્યારે તેમની જિંદગીનાં ૬૨ વર્ષો વીતી ચૂક્યાં હતાં ત્યારે તેઓ આખા વિશ્વમાં એક સબળ અને સફળ નાટ્યકાર તરીકે જાણીતા થઈ ગયેલા. તેમણે તેમના જીવનના છેલ્લાં આઠ વર્ષોમાં 'ધ માસ્ટર બિલ્ડર', 'લિટલ ઈયોલ્ફ', 'જ્હોન ગેબ્રિયલ બોર્કમેન' અને 'વ્હેન વી ડેડ અવેકન' જેવી ચાર નાટ્યકૃતિઓનું સર્જન કર્યુ હતું. વિશ્વના આ મહાન નાટ્યકારનું અવસાન ૨૩, મે, ૧૯૦૬માં ઓસ્લો મુકામે થયું હતું.

●





## (૧૦૦)

# બિસ્મિલ્લાખાં

## (૨૧, માર્ચ, ઇ.સ.૧૯૧૬)

શહનાઇવાદનો પર્યાય બની ચૂકેલા વિશ્વપ્રસિદ્ધ શહનાઇવાદક ઉસ્તાદ બિસ્મિલ્લાખાંનો જન્મ બિહારની કુમરાવ જાગીરમાં ૨૧, માર્ચ, ઈ.સ. ૧૯૧૬ ના રોજ થયો હતો. તેમના પરિવારમાં શહનાઇવાદન ખાનદાની વ્યવસાય તરીકે સ્વીકૃત થયેલું હતું. ભણવામાં જેમનું મન જરા પણ ચોંટતું ન હતું તેવા બિસ્મિલ્લાખાં બાળપણથી જ રમકડાંને બદલે શહનાઇ સાથે રમવા લાગેલા. શહનાઇવાદનની તેમણે કોઇની પાસે તાલીમ નહીં લીધેલી. સ્વાભ્યાસ અને સ્વપ્રયત્નોથી તેઓ આપમેળે જ શહનાઇ વગાડતાં શીખી ગયેલા. પુત્રજન્મની વધાઇ મળતાં જ હરખ પદુડા થઇ ગયેલા તેમના દાદાના મોંઢામાંથી નીકળેલા શબ્દ ‘બિસ્મિલ્લાહી’ પરથી તેમનું નામ બિસ્મિલ્લાખાં પાડવામાં આવેલું. તેઓની શહનાઇ પ્રત્યેની લગન જોઇ તેમના મામાએ તેઓ છ વર્ષની ઉમરના હતા ત્યારે એક શહનાઇ બક્ષિસ કરેલી. તેઓ શહનાઇને સંપૂર્ણ તથા સમર્પિત થઇ ચૂકેલા આંતરરાષ્ટ્રીય કલાકાર છે. વિશ્વના લગભગ બધા જ દેશોમાં તેમણે શહનાઇવાદનના કાર્યક્રમો આપ્યા છે.

તેમના પિતા પયગંબરબક્ષ તે જમાનામાં કુશળ સંગીતકાર તરીકે જાણીતા હતા. પિતાનો એ વારસો એમનામાં ઉતર્યો હતો. પાછળથી તેમણે સંગીતનું શિક્ષણ મામા અલીબક્ષ વિલાયત અને અહમદહુસેન પાસેથી મેળવેલું. એમની માતા અવસાન પામ્યા પછી એમને મોસાળમાં જ રહેવું પડેલું તેથી સંગીત શિખવાનો મોકો એમને મળી ગયેલો.


રહેણીકરણીમાં સાવ સાદા અને ફકીર જેવા લાગતા બિસ્મિલ્લાખાંનું



શહનાઇવાદન સાંભળીને શ્રોતાઓની આંખોમાં ઝળઝળિયાં આવી જતાં, ઇ.સ. ૧૯૩૦માં અલ્હાબાદના અખિલ ભારતીય સંગીત સંમેલનમાં થોડી મિનિટો માટે શહનાઇ વગાડી તેમણે સાંભળનારાઓને મંત્રમુગ્ધ કરી દીધેલા. તેઓ નીવડેલા શરણાઇવાદક હોવા છતાં સતત રિયાઝ કરવામાં પાછી પાની કરતા નહીં. ભારત આઝાદ થયા પછી સ્વતંત્રતાની ઉજવણીમાં શહનાઇવાદન માટે તેમને આમંત્રણ આપવામાં આવેલું. તેમનું શહનાઇવાદન સાંભળી દેશભરમાં સન્માનોનો વરસાદ વરસેલો.

તેઓનું વ્યક્તિત્વ સાદું, સરળ અને નિર્દંભ હતું. તેઓ હંમેશા રેલવેમાં જ મુસાફરી કરવાનું પસંદ કરતા. તેમને સિગારેટ ફૂંકવાની આદત ખરી ! તેઓ પોતે આ આદતથી વાજ આવી ગયેલા. તેઓ સંગીતને જ જીવન માનતા હતા. શહનાઇવાદન દ્વારા તેમણે અઢળક કમાણી કરી છે. તેઓ તેમના પરગજુ સ્વભાવને લઇ સગા વ્હાલાને જરૂરિયાત સમયે ભરપૂર આર્થિક મદદ કરતા રહેતા. તેઓ પાકા મુસ્લિમ છે. નિયમિત નમાઝ પઢવાનું ચૂકતાં નહીં. તેઓ નમાઝ પઢ્યા વગર શહનાઇને મોંઢે પણ અડાડતા નહીં. તેઓ રાતના એકાંતમાં જ રિયાઝ કરતા. શરણાઇ ઉપર રાગ કેઇર વગાડીને તેમણે ચંદ્રક પ્રાપ્ત કરેલો. તેમના શરણાઇવાદનથી પ્રભાવિત થયેલા અફઘાનિસ્તાનના બાદશાહે તેમનું બહુમાન કરેલું.

સંગીતનાટક અકાદમીએ પણ તેમને પુરસ્કૃત કર્યા છે. ભારત સરકારે ઇ.સ. ૧૯૫૧ માં ‘પદ્મશ્રી’ અને ઇ.સ. ૧૯૬૮ માં ‘પદ્મ વિભૂષણ’ જેવા ખિતાબોથી એમને સન્માનિત કરેલા.



## (૧૦૧)

# જોહાન્ન વોલ્ફગેંગ ગ્યુઇથે

**(અવસાન : ૨૨, માર્ચ, ઇ.સ. ૧૮૩૨)**

જેના પર જર્મન સરમુખત્યાર અને વિશ્વના શક્તિશાળી યોદ્ધા નેપોલિયન બોનાપાર્ટ ફિદા થઈ ગયેલા, જે મહાકવિ કાલિદાસની શ્રેષ્ઠ કૃતિ 'અભિજ્ઞાન શાકુંતલ' ને માથે મૂકી નાચી ઊઠેલા અને જે હોમર કે શક્સપિયર જેવી પ્રતિભા ધરાવતા હતા તે જર્મની અને વિશ્વના મહામાનવ તથા મહાકવિ ગ્યુઈથે (ગેટે) નો જન્મિ ૨૮, ઓગષ્ટ, ઈ.સ. ૧૭૪૯ ના રોજ જર્મનીના શહેર ફ્રેન્કફર્ટમાં થયો હતો. એમના પિતાનું નામ યોહાન કાસ્પર ગ્યુઈથે હતું જ્યારે માતાનું નામ એલિઝાબેથ ટેક્સ્ટર હતું. તેમના કવિતાપ્રિય પિતા નગરપતિ હતા.

ચતુર, ચપળ અને વિલક્ષણ પ્રતિભા ધરાવનર ગેટેએ માત્ર સોળ જ વર્ષની ઉંમરમાં જર્મન ઉપરાંત ઈટાલિયન, હિબ્રુ અને અંગ્રજી સાહિત્યનાં પુસ્તકોમાં રસ દાખવવા માંડેલો. બાળપણમાં તેમના પિતા અને પિતાના મિત્ર વચ્ચેની કવિતા અંગેની ચર્ચાઓ સાંભળી તેઓ કવિતા તરફ સહજ રીતે આકર્ષાયેલા.

તેમ છતાં તેમના પિતા તેમની કુશાગ્ર બુદ્ધિથી આકર્ષાઇને તેમને વકીલ બનાવવા ચાહતા હતા. તેમણે ગેટેને કાયદાનું શિક્ષણ લેવા મોકલ્યા. દરમ્યાન તેમને એક તેર વર્ષની છોકરી સાથે પ્રેમ થઈ ગયેલો. અલબત ! એ પ્રેમ નિષ્ફળ નીવડેલો પણ ત્યાર પછી તેમના નંદવાયેલા હૈયામાંથી કેટલીક પ્રેમ અને વેદના ભરેલી કવિતાઓનો જન્મ થયો.

પિતાના આગ્રહને વશ થઈ તેમણે વકીલાત શરૂ કરેલી પણ ફાવેલી નહીં.



સાહિત્યમાં ખૂંપેલા જીવને આંટીઘૂંટીમાં ક્યાંથી રસ પડે ? દરમ્યાનમાં તેમની તંદુરસ્તી ખૂબ જ કથળેલી. ઘણા દિવસો સુધી તેમને આરામ કરવો પડેલો. આ દિવસો દરમ્યાન તેમના માગજમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલેલું. અનેક ચિત્ર વિચિત્ર અનુભવો થયેલા. આમ મનમાં સાહિત્ય સર્જનની પૂર્વભૂમિકા રચાયેલી.

માત્ર પચ્ચીસ વર્ષની ઉંમરે તેમની પ્રથમ નવલકથા 'વેર્ટરની વેદના' પ્રકાશિત થયેલી, જેણે આખા યુરોપમાં આદર પ્રાપ્ત કર્યો હતો. જેનું અનેક ભાષાઓમાં ભાષાંતર થયેલું. એક અંધ સાહિત્ય વિવેચક હર્ડર સાથે તેમની મુલાકાત થઈ અને તેમણે કવિતાની કેડીએ પદાર્પણ કર્યું. કહે છે કે, તેની નવલકથાઓ એવી તો અદ્‌ભુત હતી કે ખુદ નેપોલિયન પણ તેમને વારંવર વાંચતો હતો.

ઈ.સ. ૧૭૭૫ માં ફ્રેન્કફર્ટ તેમણે છોડી દીધેલું અને વાઈમરમાં વસવાટ કરવાનું નક્કી કરેલું. વાઈમર એક રજવાડું હતું. આ રજવાડાના ઠાકોર (ડ્યૂક) ગેટેના ચાહક હતા. અહીં ગેટે ડ્યૂકને રાજકારભારમાં મદદ કરવાનું સ્વીકારી લીધેલું. ત્યાર પછી તેઓ બે વર્ષ માટે ઈટાલી ગયેલા, ઈટાલીથી વાઈમર પાછા આવ્યા બાદ વીસ વર્ષની યુવતી ક્રિસ્ટીઆના સાથે સહજીવન જીવવાનુ તેમણે શરૂ કર્યું હતું, જેણે સમાજમાં ખૂબ જ ચર્ચા જગાવી હતી. અહીં તેમણે 'ગેટે ગેસેલ સાફટ' નામની સંસ્થાની સ્થાપના કરી હતી.

ગેટેનો જર્મનીના મહાન કવિ શિલર સાથે પરિચય થયેલો. જેના પ્રભાવથી તેમણે પ્રાચીન છંદશૈલીના 'રોમન એલેજિસ'નું સર્જન કર્યું હતું. આ કૃતિને લઈ જર્મન સમાજમાં હોબાળો મચી ગયો હતો. તેમની કૃતિઓની જાહેરમાં હોળી કરવામાં આવી હતી. શિલરનું અવસાન થતાં ગેટેને ભારે આઘાત લાગેલો તેથી તે પછીના જીવનમાં તેઓ અંતર્મુખી બની ગયા હતા.ઈ.સ. ૧૮૦૮ માં તેમનું મહાકાવ્ય નાટક 'ફાઉસ્ટ' પ્રકાશિત થયું હતું. સંસ્કૃતના મહાકવિ કાલિદાસના નાટક 'અભિજ્ઞાન શાકુંતલમ્'થી એવો પ્રભાવિત થયેલો હતો કે તેને માથે મૂકીને નાચેલો.

તેમણે ઈ.સ. ૧૮૧૦ માં 'પેન્ડોરા' નું અને ઈ.સ. ૧૮૧૧ માં તેમની આત્મકથાનું પ્રકાશન કરાવ્યું હતું. તેમના મૃત્યુ પછી તેમના સમગ્ર સાહિત્યના ચાલીસ ગ્રંથો પ્રગટ થયા હતા. ક્રિસ્ટીઆનાના અવસાન થયા પછી તેમનું જીવન એકાકી બની ગયું હતું. તેમનું 'પ્રોમિથિયસ અન્બાઉન્ડ' જગતનાં શ્રેષ્ઠ કાવ્યોમાં સ્થાન પામ્યું છે.

આવા ઉત્તમ જર્મન કવિનું ૨૩, માર્ચ, ૧૮૩૨ ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે અવસાન થયું હતું.







## (૧૦૨)
# રામમનોહર લોહિયા
## (૨૩, માર્ચ, ઇ.સ. ૧૯૧૦)

જેમના લોહીમાં વારસાગત રાષ્ટ્રવાદનો રંગ રસાયેલો હતો એવા અદના ફકીર જેવું જીવન જીવી ગયેલા રામમનોહર લોહિયાનો જન્મ ઉત્તરપ્રદેશના ફૈઝાબાદ જિલ્લાના અકબરપુર નામના એક નાનકડા ગામમાં ઈ.સ. ૧૯૧૦ ની ૨૩, માર્ચે થયો હતો. તેમના પિતાનું નામ હરિરામ અને માતાનું નામ ચંદા હતું. તેમના પિતાજી શિક્ષક હતા અને આઝાદીની ચળવળમાં સક્રિય રસ લેતા હતા. રામમનોહરે રાષ્ટ્રભક્તિનો રસ પિતાની પાસેથી પીધો હતો.

લોકમાન્ય ટિળકના મૃત્યુ સમયે રામમનોહરે હડતાલની યોજના બનાવી તેનો અમલ પણ કર્યો હતો. પ્રખર ગાંધીવાદી વિચારધારાને વરેલા તેમણે 'સાઈમન કમિશન' નો જોરદાર વિરોધ કર્યો હતો. તેમણે નખશિખ ગાંધીજીને પોતાના જીવનમાં ઉતાર્યા હતા.

અભ્યાસ કરવામાં પહેલેથી જ તેજસ્વી. મેટ્રિકની પરીક્ષામાં શાળામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલા. ઉચ્ચ શિક્ષણ માટે તેઓ બે વર્ષ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યા બાદ કલકત્તા યુનિવર્સિટીમાં દાખલ થયા અને ઈ.સ. ૧૯૨૯ માં બી.એ. થયા. બ્રિટીશ સામ્રાજ્યવાદના પ્રખર વિરોધી એવા તેમણે આગળના ઉચ્ચ શિક્ષણ માટે ઇંગ્લેન્ડને બદલે જર્મનીની બર્લિન યુનિવર્સિટી પર પસંદગી ઉતારી. અહીંથી તેઓ પી.એચ.ડી. થયા. આ પદવી માટે પણ તેમણે 'મીઠાનો સત્યાગ્રહ' વિષય પસંદ કર્યો હતો.

યુ.એન. ની કાર્યવાહી જોવા-જાણવા એસેમ્બલીમાંની પ્રેક્ષક દીર્ઘામાં બેઠેલા

તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કરવા અંગ્રેજોના ખુશામતખોર બિકાનેરના રાજાને જોઇ તેમણે યુ.એન. ની એસેમ્બલીમાં જ તેમની વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યો હતો. ત્યાર બાદ એ ઘટના સંબંધી તેમણે અખબારોમાં વિરોધનાં કારણોનું વિગતવાર વિશ્લેષણ કર્યું હતું. આ બનાવ પછી તેઓ ભારત અને યુરોપમાં ખૂબ જાણીતા થઈ ગયા હતા.

બ્રિટનમાં વસવાટ કરતા ભારતીય નાગરિકોના હક્કો અને સ્વમાન જાળવવા ત્યાં એક ભારતીય મંડળની રચના કરી તેઓ સ્વયં મંડળના મંત્રી થયા હતા.

જર્મનીમાં અભ્યાસ પૂરો કરી ભારત પાછા ફરેલા તેઓ રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા હતા. ભારત આવતાં પહેલાં તેમણે પ્રથમ વિશ્વયુદ્ધની ભીષણતા નિહાળી હતી. એમને સમાજવાદ અને સામ્યવાદની સાચી સમજણ પ્રાપ્ત થઈ ગઈ હતી. તેઓ સ્વભાવે ઉગ્ર અને ઉન્માદી હોવા છતાં તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા. તેઓ સંવેદનશીલ બૌદ્ધિક હતા. તેમણે ગરીબીનો વાસ્તવિક ભૂમિકા પર અનુભવ કર્યો હતો. ભારતમાંથી ગરીબી દૂર કરવાની એમની મહત્વાકાંક્ષા હતી. સ્વરાજ અને સુરાજ્યની પ્રાપ્તિ એમનું જીવનસ્વપ્ન હતું. તેઓ વિપ્લવાદીઓનો આદર કરતા હતા.

રામમનોહરના વિચારો પર કાર્લમાર્ક્સની ભારે અસર થઈ હતી. યોગાનુયોગ નાસિકની જેલમાં એકઠા મળેલા જયપ્રકાશ નારાયણ, ડૉ. લોહિયા, અરયુત પટવર્ધન, યુસુફ મહેરઅલી, મીનુ મસાણી, નાના સાહેબ ગોરે અને અશોક મહેતા જેવા યુવા વિચારકો સાથે મળીને કમલાદેવી ચટોપાધ્યાયે કોંગ્રેસમાં સમાજવાદી મંચ રચવાની યોજના ઘડી હતી. પરિણામ સ્વરૂપ ૧૯૩૪માં મુંબઈમાં કોંગ્રેસ સમાજવાદી પક્ષનું મુંબઈમાં ઉદ્ઘાટન થયું હતું.

ઈ.સ. ૧૯૪૮ ના અરસામાં સમાજવાદી પક્ષ કોંગ્રેસથી અલગ થઈ સ્વતંત્ર રાજકીય પક્ષ બન્યો હતો. લોહિયાજી ખરા અર્થમાં રાજકીય વિચારક અને ચિંતક હતા. તેમનો દ્રષ્ટિકોણ વ્યાપક હતો. તેમને રાજકારણી સાથે સાથે ભારતીય



સંસ્કૃતિ, ભારતીય દર્શનો, ભારતીય સાહિત્ય, ઈતિહાસ તથા અર્થકારણ જેવા વિષયો પરનું તેમનું ચિંતન મૌલિક હતું. તેમના બે પ્રેરણા ગુરુ હતા-એક કાર્લ માર્ક્સ અને બીજા મહાત્મા ગાંધી.

ભારતની આઝાદી માટે લડાયેલી ૧૯૪૨ની અસહકારની ચળવળને કારણે તેમને જીવનનો મોટો ભાગ ભૂગર્ભમાં વીતાવવો પડેલો. તેઓ સરનામા વગરના માણસ હતા. તેઓ દુનિયાભરમાં યોજાતાં પરિસંવાદો, અધિવેશનો અને શિબિરોમાં ભાગ લેતા હતા. ઈ.સ. ૧૯૬૩માં લોકસભાની પેટાચૂંટણીમાં ઉત્તરપ્રદેશના ફરૂખાબાદ મતવિસ્તારમાંથી ચૂંટાઈ પ્રથમવાર લોકસભા પહોંચ્યા હતા ત્યારે તેમને સરકારી રહેઠાણ મળેલું.

લોહિયાને સંઘર્ષ ખૂબ ગમતો. તેઓ સામા પ્રવાહે તરવામાં માહેર હતા. કોઈકના પગલામાં પગ મૂકીને ચાલવામાં એ હીણપત અનુભવતા. પોતાએ કંડારેલી કેડી ઉપર ચાલવાનું જ તેઓ પસંદ કરતા. તેમણે 'ભારત છોડો' ના આંદોલનમા અંગ્રજો વિરૂદ્ધ સક્રિય ભૂમિકા ભજવી હતી. ડૉ.લોહિયા વિચક્ષણ બુદ્ધિવાળા હતા. તેમના વિચારો ગહન અને ક્રાંતિકારી હતા. ગાંધીજી તેમને માટે પૂજનીય હતા. મહાત્મા ગાંધી પણ લોહિયાની ભારોભાર કદર કરતા. ગાંધીજીની હત્યાના સમાચાર જાણ્યા પછી તેમણે કહેલું- ''હું હવે ખરા અર્થમાં અનાથ બન્યો છું''

ડૉ.લોહિયા વિચારશીલ 'પાર્લામેન્ટિરિયન' હતા. તેઓ પ્રસંગ આવ્યે સાહજિક રમૂજ પણ કરી શકતા. તેમણે કદી ન પરણવાનું વ્રત લીધું હતું. ભારતના રાજકારણ અને ભારતની સામાજિક સ્થિતિના તેઓ પૂરેપૂરા અભ્યાસી હતા. તેઓ કડકડાટ અંગ્રેજી બોલતા છતાં તેઓ અંગ્રજી ભાષા પરત્વેની ભારતના લોકોની દીવાનગીનો વિરોધ પણ કરતા. તેઓ માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવાના આગ્રહી હતા. તેઓ ભગવદ્ગીતા અને રામાયણ-મહાભારતના પૂરા અભ્યાસી હતા. તેમણે એ ગ્રંથોનું દર્શન અને અર્થઘટન તેમની પોતાની દ્રષ્ટિથી

કર્યું છે. તેઓએ કહ્યું હતું કે, ‘ હે મા ભારતી ! હમેં શિવકા મસ્તિષ્ક, કૃષ્ણ કા હૃદય ઔર રામકા કર્મ એવમ્ વચન દો.’

તેઓ સરકારી નાણાંના દુરુપયોગથી ખફા થતા. સરકાર અને સરકારી કર્મચારીઓના વૈભવી જીવન સામે તેમને ભારે સૂગ હતી. આવા પ્રખર દેશભક્ત, મહાન ક્રાંતિકારી, વાસ્તવવાદી અને મહાન ચિંતક એવા ડૉ.લોહિયાને પ્રોસ્ટેટની બિમારીને કારણે દિલ્હીની ઈરવિન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જ્યાં ઓપરેશન વખતે જ દાક્તરોની બેદરકારીને લીધે તા.૧૨, ઓક્ટોબર, ૧૯૬૭ માં તેઓ મૃત્યુ પામ્યા.

●





## (૧૦૩)

# જુલે વર્ન

## (અવસાન : ૨૪, માર્ચ, ઇ.સ. ૧૯૦૫)

સાહસ કથાઓ, પ્રવાસકથાઓ અને વિજ્ઞાન કથાઓના સફળ લેખક તરીકે જેમનું નામ દુનિયાભરમાં જાણીતું બન્યું છે એવા વકીલ પિતા પિયરે વર્નના પ્રથમ સંતાન જુલે ગ્રેબીએલ વર્નનો જન્મ ફ્રાન્સના નાન્તે નગરમાં ૮, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૨૮ ના રોજ થયો હતો. તેમની માતાનું નામ સોફી ઑરીએત શારલોટ હતું.

સફરનો શોખીન વર્ન બાર વર્ષની ઉંમરે ઘેરથી ભાગી નીકળ્યો હતો. એને તો કોઈક જહાજમાં કામ મેળવીને આખી દુનિયામાં ઘૂમાવાના કોડ જાગ્યા હતા. નાનપણમાં વર્ને જહાજ ઉપર કામ કરતા એક છોકરાને સોનામહોરોની લાલચ આપી જહાજ પર જગા મેળવી લીધેલી. એ આશાએ કે એને બધું જગત જોવા મળશે પણ એની આશા ઠગારી નીવડેલી. જહાજ ઉપર વૈતરું કરીને એ એવો તો ત્રાસી ગયેલો કે એને અહીંથી નાસી છૂટવાનું મન થઈ આવેલું. પાઈમ લૂ બંદરે જહાજ લાંગરવામાં આવ્યું ત્યારે તેણે તેના પિતાને કિનારે ઊભેલા જોયા. આમ તે નાન્તે પાછો આવ્યા અને ભણવામાં મન પરોવ્યું.

તે તેના ભાઈ સાથે લાયસીની નિવાસી શાળામાં દાખલ થયેલો. તેના પિતા તેને વકીલ બનાવવા ઈચ્છતા હતા. તેમણે પુત્રને કાયદાનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. તેમ છતાં જુલે છાનોમાનો અજબગજબની વાર્તાઓ લખતો રહેતો. ૧૮ વર્ષની ઉંમરે તે અભ્યાસ માટે પાટનગર પેરિસ ગયેલો. તેના કાકા પેરિસના ગણ્યમાન નાગરિક હતા. તેમણે જુલેની ઓળખાણ અનેક લેખકો સાથે કરાવી આપી. જુલેએ નાટ્યલેખક બનીને પેરિસમાં જ વસવાનો દૃઢ સંકલ્પ કરી લીધો.

અહીં જુલેની ઓળખાણ પ્રસિદ્ધ લેખક એલેકઝાન્ડર ડ્રૂમા સાથે થઈ. 'થ્રી મસ્કેટિયર્સ' જેવી ઐતિહાસિક સાહસકથાઓના સર્જક ડૂમાની ત્યારે ફ્રાન્સમાં ભારે બોલબાલા. આવા વિરાટ વ્યક્તિત્વ સાથેના પરિચયે એ હરખપદુડો થઈ ગયેલો. ડૂમાએ વર્નને નાટકો લખવાની જબરદસ્ત પ્રેરણા પૂરી પાડેલી.

ડૂમા એક થિયેટરના માલિક હતા. તેમણે જુલેને તેમના થિયેટરમાં કામે રાખી લીધા અને ગીતો તથા નાટકો લખવાનું કામ સોંપ્યું. પુત્રને વકીલ બનાવવાના સ્વપ્નો સેવી બેઠેલા પિતાને પુત્રની આ વર્તણૂકની ખબર પડી ગઈ. એમણે જુલેને પૈસા મોકલવાનું બંધ કર્યું. જુલે હવે નાણાંની તંગીથી મૂંઝાવા લાગ્યા. તેમને વિજ્ઞાન કથાઓ લખવી હતી. પણ વિજ્ઞાન તો તેઓ ક્યારેય ભણેલા નહીં. એમાંથી માર્ગ કાઢવા તેઓ લાયબ્રેરીના શરણે ગયા. વિજ્ઞાન વિષયક ઘણાં પુસ્તકો વાંચી નોંધો તૈયાર કરી એ નોંધો ઉપરથી તેમણે પુસ્તકો લખવાનું શરૂ કર્યું. એ પુસ્તકોએ જુલેની દિશા બદલી નાંખી.

દરમ્યાન તેમણે લખેલું નાટક 'લે પેઈલે રોમ્પ્યુ' (ભાગેલી સળીઓ) ડૂમાના થિયેટરમાં ભજવાયું. પણ નિષ્ફળ નીવડ્યું. છતાં તેમણે બીજાં નાટકોનું સર્જન કરવાનું ચાલું રાખેલું. કેટલાક નાટકો માટે ગીતો પણ લખેલાં.

તેઓ દક્ષિણ ફ્રાન્સના એમિયન્સ ગામે એક મિત્રના લગ્નમાં ગયેલા ત્યારે ત્યાં તેમણે ઓનરાઈન મોરેન નામની એક સ્ત્રીને જોઈ અને તેના પ્રેમમાં પડી ગયા. બે પુત્રીઓની વિધવા મા મોરેન સાથે તેમણે લગ્ન કરી લીધેલું.

જુલેએ એક મિત્ર સાથે ફેલિક્સ નાદરના આગ્રહથી 'ફાઈવ વીક્સ ઈન એ બલૂન' નામની નવલકથા લખી. કોઈ પ્રકાશક એને છાપવા તૈયાર ન થતાં કંટાળીને તેમણે તે બાળી નાખવા પ્રયત્ન કરેલો. ત્યારે તેમની તે હસ્તપ્રતને બચાવી લીધેલી.તે પછી પીટર હેઝેલ નામના એક પ્રકાશકે કેટલાક સુધારાવધારા સાથે તે છાપવાની તૈયારી બતાવેલી. ઈ.સ. ૧૮૬૩ માં એ પ્રગટ થતાંની સાથે જ એ એવી તો લોકપ્રિય બની ગઈ કે તરત જ તેનું અંગ્રજીમાં ભાષાંતર થયેલું. એ નવલકથાનું



ધૂમ વેચાણ થયેલું.

વર્નની પ્રતિભાથી અંજાઈ ગયેલા પ્રકાશક પીટર હેઝેલએ તેમની સાથે કરાર કરી લીધો. વર્ષે ૧૦થી ૨૦ હજાર ફ્રાન્કનું મહેનતાણું નક્કી થયું. ઈ.સ. ૧૯૬૪માં જુલેએ તેમની ઉત્તમ કૃતિઓમાંની એક 'જર્ની ટુ ધ સેન્ટર ઓફ ધ અર્થ' (પૃથ્વીના કેન્દ્રની સફરે) લખી. જેનો ગુજરાતી અનુવાદ મૂળશંકર ભટ્ટે 'પાતાળપ્રવેશ' નામે કરેલો છે. આ નવલકથા વાંચ્યા પછી જ પ્રખ્યાત ઈજનેર ફર્ડીનાન્ડ દ લેસેપ્સે સુએઝ અને પનામાની નહેરોનું સર્જન કર્યું હતું.

ઈ.સ. ૧૮૬૫ માં જુલેએ 'ફ્રોમ ધ અર્થ ટુ ધ મૂન' (પૃથ્વી થી ચંદ્ર) લખેલી ત્યારે તે મનઘડંત કલ્પના જેવી લાગેલી. પણ ૨૦ મી સદીમાં એ યથાર્થ પૂરવાર થઈ છે. અમેરીકાએ એપોલો-૧૧ ચંદ્રયાન છોડ્યું ત્યારે જુલેએ વર્ણવેલો રસ્તો અને પદ્ધતિ સ્વીકાર્યા હતાં. તેમણે ઈ.સ. ૧૮૬૮ માં 'ઈન્ટ મિશેલ' નામનું જહાજ ખરીદેલું અને એ વિશ્વના પ્રવાસે નીકળી પડેલા. તેમના આ પ્રવાસના આધારે તેમણે 'ટ્વેન્ટી થાઉઝન્ડ લીઝ અંડર ધ સી' (સમુદ્ર સપાટી નીચે વીસ હજાર દરિયાઈ માઈલની સફર) લખેલી. ઘણાં આ કૃતિને જુલેની શ્રેષ્ઠ કૃતિ તરીકે સ્વીકારે છે. તેમની 'એરાઉન્ડ ધ વર્લ્ડ ઈન એઈટી ડેઝ' (૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા) નો મોટો ભાગ હિન્દને સમર્પિત છે. તેમની એક કથા 'ઓફ ટાઈગર્સ એન્ડ ટ્રેઈટર્સ' તો સંપૂર્ણતઃ હિન્દ પર આધારિત છે. 'એરાઉન્ડ ધ વર્લ્ડ ઈન એઈટી ડેઝ' ઉપરથી પ્રેરણા લઈને એક પત્રકાર યુવતી નેબી બ્લાયે માત્ર ૭૨ દિવસમાં જ પૃથ્વીની પ્રદક્ષિણા કરી હતી.

જુલેની દરિયાઈ સફરો સાથે તેમનો ભત્રીજો ગેસ્ટન તેમની સાથે જ રહેતો. ઈ.સ. ૧૮૮૫માં તે પાગલ થઈ ગયેલો. તેણે જુલેના ઘેર જઈ તેમની ઉપર તેની પિસ્તોલમાંથી ગોળીઓ છોડેલી પરિણામે જુલે પર પક્ષાઘાતની અસર થઈ ગયેલી અને તેઓ પાંગળા બની ગયેલા.

જીવનના અંતિમ દિવસોમાં જુલે વતન એમિયન્સમાં રહેલા. તેમણે તેમની

કારકિર્દીમાં સૌથી વધુ મૈલિક નવલકથાઓ લખી હતી. પાછળથી તેઓ બહેરા અને આંધળા બની ગયેલા. આવા જગતના મહાન સાહસકથા લેખકનું ૨૪, માર્ચ, ઈ.સ. ૧૯૦૫ ના રોજ ૭૭ વર્ષની જૈફ વયે મૃત્યુ નીપજ્યું હતું.

●





## (૧૦૪)
# ઉષાબહેન મહેતા
## (૨૫, માર્ચ, ઇ.સ. ૧૯૨૦)

બાળપણથી જ ગાંધીવાદી રંગે રંગાયેલાં ગુજરાતનાં સ્ત્રીરત્ન ઉષાબહેન મહેતાનો જન્મ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ નામના ગામમાં ૨૫, માર્ચ, ઈ.સ. ૧૯૨૦ ના રોજ થયો હતો. એમના પિતાજી ન્યાયાધીશ હતા. તેથી તેમની વારંવાર બદલી થતી. આથી ઉષાબહેને પ્રાથમિક શિક્ષણ ખેડાની પ્રાથમિક શાળામાંથી લીધેલું. તેમણે માધ્યમિક શિક્ષણ ભરૂચ અને મુંબઈમાંથી લીધું હતું. બાળપણથી જ ભણવામાં હોંશિયાર ઉષા બહેને વિદ્યાર્થીકાળમાં વકૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ પ્રથમ પરિતોષક મેળવેલું. ઉચ્ચ શિક્ષણ મેળવવા તેઓ મુંબઈની વિલ્સન કોલેજમાં દાખલ થયેલાં. એ સમયે 'મુંબઈ ગુજરાતી સ્ત્રીમંડળે' વકૃતત્વ સ્પર્ધાનું આયોજન કરેલું હતું. એમાં સતત ત્રણ વર્ષ સુધી તેમણે પ્રથમ નંબરે વિજેતા બની ઈનામો મેળવેલા. ઈ.સ. ૧૯૩૦માં ઈન્ટરની પરીક્ષામાં તેઓ આખા વિશ્વવિદ્યાલયમાં પ્રથમ આવેલાં. હિન્દીનું અધ્યયન કરવા તેમણે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની કોવિદની પરિક્ષા આપી આખા ભારતમાં પ્રથમ નંબર મેળવેલો. તેઓ જીવન પર્યંત મુંબઈની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના અધ્યક્ષ રહેલાં.

ફિલોસોફીના વિષય સાથે બી.એ.ની પરીક્ષામાં તેઓ મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવી ઉત્તીર્ણ થયેલાં. તેથી તેમની કોલેજમાં દક્ષિણા ફેલો તરીકે નિયુક્તિ થયેલી. તેમના પિતા કાયદાના નિષ્ણાંત હતા તેથી તેમના આગ્રહથી વશ થઈ તેમણે એમ.એ. ની સાથે એલ.એલ.બી. નો પણ અભ્યાસ શરૂ કરેલો. ઈ.સ. ૧૯૪૧ માં તેમણે એલ.એલ.બી. ની પદવી પ્રાપ્ત કરેલી. તેઓ જ્યારે ૧૦ વર્ષની

ઉંમરના હતાં ત્યારે તેમના પિતા તેમને અમદાવાદ ગાંધીઆશ્રમ જોવા લઈ ગયેલા. તે વખતે ગાંધીજીએ તેમને ખાદી પહેરાવનું કહેલું. બસ, ત્યારથી આજીવન તેમણે ખાદી પહેરવાનું વ્રત લીધેલું. તે પછી તેમના પિતાની બદલી ભરૂચ થયેલી. તેઓ ગાંધીજીના પ્રભાવ નીચે એવાં તો આવી ગયેલાં કે પિતાની મરજી વિરુદ્ધ જઈને તેઓ વાનરસેનામાં જોડાઈ ગયેલાં. કોલેજના અભ્યાસકાળ દરમ્યાન જ તેઓ કોંગ્રેસનાં સક્રિય કાર્યકર્તા બની ગયેલાં. તેમણે મુંબઈના ગોવાલિયા ટેન્ક મેદાનમાં યોજાયેલા અખિલ ભારતીય કોંગ્રેસ મહાસમિતિના અધિવેશનમાં સ્વયંસેવિકા તરીકે પણ હાજરી આપી હતી. જ્યારે નવમી ઓગષ્ટના રોજ બધા જ કોંગ્રેસી નેતાઓ પકડાઈ ગયેલા અને સમાજવાદી નેતાઓ ભૂગર્ભમાં ઉતરી ગયેલા ત્યારે આંદોલન ચલાવી શકે એવા કાર્યકરની જરૂર ઊભી થયેલી ત્યારે સમાજવાદી નેતા રામમનોહર લોહિયાએ કોંગ્રેસ રેડિયો સ્થાપીને તેના પરથી લડત ચાલું રાખવાની જવાબદારી ઉષા મહેતાને સોંપેલી. ઉષાબેન રોજ રાત્રે ગેરકાનૂની રેડિયો સ્ટેશન પરથી તેજાબી વાણીમાં રજૂઆત કરતાં રહેતાં. દર પાંચ દિવસે રેડિયોની જગા બદલાતી. અંગ્રેજ સરકારે રેડિયો જપ્ત કરવા ઘણાં ઉધામા મારેલા. પણ એક દિવસ રેડિયો ઊભો કરી આપનાર ટેકિનશિયન જ ફૂટી ગયો. સરકારે રેડિયો પર છાપો માર્યો તે વખતે રેડિયો પરથી 'વંદેમાતરમ્' ગીતનું ગાન ચાલતું હતું. ઉષાબહેને હિંમતપૂર્વક 'વંદેમાતરમ્' પૂરું થતાં પોલીસે એમની ધરપકડ કરી. કોઈ એકાંત કોટડીમાં તેમને પૂરી જઈ ત્રાસ આપેલો. તેમના પર કોર્ટમાં કેસ ચાલેલો. ખુદ ન્યાયાધીશે પણ તેમની હિંમત અને નિર્ભયતાને બિરદાવેલાં. બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં મુંબઈમાં કોંગ્રેસની પ્રાંતિક સરકારની રચના થતાં સ્વ.વડાપ્રધાન મોરારજી દેસાઈએ તેમને જેલમાંથી મુક્ત કરાવેલાં. જેલમાંથી છૂટ્યા પછી તેઓ વિલ્સન કોલેજમાં અધ્યાપિકા તરીકે જોડાઈ ગયેલાં. આ દરમ્યાન તેમણે 'ગાંધીજીની રાજકીય ફિલસૂફી' વિષય પર મહાનિબંધ લખી ઈ.સ. ૧૯૫૩ માં પી.એચ.ડી. ની પદવી મેળવેલી. તે પછી અમેરીકાની



ફુલબ્રાઈટ શિષ્યવૃત્તિ મળતાં અધ્યયન માટે અમેરીકા ગયેલાં. બે વર્ષ બાદ અમેરીકાથી ભારત પાછાં ફરીને તેઓ મુંબઈ યુનિવર્સિટીના પોલિટિક્સ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયેલાં. તેઓ તે વિભાગનાં ડીન પણ બનેલાં તેમને ઈ.સ. ૧૯૮૦માં મુંબઈ યુનિવર્સિટીએ 'શ્રેષ્ઠ પ્રધ્યાપિકા' તરીકે જાહેર કરી પારિતોષિકથી નવાજેલાં. તેમની પ્રતિભાની કદર કરીને સૌરાષ્ટ્ર, નાગપુર, શ્રીમતી નાથીબાઈ ઠાકરશ્રી મહિલા યુનિવર્સિટી વગેરેએ તેમને પી.એચ.ડી.નાં માર્ગદર્શક તરીકે નિયુક્ત કરેલાં. તેઓ જીવનભર અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહેલાં. જેમાં 'ગાંધી અધ્યયન સંસ્થાન' વારાણસી, 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડીઝ, શિમલા' અને 'વનસ્થલી વિશ્વવિદ્યાલય' જેવી ગણનાપાત્ર સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેમણે માતૃભાષાના વિકાસ માટે 'માતૃભાષા મંચ' ની સ્થાપના કરેલી. તેઓએ 'મણિભુવન ગાંધી સંગ્રહાલય' તથા 'મુંબઈ ગાંધી સ્મારક નિધિ' નાં અધ્યક્ષ તરીકે પણ જવાબદારી નિભાવેલી. સરકારે તેમની બહુવિધ સેવાઓની કદર કરીને તેમને 'પદ્મવિભૂષણ' નો ખિતાબ આપી તેમનું યોગ્ય સન્માન કર્યું છે.

●





# (૧૦૫)
# ચંદ્રકાન્ત ભોગાયતા
## (૨૬, માર્ચ, ઇ.સ. ૧૯૪૪)

શિક્ષણ અને સંશોધનની હાલતી ચાલતી વિદ્યાપીઠ સમા અને દાદા-દાદી પાસેથી શિક્ષણના સંસ્કાર પામેલા ચંદ્રકાન્તભાઈનો જન્મ ૨૬, માર્ચ, ઈ.સ. ૧૯૪૪ ના રોજ સૌરાષ્ટ્રના જામખંભાળીયામાં થયેલો. ઘરનું વાતાવરણ ખૂબ જ ધાર્મિક. આ ધર્મના સંસ્કારો બાળપણમાં ચંદ્રકાન્તભાઈએ પણ ઝીલેલા. નાનપણમાં ખામનાથ મહાદેવે જઈ શિવલિંગ ઉપર બિલિપત્રો ચઢાવતા. તેઓ કથા સાંભળવાના ભારે રસિયા. એવી એકાગ્રતાથી કથા સાંભળે કે કથાકારોએ એમને 'શુકદેવજી' નું ઉપનામ આપેલું.

આમ તો એમનો જન્મ પરંપરાગત બ્રાહ્મણ પરિવારમાં થયેલો. કટુંબ સુખી અને સમૃદ્ધ હતું. દાદા કાપડના જાણીતા વેપારી, નાગરપાડામાં એમણે એક આખું સંકુલ ખરીદી લીધેલું. એમના દાદા પ્રાણીઓ પાળવાના જબરા શોખીન હતા. ઘરમાં ગાય, બળદ અને ઘોડાઓ તેમણે પાળેલા. જવા-આવવા ઘોડાગાડી પણ વસાવેલી. ચંદ્રકાન્ત ઘોડાગાડીમાં બેસી નિશાળે જતા. ઘરમાં ધાર્મિક ગ્રંથો પાર વગરના. દાદાએ ચંદ્રકાન્તને નાનપણથી જ એ ગ્રંથો વાંચવાની ટેવ પાડેલી. રામચરિતમાનસ તો તેઓ રાગરાગણી સાથે જાહેરમાં રજૂ કરતા. તેઓ લક્ષ્મી અને સરસ્વતીના સંગમતીર્થ સમાન હતા.

તેમના પિતા ધંધામાં પરોવાયેલા રહેતા હોવાથી પુત્રના શિક્ષણ પાછળ ધ્યાન આપી શકતા નહીં. છતાં તેમની ઈચ્છા ચંદ્રકાન્તને આઈ.એ.એસ. ઓફિસર બનાવવાની હતી. તેમની પોતાની ઈચ્છા ડૉક્ટર થવાની હતી. પણ પિતા-પુત્ર બંન્નેમાંથી કોઈની ઈચ્છા સાકાર થઈ નહીં અને ચંદ્રકાન્તભાઈ શિક્ષકોના શિક્ષક



થઈને રહ્યા.

એક થી ચાર ધોરણનું શિક્ષણ તેમણે 'બટુભાઈ રતનશી ધનજી વીરજીયાણા તાલુકા શાળા નં-૨' માં લીધેલું. પ્રભાશંકર તેમને ભણાવે, જામખંભાળીયાની સ્ટેશન રોડ પર આવેલી 'મેડિકલ સ્કૂલ' માં તેઓ છઠ્ઠું ધોરણ ભણેલા. શિક્ષક કાંતિલાલ દવે. ત્યારે ચંદ્રકાન્તભાઈને આખી ભૂગોળ કંઠસ્થ. ડૉક્ટર બનવાની ઈચ્છા હતી એટલે તેઓ વિજ્ઞાનના વિષયો સાથે મેટ્રિક પાસ થયેલા. મેટ્રિક પાસ થયા પછી જામનગરની ડી.કે.વી. સાયન્સ કોલેજમાં પ્રવેશ માટે ગયા પણ આચાર્ય શાંડિલ્ય સાહેબે તેમને પ્રવેશ આપેલો નહીં તેથી તેઓ દ્વારકામાં નવી શરૂ થયેલી આર્ટસ કોલેજમાં દાખલ થઈ ગયા. એ સમયે દ્વારકાના શંકરાચાર્ય અભિનવ સચ્ચિદાનંદ તીર્થ મહારાજે સંસ્કૃત અકાદમી શરૂ કરેલી. તેમાં તેઓ દાખળ થઈ ગયા. સવારે આર્ટ્સ કોલેજમાં ભણે અને બપોરે સંસ્કૃત અકાદમીમાં. વિદ્વાન ભાષાશાસ્ત્રી ટી.એન. દવે અને બિહારથી આવેલા વ્યાકરાણાચાર્ય શોભાનંદ ઝા પાસે સંસ્કૃત ભણવામાં તેમને રસ પડવા માંડ્યો.

આ અરસામાં જ તેમના પિતાનું દેહાવસાન થતાં ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોની જવાબદારી ચંદ્રકાન્તભાઈને માથે આવી પડી. દ્વારકાનું ભણતર અધવચ્ચેથી એમને છોડવું પડેલું. તેમણે તેમની જવાબદારી નિભાવવા ભાણવડ તાલુકાના વેરડ ગામે શિક્ષકની નોકરી સ્વીકારી. તેઓએ નોકરી સાથે એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ભણવાનું સરૂ કર્યું. તેઓ સ્નાતક થયા. પ્રથમ વર્ગ લાવવાની શરતે ગામના સરપંચ કલ્યાણસંગ જાડેજાએ ચાલુ પગારે બી.એડ. કરવાની રજાઓ મંજૂર કરાવી આપી. તેઓ બી.એડ. કરવા માટે 'રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ' માં દાખલ થઈ ગયા. ત્યારે તેમનું લગ્ન પણ થઈ ગયેલું. ત્યારે તેમણે યુનિવર્સિટીમાં બી.એડ. માં પ્રથમ નંબરે પાસ થઈ કોલેજના આચાર્ય મહેશભાઈ વૈષ્ણવની શાબાશી મેળવેલી. અહીંથી જ તેમણે એમ.એડ. માં પણ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવેલો. પછી તો તેમણે જામનગરની ડી.કે.વી.

કોલેજમાંથી ગુજરાતી સાથે એમ.એ. પણ કરેલું અને ગુલાબદાસ બ્રોકરના પિતાના નામનો સુવર્ણચંદ્રક પણ મેળવેલો.

તેમણે તેમની શિક્ષક તરીકેની કારકિર્દીમાં ૧૪ વર્ષ વરેડની માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે, એક વર્ષ જામવણથલી હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે, પાંચ વર્ષ ભાવનગરનીના માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલયમાં વ્યાખ્યાતા તરીકે, પાંચ વર્ષ ભાવનગરની આ જ સંસ્થામાં શિક્ષણશાસ્ત્ર વિભાગમાં પ્રાધ્યાપક તરીકે અને ૧૬ વર્ષ રીડર અને ડીન તરીકે સેવાઓ બજાવી છે. ડૉ. હરિભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ તેમણે પી.એચ.ડી. પણ કરેલું. આજે તેઓ વિદ્યાર્થીઓને પી.એચ.ડી. માટે માર્ગદર્શન આપતા રહ્યા છે. તેમને શ્રેષ્ઠ સંશોધક તરીકેનો હરિ ઓહ્મ આશ્રમનો એવોર્ડ બે વાર મળેલો છે. તેમના ૩૮ રિસર્ચ પેપર અને ૮૦ અભ્યાસ લેખો પ્રસિદ્ધ થયાં છે. તેમના શિક્ષણ પરનાં સાત પુસ્તકોએ આજે ‘ચિંતાનાત્મક અધ્યાયન’ ના ખ્યાલને ભારતમાં રમતો મૂક્યો છે.





## (૧૦૬)

# વિજયગુપ્ત મૌર્ય

## (૨૬, માર્ચ, ઇ.સ. ૧૯૦૯)

પશુપંખી અને નિસર્ગતા ઉપાસક એવા વિજયગુપ્ત મૌર્યનો જન્મ ૨૬, માર્ચ, ઈ.સ.૧૯૦૯ ના રોજ મોરારજી કંદોઇ નામના બ્રાહ્મણ ગૃહસ્થને ત્યાં થયો હતો. તેમનું ખરું નામ વિજયશંકર હતું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતન પોરબંદરમાં લીધા પછી તેઓ મુંબઈ જઇ વકીલાતનું ભણી આવ્યા અને પોરબંદરમાં જ વકીલાત શરૂ કરી. તેમની તેજસ્વીતાને કારણે તેમને રાજ્યના ન્યાયાધશનું સ્થાન પ્રાપ્ત થયું. રાજ્ય તરફથી રહેવા માટે તેમને બંગલો મળ્યો હતો.

ન્યાયાધીશ તરીકે નવા બંદરની અદાલતમાં ખાસ કામ રહેતું નહીં. તેથી નવરાશની પળોમાં તેઓને દરિયાકિનારે જળસૃષ્ટિ અને પશુપંખીનો અભ્યાસ કરવાનો ચસકો લાગ્યો. તેમણે જીવસૃષ્ટિનું બારીકાઈથી નિરીક્ષણ કરવા માંડ્યું.

૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન ગાંધીની વાનરસેના યુવા કાર્યકર્તા પોરબંદરના રહેવાસી ગુલાબદાસ બ્રોકર પિકેટીંગની કામગીરીમાં ભાગ લેવા બદલ પકડાયા. તેમની ઉપર પોરબંદરની કોર્ટમાં કેસ ચાલ્યો. પણ સદ્નસીબે ગુલાબદાસ બચી ગયા. આ જ સમયે વિજયશંકરના મોટાભાઈ વેણીશંકર વાસુને ચળવળમાં ભાગ લેવા બદલ ઢોર માર પડેલો. આ ઘટના પછી વિજયશંકરે ન્યાયાધીશ પદેથી રાજીનામું આપી દીધું.

એ પછી એમના જીવનવ્યવહારમાં આર્થિક કટોકટી ઊભી થઈ. આવા વિકટ સંજોગોમાં ગુલાબદાસ બ્રોકરની ભલામણથી ‘જન્મભૂમિના પ્રવાસી’ દૈનિકપત્રમાં નોકરી મળી ગઇ.અહીં એક ચમત્કાર થયો. જન્મભૂમિના તંત્રી મોહનલાલ

મહેતાએ વિજયશંકરને નામ બદલીને દૈનિકપત્રમાં 'જન્મભૂમિ પ્રવાસી' નું છેલ્લું પાનું લખવા સૂચવ્યું. શરત એટલી હતી કે નામ ગુપ્ત રાખવાનું હતું.

વિજયશંકરનો પિતા ઉપર એવો પ્રેમ હતો કે તેમના નામને તેઓ છોડી શકે એમ ન હતા. તંત્રીશ્રીનો આગ્રહ નામ ગુપ્ત રાખવાનો હતો. આ વિકટ સમસ્યાનો ઉપાય તેમણે શોધી કાઢ્યો. પોતાના નામ વિજયશંકર મોરારજીમાંથી તેમણે 'વિજય' નામ પસંદ કર્યું. તંત્રીનો આગ્રહ નામ ગુપ્ત રાખવાનો હોવાથી 'વિજય' સાથે 'ગુપ્ત' શબ્દ જોડી દીધો. પિતાના નામ મોરારજીભાઈનું ટૂંકુ નામ 'મૌર્ય' એવું કર્યું, આમ તેઓ વિજયગુપ્ત મૌર્ય તરીકે ઓળખાયા.

પછી તેમણે 'જન્મભૂમિ ના પ્રવાસી' માં લાગલગાટ લખવા માંડ્યું.તેમણે એકધારી અડતાલીસ વર્ષ સુધી લેખન સાધના કરી. તેમણે કેટલું લખ્યું ? અને તેમનું લખાણ કયા પ્રકાશકોએ પ્રગટ કર્યું તે માહિતી આપણી પાસે નથી. તેમણે પશુઓ, પક્ષીઓ, વનસ્પતિ, વિજ્ઞાન, ખગોળ, પર્યાવરણ જેવા અનેક વિષયો ઉપર તેમની કલમ ચલાવી છે.

ઈ.સ. ૧૯૭૩ માં તેમણે 'જન્મભૂમિ' ને અલવિદા કર્યું અને મુક્ત પત્રકાર તરીકે અનેક વિષયો ઉપર લખવા માંડ્યું. તેમનો પુત્ર નગેન્દ્ર વિજય પણ અમદાવાદમાં રહી તેમના પગલે પગલે ચાલ્યો. પિતા-પુત્રએ સાથે મળીને 'સફારી' સામાયિક શરૂ કર્યું, જે આજેય નિયમિતરૂપે પ્રગટ થયું રહ્યું છે.

આવા શ્રેષ્ઠ સાહિત્યકારનો આત્મા ઈ.સ.૧૯૯૨માં નશ્વર દેહ છોડી અનંતાકાશમાં ભળી ગયો છતાં આજે પણ તેમણે લખેલાં પુસ્તકોની નવી નવી આવૃત્તિઓ પ્રગટ થતી રહે છે. આવી હતી તેમની લોકપ્રિયતા.

●





## (૧૦૭)
# રવિશંકર પંડિત
## (અવસાન : ૨૭, માર્ચ, ઇ.સ. ૧૯૮૭)

પ્રકૃતિની ગોદમાં રમેલા રવિશંકરને નાનપણથી જ કુદરતના સૌંદર્યે આકર્ષાયેલા. કુદરતી દ્રશ્યોને કાગળ ઉપર ઉતારવાની એમને નાનપણથી જ ધૂન લાગેલી. ચિત્ર એ જ જીવનનો મહામંત્ર અપનાવી લેનારા રવિશંકરને ભણવા કરતાં ચિતરવામાં ઝાઝો રસ પડતો. કલાની સાધનાના તેઓ સવ્યંસિદ્ધ સાધક. ચિત્રકલા શીખવા તેમણે કોઈનેય ગુરુ કરેલા નહીં કે ના કોઈની પાસેથી પદ્ધતિસરની તાલીમ લીધેલી. એમની નજરે જે દ્રશ્યમાન થતું એ એમના માટે ચિત્રનો વિષય બની જતું. બાળપણથી જ ચિત્રકલાનો એવો નાદ લાગેલો કે ગુજરાતી પાંચમાં ધોરણમાં ભણતા હતા ત્યારે તેમણે ચિત્રકલાની થર્ડ ગ્રેડની પરીક્ષા આસાનીથી પાસ કરી લીધી હતી. ચિત્રો ચીતરતાં ચીતરતાં તેમણે સ્નાતક કક્ષાનું શિક્ષણ મેળવી લીધેલું.

રવિશંકરના પિતા ગોંડલ રાજ્યમાં નોકરી કરતા હતા. તેમનો હોદ્દો સેટલમેન્ટ અધિકારીનો હતો. નોકરીને કામે તેમને ગામડામાં ફરવાનું થતું. તેમનું રહેઠાણ પણ વખતો વખત બદલાતું રહેતું તેથી રવિશંકરને ગ્રામ્યજીવનનો અનુભવ બાળપણથી જ થયેલો. ગામડાને તેમણે નજીકથી જોયેલું, ગામડાની સંસ્કૃતિમાંથી તેઓ ચિત્ર માટેના વિષયો ખોળતા ગયા.

તેમના મોટાભાઈ પંચમહાલ જલ્લાના શહેર ગોધરામાં ત્યારે તાલુકાશાળાના આચાર્ય હતા. તેઓ મોટાભાઈ સાથે ગોધરામાં રહેતા હતા. તેમના મોટાભાઈ પણ સારા ચિત્રકાર હતા. તેમની પાસે દેશ-વિદેશનાં ચિત્રકલા અંગેના ઘણાં પુસ્તકો પણ હતાં. વળી સુંદર ચિત્રોનો સંગ્રહ પણ તેમની પાસે હતો. રવિશંકર એ પુસ્તકો

વાંચીને અને ચિત્રોને જોઈને આપમેળે ઘણું શીખેલા. મોટાભાઈના ચિત્રસંગ્રહનું બારીકાઈથી નિરીક્ષણ કરીને ચિત્રશૈલીનાં વિવિધ પાસાં તેમણે આત્મસાત્ કરી લીધેલાં. તેમની પોતાની ચિત્રશૈલી ઉપર ઈટાલીના નામી ચિત્રકાર મટાનિયાનો ઘણો ભારે પ્રભાવ પડેલો. ગોધરામાં તેઓ રહેતા હતા તે ઘર વસ્તીથી દૂર જંગલમાં એક નદીના કિનારા પર હતું. ઘરની આજુબાજુ અઢળક કુદરતી સૌંદર્ય વેરાયેલું પડ્યું હતું. સૌંદર્યના એ અપાર ખજાનામાંથી રવિશંકર તેમનાં ચિત્રોના વિષયો શોધી લેતા. ચિત્રની પદ્ધતિસરની તાલીમ નહીં પામેલા આ કલાકારે આત્મસૂઝથી ચિત્રસાધના ચાલુ રાખેલી.

મેટ્રિક્યુલેશન પછી તેઓ ઉચ્ચ અભ્યાસ મટે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં જોડાયેલા. એ કોલેજના આચાર્યશ્રી વયનિવૃત્ત થવાના હતા. સંસ્થાએ તેમનું તૈલચિત્ર તૈયાર કરાવાનું કામ જાણીતા ચિત્રકાર રવિશંકર રાવળને સોંપેલું. તૈલચિત્રના કામસર કોલેજમાં આવતા રવિશંકર રાવળ સાથે તેમનો પરિચય થયેલો. 'કુમાર' ના સ્થાપક અને આદ્યતંત્રી બચુભાઈ રાવત સાથે રવિશંકર પંડિતને આ જ અરસામાં પરિચય થયેલો. આ પરિચય મૈત્રીમાં ફેરવાયેલો. પ્રતિષ્ઠિત સાહિત્યિક સામાયિક 'કુમાર' શરૂ કરવામાં રવિશંકર પંડિતનો સહકાર બચુભાઈ રાવતને મળી રહેલો. 'કુમાર' માટે ચિત્રો આલેખવાની જવાબદારી શરૂઆતમાં રવિશંકર પંડિતે ઉપાડેલી.

જૂનાગઢ અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે આપણી સંસ્કૃત નાટ્યકૃતિઓના કેટલાક પ્રસંગોને આધારે ચિત્રોનું સર્જન કરેલું. એમનાં એ ચિત્રો પ્રસિદ્ધ પણ થયેલાં. મનુભાઈ કાંટાવાળાના સાહિત્ય માસિક માટે પ્રકૃતિચિત્રની સ્પર્ધામાં રવિશંકર પંડિતની ચિત્રકૃતિએ ઈનામ મેળવેલું.

બે વર્ષ જૂનાગઢની કોલેજમાં અભ્યાસ કર્યા પછી ત્રીજે વર્ષે તેઓ કલાનગરી વડોદરાની કોલેજમાં જોડાયેલા. અહીં એમની કલા વધુ નિખાર પામેલી. અહીંની જાણીતી ચિત્રગેલેરીનો લાભ એમને પ્રાપ્ત થયેલો. આ સમયગાળામાં તે સમયના



સિદ્ધહસ્ત ચિત્રકાર રવિશંકર રાવળ અમદાવાદમાં સ્થાયી થયેલા. કલાસાધના સાથે તેમણે ચિત્રકલા માટે તાલીમ વર્ગો પણ શરૂ કરેલા. રવિશંકર પંડિત વડોદરા છોડી અમદાવાદની 'ગુજરાત કોલેજ'માં દાખલ થયેલા. તેઓ રવિશંકર રાવળ પાસેથી ચિત્રકલા અંગે માર્ગદર્શન મેળવતા રહેલા. રવિશંકર રાવળની ભલામણથી તેમણે 'વીસમી સદી' માટે પણ ચિત્રો કરવાનું કામ ઉપાડેલું. તેઓ અમદાવાદથી 'મહિલા પાઠશાળા' માં ખંડ સમયના ચિત્ર શિક્ષક તરીકે પણ જોડાયેલા. તે સમયના બાળકો માટેના ઉત્તમ પુસ્તક 'બાલવાર્તાવલી' ની ચિત્ર સજાવટ પણ રવિશંકર પંડિતે કરેલી.

અલબત, તેઓ શ્રેષ્ઠ ચિત્રસર્જક હતા તેમ છતાં ગુજરાતના ચિત્રજગતમાં તેઓ પ્રસિદ્ધિ પામી શકેલા નહીં. તેમનું કામ માત્ર થોડાં પુસ્તકો કે મેગેઝીનો પૂરતું સીમિત રહી ગયેલું. ગુજરાતમાં એક ચિત્રકાર તરીકે બહુ ઓછા લોકો તેમને જાણતા હશે. તેમને મુંબઈ સરકાર તરફથી બાળસાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકને આપવામાં આવતું ઈનામ ઈ.સ.૧૯૫૮માં રવિશંકરને મળેલું.

ગુજરાતમાં નહીં ઓળખાયેલા આ પ્રકૃતિના ઉપાસક એવા આત્મસિદ્ધ ચિત્રકારનું પ્રાણપંખી ૨૭, માર્ચ, ઈ.સ.૧૯૮૭ના રોજ દેહમાળો મૂકી ઊડી ગયેલું.

●



## (૧૦૮)

# મેક્સિમ ગોર્કી

## (૨૮ માર્ચ, ઇ.સ. ૧૬૬૮)

અલ્યોશા જેનું મૂળ નામ હતું તેવા રશિયાના મહાન ક્રાંતિકારી છતાં ઉત્તમ માનવતાવદી સાહિત્યસર્જક મોક્સિમ ગોર્કીનો જન્મ ૨૮, માર્ચ, ઇ.સ. ૧૮૬૮ના રોજ રશિયાની વોલ્ગા નદીના કાંઠા પર વસેલા નિઝની નોવગોરોડ નામના શહેરના સુથાર પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ મિખાઇ પેશ્કોવ હતું. પેશ્કોવે એક સ્વતંત્ર મિજાજ ધરાવતી સ્ત્રી સાથે લગ્ન કર્યા હતાં. આ સ્ત્રીએ ગોર્કીને જન્મ આપ્યો તે પછી થોડાંક જ સમયમાં મિખાઇલ પેશ્કોવનું અવસાન થયું હતું. તેથી મોજિલા સ્વભાવની તેમની પત્ની ગોર્કીને તરછોડી ભાગી ગઇ હતી. આથી અનાથ બનેલા બાળક ગોર્કીના ઉછેરની જવાબદારી દાદા-દાદીને માથે આવી પડી હતી. તેમનાં દાદીમાં પાસે વાર્તાઓનો અદ્‌ભુત ખજાનો હતો. આલ્યેશાને રાજી રાખવા દાદીમાં અવનવી વાતો સંભળાવતાં રહેતાં. દાદીમાનું અવસાન થતાં બાળક આલ્યેશાના જીવનમાં એકલતા વ્યાપી ગઇ. દાદાએ તેને ત્રાસ આપવા માંડ્યો. પ્રેમ અને લાગણીનો ભૂખ્યો તે દાદાના જુલ્મથી કંટાળી ગયેલો. તે ઘર છોડી ચાલી નીકળ્યો અને વોલ્ગા પહોંચી ગયો. રખડપટ્ટી દરમ્યાન વાચનના શોખીન એવા તેણે ગોગોલ અને પુશિકન જેવા સમર્થ સાહિત્ય સ્વામીઓનાં પુસ્તકો વાંચી કાઢેલાં.

દાદીમાં પાસેથી સાહિત્યના સંસ્કાર પામેલા ગોર્કીએ ઘણી નાની ઉંમરે એક કાવ્ય લખી નાંખેલું પણ તેને તેના સર્જનથી ખાસ સંતોષ કે આનંદ થયેલો નહીં. તે વખતના જાણીતા સાહિત્યસર્જક કોરોવોન્કાએ ગોર્કીનું હીર પારખી લીધેલું. તેમણે ગોર્કીમાં પ્રેરણાનો પ્રાણવાયુ પૂર્યો પછી અનુભવો અને જ્ઞાન સંપાદન કરવા તેમણે



પ્રવાસ આરંભેલો. ઢગલાબંધ પુસ્તકો તેમના સહયાત્રીઓ હતાં. પ્રવાસ દરમ્યાન જાતજાતના અનેક લોકોનો તેમને પરિચય થયો. આ જ સમયે તેમણે મેક્સિમ ગોર્કી નામ ધારણ કરી 'મકર ચુન્દ્રા' નામની નવલકથા લખવાનું શરૂ કરેલું. આ નવલકથાએ એક લેખક તરીકે તેમનું ઘડતર કરેલું. એ પુસ્તકને લઇ રશિયાની ઝાર સરકાર ફફડી ઊઠેલી. પરિણામે તેમને પકડીને નજરકેદમાં રાખવામાં આવ્યા. આ સમયે તેમની ઉંમર માંડ છવ્વીસેક વર્ષની હશે.

ઇ.સ. ૧૯૦૬માં તેમની જગવિખ્યાત નવલકથા 'મધર' પ્રગટ થયેલી. આ નવલકથાલે લઇ સાત વર્ષ જેટલો સમય તેમને રશિયાની બહાર વીતાવવો પડેલો.

તેઓ રશિયાના લોકલાડીલા નેતા લેનિન, સમર્થ સાહિત્ય સ્વામી ટૉલ્સ્ટોય અને એન્ટની ચેખોવના મિત્ર હતા. લેનિનના અવસાન થયા પછી દેશની પ્રજાના કલ્યાણ માટે તેમણે જે યાતનાઓ વેઠેલી તેની કદરરૂપે ઇ.સ. ૧૯૨૮ માં રશિયાના લોકોએ તેમનું બહુમાન કરેલું. મેક્સિમ ગોર્કી માનવતાના પૂજારી હતા. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તેમને 'માનવાધિકારોના મહાન લડવૈયા' કહી બિરદાવેલા. તો વળી જર્મન સાહિત્યકાર સ્ટીફન ઝવાઇગે તેમને 'દલિત પ્રજાના ભાષ્યકાર' કહી સંબોધ્યા હતા. તેઓ સાવ સામાન્ય માણસને નજરમાં રાખીને લખતા. તેમની કલમમાંથી અનેક ઉત્કૃષ્ટ નવલકથાઓ, વાર્તાઓ અને નાટકો જન્મ્યાં છે. તેમણે બાળકોને પ્રિય એવું વિપુલ સાહિત્ય સર્જ્યું છે. આધુનિક રશિયાનું નવસર્જન કરવામાં ગોર્કીનો ફાળો અમૂલ્ય છે. તેઓ કડવું સત્ય સમાજની સામે રજૂ કરનારા સર્જક હતા. ગરીબોનું આર્થિક શોષણ કરનારા ધનિકોની કઠોર શબ્દોમાં ઝાટકણી કાઢતાં તેઓ લેશમાત્ર ડર્યા ન હતા. તેમની 'મધર', 'મારું બાળપણ' અને 'મારું વિદ્યાલય' રચનાઓ ખૂબ જ પ્રસિદ્ધ પામી છે. તેમણે સામ્યવાદી આદર્શોને ચરિતાર્થ કરી શ્રમનું ગૌરવ કરવાનું પવિત્ર કાર્ય કર્યુ હતું. રશિયાનો આ મહામાનવ ૧૮, જૂન, ઇ.સ. ૧૯૩૬ ના રોજ આ ફાની દુનિયા છોડી ચાલ્યો ગયો હતો.



# (૧૦૯)
# રોબર્ટ સ્કૉટ
## (અવસાન : ૨૯, માર્ચ, ઇ.સ. ૧૯૧૨)

આ વિશ્વમાં સાહસવીરોનો તોટો નથી. જુદા જુદા ક્ષેત્રોમાં અપ્રતિમ સાહસ બતાવી પોતાની કીર્તિ વિશ્વની દસે દિશાઓમાં પ્રસરાવી જનાર સાહસવીરોનું નામ વિશ્વના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ ગયું છે. કેટલાંક સાહસવીરો મરીને પણ અમર થઈ ગયા છે. આવો જ એક સાહસવીર હતો કેપ્ટન રોબર્ટ ફોલ્કન સ્કૉટ. તેનો જન્મ ૬, જૂન, ઈ.સ. ૧૮૬૮ ના રોજ ઈંગ્લેન્ડના ડેવનપોર્ટમાં થયેલો.

જે સમયમાં આધુનિક વૈજ્ઞાનિક ટેકનોલોજી અને ઉપકરણોનો પૂરેપૂરો વિકાસ થયો ન હતો ત્યારે દક્ષિણ ધ્રુવની આસપાસના હજારો વર્ષો બરફથી ઢંકાયેલા એન્ટાર્કટિકા ખંડને ખૂંદવા નીકળી પડેલો. આ સાહસિક નાની ઉંમરથી જ નૌકાદળમાં જોડાઈ ગયેલો. ધીમે ધીમે તે તેની કાર્યનિષ્ઠાને લઈ કમાન્ડરના હોદ્દા સુધી પહોંચી ગયેલો. તેની ઉંમર માત્ર ૩૧ વર્ષની હતી ત્યારે વિશ્વના નવા શોધાયેલા દક્ષિણધ્રુવ પર આવેલા બરફાચ્છાદિત એન્ટર્કટિકાની સફરની જવાબદારી 'રૉયલ જિયોગ્રાફિકલ સોસાયટી' એ રોબર્ટ સ્કોટને સોંપેલી.

ત્યારે એન્ટાર્કટિકા વિશે વિશ્વને નવીનવી જાણકારી પ્રાપ્ત થઈ હતી. તેની ભૌગોલિક પરિસ્થિતિ વિશે પણ ખાસ માહિતી ન હતી. હજારો વર્ષોથી માઈલોના જાડા બરફના થર વાળો થીજી ગયેલો એ પ્રદેશ સાવ નિર્જન હતો. સ્કોટે તેની યાત્રા શરૂ કરતા અગાઉ તેની પહેલાંની દક્ષિણધ્રુવની સફરોની ઝીણામાં ઝીણી માહિતી એકઠી કરી લીધેલી. તે પોતે વૈજ્ઞાનિક હતો. દક્ષિણધ્રુવની ભૌગોલિક માહિતી અને તેના વાતાવરણ અંગે તેણે શક્ય એટલી માહિતી મેળવી લીધેલી.



ઈ.સ. ૧૯૦૧માં સ્કોટે તેની ટીમ સાથે લાકડામાંથી બનાવેલા ખાસ જહાજ 'ડિસ્કવરી'માં ટેમ્સથી તેની શોધ-સફરના શ્રીગણેશ કરેલા. દરિયાઈ મુસાફરી એટલે અનેક આફતો તો આવે જ. સંઘર્ષોનો સામનો કરીને છ માસની સાગર સફર પછી તે તેની ટીમ સાથે 'રોસસી' પહોંચેલો. હવે અગ્નિપરીક્ષા થવાની હતી. હવે પછીની સફર તો રેતીમાં વહાણ ચલાવવા જેવી અતિકઠિન હતી. જ્યાં નજર પડે ત્યાં બરફ જ બરફ. જાણે બરફનું મહારણ. બરફ સિવાય બીજું કશું નજરે ન પડે. હવે એ બરફ વચ્ચેથી આગળની કેડી કંડારવાની હતી. બરફના પહાડ સાથે જહાજ અફળાય તો તૂટી જવાનો ભય ! સાગરમાં સીલ અને વ્હેલ જેવી રાક્ષસી કદની માછલીઓ અને પેંગ્વિનનાં ટોળાં એ આ પ્રદેશની માયા. તેણે અહીંના દરિયાઈ જીવો અને વિશિષ્ટ પ્રાણી પેંગ્વિનનો અભ્યાસ કર્યો. તેમની જીવનરીતિ વિશે માહિતી એકઠી કરી, તેણે એક નવો પ્રદેશ શોધી કાઢી તેને 'કિંગ એડવર્ડ સેવન્થ લેન્ડ' એવું નવું નામાભિધાન કર્યુ. નજર ના પહોંચે એવા બરફના વિશાળ પ્રદેશ ઉપર તેણે સ્લેજગાડીમાં બેસી અંદરના વિસ્તારોની જાણકારી મેળવા પ્રવાસ કરેલો. બે વર્ષ પછી દક્ષિણધ્રુવ અંગેની વૈવિધ્યસભર માહિતી એકઠી કરી તે ઈંગ્લેન્ડ પાછો ફર્યો ત્યારે ઈંગ્લેન્ડની પ્રજાએ તેને ઉમળકાભેર વધાવી લીધેલો. આમ એક અધ્યાય સફળતાપૂર્વક એણે પાર પાડેલો. એને મળેલી આ સફળતાથી તેનો ઉત્સાહ બેવડાઈ ગયેલો. છ વર્ષ પછી એક નવી યોજના સાથે તેણે બીજીવારની દક્ષિણધ્રુવની સફર આદરેલી. દક્ષિણ ગોળાર્ધમાં જ્યારે વસંતનું આગમન થતું હોય તે સમયે તેણે તેના સાહસિક સાથીદારો સાથે કેપ ઈવાન્સથી યાત્રાનો આરંભ કરેલો. તેણે આ વખતે ૭૦૦ કિલોમીટરનું અંતર કાપવાનું નક્કી કર્યુ હતું. તે જેમ આગળ વધતો જતો હતો તેમ તેમ તેના સાથીઓમાંથી થોડા થોડા જણને પાછા મોકલતો રહેતો હતો. તેનો કાફલો હવે ધ્રુવથી માત્ર સો-સવાસો કિલોમીટર દૂર રહ્યો હશે ત્યારે તેણે તેની છેલ્લી મદદગાર ટુકડીને પણ પાછા મોકલી દીધેલી. બાકીના થોડાક સાથીઓ સાથે તે ધ્રુવ પર પહોંચવા આગળ વધેલો. હવે તેઓ માત્ર પાંચ જણ

સફરમાં હતા. તેની સફર આગળ વધેલી પણ ત્યાર બાદ શું થયું તેની કોઈને કશી ભાળ મળેલી નહીં. મળી આવેલાં તેમના માત્ર શબ. સ્કોટની છેવટ સુધીની નોંધ પરથી એટલી વિગતો જાણવા મળેલી કે સોળમી જાન્યુઆરીએ તેમણે દક્ષિણધ્રુવને જોયેલો. તેઓ દક્ષિણધ્રુવ પર પહોંચ્યા ત્યારે તેમને જાણવા મળેલું કે તેમના પહેલાં નોર્વેના આમુંડસેનની ટુકડી દક્ષિણધ્રુવ પર તેમના દેશનો ધ્વજ ફરકાવી ગઈ હતી. આ જાણી તે હતાશ અને નિરાશ થઈ ગયેલો. એને પોતાનો પરિશ્રમ ધૂળમાં મળી ગયેલો જણાયો. એ ભારે આઘાત અને નિરાશા સાથે પાછો ફરેલો. પાછા વળતાં તેમને ઉગ્ર દરિયાઈ તોફાનોનો સામનો કરવો પડેલો. તેના સાથીઓ નાહિંમત થઈ દરિયામાં કૂદી પડેલા અને આત્મબલિદાન દઈ દીધેલું. તે પછી ૨૯, માર્ચ, ઈ.સ. ૧૯૧૨ ના રોજ ભૂખ અને ઠંડીથી ત્રસ્ત થઈ ગયેલા સ્કોટનું પણ બાકીના સાથીઓ સાથે અવસાન થયેલું. આઠ મહિનાની શોધખોળ પછી તેમનાં શબ અને ડાયરી હાથ લાગેલાં. આજે પણ ઈંગ્લેન્ડની પ્રજા આ સાહસવીરોના સાહસને યાદ કરે છે અને એમની વીરતાને બિરદાવે છે.

●





## (૧૧૦)

# વાન ગોઘ

## (૩૦, માર્ચ, ઇ.સ.૧૮૫૩)

વિશ્વની ચિત્રકલા જગતનું અણમોલ રત્ન એવા ચિત્રકલાને જીવન સમર્પિત કરી દેનારા ગોઘનો જન્મ ૩૦, માર્ચ, ઈ.સ.૧૮૫૩ ના રોજ બેલ્જિયમની સીમા ઉપર આવેલા ગામ ગ્રૂટ જુનડર્ટના થીઓડોરસને ઘેર થયો હતો. તેની માતાનું નામ કોર્નેલિયા હતું. લોકોએ તેને ગાંડામાં ખપાવી દીધેલો. તે અર્ધભૂખ્યો રહી જીવેલો.દેખાવે સાવ બેડોળ લાગતા આ માણસનું હૈયું માનવતાથી ભર્યું ભર્યું હતું. તે એટલો તો એકાંતપ્રિય હતો કે બાળપણમાં સમોવડિયાં બાળકો સાથે રમવાનું છોડી એ ખેતરમાં જઈ એકલો બેસી રહેતો. સાત વર્ષનો હતો ત્યારથી તેણે હાથમાં પીંછી પકડેલી. શાળાએ ગયેલો નહીં. જે કંઈ શીખેલો એ જાતે જ શીખેલો. તેના જીવન વિશે ગુજરાતીમાં વિનોદ મેઘાણીએ ‘સળગતાં સૂરજમૂખી’ નામનું પુસ્તક લખ્યું છે.

તેના પિતા પાદરી હતા અને કાકા વેપારી હતા. તેના કાકાની હેગ શહેરમાં આર્ટ ગેલેરી હતી. ૧૬ વર્ષની ઉંમરે તે કાકાની ગેલરીમાં જોડાયો. ત્યાં ચારેક વર્ષ કામ કરી તે ઈંગ્લેન્ડની શાખામાં કામ કરવા લાગ્યો. લંડનની ઓફિસમાં નવરાશની પળોમાં એ સાહિત્ય વાંચતો. રાતે મોડે સુધી જાગી બાઈબલ વાંચતો. લંડનના તેના વસવાટ દરમ્યાન તેની લેન્ડ લેડીની પુત્રી ઉર્જુલાના પ્રેમમાં પડેલો. પણ કદરૂપા માણસને તે વળી કોણ પરણે ? તેને પ્રેમ તો ના મળ્યો પણ ઘરમાંથી પાણીચું મળ્યું. તેહ્રદયથી ભાંગી ગયો. છેવટે તે ધર્મ તરફ વળ્યો.

તેણે લંડન છોડ્યું, તે પેરિસ જઈ ગૈપિલની આર્ટ ગેલરીમાં જોડાયો પણ તેને ત્યાં ખાસ જચ્યું નહીં. ઈંગ્લેન્ડ પાછો આવી તે રેમ્સ ગેટની નાની શાળામાં કામ

કરવા લાગે છે. છેવટે હારી થાકીને તે માતા પિતા પાસે વતનમાં આવે છે. છેવટે ઈ.સ.૧૮૭૫માં ખાણિયાઓના ઉપદેશક થવા બોરીંજે જાય છે. અહીં બેલ્જિયમમાં તે ખાણિયાઓની વચ્ચે રહી તેમના જેવું જીવન જીવવા લાગેલો. તેનું રૂપ ભયંકર થઈ જાય છે. જીંથરાળા વાળવાળો અને ફાટેલાં કપડાં વાળો તે ડરામણો લાગતો. જીવન હવે તેને ભારરૂપ લાગતું હતું. ઈ.સ. ૧૮૮૦માં તે બ્રસેલ્સ ગયો અને ત્યાં ચિત્રકલાનો અભ્યાસ કર્યો. મીલે તેનો માનીતો ચિત્રકાર હતો.તે મીલેનાં ચિત્રોની અનુકૃતિઓ કરવા લાગ્યો. હવે તેણે મનોમન ચિત્રકાર થવાનું નક્કી કરી લીધું. માતા-પિતા સાથે રહેતો વાન ગોધ તેની પિતરાઈ બહેનના પ્રેમમાં પડે છે. તે પછી તે સિએન નામની એક વેશ્યા સાથે રહે છે. ૨૦ મહિના બાદ તે સિએનથી છૂટો પડે છે તેની સાથેના સહવાસમાંથી સજાયેલું ચિત્ર 'સૉસે' આજે પણ આર્મસ્ટડ્રામના સંગ્રહાલયમાં હયાત છે.

છેવટે તેની આ લંપટવૃત્તિને કારણે પિતા સાથે ઝઘડીને ઈ.સ.૧૮૮૧ના નાતાલના દિવસે એ ગૃહત્યાગ કરે છે. રઝળપાટ દરમ્યાન તેનો પરિચય ચિત્રકાર મોલે સાથે થાય છે. તે કંટાળી, થાકી આખરે ઈ.સ.૧૮૮૯માં ડેર પાછો ફરે છે. તે ૧૮૮૭માં કલાનગરી પેરિસમાં થીઓને શરણે જાય છે. ચોત્રીસ વર્ષની ઉંમરે પહોંચેલો તે છાયાવાદી ચિત્રકારોથી પ્રભાવિત થાય છે. અહીં તે પેરિસની શેરીઓનાં અને ફૂલોનાં ૨૦૦ ચિત્રો બનાવે છે. પછી તે તુલુસ બુત્રેકના કહેવાથી આર્લ્સ ચાલ્યો જાય છે. અહીં નવેક માસ રહી અસંખ્ય ચિત્રો તૈયાર કરે છે. તેની યોજના ચિત્રકાર ગામ ઊભું કરવાની હતી. તે તેની સાથે રહેવા ગોગાંને આમંત્રે છે.તે ગોગાંની સાથેની લડાઈમાં પોતાનો જ કાન કાપી નાંખે છે. પછી પોતે જ પોતાનું કાનકટ્ટો ચિત્ર બનાવે છે. આ ચિત્ર ઉત્તમ કોટિનું છે તે પછી તે માનસિક હુમલાનો ભોગ બને છે.

તેણે તેની જિંદગીમાં દુઃખ અને ભૂખને ભૂલી ૮૦૦ ચિત્રો તૈયાર કરેલાં. ૧૬, મે, ૧૮૯૦માં તે પેરિસ આવે છે અને આઉર્સમાં સ્થિર થાય છે. હવે તે



ભય અને હતાશા સાથે જીવે છે. તેણે છેલ્લું ચિત્ર 'વીથફીલ્ડ વીથક્રો' ચિતર્યું હતું. પછી એક દિવસ એક નિર્જન ખેતરની વચ્ચે જઈ પોતાની જાત પર પિસ્તોલમાંથી ગોળી છોડી મરણને શરણ થાય છે. ૩૭ વર્ષની ટૂંક જિંદગી જીવી ગયેલો આ ચિત્રકાર જગતમાં મશહૂર થઈ ગયેલો.

●





## (૧૧૧)

# સ્ટીફન બનાખ

## (૩૦, માર્ચ, ઇ.સ. ૧૮૯૨)

ઉચ્ચ કક્ષાના ગણિતનું સર્જન કરનારા પ્રસિદ્ધ ગણિતજ્ઞ સ્ટીફન બનાખનો જન્મ પોલેન્ડની એક સમયની રાજધાની ક્રેકાઉમાં ૩૦, માર્ચ, ઈ.સ. ૧૮૯૨ના રોજ થયો હતો. નાનપણથી જ ઉચ્છૃંખલ અને અસંસ્કારી જણાતા બનાખમાં પિતાએ ઝાઝો રસ દાખવેલો નહીં તેથી તે નાનપણમાં ખૂબ જ સ્વચ્છંદી અને રખડું બની ગયેલો. પિતા તરફથી પ્રેમ ના મળતાં અલગારી સ્વભાવના સ્ટીફને એક દિવસ ઘર છોડી દીધું. તે ભાગીને રખડતો એક ધોબીને ઘેર પહોંચી ગયો. ધોબીની પત્નીએ બાળક સમજી તેને આવકાર્યો. તેની પાસેથી સઘળી માહિતી જાણી ધોબણે તેને તેના ઘરમાં આશરો આપી ઉછેરેલો. ધોબણ બહેનની આર્થિક સ્થિતિ સાવ સામાન્ય હતી. તેથી જીવન જીવવામાં એને ખાસ સુખસગવડો તો મળેલાં નહીં પણ તેને પ્રેમ અને હૂંફ અવશ્ય મળી રહેલાં. હવે તેને ભણવાની તાલાવેલી લાગી. તેણે ભણવાનું શરૂ કર્યું. ગણિતમાં તેને ખૂબ જ રસ હતો. તે રાતદિવસ ગણિતના કોયડા ઉકેલવામાં જ રચ્યો-પચ્યો રહેતો હતો. ભણવાનું શરૂ કરવા છતાં તેના સ્વભાવમાં કોઇ ફેરફાર થયેલો નહીં.

તેને શુદ્ધ ગણિતના વિષયમાં અધિક રુચિ હતી. શુદ્ધ ગણિતના અભ્યાસને તેણે યોગ અને સાધના માની સ્વીકારેલો. ગણિતની આંટીઘૂટીઓનો તે સૂક્ષ્મતાથી અભ્યાસ કરતો. સ્વભાવે રખડું હોઇ તે મોટા ભાગનો સમય હોટેલોમાં ગાળતો. શાંતિ નહી પણ ઘોંઘાટ એને વધુ ગમતો. તેણે ગણિતના વિષયમાં કરેલી કેટલીક શોધોની જન્મભૂમિ ઘોંઘાટિયા વાતાવરણવાળી હોટલો જ હતી. હોટલના ટેબલ કે ટેબલકલોથ ઉપર તે કંઇકને કંઇક ગણ્યા કરતો. તેણે હોટલના વેઈટરને એક



ડાયરી આપી તેમાં નોંધવા જણાવેલું. આ રીતે કેટલાય લોકોની ગાણિતિક સમસ્યાઓ તેણે હલ કરેલી.

ઈ.સ. ૧૯૩૨માં તેણે લખેલું પુસ્તક 'Theory of Linear operation' પ્રસિદ્ધ થતાં તેની કીર્તિની સુવાસ પ્રસરી ગઇ હતી. તેની ૪૦-૫૦ વર્ષની ગણિતની સાધનાના પરિપાક રૂપ વિચારોને આ પુસ્તકમાં આયોજન બદ્ધ રીતે રજૂ કરવામાં આવ્યા છે. માત્ર આટલું જ નહીં તેણે અનંત પરિણામોવાળા અવકાશમાં કલનશાસ્ત્ર દાખલ કરવામાં સફળતા હાંસલ કરેલી. તેણે એક વિશિષ્ટ પ્રકારના અવકાશની વ્યાખ્યા આપી તેનો અભ્યાસ કર્યો. અવકાશને તેણે 'બી' પ્રકાર આપેલો. આજે પણ આ અવકાશ બનાખના અવકાશ નામે ઓળખાય છે. તેના આ કાર્યથી ગાણિતિક વિશ્લેષણ સફળ અને એકસૂત્રી બન્યું.

તેણે યંત્રશાસ્ત્રનું શિક્ષણ આપેલું. યંત્રશાસ્ત્ર પર તેણે એક મૌલિક ગ્રંથ પણ લખેલો. આ પુસ્તક આજેય આધારભૂત મનાય છે. તેનું અંગ્રજીમં ભાષાંતર પણ થયું છે. તેના અલગારી સ્વભાવને લઈ આર્થિક ભીંસમાં સંપડાયેલા રહેતા તેણે નાણાંભીડ હળવી કરવા સામાન્ય પુસ્તકોનું સર્જન કર્યું છે. છતાં આ પુસ્તકોમાં પણ તેનું આગવું વ્યક્તિત્વ ઊભરી આવ્યું છે.

બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીએ પોલેન્ડ ઉપર વિજય મેળવ્યો ત્યાર પછી ઈ.સ. ૧૯૪૪માં રશિયાએ પણ પોલેન્ડ પર કબજો જમાવેલો. જીત મેળવી ચૂકેલા જર્મનીએ આવા તેજસ્વી ગણિતશાસ્ત્રીનો યોગ્ય રીતે ઉપયોગ કરવાને બદલો તેને ધનૂરનાં ઇંજેક્શનો તૈયાર કરવા અને જૂનો ઉછેર કરવા મજબૂર કરેલો. તેણે જર્મની વિરુદ્ધ છૂપી ચળવળમાં ભાગ લીધેલો. તેણે જર્મન કરન્સીનાં કાળાંબજાર કરેલાં પરિણામે તેની ધરપકડ કરી, જેલમાં ધકેલી દેવામાં આવેલો. જેલમાં એકાન્ત મળવાથી પુનઃ તેણે અકલ્પ્ય પ્રયત્નો શરૂ કરેલાં.

વિશ્વયુદ્ધની સમાપ્તિ થતાં તેણે તેના ગામ લુવાવ જઇને ગણિત અંગેની શોધખોળો શરૂ કરેલી. પણ તેના સ્વચ્છંદી સ્વભાવને પરિણામે તે કેન્સરની

બિમારીનો ભોગ થઈ પડેલો. ગણિતની અનેક આંટીઘૂંટી ઉકેલાર બનાખ તેના જીવનની આંટીઘૂંટી ઉકેલવામાં નિષ્ફળ નીવડેલો. અંતે ૩૧, ઓગષ્ટ, ઈ.સ. ૧૯૪૫ના રોજ એ અવસાન પામેલો.

ગણિતના ક્ષેત્રમાં એણે મેળવેલી સિદ્ધિઓ આજે પણ એટલી જ મહત્વની સાબિત થઈ રહી છે. બનાખનો સંકુચનનો સિદ્ધાંત, બનાખ સ્ટાઈન હાઉસ અને બનાખ અવકાશને  આજે પણ વિશ્વ યાદ કરે છે.

લુવાવ વિશ્વવિદ્યાલયમાં અધ્યાપન કાર્ય કરી જીવન વ્યતીત કરનાર સ્ટીફન બનાખનું નામ ગણિતની દુનિયામાં અમર થઈ ગયું છે.

●







## (૧૧૨)
# ઓક્ટોવિયો પાઝ
## (૩૧, માર્ચ, ઇ.સ.૧૯૧૪)

ભારત પ્રત્યે ઉત્કટ પ્રેમની લાગણી ધરાવનાર મેક્સિકન કવિ ઓક્ટોવિયો પાઝનો જન્મ ૩૧,માર્ચ, ઈ.સ.૧૯૧૪ના રોજ થયો હતો. તેઓ કવિ તરીકે માત્ર લેટિન અમેરીકામાં જ નહીં પણ આખા વિશ્વમાં જાણીતા થયેલા હતા.

તેમનું બાળપણ મેક્સિકો શહેરમાં પસાર થયું હતું. તેમના પિતા તે સમયના જાણીતા સમાજસુધારક અને વકીલ તરીકે પંકાયેલા. તેમના દાદા એક કુશળ વાર્તાકાર હોઈ દાદાના એ સાહિત્ય સંસ્કાર પૌત્ર ઓક્ટોવિયેમાં ઊતરી આવેલા. ઈ.સ. ૧૯૩૭માં તેઓ પ્રજાસત્તાક સ્પેનની મુલાકાતે ગયેલા. ત્યાંથી પાછા ફરીને તેમણે ‘ટોલર’ નામનું વિવેચકનાત્મક સામાયિક શરૂ કર્યું હતું.

નાનપણથી વાચનના શોખીન એવા એમણે વિદેશી સાહિત્યકારોની પ્રખ્યાત કૃતિઓ વાંચી કાઢેલી. તેમના ઘરમાં તેમણે સમૃદ્ધ પુસ્તકાલય પણ બનાવેલું. તેમણે પ્રારંભનાં વર્ષોમાં મેક્સિકન સરકારની નોકરી પણ કરેલી. વિવિધ હોદ્દાઓ ઉપર ફરજ બનાવતા તેઓ વર્ષો સુધી વિદેશોમાં રહ્યા હતા. નોકરી દરમ્યાન પેરિસમાં તેમણે આન્દ્રે બેર્તો, હેન્રી નિકોક્સ અને અન્ય કવિઓનો પરિચય કેળવેલો. ઈ.સ. ૧૯૬૨માં તેઓ ભારતમાં એલચી તરીકે નિમાયેલા. એ દરમ્યાન તેમણે ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાનનો ગહન અભ્યાસ કરેલો.

૧૯ વર્ષની કુમાળી વયે તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘ફોરેસ્ટમૂન’ ઈ.સ. ૧૯૩૩માં પ્રકાશિત થયો હતો. સત્યને ધારણ કરવાનો એમનો આગ્રહ એમની કવિતામાં ડોકાયા વગર રહેતો નથી. તેમણે લખ્યું છે કે, ‘કવિતા એ બીજો અવાજ છે. એ ઈતિહાસ કે પ્રતિ-ઈતિહાસનો અવાજ નથી, પણ ઈતિહાસમાં જે અવાજ

કંઈક જુદુ જ કહી જાય છે તેનો અવાજ છે. ફ્રાન્સના પ્રતીકવાદઓની અસર પાઝની કવિતા પર પડેલી દેખાય છે.' કવિતાના સ્વભાવને તે ધર્મોત્સવ જેવો ગણે છે.

ઈ.સ. ૧૯૩૭માં પાઝે માડ્રિડ જઈ ગૃહયુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની પર સામ્યવાદી વિચારધારાની અસર થઈ હતી. મેક્સિકો પાછા આવીને તેમણે સાહિત્યિક સામાયિક શરૂ કરેલું. આ સામાયિકમાં તેઓ સાહિત્ય અને સંસ્કૃતિ વિષયક લેખો લખતા. ઈ.સ. ૧૯૪૩માં ગુગેનહીમ ફેલોશિપ પ્રાપ્ત થતાં તેઓ અમેરીકા ગયેલા.

ઈ.સ. ૧૯૬૮માં એલચી પદેથી રાજીનામું આપી હાર્વર્ડ અને કૅમ્બ્રિજ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે જોડાયેલા. એ અરસામાં તેમના નિબંધ સંગ્રહો ઉપરા ઉપરી પ્રગટ થવા લાગેલા.

ભારતમાં એલચીપદના કાર્યકાળ દરમ્યાન ભારતની ચિત્રકલા અને શિલ્પકલા તરફ તેઓ આકર્ષાયેલા. ભારતના ઈતિહાસ, સંસ્કૃતિ અને કલાને તેમણે તેમની અનેક કવિતાઓમાં સમાવી લીધાં છે. ઉદાહરણ ટાંકવું અહીં બસ થઈ પડશે.

'' હૃષિકેશ પછી
ગંગા હજીય લીલી છમ છે.
કાચની ક્ષિતિજ
તૂટે છે શિખરો વચ્ચે,
અમે ચાલીએ છીએ સ્ફટીકો ઉપર.
ઉપર અને નીચે
મૌનના ઊંડા પ્રવાહો.
ભૂરા અવકાશમાં
સફેદ ખડકો, કાળાં વાદળો.

તેં કહ્યું :



તે રાત્રે મેં મારા હાથ ધોયા તારાં સ્તનોમાં.''

'હુમાયુનો મકબરો', 'ઉતાકામંડ', 'ગામડું' અને 'એલિફન્ટા પર પરિવાર' જેવી ઘણી રચનાઓમાં ભારતને ઝીલાયો છે. 'અ ટ્રી વિધિન' પ્રેમની અભિવ્યક્તિ કરતી પાઝની શક્તિશાળી અને નીવડેલી રચના છે. પાઝની ગદ્યરચનાઓનો એક સંગ્રહ છે 'ઈન લાઈન ઓફ ઈન્ડિયા' જેમાં શબ્દે શબ્દે ભારતનો શ્વાસ ધબકતો અનુભવાય છે. તેમણે પોતે જ એ પુસ્તકમાં એવી કબૂલાત કરી છે કે, 'મેં ખરું શિક્ષણ ભારતમાં મેળવેલું છે. એ શિક્ષણ કેવળ પુસ્તકિયું ના બની રહેતાં આત્મલક્ષી બની રહ્યું છે. મારા જીવન ઉપર તેનો ઘેરો પ્રભાવ પડેલો છે. એ એક ભાવનાત્મક, કલાત્મક અને આધ્યાત્મિક શિક્ષણ હતું.' હાર્વર્ડ વિશ્વવિદ્યાલયે તેમને ડોક્ટરની પદવીથી નવાજ્યા હતા. ઈ.સ. ૧૯૯૦માં સાહિત્ય સર્જન માટે નોબેલ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. વળી, ભારત સહિત અનેક દેશોએ પુરસ્કારોથી તેમનું સન્માન કર્યુ હતું. આ મહાન કવિ ઈ.સ.૧૯૯૮માં ચોર્યાસી વર્ષની ઉંમરે અવાસન પામ્યા હતા.





## (૧૧૩)

# મીરાં કુમાર જગજીવનરામ

## (૩૧, માર્ચ, ૧૯૪૫)

ઇ.સ. ૨૦૦૯થી ભારત દેશની સંસદનાં પ્રથમ મહિલા સ્પીકર તરીકે ફરજ બજાવી રહેલાં મીરાં કુમારનો જન્મ ઇ.સ.૧૯૪૫ની ૩૧ મી માર્ચે બિહારના પાટનગર પટણામાં થયો છે. તેઓ જનતા પક્ષની સરકારમાં ઉપવડાપ્રધાન તરીકે રહી ચૂકેલા દલિત નેતા બાબુ જગજીવનરામના પુત્રી છે. તેઓ દિલ્હી, ઉત્તરપ્રદેશ અને બિહાર એમ ત્રણ રાજ્યોમાંથી ચૂંટણી લડીને જીતેલાં છે.

દિલ્હી વિશ્વવિદ્યાલયના મિરાંડા હાઉસ અને ઇન્દ્રપ્રસ્થ કોલેજમાંથી તેઓએ વિનયન વિદ્યાશાખાની સ્નાતકની પદવી મેળવેલી છે. સ્પેનિશ ભાષામાં તેમણે એડવાન્સ ડિપ્લોમા ડિગ્રી પણ પ્રાપ્ત કરી છે.

રાજનીતિ તેમને ગળથૂથીમાંથી જ મળી છે. પિતા જગજીવનરામ સક્રિય રાજકારણી હોઇ તેમનું અધિકાંશ જીવન દિલ્હીમાં જ પસાર થયું છે. ઇ.સ. ૧૯૭૩માં મીરાં કુમાર ભારતીય સેવામાં સામેલ હતાં જેથી વિશ્વના અનેક દેશોમાં રહેવાની અને ફરવાની તક મળી છે. ભારતીય વિદેશ સેવાની નોકરીમાંથી રાજીનામું આપી દીધા બાદ એંસીના દાયકામાં તેમણે ભારતના સક્રિય રાજકારણમાં ઝંપાલાવ્યું હતું. તેઓ પ્રથમવાર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઇ.સ.૧૯૮૫માં માયાવતી અને રામવિલાસ પાસવાન જેવા સમર્થ નેતાઓને માત કરીને ઉત્તરપ્રદેશની બીજનૌર બેઠક પરથી વિજયી થઇને સંસદમાં પ્રવેશ્યાં હતાં. એ પછી તેઓ દિલ્હીના કરોલબાગ મતવિસ્તારમાંથી સતત ત્રણવાર ચૂંટાઇ આવ્યાં હતાં, પણ ઇ.સ.૧૯૯૯માં કોંગ્રેસ વિરોધી વાવાઝોડામાં તેમને હાર જોવી



પડી હતી.

મીરાંકુમાર છેલ્લી બે ટર્મથી બિહારના સાંસારામ મતવિસ્તારમાંથી વિજયી બને છે. એક સમયમાં આ મતવિસ્તાર એમના પિતાનો પણ હતો. ૨૦૦૪માં યુ.પી.એ. સરકારમાં મીરાં કુમારે સામાજિક ન્યાય અને અધિકાર મંત્રાલય સંભાળ્યું હતું. ઇ.સ. ૨૦૦૯માં તેઓ લોકસભાના સ્પીકર તરીકે સર્વસંમતિથી ચૂંટાઇ આવ્યાં હતાં.

સ્પીકર તરીકે તેમની છબી શાંત, શિસ્તબદ્ધ અને મિતભાષી તરીકેની રહી છે. સ્પીકરની ખુરશી પર બેસી તેઓ સદા સૌમ્યસ્મિત રેલાવતાં જોવાનો પણ એક લ્હાવો છે. સંસદમાં હોબાળો મચી જાય ત્યારે 'શાંત હો જાઇએ', 'બેઠ જાઇએ' જેવાં ટૂંકાં વાક્યો વડે તેઓ સંસદને શાંત કરવાનો સતત પ્રયત્ન કરતાં રહે છે. છતાં પ્રસંગોપાત સાંસદોને ઠપકો આપવામાં પણ તે પાછી પાની કરતાં નથી. તેઓ સદા જાતિવાદના વિરોધી રહ્યા છે.

તેઓ અંગ્રેજી, ભોજપુરી, હિંદી, ઊર્દૂ અને સ્પેનિશ ભાષાનાં સારાં જાણકાર છે. ઇ.સ. ૨૦૧૨માં ભારતીય ડેલીગેશનનું નેતૃત્વ કરીને તેઓ પાકિસ્તાન ગયાં ત્યારે શુદ્ધ ઊર્દૂમાં ભાષણ આપેલું. આ જોઇને ખુદ પાકિસ્તાનીઓ પણ મોંઢમાં આંગળાં નાખી ગયેલા. તેઓ સ્પીકર બન્યા પછી ૩૨ મહિનામાં ૨૯ વખત વિદેશ પ્રવાસ કરી ચૂક્યાં છે.

તેમણે રાઇફલ શુટિંગની સ્પર્ધામાં અનેક મેડલ જીતેલા છે. તેમને ઘોડેસવારી પણ પ્રિય છે. તેમના પતિ અંશલકુમાર સર્વોચ્ચ અદાલતમાં એડવોકેટ છે. તેમને અંશુલ, સ્વાતિ અને દેવાંગ નામનાં ત્રણ સંતાનો છે.

●



# (૧૧૪)
# રેને ડેસકાર્ટેસ
## (૩૧, માર્ચ, ઇ.સ. ૧૫૯૬)

વિશ્વપ્રસિદ્ધ દર્શનશાસ્ત્રી ડેસકાર્ટેસનો જન્મ ૩૧, માર્ચ, ઈ.સ. ૧૫૯૬ માં ટોરાઇનના એક ફ્રેન્ચ પરિવારમા થયો હતો. તે તેના પિતાની પ્રથમ પત્નીનું ત્રીજું અને આખરી સંતાન હતો. તેના જન્મ પછી તરત જ તેની મા અવસાન પામી હતી.

નાનપણમાં તેની નાદુરસ્ત તબિયતને કારણ તેના પિતાએ તેને શાળામાં મૂકવાનું યોગ્ય માનેલું નહીં. આઠ વરસની ઉંમરનો તે થયો ત્યાં સુધી તેના પિતાએ જ તેને ઘેર શિક્ષણ આપેલું. એ પછી એક ખૂબ જ જાણીતી એવી લાફલેચેની જેસ્યુએટ કોલેજમાં તેને તેના પિતાએ અભ્યાસ સાથે દાખલ કર્યો. કોલેજમાં રેનેને તેની નબળાઈને કારણે વિશેષ વ્યવસ્થા ઊભી કરી આપી હતી. તે ભણવામાં ખૂબ તેજસ્વી હતો. તેની શારીરિક નબળાઈની તેના અભ્યાસ પર કોઈ જ પ્રતિકૂળ અસર પડી ન હતી. તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર, ઈતિહાસ, વિજ્ઞાન અને સાહિત્યમાં તે પ્રતિભાવંત વિદ્યાર્થી સાબિત થયો હતો. તે ભૂમિતિ અને બીજગણિતમાં સ્વતંત્ર સંશોધનો કરવા લાગેલો. આ વિષયો એના મન-ગમતા વિષયો હતા. એણે પોઈટી અર્સ યુનિવર્સિટીમાંથી કાયદાનું શિક્ષણ લીધું હતું. કાયદાની ડિગ્રી મેળવ્યા પછી એણે સાહિત્યનો અભ્યાસ કરવો શરૂ કર્યો હતો.

એ ફ્રાન્સના પાટનગર પેરિસ ગયો. અહીં બે વરસ એણે ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ૨૨ વરસની ઉંમરે રેને એક મિત્રની મદદથી નાસાઉના પ્રિંસ મ્યુરિકની સેનામાં ભરતી થઈ ગયેલો. સેનામાં દાખલ થયા પછી તેને હોલેન્ડના બ્રેડેમાં મોકલવામાં આવેલો. અહીં ઈસ્સાક બીકમેન નામના હોલેન્ડના સર્વશ્રેષ્ઠ



ગણિતશાસ્ત્રીના પરિચયમાં આવ્યો. પછી તો બંન્ને જણા મિત્રો અને સલાહકારો બની ગયેલા. યુકલિડની ભૂમિતિના બધા જ નિયમોને સુરક્ષિત રાખીને રેનેએ બીજગણિત અને ભૂમિતિને જોડી દીધાં હતાં. આમ છતાં એણે સેનાની સેવા ચાલુ જ રાખી હતી. પછી એ જર્મની જઈ બવેરિયાના ડ્યૂક માટે લડાઈ લડેલો. દોઢ વરસ પછી એની સેનાનો જનરલ લડતાં લડતાં મૃત્યુ પામ્યો, પછી એણે સૈન્યમાંથી રાજીનામું આપી દીધેલું. એ પછી એ, યુરોપના પ્રવાસે નીકળી પડેલો. એ જ્યારે પેરિસ પાછો ફર્યો ત્યારે એક દર્શનિક અને ગણિતશાસ્ત્રી તરીકે એની કીર્તિ આખા યુરોપમાં ફેલાઈ ચૂકી હતી. ઈ.સ. ૧૬૨૯ માં તેણે હોલેન્ડમાં શાંતિથી રહેવાનું મન બનાવી લીધું હતું. એણે બીજા અનેક વિષયોનું બારીકાઈથી અધ્યયન કર્યું હતું. ખગોળવિજ્ઞાનથી માંડી શરીરવિજ્ઞાન સુધીના બધા જ વિષયોનું સંકલન કરીને તેણે 'લે-મોન્ડે' નામના ગ્રંથની રચના કરી હતી. છતાં એ ગ્રંથને પ્રકાશિત કરતાં એ ડરતો હતો. પણ ચર્ચના સત્તાધિશો એના કાર્યને પ્રોત્સાહિત કરવા આગળ આવ્યા. કાર્ડિનલ ડિબેરુલે અને રિમેબ્યુએ જાહેરમાં એના ગ્રંથનું પ્રકાશન કરવાની અનુમતિ આપેલી. જેના પરિણામે ૮, જૂન, ૧૬૩૭ ના રોજ તેનો ગ્રંથ પ્રકાશિત થયેલો. આ રીતે વિશ્વને વિશ્લેષણાત્મક ભૂમિતિ એક ઉત્તમ ગ્રંથ 'ડિસકોર્સ ઓન મેથડ' ની પ્રાપ્તિ થઈ. ઈંગ્લેન્ડના ચાર્લ્સ પહેલાએ અને ફ્રાન્સના લૂઈ આઠમાએ તેને પોતાના દરબારમાં બોલાવી સન્માન કર્યું હતું. બોહેમિયાની રાજકુમારી ઈલિઝાબેથ તેની શિષ્યા બની ગઈ હતી. સ્વીડનની મહારાણી ક્રિસ્ટીનાએ તેને સ્વીડન પધારવા ભાવભાનું આમંત્રણ પાઠવેલું. તે ૧૬૪૯ માં સ્વીડન ગયો હતો. દરરોજ સવારે પાંચ વાગે તે ક્રિસ્ટીનાને દર્શનશાસ્ત્ર શીખવતો. માત્ર ત્રણ માસના ટૂંકા ગાળામાં અસહ્ય ઠંડીથી તે બિમાર પડી ગયો અને આખરે ઈ.સ. ૧૬૫૦ માં તે મૃત્યુ પામ્યો. સત્તર વર્ષ પછી ઈ.સ. ૧૬૬૭ માં તેના શબને સ્વીડનની કબરમાંથી ખોદી કાઢી પેરિસ લઈ જઈ પુનઃ દફનાવવામાં આવેલું. ડેસકાર્ટસનું સર્વોચ્ચ પ્રદાન ભૂમિતિના વિષયમાં રહેલું.



## (૧૧૫)
# વિલિયમ હાર્વે
## (૧, એપ્રિલ, ઇ.સ.૧૫૭૮)

માનવશરીરમાં લોહીના ભ્રમણ અંગેની શોધનું પ્રતિપાદન કરનાર વિલિયમ હાર્વેનો જન્મ ફૉકસ્ટોન નામના એક ગામડાના વેપારીને ઘેર ૧, એપ્રિલ, ઈ.સ.૧૫૭૮ ના રોજ થયો હતો. એનો જન્મ થયો તે સમયે શરીર વિજ્ઞાન સંબંધી કટલીક ગેરસમજણ સમાજમાં ઘર કરી ગયેલી હતી. હાર્વેએ કેમ્બ્રિજમાં શિક્ષણ લીધું હતું. તે પછી તે ઈટાલી ગયો હતો. ઈટાલી જઈ તે સમયના ખૂબ જ નામાંકિત એવા શરીરવિજ્ઞાની ફેબ્રિસિયસ પાસે તેણે અભ્યાસ કર્યો હતો. અહીંથી તબીબ તરીકેનું પ્રમાણપત્ર લઈને તેણે લંડનમાં જઈ વૈદકનો વ્યવસાય શરૂ કર્યો હતો. એ સમયગાળામાં ઈંગ્લેન્ડની રાણી એલિઝબેથના અંગત ડૉક્ટરની દીકરી એલિઝાબેથ બ્રાઉનના પરિચયમાં આવેલો. આ પરિચય છેવટે પ્રેમમાં પરિણમતાં બંન્નેએ લગ્ન કરી લીધા હતાં. આ લગ્ન કર્યા પછી રાણીના અંગત ડૉક્ટરનો જમાઈ બનતાં તે સરળતાથી રાજદરબારમાં આવ-જા કરી શકતો હતો.

તેણે કેટલોક સમય અંગત તબીબની પ્રેક્ટિસ કર્યા પછી તેની નિમણૂંક ઈ.સ.૧૬૦૯માં સેન્ટ હાર્થોલોમ્વુ હોસ્પિટલમાં તબીબ તરીકે થઈ. તે તેના વ્યવસાય દરમ્યાન દર્દીઓનો ઝીણવટથી અભ્યાસ કરવા લાગલો. અભ્યાસ, અનુભવ અને વિવિધ પરીક્ષણોને આધારે શરીરમાં લોહીની ગતિ અંગેની તત્કાલીન માન્યતાઓ અંગે એના મનમાં તર્કવિતર્કો થવા લાગ્યા. તેણે અનેક દર્દી ઉપર પરીક્ષણ કરીને તે સમયની બધી માન્યતાઓ ને ખોટી સાબિત કરીને રૂધિરાભિસરણના ક્રાંતિકારી સિદ્ધાંતની શોધ કરી.




આ શોધ કરીને પણ તે અટકેલો નહીં. તેણે શોધેલા વિદ્ધાંતની સત્યતા ચકાસવા તે વર્ષો સુધી પ્રયોગો અને પરીક્ષણો કરતો રહેલો. બાર વર્ષના સખત પુરુષાર્થ પછી તેણે તેના સિદ્ધાંતને રજૂ કરતું પુસ્તક પ્રગટ કરેલું. તેનું પુસ્તક પ્રગટ થતાં જ તબીબી ક્ષેત્રમાં ભારે ઉહાપોહ મચી ગયેલો. ઠેર ઠેરથી તેના સિદ્ધાંતનો પૂરજોરથી વિરોધ થયેલો. લોકોને તેની વાતમાં વિશ્વાસ બેસતો ન હતો. આખરે એના સિદ્ધાંતનો સ્વીકાર થયો. રાજા ચાર્લ્સે તેની આ સિદ્ધિને બિરદાવીને તેની પોતાના ખાસ તબીબ તરીકે નિમણૂંક કરેલી.

રાજા ચાર્લ્સનો માનીતો બનવાને કારણે તેને અનેક સંઘર્ષોનો સામનો કરવો પડેલો. લોકોએ તેને હેરાન કરવામાં પાછું વળીને જોયું ન હતું. એના ઘરમાં ઘૂસી જઈ લોકોએ લૂંટ ચલાવેલી. વર્ષોની મહેનતના પરિણામે તૈયાર થયેલાં એનાં લખાણો બાળી મૂકવામાં આવેલાં, છતાં એ હિંમત હારેલો નહીં. પોતાના સિદ્ધાંતને એ વળગી રહેલો. નાસીપાસ થયા વગર એ પછી એણે આનુવંશિકતા અંગે સંશોધનો હાથ ધરેલાં.

એ જીવનના ઉત્તરાર્ધમાં ઓક્સફર્ડ છોડી લંડન ચાલ્યો ગયેલો. ત્યાં રહીને મિત્રો સાથે એણે નિવૃત્ત જીવન ગાળવાનું શરૂ કરેલું. તે હવે પાકી ઉંમરે પહોંચી ગયો હતો, શરીરની શક્તિ ક્ષીણ થઈ ગઈ હતી, શરીર પણ હવે સાથ આપતું ન હતું, તેની પત્ની પહેલેથી જ મૃત્યુને વરી ચૂકી હતી, વળી તે નિઃસંતાન હતો. ઉતરતી ઉંમરનું એકાકીપણું એને સાલતું હતું. એ મનથી પડી ભાગ્યો હતો. માનસિક તણાવને લીધે ૩, જૂન, ઈ.સ. ૧૬૫૭ ના દિવસે પક્ષાઘાતનો તીવ્ર હુમલો આવ્યો. છેવટે એનું અવસાન થઈ ગયું.

એણે આપેલા અનુદાનની રકમમાંથી આજે પણ દર વર્ષે ‘હાર્વે લેક્ચર’ નું આયોજન કરવામાં આવે છે. શરીરવિજ્ઞાનમાં એણે કરેલી રૂધિરાભિસરણની શોધને લઈ શરીરવિજ્ઞાન જગતમાં તો એ મરીને પણ અમર થઈ ગયો છે.



# (૧૧૬)
# સહજાનંદ સ્વામી
## (૨, એપ્રિલ, ઇ.સ. ૧૭૮૧)

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીનું પ્રાગટ્ય પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવીના ઘરમાં વિક્રમ સંવત ૧૮૩૭ ને ચૈત્ર સુદ નોમ (રામનવમી) ના પવિત્ર દિવસે અર્થાત ૨, એપ્રિલ, ઇ.સ. ૧૭૮૧ ના રોજ થયું હતું. તેમનું ગામ અયોધ્યા પસે આવેલું છપૈયા. બાળપણમાં એમનું નામ ઘનશ્યામ હતું. ગુજરાતમાં આવ્યા પછી તેઓ સ્વામી સહજાનંદ તરીકે ઓળખાયા. બાળપણમાં એક વિદ્વાન જ્યોતિષિએ એમની હસ્તરેખા જોઇ, તેમની સમાજ અને માનવજાતના તારણહાર બનવા અંગેની આગાહી કરેલી.

ઘનશ્યામને બાળપણથી જ પ્રાણીમાત્ર પ્રત્યે વહાલ. પશુપંખીઓ પ્રત્યે અનન્ય ભાવ દાખવતાં. કોઇ રહસ્યમય શક્તિ લઇને જ તેઓ અવતરેલા. બાળપણમાં માતા-પિતાને ઘણાં ચમત્કારો બતાવેલા. માતા-પિતાને પુત્રના અલૌકિકપણાની ખાતરી થઇ ગયેલી તેથી તેમને શાસ્ત્રો ભણવાની શરૂઆત કરાયેલી. તેમને બધું જ સહેલાઈથી યાદ રહી જતું. અગિયાર વર્ષની વયે તેમણે પૂર્ણ વિદ્વતા પ્રાપ્ત કરી લીધી હતી. તેમની વિદ્વતાથી અંજાઇને કાશીના રાજાએ તેમને પંડિતોની ચર્ચાસભાના ન્યાયાધિશ તરીકે નિમંત્રેલા. એ સભામાં બાળ ઘનશ્યામ જગદ્ગુરુ શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય વિશે પોતાના વિચારો રજૂ કરેલા. બધા પંડિતો તેમની રજૂઆત સાંભળી દંગ રહી ગયેલા. એમની પ્રતિભાની કદર કરવા રાજાએ આખા કાશીમાં તેમની ગજયાત્રા કાઢેલી.

પોતે મેળવેલું ધર્મનું જ્ઞાન લોકોમાં વહેંચવાની એમને ઇચ્છા થઇ આવી. સમાજમાં ઘર કરી ગયેલાં દૂષણો અને અજ્ઞાનને દૂર કરવા તેઓ મનોરથ સેવવા



લાગ્યા. અગિયાર વર્ષની ઉંમરે એમણે એમનાં માતાજી ગુમાવ્યાં તે પછી છ માસે પિતાનું દેહાવસાન થયું. તે પછી તેઓ તેમના મોટાભાઇ રામપ્રતાપને સહારે જીવન વીતાવવા લાગ્યા. ધર્મના જ્ઞાનની લહાણી કરવા હવે તેઓ કૃતનિશ્ચયી બન્યા અને એક રાત્રે શાસ્ત્રોના આધારે કરેલી નોંધોની પોથી, કમંડલ, શાલિગ્રામ અને દંડ લઇ પહેરેલા વસ્ત્રે ઘર છોડી ચાલી નીકળ્યા. અગિયાર વર્ષની ઉંમરે તેઓ સરયૂ નદીને કિનારે પહોંચ્યા. ચોમાસું હોઇ નદીમાં પૂર આવેલું. નદીમાં તરીને સામે પાર જઇ કોઇક ગુરુની શોધમાં હિમાલય ભણી યાત્રા આરંભી, તેઓ હિમાલયની તળેટીના યાત્રાધામોમાં ફર્યા. સત્ય અને પ્રકાશની શોધ કરવી હજી બાકી હતી. તેમણે સદ્ગુરુની શોધ માટે એક આશ્રમથી બીજે આશ્રમ ભ્રમણ કરવા માંડ્યું. છેવટે એમને તપ કરવાનું મન થયું. ગંડકી નદીને કિનારે પુલ્હાશ્રમમાં તેમણે તપશ્ચર્યા આરંભી. તેમણે છ માસ કઠોર તપશ્ચર્યા કરેલી. તે પછી યોગ શીખવાથી ઇચ્છાં થતાં ગોપાલ યોગી પાસેથી યોગવિદ્યા પ્રાપ્ત કરી. આમ જીવનવિકાસનાં પગથિયાં એક પછી એક તેઓ ચઢતા ગયાં.

સદ્ગુરુની શોધમાં દક્ષિણ ભારત આદિમાં સાત વર્ષ ભ્રમણ કર્યા પછી તેઓ મહારાષ્ટ્ર થઇ ગુજરાતમાં પધાર્યા ત્યારે તેમની ઉંમર ઓગણીસ વર્ષની થયેલી. ફરતા ફરતા તેઓ બોરસદ પાસેના બોચાસણ ગામ પધાર્યા. અહીં કાનદાસ ભગત અને તેમનાં સદ્ગુણી પત્ની નાનબાઇની હરિભક્તિ અને આમંત્રણને માન આપી તેમણે તેમને ઘેર જઇ ભોજન લીધું. સાદું ભોજન અને સાદા વિચારોમાં શ્રદ્ધા ધરાવતા ઘનશ્યામે દૂધ અને ભાત આરોગેલાં.

ઘનશ્યામ ફરતા ફરતા જૂનાગઢ જિલ્લાના ગામ ભોજપુર આવ્યા. અહીં રામાનંદ સ્વામીનો આશ્રમ હતો. તેઓ આશ્રમમાં આવ્યા. રામાનંદજીના પટ્ટશિષ્ય મુક્તાનંદજી સાથે તેમનો જીવ, શિવ અને બ્રહ્મ વિષયોમાં શાસ્ત્રાર્થ થયો. ચર્ચાથી તેમને સંતોષ થતાં તેઓ અહીં રોકાઇ ગયા. ત્યારે રામાનંદજી કચ્છ હતા. રામાનંદજીને મળવાની તેમની જિજ્ઞાસા તીવ્ર બની. તેઓ કચ્છ જવા

તૈયાર થયેલા પણ રામાનંદજીએ તેમને તેમ નહીં કરવા જણાવેલું. વૈશાખ માસની શરૂઆતમાં જ રામાનંદજીએ ભોજપુર આવવા યાત્રા આરંભી. રસ્તામાં અનેક સ્થળે સત્સંગ થતો રહેતો હોઈ તેમણે ઘનશ્યામને પિપલાણા મળવા બોલાવ્યા. બંન્ને વિભૂતિઓનું પિપલાણાંમાં મિલન થયું. ઘનશ્યામ સ્વામીએ રામાનંદજીને જોતાંવેંત દંડવત્ પ્રણામ કર્યા ત્યારથી જ તેમણે રામાનંદજીને પોતાના ગુરુ બનાવ્યા. સંવત ૧૮૫૭, કારતકસુદ અગિયારસના દિવસે પિપલાણા ગામે વિધિસર રામાનંદજીએ એમને દીક્ષા આપી સહજાનંદ સ્વામી નામ આપ્યું. આમ ઘનશ્યામ સ્વામી સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા.

રામાનંદજીનો અંત નજીક હતો ત્યારે તેમણે શિષ્યોની સર્વ સંમતિથી સહજાનંદ સ્વામીને ગાદીપતિ બનાવેલા. વિક્રમ સંવત ૧૮૫૮, કારતક સુદ અગિયારસે સહજાનંદ સ્વામીની જેતપુરમાં ભવ્ય શોભાયાત્રા કાઢી વિધિસર ગાદીએ બેસાડવામાં આવ્યા. ત્યાર પછી તેઓ 'શ્રીજી મહારાજ' ના નામે ઓળખાયા. તે પછી તેમણે અવિરતપણે અઠ્ઠાવીસ વર્ષો સુધી ધર્મોપદેશ આપ્યો અને સમાજસેવાના કાર્યો કર્યાં. તેમણે શિક્ષાપત્રીની રચના કરી લોકોને માનવતાનો ઉપદેશ આપ્યો. શ્રીજી મહારાજ ગાદીપતિ થયા પછી રામાનંદજી ફણેણી ગામે સ્વર્ગવાસી થયેલા.

તેમણે દહેજપ્રથાનો વિરોધ કરેલો. છોકરીઓને દૂધપીતી કરવાની પ્રથા બંધ કરાવવા સંકલ્પ કરેલો. શિક્ષણનો પ્રસાર કરવા તેમણે ભગીરથ કાર્ય કરેલું. શ્રીજી મહારાજે તેમની ટૂંકી જિંદગીમાં ગુજરાતને ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ચેતનવંતુ બનાવવા માટે સિંહફાળો આપેલો. ગુજરાતમાં તેઓ અઠ્ઠાવીસ વર્ષ રહ્યા. ગુજરાતને તેમણે તેમની કર્મભૂમિ બનાવેલી. તેમણે રાધાકૃષ્ણની ભક્તિનો મહિમા વધાર્યો. તેમણે સ્થાપેલો સ્વામીનારાયણ સંપ્રદાય આજે ગામડે ગામડે ફેલાયાં છે.

●





## (૧૧૭)

# કમલાદેવી ચટ્ટોપાધ્યાય

## (૩, એપ્રિલ, ઇ.સ. ૧૯૦૩)

ભારતમાં સ્ત્રીઓના અધિકારો માટે ઝઝૂમનાર અને લોકકલાને જીવંત રાખનાર કલાકસબીઓને ઊભા કરનાર કમલાદેવી ચટ્ટોપાધ્યાયનો જન્મ કલેક્ટર પિતાના ઘરમાં ૩, એપ્રિલ, ઈ.સ. ૧૯૦૩ ના રોજ થયો હતો. તેમની માતાની ઈચ્છા દીકરીને ખૂબ ભણાવવાની હતી પણ એ એમનું સ્વપ્ન સત્ય બને તે પહેલાં જ તેઓ પરલોકગમન કરી ગયેલા. તેમ છતાં પિતાએ પત્નીની ઈચ્છાનુસાર દીકરીને સારી રીતે શિક્ષિત કરવાનું નક્કી કરેલું. તે સમયની સામાજિક પરંપરાનુસાર પિતાએ તેમની અગિયાર વર્ષની ઉંમરે તેમનું લગ્ન કરી નાંખેલું પણ થોડા સમયમાં જ તેમના પતિ ધારેશ્વરનું મૃત્યુ નીપજેલું અને તેઓ બાળવિધવા થયેલાં.

વિધવા થયા પછી પણ અભ્યાસ કરી રહેલાં કમલાદેવી પર એકવાર કવિ, લેખક, નાટ્યકાર અને સામાજિક કાર્યકર એવા હરિન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયની નજર પડેલી. પ્રથમ નજરે જ કમલાદેવીને એ ચાહવા લાગેલા. પછી તેમણે સમાજની પરંપરાઓની ઉપરવટ જઇ તેમની સાથે લગ્ન કરેલાં. હરીન્દ્રનાથ લગ્ન બાદ કમલાદેવીને લઇ લંડન ચાલ્યા ગયેલા. કમલાદેવીએ ત્યાં સમાજશાસ્ત્રોનો અભ્યાસ કરેલો. ઈંગ્લેન્ડથી બંન્ને જર્મની ગયેલાં. ત્યાં તેમણે રાષ્ટ્રવાદની પ્રવૃત્તિઓ શરૂ કરેલી.

તેમને રામકૃષ્ણ નામે એક પુત્ર થયેલો. આ યુગલ નાટ્યપ્રેમી હતું. તેમણે બંન્નેએ મુખ્ય પાત્રો ભજવતાં ઘણાં નાટકો કરેલાં. તેમનાં નાટકો ખૂબ વખણાતાં. ભારતીય રંગમંચને જીવંત રાખવાના પ્રયત્ન રૂપે 'ઇન્ડિયન નેશનલ થિયેટર'

(આઇ.એન.ટી.) ની સ્થાપનાનો પાયો નાખેલો.

નાટકિયા સ્વભાવના હરીન્દ્રનાથથી વાજ આવી જઇ છેવટે કમલાદેવીએ છૂટાછેડા લઇ લીધેલા. સરોજિની નાયડુના સગા ભાઇ હરીન્દ્રનાથે તેમની નાટ્યપ્રવૃત્તિ ચાલુ રાખવાની સાથે સાથે તે સમયની હિન્દી ફિલ્મોમાં પણ ભૂમિકા ભજવેલી. એમની ફિલ્મો 'આશીર્વાદ' અને 'સૂર્ય અસ્ત હો ગયા, ગગન મસ્ત હો ગયા' સારી ચાલેલી. એમના પુત્રએ પણ એમની સાથેનો સંબંધ તોડી નાખેલો.

ભારતમાં આર્યલેન્ડની માર્ગારેટ કઝીન્સ અને એની બેસન્ટની સ્ત્રી સુધારણાની પ્રકૃત્તિથી પ્રેરાઇ તેમને પણ સમાજ સુધારણા અને સ્ત્રી સુધારણાની ચાનક ચઢેલી. તેમણે સરોજિની નાયડુના સહકારથી ભારતમાં સૌપ્રથમ વાર 'અખિલ હિન્દ મહિલા પરિષદ' મહારાષ્ટ્રના પૂના શહેરમાં યોજેલી, જે અસાધારણ સફળ બનેલી. આજે પણ આ સંસ્થા એ જ નામે કાર્યરત છે. આ સંસ્થનું પ્રથમ મંત્રીપદ કમલાદેવીએ જ શોભાવેલું. તેમના પ્રયત્નના પરિપાક રૂપે ઇ.સ.૧૯૫૬માં 'હિન્દુ કોડ બીલ' પસાર થયેલું.

કમલાદેવી ગાંધીજીનાં પરમ ઉપાસક હતાં. ગાંધીજી બધી પ્રવૃત્તિઓમાં એ અપાર આસ્થા ધરાવતાં હતાં. ધરાસણના સત્યાગ્રહમાં મુંબઇની ચોપાટી પર એમણે સુકાન સંભાળેલું. સ્વાતંત્ર્ય સેનાની તરીકે ચેઓ ઘણીવાર જેલમાં પણ જઇ આવેલાં. એમની લોકપ્રિયતા ત્યારે એટલી બધી હતી કે આઝાદી પછી અપક્ષ ઉમેદવાર તરીકે તેઓ ચૂંટણીમાં વિજયી થયેલાં.

તેમણે તેમનું જીવન મહિલા અધિકારોના રક્ષણ માટે અને ભારચીય કલાકારીગરીના રક્ષણ માટે ખર્ચી નાખેલું. તેઓ ભારતીય સંગીત નાટ્ય અકાદમીના પ્રમુખ પણ રહી ચૂક્યા હતાં. તેમણે ભારતની હસ્ત કલાકારીગરીને જીવતી રાખવા અને તેનો વિકાસ કરવા તનતોડ પ્રયત્નો કરેલા. કારીગરોનું શોષણ અટકાવવા તેમણે તેમની સહકારી મંડળીઓ ઊભી કરવા મહત્વનું યોગદાન આપેલું. આ રાષ્ટ્રભક્ત સ્ત્રારી ઇ.સ.૧૯૮૯માં અવસાન પામ્યાં હતાં.





## (૧૧૮)

# માખનલાલ ચતુર્વેદી

## (૪, એપ્રિલ, ઇ.સ.૧૮૮૮)

ઊર્દૂ, ફારસી, અરબી, બંગલા, મરાઠી, ગુજરાતી તથા અંગ્રજી જેવી અનેક ભાષાઓ પર જાતઅભ્યાસ દ્વારા પૂર્ણતઃ અધિકાર પ્રાપ્ત કરનાર હિન્દી સાહિત્યના સન્માનિત કવિ માખનલાલ ચતુર્વેદીનો જન્મ મધ્યપ્રદેશના હોશંગાબાદ જિલ્લાના 'બાબઇ' નામના ગામમાં પિતા નંદલાલ ચતુર્વેદી અને માતા સુંદરીબાઇના ઘરમાં ૪, એપ્રિલ, ઇ.સ. ૧૮૮૮ ના રોજ થયો હતો. જન્મ સમયે તેમનું નામ 'મોહનલાલ' એવું રાખવામાં આવેલું. તેમની માતાનો એમની પર એવો પ્રગાઢ પ્રભાવ પડેલો કે જેના પરિણામે શ્રી ચતુર્વેદીજી પૂજાભાવોપાસક, ક્રાંતિકારી, બંધુપ્રેમી અને ગોરક્ષાના સમર્થક બની રહેલા. કવિના ફોઇ 'પાર્વતીબાઇ' ખૂબ ધર્મપરાયણ હતાં. તેઓ કવિને પૂરા પ્રેમથી ચાહતાં હતા. તેઓ રામાયણ, મહાભારત અને ભાગવતના જ્ઞાનનો ભંડાર હતાં. ફોઇના લાગણીશીલ સ્વભાવ અને પ્રેમથી કવિ રાધાવલ્લભ સંપ્રદાય તરફ સહજ રીતે આકર્ષાયા હતા.

બાળપણથી જ નટખટ અને મસ્તીખોર સ્વભાવ ધરાવતા ચતુર્વેદીજીને વ્યાયામ અને કુસ્તી ખૂબ ખૂબ પ્રિય હતાં. તેઓ ખૂબ રમૂજી સ્વભાવના પણ ખરા. તેઓ નીડર અને હિંમતવાન હતા. તેમના પિતાજી વ્યવસાયે પ્રાથમિક શાળાના શિક્ષક હતા. આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નાજુક તેથી ગામની પ્રાથમિકશાળામાં તેમણે શિક્ષણ લીધેલું. તેમણે સંસ્કૃતનું જ્ઞાન તો સ્વ.શ્રી બંશીધર ચતુર્વેદીજી પાસેથી મેળવેલું. ઇ.સ. ૧૯૦૫ માં પ્રથામિક શિક્ષણ પૂરું કરી 'પ્રાઇમરી ટિચર્સ ટ્રેનિંગ' પરીક્ષા જબલપુર કેન્દ્રમાંથી પાસ કરેલી.

તેમણે ઈ.સ. ૧૯૦૩ માં તેમના ગામના જ નિવાસી શ્રી પરમસુખ હલવાઈની દીકરી ગ્યારસીબાઈ સાથે ધૂમધામથી લગ્ન કરેલું ત્યારે તેમની ઉંમર ચૌદ વર્ષની હતી. તેમનું લગ્નજીવન સુખમય અને સંતોષકારક નીવડેલું નહીં. તેમની પત્ની ઈ.સ.૧૯૧૪ એક પુત્રીને જન્મ આપી માત્ર વીસ વર્ષની ઉંમરે કાળનો કોળિયો બની ગયેલી. કવિ જીવનભર પત્નીની સ્મૃતિમાં પવિત્ર શ્રાવણ મહિનામાં શ્રદ્ધાપૂર્વક 'રામચરિતમાનસ' નો પાઠ કરતા હતા.

કવિનું જીવન આર્થિક ગૂંગળામણમાં પસાર થયેલું. તેઓ રાષ્ટ્રવાદના રંગે રંગાયેલા હોઈ ક્રાન્તિકારીઓને આર્થિક મદદ કરતા હતા. ગરીબ છતાં તેજસ્વી વિદ્યાર્થીને મદદ કરવા તે પાછું વળી જોતા નહીં. મિત્રોનો આદર સત્કાર કરવામાં તેઓ ગૌરવ અનુભવતા હતા. આવી તેમની ઉદાત્ત ભાવના તેમની આર્થિક મુશ્કેલીનું નિમિત્ત બનેલી. ચોવીસ વર્ષ જેટલો લાંબો સમય ખંડવામાં અધ્યાપન કાર્ય કર્યા પછી 'પ્રભા' સામાયિક સંપાદક તેઓ બનેલા. જબલપુરથી પ્રગટ થતા વૃત્તપત્ર 'કર્મવીર' ના તંત્રી પણ તેઓ રહી ચૂકેલા. તેઓ 'અસહકાર' ની ચળવળમાં સક્રિય રીતે સામેલ કાવ્યો હિન્દી સાહિત્યનો અણમોલ વારસો છે. ઈ.સ. ૧૯૨૩ માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં અંતિમ સત્યાગ્રહી તરીકે પણ ભાગ લીધો હતો. ઈ.સ.૧૯૦૫માં અસિત ગાંગુલી અને ફણીન્દ્ર મજૂમદારના સંપર્કથી તેઓ ક્રાંતિદળમાં જોડાયેલા અને ઈ.સ.૧૯૧૬ સુધી તેના સક્રિય સભ્ય તરીકે કાર્ય કરેલું.

સાહિત્યક્ષેત્રમાં તેમનો પ્રવેશ ૭, એપ્રિલ, ઈ.સ.૧૯૧૩થી ખંડવામાંથી પ્રસિદ્ધ થતા પત્ર 'પ્રભા'થી થયેલો તેમનો કાર્યકલાપ અતિવિસ્તૃત છે. 'કર્મવીર'ના સંપાદક બન્યા પછી રાજનીતિમાં તેઓ સક્રિય બનેલા. ઈ.સ.૧૯૩૧માં 'મધ્યભારત પ્રજાપરિષદ'-ઝાંસીના બીજા અધિવેશનમાં તેઓ સભાપતિ તરીકે ચૂંટાઈ આવેલા. ઈ.સ.૧૯૨૬માં કોંગ્રેસ પાર્લામેંટરી બોર્ડ, મધ્યપ્રદેશના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા હતા. ઈ.સ.૧૯૩૦માં રાયપુર અને ઈ.સ.૧૯૩૫નાં કટનીમાં યોજાયેલ



'મધ્યપ્રાંતીમ હિન્દી સાહિત્ય સંમેલન' ના અધ્યક્ષ પણ બનેલા. ઈ.સ. ૧૯૪૩માં હરિદ્વારમાં ભરાયેલા 'અખિલ ભારતીય હિન્દી સાહિત્ય સંમેલન' ના અધ્યક્ષ તરીકે તેઓ નિર્વાચિત થયેલા અને તેમને ચાંદીના સિક્કાથી તોલવામાં આવેલા.

તેઓ મુખ્યત્વે રાષ્ટ્રવાદી કવિ રહ્યા છે. તેમની મહત્વની કૃતિઓમાં હિમ-કિરીટિની (૧૯૪૩), હિમ-તરંગિની (૧૯૪૯), માતા (૧૯૫૧), કલાકા અનુવાદ (૧૯૫૪), યુગચરણ (૧૯૫૬), સમર્પણ (૧૯૫૬), બીજરી ફાજલ ઑંજરહી (૧૯૬૨), વેણુલો ગુંજેધરા (૧૯૬૩) જેવા કાવ્યસંગ્રહો છે. 'સાહિત્ય દેવતા'(૧૯૪૩) અને 'અમીર ઈરાદે, ગરીબ ઈરાદે' એમના નિબંધ સંગ્રહો છે. તેમણે 'કૃષ્ણાર્જુન યુદ્ધ' નામની એક નાટ્યકૃતિની પણ રચના કરેલી છે.

તેમને મળેલા પુરસ્કારો, ખિતાબો અને સમ્માનો આ પ્રમાણે છે.:

૧. 'હિમકિરીટિની' કાવ્યસંગ્રહને અ.ભા.સા. સંમેલન તરફથી 'દેવ પુરસ્કાર' પ્રાપ્ત થયો હતો.

૨. 'હિમતરંગિની' કાવ્યસંગ્રહને ઈ.સ.૧૯૫૪માં સાહિત્ય અકાદમીનો પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

૩. તેમના 'માતા' કાવ્યસંગ્રહને ઈ.સ.૨૦૧૦માં 'શાહ્ જગદીશપ્રસાદ પુરસ્કાર' પ્રાપ્ત થયો હતો.

૪. 'કાશી ધર્મ મહામંડલ' દ્વારા ઈ.સ. ૧૯૩૫માં ચતુર્વેદીજીને 'સંપાદક ભૂષણ' ની પદવીથી નવાજવામાં આવેલા.

૫. ઈ.સ. ૧૯૫૮માં 'સાગર વિશ્વવિદ્યાલ' દ્વારા તેમને ડી.લિટ્. ની માનદ પદવી અર્પણ કરવામાં આવી હતી.

૬. ભારત સરકારે ઈ.સ.૧૯૬૩ માં 'પદ્મભૂષણ' થી તેમને સન્માન્યા હતા.

તેમણે તેમના સર્જનકાળ દરમ્યાન ઘણાં બધાં ઉપનામો ધારણ કરેલાં. અંતે તેઓએ 'એક ભારતીય આત્મા' તખલ્લુસથી કાવ્ય રચના કરવાનું સ્વીકારેલું. તેઓ પ્રખર રાષ્ટ્રવાદી કવિ હતા. મધ્યપ્રદેશની સરકારે તેમને શ્રધ્ધાંજલિ

સમર્પિત કરવા ભોપાલ ખાતે 'પત્રકારત્વની એક રાષ્ટ્રીય યુનિવર્સિટી' ની સ્થાપના કરી છે.

જે દિવસે મહાત્મા ગાંધીએ મહાપ્રયાણ કરેલું એ જ દિવસે એટલે કે ૩૦, જાન્યુઆરી, ઈ.સ.૧૯૬૮ ના રોજ સંધ્યાકાળે સાડાપાંચ વાગે તેમણે આ ધરતી પર છેલ્લા શ્વાસ લઈ ખંડવામાં દેહત્યાગ કર્યો હતો.

●





## (૧૧૯)

# પંડિતા રમાબાઇ

## (અવસાન : ૫, એપ્રિલ, ઇ.સ. ૧૯૨૨)

ઉચ્ચ કોટિના સમાજસેવિકા, રાષ્ટ્રભક્ત અને સંવેદનશીલ હૃદય ધરાવતાં પંડિત રમાબાઈનો જન્મ ૨૩, એપ્રિલ, ઈ.સ.૧૮૫૮ ના રોજ કર્ણાટકના મંગપુર જિલ્લાના માળહેરજી નામના નાના એવા ગામમાં પિતા અનંતશાસ્ત્રીના ઘરમાં થયો હતો. તેમના પિતા ધાર્મિક પ્રકૃતિના અને ખૂબ જ વિદ્વાન માણસ હતા. તેઓ શરૂઆતમાં શૈવપંથી હતા પણ પછી ધાર્મિક સ્થળોની યાત્રાની અસરને પરિણામે તેમણે વૈષ્ણવપંથની દીક્ષા લીધેલી. ધર્મ પ્રત્યે અખૂટ આસ્થા ધરાવતાં હોવા છતાં તેમને ધાર્મિક પારંપરિક રૂઢિઓ અને અંધશ્રધ્ધા પ્રત્યે ભારે અણગમો હતો. એટલે એમના ઘરમાં કોઈ ધાર્મિક ઉત્સવો ઉજવતા નહીં. ઘરના વાતાવરણની રમાબાઈના કુમળા મન ઉપર બાળપણથી જ અસર પડેલી.

પિતા અનંતશાસ્ત્રી સપરિવાર ભારતનાં તીર્થધામોની યાત્રા કરવા નીકળેલા. સાથે પત્ની, પુત્ર શ્રીનિવાસ અને પુત્રીઓ કૃષ્ણા અને રમા પણ હતા. એક પછી એક સ્થળોએ તેઓ ફરવા લાગેલાં. યાત્રા દરમ્યાન એમને વિવિધ પ્રદેશોના પ્રજાજીવન અને સંસ્કૃતિ જાણવાનો મોકો મળેલો. લગભગ પંદરેક વર્ષ સુધી આ પરિવાર આમ ફરતો રહેલો. જુદા જુદા વિદ્વાનો સાથે તેમનો પરિચય થયો. ધાર્મિક ચર્ચાઓ પણ થયેલી. રમા સૌથી નાની હતી તે પિતાની વિદ્વાનો સાથે થતી ચર્ચાઓ ધ્યાન દઈ સાંભળતી. રમા સંધ્યાપૂજાના મંત્રોનું કડકડાટ રટણ કરતાં શીખી ગયેલી. તેને નાની ઉંમરથી જ જાતજાતના લોકોનો અને તેમના વિચારોનો પરિચય થયેલો.

પિતા અનંતશાસ્ત્રી પરગજુ સ્વભાવના હતા. દીનઃદુખિયાંની વેદના જોઈ એમનું દિલ દ્રવી ઊઠતું. પીડિતોને મદદ કરવા તેઓ સદા તત્પર રહેતા. એવામાં ઈ.સ.૧૮૭૭માં મદ્રાસ રાજ્ય દુષ્કાળના કારના પંજામાં સપડાયેલું. લોકો ભૂખે મરવા લાગેલા, કંઈક ઘરો ઉજડી ગયેલાં. દીનઃદુખિયાં અને મિલકત દુષ્કાળપીડિત લોકો માટે દાનમાં દઈ દીધેલી. એમની પાસે ફૂટી કોડીય બચેલી નહીં. એમને ભીખ માંગીને પેટ ભરવાના દિવસોનો સામનો કરવો પડેલો.

ભીખ માંગવાનું હીણપત ભર્યું કામ કરવાનું એમને ઉચિત લાગેલું નહીં. અનંતશાસ્ત્રી સંસાર અને સમાજનો ત્યાગ કરી જંગલની વાટે ચાલી નીકળેલા. તેમણે સંન્યાસ ધારણ કરી લીધેલો. પરિવારના બીજા સભ્યોએ જળસમાધિ લઈ લેવાનો મનસૂબો સેવેલો. પણ પુત્ર શ્રીનિવાસને આત્મહત્યા કરવાની વાત જચી નહીં. બધાંએ જળસમાધિ લેવાની વાત પડતી મૂકેલી. સમય વીતતાં અનંતશાસ્ત્રી, તેમની પત્ની અને કૃષ્ણાનું અવસાન થયેલું.

શ્રીનિવાસ અને બહેન રમા બે જ બચી ગયેલાં. તેમની રખડપટ્ટી ચાલુ જ રહેલી. બંન્ને ભાઈ-બહેનને ભ્રમણ દરમ્યાન સારા-માઠા અનુભવો થયેલા. અનેક લોકોના સંપર્કમાં આવવાનું પણ થયેલું. ફરતાં ફરતાં તેઓ કલકત્તા આવેલાં. અહીં એમણે પ્રથમવાર માણસાઈનાં દર્શન કરેલાં. રમા હવે વીસ વર્ષની તરુણી બની ગઈ હતી. કલકત્તાના મંદિરમાં તેમણે આશરો લીધેલો. તેમને તેમના જ્ઞાનને સમાજ સમક્ષ મૂકવાનો અહીં મોકો મળેલો. તેમની વિદ્વતા અને તેજથી અંજાયેલા લોકો તેમને સાક્ષાત સરસ્વતીનો અવતાર માનવા લાગેલા. તેમની વાણી સાંભળવા લોકો આતુર થઈ જતા. રમાબાઈને પ્રવચનો માટે ઠેકઠેકાણેથી આમંત્રણો મળવા લાગેલું. તેમનું જાહેરમાં સન્માન થવા લાગ્યું. હવે લોકો તેમને 'સરસ્વતી' ના નામે સંબોધતા થયેલા. તે વખતની જાણીતી વિભૂતિ કેશવચંદ્રસેને પણ રમાબાઈને જાહેર પ્રવચન માટે આમંત્રણ આપેલું.

ભાઈ શ્રીનિવાસનું અવસાન થતાં રમાબાઈ એકલાં પડી ગયેલાં. તેમણે પછી



બિપિનબિહારી દાસ નામના હરિજન યુવક સાથે લગ્ન કરી લીધેલું. નાનપણથી જ વૈષ્ણધર્મના સંસ્કાર પામેલાં રમાબાઈની હિંદુધર્મમાંથી આસ્થા ઓછી થવા લાગેલી. હરિજન યુવક સાથે તેમણે લગ્ન કરી લીધા હોઈ સમાજ પણ તેમને તિરસ્કારની ભાવનાથી જોવા લાગ્યો. તેમનાં માનપાનમાં ક્રમશઃ ઘટાડો થતો ગયો. આ લગ્ન ઝાઝુ ટકેલું નહીં. કોલેરાના વાયરામાં સપડાયેલા તેમના પતિનું અવસાન થયેલું. દરમ્યાન તેમને ત્યાં પુત્રી મનોરમાનો જન્મ થઈ ચૂકેલો. એકલાં પડેલાં તેમને ગોપાળરાવ દેશમુખ અને મહાદેવ ગોવિંદ રાનડે જેવા આગેવાનોએ તેમને મહારાષ્ટ્રમાં આવી સમાજસેવા કરવા જણાવેલું. ઈ.સ. ૧૮૮૨ માં તેઓ પૂણે આવેલાં. તેમણે અહીં આવી સ્ત્રી જાગૃતિનું અભિયાન શરૂ કરેલું. તેમણે સ્ત્રી જાગૃતિ અને સ્ત્રીઓના વિકાસ માટેની 'આર્યમહિલા સમાજ' નામની સેવાભાવી સંસ્થાની સ્થાપના કરેલી.

લોર્ડ હંટર સમક્ષ મરાઠીમાં કરેલા વાદવિવાદથી પ્રભાવિત થયેલા તેમણે ઈંગ્લેન્ડ જઈ એ વાદવિવાદનું અંગ્રેજીમાં ભાષાંતર કરાવી રાણી વિક્ટોરિયા સમક્ષ રજૂ કરેલું. રાણીએ રાજીપો વ્યક્ત કરી રમાબાઈને આર્થિક મદદ કરેલી.

પછી રમાબાઈ દીકરીને સાથે લઈને ઈંગ્લેન્ડ ગયેલાં. ત્યાં જઈ તેમણે ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધેલો. તેમણે ત્યાં અંગ્રેજી શીખી લઈ એક કોલેજમાં નોકરી પણ કરેલી. ઈંગ્લેન્ડથી તેઓ અમેરીકા ગયેલાં. અમેરીકામાં એમણે ખૂબ ખ્યાતિ પ્રાપ્ત કરેલી પછી તેઓ ભારત આવેલાં. ભારત આવીને તેમણે મુંબઈમાં વિધવાઓના કલ્યાણ માટેની સંસ્થા 'શારદા સદન' ની સ્થાપના કરેલી.

આવી સેવાભાવી સન્નારી ૫, એપ્રિલ, ઈ.સ. ૧૯૨૨ ના રોજ અવસાન પામેલાં.

●



(૧૨૦)

# છત્રપતિ શિવાજી

## (૬, એપ્રિલ, ઇ.સ. ૧૬૨૭)

શિવાજી મહારાજનો જન્મ સને ૧૫૪૯ ની વૈશાખ સુદ એકમને ગુરૂવારે એટલે કે તા.૬, એપ્રિલ, ઈ.સ.૧૬૨૭ ની રાત્રે જીજીબાઈની કૂખે થયો હતો. તેમના પિતાનું નામ શાહજી હતું. શિવાઈ માતાની અપાર કૃપાથી શિવનેરી કિલ્લામાં જન્મેલા આ બાળકનું નામ શિવબા પાડવામાં આવ્યું હતું. પાછળથી તેઓ શિવાજી નામે ઓળખાયા. છ વર્ષ સુધી તેમનો ઉછેર શિવનેરીના કિલ્લામાં જ થયો હતો. દાદાજી કોંડદેવ શિવાજીના ગુરુ હતા.

શિવાજી નાનપણથી જ બુદ્ધિશાળી હતા. તેમને મુસલમાન રાજવીઓ પ્રત્યે ભારે નફરત હતી. એકવાર વિજાપુરના બાદશાહે તેમને દરબારમાં તેડાવ્યા. તેમણે બાદશાહને સલામ ભરી નહીં. ત્યારથી શિવાજી, મહારાજની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યા. શિવાજીએ બાદશાહનું અપમાન કર્યું હતું. માતા-પિતાએ તેમને ખૂબ સમજાવ્યા પણ શિવાજી પર તેની કોઈ અસર થઈ નહીં. આખરે બાદશાહના ખોફથી બચવા શાહજી શિવાજીને લઈ વિજાપુર છોડી પૂના આવ્યા. શિવાજીએ હવે તો મુસ્લિમ સામ્રાજ્ય ખતમ કરવા મનમાં ગાંઠ વાળી લીધી. પછી તેમણે મહારાષ્ટ્રના બધા કિલ્લાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. શિવાજીએ બધા કિલ્લાઓ જીતી લેવાનું નક્કી કર્યું. તેમણે પૂનાના નૈઋત્ય ખૂણામાં પૂનાથી લગભગ ૨૦ માઈલ દૂર આવેલા તોરણાના કિલ્લા પર પ્રથમ પસંદગી ઉતારી. તેમણે ઈ.સ.૧૬૦૬માં તોરણાનો કિલ્લો જીતી લીધો. પછી તેમણે રાજગઢનો કિલ્લો પણ જીતી લીધો. તેમના ગુરુ દાદાજી કોંડદેવનું ઈ.સ.૧૬૪૭માં અવસાન થતાં જાગીર સંભાળવાની તમામ જવાબદારી એકલા શિવાજીને માથે



આવી પડી. લોહીનું એકપણ ટીપું વહેડાવ્યા વિના શિવાજીએ એક પછી એક કિલ્લાઓ કબજે કરવા માંડ્યા. ચાણકની નિરા નદી સુધીનો પ્રદેશ તેમણે જીતી લીધો. શિવાજીએ બાદશાહ અહમદશાહની તિજોરી પણ લૂંટી લીધી હતી. તેની ખુશીમાં તેમણે કલ્યાણમાં વિજયદરબારનું પણ આયોજન કર્યું હતું. આબાજી નામના એક વિશ્વાસુ સરદારે શિવાજી સામે એક રૂપાળી સ્ત્રી ધરી દેતાં કહ્યું હતું : 'મહારાજ આ સ્ત્રી-રત્ન હું આપને માટે લાવ્યો છું.' ત્યારે શિવાજીએ કહ્યું હતું : 'આબાજી ! તારી સ્વામી ભક્તિથી હું રાજી થયો છું પણ સ્ત્રીનું રક્ષણ કરવું આપણી ફરજ છે દરેક સ્ત્રીમાં આપણે મા-બહેનનાં દર્શન કરવાં જોઈએ.' ધન્ય છે શિવાજીના સ્ત્રી-દાક્ષિણ્યને.

ઈ.સ.૧૬૪૮માં તેમણે કાંગુરી, તુંગ, તિકોના, લુઢગઢ, ભારેપ, કુંવારીગઢ, ધનગઢ તથા કેળજાગઢ જેવા કિલ્લાઓ કબ્જે કરી લીધા હતા. તે પછી તેમણે કોંકણની પ્રજાને સુખી કરવા તળા, ઘોસણ તથા સૂરજગઢના કિલ્લા જીતી લીધા. તેમના હિંદુવાદ અને રાષ્ટ્રભક્તિથી ખુશ થઈને ગોવલકર સાવંતે શિવાજીને એક અમૂલ્ય તલવારની ભેટ આપી. આ તલવારનું નામ શિવાજીએ 'ભવાની તલવાર' રાખ્યું હતું. આજે પણ આ તલવાર ઈંગ્લેન્ડના 'ઇન્ડિયન મ્યૂઝિયમ' માં હયાત છે.


શિવાજીના ઉપરા ઉપરી વિજયોથી ચિંતિત વિજાપુરના બાજશાહે શાહજીને તેડાવી શિવાજી પર બાદશાહને શરણે થવાનો પત્ર લખાવ્યો છતાં શિવાજી પત્ની સાઈબાઈની હિંમત અને પ્રેરણાથી અડગ રહ્યા. તે વખતે વિજાપુરની સત્તા આદિલશાહ સગીર હોવાથી તેની માતાના હાથમાં હતી. તેણે શિવાજીને જીવતો પકડી લાવવા ફરમાન કર્યું. અફઝલખાન નામના સરદારે શિવાજીને પકડવા બીડું ઉઠાવ્યું. શિવાજીને કાને આ વાત આવી, શિવાજીએ પોતે અફઝલખાનને શરણે થવા તૈયાર છે એવો કારસો રચ્યો. શિવાજીએ સુંદર મંડપ બંધાવી અફઝલખાનને પધારવા આમંત્રણ પાઠવ્યું. અફઝલખાને આવીને શિવાજીને

પોતે આવ્યાની જાણ કરી. શિવાજી ભવાની તલવાર અને વડીલોના આશિર્વાદ મેળવી બખ્તર પહેરી તથા હાથમાં વાઘનખ પહેરી મંડપમાં પ્રવેશ્યા. અફઝલખાને શિવાજીને ભેટવાના બહાને દગાની શરૂઆત કરી પણ અગાઉથી સચેત શિવાજીએ વાઘનખથી અફજલખાનનું પેટ ચીરી નાંખ્યું.

મોગલ બાદશાહ ઔરંગઝેબે ઈ.સ.૧૬૫૯માં સાઈસ્તખાનને દક્ષિણના સૂબા તરીકે મોકલ્યો. તેણે ઈ.સ.૧૬૬૦ના જાન્યુઆરી માસમાં શિવાજીના રાજ્ય પર ચઢાઈ કરી. તેણે શિવાજીના તાબાના કિલ્લાઓ એક પછી એક જીતવા માંડ્યા. શિવાજી એક રાત્રે સાઈસ્તાખાનના મહેલમાં પ્રવેશી ગયા. તેમણે સૂબાને જગાડ્યો. શિવાજીને જોઈ એ ગભરાયો અને જીવ બચાવવા બારી વેટે કૂદી પડ્યો પણ ત્યાં સુધીમાં શિવાજીએ તલવારનો ઘા કરીને તેની આંગળીઓ કાપી નાખી હતી. શિવાજીએ સાઈસ્તાખાનના પુત્રને પણ હણી નાંખ્યો હતો.

લશ્કર ભેગું કરવા શિવાજીને ધનની જરૂર હતી. તેમણે એ માટે ૧૬૬૪માં સૂરત લૂંટ્યું. તે વખતે મોગલના તાબાના દક્ષિણના નાક સમાન સિંહગઢનું ઘણું મહત્વ હતું. માતા જીજીબાઈએ શિવાજીને સિંહગઢ જીતી લેવા સૂચવ્યું. શિવાજીએ તાનાની મદદથી સિંહગઢ જીતી લીધો પણ કિલ્લેદાર ઉદયભાણની તલવારના ઘા થી તાનાજી મૃત્યુ પામ્યો. શિવાજીનો ૬, જૂન, ૧૬૭૪ ના રોજ રાજ્યાભિષેક થયો હતો. એ પછી તેમને 'છત્રપતિ' બિરૂદ મળ્યું હતું. શિવાજીએ સભ્યતા વહીવટ માટે 'અષ્ટપ્રધાન મંડળ' ની રચના કરી હતી. ત્યારે શિવાજી પાસે ૨૮૮ કિલ્લાઓ હતા. સ્વામી રામદાસને ગુરુ તરીકે સ્વીકારી શિવાજીએ આખું રાજ્ય એમને બક્ષિસમાં આપી દીધું હતું. તેઓ રામદાસની સૂચનાથી તેમના વતી વહીવટ ચલાવતા હતા. ભરતમાં 'હિંદુ રાજ્ય' ના સ્થાપક એવા શિવાજી મહારાજ ઈ.સ.૧૬૮૦માં ત્રેપન વર્ષની ઉંમરે પ્રભુને પ્યારા થઈ ગયા. કવિ નાનાલાલે તેમને અંજલિ આપતાં લખ્યું છે. : 'શિવાજી એટલે સર્વશ્રેષ્ઠ હિંદુ, છેલ્લી સાત સદીઓમાં ભારતનો રાજમુગટ, હિંદુત્વનું રાજતિલક.'





## (૧૨૧)

# જિગર મુરાદાબાદી

## (૬, એપ્રિલ, ઇ.સ.૧૮૯૦)

પેટિયું રળવા રેલવે સ્ટેશને ફરી ફરીને ચશ્મા વેચતા રહેલા, ખબૂ જ ઓછું ભણેલા અને ભાગ્યું-તૂટ્યું અંગ્રજી બોલતા જિગર મુરાદાબાદીનો જન્મ ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં ૬, એપ્રિલ, ઈ.સ.૧૮૯૦માં થયો હતો. તેમનું ખરું નામ અલી સિકંદર હતું. તેમના પિતા અલી 'નઝર' એમના જમાનાના પ્રસિદ્ધ શાયર ખ્વાજા વઝીર દહેલવીના શિષ્ય હતા. શૅઅર અને શાયરીના સંસ્કાર એમને લોહીમાંથી જ મળેલા. એમના 'સમીઅ' નામના એક પૂર્વજ મોગલ બાદશાહ શાહજહાંના દરબારમાં ઉસ્તાદ હતા. પણ પછી કોઈ કારણસર તેઓએ મુરાદાબાદમાં વસવાટ કરેલો.

જિગર મુરાદાબાદીએ ૧૩-૧૪ વર્ષની ઉંમરે શૅઅર-શાયરી કરવાની શરૂઆત કરી હતી. સાવ કદરૂપો ચહેરો ધરાવતા જિગર જ્યારે શૅર-શાયરી કહેવા ઊભા થતા ત્યારે એમના ચહેરા ઉપર મોહક અને આકર્ષક સ્મિત છલકાઈ જતું. એમની શૅઅર કહેવાની શૈલીની બીજા શાયરો નકલ કરતા રહેતા. વેર વિખેર વાળ, વધી ગયેલી દાઢી, લઘરવઘર વસ્ત્રો એમના વ્યક્તિત્વની ખાસિયતો હતી.

આતિશ, ગાલિબ અને મોમિન જેવા શાયરોનો વારસો અને 'દાગ' દહેલવી જેવા ઉચ્ચ કોટિના શાયરના માર્ગદર્શન અને પ્રેરણા 'જિગર' ને પ્રાપ્ત થયેલાં. 'જિગર' એમની અલગ કેડી કંડારવામાં સફળ થયેલા ગઝલકાર છે. તેમણે બીજાનું અનુકરણ કરવાનું મુનાસિબ માન્યું ન હતું. તેમની ગઝલો ઊંડાણમાં વિહરતી-વિચરતી હોવા છતાં નવી તાજગી અને નવી કાવ્યવિભાવના જન્માવે

છે. વેધક સંવેદના અને નૂતન અભિનિવેશથી રસાયેલી એમની કવિતા વ્યંજનાને લઈ જિગરને વીંધનારી બની રહી છે. ભારતની શ્રેષ્ઠ ગાયિકા બેગમ અખ્તરે જિગર મુરાદાબાદીની અસંખ્ય ગઝલોને એમનો કામણગારો કંઠ આપીને બહેલાવી છે. પ્રેમને જ સર્વોપરિ માનતા 'જિગર' જીવનની સઘળી સમસ્યાઓનો ઉકેલ પ્રેમથી લાવવામાં માનતા હતા.

'દાગ-એ-જિગર' નામનો તેમનો પ્રથમ ગઝલ સંગ્રહ ઈ.સ.૧૯૨૧માં પ્રકાશિત થયો હતો. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ ઈ.સ.૧૯૨૩ માં 'શોલા-એ-તૂર' નામે બીજું સંકલન પ્રકાશિત કરાવેલું. એ સંપાદનના ખર્ચની બધી જવાબદારી ભોપાલનરેશ રશીદુઝ્ઝફરે વહન કરી હતી. આ સંકલન ખૂબ જ લોકપ્રિય બનેલું અને તેની અનેક આવૃત્તિઓ થયેલી. સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કરેલો 'આતિશ-એ-ગુલ' નામનો તેમનો ગઝલ સંગ્રહ ઈ.સ.૧૯૫૮માં પ્રગટ થયો હતો.

'જિગર' કહેતા કે, 'કોઈ સારે માણસ જ સારો કવિ થઈ શકે' એ વાત એમને પુરેપૂરી લાગુ પડતી હતી. તેઓ શરાબના શોખીન હોવાથી તેમના સમકાલીનોનું માનવું હતું કે, તેઓ સારા શાયર હતા, પણ સારા માણસ ન હતા. દારૂની દારૂણ ઘેલછાએ એમના દામ્પત્ય જીવનને નર્કાગાર સમું બનાવી દીધું હતું. 'જિગરે' ઊર્દૂના જાણીતા શાયર એવા અસગર ગૌંડવીની નાની સાળી સાથે લગ્ન કર્યા હતાં. તેમની પત્નીએ જ તેમની શરાબની આદત છોડાવી હતી.


એમના શૅઅર સૂફીવાદ અને અધ્યાત્મવાદના રંગથી રંગાયેલા છે. ગઝલને તેઓ ઊર્દૂ કવિતાની પરાકાષ્ઠા માનતા હતા. તેમની ગઝલોમાં સત્ય છલકાતું દેખાય છે. આત્માના અવાજને એમણે ક્યારેય અવરોધવાનો પ્રયત્ન કર્યો નથી. બંગાળમાં પડેલા ભીષણ દુષ્કાળ સામયે એમણે લખ્યું હતું-


બંગાલકી મૈં શામો-સહર દેખ રહા હૂં
હરચંદ કી હૂં દૂર મગર દેખ રહા હૂં,
ઈન્સાન કે હોતે હુએ ઈન્સાન કા યહ હશ્ર
દેખા નહીં જાતા મગર દેખ રહા હૂં.
(હશ્ર- બૂરી દશા)



તેમનો સ્વભાવ રમૂજી હતો. એમનું હૈયું વિશાળ હતું. તેઓ ધાર્મિક વિચારોને વરેલા હતા. જેમાં સત્ય અને શુદ્ધતા હોય એવા દરેક વિચારોને સાર્થક કરવા તેઓ સદા તત્પર રહેતા હતા.

વર્તમાન યુગના ગઝલના બાદશાહ જિગર મુરાદાબાદીનું ૯, સપ્ટેમ્બર, ઈ.સ.૧૯૬૦ ના રોજ ગૌંડા ખાતે અવસાન થયું હતું.





## (૧૨૨)
# પંડિત રવિશંકર
## (૭, એપ્રિલ, ઇ.સ.૧૯૨૦)

૨૦મી સદીમાં ભારતને મહાનતા અર્પવામાં જેમનો સિંહફાળો હતો તેમાં પંડિત રવિશંકર પણ એક હતા. રવિશંકર એટલે સિતાર અને સિતાર એટલે રવિશંકર. સંગીત સમ્રાટ રવિશંકરનો જન્મ ઉત્તરપ્રદેશના બનારસમાં ૭, એપ્રિલ, ૧૯૨૦ ના રોજ થયો હતો. જો કે તેમનો પરિવાર હાલ બાંગ્લાદેશમાં આવેલા મૂળ પૂર્વબંગાળના નરૈલમાં વસવાટ કરતો હતો. તેઓ માત્ર ૧૦ વર્ષની ઉંમરના હતા ત્યારથી જ સંગીત પ્રત્યે તેમને ભારે લગાવ હતો. નાનપણમાં એક નૃત્યકાર તરીકે કલાજગતમાં પ્રવેશ કરેલો. તેમના માટોભાઈ ઉદયશંકર એક સારા નૃત્યકાર હતા. તેમની સાથે રવિશંકરે નૃત્યના અનેક કાર્યક્રમો કર્યા હતા.

સંગીતને માણવા સામાન્ય માણસને સંગીતના જરા પણ જ્ઞાનની જરૂર નહીં એવા જે ગણ્યાગાંઠ્યા સંગીતકારો ભારતમાં થઈ ગયા એમાં રવિશંકર મોખરે છે. પંડિત રવિશંકરના સંગીતની એ જ વિશેષતા હતી. ભારતના સિતારવાદકોમાં એમનું સ્થાન ટોચ પર છે. સિતારવાદનની દીક્ષા તેમણે તેમના ગુરૂ બાબા અલાઉદ્દીનખાં પાસેથી લીધેલી. છતાં સિતાર પર રવિશંકર જેટલો લાંબો આલાપ ખેંચી શકતા એટલો લંબો આલાપ તેમના ગરૂ પણ ખેંચી શકતા ન હતા.

એમણે ભારતીય સંગીતની નખશિખ શુદ્ધતા જાળવીને તેમજ પ્રામાણિકતા ટકાવી રાખીને પશ્ચિમના સંગીત સાથે શાસ્ત્રીય સ્તર પર અને લોકપ્રિયતાના સ્તર પર સંવાદ સાધ્યો હતો. ભારતીય સંગીતમાં આવો પ્રયોગ કરનારા કદાચ તેઓ પ્રથમ હતા. વિશ્વની સંગીતની દુનિયામાં ભારતીય સંગીતને મહત્વનું નામ



આપવાનું કામ રવિશંકરે એમના સાળા ઉસ્તાદ અલી અકબરખાં સાથે મળીને કર્યું હતું. સિતાર એટલે શુદ્ધ ભારતીય વાદ્ય. આ વાદ્યને વગાડવાની કલા અતિશય કઠિન છે. સિતારનો ઈતિહાસ પશ્ચિમના વાયોલિન કરતા ઘણો જૂનો છે. આવા કષ્ટસાધ્ય વાદ્યને ભારતમાં તો ઠીક, પણ પશ્ચિમમાં લોકપ્રિય કરવું એ નાનીસૂની વાત ના ગણાય. પંડિત રવિશંકરે સિતારને અને સિતાર વગાડવાની કલાને નવી ઊંચાઈ અપાવી છે.

સત્યજિત રેની 'અપુર સંસાર' અને કટાક્ષ ફિલ્મ 'પરસ્પાચાર' માં પણ રવિશંકરે સંગીત દિગ્દર્શક તરીકે કામ કર્યુ હતું. 'ગોદાન' અને 'અપરાજિતા' માં આપેલું તેમનું સંગીત પણ એટલું જ યશસ્વી છે. 'ગોદાન' ફિલ્મનું 'ઓ... સાજના, બરખા બહાર આઈ' આજે પણ લોકહૈયાં ડોલાવી જાય છે. 'હોરી ખેલત નંદલાલ, બિરજમેં હોલી ખેલત નંદલાલ' ગીતમાં પણ રવિશંકરજીની અદ્‌ભુત કલાનાં દર્શન થયા વગર રહેતાં નથી.

તેમણે ઈ.સ.૧૯૬૧માં ઋષિકેશ મુખર્જીની ફિલ્મ 'અનુરાધા' અને ગુલઝારની 'મીરાં' ફિલ્મમાં પણ સંગીત આપ્યું હતું.

આવા મહાન કલાકારની સેવાઓને બિરદાવવાનો 'મેગ્સેસે એવોર્ડ' તેમને એનાયત કરવામાં આવ્યો હતો.

જીવનની સંધ્યાકાળે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોઇ તેમને સેન ડિયાગોની સ્ક્રિપ્સ મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જયાં ઈ.સ.૨૦૧૨માં ૯૨ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું.



## (૧૨૩)

# વિલિયમ વર્ડ્ઝવર્થ

## (૭, એપ્રિલ, ઇ.સ. ૧૭૭૦)

જેમણે માણસને જ પૃથ્વીનું સર્વશ્રેષ્ઠ સર્જન માન્યું છે અને જીવનનો પરમાનંદ અને વેદના જ મનુષ્યના સાચા મિત્રો છે એવું જેમણે સ્વીકાર્યું  અને સમજાવ્યું છે. એવા કવિ કૉલરિજના પરમ મિત્ર વિલિયમ વર્ડ્ઝવર્થનો જન્મ ઉત્તર ઇંગ્લેન્ડની ટેકરીઓની વચ્ચે આવેલા લેઇક ડિસ્ટ્રિક જેવા અતિ રમણીય પ્રદેશમાં કોકરમાઉથ નામના નિસર્ગની ગોદમાં બેઠેલા ગામમાં થયો હતો. તે દિવસ હતો ૭, એપ્રિલ, ઈ.સ. ૧૭૭૦ નો. તેમના ભાગ્યમાં મા-બાપની શીતળ છાંયડીનું સુખ લખાયું ન હતું તેથી તેમની તેર વર્ષની ઉંમર થતાં સુધીમાં તો તેમનાં માતા અને પિતા પ્રભુને પ્યારાં થઇ ગયેલાં. અનાથ બનેલા તેમનો ઉછેર તેમના મોસાળ પેનરીથમાં દાદાએ કરેલો. પણ અહીં તેમના મનમાં સદા ઉચાટ રહેતો હતો. તેમને મોસાળમાં ઝાઝુ ગોઠતું નહીં. અહીંનું બંધિયાર જીવન જાણે એમને બચકાં ભરતું હતું! ગૂમસૂમ હાલતાં જીવનનો ઢસરડો કરવાને પરિણામે તેઓ બાળપમમાં ચિડિયા, મનસ્વી અને કાકી બની ગયેલા. અહીં એક દિવસ એમને મામા સાથે તકરાર થતાં તેમણે આપઘાત કરવાનો પ્રયત્ન પણ કરેલો.

જેમ તેમ કરી અહીં એક વર્ષ ખેંચી કાઢી અભ્યાસ કરવા તેઓ તેમના ભાઇ સાથે હોકરોડની સ્કૂલમાં દાખલ થયા હતા. હોકરોડમાં કોઇ તેમનું સોબતી ન હતું. વળી એ ગામ પ્રકૃતિની અપાર રમણીયતાને ખોળે બેઠેલું. અહીં તેમણે પુસ્તકો સાથે મૈત્રી કેળવવા માંડી. ‘અરેબિયન નાઇટ્સ’ એમનું પ્રિય પુસ્તક. તેમનું બાળપણ અતિશય આર્થિક સંકડામણમાં વીતેલું.



અઢારમેં વર્ષે તેઓ કેમ્બ્રિજની સેંટજ્હોન કોલેજમાં દાખલ થયેલા. પછી તેમણે ઈ.સ.૧૭૯૦માં ફ્રાન્સ થઇ આલ્પસ પર્થત સુધીનો પગપાળા પ્રવાસ ખેડ્યો હતો. આ પ્રવાસ અંતર્ગત તેમણે પીધેલા નિસર્ગના સૌદર્યને વ્યક્ત કરતાં અનેક વર્ણનાત્મક રેખાચિત્રો બનાવેલાં, જે આજે પણ કાવ્યમય દસ્તાવેજ બની રહ્યાં છે. તેઓ ઈ.સ.૧૭૯૧ માં તેઓ ફરી ફ્રાન્સ આવી જીવનના અંત સુધી અહીં વસેલા.

કેમ્બ્રિજમાં ભણતાં ભણતાં તેમણે ઈ.સ.૧૭૯૦ માં તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘ધ ઈવનિંગ વૉક’ પ્રકાશિત થયો હતો. તેઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીની પદવી પ્રાપ્ત કરી લીધા પછી તેઓએ લંડનમાં વસવાટ કરેલો. તે પછી ફ્રાન્સના પ્રવાસ દરમ્યાન તેઓ અનંત વાર્લો નામની સુંદરીના પ્રેમમાં પડેલા અને ગેરકાનૂની સંતાનના પિતા બનેલા. તેઓ છેવટે ઈ.સ.૧૮૦૦ માં તેમના વતન ગ્રાસમિયર ગામે રહેવા ગયેલા. ૩૨ વર્ષની ઉંમરે તેમણે તેમની બાળપણની દોસ્ત મેરી હટમીન્સન સાથે લગ્ન કરી લીધું હતું.

આ દરમ્યાન તેમનો પરિચય તે સમયના જાણીતા અંગ્રેજ કવિ અને વિવેચક સેમ્યુઅલ ટેલર કોલરિજ સાથે થયેલો. તેમણે કોલરિજ સાથે મળીને સંયુક્ત રૂપે ‘લિરિકલ બેલાડ્સ’ નામનો કાવ્યસંગ્રહ પ્રગટ કરેલો. તેમના પર કવિ મિલ્ટનની અદ્ભુત અસર થઇ હતી. તેમણે ઈ.સ.૧૭૯૮ થી ૧૮૦૪ ના સમયગાળામાં તેમણે તેમનું મહાકાવ્ય ‘પ્રિલ્યૂડ’ સર્જ્યું હતું જેનું પ્રકાશન તેમના અવસાન પછી થયેલું.

તેમનાં દર્શન અને ચિંતન રવીન્દ્રનાથ ટાગોર અને વોલ્ટ વ્હિટમેનની સમકક્ષ હતાં. તેમની કવિતા આધ્યાત્મિક પ્રભાની કવિતા છે.

વર્ડ્ઝવર્થે કવિતાના સંદર્ભમાં કહ્યું છે કે, ‘કવિતા એટલે બળવાન ઊર્મિઓનું ઉભરાવવું અને સહજવાણીમાં તેને અવતારવું.’ વર્ડ્ઝવર્થ એ પ્રકૃતિના કવિ છે. તેમનાં પ્રાકૃતિક વર્ણનો વાચકને રસતબોળ કરી મૂકે છે. તેઓ કૌતુકરાગી કવિ

તરીકે જાણીતા છે. આપણા પંડિત યુગના અને ગાંધીયુગના કેટલાક કવિઓ માટે વર્ડ્ઝવર્થ પ્રેરણાસ્ત્રોત બન્યા છે. તેમની પ્રકૃતિલક્ષી કવિતા પર વર્ડ્ઝવર્થની ભારોભાર અસર થયેલી જણાય છે.


આ સમર્થ પ્રકૃતિદર્શી કવિ ૨૩, એપ્રિલ, ૧૮૫૦ ના રોજ અવસાન પામ્યા હતા. તેઓ એટલી પ્રબળ સંવેદનશક્તિ ધરાવતા હતા કે તેમના મૃત્યુ પછી મેથ્યૂ આર્નોલ્ડે તેમને અંજલિ આપતા કહેલું-

'અમને સહન કરવાની શક્તિ તો બીજા કવિઓ પાસેથીયે મળી રહેશે, પણ ઓહ ! અમારામાં સંવેદનની શક્તિ કોણ પ્રેરશે ?'

●







## (૧૨૪)

# યશવંત શુક્લ

## (૮, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૫)

ગુજરાતના સિદ્ધહસ્ત શિક્ષણકાર, સમર્થ વક્તા અને સુવિખ્યાત વિવેચક એવા યશવંત શુક્લ જન્મ ૮, એપ્રિલ, ઈ.સ. ૧૯૧૫ ના રોજ પિતા પ્રાણશંકરભાઈ અને માતા પરસનબહેનના રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. ઉમરેઠ એમનું વતન. નાનપણમાં એમને બધાં લાડમાં 'ભાનુ' કહીને બોલાવતાં. એમના માતા ધર્મપ્રેમી હતાં. કેટલાંય પ્રાચીન ભજનો, આખ્યાનો અને ગરબાઓ એમની જીભને ટેરવે રમતાં. મા પાસેથી આ બધું સાંભળી નાનપમથી જ યશવંતભાઈની સાહિત્યરસિકતાનું ઘડતર થયેલું.

પરંપરાગત યજમાનવૃત્તિનો વ્યવસાય સંભાળી શકે તે હેતુથી પિતાએ તેમને સંસ્કૃત પાઠશાળામાં કર્મકાંડ ભણવા મૂકેલા. અહીં તેમણે તેમની તેજસ્વીતાનો પરચો આપી દીધેલો. તેમની ઉંમર અગિયાર વર્ષની હતી ત્યારે પિતાને જલોદરનો રોગ થયેલો. તેથી જિંદગીની અનિશ્ચિતતાના ભયથી ઈ.સ.૧૯૨૬માં તેમણે તેમના મૃત્યુ અગાઉ યશવંતભાઈને જનોઈ આપી દીધેલી. ઘરની સ્થિતિ કંઈ સારી નહીં. આજીવિકા રળવા યશવંતભાઈએ કર્મકાંડ કરવા માંડેલું. પણ યજમાનવૃત્તિથી એમને ધરવ થયેલો નહીં તેથી અભ્યાસ માટે તેઓ અમદાવાદ આવેલા. છાત્રાલયમાં રહીને તેમણે અભ્યાસ શરૂ કરેલો. એમની જિજ્ઞાસાનો પાર નહીં. સાહસિક અને નીડર પણ ખરા. વાચનભૂખની તો વાત જ ના પૂછો. એમણે ઉમરેઠમાં મિત્રમંડળ સ્થાપી વિદ્વાનોનાં વ્યાખ્યાનોની જ્ઞાનવર્ધક પ્રવૃત્તિ ચલાવેલી. ઈ.સ. ૧૯૩૦માં ડાકોરમાં યોજાયેલી મદનમોહન માલવિયાજીની સભાના મંચ પર ચઢી જઈ તેમણે સ્વરચિત ગીતો બુલંદ અવાજે લલકારેલાં.

ઈ.સ.૧૯૩૨ માં તેમણે મેટ્રિકની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પાસ કરેલી તે બદલ તેમણે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' નું કવિ કાન્ત પરિતોષક મેળવેલું. ઈ.સ. ૧૯૩૬માં ઈતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે સ્નાતક થયેલા. એમ.એ. ના અભ્યાસ માટે તેઓ સુરત ગયા. ભણતાં ભણતાં નોકરી પણ કરતા. જ્યારે તેમને બે વિદ્વાનો, શ્રી અનંતરાય રાવળ અને શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પાસેથી ઘણાં હૂંફ અને પ્રેરણા મળેલાં. દરમ્યાન ઈ.સ.૧૯૩૭ માં તેમનાં લીલાબહેન ખંભોળજા સાથે લગ્ન થયેલાં. ઈ.સ.૧૯૩૮ માં તેઓ એમ.એ. થયેલા. તે પછી ગુજરાત કોલેજમાં ખંડ સમયના અધ્યાપક તરીકે તેમણે નોકરી સ્વીકારેલી. ઈ.સ.૧૯૪૧ માં તેમની બદલી મુંબઈની એલ્ફિસ્ટન્ટ કોલેજમાં થયેલી. પણ સરકારે તેમની આંખોની નબળાઈનું કારણ આગળ ધરીને તેમને નોકરીમાંથી છૂટા કરેલા. આખરે તેઓ વતન ઉમરેઠ પાછા આવી ત્યાંની શાળામાં શિક્ષક તરીકે જોડાઈ ગયેલા.

ઈ.સ.૧૯૪૨માં તેમને 'ભારતીય વિદ્યાભવન, મુંબઈ' એ અધ્યાપક તરીકે પસંદ કરેલા. અંધેરીમાં ઘર ભાડે રાખેલું. અહીં ક.મા. મુનશીએ તેમને સાહિત્ય પરિષદની પત્રિકાના સંપાદનની જવાબદારી સોંપી. મુંબઈમાં સાડાત્રણ વર્ષ નોકરી કર્યા બાદ પાછા અમદાવાદ આવી 'પ્રજાબંધુ' ના ઉપતંત્રીનું કામ સભાળેલું. ઈ.સ.૧૯૪૫ માં તેમણે બી.જે. વિદ્યાભવનમાં માનદ્ સેવા આપેલી. ઈ.સ.૧૯૫૦ માં ગુજરાત યુનિવર્સિટીના સૅનેટ સભ્ય બનેલા.તેઓએ રવિશંકર મહારાજ અને ઉમાશંકર જોશી સાથે અમેરીકા, યુરોપ, ઈંગ્લેન્ડ અને ચીન જેવા દેશોનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવાસ પણ ખેડેલો.

ઈ.સ.૧૯૫૫ માં આજની હ.કા. આર્ટ્સ કોલેજની સ્થાપના 'રામાનંદ મહાવિદ્યાલય' તરીકે થયેલી ત્યારે યશવંતભાઈ તેના પ્રથમ આચાર્ય થયેલા. હ.કા. આર્ટ્, કોલેજ એવું નામાંતર થયા પછી પણ તેઓ જ આચાર્ય પદે રહેલા. ત્રેવીસ વર્ષની નોકરી દરમ્યાન વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા ગુજરાતભરમાં



તેમણે કોલેજને ગૌરવ અને પ્રતિષ્ઠા અપાવેલાં. તેઓ એક અચ્છા સાહિત્યકાર પણ ખરા. 'વિહંગમ', 'તરલ' અને 'સંસારશાસ્ત્રી' જેવાં તખલ્લુસથી તેમણે અસંખ્ય લેખો લખ્યા છે. 'સંદેશ' વર્તમાનપત્રમાં 'સમયના વહેણ' નામની તેમની કોલમ ખૂબ જાણીતી બનેલી.

તેઓ આદર્શ પત્રકાર હતા. તેમણે તૈયાર કરેલો પત્રકારત્વનો અભ્યાસક્રમ આજે પણ ઉદાહરણ રૂપ બન્યો છે. 'બુદ્ધિપ્રકાશ' અને 'નિરીક્ષક' ના તંત્રી તરીકે તેમણે નોંધપાત્ર કામગીરી બજાવેલી.

તેઓ ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત વિવેચક તરીકે જાણીતા છે. વિવેચનની યાત્રાનો આરંભ ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'કર્મયોગી રાજેશ્વર' વિશે લખેલા લેખ સંગ્રહો પ્રસિદ્ધ થયા છે. 'ઉપલબ્ધિ'(૧૯૮૨) અને 'શબ્દાન્તર'(૧૯૮૪). વિવેચન ક્ષેત્રે તેમની વિશિષ્ટ સેવા બદલ ઈ.સ.૧૯૯૬માં તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવેલો. સાહિત્ય અકામીનાં અનેક પરિતોષિકો તેમને પ્રાપ્ત થયા છે. 'કેન્દ્ર અને પરિઘ'(૧૯૮૦) અને 'ક્રાંતિકાર ગાંધીજી' એ તેમના નિબંધ સંગ્રહો છે. તેમણે સંપાદનના છ ગ્રંથો તૈયાર કર્યા છે. તેઓ સારા અનુવાદક પણ હતા. હેનરિક ઈબ્સનના 'લેડી ફ્રોમ ધ સી' નાટકનો 'સાગરઘેલી'(૧૯૬૪) નામે તેમણે કરેલો અનુવાદ પ્રગટ થયેલો. મેકિયાવેલીના ગ્રંથ 'પ્રિન્સ' નો તેમણે 'રાજવી' નામે કરેલો અનુવાદ ઈ.સ. ૧૯૬૯માં સાહિત્ય અકાદમીએ પ્રગટ કરેલો.

શિક્ષણ એમનું જીવન ધ્યેય હતું. તેઓ વિદ્યાર્થીઓના માનીતા હતા. સ્વભાવે ઋજુ અને લાગણીશીલ. શિક્ષણમાં નિષ્ઠા અને શ્રમને વરેલા ઋષિ. તેમનું વકતવ્ય વિગતપ્રચૂર અને આકર્ષક રહેતું. ગુજરાતના કેટલાક કુશળ વક્તાઓમાંના યશવંતભાઈ એક હતા. નિયમના પાકા અને કર્તવ્યનિષ્ઠ પણ ખરા. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુપલપિતપદે પણ રહી ચૂકેલા પણ શૈક્ષણિક મૂલ્યોની પ્રતિષ્ઠા જાળવવા તેમણે રાજીનામું આપી દીધેલું.

આવા ગુજરાતના સમર્થ કેળવણીકાર અને વિવેચક યશવંતભાઈનો જીવનદીપ ૨૩, ઓક્ટોબર, ઈ.સ.૧૯૯૯ ના રોજ બૂઝાઈ ગયેલો.

●





## (૧૨૫)

# રાહુલ સાંકૃત્યાયન

## (૯, એપ્રિલ, ઇ.સ.૧૮૯૩)

રાષ્ટ્રભાષા હિન્દીમાં પ્રવાસ સાહિત્યના પિતા ગણાતા મહાન વિદ્વાન રાહુલ સાંકૃત્યાયનનો જન્મ ઉત્તરપ્રદેશના આઝમગઢ જિલ્લાના પન્દાહાર નામના ગામમાં, બ્રાહ્મણ કુટુંબમાં પિતા કેદારનાથ પાંડે અને માતા ફુલવતી પાંડેના ઘરમાં ૯, એપ્રિલ, ઈ.સ.૧૮૯૩માં થયો હતો. તેઓ ચાર ભાઈઓ હતા. વિશ્વના મોટાભાગના મહાનુભાવોના જીવનમાં બને છે તેમ તેમના જીવનમાં પણ બનેલું. નાનપણમાં જ તેમણે મા-બાપનું શિરછત્ર ગુમાવી દીધેલું.

તેઓ પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી બિહારમાં પણ રહ્યા હતા. જ્ઞાન મેળવવા તેઓ હંમેશા તરસતા હતા તેથી તેઓ ઘર છોડીને ભાગી ગયેલા અને બિહારના એક બૌદ્ધમઠમાં અભ્યાસ કરવા રહેલા. તેથી તેમના પર બૌદ્ધ ધર્મની ઘેરી અસર થયેલી. તેમણે પૂરી ભાવનાથી બૌદ્ધ ધર્મ અપનાવીને રાહુલ સાંકૃત્યાયન એવું નામ અપનાવેલું.

તેમણે જીવનનાં લગભગ પિસ્તાલીસ વર્ષો પ્રવાસ ખેડવામાં વીતાવ્યાં હતાં. તેઓ મહાન રાષ્ટ્રવાદી હતા. અંગ્રેજી શાસનની નીતિરીતિ સામે તેજાબી લખાણ લખવાને પરિણામે તેમને જેલવાસ પણ વેઠવો પડેલો. ઈ.સ.૧૯૧૯માં જલિયાવાલા બાગમાં જનરલ ડાયરે કરેલા ગોળીબારનો તેમણે જોરદાર પ્રતિકાર કરેલો. જેને લઈ તેમને છ માસની કેદ પણ થયેલી. આ જેલવાસ દરમ્યાન તેમણે 'વીસમી સદી' નામના પુસ્તકની રચના કરી હતી. પ્રવાસન ઉપરાંત તેમણે બૌદ્ધધર્મ, દર્શનાશાસ્ત્ર, તિબેટોલોજી, ઈતિહાસ, વ્યાકરણ, વિજ્ઞાન અને રાજકારણ જેવા અનેક વિષયોમાં પુસ્તકો લખ્યાં છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ

ડૉ.રાજેન્દ્રપસાદના નેતૃત્વ હેઠળ બિહારના ખેડૂત આંદોલનમાં પણ ભાગ લીધો હતો. અન્યાય, અત્યાચાર અને માનવતા વિરોધી પ્રવૃત્તિઓનો પ્રતિકાર કરવા તેઓ સદા કટિબદ્ધ રહેતા હતા. તેઓ માર્કસવાદી વિચારસરણીથી અભિભૂત થઈ સામ્યવાદી પાર્ટીમાં જોડાયા હતા. પાછળથી કેટલાંક કારણોને લઈ પક્ષમાંથી તેમને બરતરફ કરવામાં આવેલા.


ભારત આઝાદ થયા પછી તેમણે તેમની રાજકીય પ્રવૃત્તિઓ સંકેલી પ્રવાસ તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત કરેલું. તેમની જ્ઞાનપિપાસા તીવ્રતર બની હતી. તેમણે તે પિપાસા સંતોષવા યાત્રાઓ આરંભેલી. પ્રવાસનમાંથી પ્રાપ્ત થયેલા અનુભવોને એમણે શબ્દોમાં મઢવા માંડ્યા. એમની શબ્દ સાધના અને સાહિત્ય સાધનાના પરિપાક રૂપે સહિત્ય જગતને આશરે પોણા બસો પુસ્તકો પ્રાપ્ત થયાં.

તેમણે શ્રીલંકાની એક કોલેજમાં બૌદ્ધ ધર્મનું અધ્યાપન કાર્ય પણ કરેલું અને ‘ત્રિપિટકાચાર્ય’ ની પદવી પ્રાપ્ત કરેલી. તેઓ પ્રવાસના ભિષ્મપિતામહ તરીકે ઓળખાતા. તેમણે લડાખ, કાશ્મીર, નેપાળ, શ્રીલંકા, ચીન, ઈરાન અને રશિયા જેવા દેશોનો પ્રવાસ ખેડ્યો હતો. તેમણે પ્રાકૃત અને હિન્દી ભાષામાં ગ્રંથો લખ્યા છે. તેઓએ લગભગ સવા દોઢ વર્ષ વેશપલટો કરી તિબેટમાં વસવાટ કર્યો હતો. ત્યાં રહી તેમણે બૌદ્ધ ધર્મનો ગહન અભ્યાસ કરેલો. પાછા ફરતી વખતે બૌદ્ધ ધર્મના અસંખ્ય ગ્રંથો ખચ્ચરો પર લાદી તેઓ ભારત લઈ આવેલા. તેઓ ઉમદા વ્યકરાણાચાર્ય હતા. તિબેટીયન અને સિંહાલી ભાષાઓમાં લખેલાં વ્યાકરણો ખૂબ જાણીતા થયાં હતાં. તિબેટમાંથી જે ગ્રંથો તેઓ ભારતમાં લાવ્યા હતા તેમાંના ઘણા ગ્રંથો આજે પણ બિહારના પાટનગર પટણાના સંગ્રહાલયમાં મોજૂદ છે.

પ્રાચ્યવિદ્યાના સંશોધન કાર્ય માટે રશિયા ગયેલા તેઓ એક વિદ્યાલયની સચિલ લોલા નામની છોકરીના પરિચયમાં આવેલા અને ઈ.સ.૧૯૩૭ માં તેમણે તેની સાથે લગ્ન કરી લીધેલું. આ પછી લોલાએ ‘ઈગાર’ નામના પુત્રને જન્મ આપેલો. તેમણે પશ્ચિમ એશિયા અને યુરોપના દેશોનો પ્રવાસ ખેડેલો. જુદીજુદી છત્રીસ



ભાષાઓના તેઓ જાણકાર હતા. તેમણે ઈ.સ. પૂર્વે ૬૦૦૦ થી ઈ.સ. ૧૯૪૨ સુધીના વિશાળ સમયગાળાને આવરી લેતું પુસ્તક ‘વૉલ્ગા સે ગંગા’ નામના ઐતિહાસિક ગ્રંથની રચના કરી છે. તેઓ સંસ્કૃત ભાષામાં ડાયરીઓ લખતા હતા. તેમણે લગભગ બારેક નવલકથાઓનું પણ સર્જન કરેલું છે. ‘શેખર કી જીવની’ એમનો એક વાર્તાસંગ્રહ પણ છે. આ બહુભાષી વિદ્વાને સોવિયેત રશિયાની લેનિનગ્રાડ યુનિવર્સિટીમાં ઈન્ડોલોજીના પ્રધ્યાપક તરીકે કાર્ય કર્યું હતું. ઈ.સ.૧૯૫૮ માં દિલ્હીની સાહિત્ય અકાદમીનો એવોર્ડ તેમણે મેળવ્યો હતો. ભારત સરકારે ઈ.સ.૧૯૬૩ માં ‘પદ્મવિભૂષણ’ નો ખિતાબ એનાયત કરી તેમનું સન્માન કર્યું હતું. એમણે ૭૪ વર્ષના તેમના જીવનકાળ દરમ્યાન એટલું તો વિશાળ સાહિત્ય સર્જન કર્યુ છે કે તે એક વિક્રમ બની ગયો છે. જીવનનાં આખરી વર્ષોમાં બ્રેઈન સ્ટ્રોકને લીધે તેમને લકવો થઈ જતાં યાદદાસ્ત ગુમાવી બેઠા હતા. આ બહુભાષી બહુશ્રુત વિદ્વાન છેવટે ૧૪, એપ્રિલ, ઈ.સ. ૧૯૬૩ ના રોજ અવસાન પામ્યા હતા.





## (૧૨૬)

# ધનંજય ગાડગીલ

## (૧૦, એપ્રિલ, ઇ.સ. ૧૯૦૧)

ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત અર્થશાસ્ત્રી ધનંજય રામચંદ્ર ગાડગીલનો જન્મ તેમના મોસાળ, મહારાષ્ટ્રના નાસિકમાં ૧૦, એપ્રિલ, ઇ.સ. ૧૯૦૧ ના રોજ થયો હતો. તેમના પિતા રામચંદ્ર ગાડગીલ નાગપુરમાં વકીલાત કરતા હતા તેથી તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ નાગપુરમાંથી જ થયેલું. ઇ.સ. ૧૯૧૬ માં તેમણે સિનિયર કેમ્બ્રિજની પરીક્ષા પાસ કરેલી. ઉચ્ચ અભ્યાસ માટે ઇ.સ. ૧૯૧૮માં તેઓ ઇંગ્લેન્ડ ગયેલા. ઇ.સ. ૧૯૨૧ માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી તેઓ સ્નાતક થયેલા. ઇ.સ. ૧૯૨૩ માં કેમ્બ્રિજ યુનિવર્સિટીએ નવા દાખલ કરેલા ‘માસ્ટર ઓફ લિટરેચર’ ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી ઇ.સ. ૧૯૨૩ માં **M.Litt.** ની પદવી લઇ તેઓ સ્વદેશ પાછા ફરેલા.

પરદેશમાં નોકરીની અનેક તકો ઉપલબ્ધ હોવા છતાં તેમણે દેશસેવાને પસંદ કરેલી. **M.Litt.** ની પદવી માટે તેમણે પ્રો. હેન્ડરસનના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલા શોધ નિબંધ ‘ઇન્ડસ્ટ્રિયલ ઇવોલ્યુશન ઇન ઇન્ડિયા ઇન રીસન્ટ ટાઇમ્સ’ જેને ઇ.સ. ૧૯૨૪ માં ઑક્સ ફર્ડ યુનિવર્સિટી પ્રેસે પ્રગટ કરેલો અને તેની ચાર ચાર આવૃત્તિઓ થયેલી. ઇંગ્લેન્ડથી પાછા આવી તેમણે એક વર્ષ તત્કાલીન મુંબઇપ્રાંતની સરકારમાં સહાયક સચિવ તરીકે કામ કરેલું. તે પછી પાંચ વર્ષ સુધી તેઓ સુરતની એમ.ટી.બી. કોલેજના આચાર્ય પદે રહેલા. તે પછી તેમણે એક ધારી છત્રીસ વર્ષ સુધી પૂણેની ‘ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઓફ પોલિટિક્સ એન્ડ ઇકોનોમિક્સ’ ના ડિરેક્ટર પદે સેવાઓ આપેલી. આ સંસ્થાની સ્થાપના તેમણે



તેમના સસરા રાવબહાદુર આર.આર. કાળેના ઉદાર દાનથી જ કરેલી. તેમણે ભારતની કૃષિવ્યવસ્થા અને સહકારી ક્ષેત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એ અભ્યાસને પરિણામે તેમણે ૩૭૫ જેટલાં રિસર્ચ પેપર તૈયાર કરેલાં.

તેઓ ઇ.સ.૧૯૬૬ માં આ સંસ્થામાંથી નિવૃત્ત થયેલા. તેમ છતાં આજીવન માટે પ્રાધ્યાપક તરીકે તેઓ સંસ્થા સાથે જોડાયેલા રહેલા. ઇ.સ. ૧૯૬૬-૬૭ના ગાળામાં પૂણે યુનિવર્સિટીના કુલપતિનું પદ તેમણે સંભાળેલું. ઇ.સ. ૧૯૬૭ માં રાષ્ટ્રપતિએ અર્થશાસ્ત્રના નિષ્ણાંત તરીકે છ વર્ષ માટે રાજ્યસભાના સભ્ય તરીકે તેમની પસંદગી કરેલી. ઇ.સ. ૧૯૬૭ માં તેઓ ભારતના આયોજન પંચના ઉપાધ્યક્ષ પણ બનેલા. ચાર વર્ષ સુધી આ હોદ્દા પર રહ્યા બાદ સ્થાપિત હિતોના દબાણને વશ થઇ તેમણે રાજીનામું આપેલું. તે પછીથી દિલ્હીથી પૂના જતાં રસ્તામાં હૃદયરોગનો તીવ્ર હુમલો થતાં ૩, મે, ઇ.સ. ૧૯૭૧ ના રોજ તેમનું અવસાન થયેલું.

તેમની કારકિર્દી જ્વલંત હતી. તેમણે તેમના જીવનકાળ દરમ્યાન ૯૯ હોદ્દાઓ ઉપર સેવાઓ બજાવેલી. જેમાં ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ના નિયામક, મુંબઇ યુનિવર્સિટીના સૅનેટ સભ્ય, પૂણે યુનિવર્સિટીના કુલપતિ, આર.બી.આઇ. ના કેન્દ્રીય નિયામક મંડળના સભ્ય, આઇ.આઇ.એ. ના અધ્યક્ષ, આયોજન પંચના સભ્ય, રાષ્ટ્રસંઘની સમિતિના સભ્ય આદિ મહત્વના હોદ્દાઓનો સમાવેશ થાય છે.


સહકારી ક્ષેત્રે કારખાનાં ઊભાં કરવાનો યશ પ્રા.ગાડગીલના ફાળે જાય છે. તેઓ ગ્રામ્યોદ્યોગો અને લઘુ ઉદ્યોગોના વિકાસના પ્રખર હિમાયતી હતા. મુક્ત બજારમાં તેમને શ્રદ્ધા ન હતી. શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઇએ એવો એમનો દૃઢ મત હતો. રાજ્યસ્તરના કાર્યક્રમોના વિકાસ માટે કેન્દ્ર દ્વારા અનુદાન આપવાની યોજનામાં ધોરણોને ‘ગાડગીલ ફોર્મ્યુલા’ નામ આપવામાં આવેલું. જેનો અમલ આજે પણ ચાલું છે. ‘રેગ્યુલેશન ઓફ વેજિઝ એન્ડ અધર પ્રોબ્લેમ્સ

ઓફ ઈન્ડસ્ટ્રિયલ લેબર ઈન ઈન્ડિયા' અને 'વૉર એન્ડ ઈન્ડિયન ઈકોનોમિક પૉલિસી' તેમના જાણીતા ગ્રંથો છે.

એક અર્થશાસ્ત્રી હોવાના નાતે તેઓ સાદગી અને કરકસરને વરેલા હતા. તેમના જીવન અને વિચારો પર લોકમાન્ય ટિળક અને ડૉ.બાબાસાહેબ આંબેડકરના આદર્શોની ઘેરી અસર પડેલી હતી. બીજાની વિચારસરણીનું અનુકરણ કર્યા વગર ભારતે તેની સ્વતંત્ર અને મૌલિક વિચારસરણી વિકસાવવી જોઈએ એવું તેઓ દૃઢપણે માનતા હતા.







## (૧૨૭)

# જ્યોતિબા ફુલે

## (૧૧, એપ્રિલ, ૧૮૨૭)

જગતનાં દીનદુખિયાં, શોષિતો, દલિતો, શુદ્રો, પીડિત મહિલાઓ, ખેડૂતો અને મજૂરોનાં જીવનમાં જાગૃતિનો નવસંચાર કરનાર યુગદૃષ્ટા મહાત્મા જ્યોતિબા ફુલેનો જન્મ ૧૧ એપ્રિલ, ૧૮૨૭ ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખાનવાડી ગામમાં શુદ્ર ગણાતી માળી જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ ગોવિંદરાય અને માતાનું નામ વિમલાબાઈ હતું. તેમના દાદાનો ધંધો ફુલવાડી સજાવવાનો હતો. તેમના પિતા ગોવિંદરાય અને બે કાકાઓના કામની કદર કરીને પેશવાઓએ તેમને પાંત્રીસ એકર જમીન ઈનામમાં આપી હતી. ત્યારથી તેમનું કુટુંબ 'ફુલે' તરીકે ઓળખાવા લાગ્યું. તેમની ખરી અટક ગોર્હે હતી.

જ્યોતિબા સામાજિક ક્રાંતિના અગ્રદૂત હતા. તેઓ બુદ્ધ અને કબીરની પંક્તિના પથપ્રદર્શક અને નૂતન વિચારોના પ્રણેતા હતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને 'બુકરટી વૉશિંગ્ટન' તરીકે નવાજ્યા હતા. તેઓ સાચા અર્થમાં ભારતીય સામાજિક ક્રાંતિના ઉદ્ગાતા હતા. ડૉ. એમ.બી.રાણાએ તેમને શ્રદ્ધાંજલિ આપતા લખ્યું છે કે, 'મહારાષ્ટ્રની સંત પરંપરામાં એક શ્રેષ્ઠ નામ છે- સાવતા માળી'. તેઓ નામદેવના સમકાલીન હતા. આ સાવતા માળીની જાતિમાં મહાત્મા જ્યોતિબા ફુલે જન્મ્યા હતા, જેમને ૧૯ મી સદીના સૌથી શ્રેષ્ઠ સમાજસેવક કહેવામાં આવે છે.'

તેઓ ક્રાંતિકારી સમાજ સુધારક હતા. ૧૯ મી સદીના અંધકાર યુગમાં તેમણે અને તેમની પત્ની સાવિત્રીબાઈ ફુલેએ સમાજ સુધારણાની ક્રાંતિના અજવાળાં

પાથર્યા. જ્યોતિબાએ તેમના ક્રાંતિકારી વિચારો 'બ્રાહ્મણોનો કસબ', 'ખેડૂતોનાં આંસુ', 'સાર્વજનિક સત્યધર્મ' જેવાં પુસ્તકોમાં શબ્દબદ્ધ કર્યા છે. તેમણે તથા તેમની પત્નીએ ભારતીય સ્ત્રીઓના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું હતું. અસ્પૃશ્ય અને દલિત સ્ત્રીઓના વિકાસ માટે તેમણે પાયાનું કામ કર્યું હતું. કુરૂઢિઓ, કુરિવાજો અને વિકૃત સામાજિક પરંપરામાં અટવાયેલા હિંદુ સમાજની વિષમ અને અસમાન પરિસ્થિતિમાં ફુલે દંપતીએ દલિત મહિલાઓ, બ્રહ્મણ વિધવાઓ, ગર્ભવતી સ્ત્રીઓ તથા શુદ્રોની દયનીય હાલતને ઉજાગર કરી તેમનામાં શિક્ષણની જ્યોત પ્રગટાવી અને આત્મસન્માન તથા સ્વતંત્રતાની ભાવના જગાડી ઉત્તમોત્તમ કાર્ય કર્યું.

ફુલે દંપતિ નિર્ભયી ક્રાંતિકારી સમાજ સુધારક હતાં. તેઓ બંન્ને ક્રાંતિકારી સુધારાનાં અગ્રદૂત હતાં. તેમના પરિવર્તનશીલ વિચારોએ તથા કાર્યોએ તત્કાલીન હિંદુ સમાજ અને ધર્મના પાયા હચમચાવી નાખ્યા હતા. ડી.કે. ખારપેડ લખે છે કે, 'આધુનિક ભારતના ઈતિહાસમાં મહાત્મા ફુલે એવા પ્રથમ ભારતીય છે, જેમણે બ્રાહ્મણી હિંદુ સમાજ વ્યવસ્થા સામે અવાજ ઊઠાવ્યો, આ જ રીતે ઘણાં કાર્યોમાં પહેલ કરવાનું માન તેમને ફાળે જાય છે.'

ઈ.સ. ૧૮૪૮માં અછૂતો માટે નિયમિત શાળાની સ્થાપના કરનાર તેઓ પ્રથમ ભારતીય હતા. તેમનાં પત્ની સાવિત્રીબાઈ પ્રથમ ભારતીય મહિલા અધ્યાપિકા હતાં. દેશની સૌ પ્રથમ રાત્રિશાળાની સ્થાપના પણ તેમણે જ ઈ.સ. ૧૮૫૫ માં શરૂ કરી હતી.

●





## (૧૨૮)

# ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટ

## (અવસાન : ૧૨, એપ્રિલ, ઇ.સ. ૧૯૪૫)

અમેરીકાના લોકપ્રિય પ્રમુખ ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટનો જન્મ ન્યૂયોર્કના હાઈડપાર્કમાં ૩૦, જાન્યુઆરી, ઈ.સ. ૧૮૮૨ ના રોજ પિતા જેમ્સ રૂઝવેલ્ટ અને માતા સારા ડેલાનોના ઘરમાં થયો હતો. માતા-પિતા તથા ખાનગી શિક્ષકો દ્વારા તેમને ઘરમાં જ શિક્ષણ આપવામાં આવ્યું હતું. ઈ.સ. ૧૮૮૬ માં તેમને મેસેસ્યુસેટ્સની ગ્રોટોનની સ્કૂલમાં દાખલ કરવામાં આવેલા. હાવર્ડ યુનિવર્સિટીમાંથી માત્ર ત્રણ વર્ષના અભ્યાસ પછી તેમણે ઈતિહાસના વિષય સાથે બી.એ. ની પદવી મેળવી હતી. ન્યૂયોર્કની કોલંબિયા વિશ્વવિદ્યાલયમાંથી ઈ.સ.૧૯૦૭માં તેમણે કાયદાની પરીક્ષા પસાર કરી હતી. તે પછી તેમણે ન્યૂયોર્ક શહેરમાં ત્રણ વર્ષ વકીલાતની પ્રેક્ટિસ કરી હતી. ઈ.સ. ૧૯૧૦ મા રાજકારણના ઉંબરા ઉપર તેમણે પ્રથમવાર પગ મૂકેલો અને તેઓ ન્યૂયોર્ક સ્ટેટની સેનેટમાં સેનેટર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. દરમ્યાનમાં તેમણે પ્રસિડેન્ટ થિઓડોર રૂઝવેલ્ટની દૂરની સગી અન્ના ઈલેનોર સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા હતાં. તેઓ છ સંતાનોના પિતા બન્યા હતા.

ઈ.સ. ૧૯૧૨ માં તેઓ પુનઃરાજ્ય સેનેટર તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તે પછી તેમને વૂડ્રો વિલ્સને ઈ.સ. ૧૯૧૩ માં તેમની નિમણૂંક લશ્કરમાં આસિસ્ટંટ સેક્રેટરી તરીકે કરી હતી. ઈ.સ. ૧૯૨૦ સુધી તેઓએ આ પદ પર કાર્યરત રહી નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી હતી. તેઓ શક્તિશાળી અને કાર્યદક્ષ વહીવટ કર્તા તરીકે સફળ નીવડ્યા હતા. આ અનુભવે તેમની ભાવિ કારકિર્દી ઘડવામાં મહત્વની ભૂમિકા પૂરી પાડી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે અમેરીકા યુદ્ધમાં સામેલ

થયું હતું અને 'સુપર પાવર' બનેલું. અમેરીકાને 'સુપર પાવર' બનાવવામાં ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટે આપેલા યોગદાનને અમેરીકાવાસીઓ ક્યારેય ભૂલી શકશે નહીં. તેમની આ અદ્ભુત સિદ્ધિને લઇ અમેરીકાની પ્રજામાં અને રાજકારણમાં તેઓ લોકપ્રિય નેતા બની ગયેલા. ઈ.સ. ૧૯૨૦ માં ડેમોક્રેટીક પક્ષે તેમને અમેરીકાના 'વાઈસ પ્રેસિડેન્ટ' તરીકે પસંદ કર્યા હતા.

તેઓ કેમ્પોબેલો આઈસલેન્ડ ઉપર વેકેશન ગળતા હતા ત્યારે ઈ.સ. ૧૯૨૧ ના ઉનાળામાં તેમને લકવાનો હુમલો થયો હતો. તેઓએ તેમની ઉપર ઉતરી આવેલી એ આફતનો હિંમતપૂર્વક સામનો કરેલો. આ સમય દરમ્યાન અન્ય લકવાગ્રસ્ત દર્દીઓને પ્રેરણા અને મદદ કરવાના હેતુથી તેમણે 'વૉર્મ સ્પ્રિંગ, જ્યોર્જીયા' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. તેમની માંદગીના સમયે તેમને તેમની પત્ની ઈલેનોરે હિંમત અને હૂંફ પૂરાં પાડ્યાં હતાં. માંદગીમાંથી હિંમતપૂર્વક બહાર આવી તેમણે ઈ.સ. ૧૯૨૪ થી પુનઃ તેમની રાજકીય યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ઈ.સ.૧૯૨૮ માં રૂઝવેલ્ટ ન્યૂયોર્ક સ્ટેટના ગવર્નર તરીકે ચૂંટાઇ આવ્યા હતા. આ એ સમય હતો કે જ્યારે અમેરીકા બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થયું હતું. દેશ ગરીબી અને બેકારી જેવી આર્થિક યાતનાઓમાંથી પસાર થઇ રહ્યો હતો. અમેરીકા આર્થિક રીતે ખુવાર થઇ ચૂક્યું હતું. વિશ્વયુદ્ધમાં અનેક લોકો મોતના મુખમાં હોમાઇ ચૂક્યા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં ઈ.સ. ૧૯૩૨ માં તેઓ અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા હતા. અમેરીકાના પ્રમુખપદે આરૂઢ થયા પછી માત્ર ૧૦૦ દિવસોમાં જ અનેક ક્રાંતિકારી બીલો પસાર કરી તેમણે અનોખી સિદ્ધિ હાંસલ કરી હતી. અર્થતંત્રને સદ્ધર કરવા તેમણે બુદ્ધિ અને હિંમતથી અનેક નવી યોજનાઓ અમલી બનાવી હતી. બીજા વિશ્વયુદ્ધની આકરી ભીષણતામાંથી અમેરીકાને બહાર લાવી વિશ્વની મહાસત્તા બનાવવામાં રૂઝવેલ્ટે આપેલા ફાળાને નજર અંદાજ ન કરી શકાય. આ સફળતાને પગલે ઈ.સ.૧૯૩૬ અને ઈ.સ. ૧૯૪૦ માં અમેરીકન રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાઇ



આવ્યા હતા. ઈ.સ. ૧૯૪૪ માં તેઓ ચોથી વખત અમેરીકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયા હતા. અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચાર-ચાર વખત ચૂંટાઇ આવવાની અનોખી સિદ્ધિ ધરાવનાર તેઓ અમેરીકાના એકમાત્ર પ્રમુખ હતા. તેઓ મૂડીવાદીઓ અને શોષણખોરોના પ્રખર વિરોધી હતા. 'ધ પ્રેસિડેન્સી ઈઝ મેટ મીરલી એન્ડ એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ, ઈટ ઈઝ એમિનેન્ટલી એપ્લેસ ઓફ મોરલ લીડરશીપ' જેવું તેમણે કરેલું વિધાન જગવિખ્યાત છે. વિન્સ્ટન ચર્ચિલે તેમને બિરદાવતાં કહ્યું હતું કે, 'તેને મળો એટલે જાણે શેમ્પેઇનની બોટલ ખોલતા હો એવો આનંદ આપે છે.' અમેરીકાની આ મહાન વિભૂતિ ૧૨, એપ્રિલ, ઈ.સ. ૧૯૪૫ ના રોજ અવસાન પામી હતી. તેમના મૃતદેહને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે હાયડપાર્ક, ન્યૂયોર્કમાં 'રોઝ ગાર્ડન' માં દફનાવવામાં આવ્યો હતો.



## (૧૨૯)

# ચંદુલાલ શાહ

## (૧૩, એપ્રિલ, ઇ.સ. ૧૮૯૮)

ભારતના મૂંગા ફિલ્મ ઉદ્યોગથી હિન્દી અને ગુજરાતી બોલપટ સુધીની ફિલ્મોમાં લાંબા સુધી કાર્યરત રહીને ફિલ્મ ઉદ્યોગની પાયાની ઇંટ બની રહેનાર અને ફિલ્મ જગતમાં 'સરદાર' તરીકે જાણીતા થયેલ ચંદુલાલ શાહનો જન્મ સૌરાષ્ટ્ર પ્રદેશના જામનગરના એક વણિક કુટુંબમાં ૧૩, એપ્રિલ, ઇ.સ. ૧૮૯૮ ના રોજ થયો હતો. તેમના પિતા જેસંગભાઇ શાહ જામનગરના રાજવી જામ રણજિતસિંહના ખજાનચી હતા. તેમણે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી માંડ ઇન્ટર સુધીનું શિક્ષણ લીધું હતું.

ભલે તેમનો અભ્યાસ ઓછો હતો, પણ મહાત્વાકાંક્ષા આકાશને આંબે એટલી ઊંચી હતી. કંઇક કરી બતાવવાનો અનેરો ઉત્સાહ અને તરવરાટ. આંખમાં સ્વપ્નોનું આંજણ આંજી તેઓએ મુંબઇની વાટ પકડી. તેમના મોટભાઇ દયારામ અહીં મુંબઇમાં જ વસવાટ કરતા હતા. એટલે રહેવા-ખાવાની કોઇ પળોજણ ન હતી. મુંબઇમાં સ્થિર થવું એટલે લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ છે. એટલે શરૂઆતમાં શેર બ્રોકર તરીકે કામ આરંભ્યું. તેમના મોટાભાઇ દયારામ ઇરાની શેઠના 'મેજેસ્ટિક થિયેટર' માં જાહેરાતની જવાબદારી સંભાળવાની સાથે સાથે નાટકો અને ફિલ્મોની પટકથાઓ પણ લખતા. ચંદુલાલને મોટભાઇની પ્રવૃત્તિમાં રસ પડ્યો અને ફિલ્મ જગત તરફ આકર્ષાવા લાગ્યા. તેમણે પણ વાર્તાઓ લખવા હાથ અજમાવવા માંડ્યો. શરૂઆતમાં તેમણે 'લક્ષ્મી ફિલ્મ' સંસ્થાના મણિલાલ જોશીના મદદનીશ તરીકે કામ આરંભ્યું. ઇ.સ. ૧૯૨૫ માં તેમણે લખેલી વાર્તા પરથી નિર્માણ પામનાર 'પંચદંડ' ફિલ્મનું સ્વતંત્ર દિગ્દર્શન કર્યું. એ પછી 'વિમલા



વહુ' નામની ફિલ્મનું દિગ્દર્શન પણ તેમણે કરેલું.

ધીમે ધીમે ફિલ્મ ઉદ્યોગ તેમનો પગ જામતો ગયો. તેમનું નામ પણ જાણીતું થવા લાગ્યું. તેઓ બાર મહિના પછી પ્રતિષ્ઠિત 'કોહિનૂર ફિલ્મ કંપની' માં જોડાયા. ત્યાં તેમને જાણીતી અભિનેત્રીઓ સુલોચના અને ગૌહરબાનું અભિનય કરતાં હતાં તે 'ટાઇપિસ્ટ' નું દિગ્દર્શન કરવાની તક મળી. ઇ.સ. ૧૯૨૬ માં આ ફિલ્મ અત્યંત સફળ થઇ હતી. આ પછી 'કોહિનૂર' ફિલ્મ કંપની ના નેજા હેઠળ તેમણે 'ભણેલી વહુ', 'સતી માદ્રી', 'ગુણસુંદરી' અને 'સિંધની સુમરી' નામની ચાર ફિલ્મો બનાવેલી. એ બધી જ સફળ નીવડેલી. પણ તેમાં અકલ્પિત સફળતા તો 'ગુણસુંદરી' એ મેળવેલી.

તેમણે તેમની સર્જનાત્મક દ્રષ્ટિ અને બુદ્ધિથી ઉત્તમ ફિલ્મોનું નિર્માણ કર્યું. એટલું જ નહીં, અનેક નવા કલાકારોને તેમણે ચમકાવ્યા. પ્રથમ ફિલ્મથી જ ગૌહરબા તરફ એ ખેંચાયા હતા. દિવસો વધતાં નિકટતા પણ વધી. પછી ચંદુલાલ 'કોહિનૂર' છોડી 'જગદીશ ફિલ્મ કંપની' સાથે જોડાયા. અહીં ગૌહરબાનું સાથે મળીને તેમણે 'ગૃહલક્ષ્મી' અને 'વિશ્વમોહિની' જેવી બે ફિલ્મો બનાવી. એમની અને ગૌહરબાનુંની જોડીએ ઘણી શ્રેષ્ઠ ફિલ્મોનું નિર્માણ કર્યું હતું.

ચંદુલાલ આમ તો સ્વમાની જીવ એટલે તેમણે ગૌહરબાનું સાથે મળીને એક ફિલ્મ સ્ટુડિયો ઊભો કર્યો. એમાં જામ સાહેબની પણ મદદ મળેલી. એમણે એ સ્ટુડિયોનું નામ 'રણજિત સ્ટુડિયો' એવું રાખેલું. તેમનો આ સ્ટુડિયો ફિલ્મ જગતમાં ખ્યાતનામ બની ગયેલો. 'રણજિત' બેનર હેઠળ ચંદુલાલે ઘણી હિટ ફિલ્મો બનાવી હતી. કેહે છે કે, ભારતીય ફિલ્મ જગતમાં કલાકાર તરીકે જાણીતાં ઘણાં નામો 'રણજિત' ના નેજા હેઠળ ફૂલ્યાં ફાલ્યાં હતાં.

'રણજિત સ્ટુડિયો' ની પહેલી ફિલ્મ હતી ઇ.સ. ૧૯૨૯ માં બનેલી 'પતિ-પત્ની'. આ સ્ટુડિયોના બેનર હેઠળ ચંદુલાલે ૧૭૦ ફિલ્મો બનાવી હતી. તેમણે તેમના બેનર હેઠળ સૌથી પહેલી બોલની ફિલ્મ ઇ.સ.૧૯૩૧ માં 'કચ-દેવયાની'


બનાવી હતી. તે જમાનામાં ઇ.બિલિમોરિયા, સાયગલ, માધુરી, મોતીલાલ અને ખુર્શીદ જેવા નામી કલાકારો આ બેનર સાથે જોડાયેલા હતા. આ બેનર નીચે દર મહિને એક ફિલ્મનું નિર્માણ થતું રહેતું. ભારતીય ફિલ્મ જગતમાં આટલી બધી સંખ્યામાં ફિલ્મ નિર્માણ બીજા કોઈ બેનર હેઠળ થયું નથી. ‘પતિ-પત્ની’, ‘તુફાની ટોલી’, ‘શાદી’, ‘અછૂત’, ‘પાપી’, ‘તાનસેન’ અને ‘હોલી’ જેવી અતિ લોકપ્રિય ફિલ્મોનો સમાવેશ થાય છે.

તેમણે માત્ર ફિલ્મ નિર્માણ કરીને જ સંતોષ માનેલો નહીં. તેમના નેતૃત્વ હેઠળ કેટલાંક ફિલ્મ સંગઠનો પણ રચાયાં. ‘ઇન્ડિયન મોશન પિક્ચર્સ’ (ઇમ્પા) તથા ‘ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયા’ ની સ્થાપનામાં ચંદુલાલનો મહત્વનો ફાળો હતો. ઇ.સ. ૧૯૫૧ માં તેઓ ‘ફિલ્મ ફેડરેશન ઓફ ઇન્ડિયા’ ના પ્રથમ પ્રમુખ બન્યા હતા. દેશમાં ભારતીય ફિલ્મ ઉદ્યોગની ઇ.સ. ૧૯૫૩ માં ‘મોશન પિક્ચર્સ એસોસિયેશન’ નું પ્રતિનિધિમંડળ જ્યારે અમેરીકા ગયું ત્યારે તેની આગેવાની ચંદુલાલ શાહે લીધેલી.

તેઓ છૂટા હાથના માણસ હતા. ખર્ચ કરવામાં પાછું વળીને જોતા નહીં. કરકસર કરવી એમના સ્વભાવમાં ન હતું. તેઓ વૈભવની જીવન જીવતા. રેસના પણ ગજબના ઇ.સ. ૧૯૬૩ માં તેમણે રાજેન્દ્રકુમાર અને મીનાકુમારીને ચમકાવતી ‘અકેલી મત જઇઓ’ ફિલ્મનું નિર્માણ કર્યું હતું. એ એમની અંતિમ ફિલ્મ બની રહેલી. એ પછી તેઓ દેવાના ડુંગર નીચે દબાઇ ગયેલા. કહે છે કે તેમની પાસે સીટી બસમાં ટિકિટ લેવાના ભાડા જેટલા પણ પૈસા પણ નહીં બચેલા. તેમના અંતિમ દિવસો અતિશય દુઃખમાં વીતેલા. ફિલ્મ જગતના સરદાર ગણાતા ચંદુલાલ શાહ ૨૫, નવેમ્બર, ઇ.સ. ૧૯૭૫ ના રોજ અવસાન પામ્યા હતા.

●





## (૧૩૦)

# રતુભાઇ અદાણી

## (૧૩, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૪)

મીઠાના સત્યાગ્રહમાં કેવળ સોળ વર્ષની ઉંમરે સક્રિય રીતે ભાગ લેનાર રતુભાઈ અદાણીનો જન્મ રાજકોટ જિલ્લાના આટકોટ મુકામે ૧૩, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૪ ના રોજ થયો હતો. દેશની વિરલ વિભૂતિઓના સંપર્કમાં આવવાથી એમના ઉમદા જીવનનો ઘાટ ઘડાયો હતો. નાનપણથી જ ગાંધીવાદી રંગે રંગાયેલા અને દેશની રાજકીય પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ ભજવનારા રતુભાઈએ મીઠાના સત્યાગ્રહમાં અને મહાત્મા ગાંધી પ્રેરિત દાંડી મહાભિનિષ્ક્રમણમાં ભાગ લીધેલો અને તે પછી તેઓ દૃઢ મનોબળવાળા અને સહનશીલતાની મૂર્તિ બન્યા હતા. તેમણે ધોલેરા, ધ્રોળ અને ધ્રાંગધ્રાના મીઠાના અગરોની લડતમાં ભાગ લીધો હતો. અંગ્રેજ સરકારે તેમની ઉપર ભારે ત્રાસ અને જુલ્મ ગુજારેલાં. તેઓ બે વાર જેલમાં પણ જઇ આવેલા. ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ મોકૂફ રાખેલો તે દરમ્યાન આ ગાંધીવાદી વિચારધારાને વરેલા લોકસેવકે ભાલનાં ગામડાંઓમાં ફરીને લોકજાગૃતિની ઝુંબેશ ઉપાડેલી.

આ સમયગાળામાં અમરેલી જિલ્લાનું તરવાડા ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓની મુખ્ય કેન્દ્ર બની ગયુ હતું. આ ધરીરૂપ જગાએ તેમણે મિત્રો સાથે મળીને ‘સર્વોદય આશ્રમ’ ની સ્થાપના કરેલી. આ જ સમયે શંત્રુજીના એક ટેકરા ઉપર માટીના બનાવેલા ખોરડામાં વસવાટ કરી ચર્મઉદ્યોગનો વિકાસ કરવાનું કામ કરેલું. તેઓ જાતે ચંપલ બનાવતા અને બે મણ વજનનું ચંપલો ભરેલું પોટલું ઊંચકી ચાર માઈલ દૂર પાર્સલ કરવા જતા. જાતે જૈન હોવા છતાં આવું કામ એ કરે તે માન્યામાં આવે એવી વાત ન હતી. રૂઢિચુસ્ત સમાજે તેમનો બહિષ્કાર

પણ કરેલો છતાં તેઓ હિમાલયની જેમ અજેય અને અણનમ રહેલા. અપાર આફતો આવવા છતાં ગાંધીવાદી મૂલ્યોને હિંમતપૂર્વક તેઓ વળગી રહેલા. ઈ.સ. ૧૯૪૨ ની ચળવળમાં પણ તેમણે સક્રિય રીતે ભાગ ભજવેલો. તેઓ પ્રખર રાષ્ટ્રભક્ત હતા એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

ઈ.સ. ૧૯૪૭ માં દેશ આઝાદ થયો. દેશના ભારત અને પાકિસ્તાન એવા બે ભાગ પડી ગયા. અંગ્રેજ સરકારે સ્વતંત્ર થયેલાં દેશી રાજ્યોને તેમની મરજી પ્રમાણે ભારત અથવા પાકિસ્તાન સાથે જોડાવાની જાહેરાત કરેલી. જૂનાગઢના મુસલમાન રાજાએ સરદારગઢ, બાંટવા, માણાવદર, બાબરિયાવાડ અને માંગરોળ સાથે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કરેલો. આનો વિરોધ કરવા મુંબઈમાં શામળદાસ ગાંધીની આગેવાની હેઠળ એક કામચલાઉ સરકાર 'આરઝી હકૂમત' ની સ્થાપના કરવામાં આવેલી. રતુભાઈ અદાણી આ 'આરઝી હકૂમત' ના અગ્રણી નેતા હતા.

દેશ સ્વતંત્ર થયા પછી ડેડાણ, ખિજડિયા વગેરે જેવાં ખૂબ જ નાનાં રજવાડાંની જોડાણખત ઉપર સહીઓ કરાવવાની જવાબદારી પણ રતુભાઈએ જ ઉપાડેલી. આ મહત્વની રાજકીય કામગીરી સફળતાથી પાર પાડ્યા પછી જૂનાગઢ નજીકના શાપુરમાં તેમણે સર્વોદય આશ્રમની સ્થાપના કરેલી અને તેઓ પુનઃ રચનાત્મક પ્રવૃત્તિ કરવાના કાર્યમાં લાગી ગયેલા. તેઓ ઈ.સ. ૧૯૪૯ માં સ્થપાયેલી 'સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ' ના સ્થાપક સભ્ય હતા. ગુજરાતમાં ખાદીનો પ્રચાર-પ્રસાર કરવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો હતો.

સૌરાષ્ટ્ર રાજ્યની રચના થતાં તેઓ વિધાનસભામાં ચૂંટાઈને મંત્રી મંડળમાં સ્થાન પામ્યા હતા. ઈ.સ. ૧૯૬૦ માં ગુજરાત રાજ્યની અલગ રચના થયા પછી ડૉ. જીવરાજ મહેતાના મંત્રી મંડળમાં મંત્રી તરીકે રહીને પંચાયત સહકારી ક્ષેત્રે અને ગ્રામવિકાસ ક્ષેત્રે તેમણે પ્રસંશનીય કામગીરી બજાવી હતી. ઈ.સ. ૧૯૭૧ માં ઘનશ્યામ ઓઝાની સરકારમાં તેઓ મંત્રી બન્યા હતા. આખરે ગંદા



રાજકારણનું પ્યાદુ બનવા કરતાં નિવૃત્ત થઈ જવું વધારે સારું એમ સમજી રાજકારણમાંથી નિવૃત્ત થઈ તેઓએ રચનાત્મક અને લોકસેવાની પ્રવૃત્તિઓ અપનાવી લીધેલી.

જૂનાગઢની નિવાસી સંસ્થા, કેશોદની ટી.બી. હૉસ્પિટલ, લાઠી તાલુકાનું ચાવંડ ગામે સ્થાપેલું કલ્યાણધામ અને અમદાવાદની ડૉ.જીવરાજ મહેતા હૉસ્પિટલ તેમની સેવાકીય પ્રવૃત્તિઓનાં ઉત્તમ ઉદાહરણો છે. તેમણે અભયગઢમાં સ્થાપત્યના ઉમદા નમૂનારૂપ અક્ષયનાથ મહાદેવનું મંદિર પણ બંધાવ્યું હતું.

ગ્રામ્યજીવનના અનુભવો પર આધારિત 'દીઠું મેં ગામડું', 'સત્યાગ્રહનાં સંભારણાં', '૧૯૪૨ નો આખરી સંગ્રામ', 'સોરઠની લોકક્રાંતિ' અને 'વિરલ વિભૂતિ રવિશંકર મહારાજ' જેવાં પુસ્તકોની પણ તેમણે રચના કરી છે. આ પુસ્તકો મહત્વના ઐતિહાસિક દસ્તાવેજ સમાં સાબિત થયાં છે. ગાંધીવાદી વિચારક અને સ્વાતંત્ર્ય સેનાની તથા ઉત્તમ લોકસેવક રતુભાઈ ૮૪ વર્ષની ઉંમરે ૫, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૯૭ ના રોજ એમનું જીવનકાર્ય સમેટી લઈ અનંતના પ્રવાસે ચાલ્યા ગયા હતા.

●



# (૧૩૧)
# ક્રિશ્ચન હ્યુજેન્સ
## (૧૪, એપ્રિલ, ઇ.સ. ૧૬૨૯)

વિજ્ઞાનની વિલક્ષણ પ્રતિભા ગણાતા ક્રિશ્ચન હ્યુજેન્સનો જન્મ નેધરલેન્ડના હેગ શહેરમાં પ્રતિભા સંપન્ન આગેવાન, શ્રીમંત અને ચિંતનશીલ એવા પિતા કોન્સ્ટેન્ટાઇનને ઘેર ૧૪, એપ્રિલ, ઇ.સ. ૧૬૨૯ ના રોજ થયો હતો. તેના પિતા કવિ, રાજનીતિજ્ઞ, સંગીતજ્ઞ અને પહેલવાન હતા. નાનકડા હ્યુજેન્સને બાળપણથી જ ગણિત અને વિજ્ઞાનમાં અપાર આસ્થા અને રુચિ હતાં. તેણે લાઇદન અને બ્રેદાની યુનિવર્સિટીઓમાંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. એના ગણિત અને ગ્રહોની ગણતરી અંગેના કેટલાંક નિબંધો પ્રકાશિત થયા ત્યારે એની ઉંમર માંડ બાવીસ વર્ષની હતી. આટલી કાચી ઉંમરે એણે લખેલા નિબંધો વાંચી તે જમાનાના પ્રસિદ્ધ દર્શનાશાસ્ત્રી ડેકોર્ટે પણ આશ્ચર્યમાં પડી ગયેલા.

ખગોળવિજ્ઞાનના અધ્યયન માટે તેણે બેનિડિકટ સ્પિનોજાની મદદથી એક એવો લેન્સ બનાવેલો કે તેનાથી તેણે શનિગ્રહના જ્યોતિમંડલની શોધ કરેલી. તેણે આ 'મંડળ' ની પ્રકૃતિને ઓળખી કે એ 'એક ભારે ચપટી પરિધિ' છે. હ્યુજેન્સે દ્રષ્ટિ સંબંધી કેટલાંય સાધનો વિકસાવ્યા હતાં. જેમાંથી તેનો 'આઇ પીસ' આજે પણ આપણાં સૂક્ષ્મ દર્શક યંત્રોમાં વપરાય છે.

૩૪ વર્ષની ઉંમરે જ્યારે લંડનની રૉયલ સોસાયટીના સભ્ય તરીકે ચૂંટી કાઢવામાં આવ્યો ત્યારે એ લંડન ગયો. અહીં તેની મુલાકાત ન્યૂટન સાથે થયેલી. ન્યૂટન આ જુવાન વૈજ્ઞાનિકની પ્રતિભાથી અંજાઇ ગયેલો.

વિજ્ઞાનના ક્ષેત્રમાં ફ્રાન્સનું શિર ઉન્નત કરવાનો દૃઢ સંકલ્પ કરી બેઠેલ લૂઇ ચૌદમાએ એને ફ્રાન્સમાં બોલાવ્યો. એક વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાના અધ્યક્ષપદે



નિયુક્ત કર્યો હતો. આ પદ પર તે ઇ.સ. ૧૬૬૬ થી ૧૬૮૧ સુધી કામ કરતો રહેલો. અહીંના વસવાટ દરમ્યાન એણે 'પ્રકાશક પર એક નિબંધ' નામનો મહાનગ્રંથ લખ્યો હતો. જે ઇ.સ. ૧૬૯૦ માં પુસ્તક રૂપે પ્રગટ થયો હતો. આમ તો તેની ખ્યાતિ ત્યારે પેન્ડુલમ ઘડિયાળના શોધક તરીકે થઇ હતી. સાથે સાથે પેન્ડુલમની ગતિવિધિના મૂળમાં રહેલ નિયમ અને તેની કામ કરવાની રીત પણ શોધી કાઢી હતી. ઇ.સ. ૧૬૫૭ માં તેણે આ સફળતા મેળવી હતી. ઘડિયાળની સફળ ગતિવિધિના મૂળમાં એક સંમિશ્ર પેન્ડુલમનું સંચાલન અને તેને કામમાં લાવનાર નિયમ હ્યુજેન્સે પ્રત્યક્ષ કરી બતાવેલો. ગોળાના એક આંદોલન સાથે ઘડિયાળના કાંટાઓએ કેટલી ગતિ કરવી જોઇએ એ બાબત તે સાબિત કરી શક્યો હતો. તેણે બનાવેલી ઘડિયાળ ચોક્કસ કલાક અને ચોક્કસ મિનિટ બતાવતી હતી. તેણે 'સેન્ટ્રીફ્યુગલ' અથવા 'કેન્દ્ર પ્રતિગામી' શક્તિના સિદ્ધાંતની પણ શોધ કરી હતી. સમુદ્ર પ્રવાસમાં એની પેન્ડુલમ ઘડિયાળ નકામી સાબિત થઇ ત્યારે તે સમસ્યાના ઉકેલ માટે તેણે 'સ્પાઇરલ વૉચ સ્પ્રિંગ' ની શોધ કરી તેની પેટન્ટ પ્રાપ્ત કરી લીધી હતી. ઘડિયાળ વિષયક શોધોની બાબાતમાં તે ત્યારે વિશ્વવિખ્યાત બની ચૂક્યો હતો. તેણે બનાવેલ 'સાયક્લાયડલ સસ્પેન્શન' આજે પણ પેન્ડુલમ ઘડિયાળની બનાવટમાં વપરાય છે. 'અવાજ અને પાણીની જેમ પ્રકાશ પણ સ્વભાવથી જ તરંગમય હોય છે' એ સિદ્ધાંતના શોધ પણ હ્યુજેન્સની દેન છે. હ્યુજેન્સે પ્રકાશના તરંગોની ગતિ જાણવા એક મૉડેલ પણ બનાવ્યું હતું. તેણે પ્રકાશ અંગે 'તરંગ સિદ્ધાંત' અથવા 'વેવ થીઅરી' ની સ્થાપના કરી હતી. આ સિદ્ધાંતને આધારે તેણે રિફલેક્શન (પ્રત્યાવર્તન), રિફ્રેક્શન (અભ્યાવર્તન) અને પોલરાઇઝેશન (ગુણાન્તરણ) ની વ્યાખ્યા પણ નિશ્ચિત કરી હતી. તેણે 'ટીયન' ઉપગ્રહની પણ શોધ કરી હતી. વિશ્વનો આ મહાન વૈજ્ઞાનિક ૬૬ વર્ષની વયે, ઇ.સ. ૧૬૯૫ માં તેના કાર્યને આખરી સલામ કરી વિશ્વમાંથી વિદાય થઇ ગયો હતો.



## (૧૩૨)
# શમસાદ બેગમ
## (૧૪, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૯)

હિન્દી ફિલ્મ જગતની સૌથી પ્રથમ પાર્શ્વગાયિકા શમસાદ બેગમનો જન્મ ૧૪, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૯ ના રોજ પંજાબના અમૃતસરના એક રૂઢિચુસ્ત મુસ્લિમ પરિવારમાં થયો હતો. બાળપણથી જ કામણગારો કંઠ ધરાવતી શમસાદ શાળાની પ્રાર્થના સભામાં ગાતી રહેતી. દસ વર્ષની ઉંમરથી એ સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ જાહેરમાં ગાતી. ઇ.સ. ૧૯૩૪ માં પંદર વર્ષની ઉંમરે શમસાદે ગમપતલાલ બાટ્ટો સાથે લગ્ન કરેલું. તે રૂઢિચુસ્ત પરિવારની હોવા છતાં ગણપતલાલને પરિવર્તન કરવાની ફરજ પાડી નહીં. તેમણે ધાર્મિક ઉદારતા બતાવેલી.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં શમસાદને સૌ પહેલી ગાવાનો યશ એક ગુજરાતી, હળવદના બ્રાહ્મણ. જેઓ લાહોરમાં ફિલ્મ નર્માણ માટેનો સ્ટુડિયો ધરાવનાર દલસુખ પંચોલીને ફાળે જાય છે. આ એ દલસુખ પંચોલી હતા કે જેમણે પ્રાણ જેવા પ્રતિભાવાન અભિનેતા અને ઓ.પી. નય્યર જેવા સંગીતકારની શોધ કરેલી.

ફિલ્મો માટે માત્ર તેઓ પોતાનો કંઠ આપશે અને કદીયે કેમેરા સામે આવશે નહીં એવું તેમણે તેમના પિતાને આપેલું વચન જિંદગીભર પાળેલું. રેકોર્ડિંગ સ્ટુડિયોમાં તેઓ બુરખો પહેરીને જ જતાં. કહે છે કે ઇ.સ. ૧૯૭૦ સુધી કોઇએ તેમનો ચહેરો જોયો ન હતો. સંગીતની કોઇપણ પ્રકારની તાલીમ લીધી નહીં હોવા છતાં તેમનાં ગીતો સાંભળીને શ્રોતાઓ મંત્રમુગ્ધ થઇ જતા. દલસુખ પંચોલીએ શમસાદ બેગમ પાસે ‘ખજાનચી’, ‘જમીનદાર’ અને ‘પૂંજી’ જેવી ફિલ્મો માટે ગીતો ગવડાવેલાં. તે સમયે શમસાદનાં ગીતો લોકજીભે ચઢી ગયેલાં. લાહોરમાં રહેતા ગુલામ હૈદરે તેમના અવાજનો જાદુ પારખી પોતાની સાથે ઇ.સ. ૧૯૪૧ માં મુંબઇ લઇ આવેલા. સંગીતકાર તરીકે નૌશાદને લોકપ્રિયતા આપવામાં શમસાદ બેગમનો બહુ મોટો ફાળો હતો. આથી જ કદાચ નૌશાદે તેમને ‘ટેમ્પલબેલ’ (મંદિરની ઘંટડી) એવી ઉપમા આપી હશે.



ઇ.સ. ૧૯૪૭ માં દેશના ભાગલા પડ્યા પછી ગુલામ હૈદર પાકિસ્તાન ચાલ્યા ગયેલા પણ શમસાદ બેગમ તેમને અનુસરેલાં નહીં અને ભારતમાં જ રહેલાં. મુંબઇ આવીને તેમણે ‘ભાઇસાબ’, ‘આસમાન’ અને ‘નગીના’ ફિલ્મો બનાવેલી. શાસ્ત્રીય સંગીતનો બિલકુલ અભ્યાસ કે તાલીમ નહીં લીધા છતાં શમસાદે શાસ્ત્રીય રાગો પર આધારિત ગીતો ગાયેલાં. તેમણે તેમના જમાનાની અનેક ગાયિકાઓને પાછળ રાખીને પાર્શ્વગાયનમાં એક ચક્રી શાસન સ્થપાયેલું. તેમના જીવનનો એક ઉમદા ગુણ એ રહેલો કે તેમણે કદીય કોઇના વિશે કશું ખોટું કરેલું નહીં. તેઓ ઉદાર દિલનાં સન્નારી હતાં.

પતિ ગણપતલાલ બટ્ટાના અવસાન પછી તેઓ દીકરી ઉષા રાત્રા અને જમાઇ સાથે મુંબઇની પ્રસીડેન્ટ હોટલ પાસેના એક ફ્લેટમાં રહેવા ગયેલાં. અહીં જ તેમણે ૯૪ વર્ષની વયોવૃદ્ધ અવસ્થાએ ૨૩, એપ્રિલ, ૨૦૧૩ ના રોજ દેહત્યાગ કરેલો. તેઓ કુદંતલાલ સાયગલનાં ભારે પ્રશંસકો હતાં. તેમણે તેમની ફિલ્મી કારકિર્દીમાં લગભગ ૧૨૦૦ ગીતો ગાયાં છે, જેમાંથી ૫૦૦ જેટલાં લોકપ્રિય નીવડેલાં છે. તેમણે ગાયેલાં લોકપ્રિય ગીતોમાં ‘મૈં તો ઓઢું ગુલાબી ચુનરિયા...’, ‘એક તેરા સહારા...’, ‘કાહે કોયલ શોર મચાયે...’, ‘આયી સાવન કી ઋતુ આયી...’, ‘ગમ કા ફસાના કીસકો...’, ‘મોહન કી મોરલી બાજે...’, ‘તું મહલો મેં રહનેવાલી...’, ‘જાદુ ભરે નૈના તોરે...’, ‘એક દો તીન, આજા મૌસમ હૈ રંગીન...’, ‘જબ નૈન મિલે નૈન સે...’, ‘કભી આર કભી પાર...’, ‘ગાઓ તરાને મન કે...’, ‘આગ લગી તન મેં...’ વગેરેનો સમાવેશ થાય છે. તેઓ આજે ભલે આપણી વચ્ચે નથી પણ તેમના કંઠનાં કામણ સદા આપણી વચ્ચે હયાત રહેશે.



# (૧૩૩)
# ગુરુ નાનક
## (૧૫, એપ્રિલ, ઇ.સ. ૧૪૬૯)

કેશ, કડું, કાંસકી, કચ્છ અને કિરપાણ જેની વિશેષતા છે એ શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો જન્મ પાકિસ્તાનના લાહોર જિલ્લાના તલવંડી નામના ગામમાં ૧૫, એપ્રિલ, ઈ.સ. ૧૪૬૯ ના રોજ થયો હતો. બાળપણથી જ એમને સંસાર પ્રત્યે વિરકિત જાગેલી. ભણવાનું કે નિશાળે જવાનું એમને ગમતું ન હતું. તેમને નિશાળ કરતાં અરણ્યમાં વિચારવાનું વધુ ગમતું. તેઓ મોટા ભાગનો સમય જંગલમાં રખડતા રહેતા હતા. જંગલમાં અને ગિરિકંદરાઓમાં તપસ્યા કરતા તપસ્વી મહાત્માઓની સાથે સત્સંગ કરવાનું એમને ગમતું. રાત દિવસ સંત સેવા અને સંતસમાગમમાં રચ્યા પચ્યા રહેતા. તેમણે સાધુ સંતોની અધ્યાત્મવાણી સાંભળીને તેઓ જગતના વિવિધ ધર્મોનાં રહસ્યોનો પાર પામી ચૂક્યા હતા.

તેમના પિતાનું નામ કાલુચંદ હતું અને માતાનું નામ હતું તૃપ્તા. તેઓ ભણેલા ખૂબ જ ઓછું છતાં પંજાબી, સંસ્કૃત અને પારસી ભાષાઓમાં તેઓ સારો કાબૂ ધરાવતા હતા. નાનપણથી જ તેઓ દયાળુ સ્વભાવના હતા. પ્રાણીમાત્ર પ્રત્યે અદકો પ્રેમ ધરાવતા. તેમના પિતા તેમને પંખીઓ ફસલ ખાઇ ના જાય તે માટે પંખીઓ ઊડાડવા ખેતરમાં મોકલતા. તેઓ તો પંખીઓને ઊડાડવાને બદલે 'રામ કી ચિડીયા, રામ કા ખેત, ખાઓ ચીડિયા ભરપેટ' ગાતા રહેતા. તેમણે તેમના જીવનમાં કોઈનેય ગુરુ તરીકે સ્વીકાર્યા ન હતા. એમને મન ઈશ્વર જ સૌથી મોટા ગુરુ હતા.

પિતાને પુત્રના સાધુત્વનાં લક્ષણોનો અણસાર આવી ગયો હતો. તેથી તેમણે



નાનકનાં લગ્ન કરાવી દીધેલાં. પત્ની સુલક્ષણાથી એમને ત્યાં બે દીકરા અવતરેલા. છતાં તેમને સંસાર અસાર લાગેલો. તેઓ મોહમાયાથી પર રહેલા. સમાજ અને સંસારનાં બંધનો તોડી નાંખી સાધુ સંતોની સાથે તેઓ રહેવા લાગ્યા. તેમણે સહજ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. જ્ઞાન અને મુક્તિ માટે તેમણે કઠોર તપ કરેલું. એમનાં જ્ઞાન, ભક્તિ અને સત્કર્મોથી પ્રભાવિત થયેલા અનેક લોકોએ એમને ગુરુપદે સ્થાપ્યા હતા. અનેક લોકોનાં હૈયાંને એમની દિવ્યવાણી સ્પર્શી જતી હતી. ધર્મના આડંબરથી તેઓ મુક્ત હતા. દુન્યવી ધાર્મિક ક્રિયાકાંડોના તેઓ પ્રખર વિરોધી હતા. વળી જાતિભેદ કે ધર્મભેદ પણ તેમણે સ્વીકાર્યા ન હતા.

સર્વધર્મ પ્રત્યે સમાન આસ્થા ધરાવતા નાનકે હિંદુ ધર્મના આદિગ્રંથો વેદો અને ઈસ્લામના કુર્આનનો ગહન અભ્યાસ કરેલો. આ બંન્ને ધર્મનાં સારા તત્વોનો સમન્વય કરી તેમણે શીખ ધર્મનું પ્રવર્તન કર્યું. તેઓ કહેતા હતા કે, ''સત્યનો માર્ગ જ મારો ખરો પંથ છે, અને હું તો પંચમહાભૂતની જાતિનો છું. દરેક જણ પહેલાં મારો છે કોઇ હિન્દુ કોઈ મુસલમાન નથી.'' તેમણે લોકોને 'સતનામ' માં આસ્થા રાખવાનું અને તેની ભક્તિ કરવાનું ઉપદેશેલું. તેઓ હિન્દુઓના ગુરુ અને મુસલમાનોના પીર હતા.

તેમણે જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યને લગતાં ઘણાં કાવ્યો રચેલાં છે. એમની કેટલીક રચનાઓ 'ગુરુ ગ્રંથ સાહેબ' માં સમાવવામાં આવી છે. તેઓ કહેતા કે, 'સત્ય ઉચ્ચ છે ખરું, પણ સત્યનું આચરણ જ પરમેશ્વર સમક્ષ હંમેશા નમ્રતાથી વર્તવું જોઇએ.'

'ગુરુ ગ્રંથ સાહેબ' શીખ ધર્મ નો અત્યંત પૂજનીય ધર્મગ્રંથ છે. એક હજાર ચારસો ત્રીસ પાનના આ વિશાળ ગ્રંથમાં પ્રારંભમાં જ નાનકદેવની રચનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ધર્મગ્રંથમાં પ્રારંભમાં નાનકદેવનાં ૯૪૭ પદો સંગ્રહાયેલા હોઇ શરૂઆતમાં જ 'જપજી' નામના ભાગનો પાઠ રોજ શીખધર્મીઓ કરે છે. તેમણે એકેશ્વરવાદનું પ્રતિપાદન કરેલું છે.

ઈશ્વરના અમૂર્ત સ્વરૂપને, પરમેશ્વરને નિરંજન-નિરાકાર માનતા નાનકદેવ મહાન સંત-ભક્ત હતા. એમને સાચા ઈશ્વર એટલે કે 'સતનામ' પર શ્રદ્ધા અને પ્રીતિ હતાં. તેઓ શિષ્યોને જ્ઞાન અને વૈરાગ્યમાર્ગનો બોધ આપતા હતા. તેથી તેમના શિષ્યો શીખ કહેવાયા અને તેમનો ધર્મ શીખધર્મ કહેવાયો.

તેનો દીક્ષામંત્ર છે -


''એક ૐ, તેનું નામ સત્ય, તે જ કર્તા, તે જ પુરૂષ, તે નિર્ભય, તે નિર્વૈર, અકાલમૂર્તિ, અજન્મા, સવ્યંભૂ ગુરુ પ્રસાદી.''

નાનકદેવજીએ ઈ.સ. ૧૫૩૯ માં સમાધિ લીધી હતી.

●







## (૧૩૪)
# ચાર્લી ચેપ્લિન
## (૧૬, એપ્રિલ, ઇ.સ. ૧૮૮૯)

વવ્વેથી થોડે દૂર કોર્સિયર નામના ગામમાં પર્વત ઉપર મેનવાર-દ-બૅન નામના આલીશાન બંગલામાં જીવનનાં અંતિમ પચીસ વર્ષો પત્ની ઉના અને સંતાનો સાથે વીતાવનાર ચાર્લી ચેપ્લિનનો જન્મ ૧૬, એપ્રિલ, ઈ.સ. ૧૮૮૯ ના રોજ લંડનમાં થયો હતો. તેમના પિતાનું નામ ચાર્લ્સ ચેપ્લિન અને માતાનું નામ હેના હિલ હતું. તેમના પિતા શરાબના શોખીન હતા તેથી ઈ.સ. ૧૯૦૧ માં નાની વયે તેઓ ગુજરી ગયા હતા. તેમના ઘરની આર્થિક સ્થિતિ સારી ન હતી. દારૂણ ગરીબીને લઈ તેમનું જીવન અત્યંત સંઘર્ષોમાં વીત્યું હતું. માતાને મદદ કરવાના હેતુથી તેમણે આઠ વર્ષની ઉંમરે 'એઈટ લેંકેશાયર લૅડ્સ' નાટક કંપનીમાં કામ કરવાનું શરૂ કેરલું. જોત જોતામાં તેઓ ઇંગ્લેન્ડના સૌથી લોકપ્રિય બાળકલાકાર તરીકે છવાઈ ગયા. તેમણે આર્થિક ઉપાર્જન કરવા સહાયક હજામ, ઝાડુ વાળનાર, પટાવાળા વગેરે જેવાં કામો કર્યાં હતાં. તેમણે ફરી ફરીને છાપાં તથા રમકડાં વહેંચવાનું અને વેચવાનું કામ કરેલું.

ઈ.સ. ૧૯૦૭ માં 'કાર્નો પેન્ટોમાઈલ' મંડળીમાં તેઓ જોડાયેલા. તેમણે અમેરીકા અને કેનેડાનો પ્રથમવાર પ્રવાસ કર્યો. ઈ.સ. ૧૯૧૩ માં એડમ કેસેલ સાથે કરારબદ્ધ થઈ તેઓ ન્યૂયોર્કની કિસ્ટોન ફિલ્મ સ્ટુડિયોમં જોડાયેલા ત્યારે તેમનો પગાર ૧૨૫ ડોલર હતો. તેઓ પ્રથમ વખત ફિલ્મ 'ધ ટ્રેમ્પ' માં રજૂ થયેલા.

ઠીંગણા, અંગ મરોડતા, નાની કાળી મૂછોવાળા, લઘર વઘર પાટલૂન અને ટૂંકો સાંકડો કોટ પહેરેલા, જાડા જોડાવાળા અને પેંગ્વિન જેવી ચાલ ચાલતા

રમૂજી ટ્રેમ્પનું તેમણે સર્જન કરેલું. પછી ઈ.સ. ૧૯૧૬ માં ચેપ્લિન અઠવાડિયાના ૧૦,૦૦૦ ડોલરના તગડા પગારથી 'મ્યૂચ્યુલ ફિલ્મ સ્ટુડિયો' માં જોડાયેલા. અહીં તેઓ મોનાલિસા જેવું મંદ છતાં માદક સ્મિત ધરાવતી યુવાન અભિનેત્રી મિલડ્રેડ હેરિસના પ્રેમમાં પડ્યા હતા. ઈ.સ. ૧૯૧૮ માં બંન્નેએ લગ્ન કરી લીધેલાં. થોડ સમય બાદ તેમણે મિલડ્રેડ સાથે છૂટા છેડા લઈ લીધેલા. તેણે હાસ્યરસ સાથે અદ્ભુત રસનો સમન્વય કરીને અભિનયની આગવી શૈલી જન્માવી હતી. આજે પણ તેમની 'ધ ગોલ્ડ રસ' અને 'સિટી લાઈટ્સ' જેવી ફિલ્મો જીવંત બની રહી છે. તેના સમકાલીનોમાં બસ્ટર કીટનનો ઘણો પ્રભાવ તેના પર પડેલાં છે. 'ધ સરકસ' તેમની સૌથી વધુ આત્મદર્શી ફિલ્મ હતી. આ ફિલ્મ માટે ચેપ્લિનને ખાસ ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો.

ચેપ્લિનને બોલની ફિલ્મો પ્રત્યે ભારે અણગમો હતો. છતાં બોલપટની શરૂઆત થયા પછી પણ તેર તેર વર્ષો સુધી તેમણે મૂક ફિલ્મો બનાવેલી. પછી તેઓ સંગીતકાર થઈ ગયેલા. 'મોડર્ન ટાઈમ્સ' અને 'અ કાઉન્ટસ ફ્રોમ હોંગ કોંગ' નું સંગીત નોંધપાત્ર નીવડેલું. તેમનું 'ઈટરનલી' નું સંગીત તેમની સૌથી મહાન તર્જોમાંની એક ગણાય છે. ઈ.સ. ૧૯૭૨ માં અમેરીકામાં તેમને અકાદમી એવોર્ડ મળ્યો ત્યારે 'ઈટરનલી' વગાડવામાં આવેલું.

એકાંતવાસ કઠતાં તેમણે ઈ.સ. ૧૯૩૦ ની શરૂઆતમાં પોલેટ ગોડાર્ડ સાથે છૂપું લગ્ન કરી લીધું હતું. તે વિશ્વના મહાન જોકર હતા. તે આલ્બર્ટ આઈન્સ્ટાઈનના મિત્ર હતા તો ગાંધીજી પ્રત્યે પણ ભારે આદર ધરાવતા હતા. 'ધ ગ્રેટ ડિરેક્ટર' તેની સત્તાલાલસા અને શસ્ત્રીકરણનો વિરોધ કરતી ઉમદા ફિલ્મ છે.

વિશ્વયુદ્ધમાં થયેલા નરસંહારથી વ્યથિત થયેલા તેઓ અમેરીકન નાટ્યલેખક યુજીન ઓનીલની ઉના સાથે લગ્ન થતાં ખુશ હતા. જે અમેરીકાએ તેમને ત્રાસ આપ્યો હતો એ જ અમેરીકાએ તેમને ઓસ્કાર એવોર્ડથી નવાજ્યા હતા. તેમનું



અંગત અને જાહેર જીવન સંઘર્ષપૂર્ણ અને વિવાદાસ્પદ રહ્યું હતું. તેમને આપવામાં આવેલા 'સર' ના ઈલકાબ પહેલાં પણ તેમને કેટલીક હરકતોનો સામનો કરવો પડેલો.

મેક સેનેટ નામના ફિલ્મનિર્માતાએ કહ્યું હતું કે ચેપ્લિન દુનિયાના સૌથી મહાન કલાકાર હતા. મહાન ઈતિહાસકાર બર્નાર્ડ શૉ, માર્સેલ્સ પુસ્ત અને મનોવૈજ્ઞાનિક સિગ્મંડ ફ્રોઈડ પણ ચાર્લી ચેપ્લિનના ચાહકો હતા. ચેપ્લિને પાંત્રીસ ફિલ્મોમાં અભિનેતા તરીકે કામ કર્યું હતું અને ચાલીસેક ફિલ્મોનું દિગ્દર્શન કર્યું હતું. ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગાંધીજી જ્યારે લંડન ગયા ત્યારે ચેપ્લિન તેમને મળ્યા હતા. આ અભિનય સમ્રાટ ૨૪, ડિસેમ્બર, ઈ.સ. ૧૯૭૭ ના રોજ સ્વિટ્ઝરલેન્ડના વવ્વેમાં મૃત્યુ પામ્યા હતા.



## (૧૩૫)
# ઝીણાભાઇ દેસાઇ, ‘‘સ્નેહરશ્મિ’’
## (૧૬, એપ્રિલ, ઇ.સ. ૧૯૦૩)

ઝીણાભાઈ રતનજી દેસાઈ ‘‘સ્નેહરશ્મિ’’ નો જન્મ તેમના વતન ચીખલીમાં ૧૬, એપ્રિલ, ઈ.સ. ૧૯૦૩ ના રોજ થયો હતો. બાળપણ થી સંગીત પ્રત્યે એમને આકર્ષણ હતું. તેઓ ગીતો સાંભળવાના અને ગીતો ગાવાના શોખીન પણ હતા. સંધ્યાટાણે ગામના મંદિરમાં ગવાતાં ભજનોમાં અને મંદિરમાં થતી કથાવાર્તાઓમાં એઓ અચૂક હાજર હોય જ. મંદિરના સત્સંગ મંડળમાં નાનપણથી જ તેઓ જોડાયેલા. સત્સંગ મંડળના તેઓ સૌથી નાના સભ્ય હતા. ભજન ગવડાવતાં ગવડાવતાં તેઓ મસ્ત બની નાચતા પણ ખરા. આમ નાનપણથી ઈશ્વરભક્તિના સંસ્કાર તેમના મન પરલ પડેલા. આ ભજનની મસ્તીમાંથી તેઓ સાહિત્યની રસિકતા તરફ વળેલા.

ભણવામાં ખૂબ જ તેજસ્વી. તેમના પરમ મિત્ર બાલુભાઈ સાથેની મૈત્રીને લીધે તેઓ યોગ, તત્વજ્ઞાન, ઈતિહાસ, કવિતા, સંગીત અને લોકસાહિત્યમાં રસ લેતા થયેલા. બાલુભાઇ પાદપૂર્તિની રમત રમતા. પાદપૂર્તિ ગઝલમાં થતી. બાલુભાઈ તેમને ગઝલો સંભળાવતા. આમ કરતાં કરતાં ઝીણાભાઈ પણ જોડકણાં કરતા થયેલા. બાલુભાઈએ ટાગોરની ‘ગીતાંજલિ’ માંથી એક દિવસ એક ગીત ઝીણાભાઈને સંભળાવેલું. જેની ઘેરી અસર ઝીણાભાઈ પર થયેલી. તેમણે મિત્ર બાલુભાઈ પાસેથી સાહિત્ય સંસ્કાર મેળવેલા. ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોનો પરિચય બાલુભાઈએ જ તેમને કરાવેલો. ઝીણાભાઈને તેમના



જેવા બનવાની ઈચ્છા થઈ આવી.

ઈ.સ. ૧૯૨૦ માં તેઓ મેટ્રીકમાં આવેલા પણ ત્યારે તેમણે અસહકારની લડતમાં ઝંપલાવેલું. અંગ્રેજી શિક્ષણને છોડી તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ થયેલા. અહીંથી તેઓ વિનીત થયા પછી રાજ્ય શાસ્ત્ર ના વિષય સાથે તેમણે સ્નાતકની પદવી પ્રાપ્ત કરેલી. ઈ.સ. ૧૯૨૬ થી ઈ.સ. ૧૯૨૯ સુધી વિદ્યાપીઠમાં તેમણે અધ્યાપન કાર્ય કરેલું. ઈ.સ. ૧૯૩૪ માં મુંબઈના વિલેપાર્લેની ગોકળીબાઈ હાઈસ્કૂલમાં તેઓ આચાર્ય થયેલા. તે પછી ઈ.સ. ૧૯૩૮ થી અમદાવાદની જાણીતી સંસ્થા શેઠ ચી.ન.વિદ્યાવિહાર (સી.એન.વિદ્યાલય) માં આચાર્ય તરીકે જોડાયેલા અને નિવૃત્ત થતા સુધી અહીં રહેલા. તેમના સાહિત્યિક ઘડતરમાં ટાગોરનો અને વ્યક્તિત્વના ઘડતરમાં ગાંધીજી અને રામકૃષ્ણ પરમહંસનો ઘણો પ્રભાવ પડેલો. છે.

તેમની ઈચ્છા પણ ભણવા માટે વિલાયત જવાની હતી પણ એમ કરવું આર્થિક રીતે પોષાય એમ ન હતું. તેથી કોઈ સારી નવલકથા લખીને વડોદરાના મહારાજા જેવાને રીઝવીને તેમના તરફથી મળનારી સ્કૉલરશીપથી પરદેશ જવાનું તેમણે સ્વપ્ન સેવેલું. આમ વિચારી બારેક વર્ષની ઉંમરે તેમણે નવલકથા લખવી શરૂ કરેલી. તેમણે ચાર-પાંચ પ્રકરણો લખી નાખ્યા પછી વિચારેલું કે સાહિત્યસર્જનની શરૂઆત કવિતાથી જ કરવી. અને એમની પેલી નવલકથા અધૂરી રહેલી.

પછી એમણે કવિતા પર હાથ અજમાવવા માંડેલો. તેમણે સારી કાવ્યકૃતિઓનો અભ્યાસ આરંભ્યો પછી તો તેઓ એક પછી એક કવિતાઓ રચતા રહેલા. તેમની કવિતા સામાયિકોમાં પ્રસિદ્ધ થવા લાગેલી. ખરું પૂછો તો તેમની સાહિત્યસાધના જેલમાં શરૂ થયેલી. તેમના ‘અણદીઠ જાદુગર’ કાવ્ય દ્વારા એક કવિ તરીકે જાણીતા થયેલા. તેમનાં કાવ્યો દેશભક્તિથી સભર છે. તેમના કાવ્યસંગ્રહ ‘પનઘટ’ નું કાવ્ય ‘સ્વાધીનતાનું ગીત’ શ્રેષ્ઠ ગુજરાતી રાષ્ટ્રગીતોમાં સ્થાન પામે તેવું છે. તેમનાં કવ્યોમાં સામાજિક શોષણ અને દૂષણો પર તીવ્ર પ્રહાર થયેલો જોઈ શકાય

છે.

સુદીર્ઘ ચિંતનકાવ્યો તેમની બીજી વિશેષતા છે. તેમનાં ઘણાં ચિંતનકાવ્યો માનવીના જીવનને ઊર્ધ્વગામી બનાવનારાં છે. માનવ સંસ્કૃતિનો વિકાસ તેમની કવિતાનું રહસ્યબીજ છે. તેમનાં ગીતો પર ટાગોરની અસર વર્તાયા વિના રહેતી નથી. ઈ.સ. ૧૯૬૫ થી તેમણે ગુજરાતી કવિતાને નવી દિશા દેખાડી છે. તેમણે જાપાની કવિતા પ્રકાર ‘હાઈકું’ ને સફળતાપૂર્વક ગુજરાતી કવિતામાં પ્રવેશ કરાવ્યો. તેમણે ટૂંકી વાર્તાનું પણ સર્જન કર્યું છે. ‘તૂટેલા તાર’, ‘ગાતા આસોપાલવ’, ‘સ્વર્ગ અને પૃથ્વી’ તથા ‘હીરાના લટકણીયાં’ એમના વાર્તાસંગ્રહો છે. તેમણે ‘અંતરપટ’ નામની એક નવલકથા પણ લખી છે. છતાં સ્નેહરશ્મિ ગુજરાતી સાહિત્યમાં એક કવિ તરીકે વધુ પ્રતિષ્ઠિત થયેલા છે. ‘અર્ધ્ય’, ‘પનઘટ’, ‘અતીતની પાંખમાંથી’, ‘સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ’, ‘તરાપો’, ‘ઉજાણી’, ‘ક્ષિતિજે ત્યાં લંબાવ્યો હાથ’ અને ‘સકલ કવિતા’ તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે.

●






## (૧૩૬)

# વિલ્મર અને ઓરવિલ રાઇટ

**(૧૬, એપ્રિલ, ઇ.સ. ૧૮૬૭- ૧૯, ઓગષ્ટ, ઇ.સ. ૧૮૭૧)**

૧૭, ડિસેમ્બર, ઇ.સ. ૧૯૦૩ ના દિવસે વિશ્વમાં પ્રથમ હવાઇ ઉડ્ડયન કરનાર વિલ્મર અને ઓરવિલ રાઇટ ભાઇઓનો જન્મ અનુક્રમે ૧૬, એપ્રિલ, ૧૮૬૭ માં મિલવેલ નજીકના એક પાદરીને ત્યાં અને ૧૯, ઓગષ્ટ, ૧૮૭૧ માં ઓહોયાનોના ડેટનમાં થયો હતો. તેમના પિતાનું નામ મિલ્ટન અને માતાનું નામ સુસાન હતું. વિલ્મરની ૧૮ વર્ષની ઉંમરે તેની માતાનું મૃત્યુ થયું હતું. પતંગો અને પક્ષીઓને આકાશમાં ઊડતાં જોઇ આ બંન્ને ભાઇઓને પણ આકાશમાં ઊડવાનો વિચાર બાળપણથી જ આવેલો.

બંન્ને ભાઇઓ વચ્ચે અપાર સ્નેહ હતો. બંન્ને હંમેશાં સાથે ને સાથે જ રહેતા. બંન્ને બુદ્ધિશાળી. વાચનના પણ બંન્ને ભારે શોખીન. ઓરવિલે તો માત્ર ૧૭ વર્ષની ઉંમરે સ્વતંત્ર સમાચાર પત્ર શરૂ કરેલું. પોતે જ તેનો તંત્રી, સંપાદક, અને પ્રિન્ટર હતો. તેણે વિલ્મરને પણ તેના કામમાં જોડી દીધેલો. હવે બંન્નેએ સાથે મળીને હવામાં ઊડવા સંબંધી માહિતી એકઠી કરવા માંડી. તે સમયે હવામાં ઉડવા અંગેના તેમના છાપામાં લેખો લખતા એક જર્મન વૈજ્ઞાનિક મૃત્યુ પામ્યો. એ પછી બંન્ને ભાઇઓ છાપાનું કામ સંકેલી લઇ હવામાં ઉડવાના પ્રયોગો કરવામાં લાગી ગયા.

એક દિવસ એમના પિતા મિલ્ટન ઊડી શકે તેવું રમકડું લઇ આવેલા ત્યારથી જ તેમને હવામાં ઊડી શકે તેવી વસ્તુ બનાવવાનો વિચાર આવેલો.

જર્મનીમાં ઓટો તથા ગુસ્તાવ લિલિએન્યલ પક્ષીઓની જેમ ઊડવાના

ખતરનાક ખેલ ખેલી રહ્યા હતા. બંન્ને ભાઈઓએ તેમના પ્રયોગોની સંપૂર્ણ માહિતી એકઠી કરી લીધી અને તેઓ ઉડવાનું સાધન બનાવવાના કામમાં લાગ્યા.

વળી ગયેલા પતરાના ડબ્બાને જોઈ વિલ્મરના મનમાં યાનના પંખા બનાવવાનો વિચાર સ્ફુર્યો. ઈ.સ. ૧૮૯૯ માં તેણે પાંખવાળું ઊડી શકે તેવું વાહન વિકસાવ્યું. બંન્ને ભાઈઓ તેમણે વિકસાવેલા પતંગ જેવા યાનનું પરીક્ષણ કરવા ઉઉરી કૅરોલિનામાં કિટહૌકના સમુદ્ર કિનારે ગયેલા. ઓરવિલ તેના નાનકડા જહાજમાં બેસી ગયો. વિલ્મરે જહાજને લાકડાના પાટિયા ઉપર જોરથી ધકેલ્યું . વેગ પકડતાં જ જહાજ હવામાં અદ્ધર ઉડવા લાગ્યું. જહાજ હવામાં ૧૦૦' ઊંચે જઈ ૧૨ સેકન્ડાં રેતી ઉપર પટકાયું. પછી વિલ્મર જહાજમાં બેઠો તે ૫૯ સેકન્ડ હવામાં ઊડ્યો. તેણે હવામાં ૮૧૨ ફૂટનું અંતર કાપેલું. જગતની માનવજાત માટેનું એ સૌપ્રથમ હવાઈ ઉડ્ડયન હતું.

એ પ્રયોગની સફળતા પછી બંન્ને ભાઈઓએ વધુ શક્તિવાળું વાહન બનાવવાના પ્રયત્નો શરૂ કરેલા. એક પ્રયોગોમાં તે એક ઓફિસરને લઈ ૧ કલાક ૪ મિનિટ સુધી હવામાં ઉડેલો.

બંન્ને ભાઈઓ જોતજોતામાં વિશ્વવિખ્યાત બની ગયા. ૧૭, ડિસેમ્બર, ૧૯૦૩ નો દિવસ એમના જીવનનો ચિરસ્મણીય દિવસ બની ગયેલો. રાઈટ કંપની ત્યારે સારી રીતે સદ્ધર થઈ ગયેલી. તેમણે કેટનના એક પરામાં ઓકલેન્ડમાં 'હોર્થોર્નહિલ' નામનું નવું મકાન બાંધવાનું શરૂ કરેલું. પણ કામ પૂરું થાય તે પહેલાં જ ૩૦, મે, ૧૯૧૨ ના રોજ ટાઈફોડના તાવમાં વિલ્મર મૃત્યુ પામ્યો હતો. ઈ.સ. ૧૯૧૬ માં ઓરવિલે 'એરોનોટિકલ પ્રયોગશાળા' ની સ્થાપના કરી હતી. ૩૦, જાન્યુઆરી, ૧૯૪૮ માં કેટલમાં ઓરવિલ રાઈટનું અવસાન થયું હતું. બંન્ને ભાઈઓએ બનાવેલું પ્રથમ હવાઈ યાન આજે પણ વોશિંગ્ટન ડી.સી. ના 'નેશનલ એર એન્ડ સ્પેસ' મ્યુઝિયમમાં લટકાવેલું છે. હવાઈ ઉડ્ડયનના પ્રણેતા રાઈટ ભાઈઓને આ જગત ક્યારેય ભૂલી નહીં શકે.





## (૧૩૭)
# સિરિમાવો બંડારનાયક
## (૧૭, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૬)

વિશ્વના સૌપ્રથમ મહિલા વડાપ્રધાન બનવાનું ગૌરવ મેળવનાર અને ઇ.સ. ૧૯૬૦ માં શ્રીલંકા ના વડાપ્રધાન બનનાર શ્રીમતી સિરિમાવો બંડાર નાયકનો જન્મ ૧૭, એપ્રિલ. ઇ.સ. ૧૯૧૬ માં શ્રીલંકાના એક અમીર કુટુંબમાં થયો હતો. તેમનું ખરું નામ 'શ્રમાવો' છે. પણ આ નામનું અપભ્રંશ થઈ 'સિરિમાવો' થઈ ગયું છે. માત્ર હાઈસ્કૂલ સુધી જ શિક્ષણ પામેલાં તેઓ ખૂબ જ જ્ઞાન ધરાવે છે. તેમના પિતાનું નામ બર્જેસ રાતપટ્ટે હિસ્સાવે હતું. તેઓ શ્રીલંકાની સેનેટના સભ્ય હતા.

વડાપ્રધાન તરીકે સિરિમાવોએ અનેરી સિદ્ધિઓ હાંસલ કરીને શ્રલંકાની પ્રજાના દિલ જીતી લીધલાં. આજે પણ ત્યાંના લોકો એક સફળ વડાપ્રધાન તરીકે સિરિમાવોને સતત સ્મર્યા કરે છે.

તેમની ઉંમર ૨૪ વર્ષની હતી ત્યારે તેમનાં લગ્ન ઇ.સ. ૧૯૪૦ માં તત્કાલીન શ્રીલંકન વહીવટી પ્રધાન સોલોમન બંડારનાયક સાથે થયાં હતાં. આ લગ્ને શરૂઆતમાં શ્રીલંકામાં ખૂબ ચર્ચા જગાવી હતી. આ લગ્નજીવનથી સિરિમાવોને બે દીકરીઓ અને એક દીકરાની માતા બનાવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. શ્રીલંકામાં તેમણે વિરોધપક્ષના નેતા તરીકે ઉલ્લેખનીય કામગીરી બજાવવામાં સફળતા મેળવી છે.

એક આદર્શ ગૃહિણી તરીકે પતિના કાર્યોમાં મદદરૂપ થવા ઉપરાંત તેઓ શ્રીલંકન સમાજની સ્ત્રીઓના ઉત્કર્ષ માટેની વિવિધ પ્રવૃત્તિઓમાં રસ લેવા લાગેલાં. પતિની સાથે અનેકવાર વિદેશયાત્રાએ જવાથી તેમને ઘણાં અનુભવો

થયેલા છે. ભણતર ઓછું હોવા છતાં એક રાજકારણી તરીકે તેમનું સારું એવું 'ગણતર' થયેલું. તેમના પતિએ ઊભી કરેલી 'લંકા ફ્રીડમ પાર્ટી' નાં તેઓ સક્રિય સભ્ય બનેલાં. આ પાર્ટીના સભ્યપદેથી તેમનું વહીવટી નેતા તરીકે ઘડતર થયેલું.

લગભગ ૧૯ વર્ષના મધુર દામ્પત્યજીવન ભોગવ્યા પછી એક બૌદ્ધ સંન્યાસીએ તેમના પતિની હત્યા કરી દેતાં. ઈ.સ. ૧૯૫૯ માં તેઓ વિધવા થયેલાં. આ ઘટનાથી શ્રીલંકાના રાજકારણમાં ખળભળાટ મચી ગયેલાં. પતિના અવસાન બાદ વિધવા સિરિમાવોએ 'લંકા ફ્રીડમ પાર્ટી' નું નેતૃત્વ સંભાળેલું ત્યારે શ્રીલંકાની પ્રજા સિરિમાવોને વડાપ્રધાનપદે સ્થાપિત કરવાનાં સ્વપ્નો જોતી હતી.

તેઓ બૌદ્ધ ધર્મમાં અપાર આસ્થા ધરાવતાં હતાં પણ સત્તાનો મોહ તુચ્છ સમજનારાં તેમણે વડાપ્રધાન માટે આતુરતા બતાવેલી નહીં. તેઓ વ્યક્તિ કરતાં રાષ્ટ્રને મહાન માનનારાઓમાંનેં એક હતાં. તેઓને ચૂંટણીમાં ઉમેદવારી કરવાની પણ લાલચ નહીં વળગેલી. ઈ.સ. ૧૯૬૦ માં જ્યારે શ્રીલંકાની ચૂંટણીમાં તેમના પક્ષે ભારે બહુમતીથી વિજય મેળવ્યો ત્યારે પણ વડાપ્રધાન બનવાની તૃષ્ણાથી તેઓ દૂર રહેલાં પણ ગવર્નર જનરલ પક્ષના કાર્યકરો અને પ્રજાના અતિશય આગ્રહને વશ થઈ તેમણે વડાપ્રધાનનું પદ સ્વીકારેલું.

ત્યારે 'દ્રાક્ષ ખાટી છે' એવું કહાનારા તેમના વિરોધીઓને એમ હતું કે અલ્પશિક્ષિત અને બિન અનુભવી મહિલા રાજકારણના આટાપાટામાં અટવાઈ જશે અને વડાપ્રધાન પદે ઝાઝું ટકી શકશે નહીં, પણ એમણે એમના વિરોધીઓની ગણતરી સાવ ઉંધી વાળી દીધેલી. તેમણે પતિ પાસેથી શીખેલા રાજકારણના પાઠનો ઉપયોગ કરીને અને પતિએ કરેલ ભૂલોને સુધારી લઈને એવો પારદર્શી અને પ્રજાલક્ષી વહીવટ કર્યો કે તેઓ એક સફળ વડાપ્રધાન તરીકે લોકપ્રિય બની ગયેલાં. વિદેશનીતિ અને સંરક્ષણ ક્ષેત્રે તેમણે સરાહનીય કામગીરી કરી વિરોધીઓને મોંઢે તાળાં મારી દીધેલાં. તેમણે દેશને વિકાસનો એક નવો રાહ ચીંધ્યો હતો.



તેમની આપણા સ્વર્ગસ્થ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે અતૂટ મૈત્રી હતી. એક સામાન્ય સ્ત્રીમાંથી દેશના વડાપ્રધાનપદે પહોંચવા છતાં તેઓ સાદગીને વરેલાં હતાં. નિરાભિમાની પણું તેમના જીવનનો અનોખો ગુણ હતો. સમાજસેવા અને દલિતોદ્ધારને એમણે એમના જીવનની ઈતિશ્રી માનેલી. શ્રીલંકાના રાજકીય ઈતિહાસમાં તેઓ સફળ વડાપ્રધાન તરીકે ચિરસ્મણીય રહેશે.

●





## (૧૩૮)
# તાત્યા ટોપે
## (૧૮, એપ્રિલ, ઇ.સ. ૧૮૫૯)

૧૮, એપ્રિલ, ઈ.સ. ૧૮૫૯ ના રોજ સાંજે બરાબર સાત વાગે તાત્યા ટોપેને ફાંસીના માંચડા પાસે લાવી જેલરે પૂછેલું : 'બોલ, તારી શી ઈચ્છા છે ?' ત્યારે તાત્યાએ જવાબ આપેલો, 'મારી ઈચ્છા ભારતમાતાને આઝાદી આપાવવાની અને મારી માતૃભૂમિ માટે મારા પ્રાણનું બલિદાન દેવાની.' આટલું બોલી 'ભારતમાતાની જય' નો નાદ કરી ફાંસીનો ગાળિયો હસતાં હસતાં પોતાના હાથે ગળામાં નાખી દેનાર ભારતના વીર સપૂત તાત્યા ટોપેનો જન્મ ઈ.સ. ૧૮૧૪ માં મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ચેવલા નામના ગામમાં પિતા પાંડુરંગ ભટ્ટને ત્યાં થયો હતો. તેની માતાનું નામ રુક્માબાઈ હતું. તેના પિતા વેદપાઠી બ્રાહ્મણ હતા. તાત્યાનું બાળપણનું નામ રઘુનાથ હતું.

તાત્યા નાના સાહેબની સેનામાં જોડાઈ ગયેલો. તેણે પ્રતિજ્ઞા લીધેલી કે, 'મા ભારતીને દુષ્ટ ગોરાઓના બંધનમાંથી મુક્ત નહીં કરાવું ત્યાં સુધી હું જંપીને બેસીશ નહીં. હું જીવીશ તો ભારતમાં, નહીં તો હસતે હસતે મુખે મોતને વરીશ.'

પાંડુરંગનું કુટુંબ બ્રહ્માવર્તમાં નાના સાહેબ સાથે રહેવા આવેલું. બિઠૂરની જાગીરના રાજદરબારમાં પાંડુરંગનો બાજીરાવની સાથે નિકટનો ઘરોબો હતો. નાનાનો સમવયસ્ક તાત્યા તેનો મિત્ર બની ગયેલો. તેણે નાનપણથી યુદ્ધ કૌશલ્યના પાઠ ભણવા માંડેલા. રામાયણ અને મહાભારતનાં તેજસ્વી પાત્રોનું અધ્યયન કરી તે શૂરવીરતાનાં પિયૂષ પી ચૂક્યો હતો. તેણે બાળપણથી જ મલ્લવિદ્યાનો પણ અભ્યાસ કરેલો. તલવારબાજીની પણ તેણે ભરપૂર તાલીમ લીધેલી. તાત્યાની સ્વામીભક્તિનો જોટો જડવો મુશ્કેલ છે. એક અંગ્રેજ લેખકે તેની શૂરવીરતાને



બિરદાવતાં તેને 'ગેરીબાલ્ડી' સાથે સરખાવ્યો હતો. તાત્યા એટલો તો બહાદુર હતો કે તેણે બિઠૂરના જંગલમાં તે સમયના ખૂંખાર ડાકુ ઘોંડોજીવાઘને જનોઈવઢ ઘા કરી રીંગણાના ડચકાની જેમ ધડથી માંથુ જૂદું કરી હણી નાંખેલો. એની બહાદુરીથી ખુશ થયેલા પેશવા બાજીરાવે ભર દરબારમાં કીમતી રત્નો જડેલી કસબી ટોપી ભેટ આપેલી. તે દિવસથી રઘુનાથ 'તાત્યા ટોપે' તરીકે ઓળખાવા લાગેલો.

બાજીરાવના મૃત્યુ પછી અંગ્રેજોએ તેમનું વસિયતનામું ગેરકાયદેસર કરાવી નાના સાહેબનું આઠ લાખનું પેન્શન બંધ કરેલું. આના વિરોધમાં નાનાએ ક્રાંતિ કરવાનું નક્કી કરેલું. બિઠૂરમાં ક્રાંતિની રૂપરેખા ઘડાઇ. આઝાદી માટેની પ્રતિજ્ઞા લેવાઈ. તાત્યાએ સંગઠનની જવાબદારી ઉપાડેલી. આખા દેશમાં 'કમળ' અને 'રોટી' ઘૂમવા લાગ્યાં. નક્કી થયેલી તારીખ કરતાં વહેલી ક્રાંતિની શરૂઆત બરાકપુરની છાવણીથી થઈ.

માભોમની મુક્તિ માટેની હાકલ પડી ચૂકી હતી. મંગલ પાંડેની શહીદીએ દેશ આખામાં ચેતના જગાડી. લોકોને એક જ જીવનમંત્ર હતો- આઝાદી. પણ ક્રાંતિ વહેલી શરૂ થવાથી તાત્યા નિરાશ થઈ ગયેલો. અંગ્રેજો સાવધાન થઈ ગયા. તેમ છતાં ઘણે ઠેકાણે અંગ્રજ સત્તા આથમી ગઇ હતી. હવે ૪, જૂન, ૧૮૫૭ ના દિવસે કાનપુર પર હલ્લો કરવાનું નક્કી થયું. ખાનદાનીના દાવે સરદાર નાના સાહેબે અંગ્રેજ સેનાપતિ વ્હીલરને પત્ર લખી કાનપુર પરના આક્રમણની અગાઉથી જાણ કરી. કાનપુર પર હલ્લો થયો. અંગ્રેજ ખજાનો લૂંટાયો. કાનપુર ક્રાંતિનું કેન્દ્ર બન્યું. તેમણે અંગ્રેજોના કિલ્લામાં આવેલો કૂવો તોપથી ઊડાડી દીધો. ગોરાઓ પાણી વગર ટળવળવા લાગ્યા. છેવટે વ્હીલરે તાત્યાની આગેવાની સામે સમાધાન સ્વીકાર્યું. કાનપુરમાં પીછેહઠ થયા પછી અંગ્રેજ સરકાર અકળાઈ. તેમણે અનેક ભારતીયોની હત્યા કરી, સેનાપતિ નીલે કાનપુરની પ્રજા પર અત્યાચાર ગુજાર્યો. તેમ છતાં વિંડહામની સેના પર વળતો હુમલો કરી તાત્યાએ કાનપુર કબ્જે કરી

લીધું. તેણે માતૃભૂમિ આઝાદના થાય ત્યાં સુધી લડતા રહેવાના સોગંદ ખાધેલા. પછી તાત્યાએ દેશદ્રોહી રાજાનું ચરખારી કબ્જે કરી લીધેલું.

ઝાંસીની લડાઈમાં તાત્યાને હાર ખમવી પડેલી. તેના જીવનનો એ સૌથી મોટો આઘાત હતો. તે હવે એકલો પડી ગયો હતો. છતાં કાયરતા તેને ખપતી ન હતી. તે સ્વાતંત્ર્યવીર હતો. અંગ્રેજ સેના તેની પાછળ પડી ગઈ હતી. તે પંચમહાલના જંગલોમાં ભરાઈ ગયો. દેવાસની છાવણીમાંથી તાત્યાને એક અંગ્રેજ સરકારે પકડી લીધો પણ તેના હાથમાંથી તે છટકી ગયેલો. તે પરણના જંગલમાં જઈને ગ્વાલિયરના રાજાની રિયાસતના તાલુકદારના પુત્ર માનસિંહને જઈ મળ્યો. અંગ્રેજોએ માનસિંહને તેની રિયાસત પાછી આપવાની લાલચ આપી ફોડી નાંખ્યો. દેશદ્રોહી માનસિંહની મદદથી અંગ્રેજોએ ઊંઘતા તાત્યાને પકડી લીધો.


એ અપશુકનિયાળ દિવસ હતો ૭, એપ્રિલસ ૧૮૫૯. ત્યાર પછી એક અઠવાડિયે ૧૫, એપ્રિલ, ૧૮૫૯ ના દિવસે શિવપુરીની સૈનિક અદાલતમાં તાત્યા પર કેસ ચલાવવામાં આવ્યો. તેના પર અસંખ્ય ખોટા આરોપો મૂકવામાં આવ્યા.

તાત્યાએ તેના બચાવમાં કહેલું : ''હવે આ ન્યાયનું નાટક બંધ થાય તો સારું. હું ગોરાઓ સામે લડ્યો છું અને તેથી મારે મરવા માટે તૈયાર રહેવાનું છે. મને તમારા ન્યાયના નાટકની જરા પણ પરવા નથી. દેશની મક્તિ માટે મરવા કરતાં બીજો ઉત્તમ માર્ગ કયો હોઈ શકે ?''

તેણે કહેલું : ''મને ફાંસી આપો. મારે ફાંસીએ ચઢીને મારા દેશબાંધવોને જગાડવા છે. મારે એમને આઝાદીની કિંમત સમજાવી છે, ક્યારેય તેઓ એમના વહાલા પ્રાણ કરતાં સ્વતંત્રતાનું મૂલ્ય ઓછું ના આંકે !''

આ સ્વાતંત્ર્ય વીરનરને આખરે ૧૮, એપ્રિલ, ૧૮૫૯ ના રોજ સાંજના સાત વાગે ફાંસીએ લટકાવી દેવામાં આવેલો. કહેવાય છે કે કેટલાંક અંગ્રેજ સૈનિકોએ દોડીને તાત્યાના માથાના વાળ ચૂંટી લઈ સ્મૃતિ રૂપે પોતાની પાસે રાખ્યા હતા.





## (૧૩૯)

# ચાર્લ્સ ડાર્વિન

## (અવસાન : ૧૯, એપ્રિલ, ઇ.સ. ૧૮૮૨)

બાળપણથી જ કીડા-મકોડા અને જાતજાતનાં ખનિજોનો સંગ્રહ કરવાના શોખીન, એક ચિંતક, દાર્શનિક અને પ્રકૃતિશાસ્ત્રી તથા 'ઓરિજિન ઓફ સ્પિશિઝ બાય મિન્સ ઓફ નેચરલ સિલેકશન'ના નામના અતિ પ્રસિદ્ધ ગ્રંથના સર્જક ચાર્લ્સ ડાર્વિનનો જન્મ ઈંગ્લેન્ડના શ્રયૂજબેરીમાં ૧૨, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૮૦૯ ના રોજ થયો હતો. તેના પિતા રોબર્ટ વ્યવસાયે એક ચિકિત્સક હતા. અને તેમનું ઘર અતિ શ્રીમંત ગણાતું હતું. જ્યારે ડાર્વિનની ઉંમર આઠ વર્ષની થઈ ત્યારે તેની માતાનું અવસાન થયું હતું. તેના દાદા ઈર્જમસ એ જમાનાના જાણીતા તબીબ, પ્રકૃતિવિદ્ અને લેખક હતા.

એની શાળાના આચાર્ય એને મંદબુદ્ધિનો અને આળસુ વિદ્યાર્થી માનતા. જીવજંતુઓમાં એને પહેલેથી જ રસ હતો. હવે એ ધ્યેય સિદ્ધિ માટે સંકલ્પબદ્ધ થયો. તેણે તેના ચંચળ મનને સ્થિર કરી લીધું. તે જે જે વસ્તુ જોતો તેનું ખૂબ બારીકાઈથી નિરીક્ષણ કરતો. તના પરિવારે તેને પાદરી બનવા કેમ્બ્રિજ મોકલી દાવામાં આવેલો પણ ત્યાં એ ધાર્મિક શિક્ષણ લેવાને બદલે જંતુઓના નિરીક્ષણમાં સમય ખર્ચવા લાગ્યો.

બાવીસ વર્ષની ઉંમરે કેમ્બ્રિજમાં વનસ્પતિશાસ્ત્રના અધ્યાપક જૉન હેન્સલોના સંપર્કમાં આવ્યો. ઈ.સ. ૧૮૩૧ માં 'બીગલ' નામના જહાજને વિશ્વની યાત્રાએ જવાનું થયું. આ પ્રવાસમાં એક વૈજ્ઞાનિક તરીકે ડાર્વિન જોડાઈ ગયો. આ પ્રવાસ દરમ્યાન જીવજંતુઓ અને જીવાશ્મિઓના અસંખ્ય નમૂનાઓ એ ઘેર મોકલવા લાગ્યો.

'બીગલ' છેવટે દક્ષિણ અમેરીકાની પશ્ચિમે લગભગ ૫૦૦ માઈલ દૂર આવેલ ગેલાયેગોસ ટાપુસમૂહ ઉપર આવી ઊભેલું. પ્રકૃતિની પ્રયોગશાળા સમા આ ટાપુ સમૂહ પર ડાર્વિનને તેના 'વસ્તુજાતમાં પરિવર્તનનો સિદ્ધાંત' (ઓરિજિનલ ઓફ સ્પિશિઝ) માટે પ્રેરણા મળેલી.

'બીગલ' ની યાત્રા કરીને તે ઘેર પાછો ફર્યો ત્યારે એ આંચકીના દર્દનો શિકાર બની ગયો હતો. તે કુટુંબ સાથે કેન્ટ નજીકના એક ગામડામાં રહેતો હતો. તેણે તેના મામાની દીકરી અમ્મા વેજવૂડ સાથે લગ્ન કરી લીધેલાં. અહીંથી જ એણે 'ઉત્ક્રાંતિવાદ' (વિકાસવાદ) નો સિદ્ધાંત રજૂ કર્યો હતો.


તેણે શોધી કાઢેલું કે વિષ પ્રજનનથી જંતુઓના લક્ષણોમાં ફેરફાર થતો જોવા મળે છે. તેને ખાતરી થઈ હતી કે કુદરત આ જ રીતે સજીવોના લક્ષણોમાં ફેરફાર કરે છે. તેણે આ સંબંધી પુરાવાઓને આધારે એક પુસ્તક લખેલું, જેનું નામ છે : 'પ્રાકૃતિક પસંદગી દ્વારા જાતિઓની ઉત્પત્તિ.'

તેણે એ બાબત પણ તારવી હતી કે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરતાં બધા જીવો જીવતા રહેતા નથી. તેની આ શોધ 'યોગ્યતમની ઉત્તરજીવિતા' નામે જાણીતી છે.

આ ધરતી ઉપર એટલાં ખોરાક-પાણી નથી કે જેટલા જીવો પેદા થાય છે તે બધા જીવતા રહી શકે. આથી કુદરત સજીવોની સંખ્યા સીમિત રાખે છે. બધા જીવોમાંથી કુદરત 'યોગ્યતમ જીવો' ને બચાવી લે છે અને બીજા જીવોનો નાશ કરી દે છે. એણે એવો સિદ્ધાંત પણ તારવેલો છે કે જે જીવો બચી જાય છે તેમનામાં કેટલાંક ઉત્તમ ગુણો અને અનુકુલન ક્ષમતાઓ હોય છે.

તેણે લખેલું પુસ્તક 'મનુષ્યની ઉત્પત્તિ' જીવવિજ્ઞાનમાં એક સીમાચિહ્ન બની ગયું છે. તેમાં તેણે લખ્યું છે કે માનવોની ઉત્પત્તિ વાનરમાંથી થઈ છે. માનવી અને વાનર એક જ પૂર્વજનાં સંતાનો છે. ઉત્ક્રાંતિવાદનો આ મહાન શોધક ૧૯, એપ્રિલ, ઈ.સ. ૧૮૮૨ ના રોજ અવસાન પામ્યો હતો.





## (૧૪૦)
# હઝરત મહંમદ પયગંબર
## (૨૦, એપ્રિલ, ઇ.સ. ૫૭૧)

ઈસ્લામ ધર્મના સ્થાપક અને પ્રચારક હઝરત મહંમદ પયગંબર સાહેબનો જન્મ અરબસ્તાનના મક્કા નામના શહેરમાં ૨૦, એપ્રિલ, ઈ.સ. ૫૭૧ ના રોજ થયો હતો. જન્મ પછી પિતાનું અવસાન થતાં તેમનાં મા પણ પતિને પગલે પગલે ચાલી નીકળેલાં. મા-બાપ વગરના અનાથ બાળક મહંમદની જવાબદારી દાદા અબ્દુલ મુત્તલિબને માથે આવી પડેલી.

બાળકના લાલનપાલન માટે તેમણે હલીમા નામની એક સ્ત્રીને ધાવ તરીકે રાખેલી પણ વિધિની અટપટી વક્રતાને લઈ દાદા અબ્દુલ મુત્તલિબ બિમાર પડ્યા. બચવાની કોઈ આશા ન જણાતાં તેમણે નાનકડા મહંમદને તેમના પુત્ર અબૂતાલિબના હાથમાં સોંપતા કહેલું કે, ''આ બાળકને ભગવાનની દેન માનજે. એને કોઈ વાતે જરા પણ ઓછું આવવા દઈશ નહીં.'' અને પછી મહંમદ કાકા-કાકીની છત્રછાયામાં ઉછરવા લાગેલો.

કાકા અબૂ તાલીબ વેપારી હતા. વેપારના કામકાજ અંગે તેમને અવારનવાર બહાર જવા-આવવાનું થતું. તેઓ ક્યારેક ભત્રીજા મહંમદને પણ સાથે લઈ જતા. એક વાર વેપાર સાથે બહાર જઈ રહેલા કાકા સાથે મહંમદ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં એક સંત ફકીરનો મેળાપ થઈ ગયેલો. એ સંત હતા બોહૈરા. બાળક પર નજર પડતાં જ એ બોલી ઊઠેલા, ''અબૂ આ બાળક અલૌકિક છે. હું એનામાં ઈશ્વરી અંશ જોઈ રહ્યો છું.'' આ વાત જાણ્યા પછી અબૂનો મહંમદ ઉપરનો પ્રેમ વધી ગયેલો.

તે સમયે મહંમદની ઉંમર વીસેક વર્ષની હશે. ત્યારે અરબસ્તાનનો આરબ

સમાજ અનેક કુરિવાજોમાં અટવાયેલો હતો. લોકો અનેક જૂથોમાં વિભાજિત હતા. તેમની વચ્ચે સંઘર્ષ ચાલતો હતો. દરેક જૂથનો દેવ પણ જુદો હતો. લોકો વહેમોથી પીડાતા હતા. સ્ત્રીઓની સ્થિતિ તો ગુલામો કરતાંય બદતર હતી. સમાજમાં બહુપત્નીપ્રથા અમલમાં મૂકાયેલી હતી. આવા અંધકારમય વાતાવરણ વચ્ચે કુરૈશ શહેરમાં અરબસ્તાનના પ્રતિષ્ઠિત વંશોનું એક મહાસંમેલન મળ્યું હતું. એ સંમેલનમાં મહંમદે અત્યાચાર અને અંધાધૂંધીમાંથી સમાજને મુક્ત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

મહંમદ સાહેબ પચીસ વર્ષની વયે ખદીજા નામની એક વેપારણ બાઈને ત્યાં કામે લાગ્યા હતા. તેમની ધગશ અને બુદ્ધિને લઈ ખદીજાનો વેપાર ખૂબ ફૂલ્યો ફાલ્યો હતો. ખદીજા મહંમદની સત્યનિષ્ઠા અને પ્રામાણિકતા પર વારી ગઈ હતી. અંતે તેણે મહંમદ સાથે લગ્ન કરી લીધેલું. બંન્નેનું લગ્નજીવન ખૂબ સુખી નીવડ્યું હતું.

મહંમદના ઉત્તમ માનવીય ગુણોની સુવાસ આખા અરબસ્તાનમાં પ્રસરી ચૂકી હતી. આથી લોકો તેમને 'સાદીક' અને 'અમીન' કહી બોલાવતા. ચાલીસ વર્ષની ઉંમર થતાં તેમનામાં રહેલી દૈવી શક્તિઓએ પરચો બતાવવા માંડેલો. હવે તેઓ એકાન્તમાં રહેવાનું પસંદ કરવા લાગ્યા. એમને એવો અનુભવ થયેલો કે જાણે ઈશ્વર કશોક દિવ્ય સંદેશો સંભળાવી રહ્યા છે અને એ સંદેશો જગતમાં ફેલાવવાની આજ્ઞા આપી રહ્યા છે. તેમના મુખેથી દિવ્ય વાણી સ્ફુરવા લાગી. હવે તેઓ 'હઝરત મહંમદ પયગંબર' તરીકે ઓળખાવા લાગ્યા. તેમની પત્ની ખદીજા તેમની સૌથી પહેલી શિષ્યા બની. શરૂઆતમાં તેઓ ખાસ પસંદ કરેલા લોકોને ઉપદેશ આપવા લાગ્યા.

તેમણે ઉપદેશેલો ધર્મ 'ઈસ્લામ' તરીકે ઓળખાવા લાગ્યો. સૌપ્રથમ તેમણે તેમના કુટુંબીજનોને બોલાવી દિવ્ય સંદશો સંભળાવતાં કહેલું કે,-

''ઈશ્વર એક છે, એમને કોઈ આદિ નથી કે નથી કોઈ અંત. તે સર્વશક્તિમાન



અને દયાવાન છે. હું તમને સૌને એવા ઈશ્વરને માથું નમાવવા વિનંતી કરું છું. પત્થર કે લાકડાની મૂર્તિપૂજા છોડીને સત્યની આગળ માથું ઝૂકાવજો.'' તે વખતે અબૂ તાલિબના પુત્ર સિવાય કોઈએ તેમનો ઉપદેશ સ્વીકારેલો નહીં. પણ પછીથી જૈદ અને અબૂબક્ર તેમના શિષ્યો બનેલા. મહંમદ સાહેબના મુખે જાણે અલૌકિક કાવ્યની સરિતા વહેતી હતી. તેમ છતાં કેટલાંક વિઘ્ન સંતોષીઓ તેમને શત્રુ માની તિરસ્કારવા લાગેલા. તેમની સામે વિરોધનો વંટોળ શરૂ થયેલો. વિરોધીઓએ તેમને રંજાડવામાં પાછું વાળીને જોયું ન હતું. છતાં તેઓ સત્યના માર્ગમાંથી એક ડગલું ચલિત થયેલા નહીં.

તેમના ઉપદેશથી છંછેડાયેલા રૂઢિચુસ્ત આરબોએ તેમની હત્યા કરવાનું ષડયંત્ર પણ રચેલું. આ વાતની જાણ થતાં તેઓ તેમના શિષ્યો સાથે ઈ.સ. ૬૨૨ માં મક્કાનો ત્યાગ કરી મદીના ચાલ્યા ગયેલા. તેમની આ હિજરતનું આગવું મહત્વ છે. એ દિવસથી આરબોની સંવત શરૂ થયેલી. જેને આજે આપણે 'હિજરી સંવત' કહીએ છીએ. મદીનાના લોકોએ તેમનો ઉપદેશ સ્વીકારી ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરેલો. તેમણે મદીનામાં સૌ પ્રથમ મસ્જિદ બંધાવાડાયેલી. આરબો આ વાતે ક્રોધે ભરાયેલા. તેમણે ધર્મા રક્ષણ માટે 'ધર્મસેના' ઊભી કરી હતી. આ સેનાએ મક્કાના અત્યાચારી કુરેશીઓ પર આક્રમણ કરીને મક્કા જીતી લીધેલું. કાબામાં રાખવામાં આવેલી મૂર્તિઓને તોડી નાંખવામાં આવેલી. આમ આખા અરબસ્તાનમાં ઈસ્લામનો ફેલાવો થયેલો. તેમણે આપેલો ઉપદેશ આ પ્રમાણે છે

૧. ઈશ્વર એક જ છે અને સર્વશક્તિમાન છે.

૨. મૂર્તિપૂજા એ પાપ છે.

૩. એક જ અલ્લાહનું શરણ સ્વીકારવું.

૪. સૌ પ્રત્યે પ્રેમ અને દયા રાખવાં.

આ ઉપરાંત તેમણે મુસ્લિમોને ઊંચનીચતા ભેદભાવ છોડી દેવા, કપટ નહીં કરવા, અનિતી નહીં આચરવા, પાપ નહીં કરવા તથા દારૂ-જુગાર-ચોરી અને


વ્યભિચારનો ત્યાગ કરવા જેવી બાબતોનો ઉપદેશ આપ્યો છે. તેમણે આપેલો ઉપદેશ 'કુર્આન-એ-શરીફ' માં સંગ્રહવામાં આવ્યો છે. એકેશ્વરવાદ અને શાંતિ ઈસ્લામના મૂળમંત્રોમાં છે. તેમણે દરેક પાક મુસ્લિમોને અલ્લાહ, પયગંબર, ફરિશ્તા, કુર્આન, કિસ્મત અને કયામત એ છ બાબતોમાં શ્રદ્ધા રાખવા જણાવ્યું છે. કુર્આને શરીફ એ ઈસ્લામ ધર્મનું ધર્મપુસ્તક છે.

તેમના ધર્મોપદેશથી આરબોમાં નવી ચેતના પ્રકટેલી અને સંગઠન સધાયેલું. તેઓ ૧૨, જૂન, ઈ.સ. ૬૩૪ ના દિવસે પરલોક સીધાવી ગયા હતા. મદીનામાં મહંમદ પયગંબરની કબર છે. તેમના અવસાનનો દિવસ 'ઈદે મિલાદ' તરીકે ઉજવાય છે.

●







## (૧૪૧)
# માર્ક ટવેઇન
## (અવસાન : ૨૧, એપ્રિલ, ઇ.સ. ૧૯૧૦)

જેમનું મૂળ નામ સેમ્યુઅલ લેંગહોર્ન ક્લેમેન્સ હતું તેવા વિશ્વપ્રસિદ્ધ અમેરિકન હાસ્ય કથાકાર માર્ક ટવેઈનનો જન્મ અમેરિકાની જાણીતી નદી મિસિસિપીના કિનારાના મિઝુરી રાજ્યના હાનિબાલ નામના ગામમાં ૩૦, નવેમ્બર, ઈ.સ. ૧૮૩૫ ના રોજ થયો હતો. ત્યારે તેમના ગામની વસ્તી માંડ સો માણસની હતી. ભલે જગતે તેમેને હાસ્યલેખક તરીકે વધાવ્યા હોય, પણ તેઓ એક સારા તત્વચિંતક પણ હતા.

મિસિસિપી નદીના ખોળામાં ઉછરેલા ટવેનની સૌંદર્ય દૃષ્ટિ વિકસાવવામાં એ નદીનો મહત્વનો ફાળો રહ્યો છે. કુદરતી સૌંદર્યને પીતાં પીતાં એમની કલ્પનાશક્તિ પણ સાંદર્યમંડિત થયેલી. આ નદીએ એમની નાનપણમાં દેશ-વિદેશથી આવતા ખલાસીઓ પાસેથી સાગરની સાહસકથાઓ સાંભળેલી. ટવેઈન બાળપણથી જ રમૂજખોર હતો. તેથી ખારવાઓ સાથે એની દોસ્તી થઈ ગયેલી.

તેઓ બાળપણમાં તેમના સમયવસ્કોના નેતા બની ગયેલા. તેઓ પરાક્રમી પણ ખરા. નાનાં મોટાં પરાક્રમો કરવામાં એમને મઝા પડતી. તેમણે બાળપણમાં કરેલાં પરાક્રમોના અનેક કિસ્સાઓ 'ટૉમ સોયર' અને 'હકલબરી ફિન' માં વર્ણવેલા છે.

તેમની ઉંમરનો એક દસકો વીત્યો ત્યાં તો એમના પિતા સેમ્યુઅલ અવસાન પામ્યા. પરિવારમાં કોઇ કમાનાર ન રહેવાથી કુટુંબની હાલત દિવસે દિવસે કથળતી ગઇ. કુટુંબનું ભરણ પોષણ કરવાનો ભાર નાના એવા ટવેઈનના માથે આવ્યો. એ નોકરી શોધવા અહીં તહીં રખડવા લાગ્યા. છેવટે એક મુદ્રણાલયમાં

તેમને નોકરી મળી. પણ અહીં તેમને બહુ ફાવ્યું નહીં. તેમણે નોકરી છોડી અને સિનસિનાટી શહેરમાં ચાલ્યા ગયા.

તેમણે અનેક નાના મોટા ધંધામાં નસીબ અજમાવ્યું. ગામે ગામ તેમણે રઝળપાટ કરેલો. આગબોટના ચાલક તરીકે પણ તેમણે કામ કરેલું. લશ્કરમાં પણ કામ કરેલું. તેઓએ પત્રકારત્વ પર પણ હાથ અજમાવેલો. અનેક પ્રકારના વ્યવસાયો કરવા છતાં એમની આર્થિક પરિસ્થિતિ ભલે ના સુધરી પણ અનેક નામી અનામી વ્યક્તિઓના સંપર્કમાં તેઓ આવ્યા. આ સંપર્કો પાછળથી તેમના સર્જનમાં ઉપયોગી બનેલા. ઈ.સ. ૧૮૭૦ માં તેમણે લિવી સાથે લગ્ન કરેલું.

હવે એમના જીવનમાં વળાંક આવ્યો. એમણે કલમ સાથે કામ લેવાનું શરૂ કર્યું. ત્રીસ વર્ષની ભર યુવાન વયે ઈ.સ. ૧૮૬૫ માં તેમનું પુસ્તક 'ધ સેલિબ્રેટેડ જમ્પિંગ ફ્રોગ ઓફ એ ક્લેવરસ કાઉન્ટી' પ્રગટ થયું હતું. આ દરમ્યાન તેમણે આટલાન્ટિક મહાસાગર વીસ વખત ઓળંગ્યો હતો. તેર વર્ષ તો એમણે વતનથી દૂર વીતાવેલાં. એમણે આ પ્રવાસોના અનુભવોને એમના પુસ્તક 'ધ ઈનોસેન્ટ એ બ્રોડ' માં શબદસ્થ કર્યા છે.

ટવેઈન એમનાં પુસ્તકો જાતે જ પ્રકાશિત કરતા હતા. એમનાં પ્રકાશિત પુસ્તકોએ એમના નામનો ડંકો વગાડી દીધેલો. ઈ.સ. ૧૮૭૧ માં તેમનું પુસ્તક 'રફિંગ ઈટ' પ્રકાશિત થયેલું. તે પછી આગબોટના ખલાસી તરીકે મેળવેલા અનુભવોને આધારે લખાયેલું તેમનું પુસ્તક 'આટલાન્ટિક મંથલી' પ્રગટ થયું હતું. મિસિસિપી નદીના કિનારે વીતાવેલા શૈશવનાં સંસ્મરણો તેમણે 'લાઈફ ઓન ધ મિસિસીપી' માં આલેખ્યા છે.

પણ તેમને જગતભરમાં પ્રસિદ્ધિ અપાવી હોય તો તેમના પુસ્તક 'ટૉમ સોયરનાં પરાક્રમો' એ. આ પુસ્તક ટવેઈનના અંગત જીવનના અનુભવોને ઉજાગર કરે છે. તેમના 'ધ એડવેન્ચર્સ ઓફ હકલબેરી ફિન' પુસ્તક પાછળ તો અમેરીકનવાસીઓ પાગલ થઈ ગયા હતા જાણે! આ પુસ્તકોનાં પાત્રો અમેરીકામાં




અમર બની ગયાં છે. પ્રસિદ્ધ સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વેએ તો એટલા સુધી લખ્યું હતું કે : ''સમગ્ર અમેરીકન સાહિત્યનો જન્મ ટવેઈનની આ બે નવલકથાઓમાંથી થયો છે.''

તેમના સાહિત્યની કદર કરીને મિસૂરી વિશ્વવિદ્યાલયે તેમને 'ડૉક્ટર ઓફ લૉ' ની માનદ પદવીથી નવાજેલા. અમેરીકાના તત્કાલીન સાહિત્યકારોએ તેમનું ભવ્ય સન્માન કરેલું.

જીવનના ઉત્તરાર્ધમાં પરિવારના સભ્યો એક પછી એક મૃત્યુના મોંમાં હોમાઈ જતાં. ટવેઈન ભાંગી પડેલા. એકલતાએ એમને ક્ષીણ બનાવી દીધેલા. ઈ.સ. ૧૯૦૭ માં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ એમને 'ડિ.લિટ્' ની માનદ્ પદવીથી નવાજ્યા ત્યારે તેઓ લાગણીથી ગદ્ગદ્ થઈ ગયેલાં, અંતે ૨૧, એપ્રિલ, ઈ.સ. ૧૯૧૦ માં તેમનું અવસાન થયું હતું.

●





## (૧૪૨)

# ગુગ્લીલ્મો માર્કોની

## (૨૨, એપ્રિલ, ઇ.સ. ૧૮૮૪)

ગુગ્લીલમો માર્કોનીનો જન્મ ઈટાલીના બોલોનિયા શહેરમાં એક ધનાઢ્ય પરિવારમાં તા. ૨૨, એપ્રિલ, ઈ.સ. ૧૮૮૪ માં થયો હતો. પૈસે ટકે પહોંચતા કુટુંબમાં તે જન્મ્યો હોઈ તેને શિક્ષણ મેળવવાની બાબતમાં જરાય અગવડ વેઠવી પડેલી નહીં. નાનપણથી જ તેમની પ્રતિભા પૂર્ણરૂપે પાંગરી હતી. તે તેજસ્વી નક્ષત્રની જેમ ચમકતી બુદ્ધિ ધરાવતો હતો.

શાળાના અભ્યાસ કાળથી જ તે વિદ્યુત અંગેના અવનવા પ્રયોગો કર્યા કરતો. તે સમયના વિશ્વના પ્રતિભાવંત વૈજ્ઞાનિક મેક્સવેલનું નામ દસે દિશાઓમાં ગાજતું રહેતું. તેણે 'વાયરલેસ વેવ્ઝ' શોધી કાઢી બતાવી આપેલું કે હવામાં કોઈ એવું તત્વ છે જેની ગતિ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઈલ છે. ત્યારે માર્કોનીની ઉંમર હતી માત્ર પંદર વરસ. આ ઉંમરે તેણે 'વાયરલેસ વેવ્ઝ' અંગે પ્રગટ થતાં લેખોનો ઝણવટથી અભ્યાસ કરેલો. આ અભ્યાસ પછી એને પ્રયોગો કરવાની પ્રેરણા થઈ આવી. એણે એના ઘરના ઓરડામાં પ્રયોગો કરવાની શરૂઆત કરી.

તેણે પ્રથમ પ્રયોગ એક ઘંટડી વગાડીને કરેલો. ત્યારે તેણે ૧૫' અંતરે રહેલી ઘંટડી વગાડવામાં સફળતા મેળવી હતી. તેણે તેના પિતા પાસે જઈ એ ખુશીના સમાચાર આપેલા પણ ત્યારે તેના પિતાએ તેની મજાક કરતાં એવો ટોણો મારેલો કે, 'બેટા ! ઘંટડીનો અવાજ તો હુંય એથી વધુ દૂર ફેલાવી શકું.'

માર્કોનીને પિતાના શબ્દોએ ઘાયલ કરી દીધો. ત્યાર પછી તેણે એક એવો પ્રયોગ કર્યો કે એનો સંદેશો બે માઈલ દૂર સુધી પહોંચેલો. એને એના આ કાર્યમાં કોઈ મદદ ન મળતાં તે લંડન ચાલ્યો ગયેલો. અહીં તેને એક વિદ્યુત એન્જિનિયરે




મદદ કરવાની ખાતરી આપેલી. લંડનમાં તેણે સૌથી ઊંચી ટપાલકચેરી પર ચઢી પ્રયોગ કરેલો. તેનો પ્રયોગ જોવા હજારો લોકો એકઠા થયેલા. તેના પ્રયોગની સફળતાના સમાચારો લંડનના અખબારોમાં જોરશોરથી પ્રગટ થયેલા.

આ અદ્‌ભુત સિદ્ધિ ઈટાલિયન સરકારને ખબર પડતાં તમામ આર્થિક સહાયની મદદ કરવાનું વચન આપી માર્કોનીને ઈટાલી પાછો તેડાવ્યો. તેણે અહીં આવી વાયરલેસ સ્ટેશન ઊભું કર્યું. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે આ જ સ્ટેશનમાંથી તેણે હવામાં વિદ્યુત તરંગો છોડી લશ્કરને સંદેશાઓ મોકલેલા. તેના સંદેશાઓ હવે ઈંગ્લીશ ચેનલની સામે પાર પહોંચવા લાગ્યા.

તેણે બ્રિટનના કારનવાલ શહેરમાં ૪૦૦' ઊંચો ટાવર બનાવેલો. ચેમ્સફર્ડમાં સ્થાપેલું તેનું રેડિયો સ્ટેશન વિશ્વનું સૌથી પહેલું રેડિયો સ્ટેશન હતું. તેણે 'શોર્ટ વેવ્ઝ' ની પણ શોધ કરી હતી.

તેની આ અપૂર્વ સિદ્ધિ બદલ તેને ઈ.સ. ૧૯૦૯ માં તેને 'નોબેલ પુરસ્કાર' થી નવાજવામાં આવેલો. ઘણા દેશો તરફથી તેણે ખિતાબો અને માનચંદ્રકો મેળવ્યા હતા. ૧૯૨૯ માં ઈટાલીના રાજાએ તેને ઉમરાવપદ આપેલું. ઈ.સ. ૧૯૩૩ માં તેની પત્ની કાઉન્ટેસ મેરીયા ટ્રિસ્ટીના સાથે વિશ્વના પ્રવાસે નીકળેલો ત્યારે ૬૩ વર્ષની ઉંમરે ૨૦, જુલાઈ, ૧૯૩૭ ના રોજ રોમમાં તેનું નિધન થયું હતું.



## (૧૪૩)

# સ્વામી સચ્ચિદાનંદજી

## (૨૨, એપ્રિલ, ઇ.સ. ૧૯૩૨)

સ્વામી સચ્ચિદાનંદજીનો જન્મ ઉત્તર ગુજરાતના સમી તાલુકાના મુજપુર ગામે તા. ૨૨, એપ્રિલ, ૧૯૩૨ ના રોજ થયો હતો. નાનપણથી જ વૈરાગ્યની વિચારધારાને વરેલા સ્વામીજીએ માત્ર સવા રૂપિયા જેટલી સંપત્તિ લઈ ગૃહત્યાગ કરેલો. તેઓ ફરતા ફરતા સુરતના રેલ્વે સ્ટેશન નજીક આવેલી એક ધર્મશાળામાં ભિક્ષુકોની વચ્ચે રાત રોકાયેલા. એમનો સાધુજીવનનો સૌ પ્રથમ અનુભવ તેમના જીવનનું અમૂલ્ય ભાથું બની રહ્યો.

તેઓ સુરતથી પગપાળા યાત્રા કરીને કુંભમેળામાં ગયા અને ત્યાં તેમણે ગુરુ પ્રાપ્ત કર્યા. તેમણે પગે ચાલીને મોટાભાગના ભારતનું ભ્રમણ કર્યું હતું. પરિભ્રમણ દરમ્યાન એમને દેશની દુર્દશા અને દરિદ્રતાના જે વરવા અને વસમા અનુભવો થયા તે અનુભવોએ એમનાં અંતરનાં કમાડ ખોલી નાખ્યાં. બાવીસ વર્ષની ઉંમરે સદ્ગુરુ મુક્તાનંદજી પાસે પંજાબમાં દીક્ષા લઈ છેવટે ગુજરાત પરત ફર્યા અને આણંદ જિલ્લાના પેટલાદ પાસે આવેલા દંતાલી ગામમાં આશ્રમ સ્થાપી પ્રજાશિક્ષણનું કામ કરવા લાગ્યા.

ભારતના લોકોનું દારિદ્રય જોઈ તેમનો સંવેદનશીલ આત્મા હલબલી ઊઠ્યો. તેથી તેમણે અન્નક્ષેત્ર, અન્નદાન, આરોગ્યકેન્દ્રો અને વૃદ્ધાશ્રમની સેવાભાવી પ્રવૃત્તિઓ શરૂ કરી. ગરીબ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓની પણ શરૂઆત કરી. દુષ્કાળ જેવા કારમાં સમયમાં પાકિસ્તાનની સરહદ નજીક આવેલા સૂઈ ગામે જઈ દુષ્કાળગ્રસ્ત લોકોની વિવિધ રીતે સેવા કરી. ત્યાં તેમણે એક શિક્ષણ સંસ્થા પણ સ્થાપી.



તેમણે ગ્રામ્યપ્રજાના માનસમાંથી અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમો અને કુરિવાજોને દૂર કરવા ઠેર ઠેર પ્રવચનો કર્યાં. સ્વામીજી શ્રેષ્ઠ વક્તા છે. એમનું આગવું ચિંતન છે. રજૂઆતની શૈલી પણ સાવ નોખી. પોતાના વકતવ્યથી તે શ્રોતાઓને આંજી દે છે. તેઓ ક્રાંતિકારી વિચારક છે. પરંપરાથી મુક્ત એવા ક્રંતિકારી સંત છે. તેમના વિચારોએ ગુજરાતની પ્રજામાં આમૂલ પરિવર્તન આણ્યું છે. સ્વામીજીનો નથી કોઈ ધર્મ કે નથી કોઈ સંપ્રદાય. માનવધર્મ એ જ એમનો ધર્મ છે. તેથી દરેક ધર્મના લોકો એમને આમંત્રે છે. તેઓ નીડર, નિષ્પક્ષ અને પૂર્વગ્રહમુક્ત વક્તા છે. તેમનો વિચારપ્રદેશ ગગનવિહારી છે. વાચન, ભ્રમણ અને નિરીક્ષણ એ ત્રણને તેમણે ગુરૂ તરીકે સ્વીકાર્યા છે. ઈતિહાસ અને વિજ્ઞાન એમના પ્રિય વિષયો છે. તેમનું વાચનક્ષેત્ર પણ અતિશય વિશાળ છે.

તેમણે વિદેશોમાં પણ ભ્રમણ કર્યું છે. આ ભ્રમણ દરમ્યાન તેમણે વિદેશી પ્રજાનાં રીતરિવાજ, રહેણી કરણી, આહાર વિહાર, સંસ્કૃતિ, સામાજિક અને ધાર્મિક પરંપરાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે. આ સરખામણીમૂલક નિરીક્ષણો દ્વારા ભારતીય સમાજની સમસ્યાઓ અને તેમના નિરાકરણના ઉપાયો શોધવાનો અભિગમ તેમણે દાખવ્યો છે. તેમણે કહ્યું છે : 'ભારતની પ્રજાને સુખી, સમૃદ્ધ અને પ્રતિષ્ઠિત બનાવવી હોય તો તેના મસ્તિષ્ક ઘડતરને બદલવું જોઈએ.'

ઉત્તર ગુજરાતની લેઉઆ પટેલોના ગામ વાલમમાં એમણે 'ભારતીય દર્શનો' વિષય ઉપર પ્રવચનો આપ્યા હતાં. તેમણે કહ્યું હતું : 'મારું જે થવું હોય તે થાય, મારા આત્માનું જે થવું હોય તે થાય, મને મોક્ષ મળે કે ના મળે, પણ મારા સમાજનું, મારા રાષ્ટ્રનું અને આખી માનવજાતનું કલ્યાણ થવું જોઈએ.'

વર્ણવાદને તેઓ હિંદુ ધર્મના કેન્સર તરીકે ઓળખાવે છે. રાજનીતિ અને અર્થકરણમાં વ્યાપી ગયેલા ભષ્ટાચારથી તેઓ દુઃખી છે. ધર્મ અંગેના તેમના વિચારો સરળ અને સુસ્પષ્ટ છે. તેઓ લખે છે કે, 'ધર્મ એટલે વ્યક્તિ માત્રમાં રહેલા સદ્ગુણોને વિકસિત કરી પ્રગટાવવાની પ્રક્રિયા. ધર્મ સત્યથી પ્રગટે છે.

દયા અને ક્ષમાથી તે સ્થાપિત કરી શકાય છે. શીલ અને પરોપકારથી તેની વૃદ્ધિ થાય છે.'

તેઓ જાગૃત અને કર્મક સમાજસેવક, લોકસેવક છે. તેમનું ચિંતન ગહન અને મૌલિક છે. તેઓએ દરેક ક્ષેત્રના સૂક્ષ્માતી સૂક્ષ્મ પ્રશ્નોનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરેલો છે. તેઓ જ્ઞાનની તેજસ્વીતાના પૂજક છે. તેમને મન માનવકલ્યાણ એ જ શ્રેષ્ઠ ધર્મ છે. તેઓ માત્ર ભગવાં કપડાં ધારી સંન્યાસી જ નથી, પણ એક સાચા ક્રાંતિકારી સમાજ સુધારક છે. તેમણે મારા અનુભવો, સંસાર રામાયણ, શ્રી કૃષ્ણ લીલા રહસ્ય, ભારતીય દર્શનો. અધોગતિનું મૂળ : વર્ણવ્યવસ્થા જેવાં લોકપ્રિય પુસ્તકો લખ્યાં છે. જેનો ગુજરાતમાં બહોળો વાચક વર્ગ છે.

●





## (૧૪૪)

# ઉસ્તાદ બડે ગુલામ અલીખાં

## (૧૩, એપ્રિલ, ઇ.સ. ૧૯૬૮)

જેમની પુણ્યતિથિ ૨૩, એપ્રિલ, ૧૯૬૮ ના રોજ મનાવાય છે, એવા વીસમી સદીના મહાન ભારતીય સંગીતકારનો જન્મ ઇ.સ. ૧૯૦૨ માં હાલના પાકિસ્તાનમાં આવેલા કસૂર ગામમાં સંગીતકાર પિતા અલીબક્ષને ત્યાં થયો હતો. તેમના કાકા ઉસ્તાદ કાલેખાં પણ તેમના જમાનાના જાણીતા સંગીતકાર હતા. સત્તર વર્ષની ઉંમરથી તેમણે સંગીતની ઉપાસના કરવાનું શરૂ કર્યું હતું. પારિવારિક અને આર્થિક સમસ્યાઓને હળવી કરવાના નિશ્ચય સાથે તેમણે સારંગી હાથમાં લીધેલી. તેઓ નિયમિત કંઠય સંગીતનો રિયાજ કરતા રહેતા. ભારતના વિભાજન પછી અવાર નવાર સંગીતના કાર્યક્રમ માટે તેઓ ભારત આવતા.

હૃષ્ટપુષ્ટ શરીર અને લાંબી ભરાવદાર મૂછો ધરાવનાર આ સંગીતના મહાસાધકે તેમના કામણગારા કંઠના કામણથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. પાકિસ્તાનમાં તેમનાં શાસ્ત્રીય સંગીતની કદર નહીં થવાથી તેમણે ભારતનું નાગરિકત્વ સ્વીકાર્યું હતું.

એક સંગીતની મહેફિલમાં તેમણે સંગીતજ્ઞ પ્યારખાં સાથે એવી તો સંગત કરેલી કે ખુદ પ્યારખાં પણ આશ્ચર્યચકિત થઇ ગયેલા. એ મહેફિલમાં તેમણે એઠ કલાક અવિરત સંગીત પીરસ્યું હતું. તેમની ૨૦ વર્ષની ઉંમરે તેમના પિતાએ બીજી સ્ત્રી સાથે નિકાહ પઢેલા તેથી આજીવિકા માટે તેમણે સારંગીવાદનમાં પ્રવીણતા મેળવી હતી. તે પછી મુંબઇ જઇને તેમણે ઉસ્તાદ સંઘીખાં પાસેથી તાલીમ મેળવી હતી. તેમના સંગીતથી પ્રભાવિત થઇને ૧૯૪૫ માં મહાત્મા

ગાંધીજીએ પ્રશસ્તિપત્ર પણ અર્પણ કરેલું.

તેઓ ગઝલ, ઠુમરી, લોકગીતો, દાદરા, ટપ્પા, ખયાલ અને ભજનોને આગવી લાક્ષણિકતાથી રજૂ કરતા. કર્ણાટકી સંગીત પર તેમનું ગજબનું પ્રભુત્વ હતું.


સ્વભાવે તેઓ શાંત, વિનમ્ર અને પરગજુ સ્વભાવના હતા. ક્યારેક કુસ્તી પણ કરી લેતા. તેમની ખરી વિશેષતા તો એ હતી કે સામે બેઠેલા શ્રોતાઓની નાડ પારખીને જ તેઓ તેમનું સંગીત રજૂ કરતા. તેમણે પંજાબી શૈલીની ઠુમરીને લોકપ્રિય બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ પહાડી, ભૈરવી અને પીલુ રાગોની હળવી બંદિશોમાં બેનમૂન સ્વરસમૂહોની હારમાળા રજૂ કરતા. તેમના પુત્ર મુનવ્વર અલીખાંને પણ સંગીતનો વારસો પ્રાપ્ત થયેલો છે. તેઓ માલકૌંશ રાગના માલિક બન્યા હતા. એ જ્યારે માલકૌંસ છેડતા ત્યારે શ્રોતાઓ જાણે સાનભાન ગુમાવી રસતરબોળ થઈ જતા.

આ મહાન સંગીતકારનું ભારત સરકારે ‘પદ્મભૂષણ’ ના ખિતાબથી બહુમાન કર્યું હતું. તેમની છ એ.પી.રેકોર્ડઝ આજે ઉપલબ્ધ છે. જેમાં દરબારી, મેઘ, તોડી, ગુનકલી, સારંગ, ભીમપલાસ, કામોદ, જયજયવંતી, દાદરા , ઠુમરી, ભૈરવી, ખમાજ વગેરે રાગોનો સમાવેશ થયેલો છે. ઓલ ઈન્ડિયા રેડિયો આજે પણ તેમની રેકર્ડઝ રજૂ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપતો રહ્યો છે.

●







## (૧૪૫)

# મૅક્સ પ્લાંક

## (૨૩, એપ્રિલ, ઇ.સ.૧૮૫૮)

ઈ.સ. ૧૯૧૮ ના વર્ષનું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મેળવનાર ભૌતિકવિજ્ઞાની મૅક્સ કાર્લ અર્નેસ્ટ લુડવીગ પ્લાંકનો જન્મ બાલ્ટિક સમુદ્ર કિનારાના તત્કાલીન ડેનિસ વિસ્તારમાં આવેલા કીલ નામના શહેરમાં જર્મન રૂઢિચુસ્ત મા બાપના ઘરમાં ૨૩, એપ્રિલ, ઈ.સ. ૧૮૫૮ ના રોજ થયો હતો. તેમના પિતા કાયદાશાસ્ત્રના અધ્યાપક હતા. તેમનું ખાનદાન શિક્ષિત અને સંસ્કારી હતું.

તેમના કુટુંબે મ્યુનિચ ખાતે સ્થળાંતર કર્યું ત્યારે પ્લાંકની ઉંમર નવ વર્ષની હતી. તેમના પિતાને મ્યુનિચ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂંક મળેલી. તેઓ અહીંની મેક્સમિલન જિમ્નેશિયમ શાળામાં દાખલ થયેલા. આ શાળાના ભૌતિકવિજ્ઞાનના શિક્ષકો નિષ્ઠાવાન અને તેમના વિષયમાં પારંગત હતા. આથી જ શાળાકક્ષાએથી તેઓ ભૌતિકવિજ્ઞાનમાં ઊંડો રસ લેવા લાગેલા. તેમને પિયાનો વગાડવાનો પણ શોખ હતો.

છ વર્ષ તેમણે મ્યુનિચ યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલો. તેમને ભણાવનારા અધ્યાપકોમાં તે સમયના જાણીતા વૈજ્ઞાનિકો હેલમોટ્ઝ અને કિર્ચોફ્નો સમાવેશ થતો હતો. તેમણે અહીંથી જ પી.એચ.ડી.ની ઉપાધિ મેળવેલી. તેમનો સંશોધનનો વિષય હતો ‘પેલેડિઅમમાંથી હાઈડ્રોજનનું વિસરણ’. તેમણે તેમના જીવન દરમ્યાન આ એકમાત્ર સંશોધન કરેલું. વાસ્તવમાં તેઓ સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી હતા.

તેઓ ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં સર્વસ્વીકૃત બની ચૂક્યા હતા. પછી કેલ


યુનિવર્સિટીમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક પદે નિમાયેલા. ત્રણવર્ષ પછી ૧૮૮૯ માં તેઓ બર્લિન પાછા ફરેલા. માત્ર એકત્રીસ વર્ષની વયે જ તેઓ ભૌતિકવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ બનેલા. જે સિદ્ધિ નાનીસૂની ગણાય નહીં. ઉષ્માગતિશાસ્ત્ર થર્મોડાઈનેમિક્સના સિદ્ધાંતોમાં તેમની નિપુણતા હતી. ઉષ્માગતિશાસ્ત્ર અંગે તેમણે કરેલા અભ્યાસ-સંશોધનને તેમણે પ્રકાશવિજ્ઞાન સાથે જોડ્યું હતું. આમાંથી તેમના નવા સિદ્ધાંતનો જન્મ થયેલો. આ જ અભ્યાસો દરમ્યાન તેમને ક્વોન્ટમનો ખ્યાલ આવેલો. આમ તેણે વિશ્વ સમક્ષ ક્વોન્ટમવાદ રજૂ કર્યોય પ્લાંકના સિદ્ધાંતોને તે પછી અઢાર વર્ષ બાદ વિશ્વમાં સ્વીકૃત મળેલી. તેની શોધ બદલ તમણે નોબેલ પારિતોષક મેળવેલું.

પ્લાંકનું વ્યક્તિગત જીવન દુઃખમાં વીતેલું. તેમની પ્રથમ પત્ની ચાર બાળકો મૂકીને મૃત્યુ પામેલી. તેમણે બીજી વાર લગ્ન કરેલાં. બીજી પત્નીએ ત્રણ ત્રણ બાળકોને જન્મ આપેલો. છતાં સાતમાંથી એક પણ સંતાન જીવતું રહ્યું ન હતું. ત્યારે જર્મનીમાં હિટલરનું નાઝી શાસન હતું. તેમના બે મિત્રો આઈન્સ્ટાઈન અને ઈરવીન શ્રેડિન્જર, જેઓ બંન્ને મહાન ભૌતિક વિજ્ઞાનીઓ હતા,તેઓ હિટલરના ત્રાસથી બચવા જર્મની છોડી ભાગી ગયેલા. મેક્સ પ્લાંક ઉપર પણ નાઝીવાદને વફાદાર રહેવા ખૂબ જ દબાણ થયેલું પણ તેઓ એ દબાણ સામે ઝૂક્યા ન હતા. આથી તેમના છેલ્લા પુત્ર ઈરવીન પ્લાંકને પકડીને તેની ઉપર હિટલર સામે કાવતરું ઘડવાનો આરોપ મૂકી તેને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યો હતો. જર્મની ઉપર થયેલબ બોમ્બ વર્ષાથી તેમનું ઘર અને પુસ્તકાલય ધ્વસ્ત થઈ ગયેલાં.

યુદ્ધ પછીની જર્મનીની નવી સ્થપાયેલી સરકારે આ વિજ્ઞાનીનું બહુમાન કરાવાનું આયોજન કરેલું, પણ તે પહેલાં તો ૪, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૪૧ ના રોજ નેવુ વર્ષના વયોવૃદ્ધ પ્લાંકે દેહત્યાગ કરી દીધેલો. તેમના અવસાન પછી ‘કૈજરવિલ્હેમ વિજ્ઞાન અકાદમી’નું તેમની સ્મૃતિમાં ‘મેક્સ પ્લાંક વિજ્ઞાન



અકાદમી’ એવું નવું નામકરણ કરવામાં આવેલું. જેના દ્વારા જર્મનીનો શ્રેષ્ઠ વિજ્ઞાન વિષયક એવોર્ડ હવે ‘મેક્સ પ્લાંક મેડલ’ તરીકે દર વર્ષે આપવામાં આવે છે. વિજ્ઞાનમાં ક્રાંતિકારી ફેરફારો સૂચવનાર મેક્સ પ્લાંકને વિજ્ઞાન જગતમાં ‘આધુનિક કોપરનિક્સ’ તરીકે ઓળખવામાં આવે છે.





## (૧૪૬)

# વિલિયમ શેક્સપિયર

## (૨૩, એપ્રિલ, ઇ.સ.૧૫૬૪)

આજે સાડા ચારસો વર્ષ પછી પણ જેમણે જગતના શ્રેષ્ઠ નાટ્યકાર તરીકેનું માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે તેવા એક દંતકથારૂપ બની ગયેલા વિલિયમ શેક્સપિયરનો જન્મ એવોન નદીને કાંઠે આવેલા સ્ટ્રેટફર્ડ નામના નાના ગામમાં થયો હતો. તેના પિતાનું નામ જૉન હતું. મૂળ તો ઈંગ્લેન્ડના વોરવિકશાયાર પરગણાના વતની. તેમનો ધંધો ખેતીનો. જન્મ પછીનાં દસ વર્ષ સુખમાં પસાર કર્યા પછી તેમના પિતાની આર્થિક સ્થિતિ કથળતાં તેઓ દેવાદાર બની ગયેલા.

પિતાને હવે આર્થિક મદદગારની જરૂર હતી. તેથી ગામની જ શાળામાં એ શિક્ષકની નોકરીએ લાગેલા. ૧૮ વર્ષની ઉંમરે વિલિયમે એન હાથલે નામની યુવતી સાથે પ્રેમલગ્ન કરી લીધેલું.

શેક્સપિયરનું જીવન દંતકથા સમું એટલા માટે છે કે તેના જીવન અંગે વિશેષ કે નક્કર માહિતી મળતા નથી. આર્થિક સ્થિતિ દયાજનક હોવાથી તે વતન છોડી લંડનમાં આવેલો. અહીં તેણે રઝળપાટમાં વર્ષો વીતાવેલાં. નાનપણમાં એ નાટકો જોવા જતો. પરિણામે નાટકો તરફ એ પહેલેથી જ આકર્ષાયેલો. આ સંજોગોમાં નસીબે તેને યારી આપી. લંડનમાં એક સારી ગણાતી કંપનીમાં તેને કામ મળી ગયેલું. તે ભલે અભણ હતો પણ અનુભવ અને નિરીક્ષણ શક્તિને સહારે તેણે નાટક લખવાનું શરૂ કર્યું. ગ્લોબ થિયેટરમાં રહીને એણે નાટ્યલેખનની કલા વિકસાવી. એની હથોટી બેસતી ગઈ પછી તો એ સમયના પ્રસિદ્ધ નાટ્યલેખકોને ઈર્ષ્યા થાય એવી સંઘેડા ઉતાર નાટ્યકૃતિઓનું સર્જન એની કલમમાંથી થવા



લાગ્યું. રોબર્ટ ગ્રીન નામના તત્કાલીન નાટ્યલેખકે અદેખાઈને લીધે તેને 'પારકાં પીંછાથી શોભતો કાગડો' કહી નાંખેલો. ઈ.સ. ૧૫૯૨ થી ઈ.સ. ૧૬૦૧ સુધીના માત્ર નવ વર્ષના ગાળામાં તો શેક્સપિયર પ્રસિદ્ધ નાટ્યકાર તરીકે છવાઈ ગયેલો. તખ્તાના જગતમાં પગ મૂકીને તેણે ક્યાં, ક્યારે એન કેટલાં પાત્રો ભજવ્યાં તેની કોઈ આધારભૂત માહિતી મળતી નથી. એક એવી લોકવાયકા છે કે શરૂઆતમાં શેક્સપિયર નાટકો માણવા આવનાર ઘોડા સમાવવાનું કામ કરતો હતો. માત્ર અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તે ઈંગ્લેન્ડમાં જાણીતા નાટ્યલેખક તરીક પંકાઈ ગયેલો.

કહે છે કે ઈ.સ. ૧૫૯૨ માં લંડન રોગચાળાના સપાટામાં આવી જવાથી સલામતી ખાતર શેક્સપિયરને તેના ગામ જવાની ફરજ પડેલી. આ સમયનો સદુપયોગ તેણે કવિતા સર્જન માટે કર્યો. તેની એક દીર્ઘ કાવ્યકૃતિ ઈ.સ. ૧૫૯૩ માં 'વિન્સ એન્ડ એડોનિસ' પ્રસિદ્ધ થઈ હતી. એ કાવ્યની દસ આવૃત્તિઓ થઈ હતી. ત્યાર પછી 'લ્યૂક્રિસનો શીલભંગ' રચના પ્રગટ થયેલી. આ કાવ્યની પણ પાંચ આવૃત્તિઓ થઈ હતી. હવે તે એક પ્રતિભાવાન કવિતાલેખક તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યો.

શેક્સપિયરે કુલ સાડત્રીસ નાટકોનું સર્જન કર્યું હતું. જેમાંના કેટલાંક જાણીતાં નાટકો આ પ્રમાણે છે :-

(૧) રોમિયો એન્ડ જુલિયેટ- ૧૫૯૨ (૨) મર્ચન્ટ ઓફ વેનિસ- ૧૫૯૪ (૩) ટેઈનિંગ ઓફ ધ શ્રૂ- ૧૫૯૮ (૪) મચ અડ્ એબાઉટ નથિંગ-૧૫૯૯ (૫) જુલિયસ સિઝર- ૧૫૯૯ (૬) ઓથેલો-૧૬૦૪ (૭) ટ્વેલ્થ નાઈટ- ૧૫૯૯ (૮) હેમ્લેટ- ૧૫૯૯ (૯) ઓથેલો- ૧૬૦૪ (૧૦) મેક્બેથ- ૧૬૦૫ (૧૧) સિમ્બેલિન, વિન્ટર્સ ટેલ અને ધ ટેમ્પેસ્ટ- ૧૬૦૯ થી ૧૬૧૨.

શેક્સપિયરના ઘણાં ખરાં નાટકો રાજકારણની સમસ્યાઓની આસપાસ ગૂંથાયેલા છે. એ વાત સાચી છે કે શેક્સપિયર પૂરબહારમાં ખીલે છે કરુણાંત નાટકોમાં.

'ટેમ્પેસ્ટ' ની રચના કર્યા પછી શેક્સપિયરે વિરામ લીધો હોવાનું માનવામાં આવે છે. જીવનનાં અંતિમ વરસો તેણે તેના ગામ સ્ટ્રટફર્ડમાં જ વીતાવ્યા હતાં. આ જ ગામમાં ત્રેવીસમી એપ્રિલ ઈ.સ. ૧૬૧૬ ના રોજ તેનું અવસાન થયું હતું. શેક્સપિયર આજે જગતના ઉત્તમોત્તમ નાટ્યકાર તરીકે જીવંત જ છે.







## (૧૪૭)
# ચાંપશીભાઇ ઉદ્દેશી
## (૨૪, એપ્રિલ, ઇ.સ. ૧૮૯૨)

'નવચેતન' માસિકના આદ્યસ્થાપક, નીડર પત્રકાર, લેખક, નાટ્યકાર, અભિનેતા અને સફળ તંત્રી એવા ચાંપશીભાઈ ઉદ્દેશીનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી પાસે આવેલા ટંકારા નામના ગામમાં માતા ડાહીબેન પેટે થયો હતો. 'નવચેતન' એમની જિંદગી હતું. 'જો નવચેતન' ના જીવે તો મારા જીવવાનો શો અર્થ' એવું કહેનારા ચાંપશીભાઈને મન 'નવચેતન' સર્વસ્વ હતું. 'નવચેતન' નામનું સાહિત્યનું માસિક ઈ.સ.૧૯૨૨માં કલકત્તામાં શરૂ કરેલું, જે પછીથી ઈ.સ.૧૯૪૮માં અમદાવાદ ખસેડી પ્રસિદ્ધ કરવા માંડેલું. તેમનું મૂળ વતન તો સ્વામીનારાયણ સંપ્રદાયનું ગોંડલ. પિતાનું નામ હતું વિઠ્ઠલદાસ. કલકત્તા ધનોપાર્જન માટે ગયેલા પિતાની ગેરહાજરીમાં દાદા દામોદરદાસ અને દાદી ગોમતીબહેને ઉછેરીને પાંચ વર્ષના કરેલા.

કલકત્તામાં પિતા એક પેઢીમાં સમાન્ય મહેતાજીની નોકરી કરતા. તેઓ પાંચ વર્ષની ઉંમર પછી માતા-પિતા સાથે કલકત્તા આવેલા. કલકત્તાની ઍંગ્લો-ગુજરાતી શાળાથી એમનું શિક્ષણકાર્ય આરંભાયેલું. અહીં ત્રણ ધોરણ સુધી ભણી તેઓ 'ડેવીડ હેર' સ્કૂલમાં દાખલ થયેલા. અહીંથી મેટ્રિકની પરીક્ષામાં બેઠેલા અને નાપાસ થયેલા. અંતે એમણે આગળ ભણવાનું બંધ કરી દીધેલું. પહેલેથી જ વાચનના શોખીન એવા ચાંપશીભાઈએ હાથમાં કલમ ઝાલી લખવાની શરૂઆત કરેલી.

પણ જીવન નિર્વાહ માટે પિતાને મદદરૂપ શી રીતે થવું ? એ પ્રશ્નના ઉકેલ માટે તેમણે બેન્ક અને દવાબજારમાં નોકરી કરેલી. પણ એમાં એમને ફાવટ

આવેલી નહીં. છેવટે માસિક રૂપિયા ત્રેવીસવા પગારે તેમણે તેમની માતૃસંસ્થામાં શિક્ષકની નોકરી સ્વીકારી લીધેલી.નોકરી સાથે તે ટ્યુશન કરીને થોડું રળી લેતા.

ફુરસદનો સમય તેઓ લખવામાં વીતાવતા. એ સમયે ખૂબ જ જાણીતા થયેલાં 'જ્ઞાનસુધા', 'વસંત', 'સુદર્શન', 'સુંદરી સુબોધ' અને 'ભારતજીવન' માં તેઓ લખતા રહેતા. પાછળથી નોકરી છોડી તેમના જ એક વિદ્યાર્થીના પિતા સાથે ઘી નો ધંધો શરૂ કરેલો. પણ સાહિત્યના જીવડાને વેપારમાં શી રીતે મન ચોંટે ? છેવટે તેમણે ધંધો છોડી ઈ.સ.૧૯૨૨ માં 'નવચેતન' નામનું માસિક શરૂ કરેલું. હવે તેમણે નવલકથાઓ, વાર્તાઓ અને નાટકો લખવાની શરૂઆત કરી. મુંબઈમાં 'વીસમી સદી' ના તંત્રી હાજી મહમ્મદને મળ્યા પછી તેમની પ્રેરણાથી તેમણે 'નવચેતન' શરૂ કરેલું. 'નવચેતન' ચાંપસીભાઈના માનસપુત્ર સમાન હતું. માસિકોના જગતમાં તેનું આગવું આકર્ષણ. અનેક સંઘર્ષો વેઠ્યા પછી પણ લાંબો સમય એ ટકી શક્યું છે. એમાં કલાગુરુ રવિશંકર રાવળનાં ચિત્રો પ્રસિદ્ધ થયાં હતાં. કેમ કે, રવિશંકર રાવળે 'નવચેતન' ને પોતાનું માસિક માન્યું હતું. ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકાર અને નવલકથાકાર 'ધૂમકેતુ' એ એમાં જ 'પૃથ્વીશ' નામની નવલકથા હપ્તે હપ્તે લખેલી. તેઓ નાટકોના ભારે રસિયા હતા. પોતે નાટકો લખતા અને તેમનું દિગ્દર્શન પણ કરતા. તેમણે 'ગુજરાત એમેચ્યોર અવેતન નાટ્યસંસ્થા' સ્થાપી હતી અને આ સંસ્થા દ્વારા પોતે લખેલ 'સતી ચંદ્રિકા' નાટક રજૂ કર્યુ હતું. એ નાટકમાં ચાંપશીભાઈએ પોતે 'ચંદ્રિકા' નું ભાગ ભજવેલું. એ નાટકની સફળતા પછી તેમણે 'દિવ્યપ્રભાત' નાટક લખેલું. આ નાટક ભજવાયું ત્યારે ઠક્કરબાપા અને જમનાલાલ બજાજ પ્રેક્ષક તરીકે હાજર રહ્યા હતા. તેમણે 'જંજિરના ઝણકારે' નવલકથા પણ લખેલી. સૌથી પ્રથમ ગુજરાતી ચિત્રપટ આપવાનો યશ પણ એમને ફાળે જાય છે. તેમણે કલકત્તામાં બાવન વર્ષ વીતાવેલાં. ફિલ્મ અને નાટક તથા રમતગમત જોવાના એ શાખીન હતા. રમતગમત જોવાના નિયમિત પ્રેક્ષક તરીકે તેમણે ચંદ્રક પણ મેળવેલો. ઈ.સ.



૧૯૪૩ માં વિશ્વયુદ્ધ દરમ્યાન તેમણે 'નવચેતન' ને વડોદરા ખસેડેલું. પછી ભયંકર માંદગીમાં સપડાતાં તેઓ અમદાવાદ આવેલા. તેમણે વાડજમાં મકાન ભાડે રાખેલું. અમદાવાદમાં તેમને મુકુંદ પી શાહનો સહકાર મળેલો. ઈ.સ.૧૯૪૮ થી 'નવચેતન'નું પ્રકાશન અમદાવાદથી થવા લાગેલું. અહીં જ એમની ષષ્ઠીપૂર્તિ પણ ઉજવાયેલી. ચાંપશીભાઈના લગ્ન બે વખત થયેલાં. પ્રથમ પત્ની મોતીબહેન વિજય નામના પુત્રને જન્મ આપી અવસાન પામેલાં તે પછી તેમણે બીજું લગ્ન દિવાળીબહેન ઉર્ફે ચાંપા સાથે કરેલું. તેમની બીજી પત્ની પણ ઈ.સ.૧૯૫૦માં અમદાવાદમાં અવસાન પામેલી. ચાંપશીભાઈએ 'સ્મૃતિસંવેદન' નામે તેમની આત્મકથા પણ લખી છે. સાહિત્યને જીવન સમર્પી દેનાર આ વિભૂતિ બ્યાસી વર્ષની ઉંમરે ૨૬, ફેબ્રુઆરી, ઈ.સ. ૧૯૭૪ ના રોજ અમદાવાદ ખાતે અવસાન પામી હતી.



## (૧૪૮)
# ઑલિવર ક્રોમવેલ
## (૨૫, એપ્રિલ, ઇ.સ.૧૫૯૯)

પોતાની કુનેહ અને ચાણક્યબુદ્ધિ વડે ઈંગ્લેન્ડને આખા યુરોપ ખંડના રાજ્યોમાં મોખરાનું સ્થાન અપાવનાર સરમુખત્યાર ઑલિવર ક્રોમવેલનો જન્મ ૨૫, એપ્રિલ, ઈ.સ. ૧૫૯૯ ના રોજ હંટિંગ્ટન મુકામે જાગીરદાર પિતા હેન્રીના ઘરમાં થયો હતો. જાગીરદાર અને સાહસિક પિતાનો આ પુત્ર બાળપણથી જ તોફાન અને મસ્તીમાં ઉછરેલો. પિતાનો સાહસનો ગુણ એનામાં પણ ઉતરી આવેલો. આમ તો રાજકારણના કાવાદાવા એ પિતા પાસેથી જ શીખેલો. મોટો થતાં લંડન જઈ ‘લિંકન્સ ઈન’ માં દાખલ થઈ તેણે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરેલો. તેની માતા જાજરમાન અને સૌદર્યવાન સ્ત્રી હતી. સુંદરતાનો એ જૈવિક વારસો ઑલિવરને મળેલો. તે એવો તો રૂપાળો હતો કે તેને જોઈ અનેક સ્ત્રીઓ એની પાછળ ઘેલી થતી. તેણે લંડનના એક શ્રીમંત કહેવાતા વેપારીની પુત્રી ઈલિઝાબેથ બુરશીએ સાથે લગ્ન કર્યું હતું.

સત્તરમી સદીના મધ્યભાગમાં એ ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં પ્રવેશેલો. આ એનો રાજકારણમાં પહેલો પ્રવેશ. ત્યારે ઈંગ્લેન્ડના રાજાઓ આપખુદ સત્તા ધરાવતા. પ્રજાનું શોષણ કરી ખૂબ ધન એકઠું કરતા અને પોતાના સુખ-વૈભવ પાછળ ખર્ચતા. ઘંટીના બે પડની વચ્ચે જેમ અનાજના દાણા પીસાય તેમ પ્રજા પીસાતી હતી. આ સંજોગોમાં એણે ખુલ્લેઆમ રાજા ચાર્લ્સ પહેલાની આપ ખુદી નીતિરીતિ સામે વિરોધનો બૂંગિયો ફૂંકેલો. ઈંગ્લેન્ડના રાજાઓ પોતાને ઈશ્વરના વારસદાર તરીકે ઓળખાવી ઈંગ્લેન્ડની પ્રજાની અંધશ્રદ્ધાનો ગેરલાભ ઊઠાવતા તેની દોરવણી હેઠળ ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે આપખુદ રાજાશાહી સામે પ્રચંડ બંડ



પોકાર્યું. ક્રોમવેલે રાજ્યની અંધાધૂંધી દૂર કરવાનો મનોમન સંકલ્પ કરી લીધો. તે કડક શિસ્તનો આગ્રહી હતો. તે એક અપ્રતિમ યોદ્ધો હતો. પહાડ જેવી અડગતાને વરેલા એ વીરનરે એક આગવું સૈન્ય ઊભું કરેલું. તેની અખૂટ શક્તિ અને શૂરવીરતાને કારણે ઈંગ્લેન્ડના ઈતિહાસમાં ‘લોહબંધ’ ને નામે જાણીતો થયેલો. એણે એના સૈન્ય વડે સેનાપતિ પ્રિન્સ રૂપર્ટને કારમી હાર આપેલી. તેણે આપખુદી શાશકોને વીણી વીણીને કેદ કરેલા અને પાર્લામેન્ટને વેરવિખેર કરી નાખેલી. તેણે આપખુદી અમલદારશાહીને મહાત કરી લોકપક્ષને વિજય અપાવેલો.

રાજાની ખુશામત કરતા પાર્લામેન્ટના ખુશામતખોર સભ્યોની ચાપલૂસી કરવાની રીતભાતને ગણકાર્યા સિવાય તે તેના મનસૂબામાં અડગ રહેલો. તેણે બધા સભ્યોને પાર્લામેન્ટમાંથી હાંકી કાઢેલા. આમ કરવામાં કર્નલ પ્રાઈડે મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈંગ્લેન્ડના રાજકીય ઈતિહાસમાં આ ઘટના ‘પ્રાઇડના જુલાબ’ તરીકે જાણીતી છે. સૈન્યનો દબદબો હવે વધી ગયો હતો. ઉમરાવોની સભાના વિરોધને ધ્યાન પર લીધા સિવાય રાજાને દેશદ્રોહી અને જુલ્મી ગણાવી ક્રોમવેલે મોતની સજા ફરમાવેલી.

એ જમાનામાં સામ્રાજ્યવાદની તીવ્ર સ્પર્ધામાં ઈંગ્લેન્ડનાં સામ્રાજ્યો ફસાયેલાં હતાં. તે વખતે બધા રાજાઓ જુલ્મગાર સાબિત થયેલા. ક્રોમવેલે ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સને વધસ્તંભ પર ચઢાવી દીધેલો. તેથી બધા અપખુદ રાજાઓ ડરી ગયેલા. કદાચ પોતાના રાજ્યની પ્રજા પણ બંડ પોકારે તો ? તેથી ઘણાં રાજ્યો ઈંગ્લેન્ડને ધૂળ ચાટતું કરવા ટાંપીને બેઠેલા પણ ત્યારે ઈંગ્લેન્ડ એ સબળ અને શક્તિશાળી લોકતાંત્રિક રાજ્ય તરીકે ઊભરી ચૂકયું હતું. ક્રોમવેલ અને તેનું સૈન્ય ઈંગ્લેન્ડનું રક્ષણ કરવા ખડેપગે તૈયાર રહેલાં. તેના શિસ્તબદ્ધ અને કડક અમલ દરમ્યાન ઈંગ્લેન્ડ બળવાન અને સમૃદ્ધ બન્યું હતું. તેના નૌકા કાફલાએ હરીફ રાજ્યોના નૌકા કાફલાઓને સમુદ્રસીમામાંથી હાંકી કાઢી યુરોપીય સાગરવિસ્તારમાં પ્રભુત્વ જમાવી દીધું હતું. એટલું જ નહીં, વેસ્ટ ઈન્ડીઝના

જમૈકા ટાપુઓ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરી દીધેલું. ઇંગ્લેન્ડને પ્રજાલક્ષી રાજ્ય બનાવનાર આ વીરનર ૩, સપ્ટેમ્બર, ઈ.સ.૧૬૫૮ ના રોજ અવસાન પામેલો. ઇંગ્લેન્ડના ઇતિહાસમાં તેનું નામ સુવર્ણાક્ષરે લખાયેલું છે.

●



## (૧૪૯)

# તાર્કેતો તાસો

## (અવસાન : ૨૬, એપ્રિલ, ઇ.સ. ૧૫૯૫)

ઈટાલીના એક જાણીતા સાહિત્યકાર બર્નોદો અને માતા પોર્સિયાને ત્યાં ૧૧, માર્ચ, ઈ.સ. ૧૫૪૪ ના રોજ વિશ્વપ્રસિદ્ધ કવિ દાન્તે અને વર્જિલના સમયગાળામાં એટલા જ જાણીતા મહાકવિ તાર્કેતો તાસોનો જન્મ થયો હતો. લગભગ આજથી ચારસો સિત્તેર વરસ અગાઉનો સમય યુરોપની ધર્મસત્તા અને રાજસત્તા જેવા ઘંટીના બે તોતિંગ પડો વચ્ચે પીસાતી, કચડાતી પ્રજાની દારૂણ વિટંબણાઓનો સમય. રાજ્યસત્તા અને ધર્મસત્તાની સામે માથું ઉંચકનારનાં માથાં વધેરી દેવામાં આવતાં એવો કાળમુખો અને ગોઝારો સમય હતો એ. યુરોપનું ખ્રિસ્તિ જગતના આવા નિર્મમ અને પાશવી અત્યાચારો સામે ત્રાહીમામ પોકારી ઊઠેલું.

આવા કપરા કાળમાં મેપલ્સમાં તાર્કેતો તાસોનો મેપલ્સ નગરમાં જન્મ થયેલો. તાસો મેધાવી બુદ્ધિપ્રતિભાનો વારસો લઇને જન્મેલું ફરજંદ. ગ્રીક અને લેટિન ભાષાઓનું અદ્‌ભુત જ્ઞાન એ ધરાવતો. કોઇ દૈવીશક્તિનો અંશ એનામાં અવતર્યો હોય એમ માત્ર ૧૦ વર્ષની ઉંમરે ગ્રીક અને લેટિન ભાષાના અઘરામાં અઘરા ગ્રંથોનો અનુવાદ એ કરી દેતો. ધર્મના નામે ત્યારે લોકો ખૂબ જ ગભરાતા. મેપલ્સમાં ત્યારે તો સ્પેનની આણ વર્તાતી હતી. સ્પેન તરફથી વહીવટ ચલાવવા મૂકવામાં આવેલ વાઇસરોય પ્રજા ઉપર જુલ્મો ગુજારવામાં પાછું વળીને જોતો નહીં. આ સંજોગોમાં તાર્કેતો તાસોના પિતા બનાર્દોએ વિરોધ કરવાનું નક્કી કર્યું. એ વાઇસરોયના સીતમની ફરિયાદ કરવા માટે એક જાગીરદારની મદદ લઇ જર્મની જવા ચાલી નીકળેલો. આ વાતની જાણ વાઇસરોય પેડ્રોને થઇ ગયેલી.

તેણે ન્યુરેમ્બર્ગ પાસે તે બંન્નેને આગળ વધતાં અટકાવી દીધેલા, તે બંન્નને બળવાખોર જાહેર કરીને વાઈસરોયએ તેમની મિલકત જપ્ત કરી લઈ તડીપાર કરી દીધેલા.

તાસો અન તેની મા પોર્સિયાને પણ મેપલ્સ છોડી ચાલ્યા જવાની ફરજ પડેલી, કારણ કે સત્તા આગળ શાણપણ શા કામનું ? તાસોની મા હીજરાઈ હીજરાઈ થોડા વખત પછી મૃત્યુ પામી ગયેલી. ત્યારે કિશોરાવસ્થામાં પ્રવેશી ચૂક્યો હતો. આટલી નાની ઉંમરે તેની વિદ્વતાની સુવાસ ચારેકોર પ્રસરી ચૂકી હતી. તાસો તેના પિતાને મળવા ઉત્સુક હતો. પિતાની ભાળ મળતાં જ તે પિતા પાસે પહોંચી ગયો. તેના પિતાને પુત્રની ભાવિ જિંદગીની ચિંતા સતાવતી હતી. તેમણે તાસોના ભણતર માટેની વ્યવસ્થા ગોઠવી દીધી. તેમની ઈચ્છા હતી કે તેમનો પુત્ર સારો કાયદાશાસ્ત્રી બને પણ તાસોનું મન કંઈક જુદું જ વિચારતું હતું. વકીલના વ્યવસાય પ્રત્યે એને તીવ્ર અણગમો હતો. છતાં વ્યથિત પિતાના કાળજાને ઠેસ ન પહોંચે તે માટે પોતાના મન સાથે સમાધાન કરી લઈને તાસોએ કાયદાનો અભ્યાસ શરૂ કરેલો.

તાસોના આંતરમનમાં ભાવનાઓ અને સંવેદનાઓનો ઓધ ઊછળતો હતો. તે તેની જાતને લાંબો સમય છેતરી શકેલો નહીં. છેવટે તે અંતરાત્માના અવાજને ઓળખી કાયદાના અભ્યાસને અલવિદા કરી દીધેલી. પછી તેણે કલમ હાથમાં લીધી અંતરના ઊંડાણમાંથી ઝરણા રૂપે બહાર ઊછળી આવતી સંવેદનાઓને કાગળ ઉપર ઝીલવા માંડી. આમ તેની કલમમાંથી પ્રથમ મહાકાવ્ય 'રિનાલ્દો' નો જન્મ થયો, આ મહાકાવ્યની પ્રસિદ્ધિ થતાં જ તાસોનું નામ ઈટાલીના સાહિત્ય જગતમાં ગાજવા લાગેલું. જોતજોતામાં એણે અગ્રીમ હરોળના કવિઓની પંગતમાં એની જાત ગોઠવી દીધી. તેની અપ્રતિમ કીર્તિ સામે કેટલાંક વિઘ્નસંતોષીઓએ કાદવ ઉછાળવાનું શરૂ કરતાં તેને ભારે આફતોનો સામનો કરવો પડેલો. તેને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવેલો. પણ સૂર્યની સામે ખોબલે ખોબલે ધૂળ ઉડાડવાથી શું મળે ? તે જેલમાંથી વેશપલટો કરીને નાસી છૂટેલો અને તુરિન




શહેરમાં એક વ્યક્તિને ત્યાં આશરો લીધેલો. આ દરમ્યાન એના ખુદના માન્યામાં ના આવે એટલી લોકપ્રિયતા એ મેળવી ચૂક્યો હતો.

કેટલોક સમય ગુપ્તવાસમાં વીતાવ્યા પછી એ એની બહેન કોર્નોલિયાને ઘેર ગયેલો. અહીં આફતના ઓળા શમી ગયા હતા. બહેનના ઘરમાં એ સુખેથી દિવસો પસાર કરતો હતો. થોડા વખત પછી તેને ફેરાટા જવાનું નિમંત્રણ મળતાં તે ત્યાં ગયો. પણ ત્યાં જતાંવેંત ફેરાટાના ડ્યૂકે તેને પકડી લઈ પાગલખાનામાં નાખી દીધેલો. તે પાગલખાનામાં સબડતો હતો ત્યારે તેની મંજૂરી વગર તેનું જેરૂસલેમ પર લખાયેલું મહાકાવ્ય કોઈકે પ્રગટ કરી દીધેલું. આ મહાકાવ્યની પ્રસિદ્ધિ સાથે જ તાસોની પ્રસિદ્ધિ પર ચાર ચાંદ લાગી ગયેલા. આ મહાકાવ્ય પર આખું યુરોપ ફિદા થઈ ગયેલું. તાસોનું એ મહાકાવ્ય એટલી હદે લોકપ્રિય થયેલું કે માત્ર આઠ માસના ટૂંકા ગાળામાં તેની સાત આવૃત્તિઓ થયેલી. ત્યારે કોઈ દેશ એવો નહીં હોય કે જે દેશની ભાષામાં એ મહાકાવ્યનું ભાષાંતર ના થયું હોય !

સાત વર્ષ અસહ્ય યાતનાઓ વેઠ્યા પછી ડ્યૂકે તેને પાગલખાનામાંથી મુક્ત કરેલો. ત્યારે તેનું શરીર સાવ ગળી ગયું હતુ. તેની ખ્યાતિથી પ્રભાવિત થયેલા પોપ ક્લીમોન્ટે તેને માનપૂર્વક રોમ તેડાવેલો. તેને વેટિકનમાં રહેવાની વ્યવસ્થા કરી આપેલી. તેના પિતાની જપ્ત કરી દેવામાં આવેલી મિલકત પાછી આપવાનું અને વર્ષાસન આપવાનું પોપે વચન આપેલું. પોપે રોમમાં તેનું જાહેરમાં સન્માન કરવાના કાર્યક્રમનું આયોજન કરેલું. પણ વિધિની વક્રતા તો જુઓ ! જે દિવસે તેનું સન્માન થવાનું હતું તેની આગલી રાતે જ આ મહાકવિ ૨૬, એપ્રિલ, ઈ.સ. ૧૫૯૫ ના રોજ વિશ્વપિતાના હાથે સન્માન પામવા તેમના દરબાર તરફ ચાલી નીકળેલો.

●



# (૧૫૦)
# જીવરામ જોશી
## (અવસાન :૨૭, એપ્રિલ, ઇ.સ. ૨૦૦૪)

ગુજરાતી બાળસાહિત્યમાં નોંધપાત્ર ફાળો આપનાર બાળકોના લોકપ્રિય લેખક જીવરામ જોશીનો જન્મ ૬, જુલાઇ, ઈ.સ. ૧૯૦૫ ના રોજ સૌરાષ્ટ્રના ગરણી નામના ત્રણસોની વસ્તી ધરાવતા નાનકા ગામમાં થયો હતો. ગામમાં પ્રાથમિક શાળા નહીં હોવાથી તેમને તેમના પિતાએ નજીકના તલાળા ગામે ભણવા મૂકેલા. પણ તેમની દસ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં તેઓ વધુ ભણી શકેલા નહીં.

પિતાની છત્રછાયા ગુમાવ્યા પછી એમણે ઘણાં દુઃખો વેઠેલાં. ગામ છોડી તેઓ અમદાવાદ આવેલા. નાનપણમાં તેમણે ધર્માનંદ કૌસંબીનું જીવનચરિત્ર વાંચેલું. તેમાં વાંચેલા કાશીના વર્ણનથી તેઓ લલચાયા અને કાશી જવાનું તેમને મન થયું. તેઓ કાશી ગયા, ત્યાં જઈને તેઓ એક સાધુબાવાની જમાતમાં ભળી ગયા. સાધુઓ પાસેથી એમને ઘણી બધી વાતો જાણવા મળેલી. કાશીમાં ક્રાંતિકારીઓની સોબતનો રંગ લાગતાં અંગ્રેજ સૈનિકોની લાઠીઓ પણ ખાધેલી.

પણ પછી તેઓ પાછા ફર્યા. ભાવનગરના સોનગઢમાં રહીને તેઓ હિન્દીના અનુવાદક તરીકે કામ કરવા લાગ્યા. તે વખતે વડોદરાથી 'બાલમિત્ર' નામનું બાળસામાયિક પ્રસિદ્ધ થતું હતું. તેના સંચાલક હતા મોતીભાઇ અમીન. તેમણે જીવરામને બાળસાહિત્યનાં પુસ્તકોની યાદી કરવાનું કામ સોંપ્યું. બસ, ત્યારથી જીવરામભાઈને બાળસાહિત્યમાં રસ પડવા લાગ્યો. 'ગુજરાત સમાચાર' ના ત્યારના તંત્રી શ્રી ઈન્દ્રવદન ઠાકોર સાથે કાશીમાં તેમનો પરિચય થયેલો. એમણે બાળકો માટે દર સોમવારે બાળકો માટે 'બાલતરંગ' નામે એક આખું પાનું



લખવાનું કામ જીવરામભાઈને સોંપેલું. આ કામ ત્રણ વર્ષ તેમણે કરેલું. વર્તમાનપત્રમાં બાળકો માટે લખવાનું શ્રેય જીવરામભાઈને ફાળે જાય છે. ઈ.સ. ૧૯૫૨ માં તેમની પાસે બાળકો માટે 'ઝગમગ' શરૂ કરાવવામાં આવ્યું. 'ઝગમગ' બાળકો માટેનું પ્રથમ સાપ્તાહિક બન્યું. ઈ.સ. ૧૯૫૮ માં 'ઝગમગ' છોડ્યા પછી જીવરામભાઈએ 'રસરંજન', 'રસવિનોદ', 'ચમક' અને 'છુકછુક' જેવાં બાળસામાયિકો શરૂ કરેલાં.

બાળકો માટે તેમણે ૪૦૦ થી વધુ પુસ્તકો લખ્યાં છે, જેમાં એમણે સર્જેલા વિવિધ પાત્રોની વાર્તાઓ ઉપરાંત અકબર-બીરબલ, રાણી ચતુરાની વાર્તાઓ, પ્રસંગ કથાઓ, બોધકથાઓ આદિનો સમાવેશ થાય છે. 'મિંયા ફુસકી' નું પાત્ર ત્યારે ઘર ઘરમાં જાણીતું થયેલું. આ પાત્રની પ્રેરણા કાશીના અલીમિંયા નામના રમૂજી વ્યક્તિ પાસેથી તેમને મળેલી. 'મિંયા ફુસકીનાં પરાક્રમો' ની પ્રથમ પુસ્તિકા ઈ.સ. ૧૯૪૬ માં પ્રગટ થયેલી. તેમના આ પાત્ર પર ટી.વી. સિરિયલ અને નાટકો પણ બનેલા છે. છકો અને મકો, જગો અને ભગો, છેલ અને છબો, અડૂકિયો-દડૂકિયો જેવાં પાત્રો પણ બાળકોને ખૂબ ગમેલાં આ બાળપાત્રોની વાર્તાઓ ઈ.સ. ૧૯૫૩ થી શરૂ થયેલી.

જીવરામ જોશી ગુજરાતી બાળસાહિત્યના લોકપ્રિય સર્જક હતા. એમણે બાળકો માટે ખૂબ લખ્યું છે. ઘણાં નવાં પાત્રો સર્જ્યાં છે. બાળકો માટે તેઓ જરા પણ અજાણ્યા ન હતા. એમની વાર્તાઓનો હેતુ બાળકોને રમાડવાનો અને આનંદ કરાવવાનો હતો. તેઓ વાર્તાઓ દ્વારા કોઈ ઉપદેશ આપતા ન હતા. વાર્તાઓમાં બોધ પરોક્ષ રીતે જ આવતો. ચાતુર્ય અને સ્ફુર્તિ એમની વાર્તાઓનાં મુખ્ય લક્ષણો હતાં.

બાળસાહિત્યના સર્જક સમ્રાટ જીવરામ જોશીનું ૨૭, એપ્રિલ, ઈ.સ. ૨૦૦૪ ના રોજ અમદાવાદ મુકામે નિધન થયું હતું.



## (૧૫૧)
# ગગનવિહારી મહેતા
## (અવસાન : ૨૮, એપ્રિલ, ઇ.સ. ૧૯૦૦)

અમેરીકા ખાતે ઇ.સ. ૧૯૫૨ થી ઇ.સ. ૧૯૫૮ સુધી ભારતના રાજદૂત તરીકેની સેવાઓ આપી ચૂકેલા ગગનવિહારી મહેતાનો જન્મ ૧૫, એપ્રિલ, ઇ.સ. ૧૯૦૦ ના રોજ સૌરાષ્ટ્ર પંથકના ભાવનગરના પિતા લલ્લુભાઇ શામળદાસ મહેતાને ત્યાં થયો હતો. બાળપણથી સમૃદ્ધ પરિવારમાં ઉછરેલા ગગનવિહારી ભણવામાં ખૂબ તેજસ્વી હતા. તેથી રાજકારણના સંસ્કાર લોહીમાં જ તેમને પ્રાપ્ત થયેલા. તેમના દાદાની યાદ અપાવતી શામળદાસ કોલેજ આજે પણ ભાવનગરમાં ઊભી છે. ભાવનગરમાંથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવ્યા બાદ ઉચ્ચ શિક્ષણ માટે તેઓ મુંબઇ ગયેલા અને ઇતિહાસ તથા ઇકોનોમિક્સના વિષયો સાથે તેમણે સ્નાતકની ઉપાધિ મેળવી હતી. સ્નાતક થયા પછી વધુ અભ્યાસ માટે તેઓ ઇંગ્લેન્ડ ગયા હતા. તેમણે લંડનની સ્કૂલ ઓફ ઇકોનોમિક્સમાં પ્રવેશ લીધેલો. દરમ્યાનમાં તેઓનું શારીરિક સ્વાસ્થ્ય બગડતાં અભ્યાસને અધવચ્ચે છોડી ભારત પરત આવ્યા હતા.તેમણે બર્ટ્રાન્ડરસેલ ઉપર મહાનિબંધ લખીને પી.એચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી હતી.

તેઓ લંડનમાં હતા ત્યારે વિશ્વવિખ્યાત પ્રાધ્યાપક હેરોલ્ડલાસ્કીના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતા હતા. તે પછી નાદુરસ્ત તબિયતને લઇ ભારત પાછા આવી મુંબઇના જાણીતા દૈનિક 'બોમ્બે ક્રોનિક્સ'માં મદદનીશ તરીકે જોડાયા હતા. તેમની વિચક્ષણ બુદ્ધિપ્રતિભાને લઇને તેઓ ઇ.સ. ૧૯૪૬ સુધી કાર્યરત રહ્યા હતા.

ઇ.સ. ૧૯૩૯ માં તેઓ 'ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કોલકાતા' તથા



ઇ.સ. ૧૯૪૨ માં 'ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ' મા પ્રમુખ તરીકે વરાયા હતા. તેમની કાર્યદક્ષતાને લઇ તેઓ ઉદ્યોગજગતમાં ખૂબ જ લોકપ્રિય થયા હતા. તેમના માર્ગદર્શને ત્યારે ભારતના ઉદ્યોગોના વિકાસમાં મહત્વની ભૂમિકા પૂરી પાડી હતી. જિનીવામાં ભરાયેલી આંતરરાષ્ટ્રીય વ્યાપાર પરિષદમાં તથા મોન્ટ્રિયલમાં ઇન્ટરનેશનલ વ્યાપારી મહામંડળના પ્રતિનિધિ તરીકે તેમણે સુંદર સેવા બજાવી હતી. ભારતના એલચી તરીકે જ્યારે તેઓ અમેરીકામાં નિમાયા હતા ત્યારે બંન્ને દેશો વચ્ચેના સંબંધો ઉષ્મા અને સુમેળ ભર્યા બનાવવા તેમણે આપેલી સફળ અને પરિણામલક્ષી સેવાઓની કદર રૂપે ભારત સરકારે તેમને ઇ.સ. ૧૯૫૪ માં 'પદ્મભૂષણ' અને ઇ.સ. ૧૯૫૯ માં 'પદ્મવિભૂષણ' ની ઇલકાબ એનાયત કર્યા હતા.

ઇ.સ. ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યાર પછી ઉદ્યોગોના વિકાસ માટે જ્યારે વિદેશી હૂંડિયામણની ભારે અછત વર્તાયેલી ત્યારે પરિસ્થિતિને સાનુકુળ બનાવવા માટે આઇ.સી.આઇ.સી.આઇ. ની સ્થાપના સરકાર દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થાના સૌ પ્રથમ ચેરમેન પદે વર્ષો સુધી બિરાજી તેમણે યશસ્વી સેવાઓ પૂરી પાડેલી.

આવા સફળ સંચાલક, અનુભવી અને બાહોશ રાજકારણી, જાણીતા પત્રકાર અને મેઘાવી અર્થશાસ્ત્રી, ગગનવિહારી મહેતા ચુંમોત્તેર વર્ષનું આયુષ્ય ભોગવી ૨૮, એપ્રિલ, ઇ.સ. ૧૯૭૪ ના રોજ આ દુનિયા છોડી હંમેશ માટે વિદાય થઇ ગયા હતા.

●



## (૧૫૨)
# રાજા રવિવર્મા
## (૨૯, એપ્રિલ, ઇ.સ. ૧૮૪૮)

ભારતભરમાં ચિત્રકલાક્ષેત્રે અદ્વિતીય સિદ્ધિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર રાજા રવિવર્માનો જન્મ રાજઘરાનામાં ત્રાવણકોર જિલ્લાના કલીપનૂર નામના ગામમાં ૨૯, એપ્રિલ, ઈ.સ. ૧૮૪૮ ના રોજ થયો હતો. ચિત્રકલાના સંસ્કાર એમને એમના કુળમાંથી વારસામાં મળ્યા હતા. તેમના કાકા એ જમાનાના ખ્યાતનામ ચિત્રકાર હતા. ચિત્રકલા એમનો ખાનદાની શોખ હતો. કાકાની પ્રેરણાથી જ બાળપણમાં તેઓ જમીનની ધૂળ ઉપર કે ઘરની દીવાલોઉપર લીટા તાણ્યા કરતા હતા. તેઓ ભણતા ત્યારે ભણવા કરતાં ચિત્રો દોરવામાં વિશેષ રસ દાખવતા હતા.

ગળથૂથીમાંથી ચિત્રકલાના સંસ્કાર પામેલા રવિવર્માને હવે ચિત્રકલાના ટેક્નિકલ જ્ઞાન અને તાલીમની જરૂર હતી. આમ તો મોરનાં ઇંડાને ચિતરવાં ના પડે ! આ સમયે થિયોડોર જેન્સન નામનો એક અંગ્રેજ ચિત્રકલાવિદ્ ત્રાવણકોર આવેલો. રાજા રવિવર્માની ચિત્રકલા વિશે એણે સાંભળેલું તેથી તે સામે ચાલી તેમને મળવા ગયેલો. તેણે રવિવર્માની ચિત્રાકૃતિઓ જોઇ તેની કલાપ્રતિભા પિછાણી લીધેલી. તેણે રવિવર્માને રંગ અને રેખાની કેટલીક ખૂબીઓ અને તક્નિકીઓ શીખવી. અંગ્રેજ કલાકારના માર્ગદર્શનથી રવિવર્માની કલામાં ઓર નિખાર આવ્યો. હવે તેઓ તેમના ખાનદાની વ્યક્તિઓના આબેહૂબ ચિત્રો ચિતરવા લાગ્યા. તે પછી તેઓ આપણી પૌરાણિક કથાનાં પાત્રો અને પ્રસંગોને અનુલક્ષી ભાવવાહી ચિત્રો ચિતરવા લાગ્યા. તેમની કલા દિવસે દિવસે વધુ ને વધુ કેળવાતી ગયેલી.



અંગ્રેજ ચિત્રકાર પાસેથી તાલીમ મેળવેલી હોવાથી તેમની ચિત્રકલા ઉપર અંગ્રેજી ચિત્રશૈલીની ભારે અસર થયેલી જોવા મળે છે. પશ્ચિમના ખ્યાતનામ ચિત્રકાર રેમ્બ્રાંની ચિત્રકલાને તેઓ અનુસર્યા હોય તેવું લાગ્યા વગર રહેતું નથી. તેમના ચિત્રોના વિષય વૈવિધ્ય ઉપરથી આપણને તેમની કલાસૂઝનો પરિચય થાય છે. જે પાત્ર કે પ્રસંગને એમની પીંછીનો સ્પર્શ થતો એ પાત્ર કે પ્રસંગ જીવંત બની જતો એવી અદ્ભુત કલા હતી. એમનામાં 'સિતાર વગાડતી સુંદરી', 'પત્રલેખન કરતી કાલિદાસની શકુંતલા', 'ભૂમિમાં સમાઇ જતી સીતા', 'ભુવન મોહિની', 'મદાલસા ઋતુધ્વજ', 'અર્જુન-સુભદ્રા', 'વિશ્વામિત્ર-મેનકા', 'ઉર્વશી-પુરુરવા' વગેરે તેમણે દોરેલાં ચિત્રો જીવંત અને ચિરસ્મરણીય બની રહ્યાં છે.

તેમની આ અદ્ભુત કલાથી પ્રભાવિત થયેલા વડોદરાના કલા શોખીન શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને પોતાને ત્યાં આમંત્રી બે વરસ સુધી રાખી તેમની પાસે ચૌદ પુરાણોના વિવિધ વિષયોના આધારે પૌરાણિક ચિત્રો દોરાવ્યાં હતાં. તેમની ચિત્રકલાની દેશ-પરદેશમાં ખૂબ પ્રશંસા થયેલી. ઠેર ઠેર તેમનું ઉષ્માભર્યું સ્વાગત થયેલું. કેટકેટલાંય માન અકરામ અને ઇનામો એમણે પ્રાપ્ત કરેલાં. તેમણે દોરેલાં શ્રી (લક્ષ્મી) અને સરસ્વતીનાં ચિત્રો તો ઘર ઘરની શોભા બની ગયેલાં.

તે સમયે લોકો રવિવર્માની ચિત્રકલા પાછળ જાણે પાગલ થઈ ગયા હતા. તેમનાં ચિત્રો ખરીદનારાઓની સંખ્યા એટલી તો વધી ગયેલી કે ખરીદનાર દરેક માટે મૌલિક ચિત્ર ચિતરવું આવશ્યક બની ગયેલું. તેથી લોકોની માંગ સંતોષવા જર્મનીમાંથી લિથોગ્રાફરોને ભારતમાં તેડાવી ચિત્રો પ્રસિદ્ધ કરવા પડેલાં. પશ્ચિમના દેશોમાં પણ રાજા રવિવર્માનું નામ ગાજતું થઇ ગયેલું. તેમનું સન્માન કરવા બ્રિટિશ સરકારે તેમને 'કૈસર-એ-હિંદ' નો માનભર્યો ખિતાબ એનાયત કરેલો. અનેક ભારતીય અને વિદેશી ચિત્રકારોની તેઓ પ્રેરણા મૂર્તિ હતા. તેમને પગલે પગલે ઘણા ચિત્રકારોએ ભારતીય ચિત્રકલાનો વિશ્વમાં ડંકો વગાડ્યો છે.

બંગાળના કલકસબીઓ નંદલાલ બસુ અને અવનીન્દ્ર ઠાકુર જેવા ચિત્રકારો રાજા રવિવર્માની ચિત્રશૈલીને જ અનુસર્યા છે. રવિવર્માનાં ચિત્રો નાજુક, નમણાં અને ભાવનાથી ભર્યાં ભર્યાં છે. તેમના પ્રશંસકોની સંખ્યા અગણિત છે. એમણે એમનું સમગ્ર જીવન ચિત્રકલાને ચરણે સમર્પિત કરી દીધું હતું. એક એકથી ચઢિયાતાં પાંચસો કરતાં પણ વધુ ચિત્રોનો વારસો દેશ અને દુનિયાના લોકોના હાથમાં સોંપી ૨, ઓક્ટોબર, ઈ.સ. ૧૯૦૬ ના રોજ એ પરલોકના પંથે પ્રયાણ કરી ગયા હતા.

●





## (૧૫૩)

# મા આનંદમયી

## (૩૦, એપ્રિલ, ૧૮૯૬)

અલૌકિક વિભૂતિ અને પરમયોગી એવાં વૈદિક મંત્રદષ્ટા મા આનંદમયીનો જન્મ ભારતની પૂર્વે આવેલ ત્રિપુરા જિલ્લાના ગામ ખઉડાના બિપિન બિહારી ભટ્ટાચાર્યને ઘેર માતા મોક્ષદા સુંદરીની કૂખે ૩૦, એપ્રિલ, ઈ.સ. ૧૮૯૬ ના રોજ થયો હતો. તેમનું બાળપણનું નામ તો નિર્મળાસુંદરી હતું. મા આનંદમયી એવું નામ ઢાકાના જ્યતિષચંદ્ર રૉયે પાડેલું.

'પુત્રનાં લક્ષણ પારણામાં' કહેવત અનુસાર નાનપણથી જ તેમનામાં એક સાધકનાં લક્ષણો દષ્ટિગોચર થવા લાગેલાં. તેમની પ્રતિભા અસાધારણ અને ઓજસ્વી હતી. તેઓ સદાય આનંદમાં મગ્ન રહેતા હોઈ નિર્મળાસુંદરીમાંથી તેમનું નામ આનંદમયી પડેલું. બાલ્યાવસ્થાથી જ અસાધારણ દૈવી અનુભવો એમને થવા લાગેલા. પરમતત્વ સાથે અનુસંધાન સાધતાં હોય એમ તેઓ ઉન્નત ભાવાવેશમાં આવી જઈ સમાધિમાં લીન થઈ જતાં હતાં.

ભણવામાં ખૂબ જ હોંશિયાર, યાદશક્તિ અતિશય તીવ્ર. એકવાર સાંભળેલું કે વાંચેલું અક્ષરક્ષઃ યાદ રહી જતું નથી. સીધું સાદુ જીવન જીવતાં. સ્વભાવમાં ભોળપણ, મનમાં અન્યને માટે કોઈ દ્વેષ કે પાપ નહીં. તેઓ તેમના મહોલ્લામાં બધાનાં લાડકાં બની ગયેલાં. એ વખતના સમાજની પરંપરા અનુસાર માત્ર બાર વર્ષની કાચી ઉંમરે તેમના લગ્ન ઢાકા-વિક્રમપુરાના આટપાડાના ક્ષેત્રિય જગત્‌બંધુ ચક્રવર્તી સાથે થઈ ગયેલાં. તેમના પતિ પોલીસખાતામાં નોકરી ધરાવતા હતા.

તે પછી તેમના પતિને ઢાકાના નવાબના અષ્ટગ્રામમાં સેટલમેન્ટ ખાતામાં નોકરી મળેલી. તેથી તેઓને અષ્ટગ્રામમાં રહેવાનું થયેલું. અહીં જ હરકુમાર

નામની વ્યક્તિએ સૌ પ્રથમવાર તેમને 'મા' કહીને બોલાવેલા. ત્યારે ૧૭-૧૮ વર્ષની નાની ઉંમર ધરાવતાં મા ને ભવિષ્ય ભાખતા હોય તેમ કહેલું, 'એક એવો દિવસ ઉગશે કે જગત આખું તમને મા કહીને બોલાવશે.' મા ખરેખર તેમના નામ પ્રમાણે અખૂટ વાત્સલ્યભાવ ધરાવતાં હતાં. એમના એકવારના સંપર્કમાં આવનારે એમની મમતાનો અનુભવ થયા વગર રહેતો નહીં.

અષ્ટગ્રામથી પતિની બદલી થવાથી તેમને બાજિતપુરામાં રહેવાનું થયેલું. અહીં મા નું આખું જીવન બદલાઈ ગયેલું. સવારે વહેલાં ઊઠી, નાહી-ધોઈ પવિત્ર થઈ અનંતની સમાધિમાં તેઓ ઓગળી જતાં. આ નિત્યક્રમમાં ક્યારેય ચૂક થતી નહીં. સાધના પૂરી થયા પછી જ તેઓ સાંસારિક કામમાં મન પરોવતાં. રાત્રે તેઓ શરીરમાં જાણે કોઈ અદૃષ્ટ અને અગોચર શક્તિનો સંચાર થતો હોય એવું અનુભવતાં. એમનું રોમ રોમ પુલકિત થઈ ઊઠતું. એમના પતિ એમની આવી સ્થિતિ જોઈ ક્યારેક ગભરાઈ જતા.એમને એવી શંકા થતી કે પત્નીને જાણે કોઈક વળગાડ ના વળગ્યો હોય ! તેમણે ભૂવાઓને ઘેર બોલાવી ભૂત-પ્રેત ભગાડવાના પણ કીમિયા કરાવડાવેલા.

પતિને મા ની આનંદ સમાધિની ખબર ક્યાંથી હોય ! જગતબંધુએ મા ની આવી માનસિક સ્થિતિ વિશે તબીબની પણ સલાહ લીધેલી. મહેન્દ્ર નંદી નામના ડોક્ટરે મા ની જાતતપાસ કરી તેમના પતિને કહેલું, 'મા ની આ પરમાવસ્થા છે. કોઈ ભૂત-પ્રેતનો વળગાડ નથી. તમે કોઈ ભૂવા-જાગરિયાને બોલાવશો નહીં.' ઈ.સ. ૧૯૨૩ માં ઢાકામાં આવ્યા પછી મા ની આ અવસ્થા ચરમસીમાએ પહોંચી ગઈ. માએ એમના અંતર્નાદને ઓળખીને સ્વયં દીક્ષા ગ્રહણ કરી લીધેલી. પછી તેઓ નિત્યયોગ સાધનામાં લાગી ગયેલાં.

હવે તેમને સંસાર અસાર લાગવા માંડ્યો. પરમતત્વને પામવાના આશયથી સંસારનો ત્યાગ કરી ઈ.સ. ૧૯૨૯ માં ઢાકાના રમણા આશ્રમમાં જોડાઈ ગયાં. આ આશ્રમમાં તેમણે ત્રણ વર્ષ ગાળ્યા હતાં. ઈ.સ. ૧૯૪૭માં ભારતના ભાગલા



પડ્યા પછી તેઓ આખા ભારતમાં જાણીતા થઈ ગયેલાં.આપણા દેશના અનેક મહાનુભવોએ એમનું શિષ્યત્વ સ્વીકાર્યુ હતું. શ્રીમતી ઈન્દિરા ગાંધી પણ અનેકવાર એમનાં દર્શને જઈ આવેલાં.

મા આનંદમયી પરમ વૈષ્ણવ હતાં. પરમ સાધક હતાં.

મા ને શત શત પ્રણામ.

